## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૧૨ | ૪૭/૪૮ | પર્યુષણા મહાપર્વ એક ભવ્ય આલંબન | ૧ |
| ૨. | ૧૨ | ૪૭/૪૮ | ડોશીએ શું પુણ્ય કર્યું ? | ૨ |
| ૩. | ૧૨ | ૪૭/૪૮ | સિદ્ધ-મુનિ નું આલંબન | ૩ |
| ૪. | ૧૨ | ૪૭/૪૮ | મૂર્તિનું આલંબન | ૫ |
| ૫. | ૧૨ | ૪૭/૪૮ | તીર્થનું આલંબન | ૬ |
| ૬. | ૧૨ | ૪૭/૪૮ | તનના ભોગમાં | ૮ |
| ૭. | ૧૨ | ૪૭/૪૮ | ધર્મ સાધતાં પવિત્ર ઉદ્દેશો આ | ૧૮ |
| ૮. | ૨૧ | ૧ | પર્યુષણા મહાપર્વ કેમ ઉજવશો | ૨૧ |
| ૯. | ૬ | ૪૬ | ધર્મનું માહાત્મ્ય. | ૩૭ |
| ૧૦. | ૬ | ૪૭ | કૃતજ્ઞતા અને ધર્મપાલન | ૪૫ |
| ૧૧. | ૬ | ૪૭ | મેતારજ | ૪૯ |
| ૧૨. | ૬ | ૪૭ | નવી વહુ | ૫૨ |
| ૧૩. | ૬ | ૪૭ | આષાઢાભૂતિ | ૫૭ |
| ૧૪. | ૬ | ૪૮ | જિનેન્દ્રપૂજા પર રાજપુત્રનું દૃષ્ટાન્ત | ૭૦ |
| ૧૫. | ૬ | ૪૮ | ગુરુની ઉપાસના | ૭૪ |
| ૧૬. | ૬ | ૪૯ | સત્ત્વાનુકંપા | ૭૯ |
| ૧૭. | ૬ | ૪૯ | શુભપાત્ર-દાન | ૮૨ |
| ૧૮. | ૬ | ૪૯ | ગુણાનુરાગ | ૮૪ |
| ૧૯. | ૬ | ૪૯ | ગુણાનુરાગનાં દૃષ્ટાંત | ૮૬ |
| ૨૦. | ૬ | ૪૯ | આગમ-શ્રવણ | ૮૭ |
| ૨૧. | ૨ | ૪૬ | **પર્યુષણપર્વનાં પાંચ કર્તવ્યો...** | ૯૦ |
| ૨૨. | ૨ | ૪૬ | જિનેશ્વર દેવની પૂજા શા માટે ? | ૯૪ |
| ૨૩. | ૨ | ૪૬ | શેઠના માળી જેવા ગમાર-મૂર્ખ ન બનો | ૯૬ |
| ૨૪. | ૨ | ૪૭ | વિજ્ઞાનવાદની તાંડવલીલા | ૧૦૨ |
| ૨૫. | ૨ | ૪૭ | મૂર્તિપૂજા વિના પ્રભુ પૂજા શી ? | ૧૦૭ |
| ૨૬. | ૨ | ૪૭ | ગુરુપર્યુપાસ્તિ | ૧૦૯ |
| ૨૭. | ૨ | ૪૭ | દેવગુરુસેવામાં સાવધાની | ૧૧૦ |
| ૨૮. | ૨ | ૪૭ | સત્ત્વાનુકંપા | ૧૧૨ |
| ૨૯. | ૨ | ૪૭ | શુભ પાત્રદાન | ૧૧૩ |
| ૩૦. | ૨ | ૪૮ | ગુણાનુરાગ | ૧૧૫ |
| ૩૧. | ૨ | ૪૮ | આગમનું શ્રવણ | ૧૧૬ |
| ૩૨. | ૨ | ૪૮ | પર્યુષણાપર્વ આઠ દિવસનું કે એક દિવસનું ? | ૧૧૭ |
| ૩૩. | ૨ | ૪૮ | પાંચ કર્તવ્ય | ૧૧૮ |
| ૩૪. | ૩ | ૧ | પર્વાધિરાજ પર્યુષણાપર્વનાં પાંચ કર્તવ્યો | ૧૧૯ |
| ૩૫. | ૩ | ૧ | ક્ષમાપના | ૧૨૧ |
| ૩૬. | ૩ | ૧ | મૃગાવતી-ચંદનબાળાનું દૃષ્ટાન્ત | ૧૨૨ |
| ૩૭. | ૩ | ૧ | ચંડરુદ્રાચાર્ય અને શિષ્યનું દૃષ્ટાન્ત | ૧૨૫ |
| ૩૮. | ૩ | ૧ | ઉપશમના અનેક છૂટક દાખલા | ૧૨૬ |
| ૩૯. | ૩ | ૧ | લલિતાંગ (કુરગડુ) મુનિનું દૃષ્ટાન્ત | ૧૨૭ |
| ૪૦. | ૩ | ૧ | અઠ્ઠમનો તપ | ૧૩૧ |
| ૪૧. | ૩ | ૨ | નાગકેતુનું કથાનક | ૧૩૫ |
| ૪૨. | ૩ | ૨ | તપનો અનંત મહિમા છે | ૧૩૭ |
| ૪૩. | ૩ | ૨ | ચૈત્યપરિપાટી | ૧૪૦ |
| ૪૪. | ૩ | ૨ | વજસ્વામીની શાસનપ્રભાવના | ૧૪૧ |
| ૪૫. | ૩ | ૨ | અમારિ-પ્રવર્તન | ૧૪૨ |
| ૪૬. | ૩ | ૨ | અમારી-પ્રવર્તનની રીત | ૧૪૬ |
| ૪૭. | ૩ | ૨ | અકબરની અમારિ... | ૧૪૬ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪૮. | ૭ | ૧ | અમારિ-પ્રવર્તન | ૧૫૦ |
| ૪૯. | ૭ | ૨ | સાધર્મિક-વાત્સલ્ય | ૧૫૨ |
| ૫૦. | ૭ | ૩ | પરસ્પર ક્ષમાપના | ૧૫૫ |
| ૫૧. | ૭ | ૩ | અઠ્ઠમ-તપ | ૧૫૬ |
| ૫૨. | ૭ | ૩ | ચૈત્યપરિપાટી | ૧૫૮ |
| ૫૩. | ૩૭ | ૧ | પર્યુષણા મહાપર્વના ૫ કર્તવ્યો | ૧૫૯ |
| ૫૪. | ૩૭ | ૧ | કર્તવ્ય પહેલું - અમારિ પ્રવર્તન | ૧૬૨ |
| ૫૫. | ૩૭ | ૧ | અકબર શી રીતે દયાળું બન્યો | ૧૬૫ |
| ૫૬. | ૩૭ | ૧ | દયા પર બે મહાત્માનાં દૃષ્ટાન્ત | ૧૬૯ |
| ૫૭. | ૩૭ | ૧ | બીજું કર્તવ્ય : સાધર્મિક વાત્સલ્ય | ૧૭૦ |
| ૫૮. | ૩૭ | ૨ | દાદુ રાજસ્થાની | ૧૭૫ |
| ૫૯. | ૩૭ | ૨ | પર્યુષણા કર્તવ્ય ત્રીજું ક્ષમાપન | ૧૮૬ |
| ૬૦. | ૩૭ | ૨ | મૃગાવતી-ચંદનબાળાનું દૃષ્ટાન્ત | ૧૮૮ |
| ૬૧. | ૧૦ | ૪૬/૪૮ | વાર્ષિક ૧૧ કર્તવ્ય | ૧૮૯ |
| ૬૨. | ૧૦ | ૧ | સંઘપૂજા | ૧૯૧ |
| ૬૩. | ૧૦ | ૧ | સાધર્મિક ભક્તિ | ૨૦૦ |
| ૬૪. | ૧૦ | ૧ | સાધર્મિક ભક્તિના અનેક પ્રકાર તથા દૃષ્ટાન્તો | ૨૦૩ |
| ૬૫. | ૧૦ | ૧ | ત્રીજું વર્ષ કર્તવ્ય-યાત્રાત્રિક | ૨૧૫ |
| ૬૬. | ૧૦ | ૧ | સ્નાત્રમહોત્સવ | ૨૨૦ |
| ૬૭. | ૧૦ | ૧ | દેવદ્રવ્યની વૃદ્ધિ | ૨૨૧ |
| ૬૮. | ૧૦ | ૧ | વાર્ષિક કર્તવ્ય મહાપૂજા | ૨૨૪ |
| ૬૯. | ૧૦ | ૧ | રાત્રિજાગરણ | ૨૨૫ |
| ૭૦. | ૧૦ | ૧ | શ્રુતજ્ઞાનની ભક્તિ | ૨૨૫ |
| ૭૧. | ૧૦ | ૧ | ઉદ્યાપન | ૨૨૭ |
| ૭૨. | ૧૦ | ૧ | તીર્થપ્રભાવના | ૨૨૮ |





| | | | | |
|---|---|---|---|---|
| ૭૩. | ૧૦ | ૧ | શુદ્ધિ | ૨૨૯ |
| ૭૪. | - | - | **● સંસાર અને ધર્મ ●** | ૨૩૨ |
| ૭૫. | ૧૦ | ૧૯ | ધર્મ-ઉત્સાહ કોણ મંદ કરે છે | ૨૩૩ |
| ૭૬. | ૧૦ | ૧૯ | સ્વરૂપધર્મ માટે ત્રણ પ્રકારની કાળજી | ૨૩૮ |
| ૭૭. | ૧૦ | ૧૯ | કારણધર્મ | ૨૪૨ |
| ૭૮. | ૧૦ | ૧૯ | અનંતી ક્રિયા નકામી કેમ ગઈ ? | ૨૪૩ |
| ૭૯. | ૧૦ | ૨૦/૨૧ | વીતરાગ પ્રત્યે આશ્રિતભાવ | ૨૪૬ |
| ૮૦. | ૧૦ | ૨૦/૨૧ | કુમારપાળનાં બે ધર્મ પરાક્રમ | ૨૫૪ |
| ૮૧. | ૧૦ | ૨૦/૨૧ | કાર્ય-ધર્મ | ૨૫૭ |
| ૮૨. | ૧૦ | ૨૦/૨૧ | કુમારપાળની આવડત | ૨૬૨ |
| ૮૩. | ૧૦ | ૨૦/૨૧ | મહાન સાધના સમાધિની | ૨૬૪ |
| ૮૪. | ૧૦ | ૨૨ | ‘કારણ-સ્વરૂપ-કાર્યધર્મ’ | ૨૬૮ |
| ૮૫. | ૨૦ | ૭/૮ | “દેવની દિવાળી અને નિર્વાણનું સરવૈયું” | ૨૭૩ |
| ૮૬. | ૨૦ | ૭/૮ | આપણું કર્તવ્ય : દિવાળીની ૧લી ઉજવણી | ૨૭૭ |
| ૮૭. | ૨૦ | ૭/૮ | દિવાળીની ૨જી ઉજવણી | ૨૭૮ |
| ૮૮. | ૨૦ | ૭/૮ | મોક્ષનું સૌંદર્ય : સંસાર વિટંબણા | ૨૭૯ |
| ૮૯. | ૨૦ | ૭/૮ | દિવાળીની ૩જી ઉજવણી | ૨૮૧ |
| ૯૦. | ૨૦ | ૭/૮ | નુકશાનીનાં વળતર શી રીતે કરવા ? | ૨૮૨ |
| ૯૧. | ૯ | ૧૩ | સાધ્ય-સાધનનો વિવેક ત્રિવિધ સાધન... | ૨૮૫ |
| ૯૨. | ૯ | ૧૩ | સાધ્ય ન સધાયાના સંતાપ | ૨૮૮ |
| ૯૩. | ૯ | ૧૩ | બિજું સાધન-સાધ્ય ધર્મ-આરાધના... | ૨૮૯ |
| ૯૪. | ૯ | ૧૩ | ત્રીજું સાધન-સાધ્ય | ૨૯૩ |
| ૯૫. | ૯ | ૧૪ | જૈન શાસનમાં સમાધિ | ૨૯૫ |
| ૯૬. | - | - | જીવન વૈભવ | ૩૦૩ |

# ભૂલા ન પડીએ, હવે લેજો સાંભળ જો

કરુણા દ્રષ્ટિ કીધી રે, સેવક ઉપરે,
માર્ગ બતાયો ભવ ભમતાં ગુરુદેવ જો,
માર્ગ બતાવીને, ઓ ગુરુદેવ કયાં ગયા ?
ભૂલા ન પડીએ, હવે લેજો સંભાળ જો.....(૧) કરુણા.

અનંત ઉપકારો આપના કદીયે ન વિસરે,
ભૂલો અમારી થઈ છે અનેકવાર જો,
અનંતકાળે પણ ઋણમુક્તિ કયારે થશે !
તે વિચારી મનમાં વિમાસણ થાય જો.....(૨) કરુણા.

કોઈ દિવસ નથી કરી ભક્તિ ગુરુ આપની,
નથી આપના ગુણ ગાવાની શક્તિ જો,
તો પણ બાળ સ્વભાવે ગુણ ગાઈ રહ્યા,
બતાવો ગુરુદેવ ઋણમુક્તિના ઉપાય જો.....(૩) કરુણા.

સંસાર વનમાં આથડતાં મૂકી કયાં ગયા,
આંગળી પકડો, અમે છીએ ગુરુ ! બાવ જો,
કરુણા વરસાવો દિવ્ય દર્શન આપીને,
વિછડશો નહિ, કયારે પણ, આધાર જો.....(૪) કરુણા.

સંયમ જીવન, ગુણો વડે વિકસાવીયું,
અમને પણ આપો તે ગુણ-નિધાન જો
નિર્દોષ સંયમ જીવન અમે પણ પાળીએ,
આશિષ આપો આત્મવિકાસ અમ થાય જો.....(૫) કરુણા.

ભલે ગુરુદેવ પાર્થિવદેહથી દૂર થયા,
મનમંદિરમાં આજ્ઞા દેહે સ્થિર જો,
ભવ અખંડ સુધી, સંયમનું બળ આપજો,
જેથી પામીયે જલદી શિવપુર સ્થાન જો.....(૬) કરુણા.

## પર્યુષણા મહાપર્વ એક ભવ્ય આલંબન

**આલંબન : અક્કલવાન :-**

પરમ મંગળમય પરમ ઉપકારક શ્રી જિનશાસનમાં ભવ્યાત્માને ભીષણ ભવોદધિ પાર કરી જવાને માટે એવા એવા સુંદર અને સચોટ આલંબનો બતાવવામાં આવ્યા છે કે જેનો જગતમાં જોટો ન મળે; જેને ખુદ અનંતા તીર્થંકરદેવોએ પોતાના પોતાના પૂર્વભવમાં અવલંબીને અત્યુત્તમ પુણ્યથોકથી સંપન્ન તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું છે, અને જગતને પણ એમણે એકે અવાજે જેનો ઉપદેશ કર્યો છે ! આવા આલંબનો કેટકેટલા ઉપકારક ? અજ્ઞાન જીવોએ માનેલા સુખનાં આલંબન તો પોકળ ! જ્યારે આ આલંબનો સંગીન, નક્કર, અને એટલા બધા સમર્થ કે સંસારમાં પણ ઉચ્ચ કોટિનાં સુખ-સ્વાસ્થ્ય ખરેખર દેખાડનાર એ જ. એવાં તારક મંગળકારી આલંબનો હાથવેંતમાં આવ્યા પછી એને અવલંબી ધર્મારાધના કરવાનું કોણ અક્કલવાન ચૂકે ? ચૂકનારો કેટલો મૂર્ખ, અભાગિઓ, અને પુરુષાર્થહીન કહેવાય ?

જગતમાં જોઈ વળો, માનવભવના ઊંચા સ્તરસુધી આવેલા પણ કરોડો મનુષ્યો આવા સદ્ આલંબન ન મળવાના લીધે બિચારા સત્પુરુષાર્થથી વંચિત રહ્યા દેખાશે. ત્યારે એ મેળવવા મહા ભાગ્યશાળી બનેલા બહુ થોડા પૈકી આપણને એ ભવ્ય આલંબનો મળ્યા પછી એને અવલંબી પુરુષાર્થ કરવાનું ચૂકીએ એ કેટલી બધી સરાસર મૂઢતા ગણાય ? ગમારિતા લેખાય ? મોંઘેરો પુરુષાર્થકાળ મળ્યો પછી પુરુષાર્થ વિના કાળનો એમ જ નાશ કરાય ? નાશની સજા ભયંકર છે.

**તારક આલંબનો અનેક છે.** દા.ત. પહેલાં નંબરમાં શ્રી અરિહંત ભગવાન, પછી સિદ્ધ ભગવાન, સાધુમહારાજ, શાસ્ત્ર, તીર્થ, મંદિરો, જિનમૂર્તિ, ધર્મક્ષેત્રો, સંઘ-સાધર્મિક, નમસ્કાર મંત્ર, નવપદ, ઉત્તમ પુરુષોનાં ચરિત્ર, પર્વો, પર્યુષણા મહાપર્વ, વગેરે વગેરે...આમાંથી એકને ય પકડી પુરુષાર્થ કરનારા એકદમ ઊંચે આવી ગયા છે ! શાસ્ત્રોનાં પાનાં અને વર્તમાનકાળ આની સાક્ષી પૂરે છે.

**અરિહંતના આલંબને ડોશી દેવ :-**

બળતણનાં લાકડાં કાપી લાવીને શેઠને આપી માત્ર રોટલો પામનારી મજૂરણ ડોશીને ભગવાન અરિહંત પ્રભુનું આલંબન મળ્યું, તો એમને અવલંબી સિંદુવાવારું પુષ્પ અર્પણ કરવા જતાં સમવસરણના દરવાજા આગળ જ આયુષ્ય ખૂટવાથી મરતાં અર્હદ્ભક્ત દેવ થઈ ! એની પાછળ જ રાજા પરિવાર સહિત સમવસરણમાં



ચઢતો હતો. ડોશીને વચમાં જ ધબ બેસી ગયેલી જોઈ તપાસ કરાવે છે. પણ શું જોવા મળે ? અહીં તો પ્રાણપંખેરું ઊડી ગયું છે ! રાજા દુઃખી થતો આવી પ્રભુને પ્રદક્ષિણા-પ્રણામ કરી પૂછે છે,

'ભગવન્ ! આ ડોશી બિચારી હજી આપના પાસે પણ ન પહોંચી શકી, અને મરી ગઈ, એ બિચારી મરીને ક્યાં ગઈ ?'

ભગવાન કહે છે, 'એ કાંઈ બિચારી નથી, જો આ દેવપર્ષદામાં પેલો દેવ બેઠો છે, એજ એ.'

**ડોશીએ શું પુણ્ય કર્યું ? :-**

'ઓહો પ્રભુ ! શું પુણ્ય એણે કર્યું તે મોટો દેવ થઈ ?'

'પુણ્ય ? એને જંગલમાંથી લાકડાં ખાસ નહિ મળેલા, તે રોટલો દેનાર શેઠે તડકાવી કે 'આજ તને રોટલો નહિ મળે.' એટલે બિચારી ફેર લાકડાં લેવા આ બાજુ આવી. એમાં સિંદુવાવારનું પુષ્પ મળેલું. તે લઈને આવતાં અહીં સમવસરણ જોતાં એને થયું કે લાવને આ પુષ્પ ભગવાનને અર્પણ કરું ! તે ઉપર ચડી અહીં આવતાં દરવાજા પાસે આયુષ્ય પૂર્ણ થવાથી મરી, પણ શુભભાવનામાં ! એટલા પુણ્યથી એ દેવ થઈ. દેવ થતાં જ પૂર્વની સ્થિતિ જોઈ ભક્તિ અને કૃતજ્ઞતાની બુદ્ધિથી અહીં તારા પહેલાં જ આવવાનું કર્યું !'

રાજા અચંબો પામી ગયો કે 'અહો ! એક માત્ર અરિહંત ભગવાનનું આલંબન અતિ અલ્પ સમય પણ મળ્યું અને એને ભૂખી-તરસીએ ગ્રહણ કરી સફળ કરવાનું કર્યું એટલામાં આ કેવો ચમત્કાર !'

વિચારજો, ડોશીને શું અર્પવું હતું ? એક નાનકડું ફૂલ ! તે પણ અર્પી તો ન શકી, માત્ર અર્પવાની ભાવનામાં મરી; છતાં દેવ !! શાના પ્રતાપે ? અરિહંત ભગવાનના આલંબનના પ્રતાપે. એવું સર્વોત્તમ આલંબન પામી ફૂલ-હાર, વરખ, આંગી હાર-મુગટ અર્પણ કરે, એ કેવોક ચમત્કાર પામે ? મળે ખરું રોજ એક વરખનું પાનિયું ? ના, જાત અને કુટુંબને ખાવા-ભોગવવા બધુ મળે છે. અરિહંતની ભક્તિ માટે નહિ ! અરિહંત સમુ ઉચ્ચ આલંબન ક્યાં મળે ? વિચાર નથી કે સ્વાર્થે ભોગનો લાભ શો, અને આ ભક્તિનો લાભ કેવો ? **'પાંચ કોડીના ફૂલડે, પામ્યા દેશ અઢાર !'** કોણ ? રાજા કુમારપાળ પણ ક્યારે ? અરિહંતનું આલંબન મળ્યું ત્યારે. માત્ર મળ્યું નહિ, એને અવલંબ્યું ત્યારે. આલંબન કેવુંક કામ કરે છે ? પણ આલંબનને મૂલવવું નથી, એમાં ભોગ આપવો નથી, મારી તે મારી જ લક્ષ્મી કરવી છે, એ શું ફળ પામે ? અરે ! મારી જ લક્ષ્મી ? કે મારી ઘોર ખોદનારી જ લક્ષ્મી ?

**સિદ્ધનું આલંબન :-**

આલંબનની બલિહારી છે. ધ્રુવનો તારો ત્યાંનો ત્યાં જ સ્થિર રહેનારો. નીચે આવી રસ્તો દેખાડનારો કે હાથ પકડીને લઈ ચાલનારો નહિ ! છતાં એનું આલંબન ધરી ખલાસીઓ અંધારી રાતે વહાણને ક્ષેમકુશળ ધારી-દિશામાં હંકારી જઈ સમુદ્ર પાર કરે છે ! એમ સિદ્ધ ભગવાન ત્યાં સિદ્ધશિલા પર મોક્ષમાં સ્થિર છે. હેઠા ઊતરે નહિ, રસ્તો બતાવે નહિ, હાથ પકડી લઈ ચાલે નહિ, છતાં ભવ્યાત્માઓ એમનું આલંબન ધરી ભયંકર ઉપસર્ગ વચ્ચે પણ સમાધિમાં આગળ વધતાં મહાસમાધિ આઠમા અપૂર્વકરણ ગુણઠાણાની પામે છે ! યાવત્ વીતરાગ સર્વજ્ઞ બની ઠેઠ મોક્ષ સુધી પણ પહોંચે છે !

**સમરાદિત્ય કેવળી મહર્ષિનો જીવ** ચોથા ભવે ધનમુનિ. એમને, વૈરી અગ્નિશર્માનો જીવ એમની જ સંસારવાસમાં જે પત્ની બનેલી તે હવે, મુનિને ઉદ્યાનમાં ધ્યાનમાં એકલા ઊભા જોઈ એમની આજુબાજુ લાકડાની ચિતા ગોઠવી સળગાવી મૂકે છે ! ભડભડ આગના ભડકા ઊઠ્યા ! વચમાં મુનિ બળતાં આ વિચારે છે,

'અરે ! કોઈ બિચારો જીવ આ મારા શરીરનું નિમિત્ત પામી ઘોર પાપમાં પડી રહ્યો છે ! ધિક્કાર છે આ શરીરને ! ધન્ય છે સિદ્ધ ભગવાનને કે જેમણે શરીર જ નથી રાખ્યું તો કોઈને ય પાપનું નિમિત્ત બનતા નથી. કોઈના ય દુઃખમાં નિમિત્તભૂત નહિ.'

શું કર્યું આ ? સિદ્ધ ભગવાનનું આલંબન પકડ્યું, 'ક્યારે આવું સિદ્ધપણું મળે ! કેવું મીઠું એ !' એમ ચાહના કરી. કોઈને ય પાપમાં દુઃખમાં નિમિત્ત ન થવાય, માટે સિદ્ધ ભગવાનનું સ્વરૂપ આદર્શ તરીકે ધાર્યું: એ આલંબનના અથાગ બળ પર જીવતા બળી ખાખ થવા છતાં મનને કોઈ જ દુઃખ નહિ ! મન મસ્ત હતું. તેમ પછી પણ કાળ કરી ઉપલા દેવલોકમાં સમૃદ્ધિમાન દેવ થયા ! આલંબન શું કામ કરે છે !

આજે આપણે મહાપર્વના આલંબનની વાત કરવી છે, એટલે આ વિવિધ આલંબનના મહત્ત્વને વિચારી રહ્યા છીએ. અરિહંત અને સિદ્ધનાં આલંબનના દૃષ્ટાંત જોયાં.

**મુનિ આલંબન :-**

આચાર્ય આદિ સાધુ મહારાજનાં આલંબને આત્માઓના કેવાં કેવાં અદ્‌ભુત અપૂર્વ ઉત્થાન ઉત્ક્રાન્તિ થઈ છે એના તો ભરપૂર દાખલા આજે પણ જોવા મળે છે. પૂર્વકાળના દાખલાનો ય પાર નથી.



એટલું ખરું કે આ આલંબન એટલે સાધુ મહારાજ મળ્યા માત્રથી કામ થાય જ એવું નહિ, પણ આલંબનરૂપે પકડી સફળ કરે તો પામી શકે.

**નયસારને** જંગલમાં ભૂલા પડેલા મુનિ મળ્યા, ભક્તિ કરી, રસ્તે ચડાવ્યા, પણ હવે જ્યારે મુનિ એને કંઈક કહેવાની ઈચ્છા બતાવે છે ત્યારે જો એમને આલંબન રૂપે ગૃહિત અને સફળ ન કર્યા હોત તો નયસાર ધર્મ પામી શકત નહિ. પરંતુ ના, એના મનમાં થાય છે કે 'અહો ! આવા સંત ઉત્તમ પુરુષ મારા જેવા અધમને કંઈક કહેવા ઈચ્છે છે ? અહોભાગ્ય મારાં કે આવા મહાપુરુષના શ્રીમુખથી કંઈક સાંભળવાનું મળે !' શું આ ? મુનિ આલંબન તરીકે મહાન કિંમત આંકીને ધર્યા, તો લાભ કેવો મહાન પામ્યા !

**પ્રદેશી રાજા :-** એમ જ કેશી-ગણધરને જબ્બર આલંબનરૂપે ગ્રહણ કરી, નાસ્તિક પ્રદેશી રાજા કેવો મહા આસ્તિક, મહાન શ્રાવક અને નામી અર્હદ્‌ભક્ત બની ગયો ! પ્રાણપ્રિયા રાણી સૂર્યકાન્તાએ એ ધર્મ પામ્યા પર ઝેર આપ્યું, છતાં ચિંતા નહિ; પૂર્ણ સમાધિ ! કાળ કરી દેવલોક ! વર્ષોની પ્યારી કરેલી પત્નીને પણ આચાર્યનાં આલંબન આગળ વિસાતમાં ન ગણી.

**દઢ પ્રહારી** ઘોર હત્યા કરનારો બન્યો હતો. સ્વભાવે ક્રૂર, વિષયાસક્ત, હિંસક પાપાત્મા છતાં જો મુનિનું આલંબન લીધું તો મહાત્મા બન્યો. ચારિત્ર લઈ એ જ નગરના દરવાજે દરવાજે અભિગ્રહ લઈ કાયોત્સર્ગધ્યાનમાં ઊભો રહેનારો બન્યો ! અભિગ્રહ આ કે 'જ્યાં સુધી પોતાના પાપ યાદ આવે ત્યાં સુધી આહાર પાણી નહિ લઉં.' લોકો જ્યાં કહ્યા કરે 'આ પેલો હત્યારો દુષ્ટ કામ કરનારો !' ત્યાં આને પાપ યાદ આવ્યા વિના રહે ? તો ભલે ઉપવાસ પર ઉપવાસ કર્યે જવાના. વધારામાં લોકોના ગડદા-પાટુ-ઢેફાનો માર ખાયા કરવાનો ! છતાં લેશ્યા જરાય બગાડવાની નહિ ! સમાધિ પૂરી જાળવવાની ! ક્ષમા, સમતા, સૌમ્યતા અખંડિત ! બધું શાના પર ? મુનિનું આલંબન મળ્યું તો એને બરાબર પકડી આરાધનાના દિવ્ય માર્ગે પુરુષાર્થ ધખધખાવ્યા પર.

પર્યુષણા મહાપર્વ પણ એક જબરદસ્ત આલંબન છે. એને એ રીતે મન પર લેવામાં આવે તો સુંદર ધર્મઆરાધનાનો પુરુષાર્થ ધખધખાવાનું કાંઈ જ કઠિન નથી.

**નરસા આલંબનમાં :-**

જગતમાં ઉત્તમ આલંબનો ક્યાં સુલભ છે ? નરસા આલંબનો ઠામ ઠામ પડ્યા છે. પાછો એને અપનાવી લેવાનો જીવને અનંતકાળનો અભ્યાસ છે. એમાં એ સહેજ પ્રલોભક મળે એટલે તો બસ પત્યું ! સાવ આંધળો થઈને એમાં ગરકાવ થઈ જાય છે ! એના પર પાપાચરણ કરવાનો કોઈ સંકોચ નહિ. ભય નહિ. પાછું

ફરવાની કોઈ વાત નહિ, કંટાળો નહિ ! સારામાંથી ખરાબ બનવા પણ તૈયાર ! દેખો છો ને કે એક એવી કોક પાપ પત્નીનું આલંબન મળતાં માણસો કેવા ફરી જાય છે ! કેવા કેવા દુર્ગુણી બને છે ! કેટલાં પાપો કરવા તૈયાર ! મા-બાપને છેહ દેવા, રંજાડવા, ઊતારી પાડવામાં હૈયાને કોઈ ક્ષોભ નહિ ! હલકાં આલંબને હલકાં જીવન બનાવાય તો ઉત્તમ આલંબને ઉત્તમ જીવન ન ઘડાય ?

**મૂર્તિનું આલંબન** :-

**આર્દ્રકુમારને** અભયકુમારે મોકલેલ જિનપ્રતિમાનું આલંબન મળ્યું, તો એના પર એકતાન થઈ આખું જીવન પલટી નાખ્યું !

**શય્યંભવ બ્રાહ્મણને** મુનિના મુખેથી 'અહો કષ્ટં ! અહો કષ્ટં ! તત્વં ન જ્ઞાયતે પરં, અરે ! ખેદ થાય છે ખેદ થાય છે કે ઉત્તમ તત્ત્વની ગમ નથી !' એવા વચનનું આલંબન મળ્યું તો એને પકડીને ઊભા થઈ ગયા !

યાજ્ઞિક પુરોહિતને એ કહે, 'બોલો તત્ત્વ શું છે ?' પેલો લોચા વાળે છે, આમણે ઝટ તલવાર ઉગામી, 'કહો છો કે નહિ ? નહિતર આ તલવારથી ખત્મ સમજો !'

ત્યારે પેલાએ કહ્યું 'મારા ગુરુ કહી ગયા છે કે, 'મરણાન્ત કષ્ટ આવે તો તત્ત્વ કહી દે જે. માટે કહું છું કે આ યજ્ઞના યશોવાદ ગવાય છે તે આ યજ્ઞસ્તંભ નીચે જમીનમાં **અરિહંતની પ્રતિમા દાટી છે. એના પ્રભાવે છે.'**

બસ, હવે જિનમૂર્તિનું આલંબન મળ્યું. તો ઉપડ્યા પેલા મુનિની શોધમાં. પ્રભવસ્વામી ત્યાં નગરમાં પધારેલા એમની પાસે જઈ ઊભા; જિનની, જિનના શાસનની, ઓળખ પામ્યા; ત્યાં જ ચારિત્ર સ્વીકાર્યું ! ઘેર પૂછવા જવાની વાત નહિ. ઘરે ગર્ભવતી પત્ની છે. પણ હવે એનું આલંબન નહિ ધરવાનું. એ શી સલાહ આપે ? તત્ત્વ અનુસરવાની ? કે વિષયમૂઢ બન્યા રહેવાની ?

સદ્આલંબન મળ્યા પછી પણ જો અસદ્‌ને વળગ્યા રહેવાનું હોય તો આત્માનો ઉદ્ધાર ક્યારે કરવાનો ?

**સારો વેપાર** કરાવનારો નહોતો મળ્યો ત્યારે તો વાતોડિયા ગપ્પામારું ગોઠિયાઓને વળગી બેઠા હતા, પણ હવે સારો વેપાર કરાવનાર મળ્યો, વેપારના મહત્ત્વ પણ સમજાવ્યા, પછી શું કરવું એ પેલા ગોઠિયાઓને પૂછવા જવાનું ?

**દારૂબંધીનો** કેવા મહાન લાભ છે એ સમજાવનાર મળ્યા બાદ અને સમજાવ્યા બાદ શું જૂના દારૂડિયા મિત્રોની સલાહ લેવા જાય કે 'દારૂ છોડું કે નહિ !' જાય તો શી સલાહ આપે ? સ્વયં દારૂના વ્યસનમાં પડેલાની સલાહ શું છોડવા માટે મળે ?



**પ્ર.**- પણ મિત્રોને આપણી શક્તિની ખબર પડે ને કે છોડ્યા પછી ટકાશે કે કેમ ? એટલે સાચી સલાહ આપે ને ?

**ઉ.**- જાતે દારૂની લતમાં પડેલા એને ખબર તો આ હોય કે 'અમારા જેવા દારૂડિયાને દારૂ વિના ચાલે જ નહિ, અને મજા પણ દારૂમાં આવે છે.' એ હવે 'સારું આલંબન મળતાં અને એને સેવતાં દારૂની સામે ય જોવાનું મન થાય નહિ, તેમ દારૂ-પાન કરતાં કેઈ ગુણી ઊંચી મજા દારૂના ત્યાગમાં આવે' એની, કલ્પના ય શી કરી શકે ? એ નહિ, તો સાચી સલાહ ય શે આપી શકે ?

**સદ્ આલંબન પર ચૌદપૂર્વી :-**

સંસારી જીવો મોહમદિરા પીવા-પીવરાવવામાં મસ્ત હોય છે. એને એ છોડવા અંગે શી સલાહ શી પૂછવાની ? શય્યંભવ ઘરે પૂછવા ગયા નહિ. સાધુ થયા, ક્રમશઃ મહાવીર પ્રભુની ચોથી પાટે મહાન પ્રભાવક ચૌદ પૂર્વધર શ્રુતકેવળી આચાર્ય ભગવાન થયા ! બધું સત્ આલંબન પકડવા પર, પકડીને પુરુષાર્થ કરી આગળ વધવા ઉપર. આલંબન મળવા છતાં એને અવલંબાય નહિ, પુરુષાર્થ ન કરાય, તો એ વહી જવાનું, ને જીવ ઘાંચીનો બેલ, ત્યાંનો ત્યાં ! પછી આલંબન વિનાના કાળમાં શું કરી શકવાનો ? આર્દ્રકુમાર શય્યંભવે આલંબનની તક એમજ કશું કર્યા વિના ગુમાવી દીધી હોત તો શું પામત ? ફરી એવા આલંબનની તક ક્યારે મળત ?

**પર્યુષણા મહાપર્વનું** આલંબન મળે ત્યારે જે વિશિષ્ટ ધર્મ આરાધી લેવાની તક છે, તે મહાપર્વ વીત્યા પછી ક્યાં ? વર્ષમાં દિવસ તો ઘણા, અરે પર્વે ય ઘણા, પરંતુ આ મહાપર્વ તો એકજવાર આવે, અને એના આલંબને સમગ્ર જૈનસંઘમાં કેવી રીતે રંગભરી અનેક પ્રકારની ધર્મસાધનાઓ થાય છે એ નજરે દેખાય છે, એટલે આ મહાપર્વ વિશિષ્ટ આરાધનાનું જબરદસ્ત આલંબન છે. એ પામીને પ્રમાદ, ગફલત, સુસ્તી કેમ રખાય ?

ધ્યાનમાં રહે કે આપણે આલંબને જ તરીએ છીએ. મોટા તીર્થંકર દેવ પણ અરિહંત સિદ્ધ, પ્રવચન વગેરે કોઈ ને કોઈ આલંબન પકડવા પર થાય છે. એમને ય જો આલંબને ચઢવાનું તો બીજાને શું આલંબન વિના ?

**તીર્થનું આલંબન** :- આલંબનનો તો અદ્‌ભુત પ્રભાવ છે. તીર્થનું આલંબન પામીને જે ભાવોલ્લાસ ઘરે બેઠા નથી આવતા એવા પ્રબળ ભાવોલ્લાસ આવે છે ! શ્રી સિદ્ધિગિરિજી ગયા હો, તો અનુભવ થયો છે ને કે કેવા કેવા ભાવ ઊછળે છે ! ગામના મંદિરમાં બારે મહિનામાં એકેય દિવસ જોવા ન પામ્યા હો એવા ને ? તો પછી તારનાર વિશિષ્ટ આલંબન મળ્યા પછી પુરુષાર્થ કરવામાં અને ભોગ

આપવામાં બાકી રખાય ? પર્યુષણાપર્વ એ વિશિષ્ટ આલંબન છે.

વિશિષ્ટ આલંબનનો આ મહિમા છે, કે શ્રી શત્રુંજય પર એકી કલમે કરોડો-કરોડો સુધીની સંખ્યામાં મોક્ષે ગયા. કાંકરે કાંકરે કુલ અનંતા સિદ્ધિ પદ પામ્યા ! ચોર, ખૂની અને દુરાચારી પણ આના આલંબને પાપ પખાળી વીતરાગ બન્યા. આવું મહાન ઉત્કૃષ્ટ ચમત્કારિક આલંબન મળ્યા પછી એનો લાભ ઊઠાવવા કોણ ચૂકે ?

તમારે વરસમાં એકવાર પણ સિદ્ધગિરિ ભેટવાનો નિયમ છે ને ? કેટલાક કહે છે જિંદગીમાં હજી એક જ વાર શત્રુંજય ભેટ્યો છે. વાહ કેવા મોટા વેપારી ! કે તરી ગયા ભવસાગર ? શાસ્ત્ર કહે છે,-

**'ચૌદ ક્ષેત્રમાં તીર્થ ન એવો.'**

આ ભરત ક્ષેત્ર સિવાયના બાકીના ચાર ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ, એમ ચૌદ ક્ષેત્રમાં શત્રુંજયનાં તુલ્યતીર્થ નથી. એ તીર્થોધિરાજનું આલંબન મળવા છતાં પ્રમાદ ? લોભ ? કમ મૂલ્યાંકન ? આવું આલંબન હાથમાંથી ગયા પછી શું કરી શકવાના ? મરવાની ઘડી આવી ને જમરાજને કદાચ કહો,

**'રહો રહો જમરાજા ! શેત્રુંજા કેરી જાત્રા કરીને આવું જી'**

તો જમરાજ શું કહેશે ? એજ ને કે **'તો આટલા દિવસ શું કર્યું ? હજામપટ્ટી ?'** જમડો ઊભો રહે ખરો ? લખી રાખો,-

**ધરમ જાગતાનો છે, ઊંઘતાનો નહિ. એમ, ધરમ જીવતાનો છે, મરેલાનો નહિ.**

'મરતાં કે મર્યા પછી ધર્મ કરીશ, સિદ્ધગિરિ ભેટીશ' આ હિસાબ ખોટો. જીવતા અને જાગતા છીએ તો આલંબનનો મહાન લાભ ઊઠાવી લેવાનો. 'સો કામ પડતાં મૂકું પણ વરસમાં એકવાર તો અવશ્ય સિદ્ધગિરિ ભેટું', આવો નિર્ધાર જોઈએ. ન ભેટી શકાયું તો દંડ ભોગવવાનું રાખવું જોઈએ. આ નિયમ માત્રથી પણ ક્ષણે ક્ષણે અપૂર્વ પાપક્ષયનો લાભ મળે, પુણ્યોપાર્જનનો લાભ મળે.

એટલું ભૂલતા નહિ કે તીર્થનું આલંબન મળ્યું, યાત્રા કરી, પરંતુ તન-મન-ધનના ભોગ આપવામાં કસર કરી, તો લાભ પણ કસરવાળો મળવાનો. આલંબન એમજ નથી તારી દેતું, ભોગ માગે છે. એની આરાધના કરી લેવામાં શક્તિ પ્રમાણે ભોગ દેવો જોઈએ, તન-મન-ધનથી ઘસાવાનું રાખવું પડે. નહિતર આલંબનને તો ઘણીય ઊંચી ભાવના જગાવવાની હોય પણ પેલા તન-શરીરમોહ, મનમેલ, કે ધનલોભના દુષ્ટભાવ શિલાની જેમ આડે ઊભા રહેવાના, શુભ ભાવવૃદ્ધિ આગળ જવા નહિ દે. મહાતીર્થશત્રુંજયની જેમ મહાપર્વ પર્યુષણ માટે પણ આ જ સ્થિતિ



છે કે એ અદ્દ્ભુત આલંબન છે, તો એ પ્રાપ્ત થતાં આરાધના કરી લેવાનું ચૂકો નહિ; અને તેમાં ય તન-મન-ધનનો જ્વલંત ભોગ આપવાનું ભૂલો નહિ.

**મહાપર્વમાં તન-મન-ધનનો ભોગ કેવો ?**

**તનના ભોગમાં** :-

(૧) રોજ ઊભય ટંક ઊભા ઊભા પ્રતિક્રમણ કરવું,

(૨) વિશિષ્ટ જિનભક્તિ, જિનપૂજા કરવી, અનેક જિનમંદિર જુહારવા,

(૩) બરાબર ટટાર બેસી વાચનામુદ્રાએ હાથ જોડી વ્યાખ્યાન સંપૂર્ણ સાંભળવા,

(૪) વિશિષ્ટ તપસ્યા કરવી,

(૫) બને તેટલો રસત્યાગ, આહાર-દ્રવ્યસંક્ષેપ, ટંક નિયમન વગેરેની આરાધના કરવી,

(૬) મુનિ મહારાજ અને તપસ્વી-જનોની સેવા વૈયાવચ્ચ કરવી,

(૭) સમૂહ સાધર્મિક-વાત્સલ્યમાં પીરસવા વગેરેનો લાભ લેવો,

(૮) જીવદયા વિશેષ પ્રકારે કરવી,

(૯) સર્વ મુનિઓને વંદના,

(૧૦) વ્યાખ્યાન વખતે લોકઘોંઘાટ ન કરે એ માટે જાતે ઊભા થઈ મૌન પ્રયત્ન કરવો.

કાયાથી ભોગ આપી આ સાધનાઓ કરવા માટે વિચારવાનું એ, કે

શરીરથી સંસારમાં શ્રમ પાર વિનાના કર્યા છે, તો હવે ધર્મમાં આ અલ્પ શ્રમ કેમ ન કરું ? પેલા શ્રમમાં પરિણામ બંધન ! આમાં મુક્તિ ! પેલો શ્રમ આત્માને ઘાતક નીવડ્યો. આ તારક નીવડશે. ધર્મયોગમાં શ્રમની ચોરી કરવાથી તો ઊલટું વીર્યાન્તરાય કર્મ બંધાય, તેથી બળ ઓર ગુમાવવાનું થાય. શા માટે એવી મૂર્ખાઈ કરવી ? શ્રમ કરવાથી તો સ્ફુર્તિ આવે છે, અને આવા સર્વજ્ઞકથિત કલ્યાણ અનુષ્ઠાનોમાં આ શરીર શક્તિ ખર્ચાય એવા અહોભાગ્ય ક્યાંથી ? વ્યવસ્થિત ક્રિયા કરવાથી દેવ-ગુરુનો વિનય સૂચવાય છે. ને વિનય ઊંચો છે, માટે તનનો ભોગ આપવામાં કસર રાખવી નહિ, ખખડધખ ઊભા રહેવું.

**મનના ભોગમાં** :-

(૧) બધી ધર્મપ્રવૃત્તિમાં મન પાકું સ્થિર કરી એકાગ્ર કરવું. વિશેષ કરીને વ્યાખ્યાન અને ચૈત્યવંદન તથા પ્રતિક્રમણમાં એક પણ અક્ષર ખ્યાલ બહાર ન જાય, એ રીતે એના પર મન બરાબર લાગેલું જ રાખવાનું.

(૨) આ માટે મોહમાયાના, સંસારના આકર્ષણ, ગડમથલ ઓછા કરી નાખવાના. જેથી એના વિચારો ધર્મપ્રવૃત્તિ વખતે ઊભરાયા ન કરે.

ધર્મ સાધના વખતે બીજા ત્રીજા વિચાર કેમ આવે છે ?

(૧) કાં તો ભય છે કે 'મારું લુંટાઈ જશે, બગડી જશે' વગેરે; યા (૨) લોભ છે કે 'ક્યારે મળે !' અથવા (૩) આતુરતા છે કે 'પેલું શું ? આ કોણ આવ્યું કોણ ગયું ? શાનો અવાજ થયો ?...' વગેરે ? યા, (૪) કોઈ ખેદ છે, ઉદ્વેગ છે, શોક છે, 'હાય મારું ગયું ! બગડી ગયું !;' કે (૫) હાસ્ય-રમૂજની અધમપ્રવૃત્તિ છે; અથવા (૬) અતિ રાગવશ પરનાં રૂપ વગેરે જોવાની ખંધી કુટેવ યા દુન્યવી બાબતમાં ગુંથામણ છે; યા (૭) મદઈર્ષ્યાવશ પરનાં દોષ જોવાની કનિષ્ઠ કુટેવ છે; કે (૮) દિલમાં કોઈ શલ્ય છે, આવા આવા કારણે બીજા ત્રીજા વિચારો આવે છે.

એ અટકાવવા માટે,

**(૧-૨) ભયની અને લોભની વિચારણા સામે** એ વિચારવું કે 'હું આ ફાંફાં મારું એ નકામા છે. કેમકે 'અહીંનું સારું મળવાનું ટકવાનું, આપત્તિ ન આવવાનું યા કાંઈ ન ખોવાવા-લૂંટાવાનું, એ બધું બની આવશે તો પુણ્યબળે, અંતરાય તૂટવાના બળે, પુણ્ય પમાડનાર અને અંતરાય તોડનાર દેવાધિદેવ અને એમની આજ્ઞાપાલનરૂપ આ ધર્મક્રિયાના પ્રભાવે જ બની આવશે. માટે આ ક્રિયા પર જ જોરદાર શ્રદ્ધા રાખું. સારું થશે તે આનાથી જ થશે, બીજા ત્રીજા વિચારોથી નહિ. માટે જીવ ધરપત રાખ. આ ધર્મસાધનાના માર્ગ પર ઠર, સ્થિર થા. આની જબરદસ્ત તાકાત છે, અંતરાય તૂટતા આવે છે, પુણ્ય વધતું આવે છે. એ બધું સરખું મન ગમતું કરી દેશે. બીજાની એ તાકાત નહિ. માટે બીજે ક્યાંય મન ઘાલવાનું શું કામ છે ? મન આ સાધનામાં જ તલાલીન રાખ.'

દર્શન-પૂજા-પ્રતિક્રમણ-જાપ-જિનવાણીનું શ્રવણ વગેરે જે કાંઈ આરાધાય એ આ શ્રદ્ધાથી થાય, તો ભયથી કે લોભથી જાગતા બીજા ત્રીજા વિચાર ઓછા થઈ જવાના. વાત પણ સાચી છે કે અંતરાય ઊભા હોય કે પુણ્ય ઓછું હોય, તો ભય રાખ્યાથી શું ? ગમે તેટલો ભય સેવાય છતાં કર્મે આપત્તિ આવે જ, ધાર્યું ન જ મળે. એમ પુણ્યની કમી હોય તો સત્તર લોભ કરવા છતાં ઈષ્ટ ન જ મળે. એટલે અંતરાયનાશ-પુણ્યપુષ્ટિ કરી આપનારી ધર્મસાધનામાં જ ચિત્ત તન્મય કરવું સારું. જરાય ભય, લોભ અને એની વિચારણા નહિ કરવાની.

શ્રદ્ધાબળ વધારવાનું અરિહંત ભગવાન અને એમણે ફરમાવેલ સાધના પર. આ ખાસ શ્રદ્ધા કે એમની અચિંત્ય અમાપ શક્તિ છે, પ્રભાવ છે, એનાથી કલ્પના બહારનું સારું થાય છે. 'દેવાધિદેવ અને સાધના સારા' એ શ્રદ્ધાની જેમ **'એ સર્વ આપત્તિ નિવારક અને સર્વ-સંપત્તિ-દાયક'** એવી સચોટ શ્રદ્ધા જરૂરી છે, જેથી આરાધનામાં જોમ આવે, બીજા ત્રીજા વિચાર ન આવે.



**(૩) ખોટી આતુરતા રોકવા** કે જેનાથી ડાફોળિયાં મરાય છે, મન બીજે લઈ જવાય છે, ને પ્રસ્તુત ધર્મસાધના ભાન વિના જ, જાણે બેભાનપણે થાય છે, એવી ખોટી આતુરતા કુતૂહલવૃત્તિ અટકાવવા માટે આ વિચારવું કે 'અત્યારે હું અને આ સાધના બે જ છીએ, આ સાધનાથી વધીને કોઈ વસ્તુ નથી કે જેમાં મન ઘાલવા જેવું હોય. માટે જ શ્રી ભગવાન મહાવીરદેવ જેવા પણ ચારિત્ર પાળતાં જે વખતે જે સાધનામાં હતા તે વારે એમાં જ મન રાખતા. તો મારે પણ અત્યારે આ સાધનાથી વધુ કિંમતી વધુ લાભદાયી શું છે કે ત્યાં મન ઘાલું ? આ જ મહાકિંમતી મહાહિતકર છે, માટે આમાં જ ચિત્ત રાખું. કદાચ મૃત્યુ થઈ જાય તો ક્યાં બીજું ત્રીજું સાથે આવે છે; અગર ઓથ આપે છે ? સાથે આવી ઓથ આપનાર આ સાધના છે, સાધનાના સંસ્કાર છે. માટે મારે તો આ જ મુબારક હો.' આ નિર્ધારથી ખોટી આતુરતા, ડાફોળિયાં મારવાનું વગેરે બંધ થઈ જશે. પછી પ્રભુદર્શન એટલે એ જ, પૂજા ચૈત્યવંદન એટલે એ જ, પ્રતિક્રમણ એટલે પ્રતિક્રમણ જ, એમાં જ ચિત્ત તરબોળ; કેમકે પ્રભુથી વધીને બીજું કાંઈ જોવા વિચારવા લાયક છે જ નહિ એ પાકો નિર્ધાર છે.

**(૪) ખેદ-ઉદ્વેગ-શોકથી આવતા વિચારો અટકાવવા આ** વિચારવાનું કે 'જીવ ! તકલેદી કૃત્રિમ આલંબન કાં પકડે ? બનવાનું બની ગયું, હવે એના આલંબને મન ચલાવવાથી શું ? એથી કાંઈ વળશે નહિ. આ ધર્મસાધના જેવું ઉત્તમ નક્કર સદ્ધર આલંબન મળ્યું છે તો મનને એ જ પકડાવી રાખ. સાધના ગયા પછી ક્યાં એનું આલંબન પકડવાનું હતું ? પછી તો મન બીજામાં પડશે; તેમ સાધનામાં મન મોટી વસ્તુ છે. શાસ્ત્ર કહે છે મનના પ્રણિધાન વિનાની સાધના ફોગટ જાય છે. તો કરું કરું ને એળે ગુમાવું ? વળી દુન્યવી બાબતના ખેદ-ઉદ્વેગ-શોક તો પ્રસ્તુત મહામૂલ્યવતી સાધનાને કિંમત વિનાના ઠેરવે છે. આ જો મહાકિંમતી લાગે તો પેલી દુન્યવી બગડેલી વસ્તુમાં મન શાનું જાય ? એનો ખેદ શાનો થાય ? સૂકા રોટલાનું ભાણું કોઈએ ખૂંચવી લીધું, પણ બીજી બાજુથી જો શિખંડ-પૂરીનું ભાણું મળ્યું, તો ત્યાં પેલું ઝુંટવાઈ ગયાનો ખેદ ક્યાં થાય છે ? નહિ થવાનું કારણ આ વધારે કિંમતી લાગ્યું છે તે છે. બાકી ખેદ-શોકમાં તો કાળાં કર્મ બંધાય છે ! સાધનાથી મહાપુણ્ય કમાઈ લેવાના અને પરલોક સુંદર સદ્ધર બનાવવાના અવસરે શા સારું કાળાં કર્મનો સોદો કરવો ? માણસ મરે છે ત્યારે બધું જ લોપ થાય છે. એના બદલે અત્યારે થોડું બગડ્યું હશે, પણ હજી ઉચ્ચ માનવભવ, બીજી પુણ્યસામગ્રી, દેવ-ગુરુ-ધર્મ શાસ્ત્રતીર્થ વગેરે હાથમાં છે. વળી મરતાં બધું ડૂલ ! છતાં ત્યાં ખેદ શા કામનો ? કાંઈ નહિ ઉચ્ચ આલંબન જ પકડી ચાલવા દે.'

(૫) **હાસ્ય, મજાક વગેરેને રોકવા,** એ વિચારવાનું કે 'આ હાસ્યાદિ ઉત્તમ સાવધાની ગંભીરતાને મન પરથી હટાવી નાખે છે. ત્યારે મનને જો આ સાધના ગંભીર ન લાગી, તો સાધનાનું બળ ઊડ્યું ! આમે ય બહુ હાસ્ય-રમૂજ-મજાકમાં રસ લેતાં માણસની કિંમત રહેતી નથી. એની સાધના પણ ફોફા જેવી, ફોતરા જેવી તુચ્છ થાય છે. ગંભીરતાનો મહાગુણ કેળવવાના આ ઉચ્ચભવમાં અને આ અદ્‌ભુત સાધનાકાળમાં એ નહિ કેળવાય તો પછી ક્યાં કેળવાશે ? હાસ્યાદિમાં મન સત્ત્વ ગુમાવે છે, નિઃસત્ત્વ બને છે. સાધના કરવાના અને એમાંય પર્યુષણ મહાપર્વની સાધનાઓ કરવાના કાળમાં તો પર્વના આલંબને સત્ત્વ ખીલવવાનું છે. એ વખતે આ હાસ્યાદિ ઊલટું કુપથ્યરૂપ બને છે, સત્ત્વહણી નાખે ! આરાધના કરીને વર્ષભરનાં પાપોનો થોક દૂર કરવા ટાણે તો એ પાપોની ગ્લાની-શરમ-પસ્તાવાથી હૈયું આવું ભર્યું ભર્યું રાખું કે ત્યાં એમાં લાગેલા મનને બહારનું કશું હસવા જેવું રમૂજ-મજાક કરવા જેવું લાગે નહિ.'

આ નિર્ધારથી પર્યુષણા આરાધાય તો જ પર્યુષણાનાં **મહાવ્યાખ્યાન** ગંભીર જિજ્ઞાસુ ચિત્તે સંભળાય.

**ચૈત્યપરિપાટી** વીતરાગની વીતરાગતામાં મન લગાવીને થાય.

**પ્રતિક્રમણ** હૈયા પરના પાપોના ઉદ્વેગ, સ્વાત્મજુગુપ્સાના ભાર, અને એકાગ્રતા સાથે થાય.

**તપસ્યા** આત્મા પરના કઠિન કર્મોના ગંજના ગંજ હેઠે ઉતારવાની ગંભીર લેશ્યાથી થાય.

**દાન, ધર્મક્ષેત્ર ધન વ્યય,** એ ધનસંગ્રહ ધનમૂર્ચ્છાનો ભય, અને નમ્રતા વગેરે રાખીને તથા ધર્મક્ષેત્રનો મહા ઉપકાર માનીને થાય.

વિચારવા જેવું છે આ બધું. આવી આવી રીતે આરાધીએ છીએ કે નહિ ? આનું જરા વિસ્તારથી સ્પષ્ટીકરણ પછીથી કરીએ, પણ પહેલું એ ધ્યાન રાખવાનું છે કે આમાં ખામી, ત્રુટિ, પોલ હોય તો તે શાને આભારી છે ? એક મોટું કારણ આ દેખાશે કે જીવ હર્ષ-આનંદ, હાસ્ય-મજા, રમૂજ-કૌતુકમાં રહે છે, તેથી સાધનામાં જરૂરી ભાવ હૈયે ઊલસતા નથી. અથવા પૂર્વે કહેલ ભય, લોભ, ખોટી આતુરતા કે ખેદ યા દુન્યવી વાર્તા-વસ્તુમાં બહુ ગુંથામણ આવી ઊભા રહે છે તો ય શુભ ભાવોલ્લાસ જાગતા નથી; મન સાધનામાં લાગતું નથી, બીજા ત્રીજા વિચારે ચઢે છે. માટે ઉપાયભૂત વિચારણાથી એનું જોર ઓછું કરી દેવું જોઈએ.

(૬) **એમ, અતિરાગના વિચારને રોકવા** આ વિચારવું કે 'આ પર્યુષણા મહાપર્વનું તો એક એવું અદ્‌ભુત આલંબન મળ્યું છે કે એમાં સાધનાઓ દ્વારા



આત્માના મહાવિકારો શાંત કરી શકાય. આટલા ઊંચા આલંબને પણ જો આ અતિ રાગનો મહાવિકાર અને જડની ગડમથલ શાંત નહિ કરું તો પછી ઉગરવાનો ક્યાં આરો છે ? મૂળમાં રાગ એ સર્વ વિકારોનો પ્રેરક છે. એમાં વળી જો અતિ રાગ રાખ્યો તો એના પર અન્ય વિકારોની કેવી જાળની જાળ પ્રસરી રહેવાની ? એમાં પછી સદાચારની મર્યાદાઓ મૂકી દુરાચારનાં ચાળાં કેવાં કેવાં થયા કરવાનાં ? લોકદૃષ્ટિએ પણ એ કેટલું નિંદ્ય-ગર્હ્ય-દુગંછનીય ? એના કુસંસ્કરણ કેવા ભવના ભવ સુધી પીડે ? ક્યાં પર્યુષણામાં સાંભળવા મળતા તીર્થંકરદેવો અને અન્ય મહાપુરુષોનાં જ્વલંત વૈરાગ્યભર્યા ચરિત્ર ! અને ક્યાં હું અધમ અતિ રાગની ગુલામી કરનારો ! શું સુખ મળે છે એમાં ? દુનિયાના સુખાભાસ અને દુઃખ ખરેખર તો આત્માના કોઈને કોઈ દોષને લીધે જ લાગે છે. જો દોષ નહિ તો, એ કશી ઊંચાનીચી નહિ. માટે અતિ રાગને જ જતો કરવાનો; જેથી પરમાં મન જાય જ નહિ, પર એવા જડ કે ચેતન અંગેની માનસિક ગડમથલ એ ભયંકર આત્મરોગ છે !

(૭) **એમ મદ-ઈર્ષ્યાના વિચારો અટકાવવા** આ વિચારવાનું કે, 'આ જગતમાં કુદરતના અર્થાત્ કર્મસત્તાના નીપજાવાતા કંઈ અવલ, અચિંત્ય, વિચિત્ર, ચમત્કારિક કાર્યો પર આપણે ચૂંચા કરનારા કોણ માત્ર ? વિરાટ વિશ્વમાં એ કેવી પારાવાર ઘટનાઓ એ સર્જે છે ? એમાંની કોકને પકડી એના પ્રશ્ન પર કરવાનો આપણો શો અધિકાર ? કોઈ જ નહિ. માટે અધિક પુણ્યકર્મે કોઈને અધિક આપ્યું, તો ભલે આપ્યું; તેમ તેવા કર્મોદયે આપણું કોઈએ ન માન્યું તો ભલે ન માન્યું; આપણે જરાય અસહનશીલતા ન જ કરવી.' મહાસતી સીતાનું લોકો વાંકું બોલતા થયા, પણ સીતાને મન લોક પર કોઈ દ્વેષ નહિ. સીતાના પુત્રો લવણ અને અંકુશને કાકા લક્ષ્મણ વાસુદેવ જેવા જીતી શકતા નથી, છતાં લક્ષ્મણજીને મન એની કોઈ અસૂયા નહિ. શા સારું ઈર્ષ્યા-અસૂયા-અહંકાર રાખવા ? બીજાને માટે દિલમાં સાચો સ્નેહભાવ મૈત્રીભાવ નથી હોતો, એટલે જ એનું સહાતું નથી, અને મૈત્રી પ્રમોદભાવ બંનેય ગુમાવવાનું થાય છે. શું પર્યુષણા મહાપર્વ જેવું અદ્‌ભુત આલંબન પામી આ સર્વમૈત્રી અને પ્રમોદ ગુમાવવાનું ન કરીએ એટલું ન બની શકે ?

(૮) **એમ શલ્યના વિચાર અટકાવવા** ખરો રસ્તો આ છે કે મહાપર્વનું આલંબન પામ્યા છીએ તો એની વિશુદ્ધ આરાધના માટે દિલમાંથી માયાનાં શલ્ય, છૂપા પાપનાં શલ્ય, પૌદ્‌ગલિક આશંસાનાં શલ્ય, વૈરનાં શલ્ય વગેરેને ઉખેડી નાખીએ. પછી એના યોગે બીજા ત્રીજા વિચાર જ નહિ આવે. શલ્યના યોગે વિચારોના ભૂતડાં ભારે વળગે છે. શલ્ય ખતરનાક હોય છે. આત્મભૂમિમાં શલ્ય

એવું એ જામ થઈ જાય છે કે એ ખૂંધા દીકરાની જેમ પ્રસંગ પ્રસંગમાં ઊઠીને દખલ કર્યા જ કરે; તેમ પરલોકમાં પણ ભવોના ભવ સુધી સાથે રહ્યા જ કરે ! હજી અહીં તો સમજનો ભવ મળ્યો છે, મહાપર્વ જેવું આલંબન મળ્યું છે, એનાં મહત્ત્વને સમજી હજી એ શલ્યો ઉખેડી શકાય પરંતુ અહીંથી ભ્રષ્ટ થયા પછીના ભવમાં ઊખેડવા અતિ મહા મુશ્કેલ ! માટે અહીં જ એનો નિકાલ કરી નાખવાનો.

પર્યુષણા પર્વ એ અદ્ભુત આલંબન છે. એના બળ ઉપર આ બધા ભય-લોભ, આતુરતા-ખેદ, અતિરાગ-મદ-ઈર્ષ્યા-શલ્ય વગેરે વિકારોને દબાવી જ દેવા જોઈએ; જેથી એના પર ઊભરાતા બીજા ત્રીજા વિચાર ધર્મસાધનામાં દખલ કરતાં અટકી જાય; તો ધર્મયોગ અખંડ ચાલી શકે, યોગમાં સ્થિરતા રહી શકે.

**યોગની સ્થિરતા જોઈએ, ચંચળતા નહિ :-**

યોગની સ્થિરતા એક અતિ જરૂરી ગુણ છે. યોગની ચંચળતાથી યોગનાં ઊંડાં બીજ પડતાં નથી; એના સુસંસ્કાર જામતા નથી. તેથી આ ભવમાં પણ સાધનામાંથી છુટ્યા પછી એનો સ્વાદ આગળ ચાલે નહિ. એટલે સાંસારિક કાર્યો વખતે એ સાધેલ યોગનાં સંસ્મરણ દુર્લભ થઈ જાય છે.

તપાસી જુઓ પ્રભાતે સુંદર જિનદર્શનનો યોગ સેવ્યા પછી આખા દિવસમાં ક્યારે એ યાદ આવે છે ? દિવસ-રાતમાં ક્યારે એ ભવ્ય વીતરાગતા, પ્રશમરસ અને અપાર કરુણારસ ઝરતી મૂર્તિ કે ભગવાન સ્મરણમાં આવે છે ? ચૈત્યવંદન-સ્તવન ગમે તેટલું સારું બોલ્યા હોય, છતાં એ કરી મંદિરની બહાર નીકળીને હજી ઘરે જતાં પણ એના ભાવ ક્યાં દિલમાં ઉછળે છે ? હજી જો તરત ને તરત પણ નહિ, તો આખા દિવસમાં તો એ યાદ આવવાની વાતેય શી ? શું કારણ ? આ જ કે યોગને સ્થિરતાથી આરાધ્યો નથી, ચાંચલ્યથી યોગસાધના થઈ, એ ઊંડા સંસ્કાર ક્યાંથી નાખે ? સાધના કરતાં કરતાં વચમાં વચમાં મન બીજે જાય, બોલાતી કડી-કડીનું અનુસંધાન થાય નહિ, બોલાયેલી કડીઓ કે સૂત્રો-પદોના એક સળંગ ભાવ સાથે નવી બોલાતી કડી કે પદનો ભાવ જોડાતો આવે નહિ, ત્યાં એના ઊંડા સંસ્કાર શી રીતે પડે ? એ ન થવાનું કારણ એ, કે બીજા ત્રીજા વિચારો વચમાં ઘૂસીને આ મહાન કાર્ય થવા દેતા નથી,

બસ ત્યારે; યોગની ચંચળતાનું કારણ આ કે મન પર બીજા ત્રીજા વિચારોનો ભાર છે, એ ભારનું કારણ પહેલાં કહેલા ભય-લોભ-આતુરતા વગેરે વિકારોનો ભાર છે. આ ભારનો પોટલો માથે હોય ત્યાં, ભલે ને સાધુપણુંય લીધું હોય, તોય યોગની ચંચળતા જાય નહિ, યોગની સ્થિરતા આવે નહિ.

યોગની અસ્થિરતા મુખ્યતાએ બહારના સંયોગ નથી કરતા; પણ આપણા



જ દિલના ભય, લોભ, ખોટી આતુરતા, ખેદ, ઈર્ષ્યા વગેરે વિકારોના ભાર એ અસ્થિરતા કરે છે. જેમ મજૂરના માથે અનહદ ભાર હોય તો એ સ્થિર ઊભો ન રહી શકે, એમ ભય આદિ વિકારોના ભારથી યોગમાં સ્થિરતા ન આવવા દે, એ કેટલી મોટી કમનસીબી !

**પર્યુષણારાધનાની અસર :-**

શું લાગે છે ખરું કે આવી ચંચળ સાધનાના પર્યુષણ વરસોના વરસો કર્યે જઈએ તો એ આત્માને પ્રગતિ કરાવતા આવે ? સંસ્કાર-મૂડી વધારતા જાય ? સંસાર સુખોને વધુ ને વધુ અકારા લગડાવતા જાય ? કષાયનાં ઉત્થાન મંદ કરાવી શકે ? આઘે ક્યાં જવું છે, અહીં જ જુઓને કે આટલા વરસોથી પર્યુષણા કરતા આવ્યા છો, તો શું આજે એ સ્થિતિમાં છો ખરા કે આ પર્યુષણામાં પ્રસંગ આવતાં ક્રોધ નહિ ઊઠે ? અભિમાન માનાકાંક્ષા નહિ ઊઠે ? માયા બિચારી અલોપ જ થઈ જશે ? લોભ-મૂર્ચ્છા દબાઈ જ ગયા રહેશે ? પર્યુષણા બાદ સાંસારિક પ્રવૃત્તિ લૂખી બની જશે ? આત્મા હવે ઉચ્ચ શુભ ભાવોમાં ઝીલતો રહશે ? છો આજે આ સ્થિતિમાં ?

જો આજે ય આ સ્થિતિ નહિ, તો રાબેતા મુજબનું ગાડું હજી પણ ગબડાવ્યે જવામાં આગળ આ પરિણામ નીપજાવવાની શી આશા ?

**ઘણું મોડું થયે પસ્તાવો જ :-**

હજી પણ સોચો, વિચારો, હજી ય બહુ મોડું નથી થયું, પર્યુષણા-મહાપર્વનું આલંબન હાથમાં છે, પૂર્વે કહેલી રીતે ભય-લોભ-આતુરતા વગેરે વિકારોના ભાર ઓછા કરી શકાય છે, યોગની સ્થિરતા કેળવી શકાય છે, ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચાડવા માટે અતિ જરૂરી એવું સંસ્કાર-ધન ઊભું કરી શકવાનો હજી અવકાશ છે, હાથવેંતમાં રહેલી તક શા સારું ચૂકવી ? શરીર શક્તિ ગુમાવ્યા પછી તો ઘણું મોડું થઈ ગયું હશે, ત્યાં પસ્તાવો જ થશે,

**ઓથની કિંમત :-**

ઉત્તમ આલંબને જીતાય છે. આલંબન એટલે ટેકો, ઓથ. નાના વેપારીને કોઈ સારા સ્નેહી શ્રીમંતની ઉધારે મૂડીનો ટેકો-ઓથ મળે છે તો એના પર એ મોટા વેપાર અને કમાઈ કરી શકે છે. એમ આપણે આ મહાપર્વના ટેકા ઉપર સારો સાધનાનો વેપાર અને મહાન પાપક્ષય, પુણ્યથોક અને સંસ્કાર-મૂડીની કમાઈ કરી શકીએ છીએ. માત્ર આલંબનનું મહત્ત્વ નજર સામે તરવરતું રહેવું જોઈએ.

**આલંબન નહિ છતાં...તો મહાઆલંબને ?**

મનને એમ થાય કે 'વિના આલંબને પણ મોટા **ભરત ચક્રવર્તી** જેવા એ

આરિસાભવનમાં મન પરથી કષાયોના ભાર અને જડના સંગ તદ્દન હેઠા ઊતારી નાખ્યા ! મહા ધનાઢ્ય **ગુણસાગરે** લગ્નચોરીમાં એ કર્યું ! **પૃથ્વીચંદ્રે** રાજસિંહાસન પર એ કર્યું ! તો કદાચ એટલું બધું નહિ તો પણ થોડો ય કષાયનો નિગ્રહ, જડાકર્ષણનો કાપ, યોગની સ્થિરતા, આવા મહાપર્વનું આલંબન પામીને ય ન કરું ? જરૂર કરું. જાગ્યા ત્યારથી સવાર. ભૂલ્યા ત્યાંથી ફરી.

**પર્યુષણા કેમ મહાઆલંબન ? :-**

કેટલા મહાન પુણ્યોદયે સંઘમાં ચારે કોર આરાધના બાર મહિનામાં ક્યારે ય ધર્મ નહિ કરનારા પણ આ પર્વમાં કાંઈ ને કાંઈ ધર્મપ્રવૃત્તિ કરે છે. નાના-મોટા, રંક-શ્રીમંત, થોડું ભણેલા વધુ ભણેલા, બધા ય આ પર્વને પવિત્ર દિવસો માની ધર્મમાં પરોવાય છે, જૈનેતરો પણ સમજે છે કે જૈનોના આ ધર્મના દિવસો.

વ્યાખ્યાનો કલાકોના કલાકો સાંભળવા મળે છે. એમાંય અઢાઈ વ્યાખ્યાનોમાં પર્યુષણાના પાંચ કર્તવ્ય, અને વાર્ષિક અગિયાર કર્તવ્ય ઉપર કેટલીય વસ્તુ અને ભરચક દૃષ્ટાન્તોનું શ્રવણ મળે છે. પછી કલ્પસૂત્રનાં વ્યાખ્યાનોમાં તીર્થંકર ભગવાનનાં પ્રેરક વિસ્તૃત ચરિત્ર અને સ્થવિર ભગવંતોનાં મનોરમ ચરિત્રો સાંભળવા મળે છે.

પ્રતિક્રમણ મોટી મેદનીમાં કરવા મળે છે. સંઘમાં તપસ્યાઓનો તો જાણે આડો આંક ! થોકબંધ તપસ્વીઓના દર્શન મળે છે. બજાર-પ્રવૃત્તિ લગભગ બંધ જેવી, એટલે આખો દિવસ લગભગ ઉપાશ્રયમાં અને ધર્મમાં પ્રવૃત્તિશીલ માણસોના સંપર્કમાં !

**બોલીઓમાં,** સ્વપ્ન, પારણું, કલ્પસૂત્રનું દાન અને પૂજન, અને પ્રતિક્રમણ-સૂત્ર-સ્તુતિ આદિ આદેશ, વગેરેની ઊછરામણીઓ, બહારની ધર્મક્ષેત્રની ટીપો, ગામના ધર્મક્ષેત્રોના ફંડફાળા, આંગી-પ્રભાવનાની ટીપ, સાધર્મિક વાત્સલ્ય વગેરેમાં ધનવ્યય વરસતા દેખાય છે.

વાર્ષિક પાપોની આલોચના-પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત, સર્વની ક્ષમાપના, બારસા શ્રવણ, ચૈત્યપરિપાટી અને સાંવત્સરિક પ્રતિક્રમણમાં ભરચક હાજરી,

આ બધું ધર્મ-ધર્મમય વાતાવરણ મહાપર્વનો ખ્યાલ આપે છે, અને જૈનમાત્રને ધર્મપ્રેરણાનું ભવ્ય આલંબન બને છે. બને જ, મૂર્તિમંત ધર્મનાં દર્શન અને વ્યાખ્યાનમાં રોમાંચક પ્રસંગોનાં શ્રવણથી કેમ ન બને ? બસ, પર્યુષણામાં આ ખ્યાલ ખૂબ જ જાગ્રત રાખવાનો કે આવું સુંદર ભવ્ય આલંબન મળ્યું છે, તો મારે એના આધાર પર તન-મન-ધનની પુણ્યશક્તિઓ એકોએક ધર્મસાધનામાં ખરચવામાં કાંઈ બાકી રાખવાની નહિ. અવસર વીત્યા પછી આ લાભ નહિ મળે. ક્યાં દુન્યવી જીવનમાં કદ્ આલંબન ! અને ક્યાં આ મહાપર્વનું સદ્ આલંબન ! અરે ! ક્યાં અન્ય દિવસનું



સામાન્ય આલંબન ! અને ક્યાં આ પર્યુષણા-પર્વનું અતિ ભવ્ય આલંબન !

**સાધનાઓ ભવ્ય કેમ બનાવાય ? :-** મહાપર્વનું આલંબન અતિ ભવ્ય છે માટે જ એમાં સાધનાઓ પણ અતિ ભવ્ય રીતે જ કરવાની. દા.ત.

**વીતરાગદેવનાં દર્શન-પૂજન-ચૈત્યપરિપાટી-વીતરાગતા કેમ જલ્દી પ્રાપ્ત થાય એ લક્ષ જાગતું રાખીને** કરવાની. એના પહેલા પ્રતીકરૂપે દેવભક્તિને યોગ્ય આપણું સારું દ્રવ્ય લઈને જ જવાનું; એટલો દ્રવ્યનો રાગ કાપવાનો. એમ ત્યાં કષાય પણ અટકાવવાના. નહિતર શું વીતરાગતા એમ જ મળી જાય ? વીતરાગદેવ પર પ્રીતિ-ભક્તિ-બહુમાનનો રંગ પણ ખૂબ ઊછળતો કરી દેવાનો. 'અરિહંતા મે સરણં..' નાથ ! કેવો લોકોત્તમ પુરુષ તું મને મળ્યો ! મારે આ જગતમાં તું જ એક આધાર, એક ત્રાણ, એક શરણ ! ઉપકારમાં કેવો તારો અનંત પ્રભાવ ! કેવું તારું સ્વરૂપ ! કેવો તારો માર્ગ ! ઉપદેશ ! શાસનની બધું અલૌકિક અલૌકિક !' આવા ભાવ જાગતા રહે.

**વ્યાખ્યાનો સાંભળવાના તે અણીશુદ્ધ પહેલેથી છેલ્લે સુધી, અને ગંભીર જિજ્ઞાસુ ચિત્તે, તેમજ સંભ્રમ, સંવેગ અને એકાગ્રતા વધારતાં વધારતાં. 'અણીશુદ્ધ** નહિ અને અધૂરાં સાંભળીએ તો શો વાંધો ?" આ પ્રશ્ન જ એના તરફ બેદરકારી, ઓછી ગરજ, ઓછું બહુમાન સૂચવે છે. એ દોષ તો નહિ જ આવવા દેવાનો. ગરજ પરવા આદર પૂરા રાખવાના. **સંભ્રમ** એટલે જાણે કોઈ મહાન નિધાન-ખજાનો મળી રહ્યો છે એવા અપૂર્વ રોમાંચક હર્ષોલ્લાસ સાથે સાંભળવાનું; જેથી પ્રત્યેક અક્ષરનું શ્રવણ થોકબંધ પાપક્ષય અને પુણ્યવૃદ્ધિ કરે, તેમજ દિલમાં ઓતપ્રોત થાય. **સંવેગ** એટલે ધર્મનો રંગ-પ્રીતિ-ઉત્કટ રાગ. એ પણ શ્રવણમાં બહુ જરૂરી; જેથી ભળતી આશંસા ન જાગે; સુસ્તપણે લુખ્ખા હૃદયથી ન સંભળાય; અને શુભ અધ્યવસાયની છોળો ઊછળતી ચાલે. બે હાથ જોડી વક્તાના મોં ઉપર દૃષ્ટિ રાખી એકાગ્ર તન્મય મને સાંભળવાનું; જેથી વિનયથી વિદ્યા ગ્રહણ કરવાની વિધિ સચવાય, મનમાં બીજા ત્રીજા વિચાર ન આવે. મન દરેક અક્ષર પકડે, વક્તાના મુખના ભાવની અસર લે, ને સળંગ કડીબદ્ધ પદાર્થ મનમાં ઊતરતો જાય. માટે જ હાથ ગમે તેમ છૂટા નહિ, મોઢું નીચું ઘાલવાનું નહિ, મન રખડતું, શૂન્ય કે વાતોચીતોમાં નહિ રાખવાનું. વિદ્યાસાધક યોગીની માફક તન્મય એકાગ્રતા રાખી સાંભળવાનું.

**પ્રતિક્રમણ અતિચારસૂચક પદે પદ ઉપર તીવ્ર હૃદયસંતાપ અને સ્વાત્મજુગુપ્સા સાથે કરવાનું;** જેથી પાપ કપાતા આવે. દેવ-ગુરુની સ્તુતિ-વંદના સૂત્ર પર ભારે ભક્તિભાવ, નમ્રતા અને ગદ્ગદતા રાખવાની; જેથી ભાવોલ્લાસ, સંસ્કારવૃદ્ધિ, ભાવક્રિયા વગેરેનો લાભ મળે. દરેક ક્રિયામાં કાયિક તેવી તેવી પ્રવૃત્તિ બરાબર

થતી રહેવી જોઈએ.

વાંદણાના ૩-૩ આવર્ત, કાયોત્સર્ગમાં ઊભા ઊભા સ્થિર અંગોપાંગ અને સ્થિર દૃષ્ટિ, નમુત્થુણં વગેરે ઢીંચણ પર રહીને, સર્વત્ર બે હાથ અંજલી જોડીને...વગેરે બરાબર સાચવવાનું. ઉચ્ચારણ સ્પષ્ટ શુદ્ધ અને યોગ્ય પદચ્છેદવાળું કરવાનું. મન સૂત્રાક્ષર પર મંત્રાક્ષરની જેમ એકાગ્ર તન્મય તથા ક્રિયા પર બરાબર ઉપયોગવાળું રાખવાનું. આખી ય પ્રતિક્રમણ ક્રિયામાં એ હૈયાધારણ રહે કે 'આ મહાયોગ છે, મહામંગળ છે, સર્વ સિદ્ધિનું સાધન છે. એથી મન આમાં જ ચોટ્યું રહે અને ક્રિયા-ઉચ્ચારણ શુદ્ધ તથા ભાવભર્યા થાય.'

**તપસ્યા** પણ આ માનવના અવતારે મહાપર્વનું ભવ્ય આલંબન મળ્યું છે તો, સર્વ શક્તિ ખર્ચીને કરવાની. તે પણ આત્મા પરનાં જન્મ-જન્માન્તરનાં કઠિન કર્મોનો વિધ્વંસ કરવાની જ્વલંત ધગશ રાખીને કરવાની. 'મહાવીર' પ્રભુ જેવાએ એ આદરી. એમના વચને ધન્ના શાલિભદ્ર જેવા અતિ સુકુમાળ ગર્ભ-શ્રીમંત મહાન આત્માઓએ આચરી. એ તપસ્યા-ધર્મમાં જબરદસ્ત તાકાત સૂચવે છે જીવનનું એ અણમોલ કર્તવ્ય હોવાનું બતાવે છે. એમાં કાયા સુકાઈને આત્મા ઘણો ઘણો પુષ્ટ અને શુદ્ધ થાય છે, મનુષ્યભવનો સાર હાથમાં આવે છે, મનની પાપી મલિન વિષયાંધ વૃત્તિઓ દબાય છે, આત્મા ગુલામીમાંથી છૂટી સાત્ત્વિક બને છે...' વગેરે વગેરે મહત્તા મહાલાભની ભાવના જાગતી રાખીને તપસ્યા કરવાની. પાછું એના ઓથે પ્રમાદ જરા ય નહિ સેવવાનો. કે તપ નહિ કરનાર કરતાં કોઈ વિશેષ સેવા-માન-પાન લેવાનો હક મન પર જરાય નહિ રાખવાનો; કેમકે તપ કરવાનો છે તે પોતાની આત્મશુદ્ધિ અને આત્મપુષ્ટિ અર્થે કરવાનો છે; માટે દૃષ્ટિ એના પર જ કેન્દ્રિત રહે. બીજા હક કે લાભ લેવાની દૃષ્ટિમાં તપ વેચાઈ જાય !

તપમાં વૃત્તિનો નિગ્રહ, 'ચાલો સરસ થયું કે આટલી આહાર-સંજ્ઞાની બલામાંથી છૂટ્યા ! સંજ્ઞા ઉપર પ્રહાર થયો !' એ ખુશખુશાલી સાથે જડાકર્ષણ ઓછા કરવાનાં. વળી ગજસુકુમાળ ઢંઢણ જેવાને યાદ કરી સમતા, ભાવ-શાંતિ-સૌમ્યતા-સ્વસ્થતા-સમાધિ ખાસ સાચવવાના.

**તપમાં શાંતિ-સમતાદિ જાળવવાની આજે બહુ જરૂર છે;** કેમકે આજના અજ્ઞાન જીવો તપસ્વીનો ગુસ્સો-વ્યાકુળતા જોઈ ઝટ બબડી ઊઠે છે કે 'કર્યો કર્યો તપ ! ગુસ્સો કેટલો છે ? પારણા વખતે વિહ્વલતા કેટલી ? એના કરતા અમે ખાનારા સારા.' આવું બોલનારાનું અજ્ઞાન એ છે કે એ જોતા નથી કે ગુસ્સો વિહ્વલતા તો દુનિયા આખીમાં કરનારા પડ્યા છે. અલ્યા ! પણ એ જો ને કે તપ કરનારા ક્યાં છે ? જે સારું તત્ત્વ તપ જગતમાં નથી તે આનામાં છે. આ જોઈશ



તો અનુમોદનાનું પુણ્ય પામીશ. બાકી નિંદા, તુચ્છકાર વગેરે કરવામાં તને કયું સારું ફળ મળવાનું હતું ? ખેર ! પણ આવું આખી દુનિયાને કોણ સમજાવવાનું હતું ? માટે જ આપણે એ સાવધાની રાખવી કે એ બિચારા નિંદામાં ન પડે એ સારુ પણ લાખ રૂપિયાનો તપ કરવા સાથે ગુસ્સો-વિહ્વળતા ન કરીએ. પર્યુષણા પર્વનું મહાન આલંબન મળ્યું છે તો આમે ય કષાયો પાતળા કરી દેવાના છે, તો ઉત્તમ તપસ્યા સાધીને તો એ જરૂર કરીએ.

તેમ, તપ પણ શક્તિ ફોરવીને જરૂર આચરીએ. એથી કાંઈ શરીર તૂટી પડવાનું નથી. અલબત્ત થોડું સહન કરવાનું છે. પરંતુ એ સહન કરીને કરાતા તપથી જે કર્મોના ભૂક્કા ઉડવાના, એ કર્મો જો અકબંધ રહે તો આગળ જઈને કેટલી ભયંકર પીડાઓ અને સહવાનું આપે ? એની આગળ અહીં તપમાં સહવાનું શી વિસાતમાં છે ? ત્યારે તપ ચૂકીએ તો ખાવાનું કર્યું એ થોડું જ બેસી રહે છે ? કે થોડું જ પરભવના પુણ્ય ચોપડે જમા થાય છે ? સારાંશ મહાપુણ્યે પર્યુષણાનું ભવ્ય આલંબન મળ્યે ભવ્ય તપ વગેરે આરાધના કરી લેવી, ને તે પણ (૧) પુણ્યની ભરતી કરવા માટે, (૨) આત્મસુવર્ણ પરથી કર્મમળને સાફ કરી નાખવાના ઉદ્દેશથી, (૩) પાપી આહરસંજ્ઞા તોડી નાખવાના ઉદ્દેશથી, (૪) કામક્રોધાદિ વિકારો નષ્ટ કરી દેવાના ઉદ્દેશથી.

ઉદ્દેશ-શુદ્ધિ અત્યંત જરૂરી છે, કેમકે એ ફળના ગજબ આંકને સર્જે છે. માટે ધર્મક્રિયા કરતાં ઉદ્દેશ ઊંચો પવિત્ર, અને એની ચોંટ લગની તમન્ના જેટલી જોરદાર, એટલું બળવાન પ્રમાણ ફળનું આવીને ઊભું રહે છે.

**ધર્મ સાધતાં પવિત્ર ઉદ્દેશો આ** :-

- (૧) મારાં કર્મોનો નાશ થાઓ.
- (૨) મારા આત્મામાં રાગદ્વેષ, મદમોહ, વગેરે વિકારો શાંત થતા આવો, અપવિત્રતા નાશ પામો, ચિત્તરત્ન-આત્મરત્ન સ્ફટિક જેવું નિર્મળ થાઓ.
- (૩) બસ, મને જિનની આજ્ઞાના પાલનનો લાભ મળો. સક્રિયતાને લીધે જિનવચનથી ચિત્ત ભાવિત બનો.
- (૪) દેવ-ગુરુ આદિની સેવાનો લાભ મળો.
- (૫) મારી અધમ સ્વાર્થબુદ્ધિ નષ્ટ થતી આવો; પરમાર્થ-બુદ્ધિ બની રહો.
- (૬) જીવો પ્રત્યે ભારોભાર દયા અને દિલની કોમળતાનો લાભ મળો.
- (૭) હું કેવળ આત્મનિષ્ટ બની જાઉં.
- (૮) વીતરાગનું સાચું શરણ સ્વીકારનારો બનું. એમના ચરણમાં સાંગોપાંગ લીન થઈ જાઉં.

● (૯) અરિહંત પ્રભુના અચિંત્ય પ્રભાવે મળેલ માનવભવ વગેરે મહા પુણ્યાઈના ઉપકારનો બદલો વળો. કૃતજ્ઞતા અદા થાઓ.

● (૧૦) આત્માની વિષયગુલામી, અજ્ઞાન-મિથ્યાત્વ-કષાયોની અને આહારાદિ સંજ્ઞાની પરાધીનતા મટો !

● (૧૧) જીવન અશુભને બદલે શુભ યોગમાં તરબોળ રહો.

● (૧૨) દુનિયાનું બધું કર્મને આધીન છે, ધર્મ સ્વાધીન છે. તો સ્વાધીન જ ખૂબ સધાઓ.

● (૧૩) તન-ધન આદિ વિનશ્વર છે, પર છે. વિનશ્વર અને પર દ્વારા અવિનાશી સ્વકીય સારું જેટલું સધાય એટલું સાધું.

● (૧૪) ધર્મ જ કર્તવ્ય રહો, બીજું બધું સરાસર અકર્તવ્ય રહો. હૈયા પરથી ધર્મ કરતાં કરતાં બીજાની માયા ઊતરી જાઓ.

● (૧૫) ચિત્ત સદા સમાધિમાં રહો; સમભાવમાં આવો. શુભ ધ્યાન શુભ અધ્યવસાયમાં રહો...ઈત્યાદિ

● (૧૬) સુકૃત કરું તેથી એની વારંવારની અનુમોદનાથી વારંવાર પુણ્યપુષ્ટિ આત્મશુદ્ધિ થાઓ.

આમાંના કોઈ પણ ઉદ્દેશ માટે ધર્મસાધના કરવાની. કોઈ પૂછે અગર મનને વિચારાય કે 'સામાયિક શા માટે કરે છે ?' તો જવાબ આ. 'દેવદર્શન કેમ ? આમાંના એક ઉદ્દેશથી. 'દાન કેમ દે છે ? વ્યાખ્યાન શા માટે સાંભળે છે ? તપ શું કામ કર્યો...' એના જવાબમાં દિલ આમાંનો કોઈ ઉદ્દેશ પોકારે.

હવે એ ઉદ્દેશની પણ લગની વધુને વધુ જોરદાર બનાવતા જવાની. જીવનમાં બીજું કશું જોઈતું જ નથી, એ જ જોઈએ છે. એ મળ્યું એટલે બધું મળ્યું. બીજી કાંઈ જીવન-જરૂરિયાતો જોઈએ છે તે આ માટે જ. એટલે જીવન-જરૂરિયાતો મળ્યામાંથી પણ આજ ઉદ્દેશ સિદ્ધ કરવા તરફ દોડવાનું, મથવાનું, તન-મનને રગડવાના. એ સિદ્ધ થાય એટલે જાણે ત્રિભુવનનું રાજ્ય મળ્યું ! મહા રત્નનિધાન મળ્યાં ! મોક્ષસુખનાં ઉપોષણ મળ્યાં !

પર્યુષણા મહાપર્વનું ભવ્ય આલંબન મળ્યું છે, તો આ ઉદ્દેશ-શુદ્ધિ ઝગમગતી કરવાની.

**દાનમાં સાવધાની :-**

પર્યુષણાના આલંબને એક મહાન કાર્ય ધન દ્વારા સુકૃત સાધવાનું છે. એમાં પણ ઉદ્દેશશુદ્ધિ બરાબર રાખવાથી ધન ખર્ચ્યું લેખે લાગે છે. ઉદ્દેશની શુદ્ધિ આ, કે

(૧) આ પૈસા પાપસ્થાનકોનાં સેવનથી અને સીધા કે આડકતરા ષટ્કાય



જીવોના સંહારથી આવેલા છે, તો એમાંથી જેટલા બને તેટલા દેવ-ગુરુ ધર્મની સેવામાં વપરાઈ માથે ચઢેલા પાપના ભાર ઓછા કરો.

(૨) એટલું જ નહિ પણ સુકૃતમાં જઈને મને આ બચાવ આપો કે એ પૈસા અહીં રહીને મને જે પરિગ્રહ-મૂર્ચ્છાદિ પરસ્થાનક કે ભોગવાઈને હિંસાદિ પરસ્થાનક દ્વારા હજી પણ નવાં પાપકર્મ બંધાત તે બંધ કરાવ્યા કરે.

(૩) દેવ-ગુરુના ઉપકારે પ્રાપ્ત પુણ્યાઈના આ પૈસા દેવ-ગુરુની સેવામાં સમર્પાઈ પાયાનો ગુણ કૃતજ્ઞતા કમાઉં.

(૪) પૈસા કમાઈને પુણ્ય ઓછું થતું આવે છે તો નવો પુણ્ય ભંડોળ વધો.

(૫) લક્ષ્મી વિનશ્વર છે. વિનશ્વરના સદુપયોગ દ્વારા અવિનાશી મારા આત્માનું કામ થાઓ. સુકૃતાનુબંધ દ્વારા અવિનાશી કાર્ય થાઓ, (તીવ્ર શુભ ભાવથી કરેલ સુકૃતનો એવો અનુબંધ પડે છે કે એમાંથી પછી આગળ નવા નવા પુણ્યોપાર્જન અને કર્મક્ષયોપશમ દ્વારા યાવત્ ક્ષાયિકભાવ શાશ્વત ચાલે છે. માટે એ વિનાશી કાર્ય થયું ગણાય.)

(૬) લક્ષ્મી ટકવી-ભોગવાવી એ મારા હાથની વાત નથી, ધર્મમાં ખરચાવી હાથની વાત છે. એક પરાધીન બીજું સ્વાધીન. તો સ્વાધીન વસ્તુ જરૂર સધાઓ. ધર્મનો પુરુષાર્થ-કાળ દુર્લભ છે. એ મળ્યો છે તો એને સફળ કરી લઉં, અને કર્મનો અપરાધી ન બનું.

આવા કોઈ પવિત્ર ઉદ્દેશથી, પર્યુષણા મહાપર્વનું ભવ્ય આલંબન મળ્યું છે તો, મહારસાળ ખેતર જેવા ધર્મસ્થાનોમાં ધનવાવેતર સુંદર કરવાનું.

**ધર્મ માટે ધનનો ભોગ શા સારું આપવો ? :-**

મંદિર, ઉપાશ્રય, દેવ, ગુરુ, શાસ્ત્રો વગેરે જો આપણને મબલખ પુણ્ય આપી રહ્યા છે, તો એમાં તન-મન-ધનનો ભોગ આપ્યા વિના કેમ ચાલે ? માટે જાતના રંગરાગ-ભોગવિલાસ ઓછા કરી આ ધર્મક્ષેત્રોની અતુલ ઉપકારની કદરદાની જરૂર કરવી, અને બને એટલી વધુ કરવી. મંદિર મૂર્તિ વગેરે આપણને ભવિષ્યમાં જે લાખો કરોડોનું ધન અપાવનાર પુણ્ય આપે છે, એની સામે અહીં થોડું ય ખર્ચવાનો ભોગ ન આપીએ ? જો ન આપીએ અને કોથળી સાચવી રાખીને ધર્મના લાભ લૂંટવા જઈએ તો એમાં હૃદયની નિષ્ઠુરતા સ્વાર્થાંધતા કેટલી બધી પોષાય ? મનને એમ થવું જોઈએ કે 'હું કાંઈ લૂંટારો ધાડપાડું નથી કે ધર્મ પાસેથી પુણ્યનો માલ આંચકી લઉં પણ સામે ધન કશું ન આપું.' એવી ધનમૂર્ચ્છા તો સંસાર ઈમારતનો મજબૂત થાંભલો છે.

**સંસારના ઈમારતના મજબૂત થાંભલા બે,- ૧.** અહંકાર-અહંત્વ અને **૨.**

તૃષ્ણા-મૂર્ચ્છા. મહાપર્વ જેવા ભવ્ય આલંબન મળવા છતાં સંસારસ્તંભ એમજ મજબૂત રહે એ કેટલી મોટી કમનસીબી ! પછી આલંબન પસાર થઈ ગયે શું સધાવાનું ?

બસ, મહાપર્વ-આલંબનનું મહત્ત્વ સમજી એનાં મુખ્ય પાંચ કર્તવ્ય અને એને શોભાવનારા-અજવાળનારા બીજાં કર્તવ્ય, તથા વર્ષભરમાં સાધવા રહી ગયા હોય એ અગિયાર વાર્ષિક કર્તવ્યમાંના કર્તવ્યો બજાવી લેવામાં જરાય પાછી પાની, પ્રમાદ, વિલંબ, વાયદો ન કરવો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨૧,અંક-૧,તા.૨-૯-૧૯૭૨

## પર્યુષણા મહાપર્વ કેમ ઊજવશો ?

**કોઈ પરમાત્મા અનાદિથી પરમાત્મા કેમ નહિ ? :-**

જૈનશાસનમાં જીવોનાં કલ્યાણ માટે એકમાત્ર શુદ્ધ ધર્મને જ ઉપયોગી કહેવામાં આવ્યો છે. ધર્મની આરાધના કરો તો જ આત્માનું કલ્યાણ થાય. બીજાની ... વાત, પણ શાસનના જે પ્રણેતા અનંતા તીર્થંકર ભગવંતો થઈ ગયા, એમણે પણ પોતાનું કલ્યાણ સાધ્યું શુદ્ધ ધર્મથી જ. શુદ્ધ ધર્મ પામ્યા ત્યારથી એમના ગણતરીમાં લેખાવા માંડ્યા. નહિતર તીર્થંકરના જીવો એક વાર તો બીજા જીવો જેવા સંસારી જીવ જ હતા, સંસારી એટલે ચાર ગતિમાં સંસરણ કરનાર પરિભ્રમણ તે પણ કરનારા હતા. કોઈ જ તીર્થંકર પરમાત્મા અનાદિના પરમાત્મા નહિ, અનાદિ કાળથી તીર્થંકર નહિ. પૂછો જો,-

**પ્ર.**- તીર્થંકર પરમાત્મા અનાદિ કાળના કેમ ન હોય ?

ઉ.- એટલા જ માટે ન હોય કે પરમાત્મા એટલે શુદ્ધ આત્મા. 'શુદ્ધ' એટલે રાગ-દ્વેષ વગેરે ખરાબીઓ વિનાના રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, મોહ-મદ-મત્સર, અહંત્વ-મમત્ત્વ એ બધી આત્માની ખરાબીઓ છે, એ તો સમજો છો ને ? કે રાગ-દ્વેષ વગેરેને સદ્ગુણ માનો છો ? સદ્ગુણ કહી શકાય એમ નથી, કારણ કે જ્યાં વિશેષ રાગ કરવા જતાં નુકસાન થાય ત્યાં પસ્તાવો થાય છે કે 'હાય ! મેં આ રાગ ક્યાં કર્યો ?' સદ્ગુણ ઉપર પસ્તાવાનું હોય ? રોવાનું હોય ? **રાગાદિ એ સદ્ગુણ નથી, ખરાબી છે.**

**રાગની પાછળ રોવાનાં દૃષ્ટાંત :-**

(૧) દુકાન પર નોકર રાખ્યો; માનો કે એ બહુ વિનય અને વફાદારી દેખાડે છે, ચાપલુસી સારી કરે છે. શેઠ એના તરફ આકર્ષાઈ જાય છે, એના પર બહુ રાગ કરી ભારે વિશ્વાસ મૂકે છે. પેલો તાલંબાજ છે, તેથી દુકાનની અને શેઠના વેપારની ગુપ્ત વાતો લઈ જઈ, બીજા વેપારીનો એ ફૂટેલો, એની પાસેથી લાંચ ખાનારો, તે એને જઈને કહી આવે છે. પરિણામ એ આવે છે કે આ શેઠની ગુપ્ત વાતો મળવા પર એ વેપારી સામો વેપાર નાખી યા આ શેઠના ઘરાકોને ભરમાવી શેઠને નુકસાનમાં ઉતારે છે. જે દહાડે માનો કે આ શેઠને નોકરની આ વિશ્વાસઘાતી રમતની ખબર પડી ગઈ, તો એને શો વિચાર આવે ? આ જ ને કે 'અરે ! મારો વિશ્વાસમાં લીધેલો નોકર આ કામ કરી રહ્યો છે ? મને ભયંકર ધોખો ? હાય ! મેં ક્યાં આના પર રાગ કરી વિશ્વાસ મૂક્યો ?' શું થયું ? રાગનો ભારોભાર પસ્તાવો.

(૨) બાપે દીકરા પર બહુ રાગ કરી એને લાડમાં ઊછેર્યો હોય, અને મોટો થતાં એ છોકરો બાપની સામે ઉદ્ધત થાય, અભિમાની, આપમતિવાળો અને અંતે બાપને જુદા કાઢનારો બને, તો બાપને એ દીકરા પર રાગ કરી લાડ લડાવ્યાનો કેટલો પસ્તાવો થાય ?

(૩) પકવાન્નનું જમણ મળ્યું, બહુ ગમ્યું ને જમવામાં વધારે દાબ્યું; પછી પેટ ચડ્યું, અકળામણ થાય છે, તો શું થાય ? આમાં બીજા કોઈને દોષ દેવાય એવું નથી, લોભથી જાતે જ દાબ્યું છે, એટલે જાત માટે જ પસ્તાવો થાય છે. અરેરે ! મને આના પર લોભ ગૃદ્ધિરાગ થયો ને મેં વધારે ખાઈ નાખ્યું ? માલ પારકો હતો, પણ પેટ કાંઈ પારકું હતું ? તે પારકા પર લોભાઈ પોતાનું જ પેટ બગાડ્યું ?' શું છે આ ? લોભનો પશ્ચાત્તાપ, રાગનો પસ્તાવો, માટે સમજો,-

રાગ એ સદ્ગુણ નથી, પણ મોટો દોષ છે, આત્માની મહાન અશુદ્ધિ છે. એના પર જ બીજા અનેકાનેક મદ-માયાદિ, દોષ ઊભા થાય છે, અનેકાનેક જુઠ-ચોરી-વિશ્વાસઘાત વગેરે દુષ્કૃત્યો આચરાય છે. એ બધા પર જીવ કર્મનાં કારમા બંધનોએ બંધાય છે, અને કર્મનાં ફળ ભોગવવા સંસારમાં ભટકે છે. સંસારમાં ભટકનાર અને જન્મ-મરણ રોગ શોક-મારપીટ-પરાધીનતા, ભૂખ-તરસ વગેરે અનેકાનેક દુઃખો દેનારા આ રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ વગેરે જ છે. માટે એ રાગાદિ એ આત્માની ખરાબીઓ છે.

**અનાદિ શુદ્ધ પરમાત્માને ખરાબી જ નહિ, તો શરીર નહિ :-**

હવે જુઓ કે તીર્થંકર ભગવાન અનાદિના જ પરમાત્મા હોય, શુદ્ધ આત્મા હોય, તો એમને આ રાગાદિ ખરાબીઓ હોય જ નહિ; પછી એમને સંસારમાં

જનમ શાનો લેવાનો હોય ? એમને શરીરધારી શાનું બનવાનું હોય ? ત્યારે જો શરીર જ નહિ, તો મુખ પણ ક્યાં ? અને મુખથી ધર્મોપદેશ કરવાનું પણ કેમ બની શકે ?

માટે કહો, જ્યારે તીર્થંકર પરમાત્મા શરીરધારી છે, મુખથી ધર્મનો ઉપદેશ કરે છે, તત્ત્વ પ્રકાશે છે, શાસન સ્થાપે છે, ત્યારે એ સૂચવે છે કે એમને એ શરીર બનવા માટે પૂર્વે કર્મનાં બંધન હતાં, અને એ કર્મ રાગાદિ ખરાબીઓથી ઊભા થયાં હતાં. અલબત કર્મ દ્વારા શરીર ઊભું કરનાર રાગની સાથે સમ્યગ્દર્શન એવું ઝળહળાવેલું અને સમસ્ત જીવોની ભાવકરુણા એવી ભાવેલી, તેમજ અરિહંત પરમાત્મા આદિની એટલી બધી બહુમાનભરી ઉપાસના કરેલી, કે એના પર તીર્થંકર બનવા યોગ્ય પુણ્યાઈ ઊભી થયેલી; એના બળ ઉપર છેલ્લા ભવમાં એમણે સંસારત્યાગ કરી અપૂર્વ તપ-સંયમ-ધ્યાનના પુરુષાર્થ ફોરવ્યા. અને એના દ્વારા રાગાદિ દોષોના ભૂક્કા કર્યા; ત્યારે એ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બન્યા, અને જગતને એમણે તત્ત્વનો ધર્મનો-મોક્ષમાર્ગનો ઉપદેશ કર્યો, ધર્મશાસન સ્થાપ્યું, સંઘ સ્થાપ્યો.

વાત આ છે કે શુદ્ધ ધર્મની આરાધના કરો તો આત્માનું કલ્યાણ થાય. 'શુદ્ધ ધર્મ' એટલે વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ કહેલો ધર્મ; રાગાદિ ખરાબીઓને ખરેખર મિટાવનાર ધર્મ, પછી ભલે પહેલે પગથિયે એ ધર્મની, એ સર્વજ્ઞ વચનની, કોઈ પ્રવૃત્તિ પાલન આચરણ ન કર્યું પરંતુ માત્ર શ્રદ્ધા કરી, પણ શ્રદ્ધા કેવી ? કે આ ધર્મ અને સર્વજ્ઞવચન સામે જગતની મોટી સંપત્તિઓ તુચ્છ લાગે, મહાવિટંબણારૂપ લાગે. એના પર નિર્વેદ-નફરત-ગ્લાનિ થાય એવી ધર્મશ્રદ્ધા કરી, તો એ પણ શુદ્ધ ધર્મ છે. શુદ્ધધર્મ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણ. એમાં સમ્યગ્દર્શન ધર્મશ્રદ્ધારૂપ છે. વીતરાગ સર્વજ્ઞવચનની શ્રદ્ધારૂપ છે. આટલા પણ ધર્મની આરાધના કરતા ચાલો, તો આત્માનું કલ્યાણ થતું આવે.

**આત્માનું કલ્યાણ એટલે શું ?**

**આત્માનું કલ્યાણ આ કે જેમાં મન પ્રશાંત થાય,** અનાદિના રાગાદિ ઉકળાટ અંશે પણ શમે, શાંત થાય, એવા વિચાર-વાણી-વર્તાવ એ આત્માનું કલ્યાણ કહેવાય. ભૂલશો નહિ, આત્મા અનાદિ કાળથી રાગાદિ ભાવોમાં ઊકળતો છે. જમીનમાં સોનું છે ત્યારથી માંડીને એ અશુદ્ધ છે, માટી-મિશ્રિત છે એમ જીવ જ્યારથી આ જગતમાં છે, ત્યારથી અર્થાત્ અનાદિ કાળથી એ રાગાદિ મેલા ભાવોથી અશુદ્ધ છે. પ્રયોગથી જેમ એ સોનું શુદ્ધ બનાવી શકાય છે, એમ આત્મા પણ રાગાદિ મેલથી રહિત, તદ્દન શુદ્ધ, યાને પરમાત્મા બનાવી શકાય છે.



**હકીકત આ છે કે રાગાદિભાવો એ ઊકળાટ છે.**

હેં ? રાગ ઊકળાટ ? હા, રાગ એ મહા ઊકળાટ છે.

**પ્ર.**- પણ અમે તો રાગ કહીએ, કાંઈ સારું મળવા પર એ ગમી જાય, ત્યારે અમને શાંતિ લાગે છે ને ?

ઉ.- આ ખરેખર શાંતિ નથી, પણ એક જાતની ઠંડી બળતરા છે, મૂઢ માર છે.

(૧) ધમધોખ ઉનાળામાં વનસ્પતિ બળી નથી જતી; પણ ઠંડું હીમ પડે ત્યારે એ બળીને કાળી બંડ પડી જાય છે. કહો ઠંડા હીમથી ખરેખર શાંતિ કે બળતરા ?

(૨) દારૂડિયો દારૂ ચડાવે ત્યારે એને એના મદમાં શાંતિનો અનુભવ થાય છે, એ શું ખરેખર શાંતિ છે ? કે એક પ્રકારનો ઊકળાટ ઉન્માદ ? દારૂના નશાનાં કેફમાં ઉન્માદ છે ને ? એટલે ઊકળાટ લાગે નહિ એ જુદી વસ્તુ છે; પણ ખરેખર હકીકતમાં શું છે ? ઉન્માદ, ઊકળાટ.

(૩) ઉન્માદ ચીજ જ એવી છે કે ઊંધું મનાવે. એમ તો ચાના વ્યસનીને ગરમાગરમ ચા પીતાં બળતરા થોડી જ લાગે છે ? પણ શું ત્યાં જીભ બળતી નથી ? બળે જ છે. પરંતુ ચાનાં નશાનો ઉન્માદ છે, એટલે કલેજે ઠંડક લાગે છે,

એમ, મોહના ઉન્માદમાં રાગની ઠંડક લાગે છે. જ્યારે ખરેખર તો એ ઊકળાટ જ છે. હૈયાની લાગણી રાગમાં ઝણઝણાટીવાળી છે. દા.ત. પૈસા સારા મળ્યા પર અગર એના પર ભારે રાગ થાય છે તો દિલ ઝણઝણાટી અનુભવે છે. એ રાગનો તાપ છે. આયુર્વેદ કહે છે, માણસને સ્ત્રી પર દૃષ્ટિ પડતાં યા એનો વિચાર આવતાં કામરાગ સ્ફુરે ત્યારે એનું લોહી ગરમ થાય છે. એ વીર્યને ઓગાળે છે. કહો, લોહીને ગરમ કોણે કર્યું ? રાગના તાપે. તાપ વિના ગરમ થવાનું થાય નહિ. તો અહીં કામરાગે તાપનું કામ કર્યું, બસ જેવો આ રાગ, એવા બીજા રાગ પણ ઠંડક-શાંતિરૂપ નહિ કિન્તુ તાપરૂપ છે.

રાગ તાપરૂપ છે, એટલું જ નહિ રાગમાં વિહ્વળતા પણ છે; કેમકે રાગ વખતે જીવ ગદ્ગદતા અનુભવે છે કે 'વાહ ! કેવી સરસ પેઢી ! કેવી સુંદર મૂડી ! તાત્પર્ય દ્વેષાદિની જેમ રાગમાં પણ વિહ્વળતા છે, શાંતિ નથી. એ કલ્યાણરૂપ નથી.

કલ્યાણ તે કે જેમાં મન શાંત થાય, સ્વસ્થ બને, સ્વસ્થ બન્યું રહે. મનુષ્ય જીવન આ કલ્યાણ સાધવા માટે છે, ને એ ધર્મ-આરાધનાથી સિદ્ધ થાય. ધર્મ બધો આરાધવાનો તે આ કલ્યાણ માટે આરાધવાનો છે.

**આત્માના રાગ-દ્વેષ-મોહ વગેરે ભાવોની શાંતિ કરવા માટે અને આત્માને**

**વૈરાગ્ય-ઉપશમ જ્ઞાનદૃષ્ટિમાં ઝીલાવવા માટે ધર્મ કરવાનો છે.**

ધર્મ કરીએ છીએ ને રાગાદિની શાંતિ ન થતી આવે તો શું કમાયા ? પુણ્ય ? ભૂલશો નહિ; એકલા પુણ્યની લાલચ ખોટી છે. રાગાદિ સતેજ રાખીને એકલું પુણ્ય લઈ જતાં એ ભારે પડશે; કેમકે એ પુણ્યના મળેલા માલ ઉપર રાગ-મદ-વિષયતૃષ્ણા વગેરે ખરાબીઓ એટલી બધી ફાલશે-ફૂલશે કે એ દીર્ઘ સંસારયાત્રા સરજી આપશે. કહો, કલ્યાણના લક્ષ વિનાના ધર્મથી શું સાધ્યું ? લાંબી સંસારયાત્રા જ ને ? આ કમાવાનું માનવ જેવા સર્વોત્તમ ભવમાંથી ?

લક્ષ તો આ જોઈએ કે 'નાનો દેવદર્શન જેવો ધર્મ સાધીને એ વીતરાગ દેવાધિદેવના આલંબને મારા રાગાદિને મોળા પાડું; પહેલા નંબરમાં એ રાગાદિ જાલિમ રોગોની ભડક ઊભી કરું, હાય ! આ રાગાદિ અહીં પણ એમ જ ઊભા રહી જાય, અગર વધી જાય, તો મારું શું થશે ? પરલોકમાં ક્યાં ફેંકાઈ જઈ કર્મથી કેવો ફેંદાઈ જઈશ ?'

**રાગાદિ પર પસ્તાવો થાય કે,**

'અરેરે ! આવા વીતરાગ ભગવાન મળ્યા છતાં હું હજી એવો ને એવો રાગ કર્યે જનારો ? એવો ને એવો રાગ દ્વેષ વગેરેથી રોગિષ્ઠ ? આ પ્રભુએ તો સંપત્તિ-સન્માન-પરિવાર વગેરે કેઈ ગણું મળેલું છતાં એનો ત્યાગ કરી રાગને ઉડાડ્યો; ત્યારે હું એમના કરતાં બહુ જ અલ્પાંશે મળ્યા પર રાગમાં મરી રહ્યો છું ? રાગથી કેટલો બધો રીબાઈ રહ્યો છું કે થોડો પણ ત્યાગ નથી કરતો ? ઊલટું હજી પણ અધિક અધિક સંપત્તિ સન્માન વગેરે મળવાના મનોરથો કરી રહ્યો છું ? મારા નાથને ન ગમ્યું એ શું મને ગમતું થાય ?'

વીતરાગ દેવાધિદેવનાં દર્શને રાગના ભયંકર પરિણામની ભડક લાગે, સેવાતી રાગની રીબામણનો પસ્તાવો થાય, તો એ દર્શનનો નાના જેવો પણ ધર્મ રાગાદિને સહેજ ધક્કો લગાડનારો થાય, એથી મનને સહેજ પણ શાંતિનો અનુભવ કરાવનારો બને. આવું દર્શન કલ્યાણ માટે થયું ગણાય. **પર્યુષણા મહાપર્વની વિવિધ ધર્મસાધના આ કલ્યાણ માટે કરવાની છે.**

**કલ્યાણ આ, કે મનને રાગ-દ્વેષાદિ રિબામણમાંથી અંશે પણ શાંતિ મળે.**

ધર્મ આ કલ્યાણ માટે કરવાનો છે. એ કરતા રહીએ તો આ મનુષ્યજનમ કલ્યાણમાં ઉપયોગી થયો કહેવાય. બસ, આ ધ્યાન રાખીને જીવન જીવવાનું છે, જીવનમાં ધર્મ કરતા રહેવાનો છે.

પર્યુષણા મહાપર્વ એ ધર્મની આરાધના માટે ઉત્તમ તક છે એમ સમજીએ છીએ, તેથી તો વરસમાં ક્યારેય ધર્મ નહિ કરનારો પણ જૈન બચ્ચો આ મહાપર્વમાં



ધર્મ કરવા પ્રેરાય છે, એ દેખીએ છીએ. એના મનને એમ થાય છે કે રોજ તો ખાધાપીધા બજારી કરી, અને વિષયરંગમાં મહાલ્યા, પણ આ મહાપર્વના દિવસોમાં તો કાંક ધર્મસાધના કરું. તપસ્યા કરું, વ્યાખ્યાનો સાંભળું, પ્રતિક્રમણ કરું, દયા કરું, દાન કરું, ભગવાનની ભક્તિ કરું, વગેરે વગેરે તમન્ના પર્યુષણા મહાપર્વમાં રહે છે. નાનાને રહે છે, મોટાને રહે છે. સૌ સાથે મળીને વિવિધ ધર્મ-આરાધનામાં જોડાય છે. શક્તિવાળા માસખમણ કે એથી પણ લાંબી તપસ્યા આદરે છે. પર્યુષણામાં સંઘમાં હજારો લાખો રૂપિયાનાં સુકૃત થાય છે. વ્યાખ્યાનોમાં માણસોની ઠઠ જામે છે. ગામેગામ આઠે દહાડા ભગવાનને સારી આંગીઓ થાય છે. સૌનાં મન કોમળ બની પરસ્પરને ખમતખામણા કરે છે...બધું પર્યુષણા-મહાપર્વમાં

**પર્યુષણાની બલિહારી છે.** જૈન શાસનને જયવંતુ રાખવામાં આ મહાપર્વનો મોટો ફાળો છે, સંઘમાં થતી મહાપર્વની આરાધનાનો કિંમતી ફાળો છે.

આ વસ્તુ પર જો ધ્યાન ઠેરવીએ, તો સમજાશે કે,

**ધર્મ વાયડી વાતો કરવામાં નથી, યા કહેવાતા નિશ્ચય ધર્મમાં નથી, પણ ધર્મ-પરિણામ જગાડનારા આચરણમાં ધર્મ છે.**

પર્યુષણા મહાપર્વમાં સંઘ ધર્મનાં સુંદર આચરણ કરતો આવ્યો છે, તેથી જૈન શાસન આજસુધી ટકતું આવી આપણા હાથ સુધી પહોંચ્યું છે. મહાવીર ભગવાને શાસન સ્થાપીને ધર્મનું જો આચરણ ન બતાવ્યું હોત, ને ઊલટું ધર્મનાં આચરણને નકામું-નિરુપયોગી કહ્યું હોત, તો સંઘમાં કશું ધર્મ-આચરણ જ ન હોત તો શું તમને લાગે છે કે શાસન આગળ ચાલત ?

**નિશ્ચય ધર્મ અંતરમાં ધર્મપરિણામ સ્વરૂપ છે, અને અંતરાત્મામાં ધર્મના પરિણામ પાપાચરણથી નહિ પણ બાહ્ય ધર્મ-આચરણથી જાગે છે, વધે છે અને દૃઢ થાય છે.**

અંતરમાં જેને ધર્મના પરિણામ હોય એ બાહ્યમાં ધર્મનાં આચરણને તો જતા કરે, અને પાપનાં આચરણ સારી રીતે કર્યે રાખે, એ બને જ કેમ ? માટે પાપાચરણમાં વાંધો નહિ ને ધર્માચરણમાં વાંધો બતાવનારા નવીન પંથી અંતરમાં લેશ પણ ધર્મના પરિણામવાળા નથી, લેશ પણ આત્મધર્મ સમજ્યાં જ નથી. માટે એવા બનાવટી વાહિયાત નિશ્ચય ધર્મમાં જરા ય ફસાશો નહિ.

**બાહ્યથી આંતર ભાવનો દાખલો :-**

મન ખોટો સવાલ કરવા જાય કે અંતરના ભાવની કિંમત છે, બાહ્ય આચરણથી શું વિશેષ ?' ત્યાં મનને સમજાવી દેવાનું કે ધર્મનાં આચરણ વિના ધર્મના ભાવ શાના ? વ્યવહારમાં દેખાય છે કે પ્રેમનો ભાવ પ્રેમનાં આચરણ કરાવે જ છે. જો

સગા ભાઈ પ્રત્યે પ્રેમ છે, તો સહેજે ભાઈ સાથે પ્રેમથી બોલવાનું થાય છે, પ્રેમથી ભાઈની પ્રશંસા કરાય છે, ભાઈની દૃષ્ટિ મળતાં આનંદની રેખા મોંઢા પર તરવરી આવે છે, અવસરે અવસરે ભાઈને નિમંત્રણ, ભાઈની ભક્તિ અને આગળ વધીને જો પોતાની સ્થિતિ પહોંચતી હોય તો ભાઈને ઊંચે લાવવાનું અને સંપત્તિ-સન્માન વધરાવવાનું થાય છે. હવે જો બાહ્યમાં આ કશો વર્તાવ નથી, તો ભાઈ પર અંતરમાં પ્રેમ શો ?

**અંતરનો ભાવ બહારની પ્રવૃત્તિમાં દેખા દઈ દે છે.** કોઈની પ્રત્યે અંદરમાં જો ક્રોધ સળવળ્યો, તો બહારમાં એના પર ભ્રૂકુટી ઊંચી થવાનું, મોં પર અરુચિ દેખાડવાનું, કર્કશ શબ્દ બોલવાનું, વગેરે બની આવે છે ને ? ઠીક છે એ બાહ્યમાં દેખાડવામાં જો લાભ નહિ, પણ નુકસાન દેખાતું હોય, તો મનથી દાબીને એ ન દેખાડાય એ જુદી વાત, બાકી સહેજે બનવાની વસ્તુ તો આ જ ને કે બહારની પ્રવૃત્તિ પર અંતરના ભાવનો પડઘો પડે છે ? સારા નરસા બંને પ્રકારના ભાવમાં બાહ્ય પર આ પડઘો પડવાનું થાય છે. એટલું જ નહિ, પણ બાહ્યની તેવી તેવી પ્રવૃત્તિ અંતરના એવા ભાવને સતેજ કરી દે છે. દેખાય છે કે બહારના એવા ક્રોધના બોલ અને વર્તાવ દિલની અંદરના ક્રોધને દૃઢ કરે છે, ક્રોધની ને વૈર-વિરોધની માત્રા વધારી દે છે.

જો નરસા ભાવમાં આમ, તો સારા ભાવમાં પણ એવું જ છે. અંતરમાં ધન અને જાત પર એટલી મૂર્ચ્છા નથી, તો બહારમાં સહેજે દાનની પ્રવૃત્તિ થઈ આવે છે. અંતરમાં જો ઇન્દ્રિયોના વિષયોનો એવો રંગ નથી, પણ ઘૃણા છે, તો સહેજે એના ત્યાગ, અને ત્યાગના વ્રત નિયમ બની આવે છે. એમ અંતરમાં એવી ખા-ખા કરવાની લગન નથી, જ્ઞાનધ્યાનને બદલે ખાનપાન કરવા પ્રત્યે કંટાળો છે, તો સહેજે બહારમાં ખાનપાનની બહુ પ્રવૃત્તિ પર અંકુશ લાવી દે છે; એથી એકાશન ઉપવાસ વગેરે તપ સહેજે બની આવે છે.

**બાહ્ય-આંતરને પરસ્પર ઓથ :-**

આ તો અંતરના ભાવનો બહારની પ્રવૃત્તિ પર પ્રભાવ પડવાની વાત થઈ. પણ બાહ્યની પ્રવૃત્તિનો અંતરના ભાવ ઉપર પણ પ્રભાવ પડે છે એ હકીકત છે. હાલતાં ને ચાલતાં જીવોને મારવાની પ્રવૃત્તિ હોય, યા પોતાના થકી જીવો મરે એના તરફ બેપરવાઈ હોય, તો અંતરમાં નિર્દયતાના ભાવ ઊભા થાય છે, દૃઢ થાય છે. એથી ઊલટું, બહારમાં જીવોની રક્ષા-જતના કરવાની સારી પ્રવૃત્તિ રાખી હોય તો અંતરમાં દયાના ભાવ ઊભા થાય છે, દયાના ભાવ વધે છે. એમ બાહ્યમાં દાનની પ્રવૃત્તિ કરતો રહે તો અંતરમાં દાનના ઉદારતાના ભાવ ઊભા થાય છે,



વધે છે.

અહીં દલીલ કરતા નહિ કે એમ તો ભૂતકાળમાં દયા-દાનની બાહ્ય પ્રવૃત્તિ તો ઘણી કરી, તો પછી કેમ જીવને અંતરમાં સહજ દયાળુતા અને ઉદારતાના ભાવ નથી દેખાતા ?' આવી દલીલ કરવા કરતાં અહીં જીવની રક્ષાની જયણાની પ્રવૃત્તિ કરવા માંડો, પછી જુઓ કે અંતરમાં દયાના ભાવ જાગે છે કે નહિ. એમ દાનની પ્રવૃત્તિ કરવા લાગો, પછી જુઓ કે અંતરમાં ઉદારતાના ભાવ જાગે છે કે નહિ. હા, જુઓ દાનની પ્રવૃત્તિ કરતી વખતે કોઈ માનાકાંક્ષાદિની ચંડાળણીથી એને અભડાવતા નહિ, 'દાન દઉં ને મારું નામ બહાર આવે; મને પૈસા મળે, મને જશ મળે,' એવી લાલસા જરા પણ રાખતા નહિ, એમ દયા કરતાં કોઈ માનાકાંક્ષા, કે બદલો લેવાની સ્વાર્થીવૃત્તિ રાખતા નહિ; પછી જોજો કે બાહ્ય દયા-દાનની પ્રવૃત્તિ હોંશથી કરતાં કરતાં અંતરમાં સહજ ઉદારતા ને દયાળુતા જાગે છે કે નહિ.

આવું કાંઈ જો કરવું નથી, તો એનો અર્થ તો એ છે કે અંતરમાં ગાઢ ધનમૂર્ચ્છા, સ્વાર્થની જ માયા, અને નાના જીવો પ્રત્યે બેપરવાઈ પોષ્યે રાખવી છે. પાછું, એના બચાવમાં ઓઠું ધરવું છે કે 'બાહ્ય દયા-દાનની અનંતી પ્રવૃત્તિ કરી છતાં અંતરમાં દયાળુતા અને ઉદારતાના ભાવ જાગ્યા નહિ; તેથી બાહ્ય પ્રવૃત્તિની અંતરના ભાવ પર કોઈ અસર નથી.'

ખરી વસ્તુસ્થિતિ એ છે કે અનંતી દયા-દાનની બાહ્ય પ્રવૃત્તિની અંતરમાં અસર ન પડવાનું કારણ એ પ્રવૃત્તિની પાછળ નીતરતો સ્વાર્થનો રંગ હતો, વિષયાસક્તિ અને માનાકાંક્ષા હતી. અંતરના દયાળુતા-ઉદારતાના ભાવની પરવા જ નહોતી કે 'આ ભાવ મારા અંતરમાં જાગો.' ઊલટું, બાહ્ય સ્વાર્થમાયા, માનપાન અને વિષયોની આસક્તિના જોરમાં અંતરના દયાળુતા-ઉદારતા વગેરે ભાવને નકામા માન્યા હતા, મૂર્ખના ભાવ માન્યા હતા, નુકસાન કરનારા માન્યા હતા. એને જો હિતકારી ભાવ ડાહ્યાના અક્કલવાનના ભાવ માન્યા હોત, તો એના પર લક્ષ રહેત, બાહ્ય દયા-દાનની પ્રવૃત્તિથી એ જગાવવાનું ધોરણ રહેત. પરંતુ એ નહિ, પછી એવા સારાભાવ જાગે જ શી રીતે ?

છોકરો રમતિયાળ છે, એને જ્ઞાનપ્રેમ નથી, પણ એને જો નિશાળે ઘાલો છો, તો બાહ્ય જ્ઞાનાભ્યાસની પ્રવૃત્તિ કરતાં કરતાં અંતરમાં જ્ઞાનની રુચિ જાગતી જ જાય છે ને ? અને તેવો કોઈ અજડ હરામી જ છોકરો હોય, તો એને નિશાળે ઘાલવા છતાં દિલમાં એને એકલી રખડપટ્ટીના જ ભાવ હોવાથી વર્ષો જવા છતાં જ્ઞાનરુચિ નથી જાગતી પણ એથી કાંઈ કોઈ માબાપ છોકરાને નિશાળે બેસાડવાનું જ માંડી વાળે છે ખરા ?

એટલે વાત આ છે કે

**મેલા ભાવ વિના બહારની તેવી તેવી સારી પ્રવૃત્તિ કરતાં કરતાં અંતરમાં તેવા તેવા સારા ભાવ જાગે છે, વધે છે.**

આમ બે વાત આવી,-

(૧) બાહ્યમાં ધર્મનાં આચરણથી અંતરમાં ધર્મના ભાવ જાગવાને પૂરો અવકાશ છે. તેમજ,

(૨) અંતરમાં ધર્મના ભાવ હોય તો સહેજે એ પાપપ્રવૃત્તિ ઓછી કરાવી એનાં સ્થાને ધર્મનાં આચરણ જગાવે છે. એ આચરણ વળી ધર્મના ભાવ ઉલ્લાસ ઓર વધારે છે.

(૩) અને ત્રીજી વાત આ થઈ કે ધર્મનાં આચરણ કરતાં કરતાં અંતરના રાગ-દ્વેષાદિ ભાવ પર ઘૃણા ઊભી કરતા જવાનું છે, રાગદ્વેષાદિને મોળા પાડતા જવાનું છે.

પર્યુષણાનાં ધર્માચરણ વખતે આ ત્રણે વાતો બનાવવાની છે. એ કરવાનું સરળ છે. કેમકે જ્યારે ઇન્દ્રિયોના વિષયોની રમત મૂકીને, કે શરીર-સુખશીલતા મૂકીને ધર્મનું આચરણ કરવા જઈએ છીએ, તો સહેજે એ વિષયો અને કાયાના રાગને ધક્કો લાગવાનો. સહેજે મનમાં આ લાવવું સહેલું છે કે 'જ્યારે હું હાથવેંતમાં રહેલી વિષયરમત, કાયાની સુખ-શીલતા એટલી પડતી મૂકીને ધર્મ-પ્રવૃત્તિ કરવા જાઉં જ છું, તો એટલું સમજું છું કે એ વિષયરમત વગેરે ખોટી છે, ખરાબ છે; પછી મારે એના પર બહુ રાગ કરવાનું શું કામ છે ?' આમ રાગને ધક્કો લાગે છે; અને અંતરમાં સાચા ધર્મપરિણામ પ્રગટે છે.

ફરીથી યાદ કરી લો, રાગથી જ આત્માનો સંસાર છે, રાગ ન હોય તો સંસાર રહેવાને કોઈ કારણ નથી. કોઈ ને કોઈ રાગની ઉપર જ બીજે દ્વેષ થાય છે. પૈસા પર અનહદ રાગ હોવાના કારણે જ એને ધર્મમાં ખરચવાનું કોઈ કહે તો એ ગમતું નથી મોં બગડે છે, અરુચિ દ્વેષ જાગે છે. જાત અને જાતની સમૃદ્ધિ-સન્માન ઉપર રાગ છે તો જ બીજાની સમૃદ્ધિ-સન્માન જોતાં ઈર્ષ્યા થાય છે. જો ધન પર એવી મૂર્ચ્છા નથી, તો દાનની વાત પર દ્વેષ શું કામ થાય ? જો જાત, જાતની સમૃદ્ધિ-સન્માન ઉપર એવો રાગ નથી, તો બીજાની એ જોતાં ઈર્ષ્યા શું કામ થાય ?

**મૂળ, રાગની ઉપર જ દ્વેષ-ઈર્ષ્યા-અભિમાન, ગુસ્સો-વૈર-વિરોધ, નિર્દયતા-કૃપણતા-ક્ષુદ્રતા, વગેરે દોષોની ફોજ ઊભી થાય છે. એના પર સંસાર નભે છે.**

સંસરણ એટલે કે ભવભ્રમણ અને સુખ-દુઃખમાં માન-અપમાનમાં, જશ-



અપજશમાં, ભય-ચિંતામાં આથડવાનું રાગથી બને છે. એટલે કહેવાય કે મૂળ, રાગ ઉપર જ સંસાર છે.

સંસાર એટલે કે ભવભ્રમણ, વારંવાર જનમ-મરણ, અને આ સુખ-દુઃખાદિ દ્વન્દ્વો(જોડકા)માં આથડવાનું જો નથી ગમતું, તો એના મૂળ કારણભૂત રાગને મોળો પાડતા જવાનું બહુ જરૂરી બની રહે છે. ત્યારે એ સ્પષ્ટ સમજાય એવું છે કે રાગની પોષક પાપપ્રવૃત્તિઓમાં ડૂબ્યા રહેવાથી રાગ મોળો પડે નહિ. સારી રાણીઓ પરણ્યા પછી રાજકાજ મૂકીને રાણીવાસમાં પડ્યો રહેનારો રાજા શું રાણીઓ પરના રાગને મજબૂત કર્યે જવાનો ? કે રાગને મોળો પાડી શકવાનો ? એ તો દિલ દઈને રાજકાજમાં ભળે તો જ પેલો રાગ એવો દૃઢ ન થાય, બલકે સારા પરમાર્થના રાજકાજમાં રસ પડવાથી રાણીઓ પરનો રાગ મોળો પડતો આવે. પછી રાણીઓને સંભાળે ખરો, પણ આંધળો લંપટ થઈને નહિ.

બસ, એ રીતે ધર્માચરણમાં દિલથી લાગતાં, **'ઉદ્યોગ રસને જગાવે'** એ ન્યાયે, ધર્માચરણના ઉદ્યોગથી એનો રસ જાગવાને લીધે પાપ પ્રવૃત્તિઓ પરનો રાગ મોળો પડતો આવે, એની આંધળી લંપટતા ઓછી થતી આવે. આ માટે ધર્મનું આચરણ દિલથી કરવું જોઈએ. એ ભૂલશો નહિ. 'દિલ વિનાનું મળવું ને ભીંતડિયે ભટકવું' એવું થાય. વેપારીને કોઈ ખટાવવા આવ્યો હોય, પરંતુ જો વેપારી વાત તો કરે પણ ગેરસમજમાં એની સાથે દિલથી વાત ન કરે, તો પેલો નફાનો સોદો આપ્યા વિના ચાલતો જ થઈ જાય. એટલે વેપારીને ભીંતડિયે ભટકાવા જેવું થાય, કશું નહિ ખટાવનારી જડ ભીંત સાથે વાત કરવા જેવું થાય. એમ પર્યુષણાપર્વ અને ધર્માચરણ આપણને ખટાવવા તો આવ્યું, પણ આપણે દિલ વિના એને વેઠની જેમ આચરીએ, તો એ ખટાવ્યા વિના જાય; એટલે આપણે જાણે ભીંતડિયે ભટકાયા ! કશું એમાંથી પામ્યા નહિ.

**ધર્માચરણમાંથી આ પામવાનું છે કે**

(૧) આપણા રાગ-દ્વેષ, અને સ્વાર્થમાયા-સુખશીલતા-વિષયલંપટતા-ધનમૂર્ચ્છા વગેરેને ધક્કો લાગે. એમ,

(૨) બીજું આ પામવાનું કે આપણા અંતરમાં ધર્મના પરિણામ ધર્મના ભાવ જાગે-વધે. તેમ,

(૩) ત્રીજી વાત આ કે આપણા અંતરમાં ધર્મના ભાવ ખરેખર છે એને ધર્માચરણથી પ્રમાણિત કરવાનું થાય, ધર્માચરણથી એની ખાતરી થાય, ને એથી અધિક ધર્મ સાધવાનો ઉલ્લાસ વધે.

બસ, પર્યુષણા મહાપર્વમાં અનેક જાતની પ્રવૃત્તિ ધર્માચરણ કરવાનું આવે

છે. એમાં આ ત્રણ વસ્તુ ખાસ લક્ષમાં રાખવાની. ભલે તમે કદાચ બારે ય મહિના આવી ધર્મપ્રવૃત્તિ ન કરી શકતા હો, છતાં માત્ર પર્યુષણા મહાપર્વની ધર્મપ્રવૃત્તિ આ ત્રણ વસ્તુ કરવાના લક્ષ સાથે કરાવી જોઈએ. દરેકે દરેક ધર્મપ્રવૃત્તિની આરાધના વખતે રાગદ્વેષાદિને ધક્કો લગાડવાનું, અંતરમાં ધર્મના ભાવ જગાવવાનું, અને અંતરના ધર્મ-પરિણામના વિશ્વાસ ઉપર ધર્મનો ઉલ્લાસ વધતો રાખવાનું કરતાં રહેવું જોઈએ.

**પર્યુષણાની ઊજવણીમાં શું શું ? :-**

મહાપર્વની ઊજવણી આ રીતે કરવાની છે. ઊજવણીમાં રોજ સવાર-સાંજ પ્રતિક્રમણ,. વિશેષ જિનભક્તિ, વ્યાખ્યાનશ્રવણ, તપસ્યા, દાન, બ્રહ્મચર્ય, આરંભ-સમારંભત્યાગ વગેરે ઉપરાંત અમારિ-પ્રવર્તન, સાધર્મિક-વાત્સલ્ય, અઠ્ઠમ, ક્ષમાપના, તથા ચૈત્યપરિવારી એ પાંચ કર્તવ્ય બજાવવાનાં હોય છે. તો પહેલી વાત આ કે એ બધાં જ અનુષ્ઠાન અણીશુદ્ધ બરાબર આચરવા જોઈએ, પણ એમ નહિ કે, દા.ત. 'સવારનું પ્રતિક્રમણ ન કર્યું તો શું થઈ ગયું ?,' અથવા 'પ્રતિક્રમણમાં લોચા, બેધ્યાન કે દિલ શુષ્ક રહ્યું તો શો વાંધો ?' એટલા જ માટે કે ઊંઘવાના લોભમાં યા આળસમાં પ્રતિક્રમણ ગુમાવતાં પર્યુષણા જેવા મહાપર્વમાં ય કાયા પર રાગ ને આરામી પર રાગ પોષાય છે. ઉપરાંત મહાપર્વની સામે કાયા-આરામીને વધુ પ્રિય કરવાનું થાય છે. કેમકે ઉત્તમોત્તમ પર્વની આરાધના કરવાની તક મળી ત્યારે એ મૂકીને ઊંઘતા રહેવામાં કાયાની ઉપાસના કરવાનું બને છે. આમ કાયાની પરવા કરવા જતાં કાંક મહાપર્વની બેપરવાઈ ઊભી થાય છે. ત્યાં મન સાથે વિચારવા જેવું છે કે

'બાહ્ય કાયા-માયાની વધુ પડતી ગુલામી છતે મારા અંતરમાં ધર્મના પરિણામ કેટલા ઝગમગતા રહે ? ધર્મના પરિણામ રોજ નહિ પણ જો મહાપર્વમાં ય ઝગમગતા હોય તો છતે શક્તિ-સંયોગે આવું મામૂલી કષ્ટવાળું પ્રતિક્રમણનું ધર્મ-આચરણ ચૂકાય ? મારો આત્મા કેવો સત્ત્વહીન અને બુદ્ધિહીન કે આવા મહાપર્વમાં આટલું ચૂકે ?' **પ્રતિક્રમણ તરફ બેપરવા રહેવામાં કેટકેટલા દોષ ?**

જેવું પ્રતિક્રમણ માટે, એવું વિશેષ જિનભક્તિ વગેરે માટે પણ આ રીતે વિચારવા જેવું છે. એમાં વિશેષ જિનભક્તિ એટલે એમાં સમય બહુ કાઢવો એમ નહિ; કેમકે એથી સંપૂર્ણ વ્યાખ્યાન-શ્રવણ, જે આ પર્વમાં મહત્ત્વની વસ્તુ છે, એ ચૂકાય, એમાં મોડું થાય; પરંતુ 'વિશેષ' એટલે વિશેષ દ્રવ્ય ખરચીને જિનભક્તિ કરવાની. કદાચ રોજ પરભાર્યું સાધારણ-ખાતાનું દૂધ-ઘી-કેશર-ચંદન-અગરબત્તી લઈને પૂજા કરતા હતા, જો કે રોજ પણ પોતાનું દૂધ વગેરે લઈ જઈ ભક્તિ કરવી



જોઈએ, છતાં માનો કે પરભાર્યાથી ચલાવતા હતા, તો પણ મહાપર્વમાં તો પોતાનાં દ્રવ્ય લઈ જવાં જોઈએ, તે પણ સારાં કિંમતી. એ માટે મનને એમ થાય કે 'અહો ! આ પ્રભુના જ અનન્ય ઉપકારથી આ મહાપર્વ જેવી અલૌકિક વસ્તુ પામ્યો છું. તો એ ઉપકારના બદલામાં એ અસાધારણ ઉપકારીની ભક્તિ મારાં જ દ્રવ્યોથી અને તે પણ કિંમતી દ્રવ્યોથી કરવી જોઈએ. આટલું ય ન કરું તો મારા જેવો હરામી બીજો કોણ ? પ્રભુએ આપેલ મહાપર્વ ખપે છે, મંદિર-ઉપાશ્રય ખપે છે, એનાથી ઊભા થતાં અઢળક પુણ્ય ખપે છે, ને એમાં ખર્ચ કરવાનું નથી ખપતું ! મહાઉપકારી સામે ય કેવી સ્વાર્થરમત ! પૈસાનો કેવો ગોઝારો પ્રેમ ? એક ચાર દોસ્તદાર સાથે જરા હોટલમાં પેઠા અને રૂપિયા આઠ-દસ ચૂકવી દેતાં આવડે છે, પણ અહીં આખા વરસ દહાડાના મંદિર-ઉપાશ્રયના ખર્ચ ફાળાના રૂપિયા પાંચ પણ દેવામાં દિલ દુઃખે છે ! એનો અર્થ તો એ જ થયો ને કે 'પ્રભુએ-મંદિરે-ઉપાશ્રયે અમને શું આપ્યું છે, યા શું આપે છે, તે એની પાછળ અમે ફોગટનું મામૂલી ય આપીએ ?'

**મહાપર્વ આપનાર પ્રભુએ અને મહાપર્વની સાધના કરાવનારા મંદિર-ઉપાશ્રયે શું કશું આપ્યું નથી ?**

ત્યારે જો અઢળક આપનારા પ્રભુ-મંદિર-ઉપાશ્રયને કશું નહિ આપનારા તરીકે માનવા છે ને તેથી જ ગાંઠેથી સામાન્ય પણ છૂટતું નથી, તો વિશેષની ક્યાં વાત રહી ? તો પછી એ કૃતઘ્નતા નથી ? અવગણના નથી ? ત્યાં અંતરમાં ધર્મપરિણામ આવે ? રાગ-દ્વેષ ઓછા થાય ? લક્ષ્મી પરનો રાગ ઘટે ? એ તો સારું ખરચે તો લક્ષ્મી-રાગ ઘટતો આવે. અંતરમાં આટલા ય ધર્મપરિણામ નહિ, તો ધર્મઉલ્લાસ વધવાનું ક્યાં રહે ?

મહાપર્વ ઊજવતાં ધન વગેરેની આવી મૂર્ચ્છા એ મહાપર્વને ય આપણા માટે અસમર્થ બનાવી દે છે. માટે પ્રભુની વિશેષ ભક્તિ કરવી જોઈએ; જાતનાં કિંમતી દ્રવ્યો લઈ જઈ સુંદર ભક્તિ કરવી જોઈએ.

**પ્રભુ ભક્તિ કરતાં ધ્યાન આ રહે કે**

(૧) આપણો ધનરાગ ઓછો થાય, સાચા ઉપકારીનું અવમૂલ્યાંકન ઓછું થાય, હરામીવેડા ઓછા થાય, પાપની ઘૃણા થાય..., વગેરે વગેરે દોષ ઘટતા આવે;

(૨) અંતરમાં શુદ્ધ ધર્મપરિણામ પ્રગટે, વીતરાગ પ્રત્યેનો નક્કર ભક્તિભાવ પ્રગટે, તેમજ,

(૩) નવો નવો ધર્મઉલ્લાસ વધતો ચાલે.

**તપસ્યા 'ખા-ખા' પાપનાં વળતર માટે :-**

એમ, તપસ્યા પણ આ ત્રણ ઉદ્દેશ લક્ષમાં રાખીને કરવાની. તપમાં આનંદ રહે કે 'હાશ ! બાર મહિના ખા-ખાનું પાપ કર્યાનું કાંક વળતર વાળવા ઠીક મોકો મળ્યો. એ ભાવથી તપ કરાય. એથી તપમાં ઉલ્લાસ આવે, જોમ પ્રગટે, પૂરી શક્તિ ખરચીને તપસ્યા કરાય, ને એમાં પણ ઉલ્લાસ-ઉલ્લાસ રહ્યા કરે કે 'વાહ ! આજે

(૧) ભવમાં ભટકાવનારી આહારસંજ્ઞાને કચરવાનો ખરેખરો અવસર મળ્યો !

(૨) ભોજનના પાપઘરમાંથી છૂટી ભજનના પ્રભુઘરમાં વસવાની સુંદર તક મળી.

(૩) સારી મોટી તપસ્યાથી ભલે શરીર દુબળું પડ્યું પણ આત્માનું સત્ત્વ વિકસ્યું !'

મન મારીને પણ તપનું પચ્ચક્ખાણ લઈ લેવામાં અને તપ કરવામાં આત્માનું સત્ત્વ ખીલે છે. સત્ત્વ પ્રગટ્યું તેથી જ ખાવાનું હાજર છતાં અને મનને ગમતું છતાં એને લાત મારી. બાકી ખાવા મળ્યું ને ખાઈ લીધું એમાં શું સત્ત્વ ? ભૂલશો નહિ.

**મહાપર્વના દિવસોમાં તપની બેપરવાઈ કરી ખાવાનું કરવામાં તો સત્ત્વ હણાય છે.**

સત્ત્વ હણી નાખ્યા પછી બીજા ધર્મક્ષેત્રોમાં પણ એની બૂરી અસર પડે છે. ત્યાં સત્ત્વભરી પ્રવૃત્તિ નથી થતી. દા.ત. પર્વદિવસોમાં પણ તપની બેપરવાઈ કરી સત્ત્વ હણ્યે ગયા, પછી દાન ભક્તિ વગેરે બીજા ધર્મ થાય ખરા, કિન્તુ સત્ત્વભર્યા નહિ. દાન દેશે તે પોતાની ઘણી શક્તિ પહોંચતી હશે છતાં અલ્પ દાન દેશે. છતી શક્તિએ એમ વધુ દાન ન દીધું એમાં સત્ત્વહીનતા જ છે. દાનના આંકડા સામે જોવાનું નથી; પાસે લાખો હોય, કમાણી ય લાખ બે લાખની હોય છતાં મહાપર્વના દિવસોમાં આવતી ટીપમાં ૧૦૦-૨૦૦-૫૦૦ દે, બાર માસના સંઘના સાધારણ ખર્ચની ટીપમાં રૂા. ૧૦૦૦ લખાવે એ બીજા મધ્યમ માણસની દૃષ્ટિએ આંકડો મોટો ગણાય, પરંતુ એની પોતાની શક્તિના હિસાબે કેટલું દીધું ? ઘરખર્ચમાં મહિને રૂા. ૧૦ હજાર (એટલે બાર મહિને રૂા. ૧,૨૦,૦૦૦) ઊપડતા હોય, એની સામે આ શું દીધું ? **દાનના આંકડાની કિંમત નથી, પણ શક્તિના પ્રમાણમાં કેટલું દીધું એની કિંમત છે.**

**જો શક્તિ સારી રીતે છુપાવીને દીધું તો ત્યાં સત્ત્વ હણ્યું કહેવાય.**

પર્યુષણા-મહાપર્વ ઊજવવું છે ? તો સત્ત્વ ન હણાય એનો ખૂબ ખ્યાલ



રાખો. સત્ત્વ કોણ હણે છે ? મૂળ પાયામાં ધનનો રાગ, કાયાનો રાગ, ખાનપાનનો રાગ, એક યા બીજા પ્રકારનો કોઈ રાગ, ધર્મ સત્ત્વને હણે છે. મહાપર્વમાં ય જો આ રાગને થોડો ઘણો ય મારશો નહિ, ને ધર્મ સત્ત્વ પ્રગટાવશો નહિ, તો પછી બાર મહિનામાં એ રાગને મારવાનું અને સત્ત્વને ખીલવવાનું ક્યાં કરશો ? **રાગ ખખડધખ, અને સત્ત્વ મરેલું, ત્યાં અંતરમાં ધર્મપરિણામ શી રીતે જાગવાના ?** પછી મામૂલી ધર્મ કરવા પર ધર્મ-ઉલ્લાસ શી રીતે વધતો રહેવાનો ?

મહાપર્વની ઊજવણીમાં એક મહાન કાર્ય વ્યાખ્યાનો સાંભળવાનું છે. કેવી રીતે સાંભળવાના ? પહેલું તો વ્યાખ્યાન શરૂ થવા પહેલેથી આવીને તે ઠેઠ પૂરું થાય ત્યાં સુધી બેસીને સાંભળવાનાં. થોડા મોડા આવીએ તો ન ચાલે ? બસ, આ 'ચાલે'ની માન્યતા જ મનમાં એનું મૂલ્ય-મહત્ત્વ ઘટાડી નાખે છે, એને મામૂલી ચીજ ગણાવે છે. ત્યારે સારામાં સારી વ્યક્તિને મામૂલી તરીકે ગણીને એનું અવ્યવસ્થિત સ્વાગત કરો એમાં એ વ્યક્તિ આપણા પર શી રીતે ઓવારી જાય ? આપણી સાથે એ કેવા મેળમાં આવે ? ભલે ને એને ખવરાવ્યું પીવરાવ્યું, પણ સામો તો સમજે કે 'આ કુછ નહિ' એને અપમાન લાગે બસ, એમ 'વ્યાખ્યાને મોડા જઈએ તો ચાલે.' એ સૂત્ર બાંધ્યા પછી ભલે ને વ્યાખ્યાન અધૂરું સાંભળ્યું, પણ દિલમાં એનું ગજબનાક મહત્ત્વ ક્યાં છે ? દિલમાં તો પેલા 'ચાલે'થી એ મામૂલી લાગે છે; દિલમાં એનો એવો ઊછળતો આદર નથી. એવા આદર વિનાના દિલથી ભલેને પછી અધૂરેથી એ વ્યાખ્યાન સાંભળ્યું, છતાં વ્યાખ્યાન દિલમાં ચોંટી ન જાય, એની એવી અસર ન થાય.

ફરતારામ માણસ કશુંક જોવા અધૂરેથી પેઠો, એ બાકીનું જોવામાં એવો તલ્લીન ક્યાંથી બની શકે ? કે એટલી બધી આતુરતાથી જોવાનું શાનો કરે ? પહેલેથી જ જેણે 'સારામાં સારી ફિલમ પણ જોવા મોડા જઈએ તો ચાલે' એવું 'ચાલે' નક્કી કરી રાખ્યું હોય એ ભલે અધૂરેથી જોવા તો જાય, પણ એ જોવામાં એને એટલી બધી આતુરતા ક્યાંથી હોય ? નહિતર તો ખૂબ આતુરતા છતે પહેલેથી જ એ જાત નહિ ?

નિશાળે રોજ અધૂરેથી જઈ સાંભળનારો વિદ્યાર્થી શું એમાં તલ્લીન બની શકે ? શું એ સાંભળેલું મનમાં બરાબર ઊતારે ખરો ? ના, શિક્ષણ મનમાં બરાબર ઉતારવાની તાલાવેલી, તેમ નથી એ મળવા પર હરખ-હરખ, એમ નહિ કહેતા,-

**પ્ર.-** વરસો વરસ એનું એ સાંભળવાનું, એટલે એવી તાલાવેલી શી રીતે જાગે ?

**ઉ.-** આવું કહેતા નહિ, કેમકે દુનિયામાં એવી કેટલીય બાબત છે જે એની

એ જ કરવાની સાંભળવાની છતાં રસથી કરાય છે. કરવાની તાલાવેલી હોય છે. દા.ત. જુઓ, ખાવાનું રોજ, તે ય એનું એ રોટલી-દાળ-ભાત, છતાં ખાવાની રોજ તાલાવેલી. નોકરી કે વેપાર એના એ જ રોજ કરવાના છતાં હંમેશાં એની તાલાવેલી રહે છે. બિમારીમાં દવા એની એ જ રોજ લેવાની છતાં રોજ એ માટે તત્પરતા રહેતી હોય છે. પ્રિય સ્નેહીનાં એના એ પ્રેમના આલાપ રોજ સાંભળવા મન રહે છે. બજારના ભાવતાલ-સ્થિતિ એવી ને એવી રોજ સાંભળવાની તાલાવેલી રહે છે. બસ, એ રીતે પર્યુષણાનાં વ્યાખ્યાન જો મહાકલ્યાણરૂપ લાગે તો દરેક વરસે એ જ સાંભળવાની તાલાવેલી કેમ ન રહે ?

'જ્યાં સુધી આ વ્યાખ્યાનોને જીવનમાં અમલી નથી બનાવ્યા, ને રાગાદિ રોગ નાબૂદ નથી થયા, ત્યાં સુધી એ સાંભળવામાં જ મારું હિત છે, એ સાંભળ્યા જ કરવા જોઈએ, જેથી સાંભળેલાને અમલી કરવા જાગૃતિ રહે, પાવર મળે,'- આટલું મનમાં નક્કી કરી લેવાય તો પછી એ સાંભળવા કંટાળો નહિ આવે, ભારે તાલાવેલી રહેશે.

**પર્યુષણામાં શું શું સાંભળવાનું ? :-**

એટલું જુઓને કે પર્યુષણાના વ્યાખ્યાનોમાં પહેલા ત્રણ દિવસમાં દિનકૃત્યો, પર્વકૃત્યો, પર્યુષણાના પાંચ કર્તવ્યો તથા વરસના ૧૧ કર્તવ્યો, એ શું જીવનમાં સુંદર રૂપમાં ઊતરી ગયા છે ? ના, કદાચ હજી તો એ નામથી ય પૂરા યાદ પણ નહિ થઈ ગયા હોય; તો પછી વગર સાંભળ્યે અમલ શી રીતે થવાનો ? માટે એ વરસોવરસ સાંભળવાની જરૂર છે.

ત્યારે પર્યુષણામાં પછીના ચાર દિવસોમાં પ્રભુશ્રી મહાવીર પરમાત્માનું જીવન, શ્રી પાર્શ્વપ્રભુ, શ્રી નેમનાથસ્વામી, તથા શ્રી આદીશ્વર પ્રભુનું અને સ્થવિર પુરુષોનાં જીવન સાંભળવા મળે છે, એ પણ પૂરા અણીશુદ્ધ ક્યાં યાદ થઈ ગયા છે ? તો પછી જો એ આપણા જીવનમાં ઉન્નતિ માટે આદર્શરૂપે આલંબનરૂપે દૃષ્ટિ સામે રાખવા જરૂરી લાગે છે, તો શું એને વરસોવરસ સાંભળવાની તાલાવેલી ન રહે ? જીવન જીવવાના ઉત્તમ આદર્શ આપીને એ પરમ પુરુષ અને મહાપુરુષોનો આપણા પર પરમ ઉપકાર છે, તો ઉપકારીનાં જીવન વારંવાર સાંભળવાની તાલાવેલી ન રહે ? એ વિભૂતિઓ ગુણગણના ભંડાર છે, તો ગુણિયલનાં જીવન વારે વારે સાંભળવા દિલ ન હોય ? બાપે લાખો રૂપિયાનો વારસો આપ્યો હોય, તો એવા બાપનું જીવન મા પાસે વારંવાર સાંભળવાની કૃતજ્ઞ દીકરાને કેટલી બધી તાલાવેલી રહે છે ?

વાત આ છે કે 'આપણે રાગાદિ મહારોગ નિવારવા છે, અંતરમાં ધર્મના



પરિણામ જગાવવા-વધારવા છે, બહારમાં એ મુજબ ધર્મપ્રવૃત્તિ વધારતા રહેવું છે,'- આ ખરેખરું જીવન-કર્તવ્ય હૈયે નિશ્ચિત થઈ ગયું હોય, તો એ વિભૂતિઓનાં જીવનોને વરસોવરસ સાંભળવાની તાલાવેલી રહે. હા, રાગાદિ રોગ નિર્મૂળ નષ્ટ થઈ ગયા પછી એ તાલાવેલી નહિ રહે. પણ આજે તો ઊલટું વિષયરાગ વધી ગયો છે, તેથી જ ઇન્દ્રિયવિષયોનું રોજ સાંભળવાની તમન્ના એટલી બધી વધી ગઈ છે એટલે જ પર્યુષણા-વ્યાખ્યાન સાંભળવા કંટાળો આવે છે. તાલાવેલી નથી રહેતી.

છેલ્લા દિવસે એના એ જ બારસા સૂત્રને સાંભળવાની તાલાવેલી પણ એટલા માટે જ રહે કે એના અક્ષરો મંત્રાક્ષર જેવા છે; ને રાગાદિ ઝેર નાબૂદ નથી થયા ત્યાં સુધી એને સાંભળવાની જરૂર છે. સાપ-વીંછીનું ઝેર નથી ઊતર્યું હોતું ત્યાં સુધી માન્ત્રિકના મોંઢે એના એ જ મંત્રાક્ષરો વારંવાર સાંભળવાની તાલાવેલી રહે છે જ ને ? મનને એમ થાય કે 'આખું વરસ મારા કાન ઉપર મોહના શબ્દોના ઝેર વરસ્યા કર્યા છે, તો લાવ, આ પરમપવિત્ર પરમાત્મા વગેરેનાં જીવનને વર્ણવતા બારસાસૂત્રના અક્ષરમંત્રના અમૃત કાન પર આવવા દઉં, તો પેલાં ઝેર કાંક નાબૂદ થાય ? એનું વળતર વળે ? એ અક્ષરો કોના ? નવમા પૂર્વના એટલે કે ગણધર ભગવાનના, તેમજ એમાંથી ઉદ્ધરનાર શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુસ્વામીના શબ્દ. વરસમાં એક વાર આવા પવિત્ર અક્ષરો કાન પર પડે એવું અહોભાગ્ય ક્યાંથી ?

બસ, વાત આ કે જીવનમાં અનેક પ્રકારની પાપ પ્રવૃત્તિ કરાવનારા મૂળભૂત રાગાદિ દોષો નિવારવા માટે તથા અંતરમાં ધર્મ-પરિણામ જાગતા-વધતા કરવા સારુ, અને એની પોષક ધર્મપ્રવૃત્તિ કરી કરી ધર્મ-ઉલ્લાસ વધારતા રહેવા માટે પર્યુષણાની ઊજવણી છે, એ ખાસ ખ્યાલ રાખવાની છે. જેવી એ પ્રતિક્રમણ, જિનભક્તિ, તપસ્યા, વ્યાખ્યાન શ્રવણ વગેરે કરણી, તેવા પર્યુષણાનાં ખાસ પાંચ કર્તવ્ય અમારિ પ્રવર્તન વગેરે તથા વાર્ષિક ૧૧ કર્તવ્ય શ્રીસંઘપૂજા વગેરે, એનું આચરણ એની આરાધના પણ એ જ ખ્યાલ રાખીને કરવાની છે. એ દરેકમાં મૂળ ઉદ્દેશરૂપે દિલમાં જીવો પ્રત્યે ભરચક દયાભાવ, સાધર્મિક પ્રત્યે ઊછળતું હેત, આહારસંજ્ઞા પર સચોટ ઘૃણા, પાપો પર ભારે નફરત વગેરેને દિલમાં તરવરતા કરી દેવા જોઈએ, એવા કે પર્યુષણા પછી ય એ દિલમાં તરવર્યા કરે.

પ્રાંતે પર્યુષણાની ઊજવણી ખરેખર આત્મકલ્યાણને જગાવનારી બનાવો, જેથી મન વિષય-કષાયો અને અર્થકામથી નિવૃત્ત થતું આવે, શાંત થતું આવે, એ જ શુભેચ્છા.

———x———

## ધર્મનું માહાત્મ્ય. (પર્યુષણા પર્વ પ્રસંગે)

**''देवाः स्युर्वशवर्तिनश्च निधयश्चाष्टौ महासिद्धयो,**
**गेहस्थाः सुरधेनु-शाखिमणयो यस्य प्रभावान्नृणाम् ।**
**शिष्टाभीष्टफलप्रदाननिपुणः श्रीवीतरागोदितो,**
**भो भव्या भवपारदः प्रतिदिनं धर्मः समाराध्यताम् ॥''**

અનંત ઉપકારી અનંત ગુણનિધાન ત્રિલોકનાથ ભગવાન શ્રી તીર્થંકરદેવો જગતના જે જીવો સર્વ દિવસોએ ધર્મની આરાધના નથી કરી શકતા, તેમને પણ મહાકિંમતી માનવભવની સાર્થકતા થાય તે માટે પર્યુષણ પર્વની આરાધના કરવાનું ફરમાવે છે. મહાપર્વની આરાધનાનો શો મહિમા છે ? એ જ કે મહાપર્વના દિવસો જ એવા છે કે એમાં ધર્મારાધનાનો વિશેષ ઉલ્લાસ જાગે છે. **ધર્મ એ અપૂર્વ ચીજ છે.** તેનું ભાન જેને નહીં હોય તો તે પર્વની આરાધનામાં ઉજમાળ નહીં બને, કદાચ બનશે તો ગતાનુગતે પર્યુષણ આવ્યા, તો ઉપાસરે દેરાસરે જવું જોઈએ, ઉપવાસ ખેંચી કાઢવો જોઈએ, એમ સમજીને કરશે. રાબેતા મુજબ કરશે. આરાધના તો હૃદયમાં કોમળતા ઊભી કરવા અને રીઢ બનેલા મોહના સંસ્કારોને તોડવા માટે છે.

અહીં શાસ્ત્રકાર કહે છે પ્રથમમાં ધર્મ એ કેવી ચીજ છે ? देवाः स्युर्वशवर्तिनः, ધર્મનો એટલો બધો પ્રભાવ છે કે દેવો પણ વશ રહે છે. દેવો ધન આપે છે, દેવો કામ કરે છે, એટલું જ નહિ પણ વશવર્તી થાય છે. ધર્મસાધકોને દેવતાઓ આધીન થાય છે. આધીન એવો કે એ દેવતાને કોડ થાય છે કે શું સેવા કરું ? શી શી સેવા કરી નાખું ? ખૂબી એ છે કે જેમ દેવતાને સેવા કરવાના કોડ થાય તેમ ધર્મ-સાધકોને નિઃસ્પૃહતા આવે.

ઈન્દ્રે સીમંધર ભગવાનની પર્ષદામાં નરક-નિગોદનું વર્ણન સાંભળ્યું. અવધિજ્ઞાનથી જુએ છે કે નારકીના જીવોને કયા ત્રાસ છે. નિગોદની સ્થિતિ જાણે છે, સમજે છે, ભગવાનના મુખે સાંભળે છે, પણ નિગોદના જીવોની વેદનાને જોવાની તાકાત ઈન્દ્રના અવધિજ્ઞાનની નથી, પણ સીમંધર ભગવાન કહે છે ત્યારે જાણે આબેહૂબ દેખાય છે.

હવે ઈન્દ્ર પ્રશ્ન પૂછે છે કે આવું વર્ણન કરનાર ભરતક્ષેત્રમાં કોઈ છે ?



પ્રભુ કહે છે, 'હા, છે, આચાર્ય કાલિકસૂરિજી છે.' ઈન્દ્ર ત્યાંથી ઉઠી તપાસ કરવા અહીં આવ્યો. કાલિકસૂરિ મહારાજ વિચરી રહ્યા હતા ત્યાં ઈન્દ્ર ઈન્દ્રના રૂપમાં નહિ, પણ ગૃહસ્થ મનુષ્યના રૂપમાં આવીને વંદન કર્યું.

પૂછે છે, 'પ્રભુ ! આ સંભળાય છે કે નિગોદ જેવા જીવો છે, તો તેનું સ્વરૂપ ?'

આ તો કલ્યાણમૂર્તિ છે, મહાન ઉપકારને જીવનમંત્ર બનાવનાર છે. 'મહાનુભાવ !' કહીને ઉદ્દેશે છે. બધું વર્ણન વિસ્તારથી કર્યું. ઈન્દ્ર અચંબો પામે છે. સીમંધર ભગવાન પાસે સાંભળ્યું છે, તે પ્રમાણે જ અહીં સાંભળવા મળે છે. સર્વજ્ઞ ભગવાને કહ્યું હોય તે જ શાસ્ત્રમાં લખાય. જાણકાર તે જ કહે. ભલે કાલિકસૂરિજી મહારાજ ૧૪ પૂર્વધર નથી; પણ મહાવિદ્વાન છે, બહુશ્રુત છે. તેમની પાસેથી આ સાંભળવા મળ્યું એટલે ખૂબ આહ્લાદ થયો.

પછી હથેલી બતાવતાં પૂછે છે, 'મારું આયુષ્ય કેટલું છે ?'

આચાર્ય મહારાજ બહુશ્રુત છે, જેને તેને કહેવા ન લાગે. સામાની યોગ્યતા હોય, કહેવું યોગ્ય લાગે, તો જ કહે, પણ કેટલું કહેવું ? ૧૦૦ વર્ષનું ? ૨૦૦ વર્ષનું ?....એથીય બહુ મોટું લાગે છે, એટલે કહે છે.

'તું ભરતક્ષેત્રનો માનવી ન હોય ?'

ઈન્દ્ર કહે છે, 'ક્ષમા કરજો પ્રભુ ! દેવલોકનો ઈન્દ્ર છું. સીમંધર ભગવાન પાસે ગયો હતો. વાણી સાંભળી રોમાંચ ખડા થયા. ભગવાનને પૂછ્યું કે પ્રભુ ! આપના જેવું નિગોદનું વર્ણન ભરતક્ષેત્રમાં કોઈ કરી શકનાર ? પ્રભુએ અહીં બતાવ્યું એટલે આવ્યો.' ઈન્દ્ર જેવો પણ પ્રશંસા કરે છે; કહે છે, 'ફરમાવો શી સેવા કરું ?'

**ધર્માત્માઓને દેવતાઓ આધીન રહે છે. પણ એટલું જો જો કે ધર્મને જેમ આધીન વધારે બને છે,** તેમ એ ધર્માત્મા નિસ્પૃહી બને છે. ધરણેન્દ્રે જેમ આગ્રહ કર્યો રાવણને તેમ રાવણે નિસ્પૃહતા બતાવી. ધરણેન્દ્ર અષ્ટાપદજી પર રાવણની પ્રભુભક્તિ જોઈને ખૂબ ખુશ થયો.

ધરણેન્દ્ર રાવણને કહે છે, 'તમારી જિનેન્દ્રભક્તિ જોઈને મને ખૂબ આનંદ થયો !'

રાવણ કહે છે, 'જિનનો સેવક જિનની ભક્તિ થતી જોઈને જરૂર આનંદિત થાય.'

'પણ હું તમારી ભક્તિ ઉપર તમે માગો તે આપવા ઈચ્છું છું.'

'તમે એવું ઈચ્છો એમાં તમારી વડાઈ, હું જિનભક્તિના બદલામાં એવું કાંઈ ન ઈચ્છું એમાં મારી શોભા.'

રાવણે કાંઈ જ ન માગ્યું. **ધર્મ ચીજ એવી છે કે એની અંતરમાં ખરેખરી સ્પર્શના થવા માંડી, તેમ એ ધર્મના મૂલ્યાંકન એટલા ઊંચા કરે છે કે એની આગળ જગતના વિનશ્વર પદાર્થોને તુચ્છ લેખે છે, સુખાભાસ અને દુઃખભર્યા માને છે.**

ઈન્દ્ર કહે છે, 'સેવા ફરમાવો,' ત્યારે કાલિકસૂરિ મહારાજે કહ્યું : 'પ્રભુભક્તિ અને શાસનની સેવા કરો.' તમારા પૌષધ ઉપર શું ઈન્દ્ર આવે ? ને કદાચ આવે ને કહે કે '-હું ખૂશ થયો છું. શી સેવા કરું, ખાનગીમાં કહો.' તો શું કહો ?

**જો હૈયે કેવળ આરાધના સ્પર્શી હોય તો કહો કે- 'જે મારે જોઈએ છે તે તું કરી શકે તેમ નથી, અને જે તું કરી શકે, તે મારે જોઈતું નથી.'** સાત્ત્વિકતા હોય તો આ આવે. આપણને ભ્રમણા છે કે-મેં ધર્મ સિદ્ધ કર્યો છે. વધારે નહિ તો થોડો પણ સિદ્ધ કર્યો છે.' પરંતુ વસ્તુસ્થિતિ જુઓ કે થોડો નવકારશીનો ધર્મ પણ ખરેખર સિદ્ધ કર્યો હોય તો મગરૂબીથી કહી શકો કે- 'મારા ભગવાને કહ્યું છે કે આરાધના વિકસિત થતી થતી અંતિમ ફળ મોક્ષ લાવવાની જ છે, તો વચમાં સોદો સરખો કરવાની લપમાં ન પડ.' સોદો સરખો કરવાનું સમજો છો ને ? તેજીનો વેપારી ગભરાઈને વચમાં જ માલ વેચી દે એ સોદો સરખો કર્યો. પરંતુ જેમ એમાં પછી બહુ ટૂંકા લાભથી પતાવ્યું, તેમ અહીં પણ જે ધર્મના આગળ ઉપર અતિ મહાન લાભ મળનાર છે. એનું ફળ અહીં જ માગી લેવાથી બહુ તુચ્છ લાભમાં પતાવાય છે. કાલિકસૂરિજી મહારાજે બરાબર કહ્યું; નિસ્પૃહ રહ્યા ! ઈન્દ્ર વિચારે છે, 'તોબા ! આમને કેવી રીતે પહોંચાય ?' ગૃહસ્થ હોય તો રતનના ડાબડા મૂકે; પણ આ તો સાધુ છે, મુહપત્તીનો થોકડો મૂકે ? ના, એ ય એ ઈચ્છતા નથી. સમજે છે એ ય પરિગ્રહ છે; નજરે હશે તો મન બગાડશે કે- 'આ મેલી છે, બદલો કરી લો,' ઈત્યાદિ. ઈન્દ્રનું ચાલ્યું નહિ; પણ એ એક કામ કરી ગયો. ઉપાશ્રયનું બારણું જે એક બાજુ હતું તે ફેરવી નાખ્યું અને બીજી બાજુએ કર્યું. બારણાની જગ્યાએ ભીંત થઈ ગઈ, ને બારણું ઉપડી ગયું. લોકો સવારે જુએ છે; કહે છે, 'આચાર્ય ભગવાન દેવોના પણ પૂજ્ય છે' એમાં નવાઈ નહિ. ધર્મનો પ્રભાવ છે કે દેવતાઓ પગ ચૂમે છે ! સેવા કરવા ખડે પગે તૈયાર રહે છે !

કોઈ એક સાધુસમુદાયમાં એક બાલસાધુ હતા. તેમના પર દેવતા આકર્ષિત થયો. કેટલીકવાર ચમત્કાર બતાવી જાય, હવે બાળમુનિ એક દહાડો બીજા મુનિ સાથે ઝઘડી પડ્યા. રસાકસીમાં આવ્યા. બાળમુનિ સમજે છે કે- 'મારે દેવતાનું સાનિધ્ય છે. મારે શું વાંધો છે ?' પણ રસાકસી બરાબર ચાલી; દેવતા આવ્યો નહિ. સામાએ બે શબ્દો એવા કહ્યા કે પોતે વીલા બન્યા, ભોઠા પડ્યા ! મનને થયું કે- 'કેટલી ભૂલ કરી કે મેં કષાય કર્યો. મારે આ છાજે નહિ. મારું સાધુપણું



લાજ્યું; ધર્મ લાજ્યો.' તેટલામાં દેવતા આવ્યો.

'મત્થએણ વંદામિ ભગવન્.'

'અલ્યા ભાઈ ! અવસરે ગેરહાજર ! ને હવે વંદણા ?'

દેવ કહે છે, 'ગેરહાજર હું નહોતો, આપ ગેરહાજર હતા. જેનો હું દાસ છું તે તે વખતે નહોતા.' (કેમકે કષાયમાં હતા.)

સમજી ગયા. દેવતાઓ વશવર્તી બને, પણ ક્યારે ? ધર્માત્મા હોય તો. સાધુ મિચ્છા મિ દુક્કડં કહે છે.

દેવતાઓ બાલમુનિના ભગત બની જાય, એમની પ્રભાવના કરે અને મોટાની પ્રભાવના ન કરે, એ દેવતાનો અવિવેક નથી હોં. દેવે સતી મદનરેખાને પહેલી વંદણા કરી અને ચાર જ્ઞાનના ધણી મહર્ષિને પછી વંદન કર્યું. અવગણના થઈ ? ના, આ દેવતા થયો તેનું મૂળ આ સતી છે. એણે એ દેવ-પતિની અંતકાળે આખી દિશા ફેરવી નાખી. નરક તરફ ઘસડાઈ રહ્યો હતો, દોટ મૂકી રહ્યો હતો, તે વખતે સતીએ સાવધાન કર્યો, 'ખબરદાર ! શું કરી રહ્યા છો ? તમારા જેવા જગતમાં કેઈ કષાય કરતા રખડી ગયા; પત્તો નથી, નરકમાં સબડે છે ! તે રાહ તમારે લેવો છે ? અંતિમ આરાધના માટે તૈયાર થાઓ.' કર્મની ફિલસુફી સમજાવી; નવકાર મંત્ર, ચાર શરણ, ક્ષમાપના વગેરેની આરાધના કરાવી. એણે પણ મોટાભાઈ સાથે વિશેષ ક્ષમાપના કરી; માટે દેવતા થયો. ધર્મથી થતા આટલા બધા મહાન આત્મોપકારીની ઉપર દેવતા સતીને વંદન કરે અને એ કહે તે કરવા તૈયાર થાય એમાં શી નવાઈ ?

ધર્મ એ કલ્પવૃક્ષ છે, કામધેનુ છે, ચિંતામણિ છે. ધર્મ છે ત્યાં બધું છે. સાધક પુરુષોના મનોવાંછિતને પૂરવાને સમર્થ એવો ધર્મ કોણે આપ્યો છે ? વીતરાગ પરમાત્માએ આપેલો છે, તેનું ખૂબ આરાધન કરો. દુનિયાના સુખ, લક્ષ્મી, માન મરતબો, સ્વર્ગ અને મોક્ષના સુખ ધર્મથી મળે છે. અર્થ, કામ અને મોક્ષનું સંચાલન કરનાર ધર્મ છે. ધર્મથી અર્થ, ધર્મથી કામ, અને ધર્મથી મોક્ષ મળે છે. ધર્મ ડંકો છે. તેના રણકારથી સુખો દોડતા આવે છે.

ધર્મ માટે તો કહો છો, 'ધર્મ ? ઠીક' પણ એટલુ તો વિચારો કે દુનિયાદારીથી સુખ મળશે ? મોક્ષ મળશે ? કોઈ કાળે બન્યું નથી. કદાચ ૨૧ મી સદીમાં બનશે એમ ? દુનિયાદારીથી જ સુખ મળતા હોત, ને મનનું ધાર્યું થતું હોત તો પાછા કેમ પડો છો ? ઘણી ધારણા અને યત્ન કેમ ફળતા નથી ? રાત ને દિ' ગુલામી કરવા છતાં નિશ્ચિન્ત નથી છેવટે મૃત્યુ પર મહાચિંતા છે, મૃત્યુ આવશે તે નિશ્ચિત વાત. ૧૦૦ માં એક ટકો ઓછો નહિ છતાં કેમ ભાન ભૂલી જવાય છે ? જો

પરલોકમાં જવાનું જ છે, તો સદ્ગતિ માટે ધર્મ કરવો જ પડશે. ગમે તેવા ફક્કડલાલ થઈને બેઠા તેથી શું ? લાલ છો ને ? સહુ સહુના મનથી ફક્કડલાલ છે ! કપડાં ફાટેલા છે, પગમાં જોડા નથી, દૂધના બદલે કાળી ચાથી ચલાવવું પડે છે. છતાં ફક્કડલાલ ! કહે છે, 'જે રળીયે છીએ તે ખાઈએ છીએ. અમારે કોઈના બાપની પરવા નથી.' પણ મરણની પરવા ન કરી, તેથી તે અટકશે ખરું ? નહિ ? મૃત્યુ અટકશે ? પરલોકમાં જવાનું અટકશે ? દુર્ગતિ અટકશે ? ફાંફા છે. મરણ અવશ્ય છે, સદ્ગતિ ધર્મથી મળશે તે નક્કી છે.

ધર્મ નહિ કરવા દેનારા બે દોષ છે. સંયોગ મળવા છતાં, મનુષ્યભવમાં આવવા છતાં, વીતરાગનું શાસન હોવા છતાં ધર્મનો ઉત્સાહ કેમ નથી જાગતો ? નાડી જોવરાવવી છે ? હોસ્પિટલ તૈયાર છે, ડૉક્ટરો તૈયાર છે, લેટેસ્ટ દવાઓ છે ! છતાં આરોગ્ય કેમ નથી આવતું ? બ્લડટેસ્ટ ને યુરીનટેસ્ટ કરાવો, એક્સરે કરાવો; છતાં નિદાન કેમ નથી ? જૈનશાસનની હોસ્પિટલ તૈયાર છે. આચાર્ય મહારાજ જેવા હોશિયાર સર્જનો છે. સંવર-નિર્જરાની દવાઓ ભરપૂર છે. તો ચિકિત્સા ચાલુ કરી ? શું કામ કરે ? દરદ જ માનવું નથી. પછી દવા શી ને હોસ્પિટલ શી ? દરદીને પહોંચાય, દરદ માને તેને. દરદ જ ન માને અને બલાત્કારે દવા આપો તો આમ લે, ને આમ કાઢી નાખે. વ્યાખ્યાનમાં દવાઓ મળ્યા પછી એને પીઓ છો કે ગુમાવો છો ? નિદાન કરો, શું નડે છે ? કેમ ધર્મમાં ઉલ્લાસ નથી ? નજર સામે દેખાય છે કે આયુષ્ય વિજળીના ઝબૂકા સમાન છે; જલના બિંદુ કે પરપોટા સમાન છે. ધર્મને આધારે જીવન જીતવાનું છે, કહો ત્યારે તેનું નિદાન શું કાઢ્યું ? શોધ્યું તો હશે ને ? કહેવાના કે જૈનશાસનમાંથી મળ્યું છે કે 'મોહ નડે છે.' સો સવાલનો એક જવાબ, પણ એથી શું વળ્યું ? મોહ તો ૧૧ મે ગુણઠાણે નહિ નડે, ત્યાં સુધી તો નડશે જ, પછી શું કરશો ? હાથ જોડીને બેસી રહેશો ? આ કેવું નિદાન છે ? કેમ ખાતા નથી ? રોગ છે. શરીર કેમ ફિક્કું છે ? રોગ છે. રોગ સહુ જાણે છે. પણ ક્યો રોગ તે તો શોધવું પડે ને ? મોહ રોગ છે, એ સહુ જાણે છે. કેવા પ્રકારનો મોહ નડે છે તેની કંઈ તપાસ કરી કે નહિ ? માણસ બિમાર છે, ૨૫ ડૉક્ટરની કૉન્ફરન્સ બેસે, દરેકની ૧૫ રૂપિયાની ફી હોય, કેટલાનું આંધણ ? ૩૭૫નું. હવે એ ડૉક્ટરો કહે કે દરદીમાં રોગ છે પણ નિદાન નથી થતું. તે વખતે તમે બૂમ પાડીને કહો કે ડાયોગ્નિસીસ કરો. તો અહીં કહો ! 'એ વાતમાં સાહેબ ખબર નથી કે કયો મોહ છે ?' લ્યો ત્યારે હું કહું.

**રોગનું નિદાન : કયો મોહ નડે છે ? :-**

**લાખ રૂપિયાનો ધર્મ, નક્કી કરવા જેવો ધર્મ, છતાં ઉલ્લાસ એટલો માટે**



**નથી થતો કે એક સ્વોત્કર્ષ ને બીજી મૂર્ચ્છા નડે છે. જગતની વડાઈ અને પદાર્થોની મૂર્ચ્છા. બેથી જકડાયા ધર્મ નથી આદરતા. આ મોહ નડે છે.**

**જાતનો ઉત્કર્ષ યાને વડાઈ :-** "જો હું ધર્મ કરવા બેસું તો કેટલી બધી મુશીબત ? કુટુંબમાં બધા કહે, 'ભગત થયા ! લ્યો સામાયિક કરવા બેઠાં છે ! બધાને અપાસરે મૂકી આવો !' માટે રહેવા દો ધર્મ." કોણ નડે છે ? સ્વોત્કર્ષની ભાવના. લોકો કહે, 'ધર્મનું પૂછડું બન્યા,' એટલે ધર્મ પડતો મૂક્યો શાથી ? મોહાંધ કુટુંબ કે ધર્મ વિરોધી લોકની દૃષ્ટિએ હલકા નથી દેખાવું. કેટલાય માણસો આ સ્વોત્કર્ષના રોગ નીચે કલ્પવૃક્ષસમા માનવભવને એળે ગુમાવી રહ્યા છે. આ રોગનો થોડો પગપેસારો થયો કે પહોળો થયો જ છે ! દરેક ઠેકાણે એ જરા જરામાં નડે છે. શોધજો એને. સ્વોત્કર્ષ જડશે. એ એવો નડે છે કે તીર્થંકર પરમાત્મા આગળ ભલે ઈન્દ્રો નાચે, પણ અમારી સોસાયટીમાં એ એટીકેટ વિરુદ્ધ છે ! ત્યાં નાચીએ તો અમારું માન ઘવાય, ભલે મારવાડી લોક નાચે. સ્તવન ગાવાના, પૂજા ભણાવવાની પણ એમાં ઘેલા થવાનું નહિ. જમાના પ્રમાણે કરવાનું. શું નડે છે ? સ્વોત્કર્ષ. મનકલ્પિત માન્યતાઓ, ધોરણો, તે પણ સ્વોત્કર્ષ છે. પોતાનું શું થાય, એ વિચાર પણ સ્વોત્કર્ષ છે. પાંચ રૂપિયાનો લાભ લેવાનો મોકો આવ્યો છે, પણ મારે મારું સંભાળવું હોય તો લાંબા ન થવાય,' એમ સ્વોત્કર્ષ શિખવે છે. પણ જો છોકરાને ન્યુમોનિયા થયો હોય તો ? આજુબાજુ જોવું જોઈએ ને ? ચાર આનાના પડિકાવાળા પંતુજી વૈદ્યથી ચલાવાય ને ? ના. ત્યાં બધું પહોંચે છે. 'મારી ગણતરી, મારો ખ્યાલ, મારો હોદ્દો.-' આ નડે છે.

આ સ્વોત્કર્ષને તોડવા માટે ભગવાન તીર્થંકરોની અભિષેકપૂજા જોઈએ. ગમે તેવો શ્રાવક, ગરીબ પણ, ભગવાનની અભિષેકપૂજા કરી શકે, અને તે સ્વાભિમાન સામે રામબાણ દવા છે. અભિષેક એ મોટી પૂજા છે, પછી તિલકની પૂજા છે. કરોડો દેવતાઓ મેરુ પર્વત પર ભેગા થયા, તો અરિહંતની બધાએ કઈ પૂજા કરી ? અભિષેકની. અભિષેકપૂજા કરતાં એવો નમ્રભાવ જાગે છે કે એનાથી સ્વ-ઉત્કર્ષ, સ્વાભિમાન ઘટતું આવે છે. આજે જો કહીએ કે- 'ભાઈ ! પ્રભુપૂજામાં બધું હાથે કરવાનું છે. મોરપીંછીથી માંડીને ઠેઠ અંગરચના સુધી;' તો કહેશે, 'જેમ થતું હોય તેમ થાય.' એટલે ? પૂજારી બધું કરે. કારકુન જેમ દસ્તાવેજ તૈયાર કરે, પછી મેનેજર સાહેબ આવીને સહી કરી દે; તેમ પૂજારી બધું કરે. પછી શેઠસાહેબ આવીને તિલક કરી દે. અભિષેકપૂજા પહેલી રાખી. જન્મ્યા ત્યારે પ્રભુ અતિ નાના બાળ છે. એવા પણ એમને ઈન્દ્રોએ અભિષેક-પૂજા ઉત્કૃષ્ટ કોટિની કરવા માટે મોટા કળશ તૈયાર કર્યા. એમાંથી ધાર એવી પડે કે જાણે ધોધ વરસ્યો. વીરપ્રભુને

અભિષેક કરતાં ઈન્દ્રને એવી શંકા થઈ કે- 'પ્રભુ આ સહન કરી શકશે ?' તે વખતે પ્રભુ અવધિજ્ઞાનથી જાણી મેરુને અંગુઠો ચાંપે છે. મેરુ હાલી ઊઠે છે. ત્યારે ઈન્દ્રને ખ્યાલ આવ્યો કે- 'ભૂલ થઈ, આશાતના થઈ,' ત્યાં એ પ્રભુની ક્ષમા માગે છે, આત્માને રખડાવનાર પોતાનું અહંત્વ છે. તેને તોડવા અભિષેક-પૂજા છે. "પ્રભુ ! આપ ઊંચા, અમે નીચા ! આપ ઉત્તમ, અમે અધમાઅધમ !" બે હાથે કળશ કરવાનો, એક હાથે નહિ અભિષેક-પૂજા કોણ ન કરી શકે ? જો દૂધ નહીં તો પાણી મળે ને ? વિચાર જોઈએ, **'ત્રણ લોકના નાથને દેવોએ અને ઈન્દ્રોએ નવાજ્યા છે, તે તક મને મળી છે.** તેમનું સાંનિધ્ય પામ્યો.' એમ કરી પ્રભુ પર બે હાથે કળશનું ન્હવણ ઢાળે છે. કળશમાંથી ખળખળ...વહેતા વહેણની સાથે આત્મામાંથી અહંત્વના, ગર્વના, મદના કચરા બહાર વહી જાય છે. એવો અવસર હોય, એવો લહાવો લેવાનો હોય ત્યાં શેઠાઈ યાદ રહે તો ? પોઝિશનથી થાય તો ? અભિમાનના ઉકરડા એમજ પડ્યા રહે. દર્શનમાં પણ સળંગ હાડકું રહે તો ? માન, મદ ઊભા રહે, જાય નહિ. ત્યાંય ભાવપૂર્વક કેડમાંથી અડધા નમી પછી દર્શન કરવા ઘટે.

બીજો દોષ મૂર્ચ્છાનો છે. તેને તોડવા માટે જિનેન્દ્રદેવની પૂજા અને સત્કાર છે. શ્રાવકને દૈનિક છ કર્તવ્ય બજાવવાના છે. એમાં પહેલી જિનેન્દ્ર-પૂજા છે. એ સ્વોત્કર્ષ અને મૂર્ચ્છા, એ બે મૌલિક દોષ હટાવે છે. પૂજામાં હાર ને મુગટ પણ ઓછા છે. ઊંચામાં ઊંચી સત્કાર-પૂજા શા માટે ? મૂર્ચ્છાને તોડવા માટે. **'મને જે મળ્યું છે, તે મારું નથી, મારા નાથનું છે. નાથે ભક્તિ કરવા દેવા દ્વારા પુણ્યાનુબંધી પુણ્યકર્મ આગળ સિફારસ લગાડી આપી. નાથને ભજ્યા હતા તેથી જાણે એમણે પુણ્યને કહ્યું કે- 'આને આપી દે જે.' નાથની ઈન્ફલ્યુઅન્સ (વગ) લાગી, તો ઉત્તમ માનવભવ આદિ સામગ્રી મળી. 'માટે ક્યારે મારું પ્રભુના ચરણે જાય ?'** ધનાપોરવાડને સ્વપ્ન આવ્યું તેમાં નલિનીગુલ્મ વિમાન જોયું. નાથના પ્રભાવે સામગ્રી મળેલી છે. આજે મોકો આવ્યો છે. 'આ જગત પર આવા વિમાન જેવું મંદિર જોયું નથી.' સંપ્રતિ મહારાજ, વિક્રમાદિત્ય વગેરેએ બાકી નથી રાખ્યું. પૃથ્વીને ગગનચુંબી જિનમંદિરથી વિભૂષિત કરી છે. પણ આવું મંદિર નથી. સ્વપ્નમાં વિમાન જોઈને ધનાપોરવાડને એમ થયું કે- 'શું મારા નાથનું આવું મંદિર ન થાય ?' અલ્યા પણ એમાં કરોડોનું આંધણ થશે તો ? 'તો શું છે ? **મને જે મળ્યું છે તે મારું નથી, મારા નાથનું છે.**' આત્માને પ્રેરણા માટે આ સોનેરી વચન છે. સવારે ઉઠ્યો. એ જ લગની છે. કારીગરને બોલાવ્યા અને તેમની આગળ વર્ણન કરે છે, 'આવી જગતી, ભવ્ય કમાનો, આ પ્રકારના ઝરૂખા, થાંભલા, ગૂઢ મંડપો, બારસાખો,



રંગમંડપો...' કારીગરો ચીતરી બતાવે છે. પણ ધનો કહે છે, 'ના, બરાબર નથી ?' આજે ટેન્ડર્સ બહાર પડે છે ને ? એમ કારીગરોને ઓફર કરી છે. પણ કોણ એ વિમાન જેવા પ્લાન બનાવી શકે ? જોગાજોગ બીજા કોઈ કારીગરને પણ સ્વપ્ન આવેલું. તે આવે છે ને પ્લાન બતાવે છે. આબેહૂબ પેલા વિમાનની આકૃતિ જેવા મંદિરને ચીતરી બતાવ્યું.

શેઠ કહે છે, 'આવું મંદિર બનાવવાનું છે.'

કારીગર મનમાં વિચારે છે, 'શેઠ કંઈ સમજે છે ?' કહે છે, 'શેઠ સાહેબ, ! ખર્ચ સમજો છો ?'

શેઠ ઉત્તરમાં કહે છે, 'જુઓ ૧ હજાર નહિ, ૧ લાખ નહિ, ૧ કરોડ નહિ, ૧ અબજ રૂપિયા થાય તો પણ વાંધો નથી. **મારા નાથની મિલકત નાથને ચરણે આપું, એમાં સંકોચ નથી.**' તમારી મિલકત શી છે ? પૈસા-ટકા એ તો નાથની મિલકત છે, તમે તો એના ટ્રસ્ટી માત્ર છો. બાકી હા, તમારો આત્મા એ તમારી મિલકત છે. નાથના ચરણે એ આત્માને આપો તો તમારી મિલકત આપી ગણાય. **કરોડો રૂપિયા ઉછાળનાર શ્રાવક એક સાધુથી ઘણો નીચો કેમ ? એટલા માટે કે એ ધન જે આપે છે તે નાથનું છે. અને સાધુ જે આત્મા આપે છે તે પોતાની મિલકત છે.**

ધનાપોરવાડે મંદિર બંધાવવા માંડ્યું. રાણકપુરના દેરાસરનું કામ ધમધોકાર ચાલ્યું. ભોંયરાં કેટલા ? ૮૪ ! થાંભલા કેટલા ? ૧૪૪૪ ! ઘૂમટો, ઝોક-ઝરૂખા, તોરણો-કમાનો, મંડપો...વગેરે એવા તૈયાર થવા માંડ્યા કે જાણે ધનાની આંતરિક ભવ્ય ભાવનાઓ મૂર્તરૂપ લેવા માંડી ! જ્યારે બનાવ્યું હશે, તે વખતે કેઈ નવી વિશેષતાઓ હશે ! મેઘનાથ ઘુમ્મટ એવો કે નીચે અવાજ કરે તો મેઘની જેમ ગંભીર પ્રતિધ્વનિ નીકળે ! કળાવાળા સંગીતકારને મધુરા સાદ પુરાવે ! કેટલો ખર્ચ કર્યો ? ૯૯ કરોડ ! શાના પર ? એક જ લગની પર કે **લક્ષ્મી ઘણી વાર મળી ને મળશે; ભગવાન ફરી નહિ મળે ! જિનેન્દ્રભક્તિની ભાવના ફરી નહિ મળે ! ભગવાને દીધેલું મીંડાઓ ચઢી પાછું મળે છે... યાવત્ અનંત મોક્ષસુખ અપાવે છે !**



**કૃતજ્ઞતા અને ધર્મપાલન :-**

ભક્તિ કરીએ તેના બે લાભ, એક તો કૃતજ્ઞતા, અને બીજો ધર્મનું પાલન.

શ્રાવકનું પ્રથમ કર્તવ્ય જિનેન્દ્રભક્તિ છે. ભક્તિ ભોગ આપ્યા વિના નથી થઈ શકતી. એ ખૂબ ધ્યાનમાં રહે તો ભક્તિના પહેલા લાભમાં કૃતજ્ઞતા બજાવ્યાનો લાભ મળે. ભગવાન જિનેશ્વરદેવનો આપણા પર અપરંપાર ઉપકાર છે. એને ધ્યાનમાં રાખી, એ ઉપકારનો બદલો તો શે વાળી શકાય, પરંતુ યત્કિંચિત્ પણ યથાશક્તિ ભક્તિ કરી છૂટીએ તો આપણે કૃતજ્ઞ બન્યા ગણાઈએ. જગતમાં જેમ કૃતઘ્ન માણસો અધમાધમ છે, તેમ અ-કૃતજ્ઞ માણસો અધમ છે, દિલ વિનાના છે. સારા માણસ બનવું હોય તો કૃતજ્ઞ બનવું જ જોઈએ. માતા-પિતા પ્રત્યે કૃતજ્ઞ, વિદ્યાગુરુ પ્રત્યે કૃતજ્ઞ, શેઠ પ્રત્યે કૃતજ્ઞ, ઉપકારી પ્રત્યે કૃતજ્ઞ...ને એ બધા કરતાં અતિશય કૃતજ્ઞ ધર્મગુરુ અને દેવાધિદેવ જિનપતિ પ્રત્યે બનવું જ જોઈએ. એ બનવા માટે ભોગ આપવો જ પડે. રોજ સાંજે યાદ કરાય કે આજે જિનેન્દ્રદેવ પ્રત્યે કૃતજ્ઞતા શી શી અને કેટલી બજાવી ? એટલે આત્મા જાગતો રહે; રોજ ને રોજ અનેક પ્રકારે જિનભક્તિના લાભ ઉઠાવે; અને એના ઉપર પાછો અંશે કૃતજ્ઞતા જ બજાવ્યાનો સંતોષ અનુભવી શકે.

જિનેન્દ્રભક્તિથી બીજો મહાન લાભ એ કે એનાથી ધર્મસાધનાનો અદ્ભુત લાભ મળે છે, તેથી ઉચ્ચ માનવજીવનની મહાન સાર્થકતા થાય છે. અલબત એટલેથી સંતોષ નથી માનવાનો; કેમકે એટલેથી પૂરી સાર્થકતા નથી થતી; પરંતુ જિનભક્તિ એ બધી ઉચ્ચ સાધનાઓનું પહેલું પગથિયું છે. જેટલા પ્રમાણમાં જિનેન્દ્રદેવ ઉપર ઊછળતી પ્રીતિ, એટલા પ્રમાણમાં સાધનામાં વધુ જોમ આવવાનું. માટે તો સાધુદીક્ષા લીધા પછી પણ સમ્યગ્દર્શનને અધિકાધિક નિર્મળ કરવાના ખાસ ઉપાયોનાં વિધાન કર્યાં છે. એ સમ્યગ્દર્શનની નિર્મળતા જિનેશ્વરદેવ પ્રત્યે પ્રીતિની અધિકતાથી થાય છે, અને એ પ્રીતિની અધિકતા જિનભક્તિને ખૂબ ખૂબ વિકસાવવાથી બને છે. માટે જિનભક્તિ એ શ્રાવકના પ્રથમ કર્તવ્ય તરીકે અહીં બતાવ્યું.

**પાપ વાઘ જેવા ! ધર્મ બકરી જેવો ! :-**

ભવિષ્યમાં તેના ફળ દસગુણા, સો ગુણા, લાખ ગુણા... આવે છે. પોતાના દ્રવ્યથી કરેલ જિનપૂજા, જિનસત્કાર ભવિષ્ય સદ્ધર બનાવે છે. ફૂલ નહિ તો ફૂલની પાંખડી, જે મળે તે લઈ જાઓ નાથની સેવામાં. એમ થવું જોઈએ કે-'મારા પ્રભુને



ચરણે ઘર માટે લાવેલા એક શેર દૂધમાંથી નવટાંક પણ લઈ જાઉં. એ અનાદિની મેલી મૂર્ચ્છા ટાળશે.' ધર્મ કરવા આડે બે વસ્તુ નડે છે. એમાં જો ઉત્કર્ષ નથી નડતો, તો મૂર્ચ્છા નડે છે. લક્ષ્મી પર મૂર્ચ્છા, દુનિયાદારી પર મૂર્ચ્છા, શરીર પર મૂર્ચ્છા, એ નડે છે. એમાં અવસરે ભલે લાખ રૂપિયાનો ધર્મ કરશે પણ માનશે કે-'આપણે તો બધું સાચવવાનું હોય.' બધું એટલે ? પાપ અધ્યાહાર છે. પછી એમાં પાપ વાઘ જેવા બને, ને ધર્મ બકરી જેવો ! પાપમાં હોંશથી ખરચશે, ધર્મમાં રોઈને ! જગતની તેવી સ્થિતિ જોઈને અહીં ઉદયસોમસૂરિમહારાજ કહે છે, 'ભલા ! ભૂલ નહિ, અર્થ, કામ અને મોક્ષ સુધી અપાવી શકે તેવી તાકાત કોઈની માત્ર હોય તો કોની ?... ધર્મની. અવાજ ક્યાં નીકળે છે ? બોલો, 'ધર્મની.' ધર્મ કરવાનો હરખ ક્યાં છે ? પછી શી રીતે બોલે ? છતાં જાતે સર્ટિફિકેટ લઈ લેવું છે, અમે ધરમ કરીએ છીએ. જાતે પ્રમાણપત્ર ન લેતા. દરદી દવા ખાય છે સર્ટિફિકેટ લે ? ના, એ તો ડૉક્ટરને કહ્યા કરવાનો કે, 'હજુ બરાબર નથી, ખાંસી આવે છે...' કેવી ? ત્રણ કલાકે એક વાર ઠસકો આવે છે. છતાં ચોટ છે કે જડમૂળથી રોગ જવો જોઈએ. તેમ અહીં એવી ચોટ જોઈએ કે સો ટકાનો ધર્મ આવવો જોઈએ. ધર્મના મહાન મહિમાને શાસ્ત્રકાર મહર્ષિ કહે છે :-

જેવી રીતે દુનિયામાં જન્મીને માણસ ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સમજે નહિ, તો લોક તેના જીવનને પશુ-જીવન કહે છે. જેની પાસે ધર્મરૂપી ચાવી નથી, તે તિજોરીમાંથી કશું સુખ નહિ મેળવી શકે. ધર્મ પ્રતિદિન રાખવો જોઈએ. માત્ર પર્વની થોડી સાધના બસ થતી નથી. એટલે જ માત્ર પર્યુષણાના શ્રાવક ન બનો; રોજના શ્રાવક બનો; **રોજના ધર્મી બનો. ધર્મથી જ બધું મળ્યું છે; અને ભવિષ્યમાં પણ મળશે, તો ધર્મથી જ મળશે, એ ખૂબ યાદ રાખો.** ધર્મને રોજ સિંચો. સારો બગીચો ફળ આપે ઉમદા ફળો, તડબુચ, કેરીઓ વગેરેમાંનું, સીઝન આવ્યે કઈ કઈ જાતના ફળ આપે; પણ ક્યારે ? બગીચાને લીલોછમ રાખે તો.

**શેઠ અને માળી :-**

એક શેઠ હતા. એમણે એક નોકરને પોતાની વાડી સંભાળવા રાખ્યો; એને કહ્યું, 'પગાર સારો મળશે; પણ બગીચો બગાડીશ તો દંડ થશે. ડિપોઝિટ મૂક. જપ્તી કરવા ક્યાં જઉં ?' વાડી સોંપી. થોડો વખત ગયો, મહિનો બે મહિના થયા, શેઠને થયું કે-'લાવ, વાડી જોઈ આવું. કંઈ સૂચના કરવા જેવી હોય તો કરી આવું.' માલદાર વસ્તુની કાળજી જરૂર થાય છે. તમે જો સમજો તો **માનવભવ એ માલદાર વસ્તુ છે; તો એની કાળજી રાખો છો ને ?** હા કહોને, 'બાર મહિને પર્યુષણમાં એની સંભાળ લેવા અહીં આવીએ છીએ ને ?' **પણ એ ખબર છે કે**

**પોણા બાર (૧૧।।) મહિના એની કાળજી ન લેવાથી એ માનવભવની વાડી કેવી સુકાઈ જાય ? જ્ઞાનીઓ કહે છે કે એની તો રોજ કાળજી જોઈએ; રોજ ધર્મજળ સિંચવું જોઈએ.**

શેઠ ગયો, પણ જોતાં જ હબકી ગયો !

પૂછે છે, 'કેમ કેળ કરમાઈ રહી છે ? ફળના છોડવા સુકાઈ જવા આવ્યા છે ? અલ્યા આમ કેમ ?'

માળી કહે છે, 'સંભાળ તો કરું છું.'

'પણ પાણી-બાણી પાય છે કે નહિ ?'

'સાહેબ, પાણી તો બે વાર પાઉં છું.'

'જૂઠું બોલે છે ! પાણી પાય તો આ દશા હોય ?'

'નોકર કહે છે, 'સાચું કહું છું, પાણી રોજ પાઉં છું.'

'અલ્યા ! પાણી પાય છે ને વાડી સુકાઈ જાય છે ? લાવ ઝારી લાવ, જોઉં કેટલું પાય છે ?'

માળી ઝારી લાવ્યો અને જે છોડવા નીચા હતા ત્યાં એણે ઊભા ઊભા ફળ બેસવાની જગાએ પાણી નાખ્યું; ને જે ઊંચા ઝાડ હતા તેના ઉપર ચઢીને ફળ બેસવાની જગાએ પાણી પાય છે. શેઠથી આ જોયું જાય ? એવો ગુસ્સો આવ્યો કે માળીનો કાન પકડી કહે છે,

'અલ્યા ગમાર !... અહીં પાણી પાવાનું ?'

'પણ સાહેબ, ફળ અહીં પાકવાનાં છે, તે અહીં જ પાણી પવાય ને ?'

આ સાંભળી તમને આવા માળીને ગધેડા કહેવાનું મન થાય ને ?

પરંતુ શેઠ મગજ પર કાબૂવાળા હતા; સમજે છે, 'માળી અબૂજ છે એટલે ભૂલ થઈ છે.' એના ઉપર ગુસ્સો ન કર્યો. **સામાની અજ્ઞાનદશા સમજીએ તો દયા આવે, દ્વેષ ન થાય.** આ જ્યાં ને ત્યાં ચડભડાટ કરો છો તે સામાની અજ્ઞાનદશા નથી સમજતા માટે.

હવે શેઠ માળીને સમજાવે છે કે જો, પાણી તો મૂળમાં પાયું હોય તો જ બધે પહોંચે. ઉપર નાખેલું તો બીજાને તો નહિ પણ તેને પોતાને ય ન ટકે. અહીં શેઠ માળી તરફ હસે છે, તેમ તત્ત્વજ્ઞાની આપણી સામે હસે છે. **માનવ-જીવનમાં મહેનતનું પાણી ક્યાં પવાઈ રહ્યું છે, એ વિચારો.** તન-મન-ધનની શક્તિઓનું પાણી ક્યાં સિંચી રહ્યા છો ? સંસારમાં ? કેમ ? 'દુકાનમાં ફળ બેસશે, કાકા-કાકી, મામા, ફોઈ, માસીને બોલાવવામાં ફળ બેસશે, ચૂલા પર ફળ બેસશે, બધાને ત્યાં જઈએ-આવીએ, તો કોઈ ભાવ પૂછે. ખૂણામાં સામાયિક કરતાં કે



નવકારવાળી ગણતાં બેસીએ તો કોઈ ભાવ ન પૂછે, પૂજા-ભક્તિમાં શું માલ મળે ? શરીરને મસાલા ખવરાવીએ તો શરીર સારું રહે...' આવી આવી મૂર્ખ માન્યતાઓ ઘર કરી ગઈ છે, પણ ખબર નથી કે શરીરમાં માલ-મસાલા પૂરનારા કેઈ માણસો ટી.બી.ના દરદી બન્યા ! સંગ્રહણીના શિકાર થયા ! કેન્સરના ભોગ થયા ! ત્યારે પફ, પૉલિસ ને પાવડરથી શું રૂપાળા થવાય છે, કે ઊલટું કદરૂપા થવાય ? ને અસલ સૌંદર્ય માર્યું જાય ? પુણ્યશક્તિઓ આમાં નકામી વેડફાય છે એટલું જ નહિ, પણ તેથી વધીને પ્રભુ-ભક્તિ વગેરે ધર્મની અનેકાનેક સાધનાઓ ગુમાવાય છે ! આત્માની ચિંતા ગુમાવાય છે ! ઊલટું પાપના ભાર વધે છે ! ફળ બેસવાના સ્થાને પાણી પાઈને બેસી રહે અને મૂળને સુકાવી દે, માળી આવો તમને મળ્યો હોય તો તમે તો એને સીધોદોર કરો, કેમ ખરું ને ? પણ તમે ઘરમાં, બજારમાં, કાયા પર, કુટુંબ પર તન-મન-ધનના પાણી સિંચો, ને ધર્મને સુકાવી નાખો તો તમને કોણ સીધાદોર કરે ? કહેશો અમને આપ મહારાજ સાહેબ સીધા કરો. ના, અમારાથી વ્યક્તિગત કાંઈ ન કહેવાય. કોથળામાં પાંચશેરી કુટીએ એટલું જ. કોઈને સંબોધીને ન કહેવાય, નહિ તો 'જોયું ? મહારાજ શું બોલ્યા ?' કોન્ફરન્સ મળે ને વાતો કરે 'મહારાજ જમાનાને સમજતા નથી !... આમ ધર્મ કરાવાતા હશે ?... ઊધડા લઈ લો, ઊધડા, બળાત્કારથી ધર્મ ? ધર્મ તો સમજાવી, ફોસલાવીને કરાવવો જોઈએ.' શું ? સમજ્યાને આ બધું ? ધર્મ માટેના કાયદા જુદા અને વ્યવહાર ચલાવવાના કાયદા જુદા ! છોકરાને પરાણે નિશાળે મોકલાય; નવી પરણી આવેલીએ આખા ઘરનું પરાણે પણ સંભાળવું જોઈએ. પગાર લેવો હોય તો પરાણે ય નોકરી કરવી જોઈએ. આ બધો નિયમ ખરો, પણ ધર્મ માટે કેવળ અમારી મરજી પર છોડો, પરાણે કશું ન કરાવો.' કેમ વારૂ આમ ? કહો, **બીજા બધા વિના ચાલે, ધર્મ વિના ઘડી ય ન ચાલે, આ હૈયે વસ્યું નથી. 'બીજે બધે વાપરેલી તન-મન-ધનની શક્તિના પાણી એળે; ને દેવ-ગુરુ-ધર્મમાં વાપરેલી શક્તિ મહાસુખ-શાંતિના ફળ પેદા કરનારી.'** આ જચ્યું નથી. જો જચ્યું હોય તો એની ગરજ જાગે; અને ગરજ જાગ્યા પછી પરાણે ય ધર્મ મળે તો ય મહાન આનંદ અને ઉપકાર મનાય.

દોઢ ડંફાસ મારતા ને જાતની બુદ્ધિ બજાવતા મેતારજના જીવને ગુરુએ ચારિત્ર આપ્યું. એને થયું કે-'ચારિત્ર તો સુંદર પણ આમ પરાણે આપે એ બરાબર નહિ. જુઓને, હાડકાં ઉતાર્યા ને ભલે ચારિત્ર લાખ રૂપિયાનું આપ્યું, પણ એમ કાંઈ ઊધડા લેવાતા હશે ?' આ દુર્ભાવનાથી એ દુર્લભ બોધિ બન્યો ! પછી સમજાવવા દેવતા આવે તો પણ ધર્મ ન આવે; કેમકે ધર્મ સામે એક પ્રકારની

અવગણનાની ઘેલી વિચારણા કરી, તો ધર્મે જાણે ગાંઠવાળી ! કહે છે કે-'મારા પર તું અવગણના કરે છે ? ધર્મ પરાણે ન અપાય એ માટે સોનાની લગડીનું દૃષ્ટાંત ધરે છે ? સોનાનું દાન, પણ ધગધગતી ઊની લગડી હાથમાં ન અપાય; એમ કહે છે ? અલ્યા પણ માન કે કોઈ માણસ રૂા. ૫૦ હજારનો નેકલેસ પહેરીને નીકળે. સોનીની યા સાંધનારની કદાચ ભૂલ થઈ છે, તે હાર તૂટી રસ્તા પર પડ્યો. છતાં ભાઈ રોફમાં ચાલે છે ! હારને પાછળથી કોઈ ભાગ્યશાળીએ ઉપાડ્યો. દોડ્યો પેલાની પાછળ, ધપ્પો લગાવ્યો, કહ્યું, 'ગધેડા ! ખબર નથી પડતી ? હાર પડ્યો રસ્તામાં ?' ત્યાં શું ફરિયાદ થાય કે-"૫૦ હજારનો હાર આપો તો પણ કંઈ આવી રીતે અપાતો હશે ?" ના, એવું ન કહે. ત્યાં તમે હો તો કહો કે નહિ ? ના, ઉપરથી એમજ કહો ને કે-'ભાઈ ! દસ લાકડી મારીને ય આપ્યો હોત તો ય ખુશી થાત. દશ હજારનું ઈનામ આપત, તો ય ૪૦ હજાર તો બચત !' બસ, એ ભાન અહીં નથી કે ધર્મ કેટલી ઉત્તમ ચીજ છે, ને તે આપણને ઉપકારીએ કોઈ રીતે પમાડ્યો કે નહિ !...

## • મેતારજ •

મેતારજનો થોડો અધિકાર જુઓ. રાજપુત્ર અને પુરોહિત-પુત્ર બંને મહારાજ સાહેબની મશ્કરી કરતા હતા, દિલ્લગી ઉડાવતા હતા. એમાં પુરોહિત-પુત્ર હતો મેતારજનો જીવ. બંને એવા મશ્કરા કે સાધુ આવ્યા કે હેરાન કર્યા જ છે. સાધુઓએ જવાનું બંધ કર્યું, પણ તેના મોટા કાકા ગોચરી આવ્યા. ઉપરથી બોલાવ્યા, 'પધારો મહારાજ.' મહારાજ ઉપર ગયા ત્યારે કહે છે, 'નાચતાં આવડે છે ? નાચી બતાવો.' સાગરચંદ્ર મુનિએ ઝોળી મૂકીને કહ્યું, 'નાચવાનું એકલું હોય તો મજા ન આવે, સાથે તાલ-ટેકો જોઈએ તો જ સારી જોડી મળે.' પેલા કહે છે, 'બીજા મહારાજ ખેંચખેંચ કરતા હતા આ મહારાજ ઠીક,' કાકા મહારાજને ઓળખતા નથી જન્મ્યા પહેલા કદાચ ચારિત્ર લીધું હશે.

નાના ભાઈને ઉછેરી મોટો કરી રાજગાદીએ બેસાડી પછી ચારિત્ર લીધું. એ કોણે ? તે ચન્દ્રાવતંસક રાજાનો પુત્ર જે કે રાજાએ દીપકની જ્યોત બળે ત્યાં સુધી ધ્યાનની પ્રતિજ્ઞા પાળી સ્વર્ગ લીધું. કેમકે અજાણ દાસી તેલ પૂરતી ગઈ અને રાજાનું ધ્યાન લંબાતું ગયું. એમાં અસહ્ય પીડામાં કાળ કરી દેવ થયા. એમના આ મોટા પુત્ર તરત દીક્ષા લેવાના હતા. પરંતુ સાવકી માના આગ્રહથી એના પુત્રને મોટો કરી પછી ચારિત્ર લીધું. એ હવે ભાઈના પુત્રના હાથે સાધુની વિટંબણા થતી જોઈ અહીં આવ્યા; અને નાચવાનું શરતથી કબૂલ કરી નાચવા લાગ્યા. શરત એ



છે કે છોકરાઓનો તબલાનો ઠેકો બરાબર પગનો ઠેકો આવે તેમ આવવો જોઈએ.

છોકરા કહે, 'ઠેકો બરાબર આપશું.'

'બરાબર ન આપ્યો તો મારા જેવો ભૂંડો નહિ.'

પછી ગોળ ગોળ નાચવાનું શરૂ કર્યું. એક બે વાર ઠેકો ધાર્યો કરી, ત્રીજી વખતે જાણે હમણાં પગનો ઠેકો મૂકશે એવો ભાસ કરી ઠેકો અટકાવ્યો. છોકરે તબલાનો ઠેકો લગાવ્યો.

સાધુ ગુસ્સે થઈ કહે, 'આમ નચાવાય ? આ બરાબર ઠેકો છે ? મેં પહેલેથી કહ્યું છે સાધુને નચાવવા છે, તો ઠેકો બરાબર જોઈશે. આમ આવ.' એમ કરી એકને બે પગમાં ઘાલ્યો, ને બીજાને ઝાલી એના હાડકા સાંધામાંથી ઉતારી નાખ્યા. એમની પાસે કળા હતી. એવું જ બીજાને. પેલા રાડોરાડ પાડે ! મહારાજ ત્યાંથી ચાલી ગયા. રાણીઓ સમજે છે કે-'આ છોકરાઓએ સાધુને બહુ પજવ્યા લાગે છે, અને ખોટી રાડારાડ કરે છે, માટે વાઘ આવ્યો, વાઘ આવ્યાની જેમ કોઈએ થોડી વાર તો ગણકાર્યું જ નહિ ! પણ પછી બહુ રાડ સાંભળી આવ્યા. રાજા આવ્યો પેલા કહે છે,

'મરી જઈએ છીએ !'

'શું થયું ?'

'આ મહારાજ આવ્યા હતા એમણે આ કર્યું.'

રાજાને ઘણી ય ખબર હોય, કહ્યું પણ હોય કે આ તમારા અપલક્ષણે થયું પણ હમણાં તો ઉપાયની જરૂર હતી, તે મહારાજ ઊતર્યા હતા ત્યાં જઈ પહોંચ્યો. સાધુ-મહાત્માઓ કોઈ જ્ઞાનમાં છે, કોઈ ધ્યાનમાં છે, કોઈ કાઉસ્સગ્ગમાં છે.

મોટા મહારાજને વંદન કરીને રાજા પૂછે છે, 'કોઈ રાજમહેલમાં ગોચરી પધાર્યા હતા ?'

મોટા મહારાજે સાધુઓને પૂછ્યું, 'કોઈ રાજમહેલમાં ગોચરી ગયા હતા કે ?'

બધા કહે છે, 'અહીંથી કોઈ ગયું નથી.'

હવે ? કહ્યું, 'જુઓ બહાર વૃક્ષ નીચે એક મુનિ ધ્યાનમાં છે તેમને પૂછો.'

બહાર આવી કોને જુએ છે ? તેમને, કે જે મોટાભાઈ છે, પિતાના સ્થાને છે; પિતાનું મૃત્યુ થયેલું જોઈ જે મોટાભાઈ વૈરાગી થયા, બીજી સવારે દીક્ષા લેવા તૈયાર થયા. ત્યાં એમને મનમાં 'મારા વિના બારમું કોણ કરશે ને તેરમું કોણ કરશે ?' એવો સ્વોત્કર્ષ નડતો નહોતો; તેમ રાજ્ય-સંપત્તિની મૂર્ચ્છા નડતી નહોતી. બીજી સવારે ચારિત્ર લેવાનો નિર્ધાર જોઈ ઓરમાન મા આવી પગે લાગે છે;

કાલાવાલા કરે છે, કે-'આ તમારો ભાઈ નાનો છે. એને મોટો કરો. મંત્રી કે બીજા કોના ભરોસા કરાય ? તારા વગર કોણ સંભાળે ?'

**સંસારી પોતાની વાતમાં હોશિયાર !** સામાના આત્માનું જુએ જ શાનો ? રાણીને એ ક્યાં વિચારવું છે કે-'આ પતિનું અકસ્માત મૃત્યુ થઈ ગયું એમ પુત્રનું થઈ જાય તો ?' આત્માનું જોવામાં હોશિયાર હોય તો ગુરુમહારાજ. પણ એમનું ચાલે કેટલું ? ગમે તેટલો ઉપદેશ આપી એમણે ટટાર કર્યા હોય કે **'આવતી કાલની ખબર નથી, ધર્મભાવના ટકશે કે નહિ તેની ખબર નથી. પૂર્વના કેઈ મહાપુરુષો જુવાનીમાં સાધના કરનારા બન્યા છે; આ ઠગારા સંયોગો અને લંપટી કાયાની સામું ન જુઓ...' વગેરે ઘણું ય સમજાવીને તૈયાર કર્યા હોય** પણ ત્યાંથી પાછા સંસારીના હાથમાં જાઓ એટલે સારા રહો કે સરખા થઈ જાઓ ? સરખાસ્તો. કેમ ? કહો, સંસારી સંસારની વાતમાં હોશિયાર. રાણીએ મોટા સાવકા દીકરાને એટલો બધો આગ્રહ કર્યો કે એને રહી જવું પડ્યું.

પણ હવે એક વાર એવું બન્યું કે છોકરો જરા મોટો થયો છે ત્યાં એની માતાને વહેમ આવ્યો, કે-'આ ઓરમાન દીકરો ગાદી નહિ છોડે તો મારો દીકરો રખડશે !' માટે એને મારી નાખવાનો પેંતરો રચ્યો. ઝેરનો લાડુ બનાવી એની પાસે ખાસ મોકલે છે. જોગાજોગ નાનો ભાઈ ત્યાં પાસે જ બેઠો છે. એટલે આ પ્રેમથી પહેલાં એને ખવરાવે છે, પણ એ ખાઈને ક્યાં ઊભો રહે ? તરત ચક્કર આવ્યા ! મૂર્ચ્છા ખાઈ પડ્યો નીચે ! રાજા વહેમાયો, વૈદ બોલાવ્યા. વૈદે ઊલટી કરાવી ઝેર ઓકાવી નાખ્યું એમાં ઝેરનો પત્તો લાગ્યો. રાજા તરત માને બોલાવી તતડાવે છે, 'આ ધંધો ? શું મારે રાજ્યનો લોભ હતો ? ચારિત્ર વિના મર્યો હોત તો તમારું શું જાત ? જાત હું ભવની મુસાફરીએ ! બસ હવે હું ચારિત્ર લઈશ.' પછી તો મા પસ્તાણી; ઘણી ય ક્ષમા માગી રોકવાનો આગ્રહ કર્યો, પરંતુ આણે નાના ભાઈને રાજ્યગાદીએ બેસાડી ચારિત્ર લીધું.

એ છે આ મોટાભાઈ, પિતા જેવા ! એમની આગળ રાજા શું બોલી શકે ? પણ માંડ માંડ હિંમત કરી કહે છે, 'રાજમહેલમાં આપ પધાર્યા હતા ?'

'શું કહેવું છે ?'

'છોકરાં પોકેપોક મૂકી રડે છે...'

સાધુ કહે છે, 'ખરો છોકરાનો સગો ! સાધુનો સગો નહિ ! સાધુ અને શ્રાવક સંઘની રાડ સાંભળવા કાન નહોતા ? હવે છોકરાને તોફાન કર્યા પર પોક મૂકી તો દોડતો આવ્યો છે ? આ તારી લાયકી ? તને આ શિક્ષણ મેં આપ્યું હતું ? તારા રાજ્યમાં અને તે ય તારા મહેલમાં પવિત્ર સાધુની મશ્કરી ? શું મોઢું



લઈને આવ્યો છે ? તારા નંગોએ આજ સુધી સાધુની વિટંબના કરી તે તરફ જોવા કદી ઊભો ? છોકરા એટલે કામના અને સાધુ મફતિયા, એમ ? ક્ષણવારમાં વીજળીના ઝબુકાની માફક રાજ્યપાટ તો ક્યાંય ઊડી જશે ? અને સાધુના ત્રાસને ઉવેખવાનું પાપ લઈ દુર્ગતિઓમાં ભમવા ચાલ્યો જઈશ અને છોકરાઓને આ ઘોર પાપ કરવા દઈ વળી કઈ નરકમાં મોકલશે, એ જ્ઞાની જાણે.'

રાજાની એક અક્ષર બોલવાની જીગર નથી; માત્ર કરગરે છે, 'ભૂલ થઈ, ક્ષમા કરો.'

'ના, આપ કહો તેમ.'

'છોકરાઓને પૂછી આવ, હાડકા ઉતાર્યા તે ચઢાવી દેવાય; પરંતુ પછી તરત દીક્ષા લેવી પડશે; અને તો જ પાપ જશે !' રાજાથી કશું બોલી શકાય તેમ નથી, કેમકે આ ભાઈ સાધુએ પોતાના **આત્માનું ગુમાવીને ઉછેર્યો છે;** તેમ સમજ્યો છે કે છોકરાઓએ પાપને ધોવા પાકા ધર્મ-પુરુષાર્થમાં લાગી જવું જોઈએ.

**પાપ અને ધર્મ :-** ધર્મ એ ભાવી આત્મ-કલ્યાણ માટે તો જરૂરી છે જ; પરંતુ આ પણ એક મુદ્દો છે કે ધર્મ એ પુરાણાં પાપોને ધોવા માટે ય જરૂરી છે. માટે તો એમ સમજવું જોઈએ કે પાપો ખૂબ કર્યાં છે માટે ધર્મ ખૂબ કરવો જોઈએ; પાપો ભારે કર્યાં છે માટે ધર્મ ભારે કરવો જોઈએ; પાપો બહુ હોંશથી કર્યાં છે, તો ધર્મ પણ બહુ હોંશથી કરવો જોઈએ; પાપ કરવામાં તન-મન-ધનની શક્તિઓ બહુ ખર્ચી છે, તો ધર્મ સાધવામાં પણ શક્તિઓ બહુ ખરચવી જોઈએ.

**પાપના ફળની વાનગી :-** અહીં છોકરાઓનું ભારે પાપ ધોવરાવી નાખવા સાધુ ઇચ્છે છે; તેથી ચારિત્રની વાત કરે છે. સાધુની એક ક્ષણવારની નિંદા-અવગણના પણ ભયંકર પાપ બંધાવે છે ! તો આ તો કેટલી ય વારની ભારે વિટંબણા ! એનું કેટલું ખતરનાક પરિણામ આવે ? મહાઉપકારી સિવાય કોણ આનો વિચાર કરે ! રાજા જરા ય આનાકાની કરતો નથી. એ પણ સમજે છે કે પાપના વિપાક કારમા હોય છે, એવા ભયંકર વિપાક કે પરલોકમાં તો પછી, પણ કદાચ અહીં પણ વાનગી ચખાડી દે ! કાલસૌકરિક કસાઈને ૭મી નરકમાં જવા પૂર્વે અહીં જ અંતકાળે કારમી વેદના ઉઠી; જો કે તો ય એ સમજવા તૈયાર નહોતો-'આ મારાં પાપોનું ફળ,' છતાં હવે સમય પણ ક્યાં હતો ? એ તો જરા વહેલાં વાનગી જોવા મળે તો વળી કદાચ વિચાર આવે તો જુદી વાત.

## • નવી વહુ •

એક સુખી કુટુંબ છે. એમાં છોકરાની નવી વહુ આવી છે. અહીં જારનું દાન

દેવાય છે. વહુ ખુશી થાય છે કે વાહ ઘર તો સારું ધાર્મિક મળ્યું. પૂર્વની સંસ્કારી કન્યા પહેલું આ જોતી કે-'ઘરમાં ને પતિમાં ધર્મ છે ને ? એ ન હોય તો રૂપરંગ ને પૈસાને શું રોવાના.' હવે અહીં એની નજર પડી કે ખોરી જુવારનું દાન કેમ દેવાય છે ? દાનની કિંમત સમજાઈ છે, પણ એવું લાગે છે કે નકામા જેવું હોય તે ધર્મ ખાતે ઘાલો. મારી જેઠાણી છે, સાસુ બેઠી છે, જેઠ બેઠા છે, બધા બેઠા છે; તો આમ કેમ ચાલે ? ચલાવી ન લેવાય.

નાની વહુ આજકાલની આવેલી, છતાં સુધારો કરવા ધારે છે. વ્યક્તિ-સ્વાતંત્ર્ય અહીં અજમાવવાનું છે. સ્વતંત્રતા સિનેમા જોવામાં નહિ, જ્યાં ત્યાં ભટકવામાં નહિ, જુઆરું કરવામાં નહિ. ઘરમાં પાપકાર્યો ન જોઈએ. એણે ઘરમાં બધાને સેવાભાવથી, વિનયથી, મર્યાદાથી આવર્જી લીધા; એવા કે નોકર-ચાકર બધા એને પૂછે.

બધું કર્યા પછી રસોઈયાને કહ્યું, 'આજે ખોરી જુવારના લોટનો રોટલો કરજે, અને તે એકલા શેઠને માટે-સસરાજી માટે. આ રોટલો શેઠને પિરસજે.'

શેઠ બહારથી આવ્યા, ભૂખ લાગી હતી, તેથી કહ્યું, 'જલદી કર, પાટલો માંડ.'

'હાજી શેઠ.'

થાળી મંડાઈ, શેઠ બેઠા જમવા. ખોરી જારનો રોટલો પિરસાયો, પણ શેઠ એક કોળિયો ને બીજો ખાય છે ત્યાં થૂં...થૂં... કરે છે !

ગુસ્સામાં આવી પૂછે છે, 'આ કઈ જુવારનો ?'

રસોઈયાએ કહ્યું, 'ખોરી જુવારનો.'

'અલ્યા તે એ જુવારી તો દાન દેવા માટે છે કે પેટમાં ઘાલવા માટે ?'

'કેમ, શેઠિયાઓના ઘરમાં આ ભેદ ખરો ને ? શેઠને દિલ્હીના ચોખા, બાસમતીના, ને નોકરને જાડા. એમ સાધુને વહોરાવવાનું દૂધ જુદું અને શેઠને માટે કેસરિયા દૂધ જુદું. કહેવું પડશે કે આર્ય દેશની ઉચ્ચતર ભાવનાઓ ભાંગી પડવા માંડી છે ! શું મનુષ્ય એટલે જાણે અન્નનો કીડો ? જડનો ગુલામ ? વૈભવ-સંપત્તિને શું સમજતા હશે ? કાયમ બેસી રહેનારી ? લક્ષ્મીને સ્થિર માનનારો, સ્વાર્થનો અખંડ પૂજારી, આવા નાટકને ન ભજવે તો શું કરે ? શેઠ જે ખાય છે તે નોકરને આપે છે, નોકરને પોતાના પુત્ર જેવો રાખે છે, તે શેઠને માટે નોકર અવસર આવી પડ્યે પોતાનું માથું આપવા તૈયાર થાય છે. નહિતર તો જો કાંઈક વાંકું પડ્યું ને, કે કોક લાલચ બતાવનાર મળ્યો ને ? તો જઈને ઘરનો બધો ઇતિહાસ કહેશે !

'ખોરી જુવારનો રોટલો ?... કોણ પીરસી રહ્યો છે ?... ભાન નથી ?



હરામખોરને શું કરું ?... અલ્યા આ કરવાનું તને કોણે કહ્યું ?' સસરો ગરમા ગરમ થઈ ગયો છે.

રસોઈયાને વહુએ કહી રાખ્યું હતું કે તું ચિંતા ન કરીશ, મારું નામ દેજે. છતાં રસોઈયો પહેલાં તો ઉત્તરમાં ગોટાળા વાળતો ગયો; પણ શેઠે વધારે ગરમ થઈને પૂછ્યું એટલે કહ્યું, 'નાના ભાભી સાહેબે કહ્યું હતું.'

'બોલાવ તારા ભાભી સાહેબને.' શંકરનું ત્રીજું નેત્ર ફાટ્યું ! વહુ આવીને મર્યાદાથી ઊભી રહી.

વહુ જુએ છે કે-'શેઠ ગુસ્સામાં છે,' પણ પોતે સ્વસ્થ છે. કારણ કે શેઠની ઊંધી સમજ ફેરવવાની જ વાત છે. શેઠ સમજે છે કે, ધર્મ એટલે એક વેઠ ઉતારવાની વસ્તુ. એને ગમે તેમ પતાવવાનો, અને પછી હાશ માનવાની. શેઠ એકલા જ આવા છે ? ના, આપણા જ દેદાર જુઓને. સામાયિક, પ્રતિક્રમણ, તપસ્યા...બધામાં એ નથી જોવાતું કે કેટલો કેટલો લાભ પામતા ગયા; એ જોવાય છે કે હવે કેટલું બાકી રહ્યું ! એક નવકારવાળી ગણે, તો ય કેટલી બાકી રહી ૦।।। રહી, ૦।। રહી, ૦। રહી તે જુએ છે ! તેને ભાન નથી કે 'ખરી રીતે એ જો કે પા થઈ, અડધી થઈ, તો એટલો સારો લાભ તો કમાઈ ગયો ! બીજી મિનિટે શું થશે ? જીવતો રહ્યો કે ઊપડી ગયો, કોને ખબર છે ?' આ તો જાણે ગધેડાને માથેથી ભાર ઊતરતો જાય ને એ માને કે હાશ હવે ભાર અડધો રહ્યો, પા રહ્યો, એમ ઊંધી ગણતરીથી ધર્મ કરતાં કરતાં છૂટકારાનો દમ ખેંચે છે ! ચંદન જેવા ધર્મની સુગંધ લેવાની વાત તો બાજુએ રહી, જેટલો ધર્મ થતો ગયો એનો આનંદ અનુભવવાનું તો બાજુએ રહ્યું, પણ જાણે ભાર વહવાનું સમજી એને ઉતારવામાં હાશ અનુભવે છે. તપ શું, કે નવકારવાળી શું, એમાં જમણી બાજુથી ગણવામાં અર્થાત્ 'સારું થયું આટલો ધર્મ થયો, આટલો થયો' એમાં ધર્મની અનુમોદના એટલે પુણ્યનો લાભ ! અને ડાબી બાજુથી ગણવામાં હવે ઓછું ઓછું બાકી રહ્યાનો આનંદ હોવાથી પાપનો લાભ ! ધર્મ વેઠ રૂપ નહિ પણ મહાનિધાનરૂપ લાગે, તો આ ઊલટાનું સીધું થાય.

અહીં તો શેઠને મન ધર્મ એ વેઠ છે. નાની વહુને કહે છે, 'કેમ ? મગજ ગેપ થયું છે ? આ શું આરોગવા આપ્યું ? ભિખારવા છીએ અમે ?'

વહુએ હિંમતભેર કહી દીધું, 'ક્ષમા કરજો, આ તો મને જરાક થયું કે શેઠ સાહેબ દાન કરી રહ્યા છે, તે એમને પરભવમાં એનું પુણ્ય ભોગવવાનું મળશે. પરંતુ જે ભોગવવા મળશે એનો અભ્યાસ નહિ પાડે તો પછી ભારે પડશે; તેથી આમ કરાવ્યું છે. કેમકે જેવું દાન, તેવો લાભ મળે. ખોરા અનાજના દાનમાં પછી

જે મળે એ ખાવાનો અભ્યાસ અહીં પાડ્યો હોય તો ત્યાં ફાવે.'

શેઠ આ સાંભળી ડઘાઈ ગયા ! વાત સાચી છે કે બીજાને હૈયાહોળીનાં દાન કર્યા હોય તેને હૈયાહોળી મળે કે પરમ શાતા મળે ? બાજરો વાવીને બાસમતીના ચોખા લેવા છે ? બાવળ વાવીને આંબા લેવા છે ? નવી વહુએ શૂરાતન પ્રકટાવ્યું કહે છે, 'આ હું ક્યાં ભૂલી પડી ? આવા ઘરમાં ? આવા ઊંચા કુળમાં ધર્મ સાથે ઠગાઈ ?'...

શેઠ શાણો હતો; હાથ જોડે છે, કહે છે, 'તમે તો દેવી છો; મારી આંખ ઠીક ઉઘાડી ! ખોરી જુવાર લઈ જઈ ખાનારાના પેટમાં કેમ નહિ પીડે ? પણ મેં તો માન્યું હતું કે ગરજ હશે તો લઈ જશે. સાચી વાત છે કે જે દઈએ તેવું મળે. આજથી સમસ્ત ઘરનું સુકાન તમને સોંપું છું.' વહુને ચાવીઓ આપી. નોકરોને બધાને કહ્યું, 'ધ્યાન રાખજો, એમને પૂછીને બધું કરવાનું છે.'

વહુ ગભરાઈ જઈ કહે છે, 'ના, ના, મારામાં યોગ્યતા નહિ, મારું સ્થાન નહિ, ક્ષમા કરજો. ગધેડા પર અંબાડી ન શોભે...' બોલતાં રડી પડે છે; કેમકે એણે એ માટે કંઈ કર્યું નહોતું, તેમ આટલી મોટી જવાબદારી માટે પોતાની યોગ્યતા નથી દેખાતી; પણ શેઠે તો એને સોંપ્યું; અને એણે કુટુંબને ધર્મથી મઘમઘતું કર્યું.

સાધુની શરત આત્માના સીધા ઉપકાર માટે છે, મોહ-લાલસા માટે નહિ. છોકરાઓને સાધુની હીલનાના પાપમાંથી બચાવી લેવા હતા. નાનો ભાઈ રાજા આ સમજે છે; ઊઠીને છોકરો પાસે જાય છે, અને કહે છે, 'સાજા કરી આપે, પણ પછી સાધુ થવું પડશે. પાપ ધોવા હોય તો કાકા પાસે જાઓ.' બંને કબૂલ થાય છે. સાધુ મહારાજને બોલાવ્યા, એ પણ અંકે કરાવી લે છે, પાકો દસ્તાવેજ ને છેલ્લી સહી ! આ સાજા થાઓ એટલે આ (સાધુવેશ) લેવાનો છે. જાણો છો ને પાપ કેવાંક કર્યાં છે ?' છોકરાને તો આમે ય નક્કી કર્યે જ છૂટકો છે; જાણે છે કે-'આ તો કાકા છે હં.' એવો કાકો માથે હોય તો ફરાય ? ના. આ તો માથે ભય નથી એટલે લૂલી આમ વળી જાય છે, કેમ ? જૂઠ બોલતાં આંચકો નથી. અહીં તો સાધુ મહારાજે પાછાં હાડકાં ચઢાવી આપ્યાં કે બંને ઊભા થયા. ચારિત્ર-માર્ગે સંચર્યા. યોગ્યના હાથમાં યોગ્ય માર્ગે ચઢ્યા પછી શું પૂછવાનું ? જ્ઞાન-ધ્યાન-ચારિત્રના સુંદર અભ્યાસમાં લાગી ગયા ! મહાવ્રતોનાં પાલન ને પંચાચારની સાધનામાં દિલ ઊછળે છે ! ભારે તપસ્યા કરે છે ! જબરદસ્ત જ્ઞાનની સાધના, વિનયની સાધના, સમ્યગ્દર્શનની સાધના, બધું જોરદાર ! કેવું ? ત્રીજે ભવે મોક્ષ પમાડે એવું; કેઈ કર્મોની ભેખડો તોડી નાખે એવું ! એમ થયા વગર મેતારજ મોક્ષે જાય ?



**મેતારજની ભૂલ :-**

બંનેમાં એક પુરોહિત-પુત્ર છે, તે મેતારજ થનાર છે. એણે ચારિત્ર તો સુંદર માન્યું, પાળ્યું; પણ માત્ર બે ભૂલ કરી. એક, 'અહીં ન્હાવાનું નથી એટલું જરા ઓછું છે,' એમ મનને લાગ્યું. બીજું, 'ધર્મ ઘણો રૂડો રૂપાળો, પણ ભાઈ સાહેબ આવી રીતે પરાણે ન અપાય.' આવું મનને થયું. એકમાં નીચ ગોત્ર બાંધ્યું, બીજામાં ધર્મ દુર્લભ થયો. હવે કહો, ક્યાં જન્મવાનું ? ભંગણીના પેટમાં ! કેમકે પૂર્વે શરીર પર મૂર્ચ્છા કરી. એમ થયું કે 'ભલેને શરીરે પોતો ફેરવી દેવાનું હોય તો શો વાંધો ?' બ્રાહ્મણકુળમાંથી આવેલા એની વાસના કામ કરી રહી છે. એ જોવું ભૂલ્યા કે સાધુપણામાં તો સ્નાન શું પણ પોતો-બોતો ય નહિ. સાધુને તો મેલ એ આભૂષણ છે. સાધુ શરીરને સાફસૂફ રાખે, ઘસી ઘસીને સુંવાળું કરે તો કુશીલ ગણાય; અને અહીં ગમે તેટલી સાફ-સૂફી પણ પછી વિષ્ટાના કીડા થયે શું ચોપડવાનું ને શું ઘસવાનું ? વિષ્ટામાં જ રહેવાનું ! સાધુની એક ચર્યા ઉપર પણ દુગંછા કરી તો ભંગણીના પેટમાં જવાનું થયું. ધર્મ દુર્લભ બન્યો; ચરમશરીરી હોવા છતાં ચારિત્ર-ધર્મ જલદી નહિ મળે ! અહીંથી સ્વર્ગમાં ગયા પછી જ્ઞાની પાસેથી જાણવા મળ્યું કે ધર્મ મોંઘો થશે; ત્યારે મેતારજનો જીવ મિત્ર દેવને કહે છે, 'ગમે તે ભોગે...યાવત્ દંડો મારીને ય ચારિત્ર પમાડજે.'

દેવ કહે છે, 'જોઈશું.'

'ના, જોઈશું નહિ, કબૂલાત આપ.'

'સારું.'

કેમ કોલ લીધો ? જાણે છે કે મનુષ્ય-જીવન હોય ને ધર્મ ન હોય તો પછી ક્યાંય ફેંકાઈ જવું પડશે ! ફેંદાઈ જવું પડશે ! નથી ને નિગોદમાં પડ્યો તો કદાચ ત્યાં અનંતો કાળ જશે. કેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ શાસ્ત્રે કહી છે ! આયુષ્યસ્થિતિ નહિ, કાય-સ્થિતિ ! અંતર્મુહૂર્તે જન્મે ને મરે, તે એવી ને એવી કાયા ક્યાં સુધી ચલાવે ? અનંતી અવસર્પિણી ઉત્સર્પિણી ! મનુષ્ય જીવનમાં જે કાંઈ મળ્યું તેના પર મૂર્ચ્છા ધરી, ધર્મ માટે વિચાર્યું કે-એ તો બધા બહુ સુખીના કામ ! નિરાંતવાળાના કામ ! ધરમ શું રોટલા પુરી દે ?...' આવું આવું વિચારી ધર્મને અવગણ્યો. એનો અર્થ એ કે દુનિયાદારીમાં મસ્ત બની બેભાન થવું ગમે છે તો બેભાન માટે વેકન્ટ (ખાલી) જગા નિગોદમાં છે. મૂર્ચ્છિત થઈને રહો. આ બધા ભયથી મેતારજનો જીવ મિત્ર દેવતાને ખખડાવીને કરાર કરાવે છે. તો પેલો કહે છે, 'જરૂર પ્રતિબોધીશ.'

જો જો અહીં ધર્મની કેટલી બધી લગની છે કે આવતા જન્મમાં ચારિત્ર

મળવું જ જોઈએ એ માટેની પેરવી કરી રાખે છે ! છતાં ત્યાં ધર્મ ઝટ નથી લેવાના. કેમ ? ગુરુ પ્રત્યે મનમાં પણ સહેજ દુર્ભાવ ધર્યો, ગુરુની ઉપકાર-કરણી માટે એટલું જ વિચાર્યું કે-'આમ પરાણે ન કરાય.' તો મોહનીય કર્મ દઢ ઉપાર્જ્યું ! જૈનશાસનમાં ગુરુ તે ગુરુ; એમની અવગણના ખતરનાક !

દેવ ચ્યવીને ભંગણીના પેટમાં અવતર્યો. પણ જેમ આજે હૉસ્પિટલમાં ટ્રાન્સફર થવાનું સંભળાય છે ને ? કેમ ? ધોળી સ્ત્રીને કાળું છોકરું નથી ગમતું માટે, એવી રીતે જન્મ પામતાં જ ભંગણીનું બચ્ચું એક શેઠની પત્નીએ માગી લીધું. શેઠાણીને જીવતું છોકરું જન્મતું નહોતું, તે ગર્ભવતી ભંગણી સાથે અગાઉથી સોદો કરી રાખેલો. તે હવે આવી રીતે ફેરફાર કર્યો, અને જાહેર કર્યું કે શેઠાણીને જીવતું છોકરું જન્મ્યું છે. ઉત્સવ થયો; કેમકે હવે તો મોટા શેઠનો પુત્ર ! ઉંમરમાં આવતાં નગરશેઠિયાઓની આઠ કન્યા સાથે સગાઈ થઈ.

હવે મિત્ર દેવતા આવ્યો. આટલા વર્ષ કેમ વિલંબ થયો ? કારણ એ કે ત્યાં ગીત-નાટક વર્ષો ચાલે, 'આ મારી મા-કાકીને મળી આવું ને ઘરવાળીને મળી આવું,' એમ નીચે આવવા કદાચ તૈયાર પણ થાય ત્યાં દેવાંગના આડી ઊભી જ હોય, 'ખમ્મા મારા નાથને ! કેમ ચિંતામાં ?'

'આ જરા નીચે મળી આવું.'

'જાજો, પણ આ જરા ગીત-નૃત્ય જોઈને જાઓ' બસ, ત્યાં વીણાના મધુરા સૂર ! કોયલ કંઠના ઘંટડીશા રણકાર ! ગંધર્વ ગીત અને ગોરી ગોરી તરુણ દેવાંગનાની નાજુક દેહલતાના માદક અંગમરોડભર્યા નૃત્ય !...

દેવીઓ કહે છે, 'એક નાટક જોઈ લો.' પણ નવા દેવને ખબર ક્યાં છે કે નાટક શરૂ થયા પછી વરસો નીકળી જશે ! એમાં બીજું યાદ આવે ?... **'गयंपि कालं न जाणंति'** શાસ્ત્ર કહે છે, દેવતાને દેવતાઈ તાનમાનમાં કાળના કાળ વહી જાય તો ય ખબર પડતી નથી કે કેટલો કાળ ગયો. એટલા દેવલોકના સુખમાં લીન ! ને પછી નીચે જુએ તો પેઢીઓ નીકળી ગઈ હોય.

## • આષાઢાભૂતિ •

આ છે દેવતાઈ સ્થિતિ ! હવે એમાં જો વિચારીએ કે દેવ કેમ ન આવ્યો તો ભૂલા જ પડીએ ને ? આષાઢાભૂતિ આચાર્ય એમજ ભૂલા પડ્યા ! કાળ કરે એ મુનિને કહેતા જાય ! 'તું દેવલોકમાં જાય તો મને મળવા આવજે.' એકે કાળ કર્યો, બીજાએ કર્યો, ત્રીજાએ કર્યો... કોઈ ન આવ્યું. છેવટે એક બાળ મુનિને કહ્યું,

'ભાઈ ! જો તું ભૂલતો નહિ, મને જરૂર મળવા આવજે. પેલા તો બધા મોટા મુનિઓ, એટલો પ્રેમ ક્યાંથી હોય ? તને મારા પર બહુ પ્રેમ છે, તો તું ભૂલતો નહિ.'



પણ એ ય મળવા ન આવ્યો, એટલે મનને થયું કે-'શું એ લોકો દેવ થયા જ નહિ હોય ? થયા હોય તો કેમ ન આવે ? તો તો પછી ચારિત્ર છતાં જો દેવલોક નહિ, તો ચારિત્રમાં નકામા શું કૂચે મરવું ? અથવા દેવલોક જેવી વસ્તુ જ નહિ હોય. માટે આ ચારિત્રના કષ્ટ સહવા નકામા છે. ચાલ ઊઠ જીવ સંસારની સહેલ જ ભોગવ.' એમ કરીને ઊઠ્યા. સાધુવેશમાં જ એકલા નગર બહાર નીકળી ગયા.

વનના રસ્તે ચાલ્યા જાય છે, ત્યાં બાળસાધુ દેવ થયેલા તેણે જોયું તો 'અહો ! ગુરુ મહારાજ પતિત થઈ ગયા છે ! પરંતુ હવે એમજ સીધા દર્શન આપવાથી સ્થિર નહિ થાય. માટે હવે તો એ દેખાડું કે દેવતા કેમ આવતા નથી.'

એમ વિચારી આગળ દેવમાયાથી એક તંબૂ ઊભો કર્યો. અંદર દેવતાઈ નાટક ગોઠવ્યું; વાતાવરણમાં મધુરા ગીત ગાનના સૂર ફેલાવ્યા. મુનિ જ્યાં નજીક આવ્યા કે આ અલૌકિક નાદ સાંભળી મુગ્ધ થયા, અને આગળ આવીને તંબૂમાં ઊભા રહ્યા. મન બગડી ગયું હોવાથી હવે એમને અરેકારો તો હતો જ નહિ, તે એક ધ્યાનથી દર્શન અને શ્રવણ કરે છે. રસ એટલો બધો આવ્યો કે એ જોતાં જોતાં છ માસ નીકળી ગયા, છતાં ખબર ન પડી ! દેવે સંકેલી લીધું ત્યારે બહાર નીકળ્યા. **લંપટતા ચીજ જ એવી છે કે માન-મોભાનો ય વિચાર ન રહેવા દે; જાણે સામો ધક્કો મારી કાઢે ત્યારે ત્યાંથી ઊઠે !** આષાઢાભૂતિ બહાર નીકળી જુએ છે તો આખી ઋતુ ફરી ગઈ છે ! તેમ છતાં એ વિચાર નથી આવતો કે અહો એક મને અહીં આટલું જોવામાં બીજી શૂધબૂધ ન રહી, બીજું કંઈ યાદ ન આવ્યું તો દેવતાને એ અદ્ભુત દિવ્ય ગીત નૃત્ય વગેરેમાં શી રીતે બીજું કોઈ યાદ આવે ? અને ક્યાંથી એ ઝટ અહીં દર્શન દેવા આવે ?

અહીં એ પણ સમજવાનું છે કે **એવા દેવતાઈ સુખ પણ ધર્મના પ્રભાવે મળે છે; જો કે એ સુખ માગવાના નથી, કેમકે અંતે મીંડું છે, પરંતુ ધર્મના મહિમાની આ વાત છે. માટે જ કહેવાય છે કે જિનભક્તિ વગેરે શ્રાવકના છ કર્તવ્યમાં રોજ ઊજમાળ રહો.**

મેતારજ મોટો થવા હિસાબે કહો કે દેવતાઈ રંગરાગ કહો, ગમે તેમ પણ એની પાસે મિત્રદેવ હવે આવ્યો; મેતારજને જાગ્રત કરે છે, 'ઊઠો ભાઈ !'

'કોણ છો ?'

'તારો મિત્ર.'

'કોણ ?'

દેવ કહે છે, 'ભૂલી ગયો ? આપણે દેવલોકમાં સાથે હતા. તેં મારી પાસેથી કબૂલાત લીધેલી કે મને પ્રતિબોધ કરવા આવજે. તે આવ્યો છું. કેમ ભૂલી જાય છે ?'

મેતારજને સંભ્રમ થાય છે ! દેવ બધી વિગત કહે છે, પૂર્વ રૂપ દેખાડે છે; આને પૂર્વભવનું સ્મરણ યાને જાતિસ્મરણ જ્ઞાન થયું. બધું યાદ આવ્યું. દેવ કહે છે, 'ઊઠો ત્યારે.'

આને આશ્ચર્ય પણ થયું કે 'અહો હું દેવ હતો ?' ચારિત્રના રૂડા પ્રતાપે દેવ થયેલો એ પણ ખબર છે, છતાં ચારિત્ર ઉપર દિલ ઉલસતું નથી, કેમ વારું ? ગુરુ અને ચારિત્ર પ્રત્યે એક પ્રકારની અરુચિ ઊભી કરી હતી માટે. ધર્મના મૂલ્ય બહુ ઊંચા આંકો; દેવ-ગુરુના બહુ ઊંચા મૂલ્યાંકન કરો, કોઈ મહાન અખૂટ નિધાન, મહામંત્ર, યા સેવાકારી પ્રભાવક દેવ સમજો. જેથી એમના પ્રત્યે લેશમાત્ર અભાવ ન થાય.

મેતારજને પાપ નડે છે; એટલે દેવને કહે છે, 'જો મિત્ર ! વાત એમ છે કે પેલી આઠની સાથે સગાઈ કરી છે. માટે પરણીને જોઈશું.'

'અલ્યા પણ મેં તને ના કહી'તી કે રહેવા દે કબૂલ કરાવવું, પણ તેં ભારપૂર્વક નક્કી કરાવ્યું હતું. માટે હવે ઊઠ, દીક્ષા લેવી જ પડશે.'

કહો, દેવ ખેંચે એ બરાબર છે ? જો ના, તો તરવાનું શી રીતે ? જો હા, તો અમે તમને કોઈ ધર્મ માટે ખેંચ કરીએ, તો કેમ કહો છો 'મહારાજ ના સમજે, ને ખોટું ખેંચ-ખેંચ કરે છે ?' મનને એમ થાય છે ને કે અહીં તો ઘણા મહારાજ આવી ગયા; વરસો-વરસ અમે નવા નવા મહારાજના વ્યાખ્યાન સાંભળ્યા છે ! એટલે આ કાંઈ અમારે નવું સાંભળવાનું નથી. એ તો અમે છીએ તે છીએ. મહારાજે ખેંચવું ન જોઈએ, આવું આવું મનમાં થાય છે એનો અર્થ શું ? એજ ને કે જેમ કોઈ મેડહાઉસમાં વરસોવરસ નવા ડૉક્ટર આવે, અને ઉપચાર આપે પણ પેલા ગાંડા ગૌરવ લે કે 'અમે તો કેઈ ડૉક્ટર જોઈ નાખ્યા આ વળી કોઈ નવો ડૉક્ટર શાનો ફોગટ ખેંચ-ખેંચ કરે છે ?' એ ગાંડાને ક્યાં ખબર છે કે આ ડૉક્ટરને એમ થાય છે કે 'અરે ! આટઆટલા વરસો સારા સારા દાક્તરોએ ઉપચાર કર્યા છતાં આ લોકો હજી આવા ને આવા રહ્યા ? તો હવે હું જરા ખેંચ કરીને પણ એવા ઉપચાર કેમ ન આપું કે જેથી સુધારો થાય ?' બસ આ વાત છે કે કોઈ ધર્મની ખેંચ કરીને પણ આપણો કિંમતી માનવ જન્મ સફળ કરી આપતો હોય, આપણા ભવોભવ સુધારી આપતો હોય, આપણી દુર્ગતિ અટકાવીને સદ્ગતિના



રસ્તે ચઢાવી દેતો હોય, નરકાદિના ઘોર ત્રાસમાંથી બચાવી લેતો હોય, તો એવા આપણાં અહોભાગ્ય ક્યાંથી કે એમ પણ ધર્મ પામીએ ! તો હવે ધર્મરૂપી દવાના ડોઝ બરાબર લેવાના ને ? અને ગમે તે રીતે નિરોગી થવા મહેનત કરવાના ને ? હવે એમ નહિ કહો ને કે 'મહારાજ ખેંચે છે પણ એ તો સંસારની બહાર નીકળી ગયા, એમને અમારા સંસારની શી ખબર પડે ?' આવું કહેનારને પૂછવાનું મન થાય કે 'ભાઈ તું સંસારનો અનુભવી, તને તો સંસારની બરાબર ખબર છે ને ? કેવો છે સંસાર ? એમાં ફસાયા રહેવા જેવો ? બહુ સુખ-શાંતિથી ભરેલો ? મૃત્યુ અને ભવના ફેરા અટકાવે એવો ? જો ના, તો ભાગ્યવાન એટલું તો વિચાર કે આવો કારમો સંસાર શી રીતે છૂટવાનો ? એની સામે મન મજબૂત કરી ધર્મમાં કંઈ ને કંઈ આગળ વધીશ તો ને ? મહારાજ ભલે સંસારની બહાર નીકળી ગયા પણ સંસારની ભયાનકતા તારા કરતાં વધુ સમજે છે, અને ધર્મનો મીઠો સ્વાદ એમણે ચાખ્યો છે, માટે તને ધર્મ પમાડવા મથે છે.

દેવતાએ મેતારજને કહ્યું, 'આ પરણવા-બરણવાની લત રહેવા દે, અને ઊઠ ઊભો થા, લે ચારિત્ર.'

મેતારજ કહે છે, 'પણ આવી ગોરી ગોરી નમણી યુવતીઓ ! એને એક વાર જોયા વિના કેમ નીકળાય ? મનને શાંતિ શી રીતે વળે ? જોઈ લીધા પછી નિરાંત.'

દેવ ઉત્તર કરે છે, 'અરે ગાંડા ! આ તને ભૂત ક્યાંથી વળગ્યું ? શું તને અનુભવ નથી કે દેવલોકમાં તેં ઢગલાબંધ દેવીઓ જોઈ નાખી તો અહીં પાછી ભૂખ ઊભી ને ઊભી જ છે ! સમજ **કે વિષયની ભૂખ કારમી છે, એ ભોગવ્યેથી ન મીટે ભોગની તૃષ્ણા રાક્ષસી છે ! એમાં જો ફસ્યો ને, તો આખો ને આખો શેકાઈ જઈશ ! છતાં એ નહિ અટકે ! એ** તો એની લપ છોડ, તો ધીમે ધીમે એ ઘસારે પડી જશે. શું વધુ ને વધુ લાકડાં નાખવાથી અગ્નિ શાંત થયો જાણ્યો છે ? મોટ મોટી નદીઓ થોકબંધ પાણી સાથે વહી આવી, છતાં સમુદ્ર ભરાઈ ગયો, ઊભરાઈ ગયો દેખ્યો છે ? શું ખરજવાને બહુ ખણ-ખણ કરીને મીઠી ચળનો સ્વાદ તો માણ્યો પણ એમ ખરજવું મટ્યું જાણ્યું છે ? શા સારૂ નકામાં વલખાં મારે છે ? અમે તો કમનસીબ કે પક્ષાઘાતીની જેમ સંસારથી ભાગી છૂટવા અસમર્થ છીએ; પરંતુ તું માનવ એટલે સશક્ત તો શા સારુ એરૂ (સાપ)ના ઘર સમા સંસારમાં બેસી રહે છે ?....'

દેવે ઘણું કહ્યું, પરંતુ મેતારજે 'ધર્મ કેમ પરાણે આપ્યો' એવા ખોટા વિચારથી ગાઢ મોહનીય કર્મ બાંધ્યું છે તેથી અસર ન થઈ. ત્યારે દેવ ધમકી આપે છે !

'અલ્યા ! હું ના કહું છું ને તું પરણવા ધારે છે ? હું દેવ છું, ભૂલતો નહિ. જોઉં છું તું કેવોક પરણી લે છે.' ગુરુ અને ધર્મનો જરા પણ અભાવ કર્યાની વિટંબણા જુઓ કે પૂર્વે ચારિત્ર પાળી આવેલો છતાં અહીં વિષયની કારમી ભૂખ પીડી રહી છે તે દેવની ધમકીને પણ ગણકારતો નથી. આ વિચારવા જેવું છે કે ગુનો ગુરુ અને ધર્મની અવગણનાનો કર્યો, તો એટલી જ સજા હોય, પણ એને બદલે વિષયલંપટતા ક્યાંથી ફૂટી નીકળી ? પણ આના ખુલાસામાં એમ સમજો કે એ ગુનામાં બીજા કેઈ ગુના ગર્ભિત પડેલા છે ! વિષય-સામગ્રી, પૈસા-ટકા, રૂપાળી સારી પત્ની કોઈ પરાણે વળગાડે તો ત્યાં એમ નથી થતું કે આમ પરાણે વળગાડાય ? અને ધર્મમાં એવું થાય છે, એ સૂચવે છે કે ધર્મના મૂલ્ય ઓછા આંક્યા, ને વિષયના મૂલ્ય ઘણા આંક્યા, તેથી એ બે ગુનાની બે સજા મળે, એક વિષયની લંપટતા અને બીજી ધર્મની અરુચિ. ગળચટાપણું ધર્મનું ગયું, ને વિષયોનું આવીને ઊભું રહ્યું. આ વાત છે કે ધર્મનો ને ગુરુનો જો અભાવ-અનાદર કર્યો તો જાણે કર્મ કહે છે, 'હવે તું વિષયોનો લંપટ થા, અને વાસનાનો ગુલામ થા. ધર્મ તને ફરસવા ન દઉં' પછી એનું પરિણામ શું ? દીર્ઘ દુર્ગતિના પલ્લે જ પડી જવાનું ને ? બરાબર ધ્યાનમાં રાખજો ગુરુ અને ધર્મની અવગણનાનો સંબંધ ક્યાં ક્યાં લાગી જાય છે ! પછી હલકા ભવ એટલે માત્ર વિષય-લંપટતા નહિ, પણ ઘોર હિંસાદિ પાપો આહારાદિ સંજ્ઞાઓ અને ક્રોધાદિ દુર્ગુણોની બોલબાલા !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૬,અંક-૪૮,તા.૨૩-૮-૧૯૫૮**

મેતારજ ધિઠ્ઠો બનીને દેવતાના કોપ સામે લગ્નના વરઘોડે ચઢ્યો ! મોટ મોટા શેઠિયા આવ્યા છે. દેવતા ભંગણીના શરીરમાં પ્રવેશ કરી ભરબજારમાં આવે છે ! અને ભંગણી ઘોડે ચઢેલા મેતારજનો સીધો પગ પકડી ગાજે છે, 'મારા રોયા ! વાણિયાનું કુળ અભડાવ્યું ? મારા પેટના ! પરણ્યો, પરણ્યો ! ઊતર હેઠો.' ત્યાં લોકો સમજ્યા કે આ તો શેઠાણીને મરેલા છોકરા જન્મતા તા, તે આ ટ્રાન્સફર થયું લાગે છે ! આ સાંભળીને છોકરીવાળા ઘરે ચાલ્યા ગયા. લોક નિંદા કરતું વિખરાઈ ગયું ! મા-બાપ, મહાજન, વિલખા પડ્યા ! મેતારજભાઈ લમણે હાથ દઈને બેઠા ! શું કરે ? 'મારા બાપ રે' કરીને પોક મૂકે ? આટલું બનવા છતાં હજી વૈરાગ્ય નથી પ્રગટતો. નહિતર આ તો મોકો મળ્યો ગણાય. અહીં ધર્મ સાધનાનો રાધાવેધ સાધી લેવાનો છે. સમજુ શ્રાવકને એ ઘણું આવડે. નિશાન તાકવાનું છે. કેમકે પોકળ સંસાર ! સ્વાર્થિયો સંસાર ! સાચા જિન-રાજ ! સાચા



મુનિરાજ ! સાચો વીતરાગનો ધર્મ ! ત્યાં અવસર મળ્યો કે બરાબર એ દેવ-ગુરુ-ધર્મની સાધના કરી લેવાની.

દેવતા આવ્યો, મેતારજને કહે છે, 'કેમ બચ્ચાજી ! પરણી લીધું ? ક્યાં છે એ ઢબુડીઓ ? બતાવ તો ખરો ?'

મેતારજ કહે છે, 'અરે ભાઈ સાહેબ ! આવું તે કરાતું હશે ?'

'હા, તારો જ કરાર છે ભાઈ ! પ્રતિબોધ કરજે. જોયા ને સંસારના સંબંધીઓ ? બતાવ, બધા ક્યાં ગયા ? સમજી જા, **જીવનું કોઈ સગું નથી; બધા પાઘડીના સગા ! ભજકલદારંના સગા ! માટે તારા આત્માનું સાધી લે. ઊઠ, ઊભો થા; સદ્ગુરુ પાસે પહોંચાડી દઉં.'**

મેતારજ કહે છે, 'પણ આવી રીતે દીક્ષા લઉં તો લોકો શું કહે ? ધર્મ નિંદાય, લોકોમાં હું હટહટ થાઉં.'

અહીં દેવ કદાચ કહી દે કે-'ડહાપણ રહેવા દે, દૂર દેશમાં પહોંચાડું, ખબર પણ ન પડે.' તો ય મેતારજ ક્યાં માને એમ છે ? એને મૂળમાં હજી દીક્ષાની ભાવના જ નથી ને. પણ હવે જે આ જાતની નિંદા થઈ છે. તે હટાવી લગ્ન કરવા છે, માટે દેવતાનો જ ઉપયોગ કરવા ધારે છે. **છે ને મોહમૂઢતાના નાટક ? દેવ મળે તો ય અનંત આત્મહિતને બદલે ઘાતક મોહમાં એ સહાય કરે એવું મન થાય છે !** એટલે મેતારજ કહે છે, 'એમ તો નહિ, એક વાર લગ્ન કરાવી આપ.'

'અલ્યા ! મનની ચોરી રહેવા દે. તારી લંપટતા હું જાણું છું.'

'ના, ના લગ્ન પછી કહીશ તે કરીશ.'

'જોજે હું દેવતા છું હોં ! લે આ બકરી. એની લીંડીઓ તરીકે રત્ન નીકળશે. તે લઈ શ્રેણિકને ભેટ ધરજે. સમ્રાટ મગધ દેશનો માલિક, પણ તેના ભંડારમાં એવું એક રત્ન નહિ હોય !'

બસ, મેતારજ હવે ખુશ ખુશ ! એ રત્નોનો થાળ ભરીને રાજાને ભેટ આપવા જાય છે.

રાજા પૂછે છે, 'શું છે ?'

'નગરશેઠને ત્યાંથી ભેટ આવી છે. ભાઈ આવ્યા છે શેઠના કુંવર !'

રાજા પૂછે છે, 'આ રત્નો ક્યાંથી આવ્યા ?'

'મારી બકરી કાઢે છે.'

રાજા અચરિજ પામે છે ! અભયકુમારને કહે છે, 'અભય ! તપાસ કરો.'

તપાસ કરી તો એ જ વાત મળી, બકરી રત્નની લીંડીઓ કાઢે છે ! રાજા કહે છે, 'દેવનું સાંનિધ્ય લાગે છે. વધારે પારખું કરો.' પરીક્ષા આપી,-રાજગૃહીની

આસપાસ કિલ્લો એક રાતમાં તૈયાર થવો જોઈએ; એવી બીજી પરીક્ષાઓ. 'એ કરી શકો તો છોકરી પરણાવું.'

વિષયાંધ મેતારજને આઠ કન્યા તો ગલોફામાં હતી જ, ને આ નવમી આવી ! તે વળી રાજકન્યા ! વાસના કેટલી કૂદે ? દેવતાને યાદ કર્યો. દેવતા આવ્યો. તેને કહે છે, 'આ કરવું છે.' અહીં દેવને ક્યાં વાર છે ? બધું રાતના તૈયાર ! રાજાને ખાતરી થઈ ગઈ; તરત અભયને હુકમ કરે છે,

'જાઓ લગ્નની તૈયારી કરો.'

શેઠિયાઓ વિચાર કરવા લાગ્યા, 'શ્રેણિક પોતાની કુંવરી આપે છે; એ રાજાનો જમાઈ થશે. પછી તો જો આપણે કન્યા ન પરણાવીએ તો આપણા બાર જ વાગશે. માટે સાથે જ લગ્ન કરાવી દઈએ, પણ હવે મનાવવું શી રીતે ? આવ્યા મેતારજને ત્યાં. પગે પડે છે, કહે છે, 'ક્ષમા કરજો, અમે તમને ઓળખ્યા નહિ. આ પેલી ભંગડીએ ભરમાવ્યા ! હવે મન મોટું કરી અમારી વિનંતી સ્વીકારો, અને અમારી કન્યાઓ સાથે મહેરબાની કરી પાણિગ્રહણ કરો.' વાણિયાભાઈ છે ને ? બધી આવડત છે, પણ દુનિયાદારીના લહાવા લૂંટવા માટે ! દુન્યવી સ્વાર્થ પોષવા માટે ! ત્યાં નરમે ય થતા આવડે, ને ગરમે ય થતા આવડે, કેમ ? અવળાનું સવળું, ને સવળાનું અવળું, બધું ફેરવતાં આવડે ! આમે ય ઘટાવતાં આવડે ને બીજી રીતે ય ઘટાવતાં આવડે ! પણ એ બધુ દુનિયાના ખેલ ખેલવા માટે આવડે; ધર્મની કમાઈ માટે એ નથી આવડતું કે-'લાવો ભાઈ ! આ પ્રસંગને આત્મહિતમાં કેમ વાળીએ.' કેટલીય વાર હવાલો નાખવાની જ ખૂબી હોય છે; તો આશ્રવ એ અનાશ્રવ બની જાય. શાસ્ત્ર કહે છે, **'आसवा ते परिस्सवा ।'** પાપનાં કારણને ધર્મનાં કારણ બનાવી શકાય. દા.ત. ધન દુનિયાદારીમાં ખરચાય તો પાપનું કારણ બને છે, પરંતુ જિનમંદિરાદિ સાત ક્ષેત્રમાં ખરચે તો ધર્મનું કારણ બને. મેતારજ ચાલુ પ્રસંગમાં જો એમ લે કે-'આ નિંદા થઈ, તો સંસાર એવો જ છે, માટે છોડું એને, તો એ ધર્મનું કારણ બન્યું.' અસ્તુ.

મેતારજ દેવની સાથે ખેલ ખેલે છે. 'બસ, એક વાત છે, પરણવા દે' ભય નથી કે આ તો દેવતા છે; પરણીને જો સીધા ચારિત્ર લેવા નથી ચાલ્યા તો ઘેર આવીને ખબર લેશે કે-'ક્યાં ગઈ'તી અક્કલ પહેલાં ? હા...હા કરીને નક્કી કર્યું તો ઉઠો હવે.' લગ્ન થયાં; નવને પરણીને આવ્યા ઘેર. આવી પત્નીઓ મળવા બદલ હરખનો પાર નથી; મનને થાય છે, 'અહો ! આમનાં કેવાં ગોરાં ગોરાં બદન ! રૂપ-સૌંદર્ય માતા નથી ! ઊભરાઈ જાય છે ! બધા રૂડાં વાનાં થયાં !' હવે કેમ ? કેવા મનોરથો જાગે ? કહોને, અમને પૂછશો જ નહિ. એમાં કાંઈ બાકી



ન રાખીએ.

દેવતા આવ્યો, કહે છે, 'ઊઠ...' દેવતાનું માન્ય કે સાધુનું ? તમને ડંડો મારનાર સમજાવી શકે કે શાંતિથી કહેનાર ? અહીં તો દેવને ય સમજવું નથી; એટલું બધું ગાઢ પાપ બાંધીને આવ્યો છે.

મેતારજ દેવને કહે છે, 'તું તો ભલો છે ! વાત વહેવાર કાંઈ સમજે કે નહિ ? આ પરણી લાવ્યો એ બિચારીના કોડ કેવા હશે !' શું કરે છે ? સ્ત્રીઓના માથે ઢોળે છે કે એને ભોગ-વિલાસના કોડ હોય ! ભાઈ જાણે શાણી સીતા ! કોઈ લાલસા નથી ! એનું બિચારીનું શું ? આ સ્વ-ઉત્કર્ષ છે, અહંકાર છે કે-'હું જેને પરણી લાવ્યો તેનું શું થાય ? તેને મારે રંગરાગ પૂરા પાડવા જ જોઈએ.' એ નથી થતું કે શું થવાનું છે ? તું ધર્મ કર તો એ ય ધર્મ કરશે. પછી પૂછોને કે બધા બાવા બની જાય તો સંસારનું શું થાય ? પણ સમજો કે એમ બાવા બનવું સહેલું નથી હા, પત્નીને રંગરાગમાં સહાયકને બદલે ધર્મમાં સહાયક બનાવે, તો ભલે બાવા ન બને પણ ધર્મના સાચા સેવક બને. **આત્માનું લંપટપણું જાય, ગળિયાપણું દૂર થાય, ત્યારે માણસાઈ આવે.** પરણીને લાવ્યા હોય તેને ભારોભાર મોહના પ્યાલા, વિષયવાસનાના પ્યાલા પાયા વગર સંયમના, વૈરાગ્યના અમૃત-ઘુંટડા પાવાના. કહી દેવાનું કે-'વીતરાગનો ધર્મ સાધવા માટે જોડાયા છીએ,' પણ આ કોની હિંમત ? 'હેં બા ! હેં બા !' કહેનારની ? કે 'તમે તો અમારો આધાર' કહેનારની ?

મેતારજ સમજી જાય છે કે દેવ આગળ બાયડીઓનું બહાનું નકામું છે, એટલે પોતાના માટે કરગરે છે, 'થોડો સ્વાદ લેવા દે.'

'કેટલો ?'

'૧૨ વરસ.'

દેવતા કહે છે, 'તે આસ્વાદ માટે તેં નિંદા ટાળી આપવાનું માગ્યું હતું ? ઠગબાજી કરે છે ? જરા વિચાર તો કર કાલનો વિશ્વાસ નથી. ધર્મ ક્યારે કરીશ ? ભૂલતો ના, આયુષ્યનો ભરોસો નથી. હું તને કરાર મુજબ સંસારમાં નહિ પડવા દઉં.'

મેતારજ કરગરે છે. કોણ કરગરાવે છે ? વિષયની વાસના, ધર્મવાસના હોય તો જીવ જંગે-બહાદુર બની જાય માટે ધર્મવાસના જ્યાંથી વધે ત્યાંથી વધારો. દેવે બલાત્કાર કરવો છોડી દીધો, કહ્યું, 'બાર વરસ પછી આવીશ.'

હવે અહીં ૧૨ વર્ષની ગણતરી ગણાય છે. ૧૧ રહ્યા, ૧૦ રહ્યા, ૯ રહ્યા, હવે ૧ વર્ષ બાકી રહ્યું... અરે ! હવે તો આવતી કાલે જ સમય પૂરો થાય છે.

પણ હજી સંસાર છોડવો નથી, તે મેતારજ બધી સ્ત્રીઓને બોલાવે છે; કહે છે. 'જુઓ, મેં આવી રીતે કરાર કર્યો છે. હવે કાલે મુદત પૂરી થાય છે. તો મારે તો જવાનું છે. પરંતુ હવે તમારા હાથમાં છે તો રોકજો.' હજી પણ મેતારજને એમ નથી થતું કે 'હવે તો લહાવા લૂંટી લીધા, તો દીક્ષા લઉં.' ના હજી તે વિષયો ગમે છે ! અરેકારો નથી ! પશ્ચાત્તાપ નથી ! શેનું ફળ આ ? 'ધર્મ રૂડો, પણ આમ અપાતો હશે ?' એટલો જ અણગમો કર્યો હતો એનું. ત્યારે એની સાથેના રાજપુત્રને લાગ્યું હતું કે 'વાહ કેવો સરસ ધર્મ મળ્યો ! કેવો અનંત ઉપકાર ! ગુરુમહારાજે કર્યો ! એ જ દાવના અમે હતા તે ધર્મ અમને એમ આપ્યો, અમે સીધો કંઈ ધર્મ લેત નહીં. ગુરુમહારાજનું કલ્યાણ થજો કે સાધુને રંજાડ્યાનાં અમારાં ઘોર પાપથી છોડાવવા અમારા પર દયા કરી...' આવી સીધી વિચારણા કરવા ખમીર જોઈએ છે. મેતારજના જીવમાં એ નહોતું તે ચારિત્ર પાળવા છતાં રીસના, રોષના ફંદામાં ફસાયા. પરિણામે અહીં વળગી વિષય-લંપટતા ! તે હવે ડરે છે, 'દેવ આવીને કહેશે, ઉઠો, હવે બીજું કંઈ કહેવાનું નથી; તો મારે શું કરવું ?' રસ્તો શોધી કાઢ્યો. જો જો લોખંડી દેવતા સામે ટક્કર ઝીલે છે ! નવે ય સ્ત્રીઓને તૈયાર કરી, 'જુઓ, હવે મારાથી નહિ બોલાય. તમે તમારા માટે કરગરીને બાર વરસ માગી લેજો.' કોના માટે ? સ્ત્રીઓના માટે ? ખરી રીતે પોતાના માટે છે, પણ વાસનાની ગુલામીને ઢાંકવી છે. ધ્યાન રાખજો, **આવી રાંકડા બનાવનારી વાસનામાંથી બચાવનાર એક માત્ર ધર્મ જ છે. ધર્મ જ તારણહાર છે.** વાસના તો એના પોષક સંયોગો, ને એની પોષક ચેષ્ટાઓથી પુષ્ટ રહેતી આવી છે. એ તો જ મોળી પડે, તો જ મંદ બને કે જો એવા સંયોગો અને ચેષ્ટાઓથી વિપરિત સંયોગો ને ક્રિયાઓનો અભ્યાસ રખાય. એનું જ નામ ધર્મ છે. મોહના પાત્ર સમી પત્ની આદિના સંયોગોને બદલે વીતરાગ પરમાત્મા અને વૈરાગ્ય નીતરતા ગુરુના સંયોગ વધુ સેવાય, તેમજ મોહમય વાણી-વિચાર-વર્તાવ ને બદલે જિનભક્તિ, જિનવાણી-શ્રવણ, દાનાદિક અને સામાયિકાદિક ક્રિયાઓમાં રચ્યા રહેવાય તો વાસના અને વિકારો નરમ પડતા આવે. એ થાય તો જ આત્મા સલામત બની શકે.

**ધર્મનો શો ઉપયોગ :-**

નવયુગનો માનવ પૂછે છે, **'ધર્મનો જીવનમાં શો ઉપયોગ ?' એનો ઉત્તર એ છે કે 'માણસ સુખ ઝંખે છે, શાંતિ ઇચ્છે છે. આબાદી અભિલષે છે. પરન્તુ તે, અનુભવથી જણાશે કે, વાસના અને વિકારોના નિયંત્રણથી જ હાંસલ થઈ શકશે; અને એ નિયંત્રણ ધર્મ જ કરી આપે છે. ધર્મનો એ ઉમદા ઉપયોગ છે.'**

**સ્ત્રીઓ પાસે દેવને મનાવવું :-** મેતારજે સ્ત્રીઓને તૈયાર કરી છે; એટલે



હવે દેવ આવીને જ્યાં કહે છે, 'ચાલો, ઉઠો, તૈયાર જ છો ને ?' ત્યાં મેતારજ મૌન રહે છે; પણ સ્ત્રીઓ કહે છે, 'કેમ એટલું બધું ? એટલામાં જ અમને તરછોડવાના ? તો પછી અમને શા માટે લોકની સમક્ષ પરણીને લાવ્યા હતા ? રસ્તામાં રખડતા નહિ મૂકાય !'

'પણ હવે એમનો સમય થઈ ગયો છે.'

'થયો હશે, પણ અમારા સામું તો જુઓ ?' શું દેવ કહે નહિ કે- 'શું જુએ ? બાર વરસ તો એને ચૂસ્યો, હજી ભૂખ નથી ભાંગી ?' કહે પણ સ્ત્રીઓ હઠ પકડે છે.

'હવે અમારા ૧૨ વર્ષ.'

'કેમ મેતારજભાઈ ! ઊઠતો નથી ? તને જ ડૂંટીમાં ગમે છે એમ કહે ને ?' ગુરુની સામે એક વિચાર કર્યો કે 'પરાણે ધર્મ આપ્યો' તો આ દશા છે ! એ વિચાર, ભૂલતા નહિ કે, 'આપણો પડી ગયેલ ૫૦ હજારનો હાર ધપ્પો મારીને અપાતો હશે ?'- એ વિચારના જેવો મૂર્ખ વિચાર છે. હાર આપણો જ છે ને પડી ગયેલો પાછો મળે છે તો ય આમ નથી વિચારાતું, તો નવો જ હાર ભેટ મળતો હોય તો તો વિચાર શાનો જ આવે ? પણ ધર્મમાં આવો વિચાર આવે છે ! મૂર્ખતા નથી ?

દેવ ગયો. ૧૨ વર્ષ નીકળ્યા. પાછો આવ્યો. હવે કર્મ ઊખડ્યા હતા. કેવાં કર્મ ! ધર્મનું બધું લુખું લગાડે એવાં ! **મનગમતા પકવાન્નના સુખો દુનિયાને દ્રાક્ષ જેવા, પણ જેને જીભ બગડી એને ? કૂચા, બેસ્વાદ ! એમ આત્મામાં મોહ-તૃષ્ણાનો તાવ ભરાયો છે, તો ધર્મની મિઠાશ ક્યાંથી અનુભવાય ?** હવે કર્મ ખસ્યા, સ્વાદ આવ્યો, ચારિત્ર લીધું ! લોકોમાં ભારે પ્રશંસા થઈ. એમણે પણ લીધું તે લઈ જાણ્યું ! ચારિત્ર લીધા પછી પૂર્વનો ખ્યાલ જાગતો છે; 'પાપ ઘણાં બાકી છે, એના હવે ભૂક્કા કરો.' શી રીતે થાય ? એક ઉપવાસનું પચ્ચક્ખાણ આપો એમ ? ના, એ તો ઝુકાવી અઠ્ઠાઈ ૧૫-૨૦-૨૫, મહિનો, ને માસખમણ ઉપર માસખમણ ! હવે શું કામ બાકી રાખે ? આવો કસ ખેંચવાનો અવસર ક્યાં મળે ? પાપ કરતાં આવડ્યાં તો હવે ધર્મ કરતાં કેમ ન આવડે ?

**મેતારજ મુનિ સોનીને ત્યાં :-** એક વાર રાજગૃહીમાં માસખમણને પારણે ગોચરી જાય છે. એક સોની હરખભેર મુનિને આમંત્રે છે ! જુઓ એ સોની છે, પણ કેવા શબ્દોમાં મુનિનાં પગલાં વધાવે છે !

**'આજ ફળ્યો ઘર-આંગણેજી, વિણ કાળે સહકાર !**
**લ્યો, ભિક્ષા છે સૂઝતીજી, મોદકતણો એ આહાર.'**

આવડે આ ? આવું બોલી શકાય હોં, 'ધન્ય ભાગ્ય ! આજ અકાળે આંબો ફળ્યો ? કલ્પવૃક્ષ ઘરે ચાલીને આવ્યો ! પ્રભુ ! મહાન કૃપા કરી !...' બોલાય. એનાથી દાન દેવા પૂર્વેથી ભાવોલ્લાસ વધે છે; ને પછી દેવાતા દાનમાં શુભ ભાવના પૂર ઊભરાય છે ! ત્યારે એમ પૂછતા નહિ કે,

**સોનીએ મુનિને કેમ પીડ્યા ?**

**પ્ર.**- તો પછી મેતારજે એવું લાડુનું સુપાત્રદાન કર્યા પછી પાછળથી મુનિને કેમ મરણાંત કષ્ટ દીધું ?

**ઉ.**- કારણ એમ બન્યું કે મુનિને ભાવથી લાડુ વહોરાવ્યા બાદ મુનિ ઘરમાંથી પહેલા પાછા વળ્યા, અને સોની પછીથી બહાર આવ્યો; પણ તે બહાર આવે તે પહેલાં ક્રૌંચ પક્ષી સોનીએ ઘડી રાખેલા સોનાના જવલા ચણી ગયું !

સોનીને ત્યાં જવલા ન જોતાં ફાળ પડી, 'હાય ! હવે હું મહારાજ શ્રેણિકને શું જવાબ આપીશ ? એમને રોજ સોનાના નવાં તાજાં જવલાં પ્રભુની આગળ સાથિયો કરવા જોઈએ. એ હવે જો હું ન પહોંચાડી શકું તો મારું તેલ કાઢી નાખે, અને અહીં મહારાજ મારી આગળ નીકળ્યા છે, બીજું કોઈ આવ્યું-ગયું નથી; માટે લાગે છે કે મહારાજે ઉપાડ્યા હોય ! તો એમની પાસેથી એ કઢાવવા જ જોઈએ...' એમ વિચારીને મુનિ પાસે માગતાં જ્યારે મુનિ કાંઈ ન બોલ્યા, ત્યારે એના મનને એમ થયું કે- 'જરા તડકે ઊભા રાખું, તપશે એટલે ઝટ જવલા કાઢી દેશે.' અલબત એણે મુનિના માથે વાધર વીંટી એ કષ્ટમાં વધારો કર્યો, પરન્તુ પોતાને રાજાની ભારે શિક્ષા થવાનો એટલો બધો ડર એને લાગ્યો છે કે એને ગમે તેમ કરીને જવલા કઢાવવા હતા; એટલે કષાયના આવેશમાં ચઢ્યો હતો. ત્યારે શું આજે નથી દેખાતું કે કોક શ્રાવક કે સાધુ ગણાતા પણ અને એક વખત આચાર્યાદિની ભક્તિ કરનારા છતાં પણ કષાયના આવેશમાં ચઢી આજે એમની જ ઘોર નિંદા કરે છે ને ? તો આ તો સોની છે ! માટે તાત્પર્ય એ છે કે સોનીએ પહેલાં ભક્તિ-ઉલ્લાસ દેખાડયો એને ઢોંગ ન માની શકાય.

**ધર્મ વિના કેવી દુર્દશા :-**

બાકી હા, લોભાદિ કષાયનો અને ભયનો આવેશ ભયંકર છે. નરકના ભાતાં બંધાવનારા કુકર્મ એ કરાવે છે. એનાથી બચવા માટે પણ ધર્મ એ જ એક શરણ્ય છે; એક માત્ર ધર્મ જ આશરો લેવા યોગ્ય છે. ધર્મની ઓથ વિનાના માણસો, આજે જુઓ કે કેવી કેવી કાળી લેશ્યામાં વર્તે છે ! કેટકેટલાં હિંસા, જૂઠ વગેરેના ઘોર પાપ સેવે છે ! કેવા રગડા-ઝગડા કરે છે ! કેટલા તીવ્ર ક્રોધ અને ગર્વના સંતાપમાં સળગી રહ્યા હોય છે ! કેવી કારમી તૃષ્ણાઓ અને પ્રપંચમાં ડૂબ્યા



રહે છે ! એનાથી બચવા ધર્મને શરણે જાઓ.

**મુનિની મહા રટણા અને મોક્ષ :-**

મહામુનિ મેતારજે ધર્મનું જ એક માત્ર શરણ રાખ્યું છે; તો કદાચ પક્ષીએ જવલા ચણ્યાનું જાણતા હશે તો પણ રખેને એ જાણીને સોની પક્ષીની હિંસા કરી બેસે, એ સંભાવનાથી એમણે મૌન રાખ્યું. કેવી છલોછલ દયાથી વ્યાપ્ત હૃદય ! માસખમણી છે, તપથી દેહ કૃશ થઈ ગયો છે, છતાં જુઓ કેવુંક સહે છે ! સોની ગુસ્સે થયો. મુનિને એણે ભર તડકે રાખ્યા ! છતાં મુનિ તપસ્યાની કષ્ટીમાં પણ ઉચ્ચ કોટિની સમતા ભાવમાં રહ્યા. લાય જેવો તાપ ધીકતો હશે ! ઉપરથી મુનિના માથા ઉપર સોનીને ચામડાની પટ્ટી વીંટી; જેથી ગરમી જોરદાર લાગે, તેને મારી નાખવાની બુદ્ધિ નથી. 'મુનિ સાચું બોલે ને આપી દે જવલા' એટલું જ વિચારે છે, પણ એને ક્યાં ખબર છે કે અહીં ઘોર તપસ્યા કરેલી કાયા જીરવી શકે તેમ નથી. પાંચ મિનિટ, પંદર મિનિટ શી વાર ? મુનિની ચામડી તડતડ તૂટે છે ! હાડકાં ફટફટ ફૂટે છે ! જ્ઞાનતંતુ ખલાસ થવા લાગ્યા ! મહાત્મા સાવધાન છે. એ જ કાઉસ્સગ્ગમાં ગજસુકુમાલ વગેરે મહામુનિઓને યાદ કરી તેમના જ સર્વ જીવ ક્ષમાપના, દુષ્કૃતગર્હા, અનશન, ચાર શરણ, નવકારમંત્ર વગેરે માર્ગે સંચર્યા ! શું ? 'બધાને ખમાવું છું ને આ સોનીને વિશેષ ખમાવું છું. મારે તો સર્વ જીવો પર મૈત્રીભાવ. સોનીએ કંઈ જ નથી બગાડ્યું, મારા કર્મ ઉદયમાં આવ્યા છે...' તે સ્થિતિમાં ક્ષપકશ્રેણિ ! શુકલધ્યાનનો અગ્નિ ભભૂક્યો ! કેવલજ્ઞાન પામી ત્યાં જ સર્વ કર્મ ખપાવી પરમપદ મોક્ષમાં પહોંચી ગયા !

**જુઓ મેતારજે પૂર્વભવમાં, 'ગુરુએ ધર્મ પરાણે કેમ આપ્યો ?' એટલી પણ ગુરુ અને ધર્મની અવગણના કરી હતી તો એ ધર્મ અહીં કેટલો બધો આઘો રહ્યો ! ને કેવી વિષય-લંપટતા ચોંટી ! પરંતુ પૂર્વ ભવે પરાણે લીધા પછી પણ કેટલી સચોટ ચારિત્ર, તપ વગેરે ધર્મની સાધના કરી હતી તો અહીં ધર્મ પામ્યા ત્યારે ઘોર તપથી કાયા અને કર્મને કચર્યા અને ઘોર તાપના ઉપસર્ગમાં સંસારને સાવ સુકાવી નાખ્યો ! ધર્મનો મહિમા અપરંપાર છે ! જેટલો ધર્મ સાધો, તેટલો લાભ અવશ્ય મળે.**

**સોની સાધુ બને છે :-**

અહીં લાકડાવાળીએ ભારો લાવીને નીચે નાખ્યો. તેના અવાજથી પંખી ભડક્યું ને ચરક્યું ! તેમાં જવલા સોનીએ દીઠા. સોની દોડ્યો, 'લાવ, મુનિને બહાર ઊભા રાખ્યા છે, તે ક્ષમા માગી વિદાય કરું.' પણ જઈને જુએ છે તો તડકામાં મુનિ ખતમ છે ! 'અહો ! મેં મહર્ષિની હત્યા કરી ! ઘોર નરકનાં ભાતાં

બાંધ્યા ! પાછું સાધુનો ભગત શ્રેણિક રાજા ! એટલે અહીં ય માર્યા જઈશું !' સીધી ટિકિટ લીધી ! ક્યાંની ? આ લોક પરલોકના દુઃખ હરનારી મોક્ષની ! મુનિના જ ઓઘા મુહપત્તિ લઈ લીધા ! શું કર્યું ? સીધો સાધુ થયો; અને એ પણ, કવિ કહે છે, **'આતમ તાર્યો આપણોજી, સ્થિર કરી મન-વચન કાય;'**

બસ, બે વાત રાખો, ધર્મ કરવામાં કસર જરાય ન રાખવી, અને બીજું, દેવ, ગુરુ અને ધર્મની ભૂલેચૂકે લેશ માત્ર પણ ઓછી કિંમત ન આંકવી, અનાદર અવગણના ન કરવી. માટે હવે બોલતા નહિ કે 'ધર્મની શી જરૂર છે ? આ તો ધર્મ પરાણે વળગાડ્યો ! ધર્મ બહુ આકરો ! ધર્મ તો ફૂરસદે ફૂરસદે થાય ! બધું જોઈ, વિચારીને થાય ! ધર્મ માટે વધારે લાંબા ન થવું !' આવું આવું મનમાંય લાવતા નહિ. ધર્મનો વિરોધ કરનારને તો ક્રૂર કર્મ ભયંકર સજા કરે છે ! અત્યારે જો બાહ્ય અને આભ્યન્તર વિટંબણા ભોગવી રહ્યા હો, તો તે ધર્મની ઉપેક્ષા અને વિરાધનાથી. જ્ઞાની ભગવંતો કહે છે, **'અર્થ, કામ અને મોક્ષની સિદ્ધિ ધર્મથી થાય છે. જીવનમાં ધર્મ પ્રધાન બનાવો.'** ધર્મનાં દૈનિક કર્તવ્ય, પર્વના કર્તવ્ય, અઠ્ઠાઈનાં કર્તવ્ય, પર્યુષણનાં કર્તવ્ય, વર્ષનાં કર્તવ્ય, અને જીવનમાં ઓછામાં ઓછાં એકવાર પણ કરવાનાં કર્તવ્ય. - **'શ્રાદ્ધવિધિ'** શાસ્ત્રમાં એ દર્શાવ્યા છે. દૈનિક એટલે દિવસ-રાતનાં. તે ષડ્આવશ્યક સમજવા; પણ છ આવશ્યક પ્રતિક્રમણમાં આવે છે તે નહિ,

**जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः, सत्त्वानुकम्पाः शुभपात्रदानम् ।**
**गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥**

૧. જિનેન્દ્રપૂજા, ૨. ગુરુભક્તિ, ૩. જીવો પર દયા, ૪. સુપાત્રદાન, ૫. ગુણાનુરાગ, અને ૬. આગમનું શ્રવણ, -આ શ્રાવકનાં રોજનાં છ કર્તવ્ય છે. એમાં પહેલાં નંબરે જિનેન્દ્રપૂજા છે. એ પહેલી કેમ મૂકી ? સર્વશ્રેષ્ઠ ઉપકારી જિનેન્દ્રદેવ છે, માટે તેમની ઉપાસના એ પહેલું કર્તવ્ય છે. જિનેન્દ્ર પ્રભુ એ ઊંચામાં ઊંચો આદર્શ છે; તો આત્માની સામે એવો શ્રેષ્ઠ આદર્શ રહે તે માટે પણ જિનેન્દ્રપૂજા એ પ્રથમ કર્તવ્ય છે. જિનની પૂજા જિન થવા માટે છે.

કોઈ પૂછે, 'દહેરે શા માટે જાઓ છો ?' કહેવાનું, 'જિન થવા.' ધર્મ શા માટે કરો છો ? તો ય એ જ જવાબ, 'જિન થવા.' જિન એટલે રાગદ્વેષને જીતનારા, કષાય ને તોડનારા. તો કહો, **મંદિર-ઉપાશ્રયે જાઓ તે કષાય ઓછા કરવા માટે ને ?** રાગદ્વેષની ચુંગાલમાંથી છૂટવા જાઓ છો ને ? કહે છે ખબર નથી ! જો રાગ-દ્વેષ-મોહ-માયા-મમતા ઓછા નહિ થતા આવે તો સર્વથા એમાંથી શે છૂટાશે ?

**બધી સાધનાનું લક્ષ્ય વીતરાગદશાને પ્રાપ્ત કરવાનું છે.** જો એ લક્ષ્ય લક્ષમાં



રહે તો પહેલું કર્તવ્ય જિનેન્દ્રપૂજા ખૂબ ઉલ્લાસથી અને ધન વ્યયથી કરાય. એવી લક્ષ્યવાળી પૂજા કેટલી કરી ? ધ્યાન રાખજો કેઈ આત્માએ લક્ષ્યવાળી એવી નાની શી પૂજા કરીને મહાન ફળ લીધા છે ! પાંચ કોડીના ફૂલમાંથી **કુમારપાલ** બની ૧૮ દેશના રાજ્ય લીધા ! એટલું જ નહિ પણ મહાશ્રાવક બન્યા અને ત્રીજે ભવે ગણધર બની મોક્ષે જશે. **મહાસતી દમયંતીએ** ગુફામાં માટીના ભગવાન બનાવીને પૂજા કરી ફળ અલૌકિક મેળવ્યું. પૂર્વ જીવનમાં અષ્ટાપદ પર પ્રભુને તિલક ચઢાવ્યા હતા તો અહીં કપાળમાં કુદરતી રત્નસમું પ્રકાશતું તિલક મળ્યું ! **દરેક પ્રકારની જિનેશ્વરદેવની ભક્તિ એટલી મહાન ચમત્કારિક ચીજ છે, કે એના અકલ્પ્ય અચિંત્ય ફળ નીપજે છે ! નાગકેતુએ પુષ્પપૂજામાં કેવળજ્ઞાન લીધું !**

## • જિનેન્દ્રપૂજા પર રાજપુત્રનું દૃષ્ટાન્ત •

શ્રાદ્ધવિધિમાં રાજપુત્રનું દૃષ્ટાન્ત આવે છે. જન્મીને મહિના માસમાં એ જિનભક્તિની ટેક કરનારો બને છે ! પણ એનું કારણ એના પૂર્વભવની જિનભક્તિ છે. જિનેશ્વરદેવને એક પુષ્પ ચઢાવવાની ભક્તિ કરી, શેઠ, દીવાન અને રાજા એમાં પ્રેરક બન્યા હતા. તથા માળીની છોકરીઓએ એની અનુમોદના કરી હતી, તેથી એ બધા આ જન્મમાં ભેગા મળે છે. વાત એમ બની હતી કે રાજપુત્ર પૂર્વ ભવે એક ગરીબ માણસ હતો, શેઠની નોકરીમાં હતો. એકવાર વનમાં ગયો હતો, ત્યાં એને સુન્દર ફૂલ મળ્યું.

એણે લાવી શેઠને કહ્યું, 'આ તમે વાપરો. મારી તે ક્યાં લાયકાત છે કે આવું ફૂલ હું વાપરૂં ?'

શેઠ કહે, 'મેં આવું સુન્દર ફૂલ જોયું નથી જિંદગીમાં ! માટે એ તો મારા બદલે આપણા મિત્ર દીવાનને આપ.'

દીવાનને પણ એમ થયું કે,- 'આ તો રાજાને યોગ્ય છે' તે કહ્યું રાજાને આપી આવ.'

દીવાનને લાગે શેઠની ભેટ, ને રાજાને લાગે દીવાનની ભેટ ! ત્યારે રાજા કહે, 'કોઈ મુનિને આપ.'

મુનિ કહે, 'અમે લાયક નહિ. એ તો નાહી-ધોઈને દેવાધિદેવ જિનેશ્વર ભગવાનને ચઢાવાય.'

બસ, હવે શું પૂછવાનું ? નાહી-ધોઈને ગયો દેરાસર, અને ખૂબ ઉલ્લાસથી પ્રભુને ફૂલ ચઢાવ્યું. પછી તો હર્ષનો પાર નથી ! 'અહો હું પામર આ દેવાધિદેવને પુષ્પ ચઢાવવા ભાગ્યશાળી થયો ! મારાં તો ભાગ્ય ઊઘડી ગયાં !' માળણની ચાર

છોકરીઓ ફૂલ ચઢાવેલું જોઈ ખૂબ રાચે છે, માચે છે ! છોકરીઓ અનુમોદના કરે છે, કેવી સરસ ભક્તિ કરી !' બસ એણે આટલી પૂજામાંથી એવું પુણ્ય ઉપાર્જન કર્યું કે એ કાળ કરી દેવલોકમાં ગયો. અહીં ફૂલના પ્રમાણ તરફ જોતા નહિ, એના ભાવોલ્લાસ તરફ જોજો. તો જ ગણિત માંડી શકશો કે કેટલા કારણમાંથી કેટલુ કાર્ય થયું. જિનભક્તિનું કાર્ય મળે ત્યાં એની આગળ બધુ તુચ્છ લાગે ! અસાર-કૂચા લાગે ! જિન ઉપરના અને એમની ભક્તિ ઉપરના એવા ઊછળતા બહુમાન પ્રગટે કે જેમાંથી આગળ એની ધારા સતત ચાલે એવી મહાન પુણ્યાનુબંધી પુણ્યની કમાઈ થાય ! આ વસ્તુ આ દાખલામાં જુઓ કેવી જોવા મળે છે.

મુખ્ય ફૂલપૂજા કરનાર નોકર દેવ બન્યા પછી રાજપુત્ર તરીકે જન્મ પામવાનો છે. જ્ઞાનીની પાસે જઈ એ દેવે પહેલાં ઠેકાણું પૂછ્યું 'હું ક્યાં જન્મીશ ?' જ્ઞાનીએ રાજકુળ બતાવ્યું, પણ ત્યાં એણે જોયું કે 'એ રાજારાણી ધર્મી નથી. તો મારે ત્યાં જ જન્મીને મોત થશે ! માટે એમને મારે ધર્મ પમાડવો.' દેવ હંસ બનીને આવ્યો મહેલ પાછળના બગીચામાં. ત્યાં રાણી પુત્ર વગર ઝૂરી રહી છે. 'આ બધા રાજ-વૈભવ શું કરવાના, જો છોકરાનું સુખ નથી ? ખોળાનો ખુંદનારો નથી ?' ત્યાં હંસ માણસની ભાષામાં કહે છે, 'એ મંદભાગ્યા ! શાની આશા રાખે છે ? ધર્મ વિના સુખની વાત કરે છે ? ધર્મ વગર ક્યાંય સુખ ભાળ્યા ? સુખ જોઈએ છે, ટાંગી મૂકયા છે ?'

રાણીને આમ ટોણો લગાવ્યો; અને રાજાને સ્વપ્નમાં કહ્યું, 'છોકરો જોઈએ છે ? ટીકો લે. ધર્મ વગર સુખ ન મળે !'

રાજા પૂછે છે કે-'ધર્મ ક્યાં મળશે ?'

'ગામમાં આચાર્ય મહારાજ છે તેમની પાસે જા'

રાજારાણી બન્ને જાય છે, ધર્મનો ઉપદેશ સાંભળે છે, શ્રદ્ધાળુ બની ધર્મ કરે છે. તે ધર્મ હવે તો પુત્ર માટે નહિ, પણ આત્માના કલ્યાણ માટે. કેમકે નવો ધર્મ પામ્યા તેથી ખૂબ જ મુગ્ધ બન્યા છે ! જાણે શી વાત ધર્મ ! તમે કોણ ? મહારાજા-મહારાણી ! ધર્મ ઉપર મુગ્ધ છો ને ! હવે રાજારાણી શુદ્ધ ધર્મમાં લાગ્યા. ત્યાગ, તપસ્યા, દેવ-દર્શન-પૂજા, ગુરુ-ભક્તિ, જિનવાણી-શ્રવણ આદિ કરે છે. દેવતા જોઈને ખુશ છે, 'હવે નિરાંત ! ધર્મ મળશે.'

પછી તે ત્યાંથી ચ્યવીને રાણીના ગર્ભમાં આવ્યો. સુંદર સ્વપ્ન રાણી જુએ છે. દોહલા પણ સારા જાગ્યા ને પૂરાયા. બધું પેલા જીવના પ્રભાવે ! જુઓ, એક ઉલ્લાસભરી જિનપૂજા કરી છે એણે જીવના કેવા દેદાર ફેરવી નાખ્યા ! દિલમાં એટલા ધર્મની માયા સચોટ લાગી તો હવે સહેજે ધર્મની ધૂન જાગી છે ! સમય



થતાં દેવકુમાર જેવો પુત્ર જન્મ્યો ! બહાર લઈ જવા જેવો થતાં, હવે એમને જે ધર્મની માયા લગાડી છે તે હવે છોકરાને લગાડે છે. પરમાત્માના દર્શન કરાવવા લઈ જાય છે ભવ્ય મંદિરમાં ! દર્શન કરી હૈયાં ઊછળે છે ! 'આ પરમાત્મા ! આ જિનેન્દ્રભગવાન !' રાણી સખીને કહે છે, 'પેલા હંસનાં પ્રતાપે આ દેવાધિદેવ ભગવાન દેખવા મળ્યા ! હંસના પ્રતાપે પુત્ર-રત્નનો જન્મ થયો !...' આ બે ત્રણ વાર સાંભળતાં છોકરાને જાતિસ્મરણ જ્ઞાન થયું.

આજે પણ નાની ઉંમરનાને પૂર્વ ભવના જ્ઞાન થયાના દાખલા છે ! **આત્મા જેવી ચીજ ન હોય તો કોના પૂર્વ ભવ અને શી વાત ! પાછું એવા જ્ઞાન ઉપરાંત પૂર્વ ભવનાં ચિહ્ન મળે છે. માટે જ ધર્મનાં મહામૂલ્ય નક્કી થાય છે, જે જગતની બીજી વાત વસ્તુનાં નથી.** રાજપુત્રને દેવભવ દેખાતાં ધર્મ પર ઓવારી જવાનું બને છે.

**'અહો શો ધર્મનો પ્રભાવ ! નાની શી જિનેન્દ્રભક્તિના કેટકેટલાં આ મહાન ફળ ! તો હવે એ જિનેન્દ્રનાથની ભક્તિ કેમ છોડું ? અનંત ઉપકારી નાથના દર્શન કર્યા વિના કાયાની ભક્તિ કેમ જ કરાય ?'-**

એ ત્યાં જ પ્રતિજ્ઞા કરે છે, **'રોજ ભગવાનના દર્શન ન મળે ત્યાં સુધી પાણીનું ટીપું પણ લેવું નહિ.'** ઘૂંટણીયે ચાલતો થયો નથી હોં ! અરે ! જન્મીને બે-ચાર મહિનાય નથી થયાં ! અને આ પ્રતિજ્ઞા કરે છે ! પૂર્વના કેટલા ધર્મના અભ્યાસમાં ? તમારે કેટલો અભ્યાસ થયો ? કેટલી જિનપૂજા થઈ ? જિન થવા માટે જિનપૂજા કરો, જગતને એના આગળ તુચ્છ સમજો; એવી જિનપૂજાનો ખૂબ અભ્યાસ કરો; તો ઊંચા અવાશે, પણ પ્રતિજ્ઞાપૂર્વક જિન અને જિનાજ્ઞા પર ઊંચું મમત્વ ધરાય, તો ધર્મની પ્રતિજ્ઞાઓ ખૂબ થાય. એ માટે આવા બાળકના દાખલા નજર સામે રાખો. આને બીજે દિવસે માતા સ્તનપાન કરાવવા જાય છે; પણ આ મોં ખોલતો નથી. કેમકે દર્શન નથી મળ્યાં ત્યારે બીજાને એની શું ખબર પડે ? આને અંગોપાંગમાં જોર નથી કે બોલી શકે. સશક્ત પુદ્ગલની સહાય જોઈએ છે ઉચ્ચારણમાં. તેને તો એક જ નિશ્ચય છે જિન-દર્શન કર્યા પછી જ કાંઈ પણ વાપરવાનું. ત્યાંસુધી કોઈ વપરાવવા આવે તો ય મોઢું ખોલવાનું નહિ. મા-બાપ પ્રયત્ન કરે છે, પણ કેમ આ સ્તનપાન નથી કરતો તે સમજી શકતા નથી. કલાક, બે કલાક, ચાર કલાક થયા, દર્શન કરાવવાનું સૂઝતું નથી, પણ રોજ દર્શન ન કરાવે ? ના, ગઈ કાલે કરાવ્યા હતા. હવે રોજ રોજ બહાર લઈ જાય તો શરદી લાગે ને ?

ધર્મની સામે બળવો કેમ જગાવ્યો છે ? તમને થતું હશે કે હેં ધર્મની સામે ? હા, ધર્મની સામે નહિ તો બીજું શું ? દુનિયાની વાતમાં શરદી-બરદીનો

ઈસ્યૂ (issue=મુદ્દો, બચાવ) નડતો નથી; માત્ર ધર્મ કરવાની સામે ઈસ્યૂ ! અઠ્ઠાઈના સામટા પચ્ચક્ખાણ ન થાય, કેમ શું થાય ? 'આઘા જઈને પાછા પડીએ તો ?' ઉપરથી કહે છે, 'આટલું જ કરીએ છીએ તેનો પાડ માનો.' આવા પાડ મનાવનારાની બિચારાની પ્રગતિ શી રીતે થાય ? દુનિયામાં પ્રોગ્રેસ (પ્રગતિ) જોઈએ છે. ધર્મમાં નથી જોઈતો ! **વર્ષોથી ધર્મી ગણાવા છતાં જેવી વાસનાઓ, મમતા અને તૃષ્ણાઓ, જેવા ગુમાન, નિંદા અને પ્રપંચો, જે કલેશ, વૈર અને ઈર્ષ્યા પહેલા હતા, તેવા જ આજે રાખવા છે; પાછા કહે છે, 'બધું રહેવાનું;' ધર્મની વાત આવે તો સામે બળવો કરવો છે;** વળી કહેવું કે તમને શી ખબર પડે ? એવા માણસો શી રીતે ઊંચા આવે ? દુનિયામાં લાખ મળવાના હોય તો વૈરીને પાઘડી ઉતારીને વાત કરે, શરીર ખાતર તૃષ્ણા મૂકે, બળિયા આગળ ગુમાન નહિ, ત્યાં ઈસ્યૂ નડતા નથી ! કેમ છે ને આવું બધું ? પણ ભૂલતા નહિ. હાથમાં આવેલો દીવો બૂઝવી રહ્યા છો ! જેમ કોઈ એક ઘોર અંધારી ગુફામાં આપણે હોઈએ, ને દીવો બૂઝવીએ તો ? જિનવાણી એ દીવો છે, મહાન પ્રકાશ આપી રહ્યો છે; પણ હૃદયમાં લઈ જતાં પહેલાં બહાનાઓથી બૂઝવી નખાય તો ? છતે દીવે અંધારામાં ટિચાઈ મરવાનું જ ને ? નરકમાં સહન નથી થતું, આટલું બધું કેમ સહાય ? અમે કયાં ટેવાયા છીએ ? ક્યાં એટલો બધો ગુનો કર્યો છે ? વગેરે બચાવ ચાલી શકે ? બચાવ કરવા છે, 'હું તો સારો છું, છોકરો નાલાયક છે, અથવા બાપ જક્કી છે, ગુરુ બરાબર નથી...' આ બધું ધર્મની સામે બળવો છે.

આ પ્રતિજ્ઞાવાળો બાળક ૨ કલાક, ૫ કલાક... કેટલું ચાલી શકે ? છોકરો કરમાઈ ગયો. માતાપિતાને ખેદનો પાર નથી ! ત્યાં વધામણી આવે છે, 'વિશિષ્ટ જ્ઞાની ભગવંત પધાર્યા છે...' 'ચાલો, ગુરુમહારાજને વંદન કરવાનું મળશે, દેશના મળશે.' ધર્મનો રંગ છે. રાજા પરિવાર સાથે ત્યાં પહોંચ્યા; વંદના કરે છે, કહે છે,

'બચ્ચું કરમાય છે, કેમ એ દુગ્ધપાન નથી કરતો ?'

મુનિ કહે છે, 'રાજન્ ! તારે એને ને અમારે સંબંધ છે. એટલા માટે જ હું આવ્યો છું. ખુલાસો પછી. આનું કારણ બીજું નથી, આને ગઈ કાલે પ્રભુ-દર્શન કરતાં 'હંસનો કેટલો ઉપકાર' એમ અનેકવાર સાંભળતાં જાતિસ્મરણ જ્ઞાન થયું; પૂર્વની જિનભક્તિનો પ્રભાવ દેખાયો; શૂરાતન પ્રગટ્યું, નિયમ કર્યો પ્રભુ-દર્શન પછી જ પાણીનું ટીપું પણ લેવાનું.' રાજા અને સભા ચોંકી ઊઠી ! 'બસ, ! આજે દર્શન નથી માટે આ છે.'

રાજાએ તરત માણસોને હુકમ કર્યો, 'આ મહાત્મા પુત્રને દર્શન કરાવી પારણું કરાવો.' રાણી અને સખીઓ મંદિરે લઈ જાય છે.



સભામાં રાજા બેઠા છે. જ્ઞાની કહે છે, 'નાનીશી પણ જિનેન્દ્ર-પૂજાનાં મહાન ફળ એ ગત દેવ-ભવમાં અનુભવીને આવ્યો છે, માટે અહીં આવી અવસ્થામાં ય પ્રતિજ્ઞા થાય... એ મહાત્મા બનશે; પૂજાવાને લાયક બનશે; આપણે અનુમોદના કરનાર હતા, તે અહીં આ સ્થિતિમાં આવ્યા. અનુમોદના પણ લાભ આપે છે. હું વૈતાઢ્ય પર જન્મી અવસર આવતાં સાધુ થઈ સાધના કરતાં અવધિજ્ઞાન પામ્યો. તેથી આ જોઈને અહીં આવ્યો છું.'

કેટલું કૌવત બાળકનું ? છે ને તમારી પાસે ? તો હું કરાવું પ્રતિજ્ઞા કે જિનદર્શન વિના કાંઈ ખાવું-પીવું નહિ ? પણ તમે કહેવાના કે 'અમે તો મહારાજ ! આ અમદાવાદ છે...' દુનિયાના લાભમાં આંગળી ઊંચી કરાય, આમાં નહિ ! ગભરામણ થાય છે, 'હેં, શું આ જિંદગીના છેડા સુધી પ્રતિજ્ઞા કરવાની ?' ત્યારે છોકરો કાચા કાળજાનો કે પ્રતિજ્ઞા કરી એમ ? સમજી રાખો કે **'જે છે તે નાથના લીધે છે.** નાથની ભક્તિ પ્રતિજ્ઞાબદ્ધ બની કરું' સત્ત્વ વગર ઊંચા નહિ અવાય. અહીંથી બીજા ભવમાં ચમત્કાર દેખવો છે તે સત્ત્વ પ્રગટાવ્યા વિના નહિ થાય.

જિનેન્દ્ર પૂજામાં અભિષેક પૂજા આત્માને ભટકાવનાર અહંત્વ 'હું વડો થાઉં, મને આમ લાગે છે. મારી પોઝિશન !'-આ અહંત્વને કચરનાર છે. સત્કાર-પૂજા મૂર્ચ્છાને તોડનાર છે. હરિભદ્રસૂરિજી મહારાજ જણાવે છે કે 'ફૂલ નહિ તો ફૂલની પાંખડી અર્હત્ પ્રભુની પૂજામાં મૂકેલી ફૂલની પાંખડી અક્ષય થશે, અમર થશે !' એ શી રીતે થાય ? કોઈ કહે, 'એક પાણીનું ટીપું અમર બનાવવું છે. ૧ દિવસ નહિ, ૧ વરસ નહિ, હજારો લાખો વરસો ટકાવી આપો.' બને આ ? હા, તેને સમુદ્રમાં મૂકી દો, ટકી જશે. પાણીનો સ્વભાવ સગાઈની ઉપમા તરીકે અપાય છે, કહે છે, 'આ બેનો સ્નેહ દૂધ-પાણી જેવો, ખીર નીર જેવો છે. પાણી સામાના અણુ-અણુમાં એક થાય; એટલે સમુદ્રમાં ભળેલું એ, જ્યારે સમુદ્ર નાશ પામે ત્યારે નાશ પામે. **પંચાશકજી શાસ્ત્રમાં કહ્યું છે, જિનેન્દ્રદેવના ચરણે જે થોડું પણ સમર્પ્યું, તે દરિયામાં નાખેલા ટીપાની જેમ અક્ષય થઈ જાય છે.** આ સમજનારા, કોઈ સંયોગમાં જાતે પૂજા કરવાની ત્રેવડમાં ન હોય, તો પણ પૂજાની વસ્તુ દહેરે લઈ જાય છે. બસ એક જ લેશ્યા, 'ભલે કેસરનો એક તાંતણો, પણ મારું ભગવાનને ચઢવું જોઈએ. અનાદિના દોષોનો કચ્ચરઘાણ કરનાર જિનભક્તિ છે. મોક્ષપદ સુધી પહોંચાડનાર છે એ !'

## ૨. ગુરુની ઉપાસના.

બીજું દૈનિક કર્તવ્ય છે ગુરુની ઉપાસના-સુખશાતાની પૃચ્છા સાથે, સેવાના

લાભની માગણી, ધનનો સદુપયોગ કરાવવાની માગણી અને સત્સંગ. આ ઉપાસના એ રોજનું કર્તવ્ય. વહોરવા માટે વિનંતિ કરીને ગુરુને હરખભેર લઈ જવાના. પાછી ત્યાં વિધિ છે, 'સાહેબ ! શેનો ખપ છે' એમ નહિ; પણ મારે ત્યાં આનો જોગ છે, દાળ, ભાત, શાક, ગોળ, ઘી, સાકર, સૂંઠ, પીપરીમૂળ, આ દવા, આ દવા...' એમ કહી બતાવવાનું. કેમકે ગુરુમહારાજને **'ओहासण भिक्खा'** નામનો દોષ ન લાગે. ઓહાસણ ભિક્ખા એટલે માગીને લીધેલું. શ્રાવક જો નામ ગણાવી દે કે-'આનો લાભ આપો, આનો લાભ આપો...' અને ગુરુ કહે, 'એમાંથી અમુક લો,' તો એની પાસેથી માગી લીધું ન કહેવાય. એણે વિનંતિ કરી એ લીધું કહેવાય.

એવી રીતે ગુરુની સેવાનો લાભ લેવાનો. કોણ છે આ ગુરુ ? સ્વેચ્છાએ વૈરાગ્યથી સંસાર તજી અણગાર બનનારા; ગુરુ-નિશ્રામાં રહી પંચમહાવ્રતમય સંયમને પાળનારા, કંચન-કામિનીના ત્યાગી, જિનવચનને પાકા વફાદાર રહી શુદ્ધ જિનવચનાનુસારી દેશના આપનારા. 'એમની સેવાનો લાભ ક્યાંથી મળે !' અહોભાગ્ય માની ગુરુની બિમારીમાં વૈયાવચ્ચ, ને કોઈ તકલીફ-આપત્તિમાં યોગ્ય સેવા કરવાનો લાભ લેવાનો.

વળી ગુરુમહારાજના ભવ્ય સામૈયા કરે, ધામધૂમથી સત્કાર કરે. કેમ ? બોલો છો ને, **'પરશંસે ખટ દર્શનવાલા ?'** લોકોને થાય કેવા સાધુ મહાત્મા ! કેવોક જૈન ધર્મ ?... આ જે ધર્મ માટે ઓહો...હો થાય, એ પ્રશંસા ધર્મનું બીજ છે એમ 'વીસવીશી'માં કહ્યું છે. હમણાં અહીં થોડા વર્ષ પહેલાં ભાઈ રતિલાલ નાથાભાઈ તરફથી પૂજ્ય આચાર્યદેવ વિજય, સિદ્ધિસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં અદ્ભુત અંજનશલાકા મહોત્સવ ઊજવાયો હતો ને ? એમાં દોરવણી ચિમનભાઈ કડિયાની ! રોજ હજારો જૈન-જૈનેતરો દર્શન કરી તાજૂબ થઈ જતા ! 'ઓહો જૈનોની આ દેવભક્તિ ! ઉદારતા ! કેવોક વિશિષ્ટ જૈન ધર્મ !' આ બધું શું ? ધર્મની બીજભૂત ધર્મપ્રશંસા. પાર્લામેન્ટ સ્પીકર શ્રી માવલંકરથી, એ ભવ્ય મેરુ અને બીજી રચનાઓ જોઈ, એમ પણ બોલાઈ જવાયું કે 'હેં આ કળા છે ભારત ભૂમિમાં !' પૂ. આ. શ્રી વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજના ઉપદેશથી કોલ્હાપુરમાં પણ એવી અંજનશલાકા ઊજવાઈ હતી ! ધર્મ માટે સેક્રિફાઈસ (ભોગ) આપવાની તાલાવેલી જોઈએ. દેલવાડાના દહેરા જોઈ પશ્ચિમીઓના માથા હલી જાય છે ! ધર્મઘોષસૂરિ મહારાજ પધાર્યા ત્યારે ૭૨ હજાર ટાંકનો વ્યય કરી પેથડશાહે ભવ્ય ગુરુ પ્રવેશ-ઉત્સવ ઊજવ્યો ! શું કર્યું હશે ? એવું જ કંઈક ને કે પહેલું ગાડું સાકરના પડિકાનું ! કેમ ? ગુરુ મહારાજ પધારે છે લેતાં જાઓ. આખા માંડવગઢના



મહાનગરને શણગારીને અલકાપુરી બનાવી હશે ! પૈસાનો બગાડ નથી હોં, સદ્વ્યય છે. એવા પ્રવેશ પછી ગુરુમહારાજ જે કહેશે તે લોક ભીના હૃદયથી ઝીલશે. ગુરુ મહારાજ ઝીલાવવામાં બાકી રાખે ? પણ ક્યારે ? શ્રાવક પોતાના કર્તવ્યનો અદા કરનાર હોય તો. ગુરુ-ઉપાસના એ રોજની ક્રિયા. આહાર, પાણી, વસ્ત્ર, પાત્ર, પુસ્તક, ઔષધ વગેરેનો જેટલો લાભ લેવાય તેટલો લેવાનો. શું ગુરુ-ઉપાસના એટલે ? માત્ર વહોરાવી દેવાનું ? ના, એથી ય વિશેષ, એમનો અનહદ આદર કરવાનો.

**ગુરુનો અનાદર ન કરો :-** માત્ર ૧૦ મહારાજ મળે ને 'હમણાં સાધુ-સાધ્વી અહીં ઘણા થઈ ગયા છે !' એમ બોલવું કે માનવું એ અનાદર છે. ભાઈ કહે તો ખરો કેટલા થયા છે ? અહીંના કેટલા જૈન દીઠ કેટલા આવે ? ૧૦ માણસ દીઠ એક આવે ? ભગવાન ભગવાન કરો. ૫૦ હજાર જૈનોમાં ૫૦૦ સાધુ-સાધ્વી હોય તો ય સોએ એક. જાતને એમ થવું જોઈએ કે હું એવો દર્દી છું કે મારે પોતાને એક સ્પેશિયલ ગુરુ મહારાજ જોઈએ. તેના બદલે ૧૦૦ વચ્ચે એક એટલે એમનું શું ખાસ ધ્યાન ખેંચી શકો ? માટે ભૂલેચૂકે બોલતાં નહિ કે મહારાજ ઘણા થયા ! શહેરમાં ડૉક્ટરો કેટલા બધા વધી ગયા ? વકિલો કેટલા વધી ગયા ? છતાં ત્યાં ઘણા થયા ન લાગે. ને અહીં સાધુ માટે લાગે; આ ગુરુ-ઉપાસના નથી, ગુરુની વિટંબના છે ! જીવને કહો, 'જો તું જ અનુમોદના નથી કરતો તો જૈનેતર શું કરશે ? નસીબદાર છીએ આટઆટલા સાધુ-સાધ્વી દર્શન, વંદન, સુપાત્રદાન, ધર્મોપદેશ, વગેરેનો લાભ આપે છે ! તેથી મારાં પાપ ઓછાં થશે, ભવ કપાશે, પુણ્ય વધશે !' અમદાવાદીપણું છોડો. 'મહારાજ ! મહારાજને વહોરાવજો.' એ ન ચાલે. ગુરુનો અનાદર છે એ. ગુરુમહારાજના સેવક બનવું હશે તો જાતને ઊભી કરવી પડશે.

એક મહારાજ એક મોટા શેઠને ત્યાં વહોરવા ગયા. શેઠે માણસને કહ્યું, 'વહોરાવજે.' મહારાજે પરખાવ્યું. **'लाभ आपको लेना है कि रसोयाको ? श्रावकका आचार समजो, अपने हाथोंसे वहोरना चाहिए.'** શેઠમાં લાયકાત હતી; તે તરત પોતાના હાથેથી વહોરાવ્યું, પણ આવા સમજી જનારા ય કેટલા મળે, ને રોકડું પરખાવનાર સાધુ ય કેટલા મળે ? અહીં ઉપદેશમાં કોથળામાં પાંચશેરી કૂટાય. વ્યક્તિગત કાંઈ ન કહેવાય, પણ તમારે ધર્મ રસાતલ નથી મોકલવોને ? તો **સમષ્ટિગત કહેવાયેલું વ્યક્તિગત લઈ જાતને સુધારવા મથો.**

દક્ષિણ દેશમાં આચાર્ય મહારાજ શ્રી વિજયરામચંદ્રસૂરિજી મ. પધાર્યા. એક ઠેકાણે ગુરુ કેવા હોય એનું યોગશાસ્ત્રના **'महाव्रतधरा धीरा:...'** એ શ્લોકથી

વર્ણન કર્યું. જૈન સાધુ મહાવ્રત ધારણ કરનાર, માધુકરી કરનાર, એટલે દાતાર કાચા પાણીને અડી જાય તો એના હાથે ન લેવાય,...ગર્ભિણી સ્ત્રી હોય તો ઊભી હોય તો ઊભા ઊભાને બેઠેલી હોય તો બેઠા જ આપે તો લઈ શકાય, નહિતર નહિ, વગેરે વગેરે વર્ણન કર્યું. સાધુનું બ્રહ્મચર્ય કેવું, કે મોટી રાજાની રાણી પણ પગે પડવા આવે તો ય એને અડવા ન દે. પાસે પાઈ પણ નહિ રાખવાની, ભાતું ય નહિ, ઘર નહિ, કાચું પાણી, માટી, અગ્નિ, વનસ્પતિને ય અડવા જેટલી પણ હિંસા નહિ. જ્ઞાનધ્યાનમાં લીન...' વગેરે વગેરેનું એવું સુન્દર વર્ણન કર્યું કે જૈનેતરને એમ થઈ ગયું, કે **'बगा, गुरुमहाराज ची कशी गोष्ट ! ब्रह्मचर्य कसा !'** એમાં એક જણ તો ઊભો થઈને બોલી ઉઠયો, **'महाराज ! तुम्ही काय सांगत आहे ? असे तो आमचे देव नहि ! तुम्ही गुरु ची गोष्ट सांगत आहे !'** એટલે ? આવા તો અમારે ઈશ્વર નથી, તો અહીં આવા ગુરુ ! તમને કિંમત છે ને ? કે **લાખના ગુરુ મહારાજને રાખના કરો છો ?** અહીં એવા પણ છે કે જેમને ગુરુ ઘર આંગણે આવે ત્યાં સુધી ફૂરસદ નથી બોલાવવાની ! આ જૈનપુરીમાં ? જ્યાં આણંદજી કલ્યાણજીની પેઢીનું થાણું છે, જ્યાં ૧૦૦-૧૫૦ દેરાસર છે, નિત્ય ગુરુ મહારાજના વ્યાખ્યાન મળે છે, કઈ દુર્દશા ? અવસર આવ્યે ગુરુને ય ખિસ્સામાં ? અભિમાનથી નસકોરાં ફૂલી જાય છે !

કેટલાકને આજે મનમાં વલવલાટ થાય કે 'આચાર્ય મહારાજે આટઆટલા સાધુઓને સાથે રાખી ન ફરવું જોઈએ.' પણ એને બિચારાને ક્યાં ખબર છે કે આચાર્ય મહારાજની કેવી દીર્ઘદૃષ્ટિ છે; ભવિષ્યમાં સારો મોટો ફાલ પકવવો છે; તે સાધુને પહેલેથી રખડતા મૂકવાથી થાય ? સાથે રાખી જાત દેખરેખ અને શિક્ષણ-સંસ્કરણથી તૈયાર કરવા પડે ! સાધુને ચોમાસું લઈ જવા હોય તો તો સારા સાધુ માગે હોં. ક્યાંથી આવે ? એમ જ આકાશમાંથી ? ત્યારે પાછા વખાણ કરવા તૈયાર 'મહારાજના સાધુ ઘણા હોશિયાર, સંયમી, ત્યાગી...' તે શું એમને એમ બની જાય ? કે તૈયાર કરવા પડે ? વિચાર નથી આવતો; કેમકે દુનિયામાં અજ્ઞાનીઓના જે પ્રોપેગેંડા ચાલે છે, તેમાં ભળી જવાય છે. શા માટે ધર્મ-પ્રચારના મિશનો અને યોજનાબંધ કાર્યક્રમો ન હોય ? **તેની જગ્યાએ મુફલીસ એ કેમ જાણે સાધુ એના પેટ ઉપર આવીને પડ્યા ! તે રાડો પાડે છે ! 'અરે ભલા !' આણંદ-કલ્યાણી સંઘ છે. ભક્તિ કરવા માટે તૂટી પડવા તૈયાર છે. તું શા સારું દેવોને પણ પૂજ્ય એવા પવિત્ર સાધુ ભગવંતોનો અનાદર, નિંદા વગેરે કરી દુર્ગતિને નોંતરે છે ?'** સાચી ગુરુ-ઉપાસના નથી, એથી આ હાયવરાળ છે. એને ખબર નથી કે જ્યાં તૈયાર કરાતા બાળ મુનિ અવસરે એક દિવસમાં અઢીસો ગાથા ય ગોખી શકે



છે. તર્કશાસ્ત્રનો એવો અભ્યાસ કરે છે કે પંડિત ચકિત થાય છે, 'હેં ? કયા ન્યાય ઉપર દિનકરી ગ્રન્થ પઢતે હૈ ?' સાધુને રખડતા મુકવાથી આ તૈયારી થતી હશે ? એનો એ જ પાષાણ ઘડ્યા વિના તો જાજરૂ ગયા પછી પગ ધોવા કામ લાગે છે, અને જો એના બદલે એ જ પાષાણથી પરમાત્માની મૂર્તિ થઈ હોત તો પૂજ્ય બની જગતના માથા નમાવતું ? કશી ખબર નથી કે કઈ ક્વૉલિટીના સાધુ તૈયાર કરવામાં આવે છે, એ કઈ સાધના કરી રહ્યા છે, એની આ પંચાતી છે; નહિતર જગતના ચોગાનમાં સાધુની બ્રીફ લઈને ન ફરત ?

એક જ વાત છે, ગુરુ પ્રત્યે શ્રાવકનું કર્તવ્ય આજે ભૂલાયું, તેથી કેટલાક સાધુ પણ કર્તવ્ય ભૂલતા દેખાય છે. નહિતર ભગવાનનો સાધુ એટલે ? એને ખાનદાની યાદ હોય, જૈન શાસનની મર્યાદા યાદ હોય, ગુરુનો અનંત ઉપકાર યાદ હોય, એ પછી ગુરુની આજ્ઞા લોપે ? ગુરુનો વિનય ચૂકે ? ગુરુનો સામનો કરે ? લોકમાં ગુરુને હલકા પાડે ? ચાલે છે ને આવું આવું ? ગુરુની ઉપાસના એ શ્રાવકનું કર્તવ્ય, તો શું સાધુનું કર્તવ્ય નહિ ? એણે તો સમજવું જોઈએ કે 'અહો ભાગ્ય મારા કે ગીતાર્થ, સંયમી અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના જ્ઞાતા ગુરુ મને મળ્યા ! એમનો વિનય સેવા કરવાનું મળે છે ! એમનો હુકમ મને મળે છે ! એ મારો પરમ ભાગ્યોદય સૂચવે છે ! આ બધી વાત આવે ત્યારે કેટલાક કહે છે, 'સાહેબ ! આમાં અમે શું સમજીએ ?' કોણ કહે આવું ? જૈન શાસનની સાદી મર્યાદાની પણ જેને પડી નથી, જે બાયડીના ગુલામ છે, ધનના પૂજારી છે, શરીરના નોકર છે, એ કદાચ કહે કે શું ગમ પડે અમને ? જિનશાસનના સેવક આવું ન બોલે. જૈન શાસનમાં ગુરુનું સ્થાન કેવું, તેનો ખૂબ ખ્યાલ રાખવા જેવો છે, ક્યાંક વાંધો દેખાય તો તમને પણ કહેવાનો હક છે. સાધુને પગે લાગીને કહી શકો, 'સાહેબ ! ગુરુ એટલે ગુરુ; એમનો અવિનય, આજ્ઞાભંગ જો આપ કરશો તો પછી અમે ય આપના તરફથી શું શિખીશું ?' અસ્તુ.

ગુરુની ઉપાસનાનું બીજું કર્તવ્ય અદા કરવા ગુરુની ચિંતામણિરત્ન જેવી ઓળખાણ થવી જોઈએ, પછી બધી ઉપાસના સહેલી છે. માટે ઝવેરી બનો. ભીલને ચિંતામણિ મળે તો એ કાચના ટુકડા સાથે સરખાવી, 'મારી બકરીના ગળે બાંધવા કામ લાગશે.' એટલું જ સમજશે અને વર્તશે. શું દુનિયાના બીજા માણસો એવા જૈન ગુરુઓ, જગતના ચેપમાં ફસાતા નહિ. પ્લેગ નીકળે ત્યારે જાતને સંભાળી લેવાની કેવી તાલાવેલી ? છતાં ન ચાલે તો ગામ બહાર જઈ રહેવાય છે. તો આજે દુનિયામાં ગુરુ-અવગણનાનો પ્લેગ ફાટી નીકળ્યો છે, તેમાં ફસાવાનું હોય નહિ. જગતને તો આજે ઝેરી જડવાદના વાયરામાં માત્ર આ લોકની સુખ-સગવડ

અને માન-મર્તબા પર દૃષ્ટિ છે; ત્યારે આપણે તો અધ્યાત્મવાદના પ્રકાશ નીચે પરલોક-દૃષ્ટિને જ મુખ્ય કરી ચાલનારા છીએ; માટે ગુરુ પર ઊભરતી પ્રીતિ-બહુમાન કેળવી એમની સેવા-ભક્તિ-સન્માન સાથે સત્સંગ-ધર્મશ્રવણ કરવામાં બાકી ન રાખીએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૬,અંક-૪૯,તા.૩૦-૮-૧૯૫૮**

## ૩. સત્ત્વાનુકંપા.

સત્ત્વાનુકંપા એ ત્રીજું દૈનિક કર્તવ્ય છે. જીવો પ્રત્યે ભારોભાર દયાની લાગણી એ અનુકંપા. દયા ધર્મનો પાયો છે, ગુણોની માતા છે, ગુણસ્થાનકોની પાયરીએ ચઢવા માટે પાવર (શક્તિ) છે. જેમ જેમ દયા-અહિંસાની માત્રા વધે તેમ તેમ ગુણસ્થાનક ઊંચું ઊંચું આવે છે. શ્રાવકના જીવનમાં રોજનું કર્તવ્ય જીવો પ્રત્યે અનુકંપા છે. હૃદય દયાની લાગણીથી છલોછલ ભરેલું રાખવું જોઈએ. શ્રાવક એટલે દયાળુ. કઠોર નહિ, ક્રૂર નહિ, નિષ્ઠુર નહિ. સમજી રાખવું જોઈએ કે ક્રૂર-કઠોર બનવાના ભવ ગયા ! **આ તો ઊંચો દયાનો-કોમળતાનો માનવભવ છે. એને જો ક્રૂરતા-કઠોરતામાં, ને દ્વેષ-ધમધમાટમાં ગુમાવ્યો તો પછી ભવ કેવો મળશે ?** ત્યારે, ક્રૂર-કઠોરને અહીં પણ શા મોટા લાભ થાય છે ? કદાચ થોડા લાભ દેખાતા હોય તો ય તે ક્રૂરતા-કઠોરતાના હિસાબે સમજતા નહિ. એ તો પૂર્વના પુણ્ય ખવાઈ રહ્યા છે. એ ખૂટયા પછી તો કઠોરતા, રોફ અને રોષ અહીં પણ ભારે પડી જવાના. જીવનનું એક સૂત્ર બનાવી દો કે- **'બધું નભાવીશ, પણ હૈયું કઠોર કે દ્વેષીલું નહિ કરું. દયા નહિ ગુમાવું.'**

**દયા ક્યાં ક્યાં કરવાની ? :-**

શ્રાવકના જીવનમાં રોજની દયા હોય માટે તો **સવારે ઊઠે ત્યારથી શકય દયા-અહિંસાનો ધર્મ ચાલુ.** સંસારના કાર્યો કરતી વખતે જીવની જતના પહેલી. ● ચૂલામાં બળતણ નાખતાં પહેલાં ચૂલો સંભાળી મુલાયમ પૂંજણીથી પૂંજે. ● બળતણ ખંખેરીને જુએ, જીવ તો નથી હોમાઈ જતા ! ● કોલસા પણ વાપરતાં પહેલાં ચાળી લે. ● વાસણ-કૂસણ, ઘડા-ઘડી, પાટલા-બાજોઠ, બધે જ જીવની જતના પહેલી. ● ઝાડુ કાઢવાની સાવરણી પોચી હોય, જેથી કીડી-કીડા, ઘસડાઈ ન મરે. ● સળગતા ચૂલા ખુલ્લા ન રાખે ● પાણી અણગળ ન વાપરે. ● પાણીના સંખારાની બીજા પાણીમાં રક્ષા કરે, ● ધાન્ય બરાબર જોયા વિના ઘંટીમાં કે ચૂલા પર ન ચઢાવે. ● શાક-ફળ એવા હલકા ન વાપરે કે જેમાં ઇયળ વગેરે હોય. ● પાણીયારા વગેરે સાફ હોય જેથી ત્યાં લીલ-ફૂગ ન થાય. ● કપડા ધોવામાં પણ શકય એટલી જીવજતના, માકણ વગેરે સીધા ધોવામાં ન જાય. ● ખાટલા, ગાદલા વગેરે એવી રીતે તડકે ન મૂકે કે જેથી ધોમ તાપમાં માકણ વગેરે શેકાઈ મરે. ● જીવદયાની લાગણીવાળો શ્રાવક ધંધા-રોજગાર પણ કર્માદાનનાં ન કરે.

**ખણતાં પહેલાં ય જીવદયા :-** જીવદયાની કાળજી ક્યાં સુધી રાખવાની, કે શરીરે ખણજ આવી તો અલબત ખણ્યા વિના સહેવાશે નહિ, છતાં ત્યાં તરત ખણી નહિ નાખવાનું, પણ કપડાનો કોમળ છેડો આસ્તેથી પહેલાં ખણજની જગાએ ફેરવવાનો. એમ કરવામાં કેટલી ય વાર જોયું છે કે **રમતું-ખીલતું નિર્દોષ જીવડું કપડા પર કલ્લોલ કરતું આવે છે. આને બદલે સીધું ખણી નાખે તો શું થાય ?... કતલ કે બીજું કાંઈ ?** બિચારાની કેવી દશા ! જેમ ક્રૂર પિશાચના હાથમાં કોઈ જીવ ચોળાઈ જાય એવી જ ને ? **શ્રાવકપણું પાળવાથી મોક્ષની નજીક જવાય; પણ સત્ત્વાનુકંપા હોય તો.** મહારાજને વહોરાવવું છે, એ માટે ખાલી વાસણ હાથમાં લીધું તેને સાડલાદિના છેડાથી લુછી નહિ નાખવાનું, પૂંજવાનું, તો જ જીવની જતના થાય. **'મારા ઘરમાં બેદરકારીથી જીવ-જંતુ ઉત્પન્ન ન થાય; અને થયા હોય તો રાખ, કોરા ચૂના વગેરેનો ઉપયોગ કરૂં જેથી એને અભયદાન મળે.'** -આ ધગશ શ્રાવક શ્રાવિકાની નહિ હોય તો પછી બીજા કોની શોધવી ?

**શાક એ જીવતા જીવ કે મરેલા ? :-**

ઘરમાં ભીંડા-કારેલા આવ્યા. ડોશીઓ બે ભીંડા કે બે કારેલાને જુદા મૂકતી ! કેમ ? **એટલાને અભયદાન !** અંતરમાં જીવદયાના પરિણામ રમતા હોય તો આવી આવી લેશ્યાઓ થાય. એ ન હોય પછી શું થાય ? રસ્તામાં આગળ કોઈ ચાલ્યો એની ઝોળીમાંથી બે ભીંડા બહાર ઊછળી પડ્યા તો એમ થશે કે- 'આ બિચારાના બે ભીંડા ઊછળી પડ્યા !' અથવા 'આ કેવો બેદરકાર ! ભીંડા ઢોળતો જાય છે !' ગમાર છે, ખોટું પેટ બાળે છે ! એમ નહિ થાય કે- 'અહો ! બે ને અભયદાન મળ્યું ! આ સીધા ઘેર જઈને છરી નીચે આવત, કે ચૂલે ચઢત. તેમાંથી બચ્યા !' કેમ આમ ? કહોને, ક્યાં ખબર છે કે **'આ શાકની ઝોળી ભરી લાવ્યા તે જીવતા જીવોની છે, અચિત્ત વસ્તુની નહિ ?'** કહે છે,

**પ્ર.-** આવું બધું જુએ તો ઘર કેવી રીતે ચાલે ?

**પાપ છતાં અલ્પ કર્મબંધ !**

ઉ.- તે જોવામાં, ઘર ઊઠી ગયું ? **દયાના પરિણામ રાખવામાં ઘર અટકી ગયું ? દયાના જ્વલંત પરિણામમાં તો ઘર એવું ચાલે કે ઘર પાપનું ઘર હોવા છતાં**

**આત્માને અલ્પ કર્મબંધ !** બોલો છો ને **'अप्पोसि होई बंधो, जेण न निद्धंधसं कुणइ'**-સમકિતી જીવ નિર્ધ્વંસપણે પાપ નથી કરતો તેથી તેને અલ્પ કર્મબંધ ! **કોમળ પરિણામમાં સાધુપણું સુલભ થાય છે.** કોઈ તેવી દેશનાથી કે સંસારની કોઈ આપત્તિથી વૈરાગ્યનો ઉછાળો માત્ર આવીને સાધુપણું લેવાય એ જુદું અને આવા દયાના પરિણામ રાખી-વધારીને આવેલું સાધુપણું જુદું. વૈરાગ્યનો ઉછાળો તો અહીં પણ આવે કે **'આ ઘર-સંસાર ? સવારથી જાગ્યા કે જીવોને માર-માર કરવાનું જીવન ! તોબાહ આ સંસારથી !'**

**માનસિક હિંસા કેટલી ? :-**

જુઓને જીવ મફતિયાં પાપ મનથી કેવા બાંધે છે ! કોઈનો બંગલો જોયો, ઝટ મનને થાય છે, 'અહો ! બંગલો સારો બનાવ્યો !' શું ધૂળ સારો બનાવ્યો ? બનાવવામાં જે જીવોના મહાન આરંભ-સમારંભ થયા તેનું પાપ, અનુમોદના કરીને, તું શું કામ માથે લે છે ! એમ વિચાર ને કે- **'અરે કેટલાય અસંખ્ય જીવોના કચ્ચરઘાણથી આ ઊભું થાય છે ! તો હું ભાગ્યશાળી કે બચ્યો છું !'** વિચાર તો આ ય ખરો, ને પેલો ય ખરો, પણ પેલામાં પાપનાં પોટલાં ઉપાર્જવાના ! દીન બનવાનું ! પળે પળે ધર્મ યાદ થાય એવું હોવા છતાં ધર્મ ભૂલવાનો ! 'આ ભાગ્યશાળી છે' એવું કોઈ ધર્માત્માને જોઈને નહિ પણ પાપાનુબંધી પુણ્ય ભોગવનારને જોઈને માનવાનું !... વગેરે વગેરે. ત્યારે **દયાના વિચારમાં પાપથી બચાવ ! બચાવનારા દેવ, ગુરુ અને ધર્મ મળ્યાની અનુમોદના ! દીન બનવાને બદલે ધર્મનું ગૌરવ અનુભવવાનું ! બંગલાવાળાની પણ દયા આવે, 'બિચારો કચડાઈ રહ્યો છે !'** ડગલે ને પગલે સાવધાન ન રહે એને તો કોઈની મોટર, કોઈના મિલ કારખાનાં, ડામરી કે સિમેન્ટ-ક્રોંક્રિટની સડકો, પૂલ, બગીચા, એવું કેઈ-કેઈ જોઈને મનમાં હિંસાની ઘોર અનુમોદનાના પાર નહિ ! જુઓ તો અહીં હિંસામય કાર્યોની પ્રશંસા કરવા કોણ બાંધી મારે છે ? કોઈ જ નહિ, **કમમાં કમ મનથી તો તમે છૂટા છો, ધાર્યા સારા વિચાર કરી શકત.** શું બગીચો-ખેતર વગેરે જોઈને એમ ન વિચારી શકાય કે- **'અહોહો ! કેટલા બધા જીવો બિચારા આ બગીચામાં કે ખેતરમાં કેદ પૂરાયા છે ! પાછો માળી કે ખેડૂત શસ્ત્ર લઈને એને કાપવા-લણવા નીકળી પડશે !'**

**આજની ઘોર હિંસાના ચામડાં, દવાઓ :-**

વાત એક જ છે કે મહાન ભાગ્યોદયે વીતરાગ-સર્વજ્ઞ પ્રભુના ધર્મશાસ્ત્રમાં જીવોની ઓળખ પામ્યા છો તો જીવદયાની લાગણી જ્વલંત વિકસાવો. પછી હિંસક ચામડાની વસ્તુઓ, હિંસક દવાઓ, હિંસક ઇંજેક્શનો વગેરે વાપરવાનું મન



નહિ થાય. આજે કેટલી ક્રૂરતાથી ચામડાં તૈયાર થાય છે ? જીવતાં ગભરૂ વાછડા વગેરેને બાંધી ઉપર ઊકળતા તમ-તમતા પાણી નાખે છે, જેથી લોહી ઉપસી આવે ! પાછા ઢોરને ધોકાથી કૂટે છે, જેથી જીવતા શરીર પર ચામડાં સુંવાળા થાય ! અને પછી જીવતા જીવની ચામડી ઊઝરડે છે ! નરક જેવા ઘોર ત્રાસ ને ? અને એ ચામડાના બૂટ-પાકિટ વગેરે વાપરવાનું મન તમને થાય ? શરમ નથી આવતી કે હું આટલો બધો આંખમિંચામણા કરનારો નિષ્ઠુર ? ત્યારે આજની કેટલીક ડૉક્ટરી દવા-ઇંજેક્શનો અને પેટંટ ટોનિકો આવે છે એમાં શું છે ? વાંદરા, સસલા, માછલા વગેરે પ્રાણીઓ પર કારમા સીતમ વરસે છે, ત્યારે એ તૈયાર થાય છે ! આપણને નજરે નથી દેખાતું, બસ તૈયાર દવા આવી, વાપરી લો, આ કઠોરતા આત્માને ભાવી કેટલાય દીર્ઘ કાળ માટે એવો અયોગ્ય બનાવી દે છે કે ધર્મ સૂઝે જ નહિ. ત્યારે મિલના કપડામાં ચરબીનો લોટબંધ ઉપયોગ, એનો વિચાર પણ કમકમાટી ઊપજાવે એવો છે. જેમ ધાન્ય પકવવાના ખેતર, એમ અમેરિકામાં ચરબી માટે ઢોરો પકવવાના ખેતર હોય છે ! ક્રૂર રાક્ષસી કતલખાના ચાલે છે ! જેનાં વર્ણન સાંભળતાં કમકમાટી ઊપજે ! રોજના ૧૦ હજાર ઢોર હારબંધ કતલખાનામાં ચાલ્યા આવે છે ! ત્યારે આજના કેટલાકમાં હવે ઈંડાનો પ્રચાર શરૂ થઈ ગયો છે ! સારા ઘરના છોકરા ઇરાની રેસ્ટોરાંમાં દેખાય એ શું ?

દયા-અહિંસાના ભૂક્કા ઊડવા માંડ્યા છે. એવા આ જંગલી વાતાવરણમાં શ્રાવકપણાનું ત્રીજું કર્તવ્ય જીવો પર અનુકંપા ખૂબ ખીલવો, ધરખમ દયાના પરિણામ જીવતા કરો. પહેલાં કહેલી અનેકાનેક બાબતો ફરી વિચારો અને એમાં દયાની લાગણી તેજવંત બનાવો,

## (૪) શુભપાત્ર-દાન.

ચોથું રોજનું કર્તવ્ય શુભપાત્રમાં દાનનું છે; અર્થાત્ સુપાત્રદાનનું છે. સુપાત્રદાન કરવાનું તો અનુકંપાદાન નહિ ? ખરું, પણ ત્રીજું કર્તવ્ય જે જીવદયા, એમાં એ આવી ગયું. તો પ્રશ્ન થશે કે ગુરુની ઉપાસનાના બીજા કર્તવ્યમાં આ ન આવ્યું ? ઉત્તર એ છે કે ઉપાસનામાં સેવાભક્તિ, વન્દન, આદર-બહુમાન વગેરે આવે છે. દાન પણ આવી શકે, પરન્તુ સુપાત્રદાન એક મહાન કર્તવ્ય છે; બીજી ઉપાસના કદાચ ઓછી બની કે ન બની શકી તો ય સુપાત્રદાનની ઉપાસના અવશ્ય કરવી જોઈએ; એ સૂચન છે. વળી અપેક્ષાએ વિચારીએ તો સુપાત્રમાં સાતે ય ક્ષેત્ર સમજવાના છે. જિનમૂર્તિ-જિનમંદિર-જ્ઞાન-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા, એ સાત ક્ષેત્ર છે. દાનના એ ઉત્તમ પાત્ર છે, માટે સુપાત્ર.

સુપાત્રદાનનો મહિમાં અજબ છે. આમે ય દાન એ ગૃહસ્થોનો પ્રથમ નંબરનો

ધર્મ છે; માટે તો દાન-શીલ-તપ-ભાવમાં એને પહેલુ મૂક્યું. યોગની પૂર્વ સેવામાં પણ દાનને અગત્યનું સ્થાન છે. અભયદાન મહાન ગણાય છે એ પણ દાનધર્મની વિશેષતા છે. આમ છતાં ગૃહસ્થ અભયદાનમાં એટલો પ્રારંભથી આગળ નથી વધી શકતો જેટલો સુપાત્રદાનમાં વધી શકે છે.

સુપાત્રદાનનો પ્રભાવ અદ્ભુત છે. થાળી ખીરના દાને **શાલિભદ્રની** સમૃદ્ધિ અપાવી. મહાવીર પ્રભુના જીવ **નયસારે** જંગલમાં જૈન મુનિની ઓળખાણ નહિ છતાં એમને દાન દીધું તો પ્રથમ સમ્યગ્દર્શન પામ્યા. એવું જ, ઋષભદેવ ભગવાનનો જીવ **ધના સાર્થવાહ** સુપાત્રદાનથી પહેલું સમ્યક્ત્વ પામ્યા. **દમંયતીના** જીવે પૂર્વ ભવમાં મુનિને દાન દીધેલું, તો ઊંચી આવી. દાનથી ધર્મ પ્રત્યે કૃતજ્ઞતા પણ બજાવાય છે. ધર્મે અહીં માનવ-ભવથી માંડી કેટકેટલું આપ્યું છે, તો એની કૃતજ્ઞતાની રૂએ પણ ધર્મને દેવું જોઈએ ને ? **વસ્તુપાલ-તેજપાલના** રસોડે રોજ સેંકડો સાધુ-સાધ્વીજી તથા સેંકડો બીજાઓને દાન દેવાતું. સુપાત્રદાનની અહીં મહાન તક મળી છે તો સમજી રાખવું જોઈએ કે-'મળેલી સંપત્તિ જાત અને કુટુંબ-કબીલાના પોષણમાં તો તણાઈ જ જવાની છે; એમાંથી સુપાત્રદાનમાં જેટલી વળાય તેટલી વાળું ! વિષય-કષાયની આગમાં હોમાઈ સળગી જવાની છે; જેટલી દેવ-ગુરુ-ધર્મના ચરણે ધરાઈ એટલી ઉત્તમ !'

સાધુ-સાધ્વી એટલે મહાવ્રતધારી, બ્રહ્મચારી, ત્યાગી, સંયમી, જ્ઞાન-ધ્યાનમાં જ રક્ત. એમને દાન એટલે શું સમજો છો ? એ બધાં ધર્મનાં પોષણ ! બધાં ધર્મની અનુમોદના ! કેટલી ઊંચી કમાઈ ! માટે જ ધ્યાનમાં રાખવાનું કે એમને દાન માટે તલસવા છતાં કદાચ દાનનો અવસર ન મળ્યો તો એમના પર ગુસ્સે નહિ થવાનું. એમને વિનંતિ કરવા જવાનું, પરન્તુ એ બીજે ફરતાં કદાચ ન આવ્યા, તો એવો વલોપાત નહિ કરવાનો કે 'ભાઈ ! શું કરીએ ? વિનંતિ તો ઘણી કરી, પણ નથી આવતા ! ભગતના ઘેર જાય, મોટાના ઘરે જાય, આપણા ઘેર શાના આવે ?... આ અમે ટાંગા તોડીને મરી ગયા...' આ બધાં ગુસ્સાનાં વચન છે, આળ, આક્ષેપનાં વચન છે. એમાં ભક્તિ દૂર ભાગે અને આશાતનાનાં પાપ લાગે ! એવા પ્રસંગમાં તો માત્ર પોતાની કમનસીબી વિચારવાની, દાનાંતરાયનો ઉદય માનવાનો, દાનધર્મ સુલભ નથી, દુર્લભ છે, મહાકિંમતી છે.' એ વિચારવાનું; ફરીથી દાનના પ્રસંગની ઝંખનામાં રહેવાનું. **જીરણ શેઠે** ઘણી ઘણી વિનંતિ કરેલી, છતાં મહાવીર પ્રભુએ બીજે લાભ આપ્યો ને અહીં ન પધાર્યા તો જીરણ શેઠ અત્યાર સુધી જે દાનની ભાવનામાં ચઢ્યા હતા કે 'હમણાં પ્રભુ પધારશે, હું આવી-આવી રીતે દાન દઈશ. પછી પ્રભુને વોળાવા જઈશ, વ્રત પચ્ચક્ખાણ કરીશ...' અને એમાં બારમા દેવલોક સુધીના પુણ્ય ઉપાજર્યા હતા,



તે હવે પ્રભુને દાન દેવાયાની દુંદુભિ સાંભળતાં આઘાત પામ્યા, તો ભાવનાની ધારા અટકી; બારમા દેવલોકથી ઉપરના પુણ્યમાં જતા અટકયા ! માટે ખોટા ઉદ્વેગ નહિ કરવાના; દ્વેષ-અરુચિ નહિ કરવાની અને સુપાત્રદાનના ઉલ્લાસને વધતો રાખવાનો તે તારણહાર છે; ત્યારે દ્વેષાદિ મારનાર છે.

## (૫) ગુણાનુરાગ.

પાંચમું દૈનિક કર્તવ્ય ગુણાનુરાગ છે. બીજાના ગુણો પર અનુરાગ, પ્રેમ એ બધી ધર્મસાધનાને સુવાસિત કરે છે. ત્યારે અરુચિ, અસહિષ્ણુતા, દ્વેષ, નિંદા વગેરે બધી ય ધર્મસાધનાને કલંકિત કરે છે. બીજાનાં તપ, ત્યાગ, જ્ઞાન, ધર્મક્રિયાઓ વગેરે દેખી જો અરુચિ, ઈર્ષ્યા થાય છે, તો એનો અર્થ એ કે ગુણો પર પોતાને વાસ્તવિક બહુમાન નથી. બહુમાન હોય તો એમ થાય કે આ ગુણો જીવમાત્રમાં ખૂબ વધો. **ભગવાને ગુણોનો આ માલ દેખાડ્યો છે તે કાંઈ આપણને એકલા પોતાને એનો સર્વ હક યા શ્રેષ્ઠ હક ધરવા માટે નહિ. કિન્તુ સૌ કોઈને સમાન હકદાર બનાવવા માટે.** જો ગુણો પર આપણને ખરો પ્રેમ છે તો તો સૌ કોઈ એ પામે, વધારે, અને પરાકાષ્ઠાએ પહોંચે એવી ભાવના આપણા દિલમાં સદા રહે.

બીજી વાત એ છે કે દુનિયામાં દોષોનો દુકાળ નથી, ગુણોનો દુકાળ છે. એવા ગુણોના દુકાળવાળી દુનિયામાં ગુણો જોવા મળે એ તો આપણું મહાન અહોભાગ્ય ગણાય ! ત્યાં પછી ઈર્ષ્યા, અરુચિ થવી જોઈએ કે પ્રીતિ ? **સહરાના રણમાં મીઠા પાણીની વાવડી જોવા મળે તો આશ્ચર્ય થાય છે, 'અહો ભાઈ ! અહીં મીઠું પાણી છે !'** એમ ગુણાનુરાગથી બીજા ગુણીયલ માટે એમ આશ્ચર્ય સહિત પ્રીતિ ઊભરાય, **'અહો ! આ પાપભરી દુનિયામાં અહીં ગુણ જોવા મળે છે !'**

**હૉસ્પિટલના દૃષ્ટાન્તથી ગુણાનુરાગ :-**

કેટલીકવાર માણસ ભૂલ ખાય છે તે કોઈનામાં એક બાજુ દયા-દાનાદિ ગુણ કે દેવપૂજા પ્રતિક્રમણાદિ ધર્મ જુએ ને બીજી બાજુ એનામાં જ ગુસ્સો, અનીતિ વગેરે જુએ, ત્યાં ગુણદ્વેષ કે ધર્મદ્વિષ કરી બેસે છે ! કેમકે એ તડૂકી ઊઠે છે, 'આ જોયો દયાળુ ? જોયો ભગતડો ? ગુસ્સાખોર છે ગુસ્સાખોર, અનીતિખોર છે, અનીતિખોર છે, અનીતિખોર ! દહેરામાં મોટા રાગડા કાઢવા છે, ગુણ કે ધર્મના ડોળ કરવા છે, ને બહાર કાળા ધોળા કરવા છે ! શા માલ બળ્યા'તા એના દયા-દાનમાં કે પૂજા-પડિક્કમણામાં ?...' ક્યાં પહોંચ્યો ? ઠેઠ ગુણ અને ધર્મ પર ઘા કરવા સુધી ! પણ એને ક્યાં ખબર છે કે-**'મારા લાલ ! દુનિયામાં ગુણહીન ને ધર્મહીન બીજા ગુસ્સાખોર ને કાળા-ધોળા કરનારા લાખ્ખો કરોડો છે; તેમાંથી એમ સમજ કે, આ ભાગ્યવાન એટલો બચ્યો** કે થોડો ગુણ કે ધર્મ કરવા સુધી

આવ્યો ! ત્યારે, **શું જીવને અનંતાનંત કાળથી વળગેલા ગુસ્સો, અનીતિ વગેરે દોષો અને પાપો એવા સુંવાળા છે કે અહીં થોડો ગુણ કે ધર્મ કરતા થયા કે એ ભાગી જાય ?** એને ભગાડવા માટે તો ગુણો અને ધર્મનો અભ્યાસ જીવનોના જીવન કરવા પડશે ! **જેમ કોઈ હૉસ્પિટલમાં અનેક દરદોભર્યા દરદીઓ હોય, ને ત્યાં કોઈ બે ચાર દરદીઓને અનેક દરદોમાંથી કોક ખાંસી, તાવમાં રાહત થતી દેખાયી, તો તે જોઈને એમ નથી થતું કે-'જોઈ-જોઈ એની રાહત ? હજી તો પેટમાં કચરો અને છાતીમાં કફ ભર્યો છે અને રાહતના દેખાવ કરવા છે !' ત્યાં તો આનંદ થાય છે કે-'સારું થયું. આટલી રાહત તો છે !'** એવું અહીં પણ આનંદ અનુભવવાનો છે કે આ ભાગ્યવાનને અનેક દોષોની વચમાં આટલો ગુણ કે ધર્મ પ્રાપ્ત થયો !

**ગુણાનુરાગથી સીધી ખતવણી :-** થોડા પણ આરોગ્યની જેમ થોડા પણ ગુણ કે ધર્મ ઉપર પ્રીતિ હોય, અનુરાગ હોય તો આવી સીધી ખતવણી થાય; **ગુણાનુરાગમાં પુણ્યના ચોપડે ખતવણી થાય. પદાર્થ કે પ્રસંગ એનો એ, ખતવણી કરવાની ખૂબી ! રૂપિયા હજાર એના એ, પણ એ મગનભાઈને બદલે છગનભાઈના ખાતામાં જમા કરો તો ?** એમ આ ગુણયુક્ત દોષવાળાને જોઈને ગુણાનુરાગ ને બદલે ગુણદ્વેષની ખતવણી કરો તો ? શું ? એથી પાપનો ભાર વધે ! આપણા અનાદિના કુસંસ્કાર વધે ! ગુણાનુરાગને બદલે ગુણદ્વેષથી ખતવણી તો ભયંકર છે, ગરદને મારનાર છે ! આંતરડા ખેંચી કાઢે એવી છે ! કેમકે પછી તો ભવાંતરે ગુણ અને ધર્મ મળવાના ફાંફાં ! એટલે જ દોષો અને પાપોનો પાર નહિ ! પરિણામે દીર્ઘ દુર્ગતિમાં કારમી રિબામણ !

**ગુણ ન રીસાઈ જાય માટે ય ગુણાનુરાગ જરૂરી :-** માટે જ ધર્મના અને ગુણના પક્ષપાતી બનો; કેમકે ભલે બીજાના પણ ધર્મ કે ગુણો હોય, છતાં તેના ઉપર દ્વેષ-અરુચિ કરવાથી ધર્મ અને ગુણો રીસાઈ જાય છે, આપણામાં કાં હોય તો ચાલ્યા જાય છે, અથવા ન હોય તો આવતા નથી. ત્યારે ધર્મ વિના રક્ષણ નથી, ગુણો વિના ઉદ્ધાર નથી; એ નક્કી સમજી રાખો. એ ન રીસાઈ જાય, ભવોભવ મળતા ન અટકી જાય એ માટે પણ અહીં દ્વેષ, અરુચિ, ઈર્ષ્યા ટાળી હૃદયમાં ગુણાનુરાગ કેળવવાની અને ઝળહળતો રાખવાની ખાસ જરૂર છે. ગુણો અને ધર્મ તો ભગવાન ઋષભદેવ ભગવાનની ભેટ છે; એમણે એ જગતને શિખવ્યા. પછી તો નવા નવા મતોના ફાંટા નીકળ્યા, એ મતોએ પણ અહિંસાદિ ધર્મ અપનાવ્યા, ક્ષમાદિ ગુણો સ્વીકાર્યા, એટલે જ બીજે પણ આજે એ જોવા મળે છે.

**ધર્મ પ્રશંસા એ બીજ હોવાથી ગુણાનુરાગ જોઈએ જ :-** બાકી તો જીવને અનંતાનંત કાળથી દોષનો જ પક્ષપાત હતો, દોષોના જ જીવન હતા. તે હવે



નિમિત્ત પામીને ગુણોની અને ધર્મના તરફ આકર્ષાય છે. એની તરફ સદ્ભાવથી નજર નાખે છે, એની પ્રશંસા કરે છે. અહીં ધર્મનો પાયો રચાય છે. ધર્મનું બીજ પડે છે. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે કે-**'ધર્મ-પ્રશંસા એ ધર્મનું બીજ છે.'** જેમ જેમ તમે બીજાનો ધર્મ અને બીજાના ધાર્મિક ગુણ જોઈ પ્રશંસા કરો તેમ તમે ધર્મ અને ગુણોનાં બીજ કમાઈ રહ્યા છો. કેટલી સસ્તી કમાઈ ! **પાઈનો ખર્ચ નહિ. શરીરનો શ્રમ નહિ. એટલો સમયનો ભોગ આપવાનો નહિ, છતાં ગુણ-પ્રશંસા, ગુણાનુરાગથી ઊંચી કમાઈ ! ધર્મબીજ આવે તો જ આગળ અંકુર વગેરે થઈ સમ્યક્ત્વાદિ ફળની આશા રાખજો.** બીજ માટે ગુણદ્વેષ ન ચાલે, ગુણાનુરાગ જ જોઈએ. એ બીજ પડ્યું એટલે તો પછી વૃક્ષનું ચાલ્યું કામ આગળ ! પણ તે વિના નહિ.

**સર્વની પહેલી ભૂમિકામાં પહેલો ગુણાનુરાગ :-**

કોઈ ગુણ સિદ્ધ કરવાની પહેલી ભૂમિકામાં ગુણનો અનુરાગ હોવો જોઈએ, ચાહ્ય તે ધર્મ કે ગુણ બીજામાં હોય. બીજાના સામાયિકના જો પ્રશંસક નથી, તો સામાયિકના અધિકારી નથી, બીજાના તપના જો પ્રશંસક નથી તો તપ સિદ્ધ કરવાના અધિકારી નથી, બીજાના જ્ઞાનના જો પ્રશંસક નથી તો જ્ઞાન સિદ્ધ કરવાના અધિકારી નથી. બીજાની પ્રભુભક્તિના જો પ્રશંસક નથી તો ભક્તિ સિદ્ધ કરવાના અધિકારી નથી, ગુણની પ્રશંસા, ગુણાનુરાગ પહેલા જોઈએ. પોતાનામાં **સો દોષ હોય પણ આ એક ગુણાનુરાગનો ગુણ એવો છે કે એ પેલા દોષોને નિર્બળ કરે છે.** માત્ર ગુણાનુરાગ સાચા દિલનો જોઈએ.

## • ગુણાનુરાગનાં દૃષ્ટાંત •

ગુણાનુરાગથી **કૂરગડુ ઋષિ** કેવળજ્ઞાન પામ્યા, ત્યાંસુધી માસખમણી મુનિઓ ગુણાનુરાગને બદલે તિરસ્કાર ધરતા હતા, એ તો જ્યારે પેલા મહર્ષિને કેવળજ્ઞાન થયું, દેવ આવ્યા અને તપસ્વીઓને ખબર પડી ત્યારે પસ્તાયા, ને હવે ગુણાનુરાગ પર ચઢ્યા ત્યારે એમને પણ કેવળજ્ઞાન થયું. **શીતલાચાર્ય** પણ પહેલાં તો ભાણેજ મુનિના ગુણાનુરાગને બદલે અભિમાનમાં ચઢ્યા હતા, પણ એમને ય જ્યાં એ મુનિઓને કેવળજ્ઞાન થયું છે એવી ખબર પડી અને ગુણાનુરાગ સાથે આત્મ-પશ્ચાત્તાપમાં ચઢ્યા ત્યારે એમને ય કેવળજ્ઞાન થયું. બાહુ-સુબાહુ ઉપર **પીઠ-મહાપીઠે** ગુણાનુરાગને બદલે સહેજ ઈર્ષ્યા કરી તો આમ તો અનુત્તરવાસી દેવ બનવાની આરાધનાથી એ દેવ બન્યા, પરંતુ પછી બાહુ-સુબાહુ એ ભરત-બાહુબલી બન્યા ત્યારે પીઠ-મહાપીઠ બ્રાહ્મી-સુંદરીપણે સ્ત્રીનો અવતાર પામ્યા. **ધનાજીના ઉપર**

**ભાઈઓ** ગુણાનુરાગને બદલે ભારોભાર ઈર્ષ્યા ધરતા હતા તો અનેકવાર ધનાજી એમની પાસે કરોડોનું ધન મૂકી જવા છતાં એ ભિખારી થાય, અને ધનાજી એ બધું મૂકી પહેર્યે લૂગડે ચાલી જવા છતાં ધનાઢ્ય બનતા.

**કૃષ્ણ-વાસુદેવનો** ગુણાનુરાગનો પ્રસંગ જાણો છો ને ? રસ્તે જતાં કોહીને ફદફદી ઊઠેલ કૂતરીના મડદાને જોઈ દુર્ગંધથી હજુરિયાઓ નાકે કપડાનો ડૂચો ધરે છે, ત્યારે કૃષ્ણ ટગર ટગર જોઈ કહે છે, 'જુઓ કૂતરીના દાંત કેવા ચકચકિત સફેદ મોતીના દાણા જેવા શોભી રહ્યા છે !' **સારું જ જોવાની વૃત્તિ હોય તો ગુણના દર્શન અને ગુણનો અનુરાગ થાય.** કૃષ્ણને દેવતાએ એ ગુણાનુરાગ પર ષડ્માસી રોગહારી ભેરી ભેટ આપી. અગ્નિશર્માનો જીવ કેટલાય ભવોમાં સમરાદિત્યના ઉત્તમ જીવના પ્રસંગમાં આવ્યો, પરંતુ ગુણાનુરાગને બદલે દ્વેષ ધરનારો બન્યો તો અંતે અનંત સંસાર ઉપાર્જનાર બન્યો; ત્યારે સતત ગુણાનુરાગ ધરનાર **સમરાદિત્યે** અંતે મોક્ષ સિદ્ધ કર્યો.

શ્રાવકનું પાંચમું કર્તવ્ય ગુણાનુરાગ ખાસ ધ્યાન રાખી રોજીંદા જીવનમાં અને ડગલે ને પગલે ખૂબ કેળવવા જેવું છે.

## (૬.) આગમ-શ્રવણ.

શ્રાવકનું દૈનિક છઠ્ઠું કર્તવ્ય જૈન આગમ એટલે કે જિનવાણી, જૈન શાસ્ત્રોનું શ્રવણ કરવાનું. જીવને અનાદિના કુસંસ્કારો, વિષય-કષાયનાં સાધન અને પ્રવૃત્તિઓ, કુસંગ દેખાદેખી, અને પાપવાણીનાં શ્રવણ... એ બધાથી વધુ ને વધુ મોહમૂઢ રહેવાનું થાય છે, અને મોહની પ્રવૃત્તિઓમાં ગળાબૂડ ડૂબ્યા કરવાનું બને છે. એમાંથી બચવા માટે જિનવાણીનું શ્રવણ અત્યંત જરૂરી છે.

**જિનવાણી-શ્રવણના લાભ :-**

**જિનવાણીના શ્રવણથી એ કુસંસ્કારો પર તિરસ્કાર છૂટે છે.**

**શાસ્ત્રશ્રવણથી વિષય-કષાયનાં સાધન અકારાં લાગે છે, અને એની પ્રવૃત્તિમાં પુરુષાર્થની બરબાદી દેખાય છે !**

**શાસ્ત્રો સાંભળે તો સમજી શકે કે કુસંગ પોતાને કયાં ઝેર પાઈ રહ્યો છે !**

**પ્રભુની વાણી એવું બળ આપે છે કે જેથી પાપોમાં અને મોહમાં દેખાદેખી ભળવાની હવે તૈયારી નથી.**

**જિન-વચનના શ્રવણ જ્ઞાનદૃષ્ટિ ખોલી આપે છે અને તેથી મોહમૂઢતા ટળે છે.**

**જિન-વાણી તો સુવર્ણરસ છે, એ મિથ્યાત્વરૂપી લોઢાને ફેરવીને સોના જેવું સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.** એ જ વાત આત્મારામજી મહારાજ કહે છે,

**'જિનવાણી રસ કનક-કરણ કો, મિથ્યાલોહ ગમાઈ...'**



**આગમનું શ્રવણ આત્માની ઓળખ કરાવે છે. સત્ય તત્ત્વો સમજાવે છે, કર્મની કુટિલતા અને ધર્મનો અચિંત્ય પ્રભાવ બતાવે છે, સંસારના વિવિધ દુઃખ અને દુર્દશા સમજાવે છે, દાન,-શીલ-તપ-ભાવરૂપ, અહિંસા-સંયમ-તપોમય, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના મોક્ષમાર્ગ સ્વરૂપ, પંચાચારના પાલનમય, સંવર અને નિર્જરા પ્રધાન, મૈત્રી આદિ આઠ યોગદૃષ્ટિમય, અધ્યાત્માદિ પાંચ યોગમય... યાવત્ સ્વાત્મરમણતા, ને સ્વાત્મશુદ્ધિ સ્વરૂપ ધર્મના જ્વલંત પ્રકાશ આપે છે,**

**જિનભક્તિની જેમ જિનવાણી-શ્રવણ રોજ જોઈએ :-**

આગમ શ્રવણનો મહિમા અને પ્રભાવ અદ્‌ભુત છે. માટે જ બીજા બધાં ધર્માનુષ્ઠાન આચરવાના ખરા, પરંતુ **જ્યાં સુધી આપણી આસપાસ મોહતણા રોણિયા ભમે છે ત્યાંસુધી જિનવાણી-શ્રવણના બખ્તર વિના ન રહેવાય,** સમજી જ રાખવું જોઈએ. કે એના વિના આ સંસારમાં અમારી સલામતી નથી. **ઊંચી ઊંચી કોટિના ભાવોલ્લાસ જગાડવાની અપૂર્વ તાકાત જિનવાણીમાં છે.** કેટલાક કહે છે, 'મારે ભગવાનની પૂજામાં બે કલાક થાય છે, હું તેથી વ્યાખ્યાને નથી આવતો.' ત્યારે પૂજા કરનારા કેટલા એવા દેખાય છે કે ભગવાનની પૂજા કર્યા પછી બહાર નીકળી એ જ ભગવાનના સાધુની નિંદામાં કે જિનકથિત ધર્મક્રિયાની નિંદામાં ટાપસી પૂરે છે ! કેમ આમ ? મૌન ભગવાન પાસેથી એ બિચારા ઊંચી ઊંચી પ્રેરણા લઈ શકતા નથી. વાત પણ સાચી છે કે **ભલે પૂજા રોજ કરે પણ પૂજામાં ભાવોલ્લાસ વધતા ચાલે એના ઉપાય, એને શાસ્ત્રશ્રવણ વિના કયાંથી જડે ?**

શ્રવણ વિના પ્રેરણા (Inspiration) ન મળે. શ્રવણ ન કરે તો **ઊંચી ઊંચી વિધિની ખબર ક્યાંથી જડે ?**

**નિરંતર જિનવાણીનું શ્રવણ કર્યા વિના વિશિષ્ટ કોટિની જિનભક્તિ માટેની ધનની ઉદારતા ક્યાંથી જાગવાની ?**

**આશાતનાની સમજ અને નિવારણ ક્યાંથી થવાના ? જિન, જિનવચન અને જૈન સંઘ પ્રત્યે અથાગ પ્રેમ ક્યાંથી ઊભરાવાના ?**

**આત્માના કેઈ દોષો, કેઈ કષાયો, કેઈ મિથ્યા માન્યતાઓ, કેઈ પાપો, ઓળખાવાના ય ક્યાંથી અને છોડાવાના ય કયાંથી ?**

**ત્યારે આ બધાની ઉપેક્ષા કરીને કરેલી પૂજા એ શી રીતે ભવપાર કરી આપે ? માટે રોજ શાસ્ત્રશ્રવણ જોઈએ.**

**ગણધર ભગવાન પણ રોજ જિનવાણી સાંભળે છે.**

**ધર્મશ્રવણ અને તત્ત્વશ્રવણ એ તો અમૃતરસનાં પાન છે.** જિનવાણી એ અમૃત પીરસે છે. માટે જ જુઓ કે ગણધર ભગવાન ગૌતમસ્વામી સ્વયં દ્વાદશાંગીને

રચનારા, પાછા એ અવધિજ્ઞાન, મનઃપર્યાયજ્ઞાન સુધીના ચાર જ્ઞાનના ધણી, એ પણ ભગવાનની વાણી સાંભળે છે. માણસ ગમે તેટલું ભણ્યો હોય, પણ અવસરે એથી જે ઝણઝણાટી નથી થતી એ ગુરુના મુખેથી સાંભળતાં થાય છે. ત્યારે ગણધર ભગવાન જેવાને પણ જિનપ્રવચન સાંભળવાનું ખરું, તો આપણને નહિ ? આપણે એ વિના જ ક્ષપકશ્રેણિ માંડીને વીતરાગ સર્વજ્ઞ થઈશું ?

**અકબરને ચિંતા થઈ ? :-**

ખબર છે ને વિજય હીરસૂરીશ્વરજી મહારાજને વિહારનો સમય આવ્યો ત્યારે મુસલમાન અકબર બાદશાહે શી માગણી કરી ? એ જ કે-'પ્રભુ ! આપ જાઓ છો તો મને ધર્મનો ઉપદેશ કોણ સંભળાવશે ? માટે આપના આચારની તો આડે ન આવું, પરન્તુ કોઈ સમર્થ મહાત્માને મારા માટે અહીં મૂકતા જાઓ.' જૈન શાસ્ત્રોનો ઉપદેશ સાંભળવાની એક મુસ્લિમ રાજાને કેટલી ધગશ ? પણ તમારે નહિ ! કેમકે તમે ક્યાં મુસલમાન છો ? તમે તો શ્રાવક છો; અને શ્રાવક એટલે તરી જ ગયેલા ને ? અથવા **પરલોકમાં શ્રાવકની લાગવગ લાગે અને મુસ્લિમની ન લાગે માટે મુસ્લિમને અવશ્ય ધર્મશ્રવણ જોઈએ. શ્રાવકને નહિ, એમ જ ને ?** અકબરને ઓળખો છો ને ? એક વખતનો મહાશિકારી, ભયંકર જુલ્મગાર, માંસાહારી, અને ક્રૂર હૃદયવાળો ! એવા એને વારંવારના ધર્મશ્રવણે પલાળી કોમળ બનાવી દીધો, મુસ્લિમ રાજ્યમાં પણ વરસમાં છ માસ જેટલી 'અમારી' (અહિંસા)નો પટહ વજડાવ્યો.

**રોજ એનો એ ઉપદેશ સાંભળવો ? :-**

આગમ-શ્રવણ શું કામ ન કરે ? કેટલાકને એમ થાય છે કે-'મહારાજ રોજ નવું શું કહેવાના હતા ? એનું એ પિંજણ સાંભળતા કંટાળો ન આવે ?' ત્યારે **'પ્રશમરતિ'**માં ઉમાસ્વામીજી મહારાજે સમજાવ્યું છે કે જીવનમાં એનું એ પિંજણ ઘણું ચાલે છે, છતાં જીવને એમાં પુનરુક્તિ જેવું નથી લાગતું, કંટાળો નથી આવતો. **ભોજન** એનું એ રોજ ચાલે છે. રોજ રોટલી-દાળ-ભાત-શાક-કપડાં એનાં એ હોય છે ! **નોકરી,** ધંધો-વેપાર એના એ રોજ કરાય છે ! **પૈસા** લઈ આવો તો શું રોજ ટંકશાળમાંથી નવી જ કાઢેલી નોટો લઈ આવો કે કેઈની પાસે ફરી વળેલી એની એ જ લાવો છો ? **રોટલી રોજ એની એ, નોટો રોજ એની એ, સગાં-વહાલાં રોજ એનાં એ પાલવે ! ત્યાં કંટાળો નથી,** ને અહીં જિનવચનનું અમૃત લેવામાં એનું એ પિંજણ લાગે છે ?

'સાહેબ, દર વર્ષે એનું એ કલ્પસૂત્ર ?'

'અરે, ભાઈ ! તારું જીવન એનું એ દર વરસે શું, દર મહિને, એનું એ



કેટલાયની આગળ ગાવા ઇચ્છે છે ! તો આ તો તીર્થંકર ભગવાનનાં ચરિત્ર ! આપણા પર અનંત ઉપકાર કરનાર શ્રમણ ભગવાન મહાવીર પ્રભુનું ચરિત્ર ! એ સાંભળતાં કંટાળો !' ખરું જોતાં **જેને ભગવાનમાં જ રસ નથી, એને ભગવાનના ચરિત્રમાં અને એમની વાણીમાં રસ નથી.** નવી પરણેલી કરોડપતિની કેળવાયેલી કન્યામાં પતિને રસ છે, તો એ પ્રેમાળ પત્નીનું જીવન એના મોઢે અને બીજા કેટલાયની પાસે વારંવાર સાંભળતાં આનંદ આવે છે, કંટાળો નહિ.

**જિનવાણીથી શેતાન સંત બને છે ! :-**

જિનવાણી સાંભળતાં કંટાળો શા માટે ? **સમજવું જોઈએ કે જિનવાણીના શ્રવણ વિનાનું જીવન બેકાર છે, નિષ્ફળ છે.** જિનવાણીએ તો કેઈ પાપી જીવોને પવિત્ર કર્યા છે ! શેતાનને સંત બનાવ્યા છે ! દુષ્ટોને શિષ્ટ પુરુષ કર્યા છે ! જિનવાણીના પ્રભાવે જ **અર્જુનમાળી, દૃઢપ્રહારી** વગેરે મહાત્મા બની ગયા ! **રાજા કુમારપાળ** પરમ આર્હત્ બન્યા ! ક્રૂર અકબર દયાળુ બન્યો ! **અઈમુત્તો** બાળમુનિ બન્યા ! અષ્ટાપદ પર ગૌતમ મહારાજ પાસે જિનવચન સાંભળી **તિર્યગ્જૃંભક દેવ** બીજા ભવમાં વજસ્વામી બન્યા ! **પ્રદેશીરાજાને** નાસ્તિક મિટાવી પરમ શ્રાવક બનાવનાર જિનવચન.

જેમ કહો છો ને કે **'સો કામ મૂકીને ખાવું, હજાર કામ મૂકીને સૂવું,** કેમકે નહિતર એના વિના જીવનનો વહેલો અંત આવે,' એમ અહીં કહો કે **લાખ કામ મૂકીને પણ જિનવાણી સાંભળવી;** કેમકે નહિતર એના વિના એવા ને એવા પ્રબળ કષાયોને લીધે તો માત્ર એક મૃત્યુ નહિ પણ કેઈ મૃત્યુની પરંપરા ચાલે !

**"दिव्य-दर्शन"-"प्रवचन महोदधि" वर्ष-२,अंक-४६,ता.७-८-१९५४**

## • પર્યુષણપર્વનાં પાંચ કર્તવ્યો તથા દૈનિક ષડ્ આવશ્યક •

**ધર્મ સર્વ શ્રેષ્ઠ છે. જીવનું સાક્ષાત્ અને પરંપરાએ કલ્યાણ એનાથી છે. અર્થ કામ ઝેરના લાડુની જેમ ક્ષણિક મઝા દેખાડી દીર્ઘકાળ સુધી જીવને દુર્ગતિમાં ભટકાવે છે. એક માત્ર ધર્મ જ સર્વ પ્રકારના સુખ અને સદ્ગતિ અપાવે છે.**

**આલંબન જેવું ધરાય, આદર્શ જેવો સામે રખાય,**
**તેને અનુસારે આત્મામાં અસર નીપજે છે.**

**શ્રી અરિહંત પરમાત્માની પાંચ અવસ્થામાંથી પાંચ શિખામણ :-**

**પરમાત્મા જન્મતાં જ ઈન્દ્રો તથા દેવોની દોડાદોડ !**

**(૧) જન્માવસ્થા :-** અનંત ઉપકારી પરમાત્મા શ્રી જિનેશ્વરદેવો પૂર્વના ત્રીજા ભવને વિષે સંસારના પ્રાણીમાત્રના કલ્યાણની સુંદર કરુણા ભાવવાના યોગે તીર્થંકર નામકર્મ ઉપાર્જે છે. જેમાં શ્રી અરિહંતાદિસ્થાનક પૈકીના કોઈપણ સ્થાનકની ઉપાસનાની ઉત્તમ કાર્યવાહી કરવા ઉપરાંત, **"કર્મ પિશાચને પરવશ પડેલા અને તેથી જ અનંત દુઃખમાં રીબાતા જગતભરના જીવોને ક્યારે હું કર્મની પરતંત્રતામાંથી છોડાવી મોક્ષમાર્ગના મુસાફર બનાવું."** આવી કલ્યાણ કામના મહાન ભાગ ભજવતી હોય છે. એ પુણ્યાઈના હિસાબે જ ચરમ ભવે ગર્ભમાં આવતાંવેંત જ ઈન્દ્ર એમની સન્મુખ શક્રસ્તવથી સ્તુતિ કરે છે. ત્રણ લોકમાં આનંદ અને અજવાળાં પથરાય છે. આ (છેલ્લા) ભવમાં જન્મ પામતાં જ, ઈન્દ્રો અને દેવો દોડાદોડ કરે છે. જન્મ વખતે તો પ્રભુની કાયા નાની હોય છે; પણ એ નાની કાયાને અનહદ આનંદ અને બહુમાન સાથે સૌધર્મ ઈન્દ્ર મેરુ પર્વત પર લઈ જાય છે; ત્યાં ચોસઠ ઈન્દ્રો અને કરોડો દેવતાઓ પરમાત્માનો જન્માભિષેક મહોત્સવ ઉજવે છે. પ્રભુની સ્તુતિ-પ્રાર્થના કરી અતિ આનંદિત થાય છે. **આ છે પ્રભુની સર્વોચ્ચ સન્માન ભરી જન્માવસ્થા ! છતાં પ્રભુ એમાં લેશમાત્ર અભિમાન કે ગૌરવ નથી કરતા.** પ્રભુની જન્માવસ્થામાંથી એ આપણે ખૂબ જ શીખવાનું છે.

**(૨) રાજ્યાવસ્થા, (૩) શ્રમણ અવસ્થા :- મહાકઠોર સાધના કોને ? નક્કી કેવળજ્ઞાન અને મોક્ષ પ્રગટ થવાનું જે જાણે છે એવા તીર્થંકર દેવને પણ ! :-** ત્યારે ભગવાનની રાજ્યાવસ્થા પણ ઊંચી ! ભગવાન જન્મે છે રાજકુલમાં; **જીવે છે દેવોથી સેવિત રાજશાહી વૈભવમાં ! છતાં સહેજ પણ વિષયો કે વૈભવ પર આસક્તિ, રાગ કે મમત્વ નથી ધરતા.**-પ્રભુની રાજ્યાવસ્થામાંથી આ શીખવાનું છે. એક દિવસ એ સર્વનો ત્યાગ કરી ચારિત્રની સાધનામાં જીવનભર માટે લાગી જાય છે. તે ભવમાં નક્કી મોક્ષ પામવાનું જાણવા છતાં, અતિ સુકોમળ કાયામાં ઘોર ત્યાગ-તપની સાધના કરે છે ! ભયંકર પરીસહ ઉપસર્ગ સહે છે ! જ્યાંસુધી દીક્ષા નથી લીધી ત્યાંસુધી તો દિવસમાં ત્રણ ટંક પણ ખાધુ હશે, પણ દીક્ષા બાદ કેવો ઘોર તપ ! ઋષભદેવ ભગવાનને ચારિત્ર લીધા બાદ તેર મહિનાથી અધિક ચોવિહાર ઉપવાસ ! ચારિત્ર લીધું ત્યારથી તેર મહિના આહાર નહિ ને પાણીય નહિ ! કેવો ભીષણ તપ ! શું આ ? ખ્યાલમાં આવે છે ? ફાગણ વદી આઠમે એ પરમાત્માએ દીક્ષા લીધી ત્યારથી ઉપવાસમાંને ઉપવાસમાં ! ચૈત્ર ગયો, વૈશાખ ગયો, જેઠે ય ગયો, અષાઢ, શ્રાવણ, ભાદરવો, ને આસો ય ગયા; કારતક, માગસર, પોષ, માહ પણ ગયા, બીજો ફાગણ પણ ગયો, ચૈત્ર ગયો ! ઠેઠ વૈશાખ સુદિ ત્રીજે



પારણું થયું. શા સારુ આટલું બધું ? **જીવનની મઝા કે મહત્તા શામાં માની ? ખાવામાં કે ભૂખ્યા રહેવામાં ?** તીર્થંકરદેવો સર્વ અનુકૂળતા અને માનપાનને લાત મારી ઘોર તપ કરે છે. તેમાંય મિથ્યાત્વી દેવતાઓના ભયંકર ઉપસર્ગ આવે, અનેક ગમાર મનુષ્યો પણ ગમે તેવા જંગલી ઉપસર્ગો કરી જાય. એ બધા ઉપસર્ગો તથા ડાંસ, શીત વગેરે પરિષહોને ખૂબ આનંદ અને સમતાથી સહ્યે જાય છે ! અધુરામાં પૂરું કડક અભિગ્રહો કરી પ્રભુ અસહ્ય સહે છે ! **આવી એમની આદર્શ શ્રમણ અવસ્થામાં કાયાને કચરવાનું અને મનને મારવાનું ક્યાં કમ છે ?** પ્રભુની શ્રમણાવસ્થામાંથી આ શીખવાનું છે. **જન્મોત્સવમાં ગર્વ નહિ, રાજ્યસંપત્તિમાં રાગ નહિ, સાધુપણામાં સુખશીલતા નહિ, કઠોર સહવામાં બાકી નહિ ! માણસને મારનાર આ ત્રણ છે :- અહંત્વ, આસક્તિ, અને અસહનવૃત્તિ. આ ત્રણેયનો પ્રભુને ત્યાં નાશ !**

**(૪) પદસ્થ અવસ્થા, (૫) રૂપાતીત અવસ્થા :-** કેવળજ્ઞાન પ્રગટ થયું એટલે પાછા દેવો હાજર થાય છે, અને સમોસરણ રચે છે. ઈન્દ્ર-ઈન્દ્રાણીઓ, દેવ દેવીઓ, નર-નરેન્દ્રો વગેરે થોકના થોક હાજર થાય છે. રત્નના સિંહાસન પર પરમાત્માને બિરાજમાન કરે છે. પરમાત્મા દેશના દે છે. તે દેશના ઈન્દ્રો, રાજા-મહારાજાઓ, કોટિગમે દેવતાઓ, અને પશુ પંખીઓ પણ સાંભળે છે. ત્યાં પ્રભુ ગણધરમહારાજને દીક્ષા આપે છે, અને શાસન સ્થાપે છે. **પ્રભુની આ પદસ્થ અવસ્થામાં અનુપમ ઉપકાર !** ખૂબ શીખવાનો છે. એ કૃતકૃત્ય છે. જગત પાસેથી એમને કોઈ સ્વાર્થ નથી. છતાં ભવ્યજીવો પર નિઃસ્વાર્થ ભાવે અનંત ઉપકાર એ કરે છે. ત્યારે આપણે જો કઠીન કર્મ ફેડવાના છે તો પરોપકાર વિના કેમ ચાલે ? આયુષ્ય પૂર્ણ થયે પ્રભુ મોક્ષ પામે છે. એ રૂપાતીત અવસ્થા. ત્યાં વૈષયિક સુખ-દુઃખ નથી, માન-અપમાન નથી, કાંઈ જ અશુદ્ધિ નથી, કોઈ કર્તવ્ય નથી, પરાધીનતા નથી, જન્મ-મૃત્યુ નથી. આ રીતે **પ્રભુની પાંચ અવસ્થાઓ અહંત્વ-આસક્તિ-અસહનવૃત્તિ-સ્વાર્થ અને અશુદ્ધિ ટાળવાનું શીખવે છે.**

**આવા ભગવાને દેશનામાં કઈ વસ્તુ આપી ?** એક જ ધર્મ ! ઉત્તમમાં ઉત્તમ વસ્તુ એ. જીવનમાં અવશ્ય આદરવા જેવી એ. જેની ખાતર અવસરે પ્રાણનીય પરવા ન રખાય, તેવી ધર્મ નામની મહાન વસ્તુ પ્રભુએ આપી ! એમને હવે જોવા-જાણવાનું કશું બાકી નથી. એમની દૃષ્ટિમાં એક પણ ચીજ જોવામાંથી બાદ નથી, પૃથ્વીના પડલમાં ક્યાં ક્યાં નિધાનો છે, લોઢાનું સોનું બનાવી દેનારી કઈ કઈ વનસ્પતિઓ ક્યાં ક્યાં છે, કઈ કઈ જાતિના ધંધા વેપારમાં પૈસાની કમાણી છે, ક્યા ક્યા ઉપાયથી કેવા કેવા કિમિયાથી કેવી કેવી પૌદ્ગલિક સિદ્ધિઓ થાય છે,-

આવું બધું જાણવા છતાં સમોસરણમાં બેઠેલાને એમણે આમાંનું કાંઈ ન બતાવ્યું. જે જમીન ઉપર ચાલીને લોકો સમવસરણમાં આવે છે, તે જમીનમાં, કે કદાચ સમવસરણની નીચે ય નિધાનો હોય તો તેને પણ જ્ઞાનથી પ્રભુ પોતે જોઈ રહ્યાં છે, છતાં લોકને એક પણ નિધાન ન બતાવ્યું. બતાવવાની વાત તો દૂર રહી, પણ ઊલટું જીવોને જે લક્ષ્મીની લગની છે, **એ લગનીના તથા એ ભૂખના ફૂરચા ઉડાવવાનો ઉપદેશ પ્રભુએ કર્યો ! જગતના પદાર્થો કાનપટ્ટી પકડી જેમ નચાવવા ધારે, તેમ જે જીવોને આનંદ સાથે નચાવે છે, તેમની પાસે ભગવાને એ પદાર્થોની જ જડમૂળથી ઝાટકણી કાઢી !** વિરાગ શિખવ્યો. ધર્મ શિખવ્યો, સમવસરણમાં દેવો હતા, ઈન્દ્રો હતા, માણસો પણ હતા, તેમને **એક જ વાત ભગવાને કરી. સંસાર અસાર, ધર્મ-સાર ! પાપ ખરાબ, ધર્મ સારો.** એમની સેવામાં ઈન્દ્રો અસંખ્યાતા તૈયાર હતા, મનુષ્યો માત્ર સંખ્યાતા જ હતા, ત્યાં એક એક ઈન્દ્રને એક એક માણસ સુખી કરી દેવાનો હુકમ કર્યો હોત તો ? ઈન્દ્રો વધી પડત ! માણસો ખૂટત. કેમકે માણસોની સંખ્યા બહુ નાની. ઈન્દ્રોને લૂલાને પગ આપી દેવાનો, ઠૂંઠાને હાથ આપી દેવાનો, જેની સેવામાં કોઈ ન હોય તેની સેવામાં નોકર આપી દેવાનો હુકમ કર્યો હોત તો ? આમાંનું કાંઈ ન કર્યું, ઊલટું **જે અર્થ કામની પાછળ જગત પાગલ બની એને જ જીવ સર્વસ્વ માને છે, તે અર્થની કામની ભયંકર ખોદણી કરી. ઝાટકણી કાઢી !** ભગવાને પેલું ન કરતાં આમ કર્યું એમાં કાંઈ હેતુ હશે કે નહિ હોય ? તીર્થંકર થયા પછી એમને ઈન્દ્રો જેવાએ હોંશથી પૂજ્યા, એની સામે પ્રભુએ એમને અને જગતને શાની પ્રભાવના કરી ? ત્યાગની, વૈરાગ્યની, ધર્મ સાધનાઓના પ્રકારની, અને મુક્તિના ઉપાયની. શા માટે ? **ધર્મ સર્વ શ્રેષ્ઠ છે. જીવનું સાક્ષાત્ અને પરંપરાએ કલ્યાણ એનાથી છે. અર્થ કામ ઝેરના લાડુની જેમ ક્ષણિક મઝા દેખાડી દીર્ઘકાળ સુધી જીવને દુર્ગતિમાં ભટકાવે છે. એક માત્ર ધર્મ જ સર્વ પ્રકારે સુખ અને સદ્‌ગતિ અપાવે છે.**

**नृजन्मवृक्षस्य फलान्यमूनि ।** :- અસાર એવી જડ લીલામાં મૂઢ બનેલા માનવોને સ્વસ્થ કરવા, જ્ઞાનીએ મનુષ્ય જન્મનો સાર દેખાડ્યો છે. મનુષ્ય વૃક્ષના આટલા પ્રકારનાં ફળો છે :-

**''जिनेन्द्रपूजा, गुरुपर्युपास्तिः सत्त्वानुकम्पा शुभपात्रदानम् ।**
**गुणानुरागः श्रुतिरागमस्य, नृजन्मवृक्षस्य फलान्यमुनि ॥''**

**અર્થ** :- જિનેન્દ્રની પૂજા, ગુરુની ઉપાસના, પ્રાણિમાત્ર પર દયાભાવ, શુભપાત્રમાં દાન, ગુણો પર પ્રીતિ, આગમનું શ્રવણ,-આ સર્વ મનુષ્ય જન્મરૂપી



વૃક્ષનાં ફળો છે. અર્થાત્ આ આવે તો મનુષ્ય જન્મનું વૃક્ષ સફળ થયું ગણાય. શ્રાવકને માટે આ રોજનાં કર્તવ્ય છે. આજે પજુસણમાં આ કહેવાય છે. માટે પજુસણમાં જ આચરવાના છે એમ સમજતા નહિ આ તો રોજ આચરવાના છે.

**દૈનિક કર્તવ્યોનું વર્ણન શા માટે ? :-** આજે પર્યુષણા અઠ્ઠાઈ શરૂ થાય છે. એમાં મુખ્યપણે પાંચ કર્તવ્યોનો વિચાર કરવાનો છે. છતાં સંઘમાંના કેટલાય પુણ્ય-શાળીઓ માત્ર પર્યુષણમાં જ વ્યાખ્યાન સાંભળવાના પુણ્યોદયવાળા હોય છે. કહો ને, કે જાણે એ પજુસણના જ શ્રાવક હોય છે ! કેમ ? તમે બારે માસના શ્રાવક કે પજુસણાના ? જિનવાણીનું રોજ શ્રવણ કરે તે શ્રાવક કહેવાય. અહીં તો પર્યુષણમાં જ ધર્મ સાધવાનું કેટલાકોએ રાખ્યું હોય છે. એ પર્યુષણામાં જ સાંભળવા આવે છે માટે એવા ભાગ્યશાળીઓને જેમ પજુસણના કર્તવ્ય સંભળાવવામાં આવે છે; તેમ આ દૈનિક કર્તવ્યો પણ સંભળાવવા ઉચિત છે. માટે જ એક **'પર્યુષણા અઠ્ઠાઈ વ્યાખ્યાન'** શાસ્ત્રના કર્તા પૂર્વે કહેલ શ્લોક લઈને શ્રાવકનાં રોજનાં કર્તવ્યો બતાવે છે. આચરવામાં આ તમામ સહેલી બાબતો છે. આની સાધનામાં જીવને બહુ કષ્ટ ઉઠાવવાનું નથી. છતાં એનો લાભ અપરંપાર છે.

## પહેલું કર્તવ્ય જિનેન્દ્રપૂજાનું

**જિનેશ્વર દેવની પૂજા શા માટે ? :-** અનંત ઉપકારી જિનેશ્વરદેવ અનંતગુણના માલિક છે. એમણે ભગીરથ પુરુષાર્થથી કર્મ કચરાને કાઢી પોતાના આત્માને સ્ફટિક જેવો નિર્મળ બનાવ્યો છે. એ પરમાત્માની પૂજા-ભક્તિથી આપણા આત્મામાં મહાન નિર્મળતા પ્રાપ્ત થાય છે. **આલંબન જેવું ધરાય, આદર્શ જેવો સામે રખાય, તેને અનુસારે આત્મામાં અસર નીપજે છે.** રાગ-દ્વેષ-મોહ વગેરે અઢાર દુશ્મનોનો પરમાત્માએ ખોડો કાઢી નાખ્યો છે, જીવનમાંથી એ દુશ્મનોને તિલાંજલી આપી દીધી છે. તો પછી એ રાગાદિ દુશ્મનો પરમાત્માના ભક્તથી પણ જાણે ધ્રુજતા રહે છે ! જેમને પરમાત્માની ભક્તિ પ્રાપ્ત નથી થઈ તેમના પર રાગાદિ દુશ્મનોનો હલ્લો ચાલુ હોય છે; અને **રાગાદિનો હલ્લો એટલે દુર્ગતિની કેદ !** ત્યારે પરમાત્માની ભક્તિમાં જેઓ ઓતપ્રોત છે તેમના માટે અઢાર દુશ્મનો પણ જાણે વિચાર કરવા લાગી જાય છે કે, ''અહીં આપણું સામ્રાજ્ય કેવી રીતે નભશે ?''

**પરમાત્માની પૂજા ભવભવનાં બાંધેલા કઠીન કર્મોને થોક બંધ તોડે છે :-** પુષ્પપૂજાના ફળનો વિચાર, અઠ્ઠમ તપના પ્રકરણ વખતે નાગકેતુના દષ્ટાંતમાં જાણવા મળે છે. ચંદનપૂજા, કેસરપૂજા કર્યા બાદ ફૂલપૂજા કરતાં નાગકેતુ જ્યાં પ્રભુને ફૂલ ચડાવે છે ત્યાં એમને ફૂલમાં છૂપાએલો સર્પ આંગળીએ ડસ્યો. એની વેદના જાગી,

પણ ભગવાનની પૂજાનો અભ્યાસી, પૂર્વભવથી અઠ્ઠમની ભાવના લઈને આવેલો, માટે અહીં જન્મતાં જ અઠ્ઠમની ભાવના જાગી. એટલું જ નહિ પણ જન્મતાં અઠ્ઠમ કરનારો, પૂજાના રંગે રંગાયેલો નાગકેતુ શ્રાવક સર્પડંસની પીડા છતાં પ્રભુભક્તિમાં એવી અદ્ભુત ભાવનાએ ચડ્યો કે કેવળજ્ઞાન મેળવ્યું ! જિનેન્દ્રપૂજાએ કેવું મહાન કાર્ય કર્યું !

**કાયા મારી કે હું કાયાનો ? :-** સનાતન એવો આત્મા ક્ષણિક એવી કાયાની સાથે મૂર્ખ બની એવા મમત્વથી હળી ગયો છે, કે કાયા નચાવે તેમ પોતે નાચે છે ! કાયા પાસે પોતાના હિતનું પોતે કાંઈ કામ લઈ શકતો નથી; પરલોક સુધરે તેવી જરૂરી સાધના કરાવી શકતો નથી. ત્યારે કહો ભલા ! કોણ કોનો નોકર ? કોણ કોનું ગણાય ? કાયા આત્માની કે આત્મા કાયાનો ? બોંબે સેન્ટ્રલથી મજૂરના માથે દાગીના ચડાવી મુસાફર શહેર તરફ આવતાં શું માને ? મજૂર મારો કે હું મજૂરનો ? બેમાંથી શું માને ? એમ પૂર્વ ભવનાં પુણ્ય એ દાગીના છે, કાયા એ મજૂર છે, હવે આત્મા કાયા માટે શું માને છે ? પેલા મુસાફરની જેમ, શું 'કાયા મારી ? કે 'હું કાયાનો ?' એમાં શું માને ? જો પોતે મજૂરનો થઈ જાય તો તો મજૂર જ્યાં લઈ જાય ત્યાં એ ઘસડાવાનો અને મજૂર દાગીના વટાવી જાય તોય પોતે ખુશી થવાનો. કાયા માટે અત્યારે આવું જ છે ને ? **કાયા જ્યાં પાપમાં ઘસડે ત્યાં જીવને ઘસડાવાનું ? કાયા પુણ્ય વટાવી જાય એમાં જીવ રાજી !** કેમ ? કેટલી મૂર્ખતા ? પણ એના બદલે જો બરાબર ખ્યાલ પોતાના સ્વામિત્વનો આવી જાય તો તો પોતાના પુણ્યરૂપી દાગીનાની કાળજી રાખે. અને કાયાને પોતાના આત્માને હિતના માર્ગે દોરે; પણ નહિ કે આત્માને કાયાના અમનચમનીયા તરફ દોરે. કાયાને હુકમ કરે કે 'કર પરમાત્માની પૂજા, ખર્ચ એમાં પૈસા, કર પ્રભુની આજ્ઞાના બીજા અનુષ્ઠાનો.' કાયા શું ન બજાવે ? મજૂરને મજૂર રાખે તો જરૂર માને પણ મજૂરને માલિક બનાવી દેવાય તો એ માને ? આઠ કલાક ઓફિસમાં ખુરશી પર હાજર ! અને ભગવાનની પૂજાની વાત આવે તો કહે કે 'સમયનો યોગ નથી.' પૂજાના બદલે દર્શનથી પતાવે, સંતોષ માને. એ કઈ દશા ! એન્જિન કાયા, કે પોતે ? આ તો પોતે બની જાય ડબો અને કાયાને બનાવે એન્જિન, એટલે એ જ્યાં ખેંચી જાય ત્યાં આત્માએ જઈને પટકાવાનું !

**ક્યાં નિગોદ-નિવાસની ભયંકર સ્થિતિ ! અને ક્યાં આજની મહાઉન્નત સ્થિતિ ! છતાં પ્રમાદ ? :-** અનુભવમાં છતાં એને ખબર નથી કે કાયાને માલિક બનાવનારા કેઈક બિચારા કેઈ ચિંતામાં શોષાઈ રહ્યા છે, વ્યાધિથી વિહ્વલ અને દીન બની જાય છે, અને પોતાને જે કદર્થના કરનાર કાર્યવાહીમાં એવા મશગુલ



રહે છે કે ન પૂછો વાત ! આપણો આ જીવ નિગોદમાં અનંતકાલ હતો, ત્યાં કઈ હાલતમાં હતો ? એક શરીરમાં અનંતા ભેગો જકડાઈને અનંત કાલ રહ્યો. અનંતા પુદ્ગલ પરાવર્ત ભયંકર અકામ કષ્ટમાં વિતાવી વિતાવી છેવટે ભવિતવ્યતા અને શુભકર્મે માર્ગ આપવાથી ધીમે ધીમે ઉપર ચડી ઠેઠ માનવ ભવ સુધી આવ્યો; પણ કાયાનો ગુલામ બની ભયંકર પાપો કરી કરી પાછો પડ્યો દુર્ગતિના ચક્કરમાં ! વળી અકામ ત્રાસ સહવાના યોગે તથા કોઈ તેવા પુણ્યથી ફરી આજે મનુષ્યભવ સુધી ચઢી આવ્યો ! પૂર્વના કોઈ તેવા પુણ્ય યોગે બે ચાર લાખ મળ્યા પણ ખરા, જીવનની બીજી અનુકૂળતાઓ મળી ! છતાં ઉપાધિના બહાના હેઠળ જિનેન્દ્ર પૂજા વગેરે મનુષ્ય જન્મનાં તારક કર્તવ્યો ગુમાવ્યા; અને મારક સાંસારિક લીલામાં લાગ્યો રહ્યો. વિચારો આ ધર્મ કર્તવ્યો ન કરાય તો પેલા મૂર્ખ માળી જેવું થાય કે નહિ ? અને અંતે પસ્તાવાનો વખત આવે કે નહિ ?

**શેઠના માળી જેવા ગમાર-મૂર્ખ ન બનો :-** એક શેઠની ગામ બહાર વાડી હતી. જૂનો માળી રજા લઈ ચાલ્યો જવાથી શેઠે નવો માળી રાખ્યો. તથા તેને સૂચના-ભલામણ કરતાં કહ્યું, "જો વાડીને સુંદર સફાઈદાર અને લીલીછમ રાખવાની છે. માટે ઝાડપાલાને બરોબર પાણી પાજે, જેથી સારા ફળ-ફૂલ વગેરેની આવક થાય. જો આ બરાબર કરીશ તો સારું ઈનામ મળશે. નહિતર દંડ થશે, અને ઉપરથી કાઢી મૂકવામાં આવશે." માળીને રહેવા માટે ત્યાં એક ઓરડી પણ આપવામાં આવી કે જેથી ત્યાં જ રહેવાથી એનું ધ્યાન પણ સારું રહે. માળીને ગોઠવી શેઠ ઘેર ગયા. થોડા દિવસ પછી વાડીને જરા જોવા-તપાસવા અને માળીને કાંઈ સગવડ-અવગડ હોય તો જાણવા, શેઠ પોતે વાડીએ આવ્યા. વાડીમાં નજર કરતાં એ કંઈક કરમાતી જતી જેવી દેખાઈ. શેઠે માળીને પૂછ્યું. 'આમ કેમ થાય છે ? પાણી બરાબર પાય છે કે નહિ ?'

માળી બોલ્યો, "શેઠ સાહેબ ! આપના કહેવા મુજબ રોજ એકવાર બધા ઝાડપાલાને પાણી પાઉં છું."

શેઠ સાંભળીને મુંઝાણા કે, 'જો બરાબર પાણી પવાતું હોય તો આમ કેમ બને ?' એટલે જરા ખખડાવીને પૂછ્યું. ધમકી આપી. પણ માળીએ તો એ જ વાત કરી, અને હતું પણ તેમ જ. માળી પાણી પાતો જ હતો. અને તેજ મુજબ કહ્યું હતું. ત્યારે આનો ઉકેલ શી રીતે નીકળે ? પરંતુ શેઠ અનુભવી હતા. ફરીથી તેમણે પૂછ્યું.

"અલ્યા, બતાવ જોઈએ, કેવી રીતે પાણી પાય છે ?"

માળીએ તો ઝારી પાણીથી ભરીને લીધી હાથમાં, અને ચઢ્યો એક આંબાના

ઝાડ પર ! એક મોટી ડાળી ઉપર બેસી પાંદડા ઉપર પાણી ઢોળવા લાગ્યા. શેઠ માળીની મૂર્ખાઈ સમજી ગયા.

હસીને પૂછે છે, કે "અલ્યા ! આમ પાણી પવાય ? પાણી ક્યાં પવાય ?"

માળી કહે, "શેઠજી, તમે કહ્યું હતું, કે ઝાડપાલને પાણી પાજે, તો હું ઝાડપાલને જ પાઉં છું. પાંદડાં એ ઝાડપાલો કહેવાય ને ?"

"અરે, પણ અહીં ડાળીએ પવાય કે મૂળમાં ?"

"પણ, સાહેબ ! ફળ-ફૂલ તો ડાળીમાંથી જ ફૂટવાનાને ? તેથી મેં પાણી ત્યાં પાયા કર્યું."

"કહો, છે ને ડહાપણ ? પણ અહીં તમે તો શું, તમારું આઠ વર્ષનું ટેણીયું પણ સમજે છે, કે પાણી ઝાડના મૂળમાં પવાય; કે જે ક્રમસર ડાળીમાં જાય. પાંદડા સુધીનાને પાણી મૂળમાંથી પહોંચે, તો એના પર ફૂલ અને ફળ આવે. માત્ર દુનિયાની વાતમાં આ બધું ડહાપણ છે; આત્માની વાતમાં આ નથી સમજતા. ત્યાં તો ઊંધુ સમજો છો. કહો જોઉં, **તન-મન-ધનની શક્તિરૂપી પાણી ક્યાં પાવાનું ?** ક્યાં સીંચવાનું ? દુકાનમાં ? રસોડામાં ? સ્નેહી સંબંધીમાં ? ચોપાટીના કિનારે કે હેંગીગ ગાર્ડનમાં ? પૈસા દુકાનમાંથી મળે છે, માટે મહેનતનું પાણી ત્યાં પાવાનું ! રસોઈ રસોડે મળે, ચૂલાથી મળે, માટે મહેનત ત્યાં કરવાની ! સારી મજાની બે વાત કરીને મોજમાં સ્નેહી-સંબંધી રાખે, માટે મહેનતનો વળાંક ત્યાં રાખવાનો ! હવાથી શરીરનું આરોગ્ય મળે માટે ચોપાટી-હેંગીગ ગાર્ડને ખાસ સંભારવાના ! એમ ને ? છે આમાં ક્યાં ધર્મમાં મહેનત યોજવાનું ? તમારી આવી બધી વિચારણા અને યોજના જોઈને, જેમ પેલા શેઠ માળીની મૂર્ખતાભરી ચેષ્ટા તરફ હસતા હતા, તેમ તત્ત્વજ્ઞાની મહાપુરુષો પણ તમારા તરફ હસે જ ને ? એટલે કે તમને મૂર્ખ જ માને ને ? શેઠે માળીને દંડ કરી કાઢી મૂક્યો. તેમ જીવની પણ એ જ દશા. અરે ! એથી મહા ભયંકર દશા ! આ **બધાનું મૂળ પૂર્વની ધર્મસાધના છે. એમાંથી લક્ષ્મી-લાડી-વાડી-ગાડીના ફળ પાક્યાં છે,** પણ એ બધાનું મૂળ ધર્મ છે, તે ભૂલશો નહિ. મૂળને જે માનવી ભૂલી જઈ બીજે દોડે છે એ પેલા માળી જેવો ગમાર બને છે. મૂળમાં સિંચાયેલું પાણી બધે પહોંચે એ તો જગપ્રસિદ્ધ વાત છે. જે પુણ્યકાર્યોથી આ બધું છે, તે પુણ્યને-તે ધર્મને પુણ્ય શક્તિઓ અને પ્રયત્નનું સિંચન થવું જોઈએ."

**"વાશી ખાયે જાય છે, પણ દુઃખી થઈશ :-"** પુણ્ય જરા કઠીન હોય તો બાપ મજૂરી કરીને લખપતિ થાય, અને પૂર્વના અધિકપુણ્યવાળો જે, તેને ત્યાં જન્મે, તે વિના મહેનતે જન્મથી જ લખપતિ બને છે ને ? ગર્ભશ્રીમંત બને છે



ને ? શ્રીમંત બનવામાં એને દુકાન વગેરેની મહેનતની વાત ક્યાં છે ? ધર્મનાં મૂળીયાં સીંચીને આવેલો છે. પેલી શીલવતી શ્રાવિકા, એના ધર્મિષ્ઠ પતિ પરલોક ગયા. દીકરો વેપારમાં પડી ધર્મને ભૂલ્યો, પ્રમાદી બન્યો. એટલે દીકરાને સચેત જાગ્રત કરવા રોજ મા એક ઠપકો દે છે, તેય જમવા વખતે. પીરસે છે ગરમાગરમ, તાજુ મઘમઘતું ભોજન ! પણ દીકરો જમવામાં જ્યાં અર્ધુંક ભોજન કરી રહ્યો, કે મા ટોકે, "દીકરા ! વાશી ખાયે જાય છે, પણ દુઃખી થઈશ," તમને તમારી મા આવું કાંઈક કહેતી હતી ? તમે તમારા સંતાનોને કહો છો ખરા ? આને તો રોજ માની આ ટોકણી ચાલું છે; પણ આને આના ભાવની ખબર પડતી નથી. તેથી એણે વાતનો અંત લેવા, માને આગ્રહ કર્યો. અને કહ્યું, કે "મા ! તું બનાવે છે તાજું ભોજન. અને હું એજ ભોજન તારી સામે બેસીને જમું છું. છતાં વાશી શી રીતે ?" માએ એનો સ્વયં અર્થ ન કહેતાં એને મોકલ્યો સાગરચન્દ્ર આચાર્ય મહારાજ પાસે. આચાર્ય મહારાજે વળી મોકલ્યો થાવર ચંડાળ પાસે. ગામનું નામ લઈ એ ત્યાં પણ ગયો. થાવર ચંડાળને મલ્યો. પણ થાવરે એને જવાબ પછી આપવાનું કહ્યું; અને પહેલી એની સાધર્મિકભક્તિ કરવા સારું છોકરા જોડે પૈસા મોકલી એને ધનસાર વાણીયાની દુકાને જમાડવા મોકલ્યો. ધનસાર તો કૃપણનો કાકો હતો ! એકના જમણના પેસામાંથી પોતે, પોતાની પત્ની, અને એ, એમ ત્રણના ભોજન કરવા ધાર્યા; તેથી પૈસા મજુરીના ભેગા ગણી સામાન્ય ભોજન જમાડવા ઘેર મોકલ્યો. કહો, **લક્ષ્મીનો લોભ કેવી અધમતા લાવે છે ?** સાધર્મિભક્તિ તો ભૂલ્યો; પણ પ્રામાણિકતાય ભૂલ્યો. છોકરો ત્યાં ખીચડી-કઢી જમ્યો. પણ એમાં ધનસારની પત્ની એ એની બહેન નીકળી. બહેનને બહુ દુઃખ લાગ્યું. પણ ભૂખ્યા ભાઈને તત્કાળ તેવું જમાડવું પડ્યું. પણ બીજે દિવસે સારું પકવાન્ન જમાડવા રોકી રાખ્યો.

**ધનસાર શેઠનું હાર્ટ ફેઈલ :-** બીજે દિવસે સવારે બહેન ગઈ પોતાના ધણી પાસે દુકાને; ભાઈને જમાડવા માટે સારી રસોઈ કરવાની ચીજ વસ્તુ લેવા. ત્યાં જઈને ચીજો માગી, પણ કૃપણનો કાકો ધનસાર કહી દે છે, "એવા તો તારા કેટલાય ભાઈ આવશે, જો કાંઈ નહિ મળે..." એમ કરી ઘણી ચીજો નથી આપતો. બાઈ ધણીના નામે બીજા વેપારી પાસે ચીજ વસ્તુ લઈને ઘેર આવી, અને ભાઈ આવ્યો, આગલે દિવસે તો થાવર ચંડાળની વતી ભોજન હતું, તે પણ ખીચડી-કઢી ! વળી હવે ભાઈ જવાનો, એટલે બહેન ભોજન સુંદર કરે જ ને ? ભાઈ ગામના મંદિરમાં છે, તે પહેલાં ધનસાર શેઠ (બાઈનો ધણી) ઘેર આવ્યો, આ જોઈને એને તો હૈયે આઘાત લાગ્યો. "આ શું ? આમને આમ દેવાળું કઢાવવું

છે ? તારો ભાઈ હોય તો શું થયું ? હું પોતે તો તેલ ને ચોળા ખાઉં છું. કોઈ દિવસ મેં પોતે સામાન્ય મિઠાઈ પણ ચાખી નથી, અને તું આ ઘરમાં ઘેબર બનાવે છે ? એક દાણો કાગડાને ફેંકી દેવાનો નહિ, એંઠવાડમાંયે કૂતરાને ચાટવા જેવું કશું નકામું કાઢવાનું નહિ, મહેમાન પરોણા અતિથી વગેરેને જ્યાં ઉડાવવાનું નહિ, ત્યાં આવા ઘેબરના ભોજન ! હાય ! આ બાઈડી આમને આમ બધું લૂંટાવી મારશે ! પછી મારે ભીખ માગવાની !" એ તો કકળાટ કરતો ગયો ઓરડામાં, સૂતો, આઘાત એવો લાગ્યો કે સૂતો તે સૂતો ! હાર્ટફેઈલ ! (Heartfail)

**એમાં કોનો દોષ :-** ઓરડામાં શેઠ મૃત્યુ પામ્યો છે. શેઠની સ્ત્રી તો ભાઈની રાહ જોતી રસોડામાં ઘટતી તૈયારી કરી, ભાઈને બોલાવ્યો. જમવા ભાઈ આવ્યો. પણ કહે છે, "શેઠની સાથે જમીશ." બાઈને શી ખબર કે પોતાના પતિ તો સ્વધામ સિધાવ્યા છે ! પાટલા માંડેલા જ હતા. એણે ધણીને બૂમ મારી પણ કોણ બોલે ? બે-ચાર બૂમથી જવાબ ન મળ્યો એટલે ભાઈને કહે છે; "જવા દે, હમણાં રોષમાં હશે. તું તારે જમી લે." એમ કરી ભાઈને જમાડ્યો. જમીને ભાઈ ગયો થાવર ચંડાળને ત્યાં, ઉત્તર લેવા. પણ ત્યાં જઈ જુએ છે તો થાવર ચંડાળ રાતનો એકાએક મરી ગયાથી રોકકળ ચાલી રહી છે. અહીં બાઈ પછીથી અંદર જઈને જુએ છે, તો શેઠ મડદું થઈ પડ્યા છે ! કેમ વારું ? શેઠને મહા આઘાત લાગવાથી પ્રાણ ખતમ થઈ ગયા છે કેવા અકસ્માત મૃત્યુ ! એનાથી સાવધાન છો ને ? તો ધર્મમાં રક્ત રહો.

બેન ભાઈને જમાડતી હતી, એ વાત શેઠને રુચિ નહિ, આઘાત લાગ્યો અને મરી ગયો, એમાં કોનો દોષ ? આત્મા વિવેક સાચવીને યોગ્ય પ્રવૃત્તિ કરે, એમાં કોઈને ખોટું લાગી જાય ત્યાં યોગ્ય પ્રવૃત્તિનો કે તે પ્રવૃત્તિ કરનારનો શો દોષ ? વહેવારમાં કહેવત છે ને કે વરનારનું વરે અને પેટ કોણ કૂટે ? હજામ ! 'આ લોકો આટલું બધું ખાઈ જાય છે ! કે ખરચી નાખે છે !' એમ હજામ પેટ કૂટ્યા કરે પણ એમાં જમાડનારનો દોષ શો ? લક્ષ્મી શું ન કરાવે ?

**જન્મતાં જ બાળક બોલ્યું "મામાને બોલાવો !" :-** શેઠ તો ગયા પણ બાઈને ચિંતા થઈ, લાખોની મિલકતનું હવે શું થાય ? તેને કેમ બચાવાય ? કેમકે અપુત્રીયાનું ધન રાજા લઈ જાય એવો કાયદો હતો. રાત્રિના આવેલા સ્વપ્નના આધારે બાઈને સમજાયું હતું કે જરૂર કાંક પુત્રની આશા છે. તેથી જો આમે આમ નવ મહિના નીકળી જાય, ને પુત્રનો જન્મ થઈ જાય તો પછી મિલકત ન જાય પણ નવ મહિના શેઠ મર્યાની વાત ગુપ્ત કેવી રીતે રહે ? પણ બાઈ બહુ ચાલાક ! એણે રસ્તો કાઢ્યો. લક્ષ્મી શું ન કરાવે ? પાપોની હોશિયારી એ ઝટ આપી દે છે.



જ્યારે થાવરને ત્યાંથી નિરાશ થઈ ભાઈ પાછો આવ્યો, ત્યારે બહેન ભાઈને પૂછે છે, "કેમ ઉદાસ ?"

"થાવર બિચારો મરી ગયો અને ઉત્તર મેળવવો રહી ગયો"

"પણ અહીં તારા બનેવી પણ ખલાસ થઈ ગયા છે ! એમનો સ્વભાવ બહુ કૃપણ હતો. તે આઘાતથી મર્યા છે. પરંતુ હવે શું થાય ? તો તારે હવે મારું એક ખાસ કામ કરવું પડશે. તું મારો ભાઈ છે, અને હું તારી બેન છું. જો રાજા જાણશે કે શેઠ અપુત્રીયા મર્યા છે. તો આ બધી મિલકત એ ઉઠાવી જશે અહીં અપુત્રીયાનું ધન રાજા લઈ જાય એવો કાયદો છે." **કહો જોઉં, ઘેલો થઈને લક્ષ્મી વગેરે પાછળ મંડનારા જીવનું શું ઉપજે છે ? કાંઈ નહિ ! છતાં પાગલ પોતાના હાથે જ ધર્મ ચૂકી પોતાના ભવો ભવ બગાડે છે !** બેન કહે છે કે 'હવે તારા બનેવી મર્યા ન મર્યા નથી થવાના. માટે થવાનું હતું તે થઈ ચૂક્યું. હવે એમાં શું સુધરે ? છતાં મને પુત્ર થવાની આશા છે માટે તું હવે નવ માસ રહી જા, પછી જજે. "કેમકે શેઠ મર્યાનું છૂપું રાખવું પડશે, નહિતર એ અપુત્રીયા મર્યા હોવાથી મિલકત બધી રાજાથી લૂંટાઈ જવાનો ભય છે. નવ માસ નીકળી જાય, પુત્ર થઈ જાય, પછી કોઈ ભય નહિ." એક દિવસ રોકનાર ભાઈને નવ માસ રહેવાની ફરજ પડી ! બંને જણે ઘરમાં જ ખાડો ખોદી, શેઠના શબને દાટી દીધું. લક્ષ્મી શું કરાવે ? એમ કહો કે લક્ષ્મી શું ન કરાવે ? **પુણ્યથી મળેલા પૈસા પોતાના આત્માના તથા બીજાના ઉદ્ધાર માટે ન વાપરે તો તે મનુષ્ય પોતાના માટે દુર્ગતિનો માર્ગ ખોલે છે અને બીજાનેય એનો ઉપભોગ કે વારસો આપવા દ્વારા એ માર્ગ ખોલી આપે છે.** ચાલાક બાઈએ ગામમાં વાત ફેલાવી (વહેતી મૂકી) કે "દરિયા કાંઠે શેઠનો માલ આવ્યાની ખબર લઈને શેઠનો સાળો (જે ભાઈ હતો તે) આવ્યો એટલે શેઠ ત્યાં માલ લેવા ગયા છે." આગલી સાંજે લોકોએ સાળાને દુકાને બેઠેલો જોયો હતો. એટલે વહેમ આવે એમ નહોતું.

નવ મહિના પસાર થયા બાદ પુત્રનો જન્મ થયો. જન્મતાં જ એ બાળક મોટેથી બોલ્યો, 'મામાને બોલાવો !' આ બાળકનો મામો એટલે પેલો ભાઈ. બોલાવ્યો, એ આવ્યો બાળક પાસે.

**ધર્મ માનવજીવનનો પ્રાણ છે. એના વિના ઘડીય કેમ ચાલે ? :-** 'વાશી ખાયે જાય છે તે દુઃખી થઈશ.' એ ભેદ હવે ઉકલવાનો છે. **ધર્મરૂપી મૂળ સિંચવાથી મનુષ્ય ભવ મળેલ છે, હવે એજ ધર્મરૂપી મૂળ સિંચવાને બદલે ઘર દુકાન વગેરે દુનિયાદારી રૂપ ડાળાં પાંખડાના સિંચન પાછળ મરવાનું નથી. ખુવાર થવાનું નથી.** ભેદ ઉકેલની વાત બહુ મજાની થવાની છે. આપણે આજે મુદ્દાની વાત બીજી છે.

પર્વાધિરાજ પર્યુષણાનો આજે પહેલો દિવસ છે. આ આઠ દિવસ શું કરવાનું એ વાત આજ કરવાની છે. પણ વર્ષના ૩૬૦ દિવસ ધર્મની સારી રીતે આરાધના કરે એવા આમાંના ઘણા નથી. ઊલટા એવા ઘણા છે કે જે એમ નહિ કરતા હોય. મહિનાની પાંચ દશ મોટી તિથિએ પણ કાયમ સુંદર આરાધના કરનારા કેટલાય નહિ મળે. એ સ્થિતિમાં જૈનશાસનના મહર્ષિઓએ વર્ષના આઠ દિવસ માટેની આ પર્યુષણ પર્વની યોજના રાખી છે. પર્યુષણપર્વ સકળ પર્વમાં શિરોમણિ ગણાય છે. એમાં વ્યાખ્યાન સાંભળવા આવનાર ઘણા નીકળે. પર્યુષણા પર્વનું આકર્ષણ એવું કે શું બાળ કે શું યુવાન ! સૌ દોડ્યા દોડ્યા આવે ! આટલા માણસો આમ કદી ન આવે. સર્વશ્રેષ્ઠ પર્યુષણાપર્વનો આ મહિમા છે. જ્ઞાનીઓએ આ પર્વની આપણને મહાન ભેટ કરી છે. લઘુકર્મી જીવોથી આ આઠ દિવસ સુંદર કોટિની આરાધના કરવામાં આવે, તો ઘણા આત્માનાં પાપો ઓછાં થાય. શ્રવણમાં પરમપુરુષ જિનેન્દ્ર ભગવાનનાં પવિત્ર ચરિત્ર સાંભળવા મળે, બીજા પણ મળે; સાથે બીજું ઘણું સાંભળવા મળે; સાંભળતાં સાંભળતાં આત્મામાં ધર્મ ભાવના એવી ખીલે કે એમ થાય કે ધર્મ રોજ કરવો જોઈએ ! **ધર્મ તો માનવ જીવનનો પ્રાણ છે. એના વિના ઘડીય કેમ ચાલે ?** ધર્મનું આવું મહત્ત્વ સમજવા આપણી વિચારણા ચાલી રહી છે.

**જે વિરતિ ધર્મનું પુણ્ય દેવો પાસે નહિ. તે જિનશાસનના એક ભિખારી પાસે છે :- જૈનકુલમાં જન્મેલો એ ખુમારી તો જરૂર રાખતો હોય કે, જગતને જે નથી મળ્યું તે મને મળ્યું છે. જૈનશાસનમાંનો દરિદ્રી પણ ધર્મહીન ચક્રવર્તી કરતાં પોતાની જાતને મહાપુણ્યશાલી માને છે.** ઠેઠ ઉપર અનુત્તર વિમાનવાસી દેવનું સુખ કેવું ? કાયા એક હાથની, પણ સુખ એટલું બધું કે, અસંખ્યાતા વર્ષોનો કાળ દિવ્ય શય્યામાં સુખે તત્ત્વચિંતન કરતાં પોઢ્યા જ રહેવાનું ! એક પળ વાર પણ અશાતાની પીડા નહિ ! અપરંપાર શાતા ! તે ઋદ્ધિ આગળ આપણી ઋદ્ધિ શા હિસાબમાં ? ચોસઠ ચોસઠ મણનાં ઝળકતાં મોતી ઉપર ટાંગેલા હોય, એ મોતી અરસપરસ અથડાય તો સંગીતના સૂર નીકળે; એવા મધુર કે ગાંધર્વના ગીત એની આગળ કુછ નહિ ! એ શય્યાનો સ્પર્શ એવો સુંવાળો અને સુખદ કે જગતમાં એનો સ્પર્શ જોવા ન મળે. સુખનો પાર નથી, મોંમાં તૃપ્તિની અમી એવી કે બીજાં ગમે તેવા દિવ્ય ભોજન કરો, પણ તેમાં એ અમીનું બિંદુય ન મળે. આવી ઇન્દ્રિયોની ઊંચી કોટિની વિષય સામગ્રી ! છતાં **એ દેવોને જે વિરતિધર્મની સાધનાનું પુણ્ય નથી, એ પુણ્ય શ્રી વીતરાગનું શાસન પામેલા મજૂર પાસે છે !** મજૂરને ઋદ્ધિની અપેક્ષાએ વિચારતાં તો ભારોભાર પાપોદય છે. જ્યારે **વિરતિધર્મની** અપેક્ષાએ જોતાં અપરંપાર પુણ્યોદય છે, મહાસુખી પણ સમકિતી દેવ પોતાની ઋદ્ધિને બંધન



માને છે અને વિરતિ ધર્મના પુણ્યોદયની ઇચ્છા-ઝંખના રાખે છે.

**પ્ર.-** અનુત્તર વિમાનવાસી દેવને જે સુલભ રિદ્ધિ છે, તેની એ ખુમારી ધરાવે ?

ઉ.- નારે ના, તો તો ઋદ્ધિને પાપરૂપ માને શાનો ? એ ઋદ્ધિને તો એ ઠીકરા જેવી માને છે. આ તો તમે એની ઋદ્ધિની અપેક્ષાએ ઠીકરા જેવી તમારી ઋદ્ધિને પુણ્યોદય માનો છો માટે ખુમારી કરો છો અને ખુમારી ભયંકર વહોરો છે. સંપત્તિને પાપરૂપ લેખો તો ગર્વ નહિ રહે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૪૭,તા.૧૪-૮-૧૯૫૪**

**વિજ્ઞાનવાદની તાંડવલીલા : છાપાં અને રેડીયોની ભયાનકતા :- આજે જગતભરના આત્માઓને વિનશ્વર વૈભવ-વિલાસનો મેનીયા લાગ્યો છે. હૃદયભૂમિ પર આત્મચિંતનની નદી ન વહેતી રાખતાં કેવળ જડ પદાર્થોની લગનીની શિલાઓ ખડી કરી છે, ત્યાં ધર્મનો પ્રવાહ ક્યાં વહે ! આજે વિજ્ઞાનવાદનો યુગ ગણાય છે, પણ વિજ્ઞાનવાદ ધખધખતા દાવાનળ સમાન છે, એની જ્વાળાઓએ કેંકને બાળ્યા છે.** અહીં સાંભળે છે કે "અમેરિકામાં આવી શોધ થઈ !" એટલે થશે કે, 'ત્યાં જન્મનારાને ધન્ય છે. એ ચીજ અહીં ક્યારે આવે ?' આજે બસ છાપું અને ઢેડીઓ, બે ભાઈબંધ ! 'ઢેડીઓ' એટલે રેડીયો. ઢેડીઓ શબ્દથી રેડીયોના રંગેરંગાયેલાને દુઃખ થશે. પણ એમને ખબર નથી કે એ **રેડીયાએ ઉચ્ચ આધ્યાત્મિક વૃત્તિઓનો નાશ કરી ઢેડ જેવી ભૌતિક વૃત્તિઓ ખીલવી દીધી છે. છાપું અને રેડીયાની કઈ વાત હૃદયને અસર કર્યા વિના જાય છે ? એના યોગે ધાર્મિક પવિત્ર વિચારો અને આચારો ભૂલી માનવ જડના આચર-વિચારોની પાપ પ્રવૃત્તિમાં મશગુલ બને છે.** ઉત્તમ કુલની કિંમત રહી નથી; રાખી નથી. પૂર્વના રાજા મહારાજાઓ પાસે કેવો વૈભવ વિલાસનો સરંજામ; છતાં એકાંતે ધર્મમાં લીન રહેતા. ભરતમહારાજની પાટે આવેલા સૂર્યયશા રાજાને પર્વતિથિ આઠમની આખો દિવસ તપસ્યાદિ ધર્મ સાધના સાથે આરાધવાની મહાન ટેક હતી ! ઋષભદેવ ભગવાન પછી એમની અસંખ્ય પાટ સુધી રાજાઓ અનુત્તર કે મોક્ષ પામ્યા, તે એ ઋદ્ધિની આસક્તિ કે ખુમારીથી ? કે ધર્મના રંગથી ?

**અસંખ્ય રાજાઓ ક્રમસર મુક્તિમાં અને અનુત્તર વિમાનમાં :-** બસ મોજ કરો, લહેર કરો, ભવિષ્યની શી ફીકર છે ? અહીં તો જુઓ કે ઋષભદેવ પછી ભરતચક્રીથી પાટબંધ ચૌદ લાખ રાજા મુક્તિએ જાય, એક અનુત્તર વિમાને

જાય ! ફરી ચૌદ લાખ મુક્તિએ જાય, એક અનુત્તર વિમાને જાય. એમ ધારાબદ્ધ આ ક્રમ, એમાં ઠેઠ અસંખ્ય રાજાઓ અનુત્તરે ગયા ત્યાંસુધી ચાલ્યો. પછી ચૌદ લાખ મુક્તિ જાય, બે અનુત્તરમાં, ચૌદ લાખ મોક્ષે, બે અનુત્તરમાં આવા ક્રમે અસંખ્ય અનુત્તરે જાય ત્યાંસુધી ચાલ્યું. એમ ત્રણ, એમ ચાર, દરેકમાં અનુત્તરવાસી બને ત્યાંસુધી પછી ૫-૬-૭ યાવત્ ૫૦-૫૦ અનુત્તરે અને વચમાં ૧૪-૧૪ લાખ મોક્ષે. આ ધારામાં કુલ તે દરેકમાં અસંખ્ય અનુત્તરમાં, અસંખ્ય મોક્ષમાં. થાકશો નહિ. હજી પાટે આવતા ક્રમબદ્ધ રાજાઓ મોક્ષે-અનુત્તરે જવાનો આ તો પહેલો પ્રકાર ! પછી બીજી જાતનો પ્રકાર. એમ જુદા જુદા સાત પ્રકારે મોક્ષ અને અનુત્તરમાં રાજાઓ જતા ગયા. તે યાવત્ અજિતનાથ ભગવાન સુધી પહોંચ્યું. કેટલો કાળ ? પચાસ લાખ કરોડ સાગરોપમ કાલ સુધી એમ ચાલ્યું. **સિદ્ધદંડિકા** નામના પ્રકરણમાં આનું અદ્‌ભુત વર્ણન આપ્યું છે. કોની આ વાત ? મોટા રાજામહારાજાઓની તે પણ ક્રમસર રાજ્યપાટે આવેલા રાજાઓની, બીજા આજુબાજુના રાજાઓ તો જુદા. એ રાજાઓ રાજ્યગાદી અને સમસ્ત સંસાર છોડી છોડી સંયમ પામનારા બન્યા. એ સંયમ કેવુંક ઊંચું હશે **! અનુત્તર દેવલોક કે મોક્ષ અપાવનારું સંયમ એટલે ઉગ્ર સંયમ,** સાધના કરનાર રાજાઓ ક્યાં સુધી થયે ગયા તે યાદ રાખ્યું ? પચાસ લાખ કરોડ એટલે અરધી કોટાકોટિ સાગરોપમના કાલ સુધી. શું સમજ્યા ? લાખ બે લાખ સાગરોપમની વાત નથી, કરોડ બે કરોડ સાગરોપમ નહિ, પચાસ લાખ કરોડ સાગરોપમ ! એવા જંગી અસંખ્ય કાળ સુધી સુકોમળ સમ્રાટ રાજા જેવાઓએ દીક્ષા લઈ કઠોર ધર્મસાધના સાધી. એમાં આપણું નાળિયેર ન ઉંચકાયું ! કેવી અફસોસી !

**આ પર્વનો ઠાઠમાઠ એવો જોઈએ કે બીજાને ધર્મ કરવાનું મન થઈ જ જાય :-** ત્યારે આજે કઈ સ્થિતિ છે ? **કઠણ કાયાના દરિદ્રને પણ દીક્ષા મુશ્કેલ છે.** આજે દેખાય છે, **કે સિદ્ધિ એમની એમ રહી જાય છે ને માલિકને હાર્ટફેઈલ થઈ જાય છે !** કેઈકને અઢળક ધન ભોગવ્યા વિના જ માલિકના ક્ષયરોગથી માલિક માટે ક્ષય પામી જાય છે ! અરે ! ક્ષય નહિ, શરીર નિરોગીય હોય, પણ આજે સરકારના તંત્રની ટેક્સ વગેરેની સ્થિતિમાં ધનવાળાનેય ક્યાં શાંતિ છે ? આજે તો શું ધનિક કે શું ગરીબ, સૌ કોઈ બજારોમાં દોડાદોડ કરે છે. હાયવોય ઘણી ! તૃષ્ણા બહુ **! કહો કે કૂતરા બિચારા સવારથી સાંજ સુધી જે પેટની ચિંતામાં એક શેરીથી બીજી શેરીમાં ટૂકડા રોટલા માટે દોડધામ કરે છે** એના કરતાં આજનાં દરેક શ્રીમંતમાં શી વિશેષ પુણ્યાઈ આવી ? આવા મનુષ્યો જીવનની મહાન બરબાદી કરે છે ! જરા સમજી લ્યો. **મનુષ્ય જીવન પૂરું થઈ ગયું, પછી શું ? કોનો આધાર ?**



**કેવી અધમ દુર્દશા ? માનવભવમાંય આવો ધર્મ, અને એ ધર્મ માટે આવો ઉચ્ચભવ ક્યાં મળે ? ક્યારે મળે ? લાગલાગટ અઢાર કોડાકોડી સાગરોપમ સુધી આ ભરતક્ષેત્રમાં ધર્મ નહોતો એ દીર્ઘકાળને અંતે ભગવાન શ્રી ઋષભદેવ પરમાત્માએ ધર્મનો દીવો પ્રગટાવી મહાન પ્રકાશ આપ્યો.** એજ આ ભારતભૂમિ છે. એ રાજાઓ મુક્તિ જતા, ધર્મમાં જ સાર માનતા. શું એમને શરીર સુકોમળ નહોતું ? શું વૈભવ અને ઈન્દ્રિયોના વિષયસુખો નહોતા મળ્યા ? શું એ ભોગવી શકતા નહોતા ? શું એ સુખો મધુરો સ્વાદ નહોતા આપતા ? કહો, કે બધું બરાબર હતું. પણ એક જ વાત હતી કે **એ બધું ઝેરના લાડુ જેવું હતું. જ્યારે ધર્મ અમૃતપાક સમાન હતો.** માટે જ એ ત્યાજ્ય અને ધર્મ ઉપાદેય છે. આજે પર્યુષણપર્વ શરૂ થાય છે. ભલે આ અલબેલી મુંબઈ ગણાય, ધર્મ માટે પુરુષાર્થ શક્ય છે, તો તનથી, મનથી અને ધનથી ધર્મ ખૂબ આરાધજો. ધ્યાન રાખજો કે ધર્મ કાયમ કરવાનો છે પણ કાયમ ન કરી શકે તેવાઓ માટે આ પર્વાધિરાજના આઠ દિવસ તો અવશ્ય કરવાનો જ છે. સકલસંઘમાં એ પર્વનો ઠાઠ જ એવો કે ધર્મ કરવાનો પાઠ મળે, ધર્મ કરવાનું મન થઈ જ જાય. પણ જેનાથી આમાંય ન બને, જે ધોયેલા મૂળા જેવા કોરા રહી જાય, એના માટે શું કહેવું ? **"ધર્મ જ જીવનમાં સાર છે, બાકીનું તમામ અસાર છે." હૈયે આ વસ્તુ ન બેસે ત્યાંસુધી ધર્મનો પુરુષાર્થ ન થાય.** પુણ્યથી મળેલી સામગ્રીથી જે સત્કર્તવ્યો બજાવાય, એમ એનો સદુપયોગ થાય, તો એ પરમાર્થના પુણ્યની અવધિ નથી. પણ જો એનો દુરુપયોગ કરાય આરાધનાના બદલે વિરાધના કર્યે જવાય, તો એમાંથી ભયંકર ઉલ્કાપાત ઊભા થવાના એ નિશ્ચિત સમજી રાખો. બાંધેલા કર્મને શરમ નથી.

**મોહની અજબ ખૂબી :-** વાશી ખાયે જવાનું રહસ્ય જુઓ. પેલા બાળકે કહ્યું,"મામા જાઓ, પાંચ રૂપિયા લઈને એકદમ પહોંચી જાઓ થાવર ચંડાળને ઘેર, ત્યાં એની સ્ત્રી છોકરાને જન્મ આપવાની છે. પણ એ નિર્ધન હોવાથી, કંટાળીને એ બાળકને મારી નાખે નહિ; માટે એને પાંચ રૂપિયા આપી બચાવી લો." થાવર ચંડાળની સ્ત્રીને પરિવાર ઘણો હતો, એમાં પછી ગરીબ એટલે કઈ ભાવના ન થાય ? **મોહની ખૂબી જ ઓર છે, શ્રીમંતાઈમાં જુદી જાતના પાપ કરાવે, ને ગરીબીમા જુદાં પાપ કરાવે !** આ ભાઈ બાળકના કહેવાથી પાંચ રૂપિયા લઈને દોડ્યો, પહોંચ્યો ત્યાં. પેલી બાઈએ હજી હમણાં જ બાળકને જન્મ આપ્યો છે. આગળ વાત વધી નથી, તે પહેલાં આણે પહોંચી જઈને તેના હાથમાં રૂપિયા પાંચ આપી દીધા અને કહ્યું, "લે આ રૂપિયા, આ બાળકને મારીશ નહી, ખરચ માટે બીજા પણ જોઈએ તો લઈ જજે. પણ આને ઉછેરજે, મારવાનો વિચાર ન કરીશ."

એ ચંડાલણીએ રૂપિયા લીધા અને નહિ મારવાનું કબૂલ્યું. પૈસાની તાણ, પણ ચંડાળ કુટુંબ, હલકું જીવન, એટલે થોડે પૈસે કામ પતી જાય.

**આ તો વચ્ચે ઘાસ કપાય છે. લણવાનું બાકી છે ! :-** આને ચમત્કાર લાગ્યો. તરતનું જન્મેલું બાળક બોલે ત્યાં જ ચમત્કાર થાય, પણ આ તો ચંડાળને ત્યાં શું બનશે. એની આ બાળકને ખબર પડી, અને પાછું ડહાપણ જીવ બચાવવાનું ! એ વધુ ચમત્કારી હતું. મામો પાછો આવીને પૂછે છે; "આપ કોણ છો ? ક્યાંથી આવ્યા છો ? જન્મથી બોલી શી રીતે શકો છો ? આ તો આશ્ચર્ય થાય એવી વસ્તુ છે. જન્મતાં બાળકને બોલતાં ક્યાંથી આવડે ?" પેલો દિઙ્મૂઢ થઈ ગયો છે. **કૌતુક એ એવી વસ્તુ છે કે ભલભલા હૈયાંને સચેત કરે છે.**

પેલો બાળક કહે છે, "હું એ જ થાવર ચંડાળનો જીવ છું."

"શી વાત ?"

"તદ્દન સાચી વાત,"

'થાવર ચંડાળના ભવમાં એના પુણ્યથી ચેટક નામે દેવ એને સહાય કરતો હતો, એજ દેવની અત્યારે પણ સહાય છે, એટલે બાળક બોલી શકે છે.'

"કઈ શક્તિથી બોલો છો ?" એ પ્રશ્નના જવાબમાં બાળકે આ જણાવ્યું.

વળી પૂછે છે, "શેઠનું શું થયું ?"

બાળક કહે છે, "શેઠ મરીને થાવર ચંડાળને ત્યાં બાળક તરીકે અવતર્યો છે, જેને તું હમણાં જ બચાવી આવ્યો." બાળકે આ ક્યાંથી જાણ્યું ? બાળકને ખબર નહોતી. પણ પેલો સહાયક દેવ કહીને બાલક પાસે બોલાવે છે. પેલો કહે છે "હેં ! લાખોનો માલિક શેઠ ચંડાળને ત્યાં ? અને નિર્ધન ચંડાળ લાખોપતિ શેઠના ત્યાંને ?"

બાળક બોલે છે; "આ તો કંઈ નથી, વચ્ચે આ તો ઘાસ કપાય છે પણ પાક લણવાનું હજી બાકી છે ! હું ચંડાળ છતાં શ્રાવક ધર્મ પામ્યો હતો, કંઈક આરાધ્યો હતો, તેથી અહીં. શેઠ જન્મે શ્રાવક છતાં કર્મે પાપરક્ત હતો. તેથી ત્યાં. મને અહીં જાતિસ્મરણ થયું."

**"વાશી ખાય છે પણ દુઃખી થઈશ"નું રહસ્ય :-** પાપીઓને બૂરી કાર્યવાહી તથા કાળાં કૃત્યોના નતીજાનું ભાન નથી. જગતમાં જોઈશું તો મોટે ભાગે દુનિયા પાપમાં પડી છે, અને છતાં દુઃખથી ત્રાસે છે. શું આ આશ્ચર્ય નથી ? પાપથી અવશ્ય દુઃખ આવે. છતાં પાપ જોઈએ છે, અને દુઃખ નથી જોઈતું ! કેવી મૂર્ખ ગણતરી ! થાવર ચંડાળ હતો તે શ્રાવક હતો. શ્રાવકપણું પાળ્યું, સાધર્મીભક્તિ કરીને, અને અહીં શેઠ તરીકે જન્મ્યો. જન્મતાં જ લાખોપતિ ! ઉપરાંત પાછું



શ્રાવકકુલ એટલે ધર્મ સહેજે મળે ! ત્યારે શેઠ મરીને ચંડાળ ! દરિદ્રતા અને અધર્મીકુલ ! શેઠ લાખોપતિ હતા, પણ હતા કૃપણ; ન ધર્મ કર્યો, ન ખાધું, ન ખવરાવ્યું, એ જન્મ્યો દરિદ્ર ચંડાળને ત્યાં, જ્યાં કારમી દરિદ્રતામાં જન્મતાં જ એને મારી નાખવાની સગી માને બુદ્ધિ થાય ! કદાચ જીવતો રહ્યો પણ ચંડાળને ત્યાં; એ છોકરાને મોઢું ધોળું કરવાનું મન થાય તોયે ફ્રેન્ચ પાઉડર ક્યાંથી લાવે ? ચૂલાની રાખ ચોપડે કે બીજું કાંઈ ? દરિદ્રતા ઉપરાંત પાછો ધર્મ નહિ ! તેથી પાપ કરી ભયંકર દુર્ગતિઓમાં ભમવાનું ! એ તો થાવર ચંડાળ ભાગ્યશાળી હતો, કે એ એકલો ધર્મ પામ્યો હતો. બાકી તો ચંડાળગિરિના પાપ !

હવે મામાએ પૂછ્યું, કે "ત્યારે જો તમે જ થાવર ચંડાળ છો તો કહો" **"વાશી ખાયે જાય છે, તે દુઃખી થઈશ."** એનો અર્થ શો ? બાળક કહે છે "ઓહો ! હજી ખબર ન પડી ? **આ શેઠે પૂર્વનું કમાએલું વાશી પુણ્ય અહીં શેઠના ભવમાં એકલું ખાઈ નાખ્યું, નવું ઉપાર્જ્યું નહિ. તેથી હવે એ દુઃખમાં પડ્યો. તમારી મા તમને કહે છે કે, તમેય એમ સંસારમાં ખૂંચી એકલું પુણ્ય ખાઈ જશો તો દુઃખી થશો." ધર્મ આ ચીજ છે કે, મોક્ષ ન થાય ત્યાંસુધી અધિક અધિક એને જન્મોજન્મ સાધતા રહો.**

**મહાપવિત્ર સૂત્રોનાં શ્રવણ જુનવાણી નથી. પણ નવી વાણી છે : પરમાર્થની પરાકાષ્ઠાએ પહોંચવાની વાત અહીં મલે છે :-** આજે ઘણાને મિલકત-માન-મોભો, દુઃખ આપનારા જગતના પદાર્થો, એ બધાના રાગનો રોગ લાગ્યો છે. એ ચેપ પાછો બીજાને આપ્યે જાય છે. દીકરા-દીકરીને પણ શું સંભળાવે છે ? આજ ! એ તો અનાદિ કાળથી ચાલુ છે. નવું નથી, જૂનું છે. છતાં આજે કહે છે કે, 'જુનવાણી અમને ગમતી નથી.' વદતો વ્યાઘાત છે. જે પૂર્વના અનંત કાળમાં નહિ મળેલા એવા આત્મકલ્યાણ માટેના પર્યુષણ પર્વ અને કલ્પસૂત્રની વાણી એ નવું મળ્યું ? કે, જે અનંતી અનંતીવાર મળ્યો એ સંસાર નવો મળ્યો ? મહાપવિત્ર સૂત્રના એ શ્રવણ અને એ સૂત્ર જુનવાણી લાગ્યાં કેંકને ! એમણે વ્યાખ્યાન માળાઓ ગોઠવી, ત્યાં નવી વાણી કહી ! શું ગાયું ? એવી જડવાદની વાત ગાઈ કે જેની પાછળ શહેરી કૂતરું પણ હાડહાડ થઈ રહ્યું છે. જેની પાછળ જંગલી પશુ વિકરાળ થાય છે. આ વાત નવી છે ? આ તો અનાદિની જરી પુરાણી વાત છે. **નવી વાત તો અહીં છે. જે પૂર્વે અનંતા કાળમાં કરી નહોતી એવી આત્માના ઉદ્ધાર માટેની ત્યાગ વૈરાગ્ય વગેરેની વાત. ખાવાને બદલે ઉપવાસની, લેવાને બદલે દેવાની, ભોગને બદલે ત્યાગની, વ્રતની વાત.** નવી નવી વાતો અહીં થાય છે. બાર મહિનામાં લાગેલા પાપને ખપાવવાનું આ પરંપરાયે ચાલ્યા આવતા પર્વમાં થાય. વેરવિરોધ

ખમાવવાનું આ પર્વમાં સહેજે થાય. પાપનો પશ્ચાત્તાપ-મોક્ષ સાધનાનો તો મોટો ગુણ, આ પર્વમાં અહીં આવનાર પામી જાય. ઝાંઝરીયા મુનિનું ખૂન કરનારો રાજા પાપનો પશ્ચાત્તાપ કરતાં કરતાં ત્યાં જ કેવળજ્ઞાન પામ્યો. અહીં શી કમીના છે, કે જેથી વ્યાખ્યાનમાળા ગોઠવવી પડે ? જગતમાં આજ નવું છે. જિનેન્દ્રદેવની તન-મન-ધનથી મહાન ભક્તિ, કષાયો પર કાપ, ત્યાગ, તપ, પાપનો પશ્ચાત્તાપ, દાન, શીલ, સારી ભાવના એ નવું છે. વિષયભોગની તથા જડપદાર્થોની ગુલામીની વાતો અહીં નથી. પુદ્ગલ-પૌદ્ગલિક પદાર્થો નચાવે એમ તો જીવ અનંતકાલ નાચ્યો. માટે શાસ્ત્રકારે આ માનવભવમાં કાંઈ નવું જ મળે એવું પીરસવાની આ યોજના રાખી છે. પર્યુષણમાં વિશિષ્ટપણે એ વસ્તુ મળે છે. આઠ દિવસના વ્યાખ્યાનમાં કેટલું બધું આવે ! શું ન આવે ? ગમારને, ઘેલાને, પામરને આ વાણી ગમતી નથી ? આ જુનવાણી નથી, નવી વાણી છે. અનંતકાલમાં નથી દેખાણી, અહીં દેખવા મળે છે. અહીં નહિ જુએ તો ભવિષ્યમાંય દીર્ઘકાલ સુધી નહિ દેખાય. **જાતને વિષયો અને કષાયોમાં મહલાવવાને બદલે જ્વલંત વૈરાગ્ય, વિરતિ અને ઉપશમમાં મહલાવવાની, અનંતને અભયદાન દેવાની, સ્વાર્થની પરાકાષ્ઠાને બદલે પરમાર્થની પરાકાષ્ઠાએ પહોંચવાની વાત અહીં મલશે.**

**મૂર્તિપૂજા વિના પ્રભુ પૂજા શી ?** :- આપણી શી વાત ચાલતી હતી ? કાયા અને મોહમાયાના રંગમાં પૂર્વનું વાશી પુણ્ય માત્ર ખાઈ જવાની અને તાજા ધર્મની કમાઈને બાજુએ મૂકવાની મૂર્ખાઈ જીવ કરી રહ્યો છે ! પણ એમાં આ શેઠ અને થાવર ચંડાલનો પ્રસંગ ભૂલશો નહિ. **ધર્મથી જ જીતવાનું છે.** તેથી દૈનિક ધર્મ કર્તવ્યોમાં પહેલી જિનપૂજા ખાસ આદરવાની. જિનના વિરહકાલમાં જિનની-વીતરાગની પ્રશમરસ ઝરતી પ્રતિમાનું અષ્ટપ્રકારી યાવત્ ૧૦૮ પ્રકારી પૂજન કરવાનું. બિચારા જેમણે પ્રભુપ્રતિમાને પૂજનીય ન માની એવા સંસારીઓને જિનેન્દ્રપૂજા શી રહી ? એ તો જે **'જિનપડિમા જિનસારિખી'** માને છે, એ પોતાની કિંમતી કિંમતી વસ્તુઓ (દ્રવ્યો) લઈ પ્રભુમૂર્તિને મન-વચન-કાયાની એકાગ્રતાથી ભજવા બેસી જશે. જેમાં માત્ર એક જ વિચાર રહેશે કે,

**"(૧) મારા અરિહંત પ્રભુનો મારા ઉપર અતિ મહાન ઉપકાર થયેલો છે અને થનાર છે. તેમજ,"**

**(૨) એ પ્રભુ અનંત ગુણોને ધરનારા છે; વળી**

**(૩) એમની ભક્તિ કરવાથી જન્મોજન્મના પાપ સાફ થઈ જાય છે;**

**માટે હું એમની ખૂબ ભક્તિ કરું. એમની ભક્તિમાં મારી સર્વ સંપત્તિ અને સમયનો ભોગ આપી દઉં. નહિતર તો મારો સમય અને સંપત્તિ પાપ પોષવામાં**



**ચાલી જશે ! આવા લોકોત્તમ નાથ ફરી ફરીને ક્યારે મળશે..."** ઈત્યાદિ ઈત્યાદિ વિચારણામાં જુઓ કે, એને માત્ર એ ખ્યાલ નથી કે **'મૂર્તિ'** ઉપકારક, મૂર્તિ અનંતગુણભરી, મૂર્તિ ફરી ક્યારે મળશે,'-માત્ર આવો ખ્યાલ નથી આવતો; ખ્યાલ તો ખાસ ખુદ પ્રભુનો આવે છે કે 'મારા પ્રભુ ઉપકારક, પ્રભુ ગુણભર્યા, પ્રભુ ફરી ક્યારે મળશે.' એટલે મૂર્તિ તો માત્ર આલંબન બની. પણ પછી એના આલંબનથી ખુદ પ્રભુ જ જાણે નજર સામે તરવરે છે. પ્રભુ જ સ્મૃતિપટમાં રમ્યા કરે છે. એ પ્રભુ **'મૂર્તિની'** ની મહાન આંગી, મહાન સ્નાત્રાભિષેક, મહાન પૂજા, મહાન યાત્રા વગેરેમાં જેટલો અધિક ધનવ્યય કરે છે, એ બધો **પ્રભુની** ભક્તિ કરવામાં કર્યો માને છે. એથી અંતરના અધ્યવસાય બહુ ઊંચા રહે છે, અને ક્રમે કરીને અવસરે કેવળજ્ઞાન સુધી પહોંચે છે. મૂર્તિને પૂજ્ય માની એની પૂજાવિધિ કરનારને પહોંચે છે. મૂર્તિને પૂજ્ય માની એની પૂજાવિધિ કરનારને આ અવકાશ છે. મૂર્તિ ઉડાવનારને શું ? એને શી પ્રભુભક્તિ ?

**જો મૂર્તિ જડ છે તો નામ, સ્તોત્ર વગેરેય જડ છે; તેથી એય પૂજ્ય શી રીતે ? :-**

**પ્ર.**- એય પ્રભુનું નામસ્મરણ, જાપ, સ્તોત્ર પાઠ વગેરે કરી પ્રભુભક્તિ કરી શકે છે ને ?

ઉ.- પણ ત્યાંય પ્રશ્ન એ છે કે એ કરી કરીને કેટલું કરશે ? પ્રભુભક્તિમાં કેટલો સમય સંપત્તિવ્યય કરે છે એ દેખાય છે વર્તમાનમાં. વળી મૂર્તિપૂજામાં લીન બનનારની અપેક્ષાએ એને એમાં ભાવોલ્લાસ કેટલો ? અલ્પ, કેમકે બાળ જીવને તો નક્કર ધનવ્યય, આડંબર અને નક્કર ઝગમગતી વિશિષ્ટ ક્રિયા વિના ભાવોલ્લાસ નથી જાગતો, એવો જગતમાં બહુ અનુભવ છે. બીજું જો **મૂર્તિને** જડ માનીને અપૂજ્ય માને છે, તો **નામ** પણ શબ્દરૂપ હોવાથી ક્યાં ચેતન છે ? એય જડ છે, તો પૂજ્ય ક્યાંથી રહેશે ? ત્યારે **સ્તોત્ર** પણ શબ્દ સમૂહરૂપ છે, એય જડ હોવાથી પૂજ્ય નહિ રહે. અરે ! એટલું જ નહિ, પણ પ્રભુનું **સ્મરણ** કરવામાંય, સામે જે આકૃતિ સ્મરણમાં આવશે તેય પ્રભુના **દેહની** આવશે; અને દેહ તો જડ છે; એટલે પાછી જડની પૂજા એમને લલાટે લખાઈ !

અસ્તુ, આજે વધુ અવસર નથી. સાર એ છે કે **પ્રભુની પ્રતિમા પ્રભુની જેમ પૂજ્ય છે.** ગૃહસ્થે રોજ પોતાના ઊંચા ઊંચા દ્રવ્યોથી એની ખૂબ દિલથી પૂજાભક્તિ કરવી જોઈએ. ધ્યાન રાખજો કે પખાળનું દૂધ, અંગલૂંછણા, ચંદન, કેશર, ફૂલ, ચોખા, ફળ, નિવેદ, વરખ, બાદલું વગેરેમાંનું જેટલી પોતાની શક્તિ પહોંચે એટલું પોતાના પૈસા ખરચીને, પ્રભુપૂજા માટે લઈ જ જવું જોઈએ; અને એ **પ્રભુપૂજામાં ખરચેલું સમુદ્રમાં મળેલા જલબિંદુ કે નદીની જેમ અક્ષય થઈ જાય છે,**-એમ

શ્રીહરિભદ્રસૂરીશ્વરજી મહારાજ **શ્રી પંચાશકજી** નામના મહાશાસ્ત્રમાં ફરમાવે છે. **પ્રભુપૂજા કર્યા વિના ભોજન કરવું પડે તો શ્રાવકને એ રાક્ષસભોજન જેવું લાગે;** એટલો પ્રભુપૂજા પર એને પ્રેમ હોય છે ! હોય જ ને ? ખુદ પ્રભુ પર પ્રેમ હોય એથી એમની પૂજા કેમ ન ગમે ? માતા કે પત્ની પર પ્રેમ હોય છે તો એને રેશમી વસ્ત્રો અને હીરાના અલંકારોથી મઢવાનું મન થાય છે; એના સુંદર ફોટા કરાવી શણગારવાનું મન થાય છે. માતાના મૃત્યુ બાદ પણ એ ફોટા ઉપર ફૂલનો હાર ચઢાવવાનું મન થાય છે. તો શું આવ્યું ? દરરોજના કર્તવ્યમાં પ્રભુની પૂજા ખાસ કરવાની. રાવણ જેવા **રાવણને** પ્રભુપૂજા વિના ચેન નહોતું પડતું. **દમયંતીએ** વનવાસના ઘોર કષ્ટમાં પણ સાત વરસ ગુફામાં પ્રભુપ્રતિમાને ફૂલોથી પૂજી. **કુમારપાલ, પેથડશાહ, શ્રેણિકરાજા, દ્રૌપદી** વગેરે રોજ પ્રભુપૂજા ઠાઠથી કરતા. માટે ઉમદા પ્રભુપૂજા ભૂલતા નહિ, તેમજ પૂજા પર્વદિવસોમાં કે તમારા સંસારી સાલગીરી-લગ્નોત્સવ વગેરેમાં તો વિશેષરૂપે કરવાની.

**૨. ગુરુપર્યુપાસ્તિ** :- બીજું દૈનિક કર્તવ્ય છે ગુરુની ઉપાસનાનું. એ પણ ગૃહસ્થે રોજ કરવાનું છે.

(૧) ગુરુમહારાજનો અરિહંતની ઓળખાણ ધર્મનો ઉપદેશ અને મોક્ષમાર્ગના દર્શન કરાવવા દ્વારા, અનન્ય ઉપકાર છે. વળી,

(૨) ગુરુદેવ મહાન ત્યાગી છે, સંસારના વૈભવો, સુખ-સગવડો અને કુટુંબ સ્નેહ વગેરેને સ્વેચ્છાએ છોડવાનું અદ્ભુત પરાક્રમ એમણે કર્યું છે, તેમજ

(૩) સાધુજીવનમાં મહાન વૈરાગ્ય, તપસ્યા, જ્ઞાનધ્યાન, વગેરેનુ એકાંતે ગુણમય અને પવિત્ર જીવન જીવવાનું રાખ્યું છે. સાથે સાથે

(૪) ભવિષ્યમાં પણ આપણને ધર્મસાધના કરાવી મહાન ઉપકાર કરનારા છે.

તેથી ગુરુમહારાજ પણ (i) **ખૂબ ભક્તિ પૂજાનું પાત્ર છે; તેમજ** (ii) **ખૂબ જ સમાગમ-સેવા-પરિચય કરવા યોગ્ય છે.**

**(i) ભક્તિપૂજામાં** સુપાત્રદાન દેવાનું, ગુરુપ્રવેશમહોત્સવ કરવાનું, ગુરુમૂર્તિપૂજા કરવાનું, અંદર ને બહાર ગુરુની પ્રશંસા-સન્માન કરવા-કરાવવાનું, ગુરુપ્રત્યે લોકોનું આકર્ષણ કરાવવાનું, બીજાઓથી થતી ગુરુહીલના ટાળી પ્રભાવના કરવાનું એવું બધું આવે. ત્યારે,

**(ii) સેવા-સમાગમ-પરિચયમાં** ગુરુદર્શન-વંદન, ગુરુ મહારાજનો વિનય, વૈયાવચ્ચ, સત્સંગ, હિત શિક્ષાશ્રવણ, એમની સાધુચર્યાનું નિરીક્ષણ કરી પ્રેરણા લેવાનું ને આત્મતુલના કરવાનું-ઈત્યાદિ આવે. **'શાસ્ત્રવાર્તાસમુચ્ચય'** નામના શાસ્ત્રમાં



શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે

**'साधुसेवा सदा भक्त्या, मैत्री सत्त्वेषु भावतः ।**
**आत्मीयग्रहमोक्षश्च, धर्महेतुप्रसाधनम् ॥'**

સદા ભક્તિપૂર્વક સાધુ મહાત્માની સેવા, જીવો પર હૃદયથી મૈત્રીભાવ, અને મમત્વની પકડનો ત્યાગ-આ ત્રણેય ધર્મના મૂળભૂત સાધન છે. આમાં સાધુસેવાને પહેલું સાધન કહ્યું. તે પણ હંમેશા કરવાનું, અને ભક્તિસહિત કરવાનું. પાછું આમ કહીને પછી એના લાભ બતાવ્યા છે.

**उपदेशः शुभो नित्यं दर्शनं धर्मचारिणाम् !...**

સાધુસેવાથી હંમેશા સારો ઉપદેશ મળે છે, ધર્મસાધક મહાત્માઓનું દર્શન મળે છે...શાસ્ત્રકારનો આ ઉપદેશ શું સૂચવે છે ? એજ કે ઉત્તમ માનવજીવનમાં ધર્મસાધના જે કરી લેવી અતિ આવશ્યક છે, તેના માટે **પાયામાં સાધુ ભગવંતની સેવા કરવી ખૂબ જરૂરી છે. કેમકે એ સેવા કરતાં કરતાં (૧) એ મહાત્માઓ પાસેથી સારો ધર્મનો ઉપદેશ મળે, (૨) તત્ત્વનું જ્ઞાન મળે; અને તોજ જીવનમાં આગળ વધી શકાય.** વળી (૩) બ્રહ્મચારી અને મહાવ્રતધારી સંયમી મહાત્માઓના દર્શન પણ મળે; એ પણ ખૂબ જ પુણ્યપ્રેરક છે. (૪) સુપાત્રદાનનો પણ મહાલાભ મળે. (૫) સાંસારિક જીવનમાં કષાયવશ જીવોની વચમાં રહેવાના પ્રસંગથી તેમજ સ્વકર્મના ઉદયના કારણે આપણને કાંઈને કાંઈ મનો દુઃખ, દુર્ધ્યાન વગેરે કરવાનું બની આવે. ત્યાં સાધુ ભગવંતોના સાનિધ્યથી એને ઓછું કરવાનું-દૂર કરવાનું સરળ થઈ પડે. તેથી જીવ ભયંકર કર્મબંધથી બચી જાય. તેમ એમની પાસેથી તત્ત્વનો બોધ મળવાથી પૂર્વે અજ્ઞાનતાવશ થતા નિરર્થક પાપોની ઓળખાણ થાય, અને એને અટકાવી શકાય. સાથે સાથે બીજી નવી નવી માનસિક-વાચિક-કાયિક ધર્મસાધનાઓ જીવનમાં આચરવાનું ચાલુ થાય. ગુરુની ઉપાસનાના આવા તો કેઈ લાભો છે; માટે રોજના જીવનમાં અવશ્ય ગુરુસેવા જોઈએ જ.

**દેવગુરુસેવામાં સાવધાની** :- દેવ અને ગુરુની સેવા કરતાં કરતાં એ સાવધાની પણ ખાસ જાળવવાની છે કે એમની આશાતના-અવિનય-અનાદર ન થઈ જાય. જો કે 'આશાતના થઈ જશે તો ?' એવા ભયથી સેવા મૂકી દેવાની નથી, છતાં આશાતનાદિ ટાળવાની પૂરી સાવચેતી રાખવાની છે. દેરાસરમાં કેમ વર્તવાનું ? જેમ એક સમ્રાટ રાજાના દરબારમાં આપણે સેવક તરીકે ગયા હોઈએ અને જે ખાસ વિનય, બહુમાન જાળવીને તથા સૂક્ષ્મ પણ અનાદર ટાળીને વર્તીએ, તેમ જિનમંદિરમાં પ્રભુના દર્શન-પૂજન વગેરેમાં વર્તવાનું છે. પ્રભુને આપણી પીઠ ન

થાય, એમ સીધા ચાલીએ ઊભીએ; ગભારામાં આપણો શ્વાસ કે બોલતાં ઊડતું થૂંક પ્રભુને ન અડે માટે આઠપડો મુખકોશ ઠેઠ નાસિકા ઢાંકવા સુધી રાખીએ; બીજે ક્યાંય અડેલો હાથ ધોયા વિના પ્રભુને ન અડે; સંસારના કોઈ વિચારો મનમાં ન આવે; આવું બધું સાચવવાનું છે, તેમ ગુરુમહારાજની પણ સર્વ પ્રકારની આશાતના ટાળવાની; યાવત્ ત્યાંસુધી કે એવો પણ વિચાર ન લવાય કે 'સાધુમહારાજ તો ચાર દિવાલની વચમાં રહેનારા, એમને બહારના આગળ વધેલા જમાનાની શી ખબર ?' અથવા 'ગુરુમહારાજ તો સંસાર છોડી બેઠા એટલે કહે; પણ આજે આપણે કેટલી ઉપાધિ છે એની એમને શી ખબર પડે ?' અથવા 'એ સાધુ એટલે તો એમ જ કહે ને ? આપણે આપણું જોવાનું'-આવા પણ વિચાર મનમાં ન લવાય. કેમકે એમાં ગુરુમહારાજને ભલાભોળા, સમયના અજાણ અર્થાત્ મૂર્ખ જેવા માન્યા; અથવા એમના કહેવા તરફ અનાદર સૂચવ્યો. આજે તો વળી કેટલાક શ્રીમંત કે આગેવાન એવી રીતે આશાતનામાં પડે છે કે ગુરુમહારાજને વંદના કરશે તો રોફથી, ઠસ્સાથી; સાધુ સાથે વાત કરશે તો જાણે સાધુના **વડા** સલાહકાર તરીકે, આગળ વધીને અવસરે ઠપકો દેનાર તરીકે ! કેટલાક તો વળી મોટા આચાર્ય મહારાજ જોવાને પણ ખીસામાં રાખી શકે છે ! કહે છે કે 'અમુક આચાર્ય મહારાજ પાસે કંઈ કાર્ય કરાવવું હોય તો આપણને કહેવું. મહારાજને આપણું તો માનવું જ પડે.' ત્યારે 'મહારાજ ! મહારાજને વહોરાવજો,' 'કેમ મહારાજ ! બધી સગવડ થઈ ગઈને ?' આવું આવું તો બહું સામાન્ય થઈ ગયું છે; અને વિશેષ એવું પણ દેખાય છે કે 'સાધુ એટલે ઠીક મારા ભાઈ કે 'સાધુ બહુ નિષ્ક્રિય, સમાજને બહુ લાભ નથી કરી આપતા'-**આ બધા વાણી-વિચારના ચાળા અને અક્કડ વર્તાવની ચેષ્ટા શું સૂચવે છે ? સાધુ પ્રત્યે અનાદર, તોછડાઈ અહંત્વ વગેરે.** આશાતનાના એ પ્રકાર છે. અજ્ઞાનીઓને એ ખબર નથી કે **'નમો લોએ સવ્વસાહૂણં' માં ઈન્દ્રોને પણ પૂજ્ય એવા જે સાધુ મૂક્યા છે તે માત્ર વર્તમાન જમાનાના શું, પણ અનંતકાળના જાણકાર છે. તમારી ઉપાધિ શું, પણ જગતના જીવોની વિવિધ આધિ-ઉપાધિ-વ્યાધિની સમજવાળા છે. એ જે ઉપદેશ કરે છે તે અનંતજ્ઞાની સર્વજ્ઞ ભગવાને કહેલાનો, તેય શક્ય વસ્તુનો. માટે એ ઉપદેશ આ જીવનને યોગ્ય જ છે. વળી એ સમસ્ત સંસારનો ત્યાગ કરવાનું મહાન પરાક્રમ કરનારા અને મહાપવિત્ર બ્રહ્મચર્ય-અહિંસાદિ ગુણમય જીવન જીવનારા હોવાથી સંસારના ગુલામ, વિષયનાકીડા, હિંસાદિના કરનારા સંસારી કરતાં અનંતગુણ ઊંચા છે. એવી દિવ્યવિભૂતિના ચરણે ઝૂકી રહેવાને બદલે, કોટિ કોટિશઃ વંદના કરવાને બદલે, એમને ભવોદ્ધારક તરણ-તારણ અને એકલા જ જીવંત શરણભૂત માનવાને બદલે અનાદર-રોફ અવગણના**



**વગેરે આચરનાર કેવા મોહમૂઢ અને અજ્ઞાન-પિશાચથી ગ્રસાએલા ગણાય ?** ખરું જોતાં તો દુનિયામાં વિરલ એવી આ સાધુવ્યક્તિના સમાગમ-સેવાશુશ્રૂષા ઉપરાંત દિનરાત એમની રટના રહેવી જોઈએ. તેમજ વિનય-મર્યાદા પણ ત્યાંસુધી સાચવવાની કે એક ગાથા કે પચ્ચક્ખાણ પણ લેવું હોય તો તે વંદના કરીને જ લેવાય, એટલું જ નહિ પણ પછી પણ ગુરુમહારાજને 'પચ્ચક્ખાણ આપો' એમ ઓર્ડર (આજ્ઞા) ન કરાય, કિન્તુ એમ કહેવાય કે 'ઇચ્છકારી ભગવન પસાય કરી પચ્ચક્ખાણ દેશોજી' અર્થાત્ આપની **ઈચ્છા હોય તો કૃપા કરીને** મને પચ્ચક્ખાણ આપશોજી. શું ? પચ્ચક્ખાણ દેવા કૃપા કરશોજી એમ વિનંતિ કરવાની. એવી બીજી વાતોમાં પણ ઠામઠામ વિનંતિ કરવાની.

**સમય ઓછો છે, એટલે હવે આપણે દૈનિક કર્તવ્યો ટૂંકમાં જોવા જોઈશે.**


**(૩) સત્ત્વાનુકંપા** :- ચાલો, શ્રાવકનું ત્રીજું દૈનિક કર્તવ્ય છે 'જીવો પર દયાભાવ.' આ રોજ આચરવાનું કર્તવ્ય છે,-એનો અર્થ એ છે કે હૈયામાં સતત દયાનો ઝરો વહેતો રાખવો જોઈએ. તે દયા પણ ઠેઠ સ્થાવર પૃથ્વીકાય-અપ્કાય વગેરે જીવો સુધીની સમજવાની છે. ત્યારે તમે પૂછો કે,

**પ્ર.**- ગૃહસ્થે જો સ્થાવર કાય ઉપર પણ દયા રાખવાની હોય તો સંસારના કાર્યો કેવી રીતે બજાવવા ?

ઉ.- તમે સમજ્યા નહિ. દયા રાખવાની એટલે **એ પણ જીવ છે, એવી સમજ રાખીને એના પ્રત્યે હૃદય કોમળ અને કરુણાભર્યું રાખવાનું.** એનો પ્રભાવ એ પડશે કે એ પૃથ્વી-પાણી-અગ્નિ વગેરેના આરંભ-સમારંભમાં કરકસર ખૂબ જ રહેશે. પાણીને ઘીની માફક વાપરવાનો ભાવ રહેશે. **વધુ પડતા કે બિનજરૂરી આરંભો અટકી જશે, અને અતિ જરૂરી જે આચરાશે તે કંપતા હૃદયે થશે, તથા એનાથી ઝટ છૂટી સાધુજીવન લેવાની ઝંખના રહ્યા કરશે. જૈનશાસનની દયા સૂક્ષ્મ કોટિની અને વિવેકભરી છે.** આમાં મોટી દયા એટલે કે 'હાલતા-ચાલતા જીવોને જાણપણામાં નહિ મારવાનું' આવી જ જાય છે. તેથી કીડી, માકણ, મચ્છર વગેરેને મારી નાખવાની દવા શ્રાવકને ત્યાં ન જ હોય, કે ન જ વપરાતી હોય, એટલું જ નહિ પણ નવા જીવોની ઉત્પત્તિ ન થાય એની દયામય સાવધાની સાથે ઉત્પન્ન થઈ ગયેલા જીવોની એકાંત સ્થાનમાં જતના હોય. આ જોઈએ કે નહિ ? **બીજાને ઠર્યા વિના ઠરશો શી રીતે ?** પંચેન્દ્રિય તિર્યંચો-પશુપંખી-ઉપર પણ દયા ખાસ રાખવાની. એટલે આપણી માલિકીના કે બીજા ઢોરને ત્રાસ ન અપાય, બેલગાડી-ઘોડાગાડી વગેરેમાં સવારી કરતાં અધિક ન ચડી બેસાય. **વૃદ્ધ કે અપંગ બનેલા**

**આપણા ઢોરને રખડતા ન મૂકાય. નહિતર પછી આપણે દુર્ગતિમાં રખડતા મૂકાવાનો અવસર આવી લાગે.** દયામાં હજી આગળ જવાનું છે; માનવની દયા ખાસ સાચવવાની છે. ત્યારે કહો, પહેલું તો કુટુંબના માનવો-માતાપિતા, ભાઈબેન, સાસુસસરા, પુત્રવધુ, દેરાણીજેઠાણી, વગેરે પર દયાળુ છો ? ભૂલશો નહિ દયા ઉપરાંત ભક્તિ અને પ્રીતિ રાખવાની છે. ત્યારે શાસ્ત્રે સાધર્મીની ખૂબ **ભક્તિ** કરવાનું કહ્યું છે, પણ આજે તો તમને સાધર્મી પર દયા પણ દુર્લભ લાગે છે. આપણા કુટુંબના, પાડોશના, જ્ઞાતિના કે ગામના સાધર્મી સીદાતા હોય અને આપણા ઘરના ભરપૂર ચાલુ ખર્ચમાં એનો વિચાર સરખો ન હોય, ત્યાં ભક્તિ તો શું પણ દયાની લાગણીય ક્યાં રહી ? **જો જો હોં, સાધર્મી દયાનું પાત્ર નથી, ભક્તિનું પાત્ર છે; પણ આ તો તમને એના દુઃખ પર હૈયું દ્રવે છે કે કેમ એની વિચારણા છે.** શા માટે નકામા ખર્ચ, વધારે પડતા ખર્ચ ઓછા કરીને સાધર્મસેવાનું દૈનિક કર્તવ્ય ન બજાવીએ ? એવા કર્તવ્ય-પાલનમાં જીવન ઉન્નત બનશે, ઉજ્જવલ થશે. આપણી પ્રસ્તુત વાત દયાની છે. દયા નોકર-ચાકર અને પરિવાર પર ખાસ જોઈએ. **અન્યાયથી વધારે ચાકરી ખેંચવાને બદલે, દયાથી વધારે મહેનતાણાં દેવાય. ગુસ્સાથી વારેવારે ધમધમવાને બદલે, દયાથી પ્રોત્સાહન અપાય, તો કોમળ હૃદયે માનવદયા જાળવી ગણાય.** એવી રીતે બીજા મનુષ્યો પ્રત્યે પણ દયા જોઈએ.

**(૪) શુભ પાત્રદાન** :- ચોથું દૈનિક કર્તવ્ય શુભ પાત્રમાં દાન દેવાનું છે. ઉત્તમ શુભપાત્ર તરીકે પવિત્ર સંયમધારી સાધુ ભગવંતો આજે મળી શકે છે. એમને વસ્ત્ર-પાત્ર-સંયમના ઉપકરણ-પુસ્તક-ઔષધિ વગેરેના દાનથી બહુ ઊંચું પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત થાય છે. જીવાનંદ વૈદ્યે ઔષધિદાનથી ક્રમે કરીને પ્રથમ જિનેશ્વર શ્રીઋષભદેવ ભગવાન બનવાનું પુણ્ય ઉપાર્જ્યું. શાલિભદ્રને પૂર્વભવમાં તપસ્વી મુનિને થાળી ખીરના દાન અને એના અતિહર્ષથી દેવતાઈ નવાણું પેટી મલી; અને અવસર આવતાં એના ત્યાગપૂર્વક પ્રભુ મહાવીર દેવના શિષ્ય તરીકે સાધુપણું મળ્યું. સુપાત્રદાનના મહિમાના તો કેઈ દૃષ્ટાન્તો છે.







**પ્ર.**- સુપાત્રદાનનો આટલો બધો ઊંચો પ્રભાવ શાથી ?

**ઉ.**- સમાધાન સરળ છે. સુપાત્રદાનથી સામી વ્યક્તિના ચારિત્રપાલન, સ્વાધ્યાય, ધ્યાન, અધિક તપસ્યા, બ્રહ્મચર્યાદિ મહાવ્રતો વગેરેનું પોષણ અને અનુમોદન કરવાનો મહાન લાભ નીપજે છે. એટલું જ નહિ પણ આપણા દાનથી એમના ધર્મદેહની પુષ્ટિ થવાને લીધે એ બીજા કેઈ માણસોને ધર્મોપદેશાદિ કરવા દ્વારા ધર્મમાં જોડી ભયાનક સંસારમાંથી બચાવી લે છે, એય મહાન લાભ છે. સુપાત્રદાનના આવા ઉત્કૃષ્ટ લાભોની તોલે બીજો કયો લાભ આવે ? માટે જ રોજ સુપાત્રદાન કર્યે જવાનું છે. તે પણ ધ્યાનમાં રાખો, વિધિબહુમાનપૂર્વક. વિધિમાં એક વસ્તુ એવી છે કે સાધુને નિમંત્રણ કર્યા પછી ઘેર સાધુ મહારાજ પધારે ત્યારે આપણી પાસેની દાન યોગ્ય સર્વ વસ્તુ દહીં, દૂધ, ઘી, સાકર, ભોજન-ઔષધિ, પાત્ર વગેરેના **નામ લઈ લાભ આપવા વિનંતિ કરવી જોઈએ.** સાધુ ન મળે તો ભોજન વખતે યાદ કરીને નિસાસો પડવો જોઈએ. દાન પણ આપણા હાથે ખૂબ આનંદ-બહુમાન સાથે કરવાનું. સાધુને વસતિનું દાન કરવામાં પણ અપૂર્વ લાભ છે. અવંતીસુકુમાલના ઘરે આચાર્ય ભગવાન શ્રી આર્યસુહસ્તિ મહારાજને ઉતરવા મુકામ મલ્યો એમાં અવંતીસુકુમાલને ચારિત્ર-નલિનીગુલ્મિવિમાન અને સંસાર-અલ્પતાના મહાન લાભ થયા. **પુણ્યના યોગે મળેલી સંસારની પાપસામગ્રીને પુણ્યસામગ્રી બનાવી દેવાની મહાન ચાવી શુભપાત્રદાન અને પ્રભુભક્તિ તથા જ્ઞાનભક્તિ છે.**

શુભપાત્રદાનમાં સાધુ-સાધ્વીની ભક્તિ જેમ કરવાની. તેમ સાધર્મીની પણ ભક્તિ કરવાનું આવે. પુણીયા શ્રાવકે મહાગરીબીમાં પણ રોજ એ કરવાનું રાખીને શ્રી વીરપ્રભુના શ્રીમુખથી પ્રશંસા પ્રાપ્ત કરી હતી. જિનદાસ શ્રાવકે કેવળજ્ઞાની મહર્ષિના વચનથી વિજયશેઠ અને વિજયાશેઠાણીની ભક્તિ કરી ચોર્યાશી હજાર સાધુને દાન દેવા જેવો લાભ મેળવ્યો હતો. કુમારપાલ મહારાજાએ સીદાતા સાધર્મીને પહેરામણી કરવામાં ચૌદ કરોડ દ્રવ્ય ખર્ચ્યું હતું; અને આવાજ ધર્મકૃત્યો કરી ગણધરપદ નક્કી કર્યું હતું. સાધર્મીમાં પણ સીદાતાનો શક્ય ઉદ્ધાર, અને બ્રહ્મચર્યાદિ વ્રતધારી, પૌષધાદિવાળા, વર્ધમાનતપ, વીસસ્થાનકાદિ તપવાળા વગેરેની શક્ય ભક્તિ કરવા તરફ ખાસ લક્ષ જોઈએ. પછી ભલે આપણી શક્તિ ઓછી પહોંચતી હોય તો કેવળ મહોલ્લામાં વસતા કે છેવટે એકાદની પણ ભક્તિ ચૂકવી જોઈએ નહિ.

દાનનો ગુણ મહાન છે. એમાં લક્ષ્મી પર વિરાગ અને હૃદયની ઉદારતા સારી કેળવાય છે. એ લક્ષ્મીથી સંભવિત કેટલાય પાપથી બચાય છે. જિનાજ્ઞાના પાલનનો મહાધર્મ સધાય છે. કમમાં કમ મનુષ્ય આયુષ્ય ઉપાર્જાય છે, ગુણીની કદર થાય છે.

**(૫) ગુણાનુરાગ** :- શ્રાવકના દૈનિક કર્તવ્યોમાં ચોથું કર્તવ્ય ગુણાનુરાગ છે. જગતના જીવનમાં જે ઘણાના સંપર્કમાં આવવાનું બને છે, તેય નજર સામે કે વિચારણામાં પણ કેઈ મનુષ્યો જે આવી ચઢે છે, અનાદિની કુટેવથી એની ખામીઓ અને દોષો જોવાનું જાણે સહેજે બને છે. કદાચ બીજાના દોષને બદલે ગુણ પર દૃષ્ટિ પડી જાય તોય ત્યાં વગર સંકોચે ઈર્ષ્યા કરવાનું અને આગળ વધીને એ ગુણને ઢોંગમાં કે દોષમાં ખતવવાનું જલદીથી થાય છે. આ આદત બહુ ભયંકર છે; અવસરે માનવતા તો શું પણ શહેરી પશુતાથી નીચે ઈર્ષ્યાળુ, તામસી, જંગલી પશુતા સુધી લઈ જનારી છે. જીવને ઊંચે આવવા માટે આલંબનભૂત અને પ્રેરણાદાયી જે ગુણવાન વ્યક્તિ, એના ગુણને બદલે દોષો જોવાય, ત્યાં પોતાને ગુણની પ્રેરણા ક્યાંથી મળે અને ઊંચે શી રીતે અવાય ? કદાચ આપમેળે ગુણ પોતાનામાં આવે તોય બીજાના દોષદર્શન અને ગુણ ઈર્ષ્યાના પાપે હૈયું મોટે ભાગે બગડેલું રહે છે, અને તેથી પરિણામે તો ભવચક્રમાં ભ્રમણ જ ઊભું થાય છે. આવા મહાન અનર્થમાંથી બચાવી લેવા માટે જ્ઞાની ભગવંતે દૈનિક કર્તવ્યમાં **'ગુણાનુરાગ'** મૂકવાની મહાન દયા કરી, એ દયાની જો આપણને કદર હોય તો અને ભાવી અનર્થોથી બચી ચાહતા હોઈએ તો રોજીંદા જીવનમાં ગુણાનુરાગને અપનાવ્યા વિના રહીએ ખરા ?

**ગુણાનુરાગમાં ખર્ચ કેટલો ? :-** ત્યારે ગુણાનુરાગ કેળવવામાં ખર્ચ પણ શો લાગે છે ? એક પાઈના પણ ધનનો ખર્ચ નહિ ? બેઠેલા ઊભા થવા જેટલો પણ શરીરશ્રમનો ખર્ચ નહિ ! ભિખારી કે પક્ષાઘાતી-ક્ષયરોગી જેવો મહાબિમાર પણ ગુણાનુરાગ કેળવી-ટકાવી શકે એવું એ સસ્તુ અને સહેલું કર્તવ્ય છે. પાછું એનો લાભ તો કોઈ ગજબનો છે !-શીઘ્ર કાળમાં મુક્તિ પમાડી દે ત્યાંસુધીનો મહાલાભ !

**ગુણાનુરાગમાં કરવાનું શું ? :-** ગુણાનુરાગ કેળવવા માટે જ્યારે જ્યારે આપણી નજરમાં કે મગજમાં બીજી વ્યક્તિ આવે ત્યારે ત્યારે એના જો દોષનો વિચાર આવતો હોય તો તે વિચાર તરત જ અટકાવીને એના ગુણનો વિચાર શરૂ કરવાનો. આ તો દોષનો વિચાર આવતો હોય ત્યારની વાત થઈ. પણ તે સિવાય પણ બીજાના ગુણ જોઈને કે શોધીને એ ગુણ પર **પ્રેમ** કરવાનો. ચારે તરફ આપણી નજર ફરે તે માત્ર ગુણગ્રાહી અને ગુણાનુમોદના કરનારી હોય. આપણે એવી બુદ્ધિ કેળવવાની કે સામો ગમે તેવા દોષી હોય, તોય એ ટાળીને એનામાંથી નાનો પણ



ગુણ શોધી કાઢીએ, અને માત્ર એ ગુણ પર પ્રેમભર્યો વિચાર આવે.

**ગુણાનુરાગનો લાભ :-** ગુણાનુરાગ કર્યે જવામાં આપણું મન બહુ પ્રસન્ન અને શાંત રહે છે. નીચ ગોત્રના પાપ ઉપાર્જવામાંથી બચી, ઉચ્ચ ગોત્રનું ઉપાર્જાય છે. દોષ ન જોયો તેથી એની પાછળ ઊઠતા કષાયો અને કુકૃત્યોથી બચી જવાય છે. સામાનો પ્રેમ વધે છે. ગુણાનુરાગને લીધે નિંદાના ભયંકર પાપથી બચી જવાય છે, વાતાવરણ સારું સર્જાય છે, બીજાને પણ સારું શિક્ષણ મળવાથી એ ગુણાનુરાગ કેળવતો થાય છે; ગુણાનુરાગ અને એના દૃષ્ટાન્તો પર બહુ વિચાર થઈ શકે એવો છે, અને કરવા જેવો પણ છે, કિન્તુ અત્યારે સમય નથી, એટલે શું થાય ? છતાં સાર એ છે, કે **હાલતાં-ચાલતાં કાકદૃષ્ટિ છોડી હંસદૃષ્ટિ કેળવી, કોઈના પણ ગુણ જુઓ અને એના પર ખુશી થાઓ.**

**(૬) આગમનું શ્રવણ** :- છઠ્ઠું કર્તવ્ય આગમ-શાસ્ત્રનું શ્રવણ છે. મનુષ્યજીવનમાંથી નીચેના હલકા એકેન્દ્રિય વિકલેન્દ્રિય કે તિર્યંચ-પંચેન્દ્રિય, પશુ-પંખી કે નરકના ભવ સુધી નીચે ન ઉતરી જવાય એ માટે આહાર વિષય વગેરે અનાદિની ચેષ્ટાઓ છોડી કોઈ ઊંચા ભવ્યમાર્ગે જીવનને યોજવાની જરૂર છે. પરંતુ એ ભવ્યમાર્ગનું દર્શન સહેજે સહેજે બનતું નથી, તેથી માર્ગદર્શન કરાવનારા શાસ્ત્રોને ગુરુમુખે સાંભળવાની ખાસ જરૂર છે. જગતના શિક્ષણ કે કેળવણી ઉચ્ચમાર્ગનું દર્શન કરાવવાને બદલે અનાદિની ઇન્દ્રિયગુલામી, લક્ષ્મી-લોભ વગેરેને ઉત્તેજીત કરનાર અને પોષનાર બને છે. ત્યારે સર્વજ્ઞ પ્રભુના શાસ્ત્ર એ ભવવર્ધકદોષોને ત્યજવા તથા વિશિષ્ટ કોટિની ઉત્તમ-દાન-શીલ-તપ-ભાવની, અહિંસા-સંયમ-તપની, દર્શન-કલ્યાણ ચારિત્રની પ્રવૃત્તિઓ આદરવાનું શિખવી જીવનું અનંત કલ્યાણ સાધી આપે છે.

આવા મહાન આશીર્વાદભુત શાસ્ત્રશ્રવણને શક્યતાએ રોજ આચરવું જોઈએ, તેમાંય **સંસાર-ત્યાગી મહાપવિત્ર સાધુ ભગવંતના મુખેથી શાસ્ત્રના બે અક્ષર પણ સાંભળવામાં આત્મા પર અલૌકિક અસર થાય છે.** તેવા મુનિનો યોગ ન હોય તો સારા ધર્મિષ્ઠ વિદ્વાન શ્રાવકના મુખેથી કે શ્રાવક જીવનને યોગ્ય શાસ્ત્રને વાંચીને પણ આ દૈનિક કર્તવ્ય અવશ્ય બજાવવું જોઈએ. અને ઉત્તરોત્તર મન-વચન-કાયાની શુભપ્રવૃત્તિ વધારતા રહેવું જોઈએ.

પર્યુષણાપર્વના કર્તવ્યોના પ્રસંગમાં શ્રાવકે આચરવાના દૈનિક છ કર્તવ્યોની વાત થઈ. શ્રાવક એટલે જૈન માત્ર સમજવાના, પણ કેવળ વ્રતધારી જ એવું નહિ. એટલે **જૈન માત્રના આ છ આવશ્યક કર્તવ્ય થયા. એને ષડ્ આવશ્યક કહેવાય.** પ્રતિક્રમણની ક્રિયામાં છ આવશ્યક જે આવે છે, તે જુદા. તે તો સવાર-

સાંજ પ્રતિક્રમણની ક્રિયા વખતે કરવાના હોય છે. જ્યારે આ ષડ્ આવશ્યક દરરોજના છે. હવે પર્યુષણના ખાસ કર્તવ્યો વિચારીએ.

**પર્યુષણાપર્વ આઠ દિવસનું કે એક દિવસનું ?** :- પરમ ઉપકારી, મહાજ્ઞાનના ભંડાર, એવા શ્રી શાસ્ત્રકાર મહર્ષિઓ સકલ પર્વમાં શિરોમણિ શ્રી પર્યુષણા પર્વ અંગે ફરમાવે છે કે જેમ વર્ષમાં બીજા પાંચ અઢ્ઢાઈ પર્વ આવે છે, તેમ શ્રી પર્યુષણા મહાપર્વ અંગે પણ અઢ્ઢાઈપર્વ છે. એટલે વર્ષમાં કુલ છ અઢ્ઢાઈ આવે છે. ધ્યાનમાં રાખજો કે શાસ્ત્રીય દષ્ટિએ **'પર્યુષણાપર્વ'** એ શબ્દ તો માત્ર ભાદરવા સુદ ચોથને જ લાગુ પડે છે, જેને સાંવત્સરિક પર્વ-સંવત્સરી પણ કહેવાય છે. પરંતુ આ પર્યુષણાપર્વની રૂડી આરાધના માટે આરાધક આત્માએ તેની પૂર્વના સાત દિવસમાં ચોક્કસ પ્રકારની વિશેષ આરાધનાઓ કરવી જોઈએ, એવું જ્ઞાની ભગવંતોએ નિશ્ચિત ઠરાવેલું છે. એ હિસાબે એ કુલ આઠ દિવસની અઢ્ઢાઈ પર્યુષણાની અઢ્ઢાઈ કહેવાય છે; અને આજે લોકરૂઢિમાં એ આખી અઢ્ઢાઈના આઠેય દિવસને પર્યુષણાપર્વ કહેવાય છે. આમાં એક વસ્તુ સમજવાની એ આવી કે મુખ્ય ભાદરવા સુદી ચોથનું પર્યુષણાપર્વ તો નિશ્ચિત. એની પૂર્વના સાત દિવસ પર્યુષણા અઢ્ઢાઈમાં લેવાના. એમાં પૂર્વની કઈ તિથિથી પર્યુષણા-અઢ્ઢાઈ શરૂ થાય, એ કોઈ એક નિયમ નહિ રહે અર્થાત્ સંવત્સરીની પૂર્વમાં તિથિનો ક્ષય આવો કે વૃદ્ધિ આવો, ભાદરવા સુદ ચોથ પહેલાં દિવસ સાત ગણી લેવાના. એટલે ક્ષય આવે તો શ્રાવણ વદ ૧૧ થી શરૂ અને વૃદ્ધિ આવે તો વદ ૧૩ થી શરૂ, નહિતર વદ ૧૨ થી શરૂ. તેથી સદા અઢ્ઢાઈ શરૂ થવાનો નિયમ એ નહિ રહે કે શ્રાવણ વદ ૧૨ થી જ શરૂ થાય. પણ એ નિયમ તો ચોક્કસ કે જૈનશાસન જે પંચાંગ માન્ય કરતું હોય તેમાં **ભાદરવા સુદ ચોથે જે વારે સમાપ્ત થતી બતાવી હોય તે વારે જ મુખ્ય પર્યુષણાપર્વ એટલે કે સંવત્સરી થાય.** તેમાં તો ફેરફાર કરાય જ નહિ; અર્થાત્ ચોથના દિવસના બદલે પછીનો દિવસ ન જ લેવાય અસ્તુ.

છ અઢ્ઢાઈમાં ત્રણ અષાઢ-કાર્તિક-ફાગણ ચોમાસીની અઢ્ઢાઈ આવે છે, બે ચૈત્ર-આસોની શાશ્વતીઓળીની અઢ્ઢાઈ આવે છે, અને એક પર્યુષણાપર્વની અઢ્ઢાઈ આવે છે. આમાં અઢ્ઢાઈપર્વને યોગ્ય વિશેષ કર્તવ્યોના પાલન જોઈએ. તો જ મોંઘેરા મનુષ્યજીવનના વહી જતા પડતર દિવસોમાંથી છેવટે આવા પવિત્ર પર્વદિવસો બચાવી લીધા કહેવાય. એમાંથી માનવજીવનના સારભૂત કંઈક પણ સારી ધર્મકમાઈ કરી શકાય.

**અઢ્ઢાઈ કર્તવ્યો જાણો છો ને ? મુખ્યમાં, એક તો આરંભસમારંભની ઓછાશ.** પણ આજે તો તમે જાણે જૈનજગતમાંથી નીકળી પાપજગતમાં ભળી ગયા લાગો



છો ! એટલે ભલે જાતે નહિ તો ઘાટી નોકરના હાથે પણ ધમધોકાર ધબાધબ કપડા-ધોવરાવવા, ખંડાવવું, દળાવવું, લીલોતરી શાકભાજીના આરંભ, ઘરમાં મોટી સાફસુફી વગેરેના બીજા આરંભો, આ બધું અઢ્ઢાઈઓમાં, બાર તિથિઓમાં ચાલુ જ ને ? ત્યારે શું પૃથ્વી-પાણી, અગ્નિ-વાયુ-વનસ્પતિ, એ સ્થાવર કાયના અસંખ્ય જીવો બચાવવા લાયક નહિ ? એ અસંખ્ય જીવોની હિંસામાં વાંધો નહિ ? શ્રાવક-શ્રાવિકાની ઉચ્ચ કાયાથી પર્વતિથિ-અઢ્ઢાઈ જેવા દિવસોમાં એ ઝીણા જીવોને પણ અભયદાન આપવાનું મહાન કાર્ય સુલભ છે. આજે દુનિયામાં જુઓ છો ને કે બીજી કાયા મલી હોત તો સંવત્સરી જેવા મહાન દિવસે પણ આરંભસમારંભથી શું બચી શકત ? અઢ્ઢાઈના તથા પર્વોના **બીજા કર્તવ્યોમાં** વિશેષ પ્રકારે શક્ય ત્યાગ-તપસ્યા, બ્રહ્મચર્ય, ત્રિકાળપૂજા, સ્નાત્રપૂજા, દેવવંદન, પ્રતિક્રમણ, પૌષધ, સામાયિક જાપ, ધ્યાન, ધર્મશ્રવણ-સ્વાધ્યાય વગેરે આવે.

શાશ્વતી આંબેલની ઓળીના કર્તવ્યથી તો સારા પરિચિત છો. દેવતાઓ આ ઓળીના વિષે નંદીશ્વર દ્વીપમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરી ભારે ધામધુમથી ગીત-નૃત્ય વગેરેથી પ્રભુભક્તિ કરે છે. એવા મહા મહિમાવાળી આ ઓળી જીવનભર આરાધવી જોઈએ એમાં શી મોટી વાત છે ?

**હવે આવી પર્યુષણા અઢ્ઢાઈની વાત. એમાં પાંચ કર્તવ્ય આ પ્રમાણે છે.**

**૧. અમારી પ્રવર્તન, ૨. સાધર્મિક-ભક્તિ, ૩. પરસ્પર ક્ષમાપના, ૪. અઠ્ઠમનો તપ, ૫. ચૈત્યપરિપાટી.**

ધ્યાનમાં રાખજો, આ બધી આરાધનાના ઉપદેશક કોણ છે ? સ્યાદ્વાદી અને શ્રેષ્ઠ અભયદાતા એવા શ્રી જિનેશ્વરદેવો છે. એમ શાસ્ત્ર કહે છે. પ્રભુના આ બે વિશેષણની શાથી વિશેષતા છે એ જાણો છો ? જગતમાં **સિદ્ધાન્ત સ્યાદ્વાદનો શ્રેષ્ઠ છે, અને ધર્મ અભયદાનનો શ્રેષ્ઠ છે માટે.** સ્યાદ્વાદને જીવનમાં ઉતારો તો ઘણા તોફાન બંધ પડી જાય. કેમકે વસ્તુનું અનેકાંતપણું નજર સામે તરવર્યા કરતું હોય છે, તેથી ખોટા રાગ-આકર્ષણ ખેંચતાણ બંધ થઈ જાય, એ સ્વાભાવિક છે. ત્યારે અભયદાનના ધર્મથી તો જીવનમાંથી કેઈ પાપપ્રવૃત્તિઓ બંધ કરી ધર્મપ્રવૃત્તિઓ ચાલુ કરી દેવાય. અસ્તુ. આવા શ્રી જિનેશ્વરદેવોએ પર્યુષણા-અઢ્ઢાઈના પાંચ કર્તવ્ય ફરમાવ્યા છે. તેમ તો વરસોવરસ સાંભળતા આવો છો ને ? એટલે પર્યુષણા આરાધવા માટે ખૂબ ખૂબ તૈયારી કરી હશે, એમ માની જ લેવું ને ? **કઠીન કર્મોને ભેદનારું આ મહાપર્વ છે. એને ઉત્તમ રીતે સાધવા માટે આંતર દશાની ખૂબ વિશુદ્ધિ કરવી જોઈશે. એ વિશુદ્ધિ માટે દાનાદિ વિવિધ ધર્મો અને સમ્યક્શ્રદ્ધાથી હૃદયની જોરદાર કેળવણી કરવી જોઈએ એમ કેળવાયેલું હૃદય પર્વની ઉત્તમ આરાધનામાં ઉછળતું રહેશે.**

પાંચ કર્તવ્યોમાં પહેલું **'અમારી પ્રવર્તનનું'** કાર્ય છે, એનો વિચાર પછીથી કરવામાં આવશે. પહેલાં **'સાધર્મી ભક્તિ'** નામના બીજા કર્તવ્યથી વિચારણા કરવામાં આવે છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''** **વર્ષ-૩,અંક-૧,તા.૩૦-૮-૧૯૫૪**

## પર્વાધિરાજ પર્યુષણાપર્વનાં પાંચ કર્તવ્યો

**સાર્ધમીભક્તિમાં (૧) તપસ્વીઓની તપસ્યાના દિવસોમાં સેવા-શુશ્રૂષા અને ઉપબૃંહણા કરવાની છે. તેલમાલીશ વગેરે સેવા કરવાથી તપસ્વીને શાતા રહે છે, અને ઉપબૃંહણા-અનુમોદના કરવાથી ઉલ્લાસ વધે છે. 'ભાગ્યશાળી છો... તપથી શરીરનો કસ ખેંચી રહ્યા છો,... જલદી તરી જવાના... પર્વને અને શાસનને દીપાવી રહ્યા છો...' વગેરે શબ્દો ઉચ્ચારવામાં મહેનત કે વાર શી ? છતાં અસર સુંદર થાય. (૨) એવી જ અનુમોદના નવા જોડાતા આત્માઓની કરવાની; પણ કદી એને ઉતારી પાડવા નહિ. કદાચ નવા જીવો વ્યાખ્યાનમાં વાતો કરવા લાગી જાય, પૌષધ-પ્રતિક્રમણમાં ક્રિયા ન આવડે, તો એવાને હિંમત આપી ધર્મમાં સ્થિર કરવાના હેતુએ પહેલા પ્રશંસા કરી પછી શાંતિથી ભૂલ સમજાવવી જોઈએ.**

**પાંચમા પ્રકારમાં સાધર્મીભાઈઓ માટે ક્રિયાના ઉપકરણ વગેરેની સગવડ આવે. એમાં એના બૂટ-છત્રી સાચવવાની યોજનાય આવે. કરી છે ને ? આજ તો અમારે સંભળાવીજ દેવાનું ને ? કે તમારે આચરવાનું ખરું ?**

છઠ્ઠા પ્રકારની સાધર્મી-ભક્તિમાં :- **(i) મહાતપસ્વીને પહેરામણી, (ii) સીદાતા સાધર્મી ભાઈ-બેનોના ઉદ્ધાર અર્થે એમને પહેરામણી અગર બીજા ઉપાયે ભક્તિ, તેમજ (iii) સામાન્યથી સૌ સાધર્મી ભાઈઓની નિંદાનું નિવારણ, અપમાનનું રોકાણ, ભયનું નિવારણ, તથા બીજાઓ આગળ એમની પ્રશંસા ગુણગાન કરવાનું આવે. મહાતપસ્વીને પહેરામણી કરવાથી તપની અનુમોદન, કદર કરી ગણાય છે, તેમજ એ જો સીદાતો હોય તો એનો ઉદ્ધાર પણ થાય છે.**

**સીદાતા સાધર્મીને ઉદ્ધરવાનું તો આજે એક મહાન અને અતિ અગત્યનું કાર્ય આવી પડેલું છે. સાધર્મીના ઉદ્ધારથી કેવા કેવા મહાન લાભો છે એ જાણો છો ? (૧) પહેલા નંબરમાં મહાન શ્રી જિનાજ્ઞાના પાલનનો અપૂર્વ લાભ ! (૨) બીજું, એ સાધર્મીના મનને સમતા સમાધિ થવાથી દુર્ધ્યાનનો નાશ થાય; એથી ભયંકર પાપકર્મનો બંધ અટકી પુણ્યોપાર્જન શરૂ થાય છે;-એ લાભ ! (૩)**



**ત્રીજું, એ સાધર્મી ઉત્સાહપૂર્વક ધર્મસાધનામાં જોડાઈ શકે છે. (૪) સંઘમાં પ્રેમભાવ વધે છે. (૫) શાસન પ્રભાવના થાય છે. (૬) આપણને અપૂર્વ પુણ્યબંધ અને પાપક્ષય... આવા તો કેઈક લાભો છે.**

**લાભની વાત ન ગણીએ તો પણ આપણા પ્રભુના સંતાનની ખબર રાખવી એવા એક ખાસ કર્તવ્ય તરીકે અને પ્રેમપાત્ર તરીકે પણ સાધર્મી-ઉદ્ધાર કર્યા વિના ન જ ચાલે.**

**કોયડાનો ઉકેલ પ્રત્યક્ષ :-** અંતરમાં છૂપાઈ ગયેલા સાધર્મી પ્રેમને પ્રગટ કરો. અંદર તો પ્રેમના સાગર ભર્યા છે. પણ એના ઉપર આવરણ ચઢી ગયા છે. પ્રભુના વચનથી સમજો કે સાધર્મી પ્રેમને યોગ્ય છે; પછી એ પ્રેમ પ્રગટાવો. સાધર્મીને શ્રાવક સગો ભાઈ માને; ભાઈ ભાઈની સંભાળ લે. **જે ધર્મની સંભાળ રાખે, ધર્મ એની સંભાળ રાખે.** થાવર ચંડાળે ધર્મસેવા અને સાધર્મી-ભક્તિ કરી તો ધર્મે લાવીને ક્યાં મૂક્યો ? લાખોના સ્થાને, શ્રાવક કુલમાં ! સાધર્મીભક્તિને શું સમજો છો ? શેઠને લાખોનું પુણ્ય મળ્યું હતું, પણ એકલું ભેગું કરી કરીને 'મારું' 'મારું' કર્યા કર્યું; એટલે કે વાસી ચાલ્યા કર્યું. પછી સાધર્મીભક્તિ પણ ભૂલીને ઊલટું 'એવા તો કંઈક આવે છે,' વગેરે અવગણના કરી; તો મરીને શ્રાવકના કુળમાંથી થયો ચંડાળ !

**વાશી ન ઓળખાય તો મહોર છાપ મારો : વિચારો 'હું ધર્મથી ઉજળો કે ધર્મ મારાથી ઉજળો ?' :-** વાશીના કોયડાનો ઉકેલ પ્રત્યક્ષ થવાથી વાશીના ચાનક આપનારી માતાનો અત્યંત ઉપકાર માનતો સુપુત્ર વિચારે છે કે, ''અત્યાર સુધી હું ભૂલ્યો. હવે ભૂલે એ બીજા ! નજરે જોયું. પોતાના સગા લાખોપતિએ ધર્મ ન કર્યો તો રેવડી દાણાદાર થઈ ! શ્રાવક કુળથી ફેંકાયો ઠેઠ ચંડાળ કુળમાં ! અને એમાં પાપો કરીને તો કોણ જાણે કઈ અધમગતિ સાધશે ! તો હું ધર્મમાં લાગું.'' આમાંથી તમારે પણ વાશીને સમજવાની જરૂર છે. **તમને મળેલો વૈભવ, લક્ષ્મી, હકુમત, માન-પાન, એ તમામ વાશી છે. એના અણુએ અણુ પર વાશીની મહોરછાપ છે. એ બધું પૂર્વની પુણ્યાઈનું છે, એટલે વાશી આ છાપ જાણતા હો. અગર જાગ્રત રહેવા સગવડ સંપત્તિ ઉપર 'આ વાશી' 'આ વાશી' છાપ મારી રાખી હોય તો કાળજું કંપતુ રહે. સંસારમાં રહેલો, જે સઘળું ભોગવે, ત્યાં વિચારે કે, 'આ શું ? વાશીમાં મોહવું શું ? ભવિષ્ય માટે શું ? અહીં જે તાજો ધર્મ કરું તે. તો એ જ્યાં ને ત્યાં કરતો ચાલુ.' વળી વિચારે. 'આ કોનું ? મારું કે ધર્મનું ? ધર્મનું જે હોય તેનાથી ધર્મસેવા જ કરવી જોઈએ. હું પહેલો કે ધર્મ પહેલો ? હું ધર્મથી ઉજળો કે ધર્મ મારાથી ?' શ્રાવક કોઈને પૈસા આપે એમાંય પોતાની નહિ પણ ધર્મની**

**મહોર છાપ હોય. તેથી તે લેનારનેય સદ્‌બુદ્ધિ જાગે. એનેય થાય, આ પુણ્યવંતોનો કેવો સરસ ધર્મ !'**

## • ક્ષમાપના •

**સંવત્સરી બરોબર વર્ષે જ કેમ ? :-** સાધર્મીભક્તિ પછીનું વર્ણવવાનું કર્તવ્ય **'ક્ષમાપના'** છે. કમમાં કમ સંવત્સરીએ તો અરસપરસ ક્ષમાપના કરવી અને ક્ષમા આપવી એ પરમ કર્તવ્ય છે.

**પ્ર.- સંવત્સરી પર્વ છ-આઠ મહિને નહિ, વર્ષે દોઢ વર્ષે નહિ, પણ બરોબર વર્ષે જ કેમ ? ભાદરવા સુદી ચોથે જ કેમ ?**

ઉ.- પાંચમ હતી ત્યારે પાંચમે, આજ ચોથે. રાજાને ત્યાં પાંચમે નગર-ઉત્સવ હતો, છતાં એને સંવત્સરી આરાધવી હતી, એથી સંવત્સરી આઘી-પાછી રાખવી હતી, યુગપ્રધાન કાલિકાચાર્ય મહારાજને એનું ઈચ્છિત સાચવવામાં જિનશાસનની મહાન પ્રભાવના દેખાણી. શ્રી સંઘને ભેગો કરી એમણે સંવત્સરી ફેરવી, એટલે પાંચમની ચોથ કરી, **છટ્ઠ નહિ.** હજી કોઈ તેવા પ્રસંગે કરે તો ચોથની ત્રીજ થાય, પણ પાંચમ ન થાય. આમાં આ રહસ્ય છે, **નીચેમાં નીચેનો મોક્ષમાર્ગ સમ્યક્ત્વ.** પણ સમકિત ક્યારે ? અનંતાનુબંધી કષાય આત્મામાં જીવતો હોય તો સમકિત નહિ. શાસ્ત્રે સૌથી ઉગ્ર અનંતાનુબંધી કષાય કહ્યો. તે એક વર્ષથી વધુ ઠેઠ જિંદગીભર હોઈ શકે એમ કહ્યું છે; અને એનાથી ઉતરતા અપ્રત્યાખ્યાનાવરણીય કષાયની બાર મહિના સુધીની અવધિ કહી છે. એટલે ? બાર માસથી વધુ ન રહે; વધુ રહે તો અનંતાનુબંધી થઈ જાય; અને અનંતાનુબંધી એ સમકિતનો ઘાતક છે. **તેથી થઈ ગયેલા કોઈ ક્રોધાદિ અનંતાનુબંધીના ઘરમાં ન જાય, અર્થાત્ બાર મહિના ઉપરાંત ન રહે, એ જોવું જોઈએ, એક દિવસ પણ વધુ નહિ.** માટે વર્ષ પૂરું થતાં સુધીમાં તો કષાયની શાન્તિ અને ક્ષમાપના થઈ જ જવી જોઈએ. એ છેવટે સંવત્સરી પ્રતિક્રમણથી થઈ જાય. હવે ગઈ સંવત્સરી ચોથને બદલે પાંચમે એટલે કે એક દિવસ મોડી કરે તો વર્ષ ઉપર થઈ જાય. એમ ન થવા દેવા ચોથે જ કરવી જોઈએ. હજી વહેલી કરાય, મોડી નહિ. આ છે હેતુ 'સંવત્સરી વર્ષે જ કેમ ?' એનો. કેટલાક અજ્ઞાની કહે છે 'સંવત્સરીના ઝઘડા શા ? ચોથે કરી તો શું અને પાંચમે કરી તો શું ? જ્યાં ત્યાં પાપ ધોવા છે ને ?' પણ એને બિચારાને પહેલાં કહ્યું તે રહસ્યની ખબર નથી. અસ્તુ. સર્વેએ પર્યુષણાપર્વે તો અવશ્ય ઉપશમવું, અને ઉપશમાવવું જ જોઈએ. બૃહત્ કલ્પસૂત્રમાં જણાવે છે કે શ્રામણ્ય એટલે કે મહાવ્રતોનું મૂલ ઉપશમમાં છે. ઉપશમ માટે આપણે ક્ષમા આપી



દેવી, અને બીજા પાસે ક્ષમા માગી લેવી, ખમાવી લેવું. આપણે ખમાવતાં છતાં સામો ક્ષમા ન આપે તો ? **'જે ખમાવે તે આરાધક, ન ખમાવે તે વિરાધક.'** એમ શાસ્ત્ર કહે છે. પાક્ષિક પ્રતિક્રમણે અને ચાતુર્માસિક પ્રતિક્રમણે તો ખમાવાનું છે જ. પણ બધા જીવો રોજ, કે પખ્ખીએ, કે ચાતુર્માસિએ ધર્મક્રિયા કરતા હોય એમ હોતું નથી. સંવત્સરીનો રૂડો દિવસ એવો છે કે જે દિવસે માત્ર નામથી પણ શ્રાવક અને શ્રાવકનું બચ્ચું પણ પ્રતિક્રમણ કરવા આવે છે. અલબત જિનશાસનમાં 'ખામેમિ સવ્વ જીવે,' રોજ છે; પણ નિદાન, વર્ષે દિવસે તો ક્ષમાપના થવી જ જોઈએ. ક્ષમાપના આપણા એ પર્યુષણા પર્વમાં મુખ્ય કર્તવ્ય છે. પોતાનો ગુનો હોય તે ખમાવવાનો હોય જ, ગુનો સામાનો હોય તો પણ પોતે ખમાવી દેવું,-એ શ્રી વીતરાગના શાસનના ઉપાસક, સાધુ કે શ્રાવકની ફરજ છે. ઉપશમ વિના ઉદ્ધાર નથી. સામો ખમે-ખમાવે કે ન ખમે-ખમાવે, પોતે જરૂર ખમવું-ખમાવવું. **'ખમાવે તે આરાધક, ન ખમાવે તે વિરાધક'** -એમ ચૌદપૂર્વી મહાજ્ઞાની ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામીએ પૂર્વમાંથી ઉદ્ધરીને રચેલા બૃહત્ કલ્પસૂત્રમાં ફરમાવ્યું છે. તેમ મહાનિશીથ સૂત્રમાં ફરમાવ્યું છે કે-ઉપશમ ન હોય તો કરોડો વર્ષનો ગમે તેવો ઘોર તપ કરે તે તપ, તપ નથી, એનાથી આરાધના નથી. ગમે તેવા દુશ્મન સાથે પણ વૈર વિરોધ ખમાવી દેવા જોઈએ.

## • મૃગાવતી-ચંદનબાળાનું દૃષ્ટાન્ત •

**ઠપકો ખરો, પણ વહાલભર્યો અને અત્યંત પોચા શબ્દોમાં :-** પરમાત્મા મહાવીરદેવની દેશનામાં એક વખત એવું બન્યું કે દેશના પૂરી થયા બાદ સૂર્ય-ચંદ્ર ઈન્દ્રો પરમાત્માની ઉપાસના કરી રહ્યા હતા. તે મૂળ વિમાન સાથે આવેલા, તેથી દિવસ પૂરો થવા છતાં પ્રકાશ ભરપૂર હતો. એ પ્રકાશના વિશ્વાસમાં મૃગાવતીજી સાધ્વી પણ પ્રભુની પાસે મુગ્ધ બની ત્યાં બેસી રહ્યાં. એમના ગુરુણી ચંદનબાળા સાધ્વી તો સમય થતાં ત્યાંથી ચાલી ગયેલા. પછીથી સૂર્ય-ચંદ્ર જ્યાં ગયા કે તરત અંધારું થઈ ગયું. મૃગાવતીજીને થયું, 'અરે ! આ શું ! મારી કેવી ભયંકર ભૂલ !' સંભ્રમથી જેમ તેમ આવ્યા ઉપાશ્રયે, ગુરુણીજી ચંદનબાલા સાધ્વીએ એમને મોડા આવેલા જોઈને કહ્યું, **"હે ભદ્ર ! કલ્યાણેચ્છુ તારા જેવી કુલીનને આ ઉચિત નથી."** એટલે ? મોડા સુધી કુળવાનને બહાર રહેવું ન છાજે. ઠપકો ખરો, પણ કોમળ શબ્દોમાં. **પરમાત્માનું શાસન પામેલાના હૃદય જ એવા કોમળ અને ગંભીર હોય છે કે એમના ઉપાલંભમાંય વાત્સલ્ય નીતરતું હોય છે; આત્મપ્રેમની મીઠાશ અને કોમળતા ઝળહળતી હોય છે.**

**મૃગાવતીજીને કેવળજ્ઞાન ! શાથી ? ક્ષમાપનાથી, આત્મનિંદાથી, ઉપશમવાથી :-** તે કાલ ! શું ગુરુ ને શું શિષ્ય ! જાણે એક એકથી વધે ! મૃગાવતીજીને ખેદનો પાર નથી; 'અરે ! હું દયાળુ ગુરુણીજીને, હજારો સગુણશિષ્યાની મહાન સ્વામિનીને ખેદ કરાવનારી થઈ !' એમ પશ્ચાત્તાપ કરે છે. પોતાના આત્માની બિનજાગ્રતિની તથા પાપભરી અને દોષભરી સ્થિતિની ભારે નિંદા કરે છે. જરાય ગુરુણી પર ગુસ્સો કે અરુચિ નહિ. નહિતર કહી શકત, "સૂર્ય-ચંદ્રના મૂલ વિમાનનો પ્રકાશ હતો, એમાં દિવસ પૂરો થયો છે એવી અમને શી ખબર પડે ? અને હતા તોય એમ ભગવાન પાસે ને ? એટલામાં અમે કુલ-વિરુદ્ધ શું કરી નાખ્યું ?" પણ એ એવો બચાવ મોંઢેથી કરવાની વાત તો દૂર રહી, કિન્તુ મનમાં એનો વિચાર સરખો નથી લાવતા. એ તો હવે આત્મનિંદા વારંવાર કરવા લાગ્યા, તથા ફરી ફરીને ખમાવવા લાગ્યા. માર્ગાનુસારી જીવનમાં નિંદાનો ત્યાગ આવે છે, તે તો પરનિંદા નહિ કરવાની. બાકી **પોતાની નિંદા તો મહાગુણ છે.** સાથે ઉપશમ ભળે પછી શું બાકી રહે ? ઉપશમમાં સર્વ ક્રોધ-માન-માયા-લોભ વગેરે શાંત કરી દેવાના, દૂર કરવાના. એમાં જ સદોષ એવા પણ મૃગાવતીજી ચઢ્યા ક્ષપકશ્રેણિએ. છઠે, સાતમેથી, આઠમે, નવમે, દશમે, બારમે ગુણઠાણે ! ઘાતિકર્મ ખપાવી પામ્યા કેવળજ્ઞાન **! ન કોઈ તપ, ન ઉપસર્ગ, ન પરિષહ, માત્ર આત્મનિંદા અને ક્ષમાપના સહિત ઉપશમભાવથી મૃગાવતીજીએ કેવળજ્ઞાન મેળવ્યું !!** ઉપશમના કેવા ઈનામ ! એમનું કેવું આંતર નિરીક્ષણ ! કેવો સ્વદોષ પર દ્વેષ ! કેવું વાસ્તવિક આત્મદર્શન !! ખૂબી તો એ થઈ કે **પોતે ભૂલ કરી ઠપકાપાત્ર થયા હતા. છતાં બન્યા વીતરાગ સર્વજ્ઞ ! અને મહાન ગુરુણી ભૂલવાળા નહિ છતાં હજી છદ્મસ્થ છે ! અલ્પજ્ઞ છે ! શું જૈન શાસનની બલિહારી છે !!**

**એજ ક્ષમાપનાના યોગે મહત્તરા ચંદનબાળાને કેવળજ્ઞાન ! :-** અનંતજ્ઞાની મૃગાવતીજી પોતે હવે કેવળી થયા છે એટલે સાક્ષાત્ બધું જોઈ રહ્યા છે. ચંદનબાલા સાધ્વીજીનો હાથ સંથારા પર જ્યાં છે, ત્યાંથી એક કાળો સર્પ જઈ રહ્યો છે. એથી મૃગાવતીજી હાથ ઊંચકી જરા ખસેડે છે. ચંદનબાલા જાગી જાય છે, પૂછે છે.

"કેમ શું છે ? હાથ કેમ ઊંચકયો." **સાધુ સદા જાગતા ! આમેય અંતરથી જાગતા જ હોય, અને બીજા અર્થમાં નિદ્રા બહુ આછી અને ઓછી હોય.**

મૃગાવતીજી કહે છે, "કાળો સાપ અહીંથી જતો હતો, તેથી એના માર્ગમાંથી આપનો હાથ ઊંચક્યો."

"અહો ! આવા ઘોર અંધકારમાં કાળા સર્પને શી રીતે જોયો ?"

"જ્ઞાનથી."



જ્ઞાનના મુખ્ય બે પ્રકાર, પ્રતિપાતિ તથા અપ્રતિપાતિ. અપ્રતિપાતિ એટલે આવેલું કદી પાછું નાશ ન પામે તે કેવળજ્ઞાન. આવેલું જાય તે પ્રતિપાતી-મતિ, શ્રુત, અવધિ વગેરે. જ્ઞાનથી સર્પ જોયો એ સાંભળી ગુરુણી ચોંક્યા ! અવધિજ્ઞાનથી સર્પ દેખાયો કે કેવળજ્ઞાનથી, એ જાણવા પૂછ્યું, 'પ્રતિપાતી જ્ઞાનથી કે અપ્રતિપાતિ જ્ઞાનથી ?'

જવાબ મલ્યો "અપ્રતિપાતિ જ્ઞાનથી." બસ ખલાસ. સાંભળીને સમજી ગયા કે આ કેવળજ્ઞાની છે.

**કેવળજ્ઞાનના રસ્તે :-** પછી તો આ જાણીને ક્યાંથી શાંતિ રહે ? ચંદનબાલા ધ્રુજી ઉઠ્યા ! સફાળા ઉઠીને, મૃગાવતીજી આમ તો પોતાની શિષ્યા છે, છતાં એમને ભારે આત્મ પશ્ચાત્તાપપૂર્વક ખમાવવા લાગ્યા, "અરેરે ! મેં અજ્ઞાનીએ, મેં મૂઢે કેવલીની આશાતના કરી ? કોને ખબર સમોવસરણથી જ કેવળજ્ઞાન લઈને મૃગાવતીજી પધાર્યા હશે તો ? તો શું મેં એ વીતરાગ સર્વજ્ઞ ભગવતીને ઠપકો આપ્યો ? હે ભગવંત ! મારું શું થશે ? કેવી મારી અજ્ઞાનદશા કે અનંતજ્ઞાની પર મેં ડહાપણ કર્યું ? અહો મૂઢતા !..." એવી આત્મનિંદામાં ચઢ્યા કે એ નિંદાના દાવાનલમાં ઘાતીકર્મ ખપાવી ચંદનબાલા મહત્તરાએ પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું ! કહો કે પ્રભુની ૩૬૦૦૦ સાધ્વીજીના વડેરા ચંદનબાળા ગુરુણીને સુયોગ્ય શિષ્યાએ જાણે સર્વજ્ઞ બનાવ્યા ! બનવાની તક આપી !

**ક્ષમાપનાનું રહસ્ય કુણું હૃદય :-** જોજો, જેમ મૃગાવતીજીને તેમ ચંદનબાલાને પણ તત્કાળમાં ન ઉપસર્ગ, ન પરિષહ, કે ન કોઈ મોટો તપ માત્ર સ્વદોષની ક્ષમા યાચતાં, અર્થાત્ ખમાવતાં, કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. ખમાવવાનું આ કેવું મહાન ફળ ! **કેવળજ્ઞાનથી વધુ કયું મોટું ફળ છે ? મહાન ચારિત્ર કે ગજબનાક તપ પણ કેવળજ્ઞાન માટે જ ને ? પરંતુ એની સાથે જો ખમાવવાનો અને સર્વ કષાય ઉપશમવાનો ધર્મ નથી, તો કેવળજ્ઞાન નહિ મળે.** ત્યારે પૂછો ને,

**પ્ર.**- ખમાવવામાં એવો શો જાદુ છે ?

**ઉ.**- જાદુ એ છે કે ચારિત્ર કે તપ હજી હૈયાની અક્કડતાથી પણ થાય; કિન્તુ સાચું ખમાવવાનું અને ઉપશમવાનું તો હૃદયની કૂણાશથી જ થાય, હૃદયના પશ્ચાત્તાપથી જ થાય. ત્યાં ખૂબી એ છે કે હૃદયની એ કૂણાશમાં બીજા કેઈ દોષો ખખડી ઉઠે છે, ઢીલા થઈ રવાના થાય છે. ત્યારે પાપના પશ્ચાત્તાપથી અંતે કેઈ જન્મોના કર્મના ગંજના ગંજ ઉપડી જાય છે, બળી જાય છે, નષ્ટ થઈ જાય છે. અહીં **ખૂબી તો એ છે કે ખમાવનાર અર્થાત્ ક્ષમા યાચનાર માણસ ગુનેગાર ન પણ હોય તો પણ એ મહાકલ્યાણ સાધે છે.** કારણે એ છે કે એ પોતે ગમે તે રીતે

પોતાના આત્મામાંથી દોષ શોધી કાઢે છે. બીજો કોઈ દોષ ન જડે તો છેવટે એમ થાય કે **'અહો હું કેવો અલ્પપુણ્યવાળો કે મારા લીધે આમને કલેશ થાય છે ! કેવા મારા પાપ ભારે કે આમને હું સુખરૂપ નથી !' આવું આવું કંઈક વિચારવામાં પણ પોતાની પૂર્વ જન્મોની મહા હલકી સ્થિતિની જુગુપ્સા થાય છે, હૃદયકુણું બને છે. મોહ ભાગે છે.** મૃગાવતીજીની ભૂલ હતી, તોય ઉપશમથી કેવળજ્ઞાન ! ત્યારે હવે એવું દૃષ્ટાન્ત જુઓ કે જેમાં ભૂલ નથી છતાં ઉપશમથી કેવળજ્ઞાન !

## • ચંડરુદ્રાચાર્ય અને શિષ્યનું દૃષ્ટાન્ત •

**વગર ગુન્હે ઠપકો, છતાં ઉપશમથી કેવળજ્ઞાન :-** તે દૃષ્ટાન્ત ચંડરુદ્રાચાર્યના નવ દીક્ષિત શિષ્યનું. એમાં શું બન્યું ? છોકરાને હજી હાથે લગ્નનું મીંઢળ છે; અને બીજા છોકરાની સાથે રહીને આચાર્ય મહારાજ પાસે મશ્કરીમાં દીક્ષા માગે છે; બહુ કનડગત કરે છે. સૂરિજી પોતાના ક્રોધ સ્વભાવને ન ઉછળવા દેવા શાંતિથી કહ્યા કરે છે 'રહેવા દો ભાઈ !' પણ જ્યાં છોકરા તો વધુ મસ્તીમાં ચઢ્યા ત્યારે આ છોકરાનો એમણે લોચ કરી નાખ્યો. વાત પ્રસિદ્ધ છે. જાવજ્જીવનું સામાયિક ઉચ્ચરી નવ દીક્ષિતે ખાનદાનીથી કહ્યું, 'ગુરુજી ! હવે તો સાચે જ હું સંસારથી છૂટ્યો. પણ કુટુંબનું લશ્કર આવશે; માટે ઉપદ્રવ થશે, તો ચાલો કરીએ વિહાર !' રાત્રે બે નીકળી પડ્યા. અંધારું ઘોર ! ગુરુ વૃદ્ધ એટલે જરા જરામાં ખાડેટેકરે ગબડે. એટલે શિષ્યે ખભે બેસાડ્યા. તોય અંધારું ગાઢ અને રસ્તો જંગલનો, એટલે ખાડા-ટેકરા આવે. તેમાં શિષ્ય ન લથડે એવું થોડું બને ? એ લથડે એ વખતે ગુરુ પણ ઉછળે. વારંવાર આવું થવાથી ગુરુને બિચારાને સ્વભાવ મુજબ ગુસ્સો ચઢે છે, એટલે આક્રોશ અને હસ્ત પ્રહાર કરે છે. પાછા કહે છે "હું કેવો નિરાંતે બેઠો હતો ! નાહક મને આ આફતમાં ઉતાર્યો !" વારે વારે એમ થાય છે. એ વખતે કહો જો શિષ્ય સામો ગુસ્સો કરી ગુરુને નીચે ઉતારે તો ? **પણ એ કયા શિષ્ય ? ભવના મુસાફર હોં. આ શિષ્ય તો મોક્ષનો પ્રવાસી છે. એટલે આ માને છે, 'અરેરે ! મારા લીધે ગુરુજીને કેવો ત્રાસ થાય છે ! વાત ખરી છે કે મેં જ એઓને મશ્કરી કરીને તકલીફમાં ઉતાર્યા હતા. અહો ! ચારિત્ર લઈને ગુરુજીને અનુકૂળતા કરી આપવાને બદલે ઊલટું પ્રતિકૂલતામાં ઉતાર્યા ! પાછો હું કેવો અજ્ઞાન કે માર્ગ પણ જોઈ શકતો નથી !'...**વગેરે આત્મનિંદા એવી કરી, એવી ક્ષમાપના સાધી, કે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું ! કેવળજ્ઞાન સસ્તું ? હા, ઉપશમથી સસ્તું. કેવળજ્ઞાનથી હવે તો બધું જોઈ શકાય, એટલે સીધું જ ચલાય છે. બરાબર સીધું જ ચાલવાથી ગુરુ પૂછે છે કે 'હવે કેમ સીધું ચલાયું ?'



આ કહે છે કે 'જ્ઞાનથી.'

'જ્ઞાનથી ? પ્રતિપાતિ કે અપ્રતિપાતિ ?'

'અપ્રતિપાતિ' એટલે ? કેવળજ્ઞાન ! તરત જ ગુરુજી નીચે ઉતરી ગયા, 'અરેરે મેં કેવળજ્ઞાનીની આશાતના કરી !' એમ પસ્તાવો કરતા ખમાવવા લાગ્યા. ખમાવતા ખમાવતા એમને ય કેવળજ્ઞાન થયું ! ક્ષમાપના ધર્મના પ્રભાવ કેવા ! શિષ્યા અને ચંદનબાળા બંનેને, શિષ્ય અને ચંડરુદ્રાચાર્ય બંનેને, કેવળજ્ઞાન થયું.

## • ઉપશમના અનેક છૂટક દાખલા •

**ઉદયન રાજા ચંડપ્રદ્યોતને ખમાવે છે :-** ગુનેગાર ચંડપ્રદ્યોતન હતો. દાસી ઉઠાવી ગયો હતો; તે ઉપરાંત પ્રતિમા પણ લઈ ગયો હતો, પકડાયો હતો પણ જ્યાં એણે કહ્યું, કે 'મને ઉપવાસ છે,' કે તરત ઉદયન ખમાવે છે. ગુન્હેગારને પોતે ખમાવે છે. આજે એને ઉપવાસ એટલે એ પર્યુષણાનો આરાધક; અને આરાધક એટલે સાધર્મી. ભલે જાતે ઉપશાંત હોય તોય એની ક્ષમા યાચીને એનેય કષાયમુક્ત અને શલ્યરહિત કરી દેવો જોઈએ. કેવીક સુંદર સમજ ? **કષાય એટલે જ સંસાર. જેને સંસાર ન ખપે, એને કષાય ન જ ખપવા જોઈએ. એણે તો ખરેખરો મહાન પુરુષાર્થ કષાયને શાંત કરી સમતા અને ઉપશમના મહાસાગરમાં ઝીલવાનો, ઝીલતા જ રહ્યા કરવાનો જોઈએ. એમાં આત્મતેજ વધે છે.**

**પ્રભુ મહાવીરદેવનું :-** સાધુજીવન શું બતાવે છે ? ભયંકર ઉપસર્ગ કરનારાઓ પ્રત્યે સમતાનો વરસાદ ! ઉપશમના અમૃતસ્ત્રોત ! **આપણને એ આલંબન આવા ઉત્તમ ભવમાંય ન ખપે ?**

વળી જુઓ, ગુનો દુષ્ટરાણીનો છતાં મહાસદાચારી બિન ગુનેગાર **સુદર્શનશેઠને** શૂળીએ ચઢાવા લઈ જાય છે. છતાં ઉપશમ કેવો કે "પોતાનું ગમે તે થાઓ, રાણી બિચારી ઉપર આપત્તિ ન આવો !" એ માટે મૌનમાં રહ્યા છે.

પ્રખરબળી **બાહુબલજીએ** અન્યાયી યુદ્ધ કરતા ભરતને શિક્ષા કરવા સમર્થ છતાં ઉપશમભાવના આસમાનમાં ચઢ્યા. તો યુદ્ધેય છોડ્યું અને આખો સંસાર પણ છોડ્યો !

**સનત્કુમાર ચક્રવર્તીએ** પુણ્ય શી રીતે ઉપાર્જ્યું હતું ! પૂર્વે શ્રાવક જીવનમાં રાજાની શરમે તાપસ તરફથી પોતાની પીઠ પર ગરમાગરમ રસોઈની પતરાળી મુકાવી હતી. તેને લીધે ફદફદી ગયેલી પીઠની સ્થિતિમાંય મહાઉપશમ રાખી જંગલમાં દિવસોના દિવસો સુધી **એમણે ખુલ્લી પીઠે કાઉસ્સગ્ગ સ્વીકાર્યો હતો, સમડી વગેરે પક્ષીઓની તીક્ષ્ણ ચાંચે એકેક દિશામાં ૧૫-૧૫ દિવસ બટકા ભરાવાનું**

**સહ્યું હતું !** આવા મહાન ઉપશમ ભાવના પ્રતાપે ઈન્દ્ર થયા. કેવી સરસ એમાં અસંખ્ય જિનેશ્વરના કલ્યાણક ઉજવવાની મહાન ભક્તિ કરવાનું મળે ! ત્યાંથી પછી એવું સુંદર ચક્રવર્તીપણું મળ્યું કે જેમાં સાકર પરની માખી ટકોરે ઉડે, એમ શરીરમાં રોગ જન્મ્યા જોઈ તરત જ અતુલ વૈભવ-વિલાસને ફગાવી મહાન તપસ્વી અને ઉપશમ ભંડાર મુનિ બન્યા.

ગૃહસ્થપણામાં જ **સુવ્રતશેઠે** ઉપશમભાવ રાખી ચોરી કરવા આવેલા ચોરને ઉપરથી જીવતદાન અને લક્ષ્મીદાન કર્યું.

બાકી કૃષ્ણ-વાસુદેવના મહાલાડીલા ભાઈ **ગજસુકુમાળની** મહાસમતા અને ઉપશમભાવે તત્ક્ષણ કેવળજ્ઞાન અને મોક્ષ અપાવ્યો એ તો અનેકવાર સાંભળી ગયા છો ને ?

**ત્યારે ખંધકમુનિ, ખંધકસૂરિના શિષ્યો, સુકોશલમુનિ. ઝાંઝરીયામુનિ** વગેરેના ઉપશમ કેવા અનુપમ ! શું આમાંના કોઈએ શત્રુ સામે વિરોધ નોંધાવ્યા ? શત્રુવટ રાખી ? અધિકાર અજમાવ્યો ? એ બધા સંસારવૃદ્ધિના ચાળા છે, મોક્ષના વિરોધી છે, હજી એક સુંદર દૃષ્ટાન્ત જુઓ :-

## • લલિતાંગ (કૂરગડુ) મુનિનું દૃષ્ટાન્ત •

**લોહી નીચોવાતા માનવને મન જેવા પક્વાન, તેવા વૈરાગીને :-** ક્ષમાપનાનો મહાપ્રભાવ જુઓ કે તુરમિણી નામની નગરીમાં લલિતાંગ નામે ગુણીયલ રાજપુત્ર છે. એણે મુનિની ધર્મદેશના સાંભળી. સંવેગરંગ હૈયે માતો નથી. મોટાં રાજ્ય-વૈભવનાં સુખ પણ એને ભયંકર ભાસ્યાં. **જેમ માનવનું લોહી નીચોવનારા દેશમાં ખરીદેલા મનુષ્યમાંથી કાણાં પાડી પાડી સારી રીતે લોહી નીચોવી લીધા પછી એ મુડદાલ બનેલા માનવને ફરીથી લોહી માટે પુષ્ટ કરવા પક્વાન-મિઠાઈ પણ ખાવા આપે. તે એને કેવા લાગે ? એમાં એને શું દેખાય ? ફરીથી શરીરમાં તીક્ષ્ણ કાણાંઓ પડાવી લોહી નીચોવાવાની ઘોર પીડા જ દેખાય ને ?** બસ, વૈરાગી લલિતાંગ રાજકુમારને એવું જ સમસ્ત સંસારની ઘટનાઓમાં દેખાયું. હવે શી રીતે એક ક્ષણ પણ ઠરી શકે ? સર્પની કાંચળીને જેમ દેવાંગના સરખી પત્ની, રાજ્ય, વૈભવાદિ સંસારને ફગાવી દઈ સંયમમાર્ગે ચઢી ગયો. પછી તે ગુરુસેવામાં જ્ઞાન, તપ, વિનય, વિહાર વગેરેમાં લીન બની ગયા; અને એના અભ્યાસથી ઉપશમભાવને સુંદર કેળવી લીધો.

**છૂપા કર્મની કુટિલતા :-** એકવાર એવું બન્યું કે ઉગ્ર અશાતા કર્મના ઉદયથી અસહ્ય ક્ષુધાવેદનીયની તીવ્ર પીડા ઉપડી ! કર્મનું શું કહેવાય ? કોણ જાણે ક્યાંથી



અણધાર્યા બહાર પડે એનો પત્તો ન લાગે. છે એને કોઈ શરમ ? મોટા બળવાન ઈન્દ્ર જેવા પણ એના ગુલામ ! અહીં મુનિને જોરદાર અસહ્ય ભૂખ ! ત્યાં ક્ષુધા આગળ તપનું શું ચાલે ? આહારાદિ સંજ્ઞાઓ ઉપર જ્વલંત વૈરાગ્ય છતાં, મોક્ષની ઉત્કટ લગની છતાં, ક્ષુધાવેદનીયની પીડા એવી અસહ્ય અને અજિત થઈ પડી, કે રીતસર પેટ ભર્યા સિવાય સંયમ-સ્વાધ્યાયની સાધના અટકી પડે એવું થયું. તેથી રોજ એક ઘડો ભરીને નિર્દોષ કૂર (ભાત જેવું) લાવીને વાપરવાનું કપાળે લાગ્યું છે. કહો છૂપાઈ બેઠેલા અને સંયમાવસ્થામાં બહાર પડતાં કર્મની કેવી કુટિલતા ? આવું રોજ ચાલ્યું, તેથી નામ પડ્યું કૂરગડુમુનિ. એમાં આવ્યું પર્યુષણ પર્વ ! પણ શું કરે, જ્યાં અસહ્ય ભૂખનું દુઃખ છે ? આવા પાપોદય જાગે તે પૂર્વે ધર્મ કરી લેવા જેવો છે.

**તપનું અજીર્ણ :-** પણ શું કરે ? વાપર્યા વિના સંવત્સરી પ્રતિક્રમણાદિ બધી આરાધના મુશ્કેલ હતી. એટલે ગુરુજીની આજ્ઞા લઈ કૂરનો ઘડો ભરી વહોરી લાવ્યા. ખૂબી જુઓ કે વાપરવામાં લુખ્ખો કૂર ! દૂધ-ઘી-મિઠાઈ નહિ ! હવે ત્યાં ચારમાસના ઉપવાસી ચાર મુનિઓ હતા. એમને ચઢ્યો રોષ, આવી જુગુપ્સા ! "આજેય પેટ ભરવાનું ? કેમ દુર્ગતિનો માર્ગ લે છે ? કેટલા ભવ ભટકવું છે ? ચારિત્ર ખાવા માટે લીધું છે ?" વગેરે વગેરે ટોણા મારતાં એમના પાત્રમાં થૂંક્યા. જો કે કૂરગડુના મનને લુખ્ખા કૂરમાં ઘી છાંટ્યું ! પણ તપસ્વીઓને તપનું અજીર્ણ, ક્રોધ થયો.

**ઉપશમની ચાવી : આનંદ અને ધન્ય :-** અહીં વિચારો કે કૂરગડુ મુનિને સમતા શી રીતે રહે ? પણ કહો કે માત્ર પર્યુષણાનું જ નહિ કિન્તુ માનવજીવનનું કર્તવ્ય ક્ષમાપના અને ઉપશમભાવ એ બરાબર સમજ્યા હતા, તેથી ખૂબ ખામોશ રાખી પ્રસન્નતાથી થૂંકવાળા કૂર વાપરવા બેઠા. **"તપસ્વીઓના મુખામૃત મળ્યાં ! તેથી હવે ખાવાનો રોગ ટળશે ?"** એમ આનંદથી માની એ બદલ જાતને સાચે જ ધન્ય માનતા હોય, ત્યાં ક્રોધ કે વિહ્વળતાં ક્યાંથી આવે ? બસ ઉપશમની આ ચાવી કે સામેથી આવતી ગમે તેવી નરસી વાતને સારા અર્થમાં લઈ એના પર આનંદ માનો; જાતને ધન્ય માનો. શાન્તિના મહાસાગરમાં એવા ઝીલવા લાગ્યા કે ખાવાની ક્રિયા માત્ર શરીરની ક્રિયા રહી ! અને એમનો આત્મા ઉચ્ચભાવનામાં ચડતાં ચડતાં મન એકાગ્ર કરી ધ્યાનમાં લીન થયા.

**ઉપશમ માટે અનેક વિચારણાઓ છે :- ઉપશમની બલિહારી છે !** દુનિયા તરફથી આપણી સામે ગમે તેવા સંયોગ ઉપસ્થિત કરવામાં આવે, પણ જો આપણું કાળજું ઠેકાણે રાખી, આપણા આલોક-પરલોક ઊભયની સુખ શાન્તિ ન લૂંટાવવા

દેવી હોય, ને આપણા હાથે આપણી બરબાદી ન સર્જવી હોય તો દુનિયા વા ખાય છે ! આપણે માત્ર વિચારીયે કે (૧) **"આપણા પૂર્વ કર્મનો ઉદય એવો,"** (૨) **'ભવિતવ્યતા એવી.'** (૩) **'આપણા અનાદિકાળથી પોષિત દોષો એવા ! તેની આગળ આ શું વિસાતમાં છે ?'** (૪) **મારા પ્રભુએ નક્કી પોતાનું કેવળજ્ઞાન અને મોક્ષ જાણવા છતાં કેવી અજબ શાંતિ-સમતાથી સહન કર્યું છે. તો મારે કાં ન સહવું ? વળી (૫) આ થોડું સહવામાં કેવા મોટા મોટા પુણ્યબંધ-પાપક્ષયના આત્મિકલાભ મળવાના છે ! (૬) કેવા કે ક્ષમાદિને કેળવી એને આત્મામાં સ્થિર કરવાનો સુંદર અવસર મલ્યો ! (૭) પણ જો હું બગડીશ, તો સામા બિચારા વધુ બગડશે. બંનેને મહાન નુકશાની ! (૮) સામાનો મારા પર અધિકાર છે. (૯) ઉપદ્રવ શરીરને છે, આત્માને નહિ. (૧૦) ઉત્તમત્તા સહવામાં છે, સોનું અગ્નિથી કિંમત મેળવે છે. (૧૧) આપણો બીજા પર શો અધિકાર છે ?"** ઈત્યાદિ ઈત્યાદિ અનેક પ્રકારની શુભ-સુંદર વિચારણા છે. જેને અવલંબવાથી આપણા દિલમાં ક્રોધને જરાય સ્થાન ન દેતાં, ક્ષમા-સમતા અને ઉપશમ ભાવના શીતળ સ્રોતને વહેતો રાખી શકીએ.

**મહર્ષિને કેવળજ્ઞાન ! : તપસીઓનો પશ્ચાત્તાપ :-** કૂરગડુમુનિ આત્મનિંદા, પરગુણાનુરાગ, ઉપશમ વગેરેની ભાવનામાં એવા ચઢ્યા, એવા ચઢ્યા કે શુભધ્યાનમાંથી ક્ષપકશ્રેણિએ ચઢી ઘાતી અનંતાકર્મનાં દળનો સર્વથા ધ્વંસ કરી કેવળજ્ઞાન પામ્યા ! ઉપશમનું આજ જીવનમાં આટલું બધું ઊંચું ફળ ! આ સાંભળીને શું થાય છે ? એજ ને કે 'બસ, ! હવે સર્વને ખમાવી દઉં ! ક્રોધ-દ્વેષ, વૈર, વગેરે શલ્યો ફગાવી દઉં. મારે કેટલું જીવવું છે ? શી શાબાશી લઈ જવી છે ?' આવું આવું થાય છે ને ? અહીં શાસન દેવી પેલા ચારમાસી મુનિઓને પૂછે છે કે "કૂરગડું મહાત્મા ક્યાં ધ્યાન કરી રહ્યા છે ?" પણ આમની પાસે ઉપશમ ક્યાં છે ? એટલે ક્રોધથી કહે છેઃ- "જોયો મોટો ધ્યાની મહાત્મા ! એ ત્યાં ખૂણે બેસી પેટ ભરતો હશે." કેટલો બધો રોષ છે ? શું લાભ ? તપસ્યાની શી કદર ? ત્યારે તેમાં નુકશાની કોને ? પણ **તપનો ગુણ હોવા છતાંય ચિત્તની વિહ્વળતા. અસહિષ્ણુતા અને પાપ લાગવા તરફ બેદરકારી એવું જ કરાવે. ઉપશમ ચાહો છો ? તો આ ત્રણને મનમાંથી દૂર કરજો.** આ તપસ્વીઓ રોષથી બોલે છે, એટલામાં ઉપરથી દેવદુંદુભિ સંભળાઈ, દેવ ઉતર્યા, અને એ કૂરગડુ કેવળી ભગવંતના વંદન-સન્માન કરે છે. હવે ? પોતે ગમે તેવા મોટા તપસ્વી, પણ સામે ખાનારને કેવળજ્ઞાન થયું જુએ એટલે ચોંકી જ ઉઠે ને ? તપસીઓને ભારે શરમ લાગી જ ગઈ, પણ ઉપરાંત પોતાના આત્માની હલકાઈનો ખેદ અને પશ્ચાત્તાપ ભારોભાર થાય છે ! વિચારે છે



કે "મહાન પણ તપ છે શા માટે ? મનને અંકુશમાં લઈ કષાયોને રાગ દ્વેષને હટાવવા માટે, ક્ષમા ઉદારતા **આદિથી આત્માને હલકો ફુલ જેવો કરવા માટે.** પણ આ તો છતે તપે એમ કેવું ઊલટું કર્યું ? જીવને રોષ અને ક્ષુદ્રતાથી ભારે શિલા જેવો કરી સંસારમાં ડૂબતો કર્યો !! હે ભગવન્ મહાત્માના પાત્રમાં થુંકનારા અમારી કેવી નીચતા ! અને થુંક વાપરી જનારા એ મહાત્માની કેવી ઉત્તમતા !"... બસ, એય ઉપશમમાં ચઢી કેવળી બન્યા !

જ્ઞાની ભગવંતો મહાદયાળુ છે. છેવટે પજુસણમાં આવીને પણ કષાયો ઉપશમાવાના, એમ કહ્યું. બાકી તો **૧. ગૌરવની દૃષ્ટિએ ઉચ્ચકુળનું માનવજીવન, આત્મહિતની દૃષ્ટિએ ધર્મી માનવ જીવન, કે ૨. આલોકની દૃષ્ટિએ સુખી માનવ જીવન ૩. જીવવા માટે નિરંતર ઉપશમની જરૂર છે. રોષ અને રોફમાં ધમધમવાથી લોહી ઉકળી ઉઠે છે, જ્ઞાનતંતુઓ ઉશ્કેરાય છે. એથી શરીરનું યંત્ર પણ બગડે છે; અને મન બેકાબુ બને છે. અનિચ્છનીય ભાષણ-આચરણ કરી નખાય છે. તેથી ઊંચા કુળને કલંક લાગે છે. શ્રાવકપણું કે સાધુપણું લજવાય છે. સુખ શાંતિ તત્ક્ષણ નાશ પામે છે; અને બગડેલા મનના યોગે ભયંકર પાપબંધ થઈ ધર્મીને બદલે પાપી જીવન બને છે.** આમાં ગયું બધું,-ગૌરવ, ધર્મ અને સુખ.

**અગ્નિશર્મા વૈર રાખી શું કમાયો ?** જાણો છો ને લાખો પૂર્વો, એટલે કે લાખોકોટિ અબજો વર્ષ સુધીનો માસખમણી અગ્નિશર્મા મહાતાપસ પણ ઉપશમ ગુમાવતાં વૈરની આગથી બળનારો પાપી બન્યો ! સંસાર વર્ધક બન્યો ! વૈરની આવૃત્તિ કરતો ભવોભવનો કષાયી બની નરકાદિના કારમા દુઃખમાં સડનારો થઈ અનંત સંસારી બન્યો. જ્યારે ઉપશમવા-ખમાવવાનો મહામંત્ર ગુણસેન પહેલા ભવથી જ શીખ્યો, તો ઉત્તરોત્તર ચઢતી કળા થઈ; ને અંતે એ સમરાદિત્ય કેવળી ભગવંત બની શિવસુખના ભોક્તા બન્યા !

અહીં આ કાળજી રાખવાની છે કે ક્ષમાપનાનું પર્યુષણાકર્તવ્ય બજાવવાનું, તે સાચા દિલનો મિચ્છામિ દુક્કડં દઈને બજાવવાનું, પણ નહિ કે કુંભારનાં જેવો મિચ્છામિ દુક્કડં. જુઓ એક બાલમુનિ કોઈ કુંભારની શાળામાં મુનિઓ સાથે ઊતરેલા. તે રમતમાં કુંભારના ઘડામાંથી એક ઘડા પર તાકીને કાંકરી ફેંકી કાણું પાડતા, કુંભારે કાનપટ્ટી પકડી, તો બાલમુનિ કહે 'મિચ્છામિ દુક્કડં.' વળી પાછી ઘડા પર કાંકરી તાકીને મારી. કુંભાર કહે 'કેમ મહારાજ ! કેમ કાંકરી મારી ?' બાલમુનિ કહે 'મિચ્છામિ દુક્કડં.' હવે કુંભારે જતું ન કર્યું. મુનિએ કાંકરી મારી, કે કુંભારે મુનિની કાનની બૂટમાં કાંકરી ભરાવી દબાવી. મુનિ કહે 'કેમ મને ટોંચે છે ? તો કુંભાર કહે 'મિચ્છામિ દુક્કડં.' વળી પાછી કાંકરી ભરાવી દબાવી, મુનિ રોયા,

કુંભાર કહે 'મિચ્છામિ દુક્કડં.'

આવા દિલ વિનાનાં દીધેલા મિચ્છામિ દુક્કડં કુંભારનાં ઘરનાં કહેવાય. એ શા કામનાં ? માટે જેની જેની સાથે વર્ષભરમાં વૈર-વિરોધ-અંટસ-બોલવા-ચાલવાનું થયું હોય એ બધાને છેવટે પજુસણમાં ખમાવવાનાં, દિલથી ક્ષમા માંગવાની, અને બીજા આપણી પાસે માંગે ત્યાં દિલથી ક્ષમા આપવાની.

જૈનશાસનનું સૂત્ર છે- 'ખમો ને ખમાવો' ક્ષમા માંગો ને ક્ષમા આપો. કેટલું સુંદર સૂત્ર ! ભવમાં ભમતા ભમતા આપણે વાઘ-વરુની નીતિ રાખી કષાયોમાં ને અભિમાનમાં સળગ્યા રહ્યા છીએ, હવે જૈનશાસન પામીને આ બધા તામસભાવો છોડવાનાં છે.

**સાર** એકજ છે, **ખમો અને ખમાવો.** બીજાના ગુના-દોષ માટે ક્ષમા આપો, માફી બક્ષો. બીજા તરફથી ગમે તેવી પ્રતિકૂળતા કે પીડા આવી હોય, પણ એને સર્વથા ભૂલી જઈ પ્રેમપૂર્વક ક્ષમા અર્પો. તેમજ આપણી પોતાની ભૂલ કે દોષ બદલ સામા પાસેથી ક્ષમા માગી લ્યો. આ બધું હૃદય શુદ્ધ રાખીને કરવાનું. જાણે નવે નામે જીવન શરૂ કરીએ છીએ એવું બનાવી દેવાનું. **સાથે સાથે બીજા પણ માન-મદ-પ્રપંચ-તૃષ્ણા-ઈર્ષ્યા-ખાર-રાગ-દ્વેષ વગેરેને શમાવી દૂર કરી દેવાના.** હવે હૃદયની ડાયરીમાં એવું હલકું જૂનું કાંઈ જ જોવા ન મળે. બધું ભૂસાઈ ગયું હોય હા, બીજાના ગુણ-ઉપકાર વગેરે લખેલા પડ્યા હોય; સર્વ શલ્ય કાઢી નાંખીને હૃદય પ્રશાંત-ઉપશાંત અને હલકું ફૂલ જેવું બનાવી દેવાયું હોય.

## • ૪. અઠ્ઠમનો તપ •

**હવે ચોથું કર્તવ્ય અઠ્ઠમનો તપ કરવાનો. તે અઠ્ઠમતપ પણ લૌકિકસિદ્ધિ માટે નહિ, પણ લોકોત્તરસિદ્ધિ માટે :-** પર્યુષણાના પાંચ કર્તવ્યોમાં ચોથું કર્તવ્ય છે **અઠ્ઠમનો તપ** કરવાનું. જૈનશાસનમાં અઠ્ઠમ તપનો આમેય મોટો મહિમા બતાવ્યો છે. સામાન્ય રીતે, **ચક્રવર્તી** દિગ્વિજય કરવા નિકળે છે, ત્યારે વચમાં અઠ્ઠમની આરાધના કરે છે. તેથી દેવ સેવામાં હાજર થઈ અનુકૂળતા કરી દે છે. **કૃષ્ણ-વાસુદેવે** દેવકી માતાને પુત્રપ્રાપ્તિની ઇચ્છા સફળ કરવા અઠ્ઠમની સાધના કરી દેવને હાજર કરી વરદાન મેળવ્યું. એજ કૃષ્ણે યુદ્ધભૂમિ પર અઠ્ઠમ આરાધી **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ** ભગવાનની પ્રતિમા ધરણેન્દ્રદેવ પાસેથી મેળવી ! એ પ્રતિમાના સ્નાત્રજલને પોતાની મૂર્ચ્છિત સેના પર છાંટતાંજ જરા વિદ્યા ભાગી, ને સેના થઈ ટટાર ! પણ આ તો **લૌકિકસિદ્ધિ** માટે અઠ્ઠમના દાખલા થયા. આપણે તો **લોકોત્તરસિદ્ધિ** કરાવનારા અઠ્ઠમની વાત કરવી છે; અર્થાત્ (૧) સામાન્યથી **કેવળ**



**કર્મક્ષય કરવાના ઉદ્દેશ,** તથા (૨) વિશેષરૂપે પર્યુષણા નિમિત્તે અઠ્ઠમ કરવાની **જિનાજ્ઞાને આરાધવાના હિસાબે** અઠ્ઠમનો તપ કરવાની વાત કરવી છે. જિનાજ્ઞામાં પક્ખીનો એક ઉપવાસ, ચોમાસીનો એક છઠ્ઠ, તથા સંવત્સરીનો એક અઠ્ઠમ કરી આપવાનું કર્તવ્ય જૈન માત્ર માટે છે.

**તપનો મહિમા : તપના અપૂર્વ લાભ :-** અઠ્ઠમ એ તારક તપનો એક પ્રકાર છે. કેટલાકને લાગે છે કે,

**પ્ર.**- તપ કરવો જ શા માટે ?

ઉ.- ખાવું જ શા માટે ?

**પ્ર.**- ભૂખ લાગે છે તો ખાવું પડે ને ? નહિતર મરી જવાય.

ઉ.- તો એ કહો કે ભૂખ જ શા માટે લાગે છે ? એ જ મોટો પ્રશ્ન છે. ત્યાં કહેવું પડશે કે એક તો શરીર છે તેથી, અને બીજું **પૂર્વનો અનંતકાળનો અભ્યાસ ખાવાનો અને ભૂખ્યા થવાનો છે; તેથી ભૂખ લાગે છે.** એજ બતાવે છે કે હવે તપ કરો તો કર્મ તૂટવાથી નવું શરીર નહિ લેવું પડે, તેમજ ભૂખ્યા થવાનો અને ખાવાનો સ્વભાવ અટકશે. તેજ ભવમાં નિયમા મુક્તિએ જવાનું જાણનારા શ્રી તીર્થંકર ભગવાન પણ તપની મહાન સાધના કરે છે. કેમ વારું ? કહોને કે 'જીવનું કાર્ય ખાવાનું છે,' એવું શા માટે માનવું ? 'તપ છે' એવું કાં ન માનવું ?- એવી જ કોઈ ગણત્રીથી તપના સ્વભાવમાં રમવાનું સહેજે બને. આ તો ખાવાની ક્રિયા છે. **મોક્ષમાર્ગના મહાન આરાધક આત્માઓએ તપ કરી કરીને જ ભૂંડી ભૂખનો નાશ કર્યો છે, અને આનંદમય અનાહારીપણું મેળવ્યું છે,** -એ ખૂબ જ યાદ રાખો. કહો જો **(૧) ખાવાથી ભૂખ મટે કે વધે ? (૨) ભૂખ ખાવાથી મટે કે તપથી ? જ્યાં સુધી ઊંધી માન્યતા એ છે કે ખાવાથી ભૂખ મટે, ત્યાંસુધી ખાવાનું ચાલુ રહેવાનું; અને ભૂખ પણ ચાલુ રહેવાની.** વિચારો ને આજ સુધી અનંત ભવોમાં શું કર્યું છે ? ક્ષુધા અને ભોજન, ક્ષુધા અને ભોજન ! એજ ને ? આંખ સામે જુઓ કે વિરાટ પ્રાણી સમુદાય શું કરી રહ્યો છે ? એજ !

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩,અંક-૨,તા.૧૧-૯-૧૯૫૪**

બિચારાને ખબર નથી કે,

**(૧) 'પુદ્‌ગલની સેવારૂપી ભોજન એ જ્ઞાનપ્રકાશી અને જ્ઞાનાનંદી ચેતનનો સ્વભાવ નહિ. સહજ-આનંદી આત્માનો સ્વભાવ તો અભોજન, અનાહારીપણું, તપ. (૨) સમગ્ર વિશ્વમાં માનવની મહાન શક્તિ તપની. (૩) પુનઃ પુનઃ તપથી**

**તો આખા આત્માનું પરિવર્તન કરી શકાય. (૪) તપરૂપી ધીખતી અગ્નિમાં કર્મના ગંજ બળીને સાફ થઈ જાય. એ માટે પ્યારા મહાવીર પ્રભુએ ઘોર તપ કર્યા. (૫) તપથી રાગદ્વેષ, કામક્રોધ, મદમત્સરાદિ અનેક દોષોને દૂર ફગાવી શકાય. (૬) તપમાં આત્માનું મહાન ઓજસ વધે છે, મહાન ગુણો ખીલે છે, શક્તિ વિકસ્વર થાય છે.'**

**ચંપા સ્ત્રી કે મરદ ? :-** જાણો છો ને ? અકબર જૈનધર્મ તરફ અને શ્રી હીરસૂરીશ્વરજી આચાર્ય મહારાજ તરફ શી રીતે આકર્ષાયો ? એ કાળે દિલ્હી શહેરમાં ચંપા નામની એક શ્રાવિકા બાઈએ છ માસના લાગટ ઉપવાસ કર્યા હતા; તેથી ! હેં કેટલા ? છ નહિ, એકસો ઉપર એંશી ઉપવાસ. એનું નામ છમાસી. આજની એકાંતર ઉપવાસવાળી છમાસીની જેમ નહિ હોં. લાગટ છ માસના ઉપવાસ ! આવો તપ કોણ કરી શકે ? શૂરવીર કે કાયર ? બાયલાઓ કે મરદો ? **ભગવાન શ્રી જિનેશ્વર દેવે વિહિત કરેલા તપમાર્ગની આરાધના શૂરવીર મરદો કરી શકે; મરદાઈ કરે તે મરદ; જાતિનો પ્રશ્ન નથી.** સ્ત્રીજાતિ પણ તપથી મરદ છે, આજે વિચાર થઈ પડે છે કે ત્યારે શું સ્ત્રીજાતિને મરદ અને મરદને બાયલા કહેવા ? પુરુષ, તપ કરવો હોય તો, વિચાર કરવા મંડી પડે છે; ત્યારે સ્ત્રીઓ ઝટ ઝુકાવી દે છે ! શરીર તો સ્ત્રીઓનું વધારે કોમળ; સાધુનો નિકટનો સંપર્ક એને ઓછો મળે; છતાં તપ વગેરેમાં એ પરાક્રમી ! પુરુષ કઠીન કાયાના અને ખૂબ સાધુસંપર્કવાળા છતાં તપ વગેરેમાં કાયર ! ત્યારે સ્ત્રીઓ પાપ કરીને આવ્યા માટે ભલે સહન કરીને પણ વધુ ધર્મ કરે, ને કરવો જ જોઈએ ? અને પુરુષ તો પુણ્ય કરીને આવ્યા, માટે એમને ધર્મની જરૂર નહિ, એમ ? પછી એનો અર્થ સમજો છો ? **અહીં ધર્મ કરનાર પુણ્યવાન થઈ પુરુષ થશે. ધર્મ ખોઈ પાપભાગી રહેનારો સ્ત્રી થાય કે પશુ થાય !** આ પર્વ એવું પ્રભાવશાળી છે કે દેખાદેખી પણ ઉત્સાહથી તપ થઈ જાય. ત્રણ વખત પૂજા, વ્યાખ્યાન, પ્રતિક્રમણાદિમાં કલ્લોલથી ક્યાં પસાર થાય છે તે જણાતું પણ નથી. વાત એટલી કે તપનો ઉમંગ હોય, ગરજ હોય, ઈચ્છા જાગે, રંગ લાગે, તો થાય. શક્તિવાળાને એકલો અઠ્ઠમ નહિ પણ અઠ્ઠાઈ, દસ, બાર, સોળ, માસ, દોઢ માસ, વગેરે જે શક્તિ પહોંચે, તે તપ કરવાનો છે.

**સાંસારિક કારણે ભૂખ્યા રહી શકાય. તો મોક્ષ માટે તપ ન કરી શકાય ? :-** વિષયોની કે શરીરની પડી હોય ત્યાં તપ નહિ થાય. શાસન પર, દેવગુરુ ધર્મ પર, તત્ત્વો ઉપર, પોતાના આત્મહિત પર હૃદયનો જ્વલંત રાગ હોય તો તપ વગેરેનું બધું શકય છે. આમેય **સંસારના તેવા પ્રસંગોમાં કે અનેક પ્રકારે વ્યાપાર ધંધા કરવામાં તપની માફક વગર ખાધ્યે ક્યાં નથી ચલાવાતું ?** પાછી



એમાં ન ખાધાની ખબરેય નથી પડતી. તો પછી મહાન મોક્ષ માટે તપ ધર્મ કેમ ન થઈ શકે ? પાકિસ્તાન જેવામાં ભૂખ્યા-તરસ્યા કોઈ ૧-૨-૩ દિવસ બાંધી મૂકાયા, તો તે વગર ખાધ્યે શું મરી ગયા ? તો અહીં પર્યુષણ પર્વ માટે ઉમળકા સાથે 'આવું પર્વ ક્યારે આવશે ! તપ કરવાનો આવો સુવર્ણ પ્રસંગ ક્યારે પ્રાપ્ત થશે !' એવો શું વિચાર પણ થતો નથી ? ધ્યાનમાં રાખજો કે આ મરજીયાત નથી; પર્યુષણા પર્વની પૂર્ણ આરાધના કરવા અઠ્ઠમ તપ કરવાની ફરજ મૂકી છે. અઠ્ઠમનો તપ કરી આપવો જ પડે.

**અઠ્ઠમ વાળી આપવાના વિવિધ માર્ગ :-** જીઓ જ્ઞાની ભગવંતો જ્ઞાનીઓ નિર્દય કે અજ્ઞાન નથી; દયાળુ તથા સજ્ઞાન છે. તેથી જ એમણે અખંડ અઠ્ઠમનો તપ કરવાની જેનામાં શક્તિ ન હોય તેવાઓ પણ આરાધના વિના રહી ન જાય માટે ત્યાંય રસ્તો બતાવ્યો; કહ્યું, "એ શક્તિ ન હોય તો ત્રણ છૂટા છૂટા ઉપવાસ કરી આપો. ઉપવાસેય ન થાય તો છ આયંબિલ. તે ન બને તો બાર એકાસણાં, તેય ન બની શકે તો ચોવીશ બેસણાં કરી આપવા." આમાં પહેલાં જેટલો ઉપરનો તપ બને એટલો એ, બાકીનો નીચેનાથી પૂરો કરી આપવાનો. એય ન બની શકે તો ૬૦૦૦ ગાથાનો સ્વાધ્યાય, અથવા ૬૦ બાંધી નવકારવાળી ગણી આપી શકાય. જ્ઞાનીઓની કેવી મહાન દયા !

**પર્યુષણામાં તપ સહેલો શાથી ? પર્યુષણમાં શું શું આવે ? :-** તાનામાના કરતા જીવને કહેજો કે **તાનામાનામાં એકવાર કર્મની લપાટ એવી પડશે ને કે, પન્નર પન્નર વાની પીરસાતી હશે તે ક્યાંય સુકાઈ જશે !** મન મનાવી લો તો આ દિવસોમાં અઠ્ઠમનો તપ ઉપરાંત ઉપવાસ, એકાસણાં કરવા એ તો રમત ! પહેલાં ત્રણ દિવસ મોટા અઠ્ઠાઈ વ્યાખ્યાનો. પછી આવે કલ્પસૂત્ર વાંચન. ત્યાંથી ચાલ્યા સવાર બપોર બે વ્યાખ્યાન. વીર ભગવાનનું વિસ્તૃત ચરિત્ર વંચાય, ત્રણ દિવસની મઝા જુઓ કે બીજા દિવસે સવારે પ્રભુના જન્મથી માંડી મેરુ મહોત્સવ, રાજાનો ઉત્સવ, નિશાળ ગણણું, દીક્ષા કલ્યાણક, ઉપસર્ગોની હારમાળા, પ્રભુનું દિવ્ય ચારિત્ર અને તપ વર્ણવાય. એમાં બાર વાગ્યાનો સમય થાય. બપોરે દોઢથી શરૂ થાય એમાં કેવળજ્ઞાન ઈન્દ્રભૂતિ ગૌતમનો અહંકાર, ગણધરવાદ, એમાં જુદા જુદા ધર્મોની માન્યતાઓ. આત્મસિદ્ધિ એવા અગીયાર બ્રાહ્મણોના કર્મ-પરલોક-પંચભૂત-સ્વર્ગ-નરક-મોક્ષ વગેરેની મનોહર ચર્ચાથી સંશય ટળી અગીયારેની થતી દીક્ષા; ગણધર પદ પ્રદાન; ત્યાંથી પછી નિર્વાણ; શ્રી ગૌતમ મહારાજનો વિલાપ અને કેવળજ્ઞાન. આમ બીજના વ્યાખ્યાન પૂર્ણ થયા પછી લગભગ તરત પ્રતિક્રમણ તો વચ્ચેના ટાઈમમાં ખાવાનું કેટલું ? પાછું ત્રીજના દિવસે પાર્શ્વનાથ ચરિત્ર.

નેમનાથ ચરિત્ર, આંતરા, આદિનાથ ચરિત્ર, બપોરે સ્થવિરાવલીમાં અનેક ચરિત્રો. સંવત્સરીએ બારસા, ચૈત્યો જુહારવાના, સંવત્સરિક પ્રતિક્રમણ; વખત જણાય ક્યાં ? અટ્ઠમ અને બીજોય તપ સહેલાઈથી થઈ જાય.

## • નાગકેતુનું કથાનક •

**અટ્ઠમની ભાવના માત્રથી, પ્રવૃત્તિ વિના પણ કેવું અજબ પરિણામ ! :-** કાંધાથી પણ અટ્ઠમનો તપ ચૂકવી શકાય છે. અટ્ઠમ તપ પર શ્રી કલ્પસૂત્રમાં નાગકેતુનો અધિકાર આવશે. એમાં જણાશે કે એને પૂર્વભવની અટ્ઠમની માત્ર ભાવનાએ ઊંચે ચઢાવ્યો. પૂર્વભવમાં નાગકેતુના જીવને સાવકી માતાનો ત્રાસ હતો. શ્રાવક મિત્રે કહ્યું. **"પૂર્વ ભવે તપ નહિ કર્યો હોય એટલે આ દુઃખ ઉદયમાં આવ્યું છે. હવે પર્યુષણા પર્વ આવે છે. એમાં અટ્ઠમ તપ કરજે. તપથી દુઃખ ભાગી જાય."** કેવું **શીખવ્યું ? માને સામેથી ત્રાસ દેવાનું નહિ; પણ પોતાના જ પાપનો તપથી નાશ કરવાનું શીખવ્યું ! મિત્ર આનું નામ !** તેણે અટ્ઠમ કરવાનો નિર્ણય કર્યો. બન્યું એવું કે ક્રૂર સાવકી માએ અચાનક ઘાસની ઝુંપડીમાં સૂતેલા આને જોયો. માને બદલે વાઘણ બનેલી હવે શાની બાકી રાખે ? જો જો, **જગતમાં કોણ કોનું છે ? દ્વેષ શું ભયંકર દુષ્કૃત ન કરાવે ?** માએ અગ્નિ મૂકી ઝૂંપડી સળગાવી દીધી. **છોકરો બળી મુઓ; પણ અટ્ઠમની શુભ ભાવના સાથે !** તો મરીને ત્યાંથી એવા જૈન શ્રીમંત શેઠને ત્યાં જન્મ્યો કે જેમના કુટુંબમાં નજીકના પર્યુષણા પર્વ અંગે અટ્ઠમની વાત ચાલતી હતી ! કેવોક ધન્ય અવતાર એનો !

**નિષ્કામ ભાવે તપની સાધના કરનારને દેવતા પણ દાસ બને છે :-** કેવીક પુણ્યાઈ ! **"ધર્મ ન કર્યો હોય તો જ દુઃખ આવે. ધર્મના અભાવે દુઃખ જ આવે. માટે દુઃખ ન જોઈતું હોય તો બીજા પર દ્વેષ કરવાને બદલે શુદ્ધ ભાવનાથી માત્ર ધર્મ કરો."-આ ટંકશાળી ઉપદેશ** અંતરમાં ઉતારી અટ્ઠમ કરવાની માત્ર **ભાવના જ** કરતાં મર્યો, **તોય** ઈનામમાં મનુષ્યપણું ! **તેય** ગર્ભશ્રીમંતાઈવાળું ! **તેય** પ્રથમ પુત્ર તરીકે ! **એમાંય** શ્રાવક કુલે ! **એય** ધર્મસંસ્કારી, ધર્મસાધક, અને ધર્મના વાતાવરણવાળા કુલે ! **એમાંય** જન્મ પછી તરત બરાબર અટ્ઠમની જ વાત કરનારા કુલમાં ! **તેય** અટ્ઠમની વાત ઝીલી ઠેઠ મોક્ષ સાધના અહીં જ પૂરી કરવાને યોગ્ય અને સમર્થ બને એ રીતે જન્મ !... કેટલી લાંબી પુણ્યની હાર ! વિચારજો કે આ દરેકના જુદા જુદા લાભ કેટલા ! **એવા મહાન લાભો જો માત્ર અટ્ઠમની ભાવનામાંથી; તો અટ્ઠમની આરાધનાથી કેટલા લાભ ?** તો પછી આ વખતે અટ્ઠમ ચોક્કસ કરવાના ને ? હમણાં જ નક્કી કરી લો, નહિતર વળી મન ઢીલું પડશે.



શેઠના કુટુંબમાં અટ્ઠમની વાતચીત સાંભળીને તરત જન્મેલા બાળને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું ! હવે કેમ ? કેમ શું વળી ? અટ્ઠમની ભાવના પૂરી કરવાની. ઝુકાવ્યો અટ્ઠમ ! કોણે ?' તાજા જન્મેલા બચ્ચાએ ! મૃદુ મલાઈના પિંડા જેવા, અને દિવસમાં દસ વાર ભૂખ લાગે એવા બાળકે ! પાછો જેનો અટ્ઠમ કોઈ જાણી ન શકે, એટલે કે તેથી જ જેની ઉચિત શુશ્રૂષાય કોઈ ન કરી શકે એવા બાળકે ! સમજજો જરા સમજજો, તમારે અટ્ઠમ કયા સંયોગમાં કરવાનો છે, અને આ બાળકને કયા સંયોગમાં ? એણે તો અટ્ઠમ આદરી સ્તનપાન કર્યું બંધ ! માતાએ ઘણીય મહેનત કરી, પણ મોંજ કોણ ખોલે છે ? ખૂબી કેવી ? 'દૂધ પીતો નથી, તો પાણી તો આપો' એવું કોઈ કહેનાર નથી. એટલે ચોવિહાર અટ્ઠમ ! એકાદ દિવસ પસાર થઈ ગયો, પણ પોયણા જેવા બાળકના શરીરનું ગજું કેટલું ? એવું કરમાઈ ગયું કે નિશ્ચેષ્ટ થઈ ગયું. આંખ મિંચાઈ પડી. છતાં અટ્ઠમ છોડવાનો ખરો ? ના, ખ્યાલ છે કે **'ધર્મ એ જીવન છે. અટ્ઠમની ભાવના સાથેના મૃત્યુએ જો આટલી ઊંચી સ્થિતિએ મૂક્યો. તો અટ્ઠમની ખુદ આરાધના સાથેના મૃત્યુથી તો કેવી અતિ ઉચ્ચ સ્થિતિ મળે !'** તપસ્યાના આવા ઊંચા લાભ ખૂબજ. મનમાં લાવો તો એકલો અટ્ઠમ શું, બીજા પણ મહાન તપો વારંવાર સાધવાનું મન થશે. ત્યાં તો માતા પિતાને બાળક મરી ગયો લાગ્યો. તેથી એને જંગલમાં મૂકી આવ્યા. માબાપને પોતાને એકનો એક પુત્ર જવાથી સજ્જડ આઘાત લાગવાને લીધે જીવન ટૂંકાઈ ગયું, મૃત્યુ થયું ! મોહનું કેવું જોર ! કેટલું નુકશાન ! ત્યારે ધર્મી બાળને તો અટ્ઠમના પ્રભાવે નાગરાજ ધરણેંદ્રનું સ્થિર સિંહાસન ડોલાયમાન થયું ! ધરણેંદ્રે ત્યાં પહોંચી બાલકને અમૃત છાંટી સતેજ કર્યો, અને અંગુઠો ચૂસવા માટે અંગુઠે અમૃત મૂક્યું. એનું ધન હરી લેતા રાજાને પણ અટકાવી વારસ બતાવ્યો. આ બાળકના તપની ટેકનું કયું કૌવત ! **જાપ કરીને આજે કેટલાય લક્ષ્મીલંપટો ઊંધા વળી જાય છે, તોય કાંઈ પ્રગટ થતું નથી ! ભગવાનને મૂકીને અન્યનો ઊભે પગે ખાસો કલાક જાપ કરે છે; તોય દેવનો પડછાયો પણ દેખાતો નથી ! જ્યારે નિષ્કામભાવે, કેવળ આત્મ-કલ્યાણાર્થે તપની સાધના કરનારને દેવતા પ્રગટ દાસ બને છે !**

**આહાર અને રસની સંજ્ઞા જીવતી ડાકણ છે :-** ધરણેન્દ્રે રાજાને વિગત કહેવાથી, બાળકને જંગલમાંથી ક્ષેમકુશલ લાવવામાં આવ્યો. તમને શું લાગે છે ? એમને કે કદાચ અમારે આવું થાય, તો કોઈ દેવ સહાયમાં આવે કે નહિ ? અરે ભલા ! તમે શું કુણા બાળક છો તે સીધું મરવાનું જ આવશે ? તપથી **મરી** જવાય ? **એમ કહો કે તપ નહિ કરવાથી મરી જવાય.** તપથી ગભરાઈને દૂર રહેનારા, **રાત ને દિ' આહાર સંજ્ઞાની સોડમાં ભરાનારાઓને ખબર નથી કે**

**આહારસંજ્ઞા અને રસસંજ્ઞા તો જીવતી ડાકણ છે. જીવનું પુણ્ય અને સુસંસ્કાર ચુસ્યા જ કરે, જપવા જ ન દે !** હરતાં ને ફરતાં, આ ને તે ! કેટલા ટંક ચાવવાનું ? કોઈ નિયમ ? ક્યારેક કંઈક ખાવાનું આવે તો ? એવી બીકથીજ ટંક કે વસ્તુની લીમીટ નથી રખાતી. પણ **જડની ગુલામીમાં ધ્યાન રાખજો. આત્માની કતલ થઈ રહી છે !** એ દશા ઘોર છે ! લખી રાખો, તપથી મરી ન જવાય. બીજો તપ ન થાય તો અભિગ્રહનો તપ તો થાય ને ? અહીંથી અગિયારે જવાના, અગિયારથી સાંજ સુધી બેજ ટંક કે ત્રણ ટંક જ વાપરવું. મોં આખા દિવસ માટે ખુલ્લું નહિ, આ કરવું કઠણ છે ? આ તો એકડીઆ કલાસની વાતો છે. જવાનું તો ઊંચા કલાસમાં છે.

**ધરણેન્દ્ર તો રાજાને કહે છે,** ''આ મહાન ધર્માત્મા થશે. મોક્ષગામી જીવ છે. તને પણ બહુ ઉપકારી થશે, એની સંભાળ કરજે.'' નાગરાજના ઉપકારથી બાળકનું નામ બધાએ 'નાગકેતુ' રાખ્યું. એ મોટા થતાં મહાશ્રાવક થયા. દેવના ઉપદ્રવમાંથી રાજાને એ બચાવે છે. પ્રભુની ફૂલ પૂજા કરતાં એકવાર ફૂલમાંનો સર્પ ડસે છે. પરંતુ અઠ્ઠમની ભાવના વખતથી જ અસ્થિમજ્જા કરેલો ધર્મરંગ આટલે આવતા સુધીમાં તો એવો અતિ વિકસિત થયો છે, કે એથી એ વખતે ઉત્કટ શુભધ્યાનથી કેવળજ્ઞાન થાય છે. અઠ્ઠમ તપ અને બીજા તપની પ્રેરણા માટે આ અધિકાર અહીં કહ્યો છે.

**બાલકની હોંશ :-** અમારા ખંભાતના ચોમાસામાં વ્યાખ્યાનમાં અઠ્ઠમ તપનો આ મહિમા સાંભળતાં 'અઠ્ઠમ તપ ગમે તે રીતે વાળીને પણ પૂરો કરી શકાય,' એવું સાંભળીને એક નાનો બાળક, એટલે બાપને કહેવા લાગ્યો, 'આ તપ વાળી અપાય તેવી યોજના-હિસાબ કરી આપો.' સાથે સંવત્સરીનો ઉપવાસ, બીજા એક બે એકાસણાં, બેસણાં, વગેરે કરવાનું છોકરે પોતે જ જણાવ્યું. બાપ ધર્મિષ્ઠ એટલે ગણત્રી ગણીને ખૂટતા તપ માટે અમુક નવકારવાળી ગણી આપવા કહ્યું. બાળકે એ રીતે તપ પૂરો કરી આપ્યો. જૈનકુળનો, જૈનશાસનનો આ મહિમા છે. આ તો છોકરાની વાત. તમે તો મોટા ને ? મોટાની વાતો મોટી હોય, એટલે શક્યતાએ અખંડ અઠ્ઠમ કરી આપવાનો; ન બને તો કાંધાથી પણ કરવાનો. વિશેષ તમને શું કહી શકાય ?

**તપનો અનંત મહિમા છે : નવકારશીનું ફળ શું ? :-** તપ માત્ર પજુસણનો જ નથી. તપ તો વર્ષભર, અરે ! જીવનભર કર્યે જવાનો છે. માનવભવ તપ માટે છે. જાણો છો ને તપનો અનંત મહિમા છે. કેઈ ભવોનાં પાપ કર્મના અનંત દળીયાં તપથી નાશ પામે છે ! **દાન, શીલ ધર્મો જો કે મહિમાવાળા છે જ; છતાં એમ



ન લખ્યું કે દાન-શીલથી ચીકણાં કર્મ નાશ પામે. પણ તપ માટે લખ્યું કે ''કર્મ તપાવે ચીકણાં ભાવ મંગળ તપ જાણ.''** સામાન્યથી પણ ધર્મનું ફલ કમમાં કમ દશગણું મળે છે. એમાંય તપધર્મનું ફલ જુઓ. **નરકના જીવને વેદના કેવી. કેટલી, અને કેટલા કાળ સુધી ?** કહોને, **કેવી** એટલે અહીંના રેલ્વે બોઈલરના અગ્નિ કરતાં અનંત ગુણી ! **કેટલી** એટલે એકલી ગરમીની નહિ, પણ છેદન, ભેદન, કુટણ, છોલણ, ભયંકર રોગો, વગેરેની ! **કેટલો કાળ ?** અસંખ્યાતા વર્ષો સુધી ! છે હિસાબ ? પરમાધામી નારકને બિચારાને સતત પીડા કર્યે જ જાય છે ! ધરતી ધોમ ધખે છે, કંઈક ઠંડક-ટાઢક લેવા જાય કોઈ ઝાડ નીચે, તો ઝાડ ઉપરથી પાંદડાં પડે તે કેવાં ? તીક્ષ્ણ તલવાર જેવી ધારવાળા, અંગ છોલી નાખે એવા ! ફળ પડે તેય એવું કે માથાને ઊભું ચીરે એવું ! લાકડાના ઢીમચાંને ઘાટ ઘડવા કેમ છોલાય ? તેવી રીતે નરકના જીવને પરમાધામી છોલે ! આવા ભયંકર કોટિના છેદન-ભેદન વગેરે સહવામાંથી એક ક્ષણની પણ નિરાંત નહિ. ભલે અકામપણે આવાં ઘોર કષ્ટ, એક દિવસ એટલે કે છાશી હજાર સેકન્ડ લાગલાગટ ભોગવવાથી પાપ કેટલાં બધાં ખપે ? તો પછી આવી ઘોર વિટંબણા સો વર્ષ ભોગવવાથી કેટલાં બધાં પાપ ખપે ? એટલે દા.ત. સમજો કે ૨૦૦૧ની સાલથી ૨૧૦૦ની સાલ સુધી પૂરા સોએ વર્ષ એક સરખું છૂંદાઈ-શેકાઈ-તળાઈ-કપાયે જવાનું હોય તો એ કારમાં દીર્ઘ દુઃખ ભોગવતાં અપરંપાર પાપ ખપાવે ને ? **એટલાં બધાં પાપ, જ્ઞાની કહે છે, કે - જૈન ધર્મના માત્ર એક નવકારશીના તપથી ખપે !** નવકારશી એટલે સૂર્યોદયથી માત્ર ૪૮ મિનિટ થાય ત્યાં સુધી મોંમાં કાંઈ નાખવાનું નહિ. આવી નવકારશી પણ કેટલાયને મોંઘી પડે છે ! એક બાજુ નવકારશી સુધી ભૂખ્યા રહેવાનું દુઃખ, અને નરકનું સો વર્ષનું દુઃખ, એ બેની તુલના થાય એવી છે ? ભવિષ્યના ભયંકર દુઃખ ટાળવા આટલું ય ન કરી શકો ? કહે છે કે ઉઠતાં જ દાતણ કરી જલદી ચા વગેરે લેવાની ટેવ પડી ગઈ છે ! પણ જો જો હોં, એ ટેવ દબાવી સહેજ કષ્ટ સહવામાં પેલા અગણિત ઘોર પાપ ખપી ભાવી દારુણ દુઃખોથી બચાય છે. આ ફલ તો સામાન્ય કહ્યું, પણ એમાં આંતર-ભાવનો ઉલ્લાસ જો વિશેષ, તો ફળ પણ વિશેષ !

હવે આગળ વધો. પોરિસીનું પચ્ચખ્ખાણ કરવામાં આવે તો નવકારશી કરતાં દશ ગણું ફળ છે. એટલે કે નારકીનો જીવ એક હજાર વર્ષ ઘોર ત્રાસ ભોગવી જે અઢળક પાપ ખપાવે, તેટલાં અઢળક પાપ માત્ર એક પોરિસીના પચ્ચક્ખાણથી ખપે છે ! આમેય ફીટોફીટ ટાઈમે નવકારશી ન પારનારને સહેજે આઠેક વાગે નવકારશી પળાતી હશે. તેને પોરિસી માટે માત્ર ૧ાા-૨ કલાક લંબાવવાની તકલીફ, અને લાભ કેટલો ? એક હજાર વર્ષના નરકના દુઃખોથી

ખપતાં કર્મ ખપાવવાનો ! સાઢ પોરિસીના પચ્ચક્ખાણથી એનાથીય દશગણું ફલ ! દશ હજાર વર્ષની ઘોર નરક-વેદનાથી ખપતાં કર્મો સફાચટ !

**ઉપર ઉપરના તપમાં વધતું દશ દશ ગણું ફળ :-** આગળ પુરિમઢ્ઢ, એકાસણ, એમ વધતાં આયંબિલ, ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમનું ફલ દશ ગણું વધે છે. એટલે અઠ્ઠમમાં કેટલું ફળ આવ્યું ? દસ લાખ કરોડ વરસના પાપ ખપવાનું. શુદ્ધ ભાવનાથી એક આયંબિલ થાય તો, નારકીનો જીવ એક હજાર કરોડ વર્ષમાં જે કર્મ ખપાવે, તેટલાં કર્મો ખપે છે. અને ઉપવાસમાં દશ હજાર કરોડ વર્ષ જેવાં પાપ ખપે છે. **આ અતિશયોક્તિ નથી. જૈનશાસનની નીતિરીતિ મુજબ થતા તપનાં આ ફળ છે. એ રીતમાં સમ્યક્ત્વ જોઈએ, નિરાશંસભાવ જોઈએ. આહારાદિ સંજ્ઞાનું વિષ્કંભણ (નિરોધ) જોઈએ.** તમને થશે કે આત્મામાં આટલાં બધાં કર્મો છે ? હા, કર્મો તો ઘણાં છે, ખજાને ખોટ નથી; આપણો આત્મા કર્મોથી મહા સમૃદ્ધ ! તમારી બીજી સમૃદ્ધિ ગણવા બેસો તો ગણી શકાય તેમ નથી. સમૃદ્ધિ છે એ ? કે કચરો **આવા જંગી કચરાને વિખેરી નાખવા તપ જેવી સુંદર વસ્તુ બીજી કઈ છે ?** તપના ફલમાં જુઓ ખૂબી શી આવી ? બે દિવસના ઉપવાસ અર્થાત્ છઠ્ઠનું એક સાથે પચ્ચખ્ખાણ થાય તો એક ઉપવાસના ફળ કરતાં બમણું ફળ એમ નહિ, અર્થાત્ એકનું દશ હજાર કરોડ વર્ષ છે, એનાથી બમણું વીશ હજાર કરોડ વર્ષોના પાપ ખપવાનું ફળ મલે એમ નહિ પણ એક ઉપવાસના ફળ કરતાં દસ ગણું ! એટલે કે એક લાખ કરોડ વર્ષો જેટલાં (નારકીમાં ખપે તેટલાં) કર્મો ખપવાનુ ફળ મળે !

**ભગવાનનો વિરહ સાલે છે ? :-** દીવાળીમાં બોલો છો ને **'લખ કોડી ફળ છઠ્ઠ કરી જિન ધ્યાને રહીએ,'** ભગવાને છેલ્લે લાગટ સોળ પહોર અખંડ દેશના દીધી છે, ત્યારબાદ અમાસની કાળી રાત્રે જગતને અને જૈન સંઘને ભગવાનનો વિયોગ થયો. સોળ પહોરના બે દિવસ. તેથી સોળ પહોર દેશના એટલે ભગવાનને ચોવિહાર છઠ્ઠનો તપ, ભલે એમને પચ્ચખ્ખાણ નહિ, પણ ખાવા-પીવાની વાત જ નહિ ને ? કેમકે સળંગ બે દિવસ દેશના. તો એ દેશના વખતે બેઠેલા ભગવાનના ભક્તોને એજ તપ થયો હોય ને ? ભગવાનનો વિરહ હૈયામાં સાલે, તેના સ્મર્ણાર્થે અને નિર્વાણ કલ્યાણક આરાધવા માટે છઠ્ઠનો તપ છે. **પુત્ર, પતિ, પત્ની, સગાં-વહાલાંનો વિરહ વર્ષો સુધી શોક સાથે યાદ આવે છે. એમની જીવતાંય ખબર પૂછાય છે, ને મૂઆ પછીય એમને યાદ કરાય છે; તો ભગવાનનો વિરહ સાલે છે ? કેવો સાલે છે ?** સાલે તો દીવાળી સાચી દીવાળી ઉજવાય. એમાં છઠ્ઠ તપ થાય, તેનું ફળ ઉપવાસ કરતાં દસગણું. પાછું બે ને બદલે ત્રણ ઉપવાસ એટલે અઠ્ઠમનું એકી સાથે પચ્ચક્ખાણ કરો, તો છઠ્ઠના ફળ કરતાં દસગણું ફળ અર્થાત્



નારકીની દશ લાખ કરોડ વર્ષોની પીડામાં ખપતાં કર્મ જેટલાં કર્મો ખપે ! સમજો, જરા આગળ વધ્યા કે ફળ દશગણું વધતું જાય છે. **જડ એવાં કર્મની ગમે તેવી શક્તિ, પણ તપ આગળ એ ખતમ થઈ જાય છે !** ફરીથી યાદ કરો, આ ફલ તો જઘન્ય-ભાવના વિશેષે ફલ અસંખ્યાતગણું પણ સમજવું. તપનું ફળ અતિ મહાન છે, કલ્પનાતીત છે. સુખી સુકોમળના પણ તપ જુઓ. નંદનઋષિનો માસખમણ પારણે માસખમણ કરીને એક લાખ વરસ તપ ! ઘોર રોગમાં ચક્રી સનત્કુમાર મહામુનિનો સાતસો વરસ તપ ! ધન્ના કાકંદીનો મહા તપ ! મેઘકુમાર-શાલિભદ્ર-ધનાજી વગેરેના ભારે તપ ! અઠ્ઠમ તપ નિશ્ચિતપણે કરવા માટે છેલ્લે છેલ્લે એના કેટલાક લાભ ગણી લ્યો.

**અઠ્ઠમનું કર્તવ્ય બજાવવામાં લાભ :- (૧) જિનાજ્ઞાની આરાધના કરવાનો મહાન લાભ છે. (૨) પર્યુષણાપર્વની આરાધનાનો પણ લાભ મળે છે. (૩) માત્ર એક અઠ્ઠમની પૂર્વે કહ્યા તે દસલાખકરોડ વરસની નરકની પીડા ભોગવી નાશ થતા પાપ જેટલા અઢળક પાપનો નાશ થાય છે. (૪) અઠ્ઠમ તપમાં રહેવાથી ભાદરવા સુદ ૨-૩-૪ એ ત્રણેય દિવસના ખાસ અને મહાન વ્યાખ્યાનો સાંભળવાનો પૂરો લાભ મળે છે. (૫) બીજા સુસંસ્કાર, દોસહ્રાસ, પુણ્યોપાર્જન, વગેરેના અનેક લાભ મળે છે. આ તો વિશેષરૂપે અઠ્ઠમ તરીકેના તપની વાત થઈ. બાકી (૬) સામાન્ય રૂપે તપ તરીકે પણ તપના લાભ અપરંપાર છે.**

## • ૫. ચૈત્યપરિપાટી •

**ચૈત્યપરિપાટી શા માટે ? :-** પર્યુષણાનું પાંચમું કર્તવ્ય **ચૈત્યપરિપાટીનું** છે. જે પ્રભુના શાસનનો આપણા પર અનંત ઉપકાર છે, એ પ્રભુના વિશેષ પૂજન-વંદન કરવાનું. આવા મહાન પર્વમાં કેમ જ ભૂલાય ? આમ તો પર્યુષણમાં મોટી પ્રવૃત્તિ વ્યાખ્યાનો સાંભળવાની હોય છે, છતાં આ પણ ખાસ કર્તવ્ય કરવાનું, કે આખા નગરના તમામ દેરાસરોને જુહારવાના. પ્રભુના ચરિત્ર સાંભળવા સાથે અનેક જિનેશ્વરોના બિંબોના દર્શન થાય, એથી પ્રભુ પ્રત્યે ભક્તિ-બહુમાન ઓર વધી જાય. તેમ જૈનો ચૈત્ય-પરિપાટીએ રીતસર ફરતા દેખાય, તેથી જૈનેતરોને જૈન ધર્મની મહત્તાનો ખ્યાલ આવે. એમાં કોઈ ભવીજીવને ધર્મનો ઉછરંગ વધે. ''ઓહો ! કેવો સરસ જૈનધર્મ !'' એમાં એ પામી જાય. ચૈત્યપરિપાટીથી જુદા જુદા દેરાસરોમાં શી ખામી છે, તે પણ ખ્યાલમાં આવે. અને સુધારો કરવાની તક મલે. ત્યારે સાથે એ પણ ખરું કે ચૈત્યો જુહારતાં પૂજાના ઉપકરણ અને ભક્તિના દ્રવ્યો લઈ જઈ મંદિરોમાં મૂકવાથી લાભ મહાન થાય.

**જૈનેતરો પણ કેમ પામે ? :-** લગ્નાદિ પ્રસંગે જેમ ઘરને રંગરોગાણથી શોભાવો છો, અને સ્નેહી-સંબંધીમાં દોડાદોડ કરો છો, તેમ પર્યુષણા પ્રસંગે ચોમાસા પહેલેથી મંદિરો ચળકતા, મંદિરોને શોભાવનાર મહાપૂજા, પ્રભુની અંગરચના વગેરે મનોહર રચવાની; અને મંદિરો જુહારવા નીકળવાનું, આંખો ઠરે એવા રંગરોગાન હોય, એમાં ધજા-પતાકા, તોરણ-કમાન આદિથી શોભાવી મંદિરને એવું આકર્ષક બનાવવાનું કે ચૈત્યપરિપાટીએ આવનાર ધર્મીબંધુઓ ખૂબ ભક્તિરંગમાં ચઢે. જૈનેતરો પણ જોવા ઊભા રહે, ધારી ધારીને જુવે, ગીત-સંગીત સાંભળે, તેમાં ભક્તોને ઓતપ્રોત જુએ, એટલે પરસ્પર વાતો કરે, કે "શું છે ?" "અરે ! ખબર નથી ?" જૈનોના પજુસણ છે ! ભાઈ ! જબરો ધર્મ એમનો ! એમનો તપ, એમની ભક્તિ, એમનાં દાન વગેરે તમામ જબરું !" આવી પ્રશંસા કરતા આ રીતે થાય, જેથી કેઈ જનો ધર્મ પામે. આ વાર્ષિક પર્વ જ એવું છે કે જે પ્રસંગે મંદિરે, ઉપાશ્રયે દરેક આવે. માટે જ ખાસ આકર્ષણ જોઈએ. તેમ પ્રભુના ઉપકારથી મહાપર્વ મળ્યું. માટે પ્રભુભક્તિની રૂએ પણ આકર્ષણ જોઈએ. કદી મંદિર ઉપાશ્રયે ન આવનારો જીવ પણ આ આઠ દિવસ આવે તોય એ રૂડો જીવ છે. એનો આદર કરજો. એનો ધર્મ ઉલ્લાસ વધારજો. એની સામે આંગળી ચીંધતા નહિ. આંગળી ચીંધશો તો માનવું કે પોતાને પરમાત્માનો ધર્મ હજી પચ્યો નથી.

કોઈને થાય કે **ચૈત્યપરિપાટીના કર્તવ્યનું વિશેષ વિવેચન કેમ નહિ ?** પણ સમજો કે એ પ્રભુભક્તિનું કાર્ય તો સહેજે સમજાય એવું છે. કેટલાક સંસ્કારો તો ગળથુથીના હોય, ત્યાં કર્તવ્ય અને વિધિના સૂચન પૂરતાં વિવેચનથી ચાલે, માટે જુઓ કે અસલનો રિવાજ અને હજીયે ખંભાત, પાટણ, રાધનપુર વગેરે ધર્મક્ષેત્રે એ દેખાય છે કે રોજ સવારમાં હાથમાં અક્ષતબદામનો વાટવો લઈ પાંચ-દશ ચૈત્યની પરિપાટી કરી આવવાની. માટે જ કમમાં કમ પર્યુષણામાં આ કર્તવ્ય અતિ સુંદર રીતે થવું જોઈએ. એમાં દીનદુઃખીને દાન દેતા જવાય તેથી એય બોલે કે "આ ધર્મ સારો. આવા પજુસણ રોજ આવો." આવા પર્વોમાં પ્રભુજીની ભક્તિ માટે કશી કમીના ન રહેવી જોઈએ. ફૂલો મહેક મહેક થતાં લાવી, રોનકદાર અંગરચના કરવી જોઈએ. આ વાર્ષિક પર્વની રોનક જુદી જ હોય.

**વજસ્વામીની શાસનપ્રભાવના :-** એકવાર બૌદ્ધ રાજાના ધર્મદ્વેષને લઈને પર્યુષણમાં જૈનોને માટે પૂજાનાં ફૂલ બંધ ! પર્યુષણ જેવા પર્વમાં એ જૈન સંઘને પાલવે ? ગયા શ્રી વજસ્વામી પાસે, અને કરી વાત. ત્યારે શ્રી સંઘને ન પાલવે એ શાસન શિરછત્ર શ્રી વજસ્વામીજીનેય શી રીતે પાલવે ? ઉપડ્યા પોતે ગગન માર્ગે. પિતાનો મિત્ર દેવ હતો એની પાસે મહેશ્વર વનમાં. દેવે એમને સત્કાર્યા.



વાત કરી ફૂલ તૈયાર રાખવા કહ્યું. દેવને મહાત્માની આજ્ઞા મળી એથી ઉલ્લાસ ખૂબ ! એમાં ફૂલો તૈયાર રાખ્યા, તે કેટલા ? **વીસ લાખ !** વજસ્વામીજી ત્યાંથી ઉપડેલા આવ્યા હિમવંત પર્વત પર શ્રીદેવીના ભવને ! જૈન શાસનના યુગપ્રધાન આંગણે પધાર્યા પછી શું પૂછવું ? લક્ષ્મીદેવી અતિ આનંદ અને આદર સાથે હાથ જોડી આજ્ઞા યાચે છે. શાસ્ત્ર કહે છે, **'देवा वि तं नमंसंति जस्स धम्मे सया मणो ।' જેનું મન સદા ધર્મમાં રત હોય, દેવો પણ તેને નમે છે.** શ્રી વજસ્વામિજીએ વાત કહી. વિકુર્વેલા વિમાનમાં શ્રીદેવીએ ખાસ કમળ અને બીજાં પણ ફૂલો આપ્યાં. તે લઈને વળતાં પેલાં વીશ લાખ ફૂલો સાથે જ્યાં પાછા આવી નગરમાં ઉતરે છે, ત્યાં બૌદ્ધો તો માનતા હશે કે 'દેવો અમારા માટે આવે છે.' પણ એ વિમાન તો ઉતર્યું જૈન મંદિરે ! પર્યુષણપર્વમાં લાખો ફૂલોથી જિનમંદિરોમાં ઠાઠ સાથે પ્રભુની-ભક્તિ-શોભા થઈ. ચમકી ઉઠેલો બૌદ્ધરાજા આવીને વજસ્વામીજીના પગમાં પડ્યો, માફી માગી અને ધર્મ પૂછ્યો. પૂછ્યો એટલું જ નહિ પણ સાંભળીને એણે શ્રાવક ધર્મ સ્વીકાર્યો ! રાજાની પાછળ ઘણા બૌદ્ધોએ પણ જૈન ધર્મનો સ્વીકાર કર્યો. આ રીતે શ્રી વજસ્વામિજીએ ચૈત્યની ભક્તિ વડે શાસનની પ્રભાવના કરી. તમે પણ સુંદર ચૈત્યપરિપાટીના કર્તવ્યમાં ઉજમાળ બનો. હવે બાકી મૂકેલું પહેલું કર્તવ્ય જોઈએ.

## • ૧. અમારિ - પ્રવર્તન •

**જે નિયમો પોતાના માટે તે પર માટે; માનવ બુદ્ધિનો આ સામાન્ય વિવેક :-** પર્યુષણાનાં પાંચ કર્તવ્યોમાં પહેલું **અમારી-પ્રવર્તન** છે. અ+મારિ=મારવું નહિ તે. પોતે કોઈ જીવને ન મારે એ પોતે અમારિ આચરી. પરંતુ બીજાઓ પણ કોઈ જીવને ન મારે એવી વ્યવસ્થા કરવી તે અમારિ-પ્રવર્તાવવી કહેવાય; અમારિ-પ્રવર્તન કર્યું કહેવાય. કોઈ પણ ધર્મ દયાની ઉપેક્ષા કરી શકે જ નહિ, દયા રહિતને ધર્મ કહેવાય નહિ. તેમ ધર્મી દયાભર્યા હૃદય વિનાનો હોય નહિ; એટલે સહેજે અમારિ પ્રવર્તાવે. વિકસિત દયા મર્યાદિત નથી. જીવ માત્ર પર દયાની ભાવના જોઈએ; કેમકે જેવું જાત માટે એવું જગત માટે. પોતાના જીવની જેમ જ બીજા જીવોનો સ્વભાવ છે કે એને દુઃખ ન ગમે, અને સુખ માટે અપરંપાર ઝંખના હોય, બીજા આપણી હિંસા ન કરે એ આપણે ઇચ્છીએ, તો બીજા માટે વિપરીત કેમ ઇચ્છાય ? બેની વચ્ચે ત્રીજો આવીને બેસી જાય. ને જરાક સંકડાશ થાય એ પણ પાલવતું નથી, જો કે આ તો બહુ મામૂલી વાત છે, તો પછી જીવને ઠેઠ એના પ્રાણના નાશનું મહાદુઃખ કેમ રુચે ? પોતાનામાં ભલે ધર્મનો અધિક વિચાર ન

હોય, પણ માનવ બુદ્ધિનો સામાન્ય વિવેક હોય કે નહિ ? એટલું હોય તોય સમજી શકાય કે સુખ જેવું પોતાને પસંદ છે, તેવું સારા જગતને પસંદ હોય જ. માનવની બુદ્ધિમાં બીજાની હિંસા કરવાની કલ્પના જ કેમ ઉઠે ? પછી ખોખે માનવ છતાં હૈયે વાઘ, વરુ, કે પિશાચ હોય એની વાત જુદી છે. **સર્વને અભયદાન દેવાની જેને અભિલાષા નથી, તે શ્રાવક નથી. સર્વને અભયદાન જે દેનારો નથી, તે સાધુ નથી.** જૈનદર્શનની દયા વિશિષ્ટ કોટિની છે. સ્થાવરની દયા ગૃહસ્થ ન પાળી શકે માટે એને એનો આગ્રહ ન કરતાં, ત્રસની દયા પાળવાનું કહ્યું. સાધુને ત્રસ અને સ્થાવર બંનેની દયા પાળવાની હોય છે. 'ગૃહસ્થો સ્થાવરની દયા ન પાળી શકે.' એનો અર્થ એ નથી કે સ્થાવરની હિંસામાં દોષ નથી. જો એ અર્થ હોત તો સાધુનેય સ્થાવર હિંસામાં શું વાંધો ? માટે કહો કે સ્થાવર જીવોની હિંસાથી પાપ તો લાગે જ છે. તેથી જ એવા ઓછે પાપે પતાવવા ગૃહસ્થો માટે પણ જ્ઞાનીએ સ્થાવરની જતના કરવાનું તો કહ્યું જ. પાણીને ઘીની જેમ વાપરવાનું કહ્યું. એટલા જ માટે કે પાણીના ટીપે ટીપે જે અસંખ્ય જીવો છે, એનો શક્ય બચાવ કરવાનો છે. જેથી ફોગટ હિંસાથી અટકાય. જૈન શાસન સમજેલા શ્રાવક-શ્રાવિકામાં પણ સર્વ જીવોને અભયદાન દેવાની દશા લાવવાનો નિરંતર અભિલાષ વર્તે છે, જેનામાં એ ન વર્તે એ શ્રાવક નહિ. સાધુ-સાધ્વી સર્વ જીવોને અભયદાન દેનારા છે. જે અભયદાન દેનારા નથી તે સાધુ નથી.

**અગિયાર લાખ ઘોડાને પાણી ગાળીને પવાતું :-** સર્વ જીવોને અભયદાન દેવાની દશા લાવવાની ઝંખના વર્તતી હોય એને સ્થાવર પર કેટલી બધી દયા હોય ! સ્થાવરની હિંસાના પ્રસંગે પણ એનું હૃદય વલોવાઈ જાય, વલોવાઈ ? બજારમાંથી શાકભાજી લાવો તે જીવતા જીવ ને ? એક ટંકે કેટલાનો સંહાર ? કેવી રીતે સંહાર ? શું એ વખતે થાય, **"પૂર્વે હું પાણીમાં હતો ત્યારે અગ્નિથી ઉકાળાયો, બળાયો; વનસ્પતિમાં હતો ત્યાં તાવડીમાં નાખી જીવતો તળાયો, ત્યારે મને અપરંપાર દુઃખ થયેલું ! તો મારા કબજામાં આજે રહેલા સ્થાવર જીવો બિચારા કેવુંક દુઃખ સહેતા હશે ?"** અઢાર દેશના માલિક કુમારપાળ મહારાજ અગિયાર લાખેય ઘોડાને પાણી અળગણ નહિ પણ ગાળેલું જ પીવડાવતા. આજે કુટુંબના ચાર માણસો માટે ગાળેલું પાણી સાચવવું હોય તો મુશ્કેલ પડે છે; કેમ ? શેઠાઈ આવી ! રામાના હાથે કામ લેવાનું ! રામાને શી દયા હતી ? એ રામો તમને ક્યાં લઈ જશે તે ખબર પડે છે ? **આજે ઘરમાં રામા દ્વારા દયા-જતના ગઈ, અને મંદિરમાં પૂજારી દ્વારા ભગવાનની આદર ભક્તિ ગઈ ! ઘરમાં હિંસા અને મંદિરમાં આશાતના વધ્યા !** - વિચારો, જૈનપણે આ ? પોતાના જીવ માટે જરાય બફારા જેવુંય દુઃખ



ન આવે એની ખૂબ કાળજી; અને બીજા પ્રત્યે મોટા આરંભ-સમારંભમાં ચકચૂર-પણે અને યથેચ્છ રીતે વર્તવાનું ? આ ક્યાંનો ન્યાય ? શ્રાવક તો સમજતો હોય કે મારા પરમાત્માએ કહ્યું છે કે "જગતના શું સ્થાવર કે શું ત્રસ, અનંતાનંત જીવોને અભયદાન દેવાની ભાવના નહિ વર્તે ત્યાં સુધી મુક્તિ તો શું પણ મુક્તિની યોગ્યતા પણ નહિ આવે; મુક્તિનો પ્રેમ સાચો નહિ મનાય; ધર્મીપણું પણ નહિ રહે." સર્વેને અભય આપવાની વૃત્તિ ત્યારે જ સાચી મનાય, કે સ્થાવરની હિંસા પ્રસંગે પણ કાળજું કંપે ! કંપે છે ને ! **કંપ એટલે હિંસામાં ધ્રુજારો. હિંસાની પ્રવૃત્તિ જેટલી ન અટકે ત્યાં આત્મા ભયભીત રહે, હૃદય જીવો પ્રત્યે કૂણું રહે.** આ સ્થિતિમાં એ મફતીઆ કે વધારે પડતી હિંસા કરે જ શાની ?

**ઠાંસમાં જૂ મારનારો જાસુસોથી પકડાયો અને દંડાયો :-** આજે એવી શ્રાવિકાઓ વિદ્યમાન છે કે ઘરમાં નોકર છતાં અનાજ વીણવાનું કામ જાતે કરે. પોતાનું તો પોતે કરે, પણ નોકર-ચાકર માટેનું અનાજ-જુવાર વગેરે હોય તેય પોતે વીણે. ધણી જુએ અને પૂછે 'શા માટે તમે તકલીફ લો છો ?' તો એ પ્રભુના ધર્મથી વાસિત શ્રાવિકા શું કહે, જાણો છો ? કહે, "જુઓ, ! ધાન્યમાંથી આટલા ધનેરા, આટલા કીડા નીકળ્યા. કહો વીણ્યા વિના ડબો આપું દળાવવા તો બિચારા બધા જ ઘંટીમાં સાફ જ થઈ જાય ને ?" એ સમજે કે **"જગતના જીવ માત્રને અભયદાન દેવાની વૃત્તિવાળા ગણાતા આપણે સ્થાવરની હિંસા તો હજી ટાળતા નથી, પણ ત્રસની હિંસા ન રોકી શકીએ ? ત્યારે આપણા હાથ-પગ શું કામના ? એવી શેઠાઈના શરીર તો જીવને ભયંકર દુર્ગતિના ઘરમાં આપણને ફેંકે."**

પર્યુષણામાં ખાસ કરીને જેટલી આપણી લાગવગ પહોંચે, ધનશક્તિ પહોંચે એટલી અમારિ પળાવવી જોઈએ. કુમારપાળ રાજાએ તો માત્ર પર્યુષણ માટે જ નહિ પણ બારે માસ માટે અઢાર દેશમાં 'મારિ'નું નામ ન જોઈએ એવું કર્યું હતું. કોઈની તાકાત નહોતી કે હાલતા-ચાલતા જીવની વિરાધના કરે. મશ્કરીમાં એક શેઠને બૈરીએ ના પાડી કહ્યું હતું, "મહારાજ કુમારપાળનું શાસન છે, અઢાર દેશમાં અમારિની આણ ફેલાવી છે, ખબર નથી ? જુ ન મરાય !" છતાં એણે કર્યું. તો "જોયો તારા કુમારપાળનો હુકમ ! આ મારી જુ, લે !" આમ ઠાંસપૂર્વક જૂ મારી તો ખરી; પણ ફરતા જાસૂસોને ખબર પડી, એને પકડી કુમારપાળ પાસે લાવ્યા. હવે કહો જો એ કેવોક થરથર ધ્રૂજતો હશે ? એવી ધ્રૂજ નરકના દુઃખના ભયની નથી માટે હિંસા ચાલુ છે. પેલાના પગ લથડે છે. સુભટો કહે છે, "આ માણસે આપની આજ્ઞાનો ભંગ કર્યો છે, માથાની જૂ મારી છે." કુમારપાળે શું કહ્યું

હશે ? એવું જ કંઈકને કે "કેમ શેઠ ! માથામાં બહુ રાઈ ભરાઈ છે ? તમે તો જૂને મારી નાખી, પણ મારાથી તમને તેવું થાય ?" કુમારપાળે એનો ભારે દંડ કર્યો અને તે પણ કેવો ? મોટું દેરાસર બંધાવવું એવો ! દંડ ખજાનામાં નહિ હોં. જીવને પૈસા સાથે નહોતું પરણાવ્યું. એ મંદિરનું નામ યૂકાવિહાર. (યુકા=જૂ)

**ઘાતકીપણાનું કે દયાળુપણાનું માપ :-** અમારિ અઢાર દેશમાં જ શા માટે ? હજી આગળ જુઓ. ચોમાસી વ્યાખ્યાનમાં સાંભળી ગયા છો, કુમારપાળને ચોમાસામાં નગર બહાર ન નીકળવાનો નિયમ છે; સંસારની ઘણી પ્રવૃત્તિ બંધ છે. કેવા સરસ પ્રભુના શ્રાવક ! તમે પણ સંસારના શ્રાવક મટી પ્રભુના બનો તો મહાન થઈ જાઓ, ગિઝનીનો બાદશાહ ચડી આવ્યો, પણ ગુરુદેવ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે એને ઉપાશ્રયમાં ઉંઘતો ખાટલા સાથે ઉતાર્યો. રાજ્ય લૂંટવાને આવેલો પોતાના કબજામાં આવ્યો છે, હવે શું કરવાનું ? ખૂબી અહીં જ છે. **ઘાતકીને ઘાતની અને દયાળુ ને દયાની વિચારણા થાય. કોઈપણ પરિસ્થિતિએ થતી કલ્પના એ ઘાતકીપણાનું માપ છે.** દયાળુ પગ મૂકે ત્યાં પ્રથમ જુએ, કીડી-મકોડી તો નથી ને ? પોતાની બેદરકારીથી કીડી-મકોડી કે જંતુ કચરાય નહિ, એ કાળજી એને ભારોભાર હોય. પણ આ તો રસ્તામાં ચાલતાં, જરા રસ્તો ખરાબ લાગ્યો કે ઉતરે હિંસાના વિચાર પર "મ્યુનિસિપાલીટી કેવી છે ? રસ્તા સુધરાવતી નથી !" શાથી આ વિચાર ? રસ્તો બનાવવાના આરંભમાંની હિંસાની પરવા નથી. **કેટલીય વાર મહાન કોટિની કર્મ નિર્જરા થઈ શકે એમ હોય, એવા પ્રસંગમાં અજ્ઞાની જીવો કર્મ બાંધે છે ! ખરી વાત એ છે કે જીવ અને દયાનું જ્ઞાન હૃદયમાં પ્રકાશમાન નથી.** બાદશાહ પોતે ઘાતકી હતો એટલે એને તો એમજ થયું કે, 'હવે મને આ મારી નાખશે !' **પણ એને ખબર નથી કે આ જમડા ન હોય, આ તો દેવના દૂત છે. દુશ્મન માને તોય દાના છે, કીન્નાખોર નથી. કીન્નો તો જંગલી પશુના ભવમાં મૂકી આવ્યા.** કીન્નો શા માટે લેવો ? બચાવ થઈ ગયો છે. જેને ધર્મનું શરણું છે, એનો વાળ વાંકો કરનાર કોઈ નથી.

**પ્ર.**- શ્રી હેમચંદ્રાચાર્ય ન હોત તો ?

**ઉ.**- એ 'તો' જ ખોટું છે, ધર્મીને રક્ષક ન હોય એ બને જ કેમ ? તથાપિ માનો પૂર્વના પાપે ન હોત, તો નિયમ ખાતર કુમારપાળ મરી ફીટત ! પણ પછી દેવ થઈને કદાચ અહીં આવી એની (મ્લેચ્છની) કાનપટ્ટી પકડત, એવુંય બની શકે નહિ ? ધર્મ ઉપર શ્રદ્ધા અસ્થિમજ્જાગત જોઈએ. કીન્નો નથી તેથી કહે છે,' "ગભરાતો ના, **તું મારનારો છે, અમે જીવાડનારા છીએ.**"

શ્રાવકના ઘરમાં નીકળેલી કીડી-મકોડીને જાણે વિશ્વાસ હોય કે, આ ઘરમાં



જીવાડનારા છે, મારનારા નથી. શરણે આવેલા શત્રુને અભયદાનનો વિશ્વાસ તમારા હાથમાં આવ્યા પછી અભયદાન ને ? કે હવે બિચારાના બાર વાગ્યા સમજો ?

**અમારી-પ્રવર્તનની રીત :-** પૂર્વે પર્યુષણામાં અમારી પ્રવર્તાવવા ઘણું થતું. કસાઈ પાસેથી જીવો છોડાવતા, ઘંટી ઘાણી બંધ કરાવતા. માછીમારની જાળ બંધ. તે પાછા મહાજનની મર્યાદાથી હિંસકો એની મેળે હિંસા બંધ કરતા. મહાજનની મર્યાદા તોડી આજે શો સાર કાઢ્યો છે ? ખેર ! શક્ય એટલી હિંસા પૈસાથી પણ અટકાવો. જીવોને મરતાં છોડાવો. ક્રાફર્ડ માર્કેટ જેવામાં કેઈ પંખીઓ વેચાવા આવે છે, એને છોડાવી શકાય. મહેનત કરીને શક્યતાએ કતલખાના પર્યુષણામાં બંધ કરાવવા કરવું જોઈએ. **પર્વની ઉત્તમ આરાધના માટે અભયદાનથી વાતાવરણ શુદ્ધ બને છે. ત્યારે એ પણ છે કે શ્રાવક દયા નહિ કરે તો કોણ કરશે ? શ્રાવકના ખોળીએ દયા નહિ કરો તો કયા દેહથી કરશો ? જરા સમજો કે જીવ માત્ર તમારા બંધુ છે. બંધુ બંધુની સંભાળ રાખે. અહીં દયા ચૂકશો તો પછી અવસરે તમારી દયા, તમારી સંભાળ કોણ કરશે ? જીવોને મારનારા જગતમાં ઘણા છે, જીવાડનારા થોડા છે.** આવી આવી વિચારણા મન પર લેવાય તો અમારિ પ્રવર્તન કરવાનો ઉલ્લાસ ઘણો આવે. જુઓ, બાદશાહ બચવા માટે કુમારપાળને લાખ, બે લાખ, કે કરોડ તો શું પણ આખું રાજ્ય પણ આપવા તૈયાર થાત; પરંતુ કુમારપાલને એની કાંઈ કિંમત નથી. એને તો અમારિ પ્રવર્તનની ઘણી ઊંચી કિંમત છે; તેથી કહે છે કે "તમારા રાજ્યમાં છ માસની અમારિ પ્રવર્તાવો. અર્થાત્ છ માસ સુધી સર્વથા જીવોને મોતના ભયથી છૂટા કરી દો, એજ તમારે છૂટવાનો ઉપાય !"

**દેવ પ્રસન્ન થાય તો શું મંગાય ? :-** કુમારપાળે ગરજુ બાદશાહ પાસે શી ઋદ્ધિ સંપત્તિ માગી ? **ધર્મી આત્મા પાસે કોઈ 'માગ ! માગ ! કહે, તો શું માગે ? તુચ્છ સ્વાર્થની વસ્તુ કે મહા પરમાર્થ ?'** કુમારપાળે છ માસની અમારિ માગી, અને હાથ જોડીને મ્લેચ્છ બાદશાહે ખુશીથી તે કબૂલ કર્યું. કુમારપાળની મહાન દયા લાગણીને જોઈ બાદશાહ બહુ આકર્ષાઈ ગયો ! "શું આ ? ક્યાં મારી સ્વાર્થભરી નીચ કાળી રમત ? અને ક્યાં એની મહા પરમાર્થભરી ઉચ્ચ કાર્યવાહી ! મારે એની પ્રતિજ્ઞાનો ગેરલાભ લેવો હતો, ત્યારે તો એના હાથમાં બાજી છે. હું મહા ગુનેહગાર પણ છું. છતાં એને કોઈ લાભ નથી જોઈતો." કુમારપાળે પણ બાદશાહને રીતસર સન્માન સાથે તેના સ્થાને સહીસલામત પહોંચાડ્યો. હવે બાદશાહ કબૂલાત વીસરે ? ત્યાં જઈ બાદશાહે પોતાના રાજ્યમાં છ માસ હિંસાની બંધી કરી.

**વિજય હીરસૂરીશ્વરજી મહારાજ અને અકબરની અમારિ :-** અમારિ સંબંધીમાં

જેમ કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રસૂરીશ્વરે કુમારપાળનું જીવન ચમત્કારી બનાવ્યું, તેમ શ્રી હીરવિજયસૂરીજી મહારાજે અને શાંતિચન્દ્ર ઉપાધ્યાયજી મહારાજે અકબરનું જીવન ચમત્કારિક બનાવ્યું. અહીં પર્યુષણાના વ્યાખ્યાનમાં અમારી પ્રવર્તનમાં મુખ્ય દૃષ્ટાન્ત આચાર્ય શ્રી વિજયહીરસૂરીશ્વરજી મહારાજનું આવે છે. એમણે અકબર જેવા મોગલ બાદશાહ પાસે પર્યુષણાના દિવસોમાં આખા રાજ્યમાં અમારીનું-અહિંસાનું પ્રવર્તન કરાવ્યું. એમાં વળી અકબરની પોતાની તરફથી પર્યુષણના આગળ પાછળના ૨-૨ દિવસ વધારે અમારી પ્રવર્તન થયું. ત્યારે અકબરની પાસે શ્રી શાંતિચન્દ્ર ઉપાધ્યાયજી મહારાજે તો આખા વર્ષમાં છૂટક-છૂટક મળીને છ માસની અમારીના ફરમાન કઢાવ્યાં. અકબર એટલે જાણો છો કોણ ? જેણે ચિત્તોડમાં ઘોર હત્યાકાંડ મચાવ્યો હતો; જેણે લાહોરના જંગલી પ્રદેશમાં ક્રૂર કત્લેઆમ ચલાવી હતી; જેને રોજના રોજ સવાશેર ચકલાની જીભનું શાક ખાવા જોઈતું હતું; એણે પણ એ છોડ્યું ! ઉપરાંતમાં છ માસ અમારી ફેલાવી, અને હિંસા અર્થે પકડેલા લાખો પંખીઓને અભયદાન દીધા. તમે શું કરશો ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૭,અંક-૧,તા.૬-૯-૧૯૫૮**

અનંત ઉપકારી ત્રિલોકનાથ ભગવાન શ્રી જિનેશ્વરદેવોએ જેવી રીતે ધર્મની સાધના કરવા માટે દૈનિક કૃત્યોનાં ફરમાન કર્યાં છે; તેવી રીતે વિશેષ પ્રકારે પર્વતિથિનાં અને છ અઠ્ઠાઈ પર્વનાં ઉત્તમ કર્તવ્યોનું આરાધન ફરમાવ્યું છે. પર્વ તિથિઓમાં બીજ, પાંચમ, આઠમ, અગીયારસ, ચૌદસ, પુનમ, અમાસ; એવી જ રીતે કલ્યાણક તિથિઓ, તેમજ ગુરુનિર્વાણ દિવસ વગેરે પર્વતિથિનું વિશેષ પ્રકારે આરાધન કરવા કહ્યું છે. તે વિશેષ પ્રકારમાં, સામાન્યથી તો શ્રાવક સચિત્તનો ત્યાગી હોય; પણ એટલી શક્તિ ન હોય તો પર્વતિથિ એ તો અવશ્ય સચિત્તનો ત્યાગી હોવો જોઈએ. તેની સાથે બ્રહ્મચર્યનું પાલન, સામાયિક, પૌષધ, પ્રતિક્રમણ, યથાશક્તિ તપ, વિશેષ પ્રકારે સ્નાત્રપૂજા, પરમાત્મ ભક્તિ, અરિહંતનું સ્મરણ વગેરે જોઈએ. પર્વતિથિઓની આવી વિશિષ્ટ સાધના પ્રત્યે આજે લોકનું દુર્લક્ષ વધતું જાય છે. જડવાદની યાને ભૌતિકવાદની ઝેરી હવા આત્માને ચળવિચળ કરી રહી છે. મન જે મનાવી લે છે, 'શું ધર્મ બધો આમાં આવી ગયો ? શું સામાયિક-પૌષધ વ્રત-પચ્ચક્ખાણ, બ્રહ્મચર્ય-અર્હદ્ભક્તિ કરે તો જ ધર્મી બન્યા કહેવાય ?' આવા પ્રકારની મનોવૃત્તિ ઘડાતી ન હોત તો પર્વતિથિએ પણ રોજનાં જેવાં ભોગમય અને આરંભ-સમારંભમય જીવન ન હોત; પરંતુ ત્યાગમય, અને અનેક પ્રકારે જીવોને અભયદાન



દેવામય આચારોના પાલન હોત. પરલોક પ્રત્યે બેદરકારી અને કેવળ આલોક પર જ દૃષ્ટિ, અને તેથી અહંકાર, અને તૃષ્ણાની વૃત્તિ, એણે હૃદય પર એટલો બધો કબજો કર્યો છે કે આચાર પાલનમાં રસ રહ્યો નથી. તેના સિવાય બીજું શું કારણ માની શકાય ? રસ રહ્યો છે વિષયના સુખોનો, કાયા-કંચન-કુટુંબનો, અને જમાનાની પ્રવૃત્તિઓનો ! તેથી ધર્મ ન કરવા સામે ઓઠું ધરવું છે, દલીલ કરવી છે કે - 'આત્મા શું, ધર્મ શું, એને પહેલાં ઓળખો.'

પૂછવાનું મન થાય કે- 'ભાઈ ! ત્યારે ધર્મ શેમાં ?' તો કહે છે, 'ધર્મ મન ચોક્ખું રાખવામાં છે. સાચું-ખોટું નહિ કરવામાં ને સીધું ચાલવામાં અમે ધર્મ માનીએ છીએ; એક બાજુ દસ વીસ દેરાસર દર્શન કરી આવવા છે, ઉપવાસ ને પડિક્કમણા કરવા છે, ને બીજી બાજુ કાળા કામ કરવા છે તે ધર્મ થઈ ગયો ?...' જુઓ આ એવા પ્રકારની ભ્રમણા ફેરવવામાં આવે છે કે ભોળા જીવો ફસાઈ જાય. પણ એ બિચારાને ક્યાં ખબર છે કે સીધી લાઈને ચાલવાનું તો કેટલાક જનાવર પણ કરે છે ! **'ધર્મસંગ્રહ'** શાસ્ત્રના કર્તા ઉ.માનવિજયજી મહારાજ કહે છે,

**'દયા પાળે પારેવડાજી, કુક્કર શુદ્ધ આહાર;**
**નાગા ચોપદ સહુ ફિરેજી, તો પણ નહિ ભવ પાર.'**

કબુતરા ઘણી દયા પાળે છે. સીધી લાઈનનું જીવન જીવે છે. કૂતરાને સાધુની જેમ નિર્દોષ આહાર મળે છે; તેમના માટે આહાર કોઈ બનાવતું નથી. ગાય-ભેંસો ચરવા જાય, પાછી આવે. દૂધ આપે, સૂઈ જાય. બીલકુલ સીધું જીવન ને ? - તો ભવપાર જલદી થવાના ને ? ધંધો કરવા જતા નથી બજારમાં, કાળાં-ધોળાં કરવા જતા નથી. ધર્મ આવી ગયો ? પૃથ્વીકાયાદિને પ્રગટ એકે ય પાપસ્થાનક નથી. તો સાધુની જેમ એને સીધું ખમાસમણું દેવું ? મિથ્યામતવાળા કહે છે, 'પૃથ્વીદેવતા,' 'અન્નદેવતા,' 'પાણી દેવતા...' એમ ભવપાર થવાતું હોત તો જગતમાંથી ગાય, ભેંસ, કબૂતરા, સસલાં, પૃથ્વી, પાણી, વગેરે જીવો મનુષ્યો કરતાં વહેલા મોક્ષે જાત !' માટે સમજો કે, એ ભ્રમણા છે. વસ્તુસ્થિતિ બીજી જ છે. જીવ ભોગ, તૃષ્ણા અને પરિગ્રહની મૂર્ચ્છા એ બેના સાણસામાં સપડાયો સંસારની ૮૪ લાખ જીવાયોનિમાં ઘુમી રહ્યો છે. વિષયપિપાસા ને લક્ષ્મીની લાલસાએ જીવને ગળચીમાંથી ઝાલ્યો છે. જાણે કહે છે, 'તું જાય ક્યાં ? રોન લગાવ ચાર ગતિમાં ! ચક્કર માર્યા જ કર ! છૂટકારો નહિ થાય ! એ તો ચાર ગતિના સંસારમાંથી જેણે બચવું હોય, તેણે આભ્યન્તર સંસારથી ફારેગ થવું જોઈએ. ભોગતૃષ્ણા સંસાર છે; લક્ષ્મીનો પરિગ્રહ સંસાર છે; મિથ્યાત્વ સંસાર છે; કોઈપણ જાતના નિયમ નહિ ને કેવળ અવિરતિમાં ડૂબી રહેવું તે સંસાર છે. વિષય-પિપાસા સંસાર છે. માટે એને શાંત કરો, મિથ્યાત્વને

ઓકી નાખો, અવિરતિના ફુરચા ઉડાડી દો. અરિહંત પરમાત્માએ એજ કર્યું છે. એ માટે એમણે જીવન-સંગ્રામ માંડ્યા હતા !

**'કરી કામને કારમી કમકમી, મિથ્યાત્વને ન દીયું માન...'**

કામને કમકમાટી ઉપજાવી ! મિથ્યાત્વને જરાયે માન આપ્યું નહિ, હડધૂત કરી કાઢી મૂક્યું; દેવતાઈ માનપાન દેખાડી ઇન્દ્રિયોની અવિરતિ ઘણી ફસાવવા આવી ! જાણે પ્રભુ મહાવીરના કાનમાં કહે છે, 'ભલે સાધુ થયા, પણ તમને તો ઇન્દ્રો પૂજા કરવા આવે છે, એટલા બધા તમે ઊંચા છો જ માટે પચ્ચક્ખાણ કરવાની જરૂર નથી ! નિરાંતે ખાજો-પીજો,' પણ અહીં તો પ્રભુને છટ્ઠનો તપ છે. તો પેલી જાણે કહે છે, 'છટ્ઠને પારણે ખાજો,' 'ના, મારે બે છમાસી...નવ ચોમાસી કરવાની...મારે ચન્દનબાળાના અભિગ્રહ કરવાના.' અવિરતિ એટલે છૂટ. એને એવી અકળાવી મૂકી કે ગભરામણ ભગવાનને નહિ, તેને થઈ ! કોશાંબીની પ્રજા ઝૂરે છે, 'પ્રભુ કેમ આહાર લેતા નથી !' લોકને શી ખબર કે પ્રભુને તો અવિરતિ સાથે ધિંગામસ્તી ચાલે છે ? અવિરતિની સામે પુરૂષાર્થ ચાલે છે ?

આ બધું સંસારને કારણે છે. એના કારણોમાં ભોગ-તૃષ્ણા આવે, વિષયપિપાસા આવે, લક્ષ્મીની લાલસા આવે. જે કારણે સંસાર છે, તેનો ત્યાગ કરવામાં આવે તે જ ધર્મ. ૧૮ પાપ-સ્થાનકોના લીધે સંસાર છે, તો તેના ત્યાગમાં જ ધર્મ થાય; તેના પોષણમાં નહિ. એકલી 'સીધી લાઈન' શું કામ લાગે ? જ્ઞાનીઓએ દાન-શીલ-તપ-ત્યાગ-અહિંસા-ક્ષમા...બધી ધર્મ-સાધના કહી છે. વાસ્તવિક ધર્મને ખરેખર માનતા હોઈએ તો **'કાળ ખરાબ આવ્યો છે' એના બહાના હેઠળ ધર્મને આઘો ન મૂકાય; કે ઓછો ન કરાય. ખરાબ કાળના ભારે ઘાની સામે તો વધારે મજબૂત ધર્મના બખ્તર તૈયાર કરવા જોઈએ.** વિશેષ સાધનાઓ જૈનશાસનમાં જાગતી હોય તો કહેવાય કે કાળને ઓળખ્યો છે. જોરદાર ધર્મ જાગતો હોય, તો તમે ખરાબ કાળથી ખરેખર બચવા માગો છો એમ કહેવાય.

અટ્ઠાઈ કેટલી ? છ. ૩ ચોમાસાની, કાર્તિકી, ફાગણની, અસાડી; ૨ નવપદજીની ઓળીની ને એક પર્યુષણની. **જંબુદ્વીપની વૃત્તિમાં** કહે છે, બે શાશ્વતીની ઓળીમાં નંદીદ્વીપને વિષે દેવતા ને ખેચરો (વિદ્યાધર મનુષ્યો) ભગવાનની ઉત્તમ કોટિની પ્રભુભક્તિ કરે છે. તેવી જ રીતે ત્રણ અટ્ઠાઈમાં આરાધકો વિશેષ પ્રકારે તપ, ત્યાગ, પ્રભુભક્તિ કરે છે. સામાન્ય રીતે જ્યારે પર્વના દિવસે ખાંડવું, પીસવું, દળવું, કૂટવું... વગેરે આરંભો, તેમજ બીજા પાપ જે રોજ કરવાની જરૂર નથી, તે પર્વના દિવસોમાં ને વિશેષ કરીને પર્યુષણ પર્વની અટ્ઠાઈમાં ખાસ ત્યજવા જ જોઈએ. આજે કેટલાક શ્રાવકોને ત્યાં પાંચ તિથિ પણ કપડાંને ધોકાથી ધબાધબ ધોવાનું ચાલે



છે ! ક્યાં જૈનધર્મ ને ક્યાં આ તોફાન ? પાંચ તિથિ ય ભૂલે, એ અટ્ઠાઈઓ શી સાચવે ?

પર્યુષણા અટ્ઠાઈ અંગે જ્ઞાનીઓએ પાંચ વિશેષ કર્તવ્યો કહ્યા છે. (૧) અમારિ પ્રવર્તન, (૨) સાધર્મિક વાત્સલ્ય, (૩) અટ્ઠમનો તપ, (૪) પરસ્પર ક્ષમાપના અને (૫) ચૈત્યપરિપાટી.

## (૧) અમારિ-પ્રવર્તન.

'અમારિ' એટલે કોઈને મારવો નહિ. કેવળ સ્વયં નહિ પણ આજુબાજુના વાતાવરણમાં ય હિંસા ન થાય તેને માટે બંદોબસ્ત થાય. તેનું નામ અમારિ-પ્રવર્તન. બીજા જીવો પાસે અમારિ પ્રવર્તાવનારો પોતે પાળે એમાં નવાઈ નથી. શાસ્ત્રમાં કહ્યું છે, જીવો પરમ ધાર્મિક છે. **'પરમધર્મ' એટલે સુખની ઇચ્છા !** એ જીવમાત્રનો ધર્મ છે. હરકોઈ જીવને સુખની લાલસા છે. જેમ આપણને તેમ જગતના કોઈ પણ જીવને દુઃખ નથી ગમતું, દરેકને સુખ ગમે છે, સુખની જ કામના છે. બીજા તરફથી જો આપણે શાતા ઇચ્છીએ છીએ, તો જગત પણ આપણી પાસેથી શાતાની આશા જરૂર રાખે. માટે જ એ આપણી દયાના અધિકારી છે; ને એ આપણે કરીએ તો જ સુખના અધિકારી આપણે છીએ. આ આપણે માનતા હોઈએ તો એમ થાય કે- 'મારું ચાલે તો નાના કે મોટા કોઈ જીવને હું ન મારું.' આવી જે મનોવૃત્તિ એ સકળ ધર્મનું બીજ છે, પાયો છે. એટલા માટે જ્ઞાનીઓ **'અહિંસા પરમો ધર્મ'** કહે છે. અહિંસાને પહેલું મહાવ્રત કહ્યું. તેથી અમારિ-પ્રવર્તનને પણ પહેલો નંબર આપ્યો. વળી ભલે આપણે અહિંસક બન્યા, હિંસા ટાળી, પરંતુ આપણી આજુબાજુ દુઃખની ચીસો હોય, તો તે વાતાવરણને અસર કરે છે. તે અસર ધર્મમાં ઉલ્લાસ નથી આવવા દેતો. વાતાવરણની શુદ્ધિ માટે, આવા મહાન વાર્ષિક પર્વની આરાધનામાં બીજાઓ પણ હિંસા ન કરે, ને જીવો ન મરે, તે સારુ અમારિ-પ્રવર્તન અતિ આવશ્યક છે. રાજા કુમારપાળે અઢાર દેશમાં હંમેશને માટે અમારિ ફેલાવી ! દંડાબાજીથી નહિ, હા, જરૂર પડ્યે દાંડ હોય તેને દમ દેખાડવો પડે; પણ હિંસક કસાઈ વગેરેને બીજી રોજી આપીને હિંસા બંધ કરાવી હતી. તેની છાયા હજી સેંકડો વર્ષથી ચાલી આવી. ઘાંચીઓ આપમેળે ઘાણી બંધ કરતા; દળનારા ઘંટી બંધ કરતા. ત્યારે પૂછતા નહિ કે તો હવે કેમ નહિ ? જગતના વહેણમાં તમે તણાઈ જાઓ, તો પછી ઘાંચી અને ઘંટીવાળાનું પૂછવું જ શું ? ૧૨ પર્વતિથિએ દળાવવું, ધોવરાવવું, કુટાવવું નહિ, નિયમ છે ? જાણે મોટા લખેસરી ! ઘણો વૈભવ મળ્યો છે ! સ્વર્ગીય મસ્તી ઉડાવવાની મળી છે ! તે આવો કપરો ધર્મ ક્યાંથી થાય ?

**ધર્મ શેમાં ? :-** માનશો નહિ કે માનેલો માનસિક ડંખ રાખવામાં ધર્મ. શ્રાવકોનો ધર્મ શ્રાવકપણાના અનુષ્ઠાન, ને શ્રાવકના આચાર પર અવલંબે છે. જૈનોને રાત્રિભોજન હોય નહીં. શ્રાવકના ઘરમાં લીલોતરી, કપડાં ધોવાની ક્રિયા વગેરે પર્વતિથિએ ન હોય. આ આચાર છે. પછી સાચું સામાયિક સૂઝશે; ધર્મના અનુષ્ઠાનમાં ખરું જવાશે. આચારનો લોપ હશે, તો મંદિર-ઉપાશ્રયે અને સામાયિક -પોષધમાં રસ નહિ આવે. સામાયિક લેશે ત્યાં "શાક સમારજે પછી આ કરજે ને તે કરજે" એમ બધું ભળાવીને બેસે, તે સામાયિકનો સ્વાદ શું ચાખી શકે ? આચારના પુનરુદ્ધાર કરો. તેના પર માનવ-જીવનના ઘડતર થશે. તેના પરથી દિવ્ય જીવન ઘડાશે. ઉદ્ભટ નહિ પણ શિષ્ટ પહેરવેશ, શિષ્ટ વાણી, સંયમી વર્તાવ, અતિથિને અભંગદ્વાર, વગેરે આચારમાં આવે. કુમારપાલને વારંવાર શા માટે યાદ કરવા પડે છે ? એમણે આચાર-ધર્મને માત્ર પોતાના ઘરમાં નહિ, પણ જગત પર ખીલવ્યો છે ! સાત વ્યસનને એના પૂતળાં કાઢી દેશનિકાલ કર્યો. આ કાંઈ મોટો ધર્મ નથી, આર્ય જીવનના આચાર છે. સોનેરી દષ્ટાંત છે. સમ્રાટ રાજાને આટલી તમન્ના હતી, આપણે ? 'સાહેબ ! શું કરીએ..?' બધા શાંતિથી સાંભળે છે ! મળેલા વીતરાગ પરમાત્માનું અને એમના ધર્મશાસનનું મૂલ્ય સમજો. ઝીણામાં ઝીણા જીવની ઓળખાણ એમણે જ કરાવી. તો તે મળી સાર્થક ત્યારે જ થાય કે પાણીના ટીપામાં જાણે અસંખ્ય જીવો તરફડતા જોઈએ, લીલોતરીને જીવતા જીવ જોઈએ...પર્વ દિવસે પેટ ભરવાની ક્રિયા છે તેટલો જ ચૂલો, બાકી બંધ. જ્ઞાની ભગવંતે જીવોની ઓળખાણ કરાવી તો સદંતર હિંસા નથી ટાળી શકતા, તે પર્વતિથિ શક્ય તેટલા જીવને અભયદાન આપીએ. મનમાં દયાનો પરિણામ હોય તે હૃદયને કુણું કરી શકે છે. તેમજ બીજા ગુણો તેમાં જ ઉગી શકે છે.

પૂ.આ.શ્રી **હીરસૂરીશ્વરજી મહારાજ અને અકબર :-**

હીરસૂરિજી મહારાજે સમ્રાટ અકબર પાસે પર્યુષણા 'અમારિ' નક્કી કરાવી. કયો અકબર ? એ કે જે અકબર ક્રૂર હૃદયનો હતો; કત્લેઆમ ચલાવનાર હતો ! કેટલી ? લાહોરની આસપાસ માઈલો સુધી આજુબાજુ જાળો મૂકી નિર્દોષ હજારો પશુઓને ફસાવી ઘોર શિકારથી સંહાર કર્યો. જાણે કોડ છે, 'મહાન શિકારી થાઉં.' તે ખ્યાતી માટે અજમેરથી આગ્રા સુધી કેટલાય મિનારા પર મારેલા હરણીયાંના ડોકાના તોરણ બંધાવ્યા ! જગતને બતાવવા કે મારા જેવો શિકારી કોણ છે ? અકબરે ચિત્તોડ ઉપર હલ્લો કર્યો પ્રતાપ સામે ! ઘણું સહેવું પડ્યું. પણ કિલ્લો કબજે કર્યો. કર્યા પછી કેવી હોનારત કરી કે લશ્કરને હુકમ કર્યો, 'એકે એક બ્રાહ્મણને ને ઢોરને કાપી નાખો. મારેલા બ્રાહ્મણોના જનોઈના કેટલા મણના ભાર થયા ! અકબરને રોજ



સવાશેર ચકલાની જીભ ખાવા જોઈએ. સવાશેર ચકલાની જીભ એટલે ચકલા કેટલા થાય ? એક ચકલાનું વજન કેટલું ? એમાં જીભનું કેવડું ? સવાશેર રોજ ખાવા જોઈએ; આટલી ભયંકર હિંસકવૃત્તિવાળા અકબરને એવો પલાળ્યો કે એણે એ બધી હિંસા તો મૂકી, પણ ઠેઠ વર્ષમાં છ માસનો અમારિ-પડહ વગાડ્યો ! પર્યુષણમાં કતલખાનું બંધ કરવું હોય તો ? અમદાવાદમાં બંધ ખરૂં કે નહિ ? છ મહિના સુધી અમારિ પડહ મુસ્લીમ રાજા વગડાવે ! દયાની કઈ લાગણી થઈ હશે ? આટલો દયાનો ઉભરો !...હીરસૂરિજી મહારાજે શો ચમત્કાર કર્યો ? ચમત્કાર પોતાના અહિંસામય ત્યાગી જીવન અને ઉપદેશનો.

આવા આવા દષ્ટાન્તથી પર્યુષણા પર્વ વખતે સમજુતી વગેરે કરીને અમારિ-પ્રવર્તન કરવું જોઈએ.

## (૨) સાધર્મિક-વાત્સલ્ય.

પર્યુષણપર્વનું બીજું મહાન કર્તવ્ય સાધર્મિક વાત્સલ્યનું છે, સાધર્મિક ભક્તિનું કર્તવ્ય છે. એના પ્રસંગમાં સાધર્મિકનું મહત્ત્વ શાસ્ત્રકાર મહાત્મા સમજાવે છે કે સંસારમાં વ્યવહાર રાશિના લગભગ બધા જીવોની સાથે અનેક પ્રકારના સંબંધ મળી ચૂક્યા છે. એક જ જીવ સાથે માતાનો, પિતાનો, ભાઈનો, પત્નીનો, પુત્રીનો વગેરે કેઈ સંબંધ થઈ ગયા ! એ સંબંધો મળવા સહેલા, પણ સાધર્મિકનો સંબંધ મળવો ઘણો મુશ્કેલ ! કેમકે એ તો પહેલાં આપણે જૈનધર્મ પામીએ તો મળે. ત્યારે જૈનધર્મ પામવાનું ક્યાં રસ્તામાં પડ્યું છે કે હાલતાં ને ચાલતાં મળી જાય ?

ઠીક મળ્યા, તેથી વિશેષ શું ? **એજ કે એવા સાધર્મિકના સમાગમ પુણ્ય માટે થાય છે. કેવી રીતે ? સાધર્મિકનાં દર્શન એટલે, કરતાં આવડે તો, પ્રભુના શાસનના પ્રતીકનું દર્શન છે. સાધર્મિકના દર્શને એની અને આપણી વચ્ચે ભગવાનનો સંબંધ હોવાથી ભગવાનનું સ્મરણ થાય. સાધર્મિક તો મોક્ષની નિકટ આવેલા ગણાય, ભવિષ્યમાં એમાંથી કોક મહાન પ્રભાવક શ્રાવક, કોક મહાતપસ્વી, કોક સાધુ, આચાર્ય...યાવત્ તીર્થંકર થનાર પણ હોય. આ જો લક્ષમાં રહે તો સાધર્મિકના દર્શને કેટલી ઊંચી કોટિના ભાવ આવે ? તેમની ભક્તિ અને પૂજા કેટલી મહત્ત્વની ગણાય !**

સાધર્મિક-ભક્તિ સર્વજ્ઞોએ બતાવી છે. ભરત-મહારાજા ગાડાં ભરીને આદીશ્વર ભગવાન પાસે પોતાના પરિવાર સાથે ગયા હતા. એ બધું લઈ ગયા હતા પોતાના અને પરિવારના માટે. કહે છે, 'ભગવન્ ! લાભ આપો,' પણ અહીં તો કાયદો છે કે પહેલા અને છેલ્લા તીર્થંકરના સાધુને રાજપિંડ ન ખપે.

ભરતને એમ થાય છે કે - 'ભાઈસાહેબ ! મારે તરવાનું કેવી રીતે ? આ લક્ષ્મી તો પેટમાં પેસીને પેટ ફોડી નાખે એવી છે.'

ત્યાં ઈન્દ્ર કહે છે, 'ભરતરાજ ! નિરાશ થવાની જરૂર નથી. સાધર્મિક ભક્તિ કરો, અનુપમ લાભ છે.' ત્યારથી ભરતમહારાજે પોતાના દ્વાર અભંગ એટલે સાધર્મિક ભક્તિ માટે ખુલ્લા મૂકી દીધા. લાખો-કરોડો સાધર્મિકની ભક્તિ કરે છે, ને કહે છે, 'એક માત્ર ધર્મ-સાધના કરો, બાકીનું હું સંભાળી લઈશ.' ફોટાવાળો એજ કહે છે ને કે - 'જી, જરા મોં હસતું રાખો, બાકીનું...' એવું ભરત મહારાજે કર્યું. સંભવનાથ ભગવાનના પૂર્વ જીવે સાધર્મિક મહાત્માઓની ભક્તિ કરેલી, તેમાં જ તીર્થંકર નામકર્મ લીધું. એવું જ કર્તવ્ય આપણને મળ્યું છે. પારણાની ભક્તિ, અંતર પારણાની ભક્તિ પહેરામણી, પ્રભાવના એમ સાધર્મિક-ભક્તિના કેઈ પ્રકારો છે. **વ્યાખ્યાનમાં બેસવાની જગ્યા આપવી, એ પણ ભક્તિ છે.** આપણે એક પગ ઊભો રાખી, સાંભળવા આવેલા સાધર્મિક ભાઈને બેસાડવાના. 'આવો, ચિંતા નહિ.' મેઘકુમારે હાથીના ભવે અઢી દિવસ સસલા ખાતર પગ ઊભો રાખ્યો હતો; તો મેઘકુમાર થયા ત્યારે સાધર્મિક ખાતર કેટલું સહવું જોઈએ ? આ તો 'અમારા શેઠ સાહેબ આવે છે; શેઠાણીસાહેબ આવવાના છે.' અથવા 'અમે પહેલા આવ્યા હતા, કેમ તમે મોડા આવ્યા ?' એવા મનમાં લોચા વાળે અને સાધર્મિકને બારણામાં પેસતાં દેખે એટલે પલાંઠી પહોળી કરે, 'રખે ને ઉપર આવી પડે નહિ !' આ કઈ મનોદશા ? વાત સાચી છે, **'धर्मस्य तत्त्वं निहितं गुहायाम्'** ધર્મનું તત્ત્વ ગુફામાં ઊંડે પડ્યું છે. આરાધનાનું રહસ્ય સમજાયું નથી, એની આ પંચાતી છે; છોકરાં ગરબડ કરે, સંભળાય નહિ, તેનો વાંધો નહિ, સાધર્મિક ઘૂસી ન જવો જોઈએ. આ હૃદયની ક્ષુદ્રતા છે. બધી જ ધર્મક્રિયાથી આરાધક-ભાવમાં આવવાનું છે; અથવા એની જાળવણી કરવાની છે. અંતરમાં આરાધક-ભાવ આવ્યા વિના ધર્મ સાથે સાચી સગાઈ નહિ થાય. એ લાવવા માટે દિલ કુણું કરવું પડશે, દિલ વિશાલ બનાવવું જોઈશે. જો એકલું એમ થાય કે - 'પૂજા પ્રભાવના સારી કરું, આંગી ૫) રૂપીયાની, ફળ-નૈવેદ્ય ૧૦) રૂા. ના ધરું પણ પાછું મનને થાય કે- 'બધું પૂજારી લઈ જવાનો છે,' તો આરાધનાનો મર્મ ક્યાં રહ્યો ? અરે એક પ્રભુની પૂજા ભણાવે, પણ આખો મહોલ્લો ગજાવી ઉઠે. 'લ્યો, સાકરનાં પડીકાં, આજે પાર્શ્વનાથની પૂજા છે,' એટલું કરે એમાં લોકની જીભે પ્રભુનું નામ ચઢાવી દે. સામાયિકાદિ ધર્મક્રિયાની આરાધનાનો મર્મ સમજાયો હોય તો આ વાત છે. સાધર્મિક ભક્તિ માટે મારી પાંતી લખી લેજો. લાવ, મારા હાથે પીરસું, સાધર્મિકને પહેલાં બેસાડું, પછી હું. સાધર્મિક દેખીને હૈયું ઉલસે. ખાસ કર્તવ્ય કહ્યું છે અને વાર્ષિક કર્તવ્યમાં



પણ કહેલું છે.

**સાધર્મિક-સેવા એ જિનની સેવા :-**

યાદ રાખજો જગતના સર્વ ધર્મોમાં પોતાના ધર્મીબન્ધુ ઉપર ખાસ કરીને વિશેષ પ્રેમ, ભ્રાતૃભાવ અને સત્કાર કરવામાં આવે છે. તો પછી સર્વશ્રેષ્ઠ જૈન ધર્મમાં સાધર્મિક ભક્તિનું કેટલું ઊંચું મહત્ત્વ હોય ? **જેને જૈનભાઈ માટે પ્રેમભક્તિ નથી, એને માટે કહેવું પડે કે, એ બિચારાને ખરેખર જૈન ધર્મ પર જ પ્રેમભક્તિ નથી. શાસ્ત્ર તો કહે છે, 'સાધર્મિ-સગપણ સમું અવર ન સગપણ કોય.'** એટલે ? સગા માબાપ કે પતિ-પત્ની-પુત્રાદિ કરતાં સાધર્મીને વિશેષ સગાં બનાવવાના. સાધુ માટે કહ્યું કે આચાર્યના હુકમથી કોઈ ગામે ગયા હોય, ને વચમાં ક્યાંક અ-સહાય બિમાર સાધુ મળે તો એની સેવામાં રોકાય. પ્રભુની આજ્ઞા છે કે

**'जो गिलाणं पडिवज्जइ सो मां' જે બિમાર સાધર્મીની સેવા-શુશ્રૂષા કરે છે, તે જ મારી સેવા કરનારો ગણાય. તો ગ્લાન સાધર્મીની અવગણના કરનારો શું જિનને અવગણનારો કહેવાય ? કે જિનને માનનારો ? અંતરનો સાચો ધર્મપ્રેમ સાધર્મી ઉપર પ્રેમ કરાવ્યા વિના રહેતો નથી.**

**સાધર્મીના મૂલ્ય આંકો :-** અહીં તો સાધર્મીની સેવા ઉપરાંત ભક્તિ કરવાની છે. પર્યુષણા મહાપર્વમાં મહાન ધર્મ કમાઈ કરી લેવાની છે. સાધર્મીના તો મોટમોટા રાજાઓએ પણ ઊંચા મૂલ્યાંકન કર્યા છે. **પેથડશાહ મંત્રી** રસ્તે નવા સાધર્મીને જોઈ હાથીના હોદ્દેથી નીચે ઉતરી એને ભેટી પડતા; ભલે પેલો બહારગામથી આવતો હોઈ ધૂળભર્યા કપડે હોય ! **ભરતચક્રીએ** સાધર્મીની ઉત્તમ ભક્તિ કરી. એ એમના મોઢે 'તમે આંતર શત્રુથી જિતાયા છો, ભય વધે છે, સ્વાત્માને ન હણો' એવું ચાહીને સાંભળતા ! **મહામંત્રી વસ્તુપાળ** સંઘની સામે ગયા ત્યારે સંઘની ઊડતી ધૂળની દિશામાં ચાલ્યા ! કેમ ? સંઘની રજ મહાપુણ્યે સ્પર્શવા મળે ! સંઘમાંના દરેકના પગ જાતે ધોયા ! કેમ ? કર્મનો મળ ધોવા.

**સાધર્મીને જોઈ હૈયડાં હરખાય !** પછી અહીં મોડા આવનાર સાધર્મીને ઝટ જગા આપો કે નહિ ? આ તો કદાચ જમણ આપશે, પણ બેસવા જગા નહિ આપે ! કેમ ? હૈયાં હરખતા નથી. **સાધર્મીના તો મહાન સત્કાર કરવાની તાલાવેલી હોય !** લાણું, પ્રભાવના, ધર્મનાં ઉપકરણ, જમણ, પારણાં વગેરેથી સત્કાર થાય. કાગડાની જાત પણ કંઈક મળશે તો એકલો નહિ ખાય, પચાસ કાગડા ભેગા કરી પછી ખાશે ! મુસાફરીમાં સજ્જન ભાતું એકલો નહિ ખાય, બીજાને ખવરાવી ખુશી થાય છે ! ત્યારે જૈન બચ્ચો સાધર્મીભક્તિમાં ખામી રાખે ? **સાધર્મીભક્તિની લગની તો બીજાના દુઃખના સમવેદન સુધી લઈ જાય. વિજય શેઠ** પરણીને પત્ની

વિજયાનું પોતાનું શુક્લપક્ષનું બ્રહ્મચર્ય-વ્રત, એમાં પાછું પતિના કૃષ્ણપક્ષીય વ્રતના લીધે પણ એ બ્રહ્મચર્ય જોઈ પોતે પણ તેમજ સ્વીકારી લીધું !

**કહો, સ્નેહલગ્ન કોને કહેવાય ? શું વિષય રસના કાટલે માપે ત્યાં સ્નેહલગ્ન, કે અન્યોન્યના આત્મા દૂધ-પાણીની જેમ એકરસ કરે તે સ્નેહલગ્ન ? એકરસ એટલે અન્યોન્યના આત્મહિતની ચિંતામાં ઓતપ્રોત થાય.** આજે તો કહેવાય સ્નેહલગ્ન, અને દહીં-ફોદાની હાલત દેખાય છે ! એ તો રૂપનાં, ચામડાનાં, સ્વાર્થ સાધુતાનાં લગ્ન છે, આત્માના લગ્ન નહિ. પછી સ્વાર્થ ભંગાય ત્યાં લગનમાં ભગન થતાં શી વાર ? સાધર્મી વિજય-વિજયાની ભક્તિ કરવામાં જિનદાસ શ્રાવકને કેવળી ભગવાને ૮૪ હજાર સાધુની ભક્તિનો લાભ બતાવ્યો. **સાધર્મીની ભક્તિ એ અણમોલું કર્તવ્ય છે. પર્યુષણામાં એ અનેક પ્રકારે અને વિશેષ રૂપે કરો.**

## ૩. પરસ્પર ક્ષમાપના

કલ્પસૂત્રમાં કહ્યું છે જે ઉપશાંત થાય, અર્થાત્ ખમાવે તેને આરાધના છે; જે ઉપશાંત ન થાય, ન ખમાવે તેને આરાધના નથી. **जो उवसमइ तस्स अत्थि आराहणा, जो नोवसमइ तस्स नत्थि आराहणा ।** જે ખમાવે તે આરાધક, જે ન ખમાવે તે વિરાધક છે. 'જે ગુનો કરે તે વિરાધક, ને ન કરે તે આરાધક' એવું નથી કહ્યું. **ભલે સામાનો ગુનો છે, તે ન ખમાવે, તો પણ આપણે ખમાવવાનું.** ન ખમાવે તે વિરાધક. ન ખમાવનારને રોષ અને માન-કષાયની ગાંઠ રહી જાય છે; ને તે સર્વવિરતિ, દેશવિરતિ કે સમ્યક્ત્વ ગુણનો ઘાત કરે છે. જે ઉપશાંત થાય તે આરાધક. **ઝાંઝરીયા** ઋષિનો ઘાત કરનાર રાજા ક્ષપકશ્રેણી-કેવળજ્ઞઆન પામે છે ! ઘડી પહેલાં તો મુનિનું ડોકું ઉડાવ્યું છે એને કેવળજ્ઞાન ? શાસ્ત્રમાં બીજી જગ્યાએ લખે છે કે જીવ ચાર રીતિએ દુર્લભ બોધિ થાય. દેવદ્રવ્યનો નાશ કરનાર, યા સાધ્વીના બ્રહ્મચર્યનો નાશક, જિન-પ્રવચનનો ઉડ્ડાહ કરનાર, યા મહાવ્રતધારી ઋષિનો ઘાતક હોય, તે દુર્લભ બોધિ થાય. દુર્લભબોધિ એટલે ભવાંતરે સમકિતના ફાંફા. **રાજાએ જે ભૂમિ પર ઝાંઝરીયા મુનિનું ખૂન કર્યું છે, તે જ ભૂમિ પર એને કેવળજ્ઞાન ! શેના બળે ? ક્ષમાપનાના મહાન ધર્મબળે !**

**મૃગાવતીએ** ગુરુણી ચંદનબાળાને ખમાવ્યું. મૃગાવતીજી સમવસરણમાંથી મોડા આવ્યા; ત્યાં ચંદનબાળા કહે છે,

'હે કલ્યાણી ! કુલીન એવી તારે આ પ્રમાદ કરવો, ઉપાશ્રયે મોડું આવવું એ ઉચિત નથી.' મૃગાવતીએ તેના પર ઈસ્યુ (બચાવ) ન કાઢ્યો. કેમ ? એને આપણા જેવું ભેજું નહિ મળેલું ને ? એમ ન કહ્યું, 'મૂળ વિમાને સૂર્ય ચન્દ્ર આવ્યા હતા તો



ક્યાંથી ખબર પડે ? કયાં ગયા હતા ? ભટકવા ગયા નહોતા.' ના, કોઈ દલીલ નહિ.

એણે તો એટલા જ નમ્ર શબ્દો કહ્યા કે - 'ભગવતિ ! મારી અજ્ઞાનતાથી થયું. મને ક્ષમા કરો.' મૃદુ શબ્દો ય ભારે થઈ પડ્યા. **'કુલીનતા' શબ્દ એને ચોંકાવે છે !** મને કુલીન કહે છે; કુલીન એટલે ઊંચા કુળમાં જન્મેલી. તો મને કેમ ખબર ન પડી ? મારે જલદી પાછા વળવું જ જોઈએ. મારા ગુરુણીને મારા નિમિત્તે કલેશ થયો. મને ધિક્કાર છે ! ભયાનક સંસાર-કૂપમાંથી એમણે તો મને બહાર કાઢી અનંત ઉપકાર કર્યો ને મેં આ પ્રોત પ્રકાશ્યું ? શાતા આપવાને બદલે અશાતા આપી ?' હાથ જોડી ખમાવે છે, પગે પડે છે, 'મિચ્છામિદુક્કડં' દે છે ! ગુરુણી સંથારો કરી ગયા. મૃગાવતી આત્મનિંદામાં ચઢ્યા, શુભ ભાવનામાં ચઢ્યા,...શુક્લધ્યાન, ક્ષપકશ્રેણી, તેરમે ગુણઠાણે જઈ બેઠા ! કેવળજ્ઞાન કેવળદર્શન પામી ત્રણેય કાળના સમસ્ત લોકાલોકને પ્રગટ દેખ્યો. ત્યાં બાજુમાં કાળો ભમ્મર સાપ આવતો દેખ્યો. ગુરુણીના સંથારા પાસેથી જાય છે. ગુરુણીનો હાથ જરા ખસેડવા ઊંચો કર્યો. ગુરુણી જાગ્યા. પૂછ્યું, 'કેમ હાથ ઉઠાવ્યો ?' 'કાળો સાપ...' રાત ઘોર અંધારી છે. આ ચક્ષુથી ન દેખાય. પૂછે છે, 'કેવી રીતે દેખ્યો ?' 'જ્ઞાનથી', 'પ્રતિપાતી કે અપ્રતિપાતી ?' 'અપ્રતિપાતી.' એટલે તો કેવળજ્ઞાન ! 'અહો...' પોતે હાંફળા-ફાંફળા થાય છે. 'શી ખબર સમવસરણમાંથી કેવલજ્ઞાન લઈને આવ્યા હશે તો ? કેવળજ્ઞાનીને ઠપકો આપવાનું ઘોર પાપ મેં કર્યું ? હું દોષની ભરેલી...' ગુરુપણું ભૂલી સંથારા બહાર આવી મૃગાવતીજીને 'મિચ્છામિદુક્કડં' દે છે; ને ભાવનામાં ચઢી તેમાં ક્ષપકશ્રેણી માંડી કેવળજ્ઞાન લે છે !

જાતને તારે ને બીજાને પણ તારે એવા **'ખમો અને ખમાવો'** ના મહાધર્મને છેવટે પર્યુષણામાં તો અવશ્ય સાધો. ગમે તેવો શત્રુ હોય, તેને પણ **ક્ષમા અર્પો,** અને એની **ક્ષમા માગો.** આ અંતરથી કરવાનું, પણ કુંભાર અને બાળમુનિના જેવું મિચ્છામિ દુક્કડં નહિ.

## ૪. અઠ્ઠમ-તપ.

પર્યુષણાનું ચોથું કર્તવ્ય અઠ્ઠમનો તપ અને વાર્ષિક પ્રતિક્રમણ. જિન શાસનમાં તપની બલિહારી છે ! **'કર્મ ખપાવે ચીકણાં ભાવમંગળ તપ જાણ.'** દઢપ્રહારી, અર્જુનમાળી, જેવાના કઠોર કર્મ પણ તપના પ્રભાવે નષ્ટ થઈ ગયા. માણસ આપત્તિમાં નકામા આડા-અવળા ફાંફા મારે છે. જે **તપના પ્રભાવે ઘોર કર્મ નાશ પામે છે, તેનાથી શું સામાન્ય અંતરાય કર્મ નહિ તૂટે, તે તપને છોડી બીજે ભટકવું ?** તો આરાધનાની દૃષ્ટિએ પણ **તપનો વેપાર એ રોકડાનો વેપાર છે.** અહીં

તો પચ્ચક્ખાણ કર્યું કે કર્મનિર્જરા અને પુણ્યાનુબંધી પુણ્ય ચાલુ.

એક નવકારશીના તપથી, ૧૦૦ વર્ષ નરકના જીવને કારમા દુઃખ દેનારા, કર્મ તૂટે છે. પોરિસિથી ૧૦૦૦, આંબેલથી ૧૦૦૦ ક્રોડ, ઉપવાસથી દસ હજાર કરોડ, છટ્ઠથી લાખ ક્રોડ, અને અટ્ઠમથી દસ લાખ ક્રોડ વર્ષના કર્મ તૂટે છે; ભગવાન તીર્થંકરદેવ જેવા પણ

**'તે ભવ મુગતિ જાણે જિનવર, ત્રણ ચઉ જ્ઞાને નિયમા;**
**તો પણ તપ આચરણ નવિ મૂકે, અનંતગુણો તપ મહિમા.'**

તે ભવ નક્કી મોક્ષ જાણનારા છતાં તપનો આચાર અવશ્ય આચરે છે. ત્યારે પર્યુષણા જેવા મહાપર્વને પામીને તો વિશેષે તપ આરાધવો જોઈએ. અટ્ઠમનો તપ એ મહામંગળ છે. શાસ્ત્ર કહે છે, 'શક્તિ ન જ હોય તો ય કાંધું પુરું કરવું જોઈએ. છૂટા ૩ ઉપવાસ, ન બને તો ૬ આંબેલ, ન બને તો ૧૨ એકાસણાં, કે ૨૪ બેસણાં, છેવટે ૬૦૦૦ સ્વાધ્યાય (૬૦ બાંધી નવકારવાળી)થી પણ દેવું વાળવું જોઈએ.' નાગકેતુએ પૂર્વભવે અટ્ઠમની તીવ્ર ઝંખના, ને આ ભવે જન્મતાં અટ્ઠમની સાધના કરી અંતે કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા.

જૈન જીવનમાં કમમાં કમ પર્વતિથી, ચોમાસી, ને સંવત્સરીના તપ આચરવા જ જોઈએ. ભરતચક્રવર્તીના પુત્ર **સૂર્યયશા રાજા** પણ અરિસાભવનમાં કેવળજ્ઞાન પામ્યા છે; પરન્તુ ક્યારે ? લાખો પૂર્વના આયુષ્ય, - એક પૂર્વ એટલે ૭૦,૫૬૦ અબજ વર્ષ, એવા લાખો વાર,-એમાં દર અષ્ટમી ચતુર્દશીના તપ, પોષધ વગેરેની આરાધના કર્યા પછી ! તપ વગેરેની ટેક એવી કે ઇન્દ્રે ગુણ ગાયા ! રંભા-ઉર્વશી પરીક્ષા કરવા આવી. વિદ્યાધર કુંવરીના રૂપ કરી સુંદર રૂપ અને મંદિરમાં ગીતથી રાજાને આકર્ષ્યો, પતિ અમારે આધીન રહે એ શરતે રાજાને પરણી.

આઠમ આવતાં રાજા કહે છે, **'દાદા ઋષભદેવ પ્રભુએ કહ્યું છે, પર્વતિથિએ સ્નાન-સ્ત્રીસંગ, કલહ, ક્રીડા, આરંભ વગેરે પાપ વ્યાપાર છોડી, તપ, જપ, પોષધ વગેરેમાં રહેવું જોઈએ.'**

આ કહે છે, 'ના, હાલ એ નહિ બને. અમે તો તમારી સાથે પરણ્યા છીએ તે રંગરાગ ને ભોગ ઉડાડવા !'

સૂર્યયશા પોતાના વ્રતને અને શરતને ન મૂકવાના હિસાબે આખું રાજ્ય આપવા તૈયાર થાય છે. તો પેલી કહે છે, 'એ તો અમારા પિતાને ત્યાંય હતું. એને શું કરીએ ? તમારે વ્રત ન મૂકવું હોય તો તમે મંદિર પાડી નાખો.' રાજા ખૂબ ખિન્ન થઈ બીજું માગવા કહે છે, ત્યારે એ પુત્રનું સ્વહસ્તે માથું કાપી આપવાનું માગે છે.



રાજા કહે છે, 'એના કરતાં મારું જ માથું કાપી આપું.' તલવાર લઈ પોતાના ગળા પર ફેરવે છે. પણ પેલી અદશ્યપણે એને અડધે ઘાએ અટકાવે છે. ત્યારે રાજા બીજો ઘા મારે છે...એમ નવ ઘાએ પણ ગળું પુરૂં કપાતું નથી. કેવી ઘોર પીડા ! છતાં એનું દુઃખ નથી ! અચલ સત્ત્વ જોઈ દેવીઓ માયા સંકેલી લઈ, ગળું સ્વસ્થ કરી, રાજાને ધન્યવાદ આપે છે. ત્યાં ઇન્દ્ર પણ ઉતરી આવે છે, ને રાજાના ગુણ ગાય છે. **તપ તો અમૃત ફળ છે ! એના સ્વાદ અનુભવ કરનાર જાણે. તપ એ મહાઔષધ, મહાસંજીવની, મહાનિધાન, મહામંત્ર, જે ઇચ્છો તે છે. એમાં વળી અટ્ઠમ તપ એટલે તો પૂછવું જ શું ?**

**વાર્ષિક પ્રતિક્રમણ :-**

તપના મહામહિમા અને જૈન જીવનનું બાર માસનું દેવું સમજી અટ્ઠમનો તપ અવશ્ય આદરવો. સાથે સાંવત્સરિક પ્રતિક્રમણ ખૂબ ભાવ પૂર્વક અવશ્ય કરવું. આખા પ્રતિક્રમણનો લાભ તો કેટલો ગણવો, પણ માત્ર એમાંના ૪૦ લોગસ્સ અને ૧ નવકાર (૧૦૦૮ શ્વાસોશ્વાસ)ના કાઉસ્સગ્ગનું ફળ પણ શાસ્ત્ર એટલું મહાન કહે છે કે ફક્ત એક નવકારનો કાઉસ્સગ્ગ જે ૮ શ્વાસોશ્વાસ કહેવાય, તેમાંય ૧૯ લાખ ૬૩ હજાર ૨૬૭ પલ્યોપમ જેટલા સ્વર્ગ-સુખનું પુણ્ય ઉપજે. એ હિસાબે ૧૦૦૮ ઉચ્છવાસમાં લગભગ ૧ અબજ ૯૬ ક્રોડ પલ્યોપમના પુણ્યનો લાભ મળે. આવા અનુપમ ફળને દેનારું સંવચ્છરી પડિક્કમણું કેવું ઊભા રહીને, સ્થિર ચિત્તે તથા ભાવોલ્લાસપૂર્વક કરવું જોઈએ ! કિંમત ચૂકવ્યે લાભ મળે.

## ૫. ચૈત્યપરિપાટી.

પર્યુષણાના પાંચમા કર્તવ્યમાં શહેરના સમગ્ર દેરાસરોને જુહારવા જોઈએ. ભગવાન જિનેશ્વરદેવના દર્શન-વંદનાદિનો પણ લાભ અદ્ભુત છે. બોલો છો ને **'દહેરે જાવા મન કરે, ચઉત્થતણું ફળ હોય...'** શાસ્ત્રે આ પ્રમાણે જિનમંદિરે જવાની ઇચ્છાથી દર્શન સુધીના લાભ કહ્યા છે. દહેરે જવા

| | | | |
|---|---|---|---|
| લાભ :- | મન કરે | ઉઠે | જવા તૈયાર |
| | ઉપવાસ | છટ્ઠ | અટ્ઠમ |
| લાભ :- | શ્રદ્ધાથી જાય | મંદિર પાસે | પ્રભુને જોતાં |
| | ચાર ઉપવાસ | પાંચ | ૩૦ ઉપવાસ |

એમ બીજે કહ્યું છે કે,

| મંદિર આવ્યે | દ્વારે | પ્રદક્ષિણા | પૂજામાં | ચૈત્યવંદને |
|---|---|---|---|---|
| ૬ માસી ઉ. | ૧ વર્ષ | ૧૦૦ વર્ષ | ૧૦૦૦વર્ષ | અનંતગુણ |

| નિર્માલ્ય ઉતારતાં | વિલેપને | પુષ્પમાળા | ગીત-વાજિંત્રે |
|---|---|---|---|
| ૧૦૦ જેટલું પુણ્ય | ૧૦૦૦ | ૧ લાખ | અનંત પુણ્ય |

પર્યુષણા પર્વમાં વિશેષ કરીને સમૂહ દર્શનસ્નાત્રાદિ, શાસનની પ્રભાવના કરવી જોઈએ. શાસ્ત્રો કહે છે, **'નવું નવું જ્ઞાન-ગ્રહણ, શ્રુતભક્તિ, પ્રભાવના, એ તીર્થંકરપણું અપાવે છે'** વજ્રસ્વામી દુકાળ વખતે સંઘને પટ્ટ ઉપર બેસાડી સુકાળના નગરે લઈ ગયા. શાસ્ત્રે કહ્યું છે કે **'જે સાધર્મિક વાત્સલ્યમાં, સ્વાધ્યાયમાં, ચારિત્રમાં અને સંઘ પ્રભાવનામાં ઉજમાળ હોય, એને મુનિએ તારવા જોઈએ.'** તે નગરમાં બૌદ્ધ રાજાએ દ્વેષથી જિનમંદિરે પુષ્પ આપવાની મનાઈ કરેલી. પર્યુષણા આવ્યા વજ્રસ્વામીને શ્રાવકો કહે છે, **'સ્વામી ! સાધુ મહાત્માઓ શાસનની ઉન્નતિ માટે સદા તૈયાર હોય. કૃપા કરી આપ તે કરો.'** વજ્રસ્વામીએ આકાશગામિની વિદ્યાથી માહેશ્વરી જઈ પિતાના મિત્ર પાસેથી ૨૦ લાખ પુષ્પ, અને શ્રી દેવી પાસે જઈ મહાપદ્મ અને કમળ વિમાનમાં આણ્યા. એ ફૂલ જિનમંદિરોમાં ચઢ્યા. બૌદ્ધો મુગ્ધ થયા, નમ્યા અને રાજા પણ જૈન ધર્મનો ભક્ત બન્યો. ચૈત્યપરિપાટીનું કર્તવ્ય ઘણા ઉલ્લાસથી અદા કરવું જોઈએ.

પર્યુષણાના આ પાંચ ઉત્તમ કર્તવ્યો, જે ભવ્યાત્મા મોંઘેરા માનવભવને ભાવી અનંત કાળને ઉજાળવા સમર્થ જાણી, તે માટે સારી રીતે પાલન કરશે, તે મંગળમાળાને વરશે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''** **વર્ષ-૩૭,અંક-૧,તા.૩-૯-૧૯૮૮**

## પર્યુષણા મહાપર્વના ૫ કર્તવ્યો

**જય હો અનંત ઉપકારી વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્માનો કે એમણે પર્વોમાં શ્રેષ્ઠ એવા પર્યુષણા મહાપર્વનો પ્રકાશ આપ્યો. આ પ્રકાશ જૈન મનુષ્ય-જન્મમાં જ સહેલાઈથી મળે, માટે એમાં તો ધર્મની વિશેષ આરાધના કરવી જ જોઈએ; કેમકે રોજનાં ધર્મ કરતાં પર્વ દિવસે અધિક ધર્મ, અને પર્યુષણા મહાપર્વમાં તો ધર્મ એથી વિશેષ કરવો જોઈએ. રોજ કે પર્વ દિવસે, -બીજ-પાંચમ-આઠમ-અગિયારસ-ચૌદશ-પૂનમ-અમાવાસ્યાના દિને, -ધર્મ ન કરી શકતા હોય, એમણે**



**પણ પર્યુષણા મહાપર્વમાં તો ખાસ ધર્મ કરવાનો. કવિ કહે છે,-**

**''કરી શકો ધર્મકરણી સદા, તો કરો એહ ઉપદેશ રે,**
**સર્વ કાળે કરી નવિ શકો, તો કરો પર્વ સુવિશેષ રે''**
**(પર્વ દિવસે નવિ કરી શકો, તો કરો મહાપર્વ સુવિશેષ રે)**
**વીર જિનવર ઈમ ઉપદિશે.''**

**દુર્ગતિમાં પડતા આપણને રક્ષણ આપનાર ધર્મ છે. ધર્મ જ દુર્ગતિમાં ન પડવા દે. તે ધર્મ નિત્ય કરતા જ રહેવાનું છે. જો તમે ન બની શકે તો તિથિ-પર્વે તો ધર્મ અવશ્ય સાચવવાનો છે, કારણ કે જીવનું આયુષ્ય પ્રાય; તિથિ દિવસે બંધાય છે. તો તે પર્વ દિવસે આપણે સહેજે ધર્મમાં એટલે કે તપ-ત્યાગ-સંયમમાં હોઈએ; ને તેથી આયુષ્ય બંધાય તો સદ્ગતિનું બંધાય; ને સદ્ગતિના જન્મથી ધર્મ સધાય એટલે પરલોકની સદ્ગતિની સિરિયલ સુધરી જાય.**

**જીવનને મંગલમય ને મહોત્સવમય બનાવવા માટે તીર્થંકરદેવોએ પર્વની આરાધના બતાવી છે. પર્વો બે પ્રકારનાં,- લૌકિક અને લોકોત્તર. ઈતર ધર્મનાં પર્વને લૌકિક પર્વ કહેવાય, ત્યારે જૈન ધર્મનાં પર્વોને લોકોત્તર કહેવાય.**

**નિર્દોષ અને લોકોત્તર પર્વને આદર્શ પર્વ તરીકે બતાવનાર શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા મળે છે. આનાથી સમજી શકાય છે કે આપણે લૌકિક-પર્વ આરાધવા ? કે લોકોત્તર ? બન્ને વચ્ચે મોટો ફરક છે. લૌકિક પર્વોમાં સરાગી દેવ દેવીની આરાધના કરવાની આવે, એથી શું મળે ? કહો ને સંસાર મળે, મોક્ષ ન મળે. મોક્ષ તો વીતરાગ ભાવથી ભરેલો છે. એ કોણ બતાવી શકે ? - વીતરાગ સર્વજ્ઞ ભગવાન જ બતાવી શકે. માટે ધર્મ પણ એમણે જ કહેલો હોય તે જ શુદ્ધ અને સત્ય ધર્મ હોય; માટે જ એ લોકોત્તર ધર્મ છે. એથી એનાં પર્વ પણ લોકોત્તર પર્વ કહેવાય. ઈતર ધર્મો એ લૌકિક ધર્મો છે. કેમકે એ સરાગી અ-સર્વજ્ઞ અલ્પજ્ઞાની મનુષ્યના ઉપદેશેલા છે, એટલે એમાં સંપૂર્ણ સત્યતા ન હોય. જ્યારે લોકોત્તર ધર્મનાં પર્વ વીતરાગ-સર્વજ્ઞના કહેલા છે, તેથી વાસ્તવિક તારણહાર અને સંપૂર્ણ સત્ય જ હોય. વળી લૌકિક પર્વનું સ્વરૂપ આરંભ-સમારંભોભર્યું; અને તે પર્વના આદર્શ તરીકે સરાગી દેવ છે, જ્યારે લોકોત્તર પર્વનું સ્વરૂપ હિંસામય આરંભ-સમારંભના ત્યાગનું અથવા આરંભ ત્યાગ તરફ લઈ જનારું હોય છે, વળી લોકોત્તર પર્વના આદર્શ તરીકે વીતરાગ પરમાત્મા છે. એટલે નજર સામે આ તરવરે કે આપણે આ લોકોત્તર પર્વની આરાધના કરીને અંતે વીતરાગ થવાનું છે. એટલે જ લોકોત્તર પર્વો,- બીજ, પાંચમ, આઠમ વગેરે અને ચોમાસી ચૌદશપર્વ આદિ, તથા પર્યુષણપર્વોમાં વિશિષ્ટ જિનભક્તિ, સામાયિક, પૌષધાદિ ક્રિયા તેમજ વિશિષ્ટ ત્યાગ**

**અને તપશ્ચર્યાઓ તેમજ વિશિષ્ટ શાસ્ત્રશ્રવણાદિ આવે. એથી આત્મા નિર્મળ-નિર્મળતર બનતો જાય છે, અંતે ચારિત્ર પામી મોક્ષ સાધે છે. આમ લોકોત્તર પર્વની બલિહારી છે.**

**લૌકિક પર્વમાં ખાનપાનની મજા મણાતી હોય છે. દા.ત. એકાદશીનાં લૌકિક પર્વમાં મેવા-મિઠાઈ-ફ્રૂટ વગેરે ફળાહાર મળે. દિવાળીમાં આનંદ-મંગલ કરાય છે. ત્યારે લોકોત્તર પર્વોમાં ત્યાગ-તપસ્યા-વ્રત-નિયમ વગેરે કરવાનાં હોય છે, જે વૈરાગ્યને વધારનારા હોય છે. માટે તો જૈનોનાં પર્યુષણા જગત્ પ્રસિદ્ધ છે. ઈતર લોકો ય સમજે છે કે જૈનોનાં પજુષણ આવ્યા છે, એટલે એમને ત્યાં તપસ્યાઓ ચાલી છે, તપસ્યાનાં વરઘોડા નીકળે છે... વગેરે.**

આ બધું શું છે ? લોકોત્તર પર્વનો મહિમા, લોકોત્તર પર્વની વિશિષ્ટ ઉજવણી.

ત્યારે લૌકિક પર્વની એવી ઉજવણી હોય છે કે લોકો વિષયોનાં રંગરાગમાં પડી જાય છે, ત્યારે લોકોત્તર-પર્વોમાં જૈનો બ્રહ્મચર્યનો ખપ કરે છે; સામાયિક-પૌષધ વગેરે કરી ધંધારોજગાર બંધ કરે છે. તેથી હિંસા વગેરેથી બચાય છે. દા.ત બીજ-પાંચમ-આઠમ વગેરે તિથિઓ, એ લોકોત્તર પર્વતિથિઓ છે; તો એમાં આરાધના કરવા માટે ધોવું-કૂટવું-ખાંડવું-દળવું-પીસવું-રંગવું... વગેરે બંધ રાખવામાં આવે છે. બ્રહ્મચર્યનું ખાસ પાલન કરાય છે. યથાશક્તિ તપસ્યા કરવામાં આવે છે, દા.ત. ભરત ચક્રવર્તીના દીકરા રાજા સૂર્યયશા અષ્ટમીની એવી આરાધના જાતે કરતા અને આગલે દિવસે રાજ્યમાં ઢંઢેરો પીટાવી પ્રજાને પણ આરાધવાની પ્રેરણા કરતા. એ પણ પિતાની જેમ આરિસાભવનમાં કેવલજ્ઞાન પામનારા છે. આવા કર્મલઘુ અને મહાન વૈરાગી સમ્રાટ રાજાને પણ પર્વતિથિની આરાધના નિયમિત કરવાની હોય, તો તમે સમ્રાટ તો નહિ, પણ કયા નાના રાજ્યના રાજા છો, તે તમારે પર્વતિથિની નિયમિત આરાધના નહિ ?

તમને જૈન ધર્મ મળ્યો છે ને ? તમારા ભાગ્યની અવધિ નથી, કેમકે જીવને તારણહાર તો ધર્મ જ છે. પરંતુ જગતમાં ધર્મના નામે ચાલતા ધર્મ ઘણા, પણ એમાં જૈન ધર્મ જેવો બીજો કોઈ મહાન ધર્મ નથી. માટે તો રામચંદ્રજીની જંગલમાં હકાલપટ્ટી કરાયેલ સીતાજીએ સંદેશામાં રામને કહેવરાવેલું, કે 'લોકે મારી નિંદા કરવાથી તમે મને નિર્દોષને કાઢી મૂકી, તો ભલે, એથી તમને મારાથી સવાયી રાજકન્યા નહિ મળે એમ નહિ, ને એથી તમારો મોક્ષ અટકી જશે એમ પણ નહિ; કિન્તુ કાલે ઊઠીને લોક કદાચ તમારા જૈન ધર્મની નિંદા કરે, તો એથી તમો જૈન ધર્મને છોડતા નહિ; કેમકે જૈન ધર્મથી સવાયો તો શું, પણ એની હરોળનો પણ ધર્મ નહિ મળે, ને જૈન ધર્મનો ત્યાગ કર્યાથી તમારો મોક્ષ અચૂક અટકી જશે...'



જૈન ધર્મનું આવું મહત્ત્વ આજના કાળે પણ પરદેશવાળાને ય કેવું સમજાયેલું એનો એક દાખલો જુઓ,-

વિલાયતના પ્રસિદ્ધ નાટ્યકાર બર્નાર્ડ શોએ ગાંધીજીનાં પુત્ર દેવીદાસ ગાંધીનાં પ્રશ્નનાં જવાબમાં કહેલું કે 'In next life I would like to be A Jain.' દેવીદાસ પૂછે 'કેમ વારુ ?' શો કહે "જૈન ધર્મમાં પરમાત્મા બનવાની સોલ એજન્સી રામ-કૃષ્ણ વગેરે કોઈ એક વ્યક્તિને નથી અપાયેલી. જૈન ધર્મમાં તો અનંતા પરમાત્માં થઈ ગયા છે. અને હજુ ભવિષ્યમાં અનંતા પરમાત્મા થવાનાં છે, તો હું મારો નંબર એમાં જ ન લગાવું ?"

બર્નાર્ડ શોને જૈન ધર્મનું આ આકર્ષણ ખાલી ભાવાત્મક નહિ, પણ સક્રિય હતું. જીવોની 'અહિંસા એટલે Honour of life,- બીજાના પ્રાણનું સન્માન કરવું,' એ ભાવના એમના મનમાં વસી ગઈ હતી; માટે તો એક પાર્ટીમાં નોનવેજ (માંસનું ભોજન) હતું તે જમ્યા વિના બેસી રહ્યા, અને બીજાઓએ એમને પૂછતાં એ બોલ્યા કે 'માફ કરજો, **મારું પેટ મડદા દાટવાનું કબ્રસ્તાન નથી.'**

આ બર્નાર્ડશોને જૈન ધર્મની નાના એકેન્દ્રિય જીવોની પણ દયા કેવીક રોમરોમમાં વસી ગયેલી કે એમને ઓફિસમાં આવેલી એક લેડીસે ફલાવર પોટ (ફૂલદાની) ખાલી દેખી પૂછ્યું, 'મિસ્ટર શો ! તમને ફૂલ નથી ગમતાં ?' બર્નાર્ડ શો કહે છે, 'ફૂલ તો મને બહુ પ્રિય છે, એટલે જ એ મારા પ્યારા ફૂલ જીવ એનાં છોડવા પર રહે તો ૪-૮ દિવસ કિલ્લોલ કરતા રહે, એને બિચારાને ત્યાંથી ચૂંટી લાવી અહીં ફૂલદાની પર મૂકવામાં તો એ બિચારા ચાર કલાકમાં ચિમળાઈ જાય ! એવું હું શા માટે મારા પ્રિય પ્યારા ફૂલને કરું ?'

બોલો ! વિલાયતમાં જન્મેલાની રોજના માટેની આ જીવદયા કે ફૂલની આ મફતિયા હિંસા નહિ કરવાની; તો તમારે મહિને ૧૦ તિથિ અને માત્ર પજુષણ પૂરતો ય લીલોતરીનો ત્યાગ નહિ ? પજુષણમાં સાબુથી નહાવું; ધોવું, યા અનાજ ખાંડવું, પીસવું, દળવું... વગેરેનો ત્યાગ નહિ ?

જ્ઞાનીઓ આ પર્યુષણા મહાપર્વનાં આ પાંચ ખાસ કર્તવ્યો બતાવે છે.

(૧) અમારિ-પ્રવર્તન (૨) સાધર્મિભક્તિ (૩) ક્ષમાપના (૪) અઠ્ઠમ અને (૫) ચૈત્ય-પરિપાટી.

**(૧) કર્તવ્ય પહેલું - અમારિ પ્રવર્તન :-**

**ધર્મનું મૂળ દયા છે,-**

**'દયા ધર્મકા મૂલ હૈ, પાપમૂલ અભિમાન.**
**તુલસી દયા ન છાંડીએ, જબ લગ ઘટમેં પ્રાણ.'**

જ્યારે આ દયા જીવનકર્તવ્ય છે, ત્યારે એ પર્યુષણાનું તો મહાકર્તવ્ય હોય જ. આને પહેલા નંબરનું કર્તવ્ય સમજવાનું. પૂછો

**પ્ર.**- દયા પહેલું કર્તવ્ય શાથી ?

ઉ.- દયાથી આપણું હૃદય કૂણું-મુલાયમ થાય છે, ને મુલાયમ હૃદયમાં બીજા ધર્મો સારી રીતે વસી શકે છે; વાવી શકાય છે. જાણો છો ને કે જમીનને ખેડીને મુલાયમ બનાવી હોય તો જ એમાં બીજનું વાવેતર કરી શકાય છે. માટે અહીં પર્યુષણામાં દયા-અમારી પ્રવર્તનનું પહેલું કર્તવ્ય બજાવી હૈયાને મુલાયમ બનાવવાનું છે, જેથી એમાં સાધર્મિભક્તિ, ક્ષમાપના-ત્યાગ-તપસ્યા વગેરે ધર્મો ઉતારી શકાય.

જૈનદર્શનની દયા વિશિષ્ટ કોટિની છે. સ્થાવરની દયા ગૃહસ્થ ન પાળી શકે માટે જ્ઞાનીઓએ એને એનો આગ્રહ ન કરતાં, ત્રસની દયા પાળવાનું કહ્યું. સાધુને ત્રસ અને સ્થાવર જીવ, બંનેની દયા પાળવાની છે. 'ગૃહસ્થો સ્થાવર જીવોની દયા ન પાળી શકે' એનો અર્થ એ નથી કે સ્થાવરની હિંસામાં દોષ નથી. જો એ અર્થ હોત તો તો સાધુને ય સ્થાવર હિંસામાં શો વાંધો ? માટે કહો કે સ્થાવર જીવોની હિંસાથી પાપ તો લાગે જ છે. તેથી જ એવા ઓછે પાપે પતાવવા ગૃહસ્થો માટે પણ જ્ઞાનીઓએ સ્થાવરની પણ જયણા-જતના યાને શક્ય રક્ષાનો પ્રયત્ન કરવાનું તો કહ્યું જ છે, પાણીને પણ ઘીની જેમ વાપરવાનું કહ્યું. આ એટલા જ માટે કે પાણીનાં ટીંપે ટીંપે જે હજારો ત્રસ જીવો અને સ્થાવરકાય અસંખ્ય જીવો છે. એનો શક્ય બચાવ કરવાનો છે, જેથી ફોગટ હિંસાથી અટકી જવાય. જૈન શાસનને સમજેલા શ્રાવક-શ્રાવિકાઓને પણ સર્વ જીવોને અભયદાન દેવાની દશા લાવવાનો નિરંતર અભિલાષ રાખતા હોય છે. જેનામાં એ અભિલાષ ન વર્તે, એ શ્રાવક શાનો ? અમારી પ્રવર્તન પહેલાં ઘરમાં શરૂ કરો. પજુષણમાં આઠ દિવસ અને પછી પારણાની પાંચમ, એમ માત્ર નવ દિવસ લીલોતરી ત્યાગની બાધા લેવામાં જો અચકાઓ છો, ત્યારે તમારામાં સત્ત્વ કેટલું ? ૧૮ દેશના સમ્રાટ કુમારપાલ મહારાજા વર્ષે વર્ષે અષાડ ચોમાસું આખું લીલોતરી ત્યાગ રાખતા ! શું ? માત્ર પજુષણનાં નવ દિવસ નહિ, ચોમાસાભરના બધા જ ૧૨૦ દિવસ લીલોતરી-ત્યાગ. કેટલું બધું સત્ત્વ ! હૃદય કેટલું બધું કોમળતા અને કરુણાભર્યું ?

મહારાજ કુમારપાળની જીવદયા અને જીવો પરની કરુણા કેવી કે પોતાના લશ્કરના ૧૧ લાખ ઘોડાને પણ પાણી ગાળેલું પીવડાવતા ! કેમકે અણગળ પાણીમાં લાખો ત્રસ જીવો મરે ! એની એમને દિલમાં દયા હતી. મહારાજ સવારીએ જાય ત્યારે ઘોડાનાં પલાણ પર બેસતા પહેલાં પૂંજણીથી પલાણ પૂંજી લેતા ! જેથી કોઈ જીવજંતુ ત્યાં બેઠેલું મરે નહિ.



દુર્ગતિના દરવાજા અને દુર્ગતિમાં ભટકવાનું બંધ કેમ થતું હશે ? નહાવા-ધોવા પાણી જોઈએ છે, પણ પાણી ગાળવા કોણ બેસે ? એમ આળસ કરી, પ્રમાદ-બેદરકારી રાખી જીવો મારવાનું ચાલુ રહે એમાં દુર્ગતિના દરવાજા બંધ થાય ?

**પજુષણ-મહાપર્વનું સન્માન કરવા માટે મહાપર્વને અભયદાનની ભેટ કરવી પડે.**

એ આવા બધા નિયમોથી થાય, કે પજુષણામાં લીલોતરી નહિ ખાવી, કપડા નહિ ધોવડાવવા, સ્નાનમાં સાબુ નહિ વાપરવો, દળાવવું-ખંડાવવું-રંગાવવું નહિ.

**અહિંસામાં-દયામાં જીવતત્ત્વનું સન્માન છે.**

માટે તો મોટા સુધર્મા ગણધર મહારાજા જેવા પોતાના શિષ્ય જંબૂસ્વામીને 'હે આયુષ્યમાન !' એવું સંબોધન કરતા, અર્થાત્ 'હે દીર્ઘ આયુષ્યવાળા ! હે ચિરંજીવી' કેવું સુંદર વિશેષણ ! સુંદર સંબોધન !

પર્યુષણા મહાપર્વની આરાધનામાં પહેલાં નંબરમાં અમારિ પ્રવર્તન કેમ ? એટલા જ માટે કે જીવો પ્રત્યે મૈત્રીભાવ આવ્યા વિના કોઈ પણ ધર્મની આરાધના સફળ થતી નથી, તો મહાપર્વની આરાધનાનો મહાન ધર્મ શી રીતે સફળ થાય ? મૈત્રી-સ્નેહ. દિલમાં આ મૈત્રીભાવ લાવો એટલે જીવો પ્રત્યે સ્નેહ ઊભો થયો.

**પછી જીવો પ્રત્યે એ સ્નેહ સહેજે પીડિત જીવોને પીડામાંથી મુક્ત કરે.** અમારિ પ્રવર્તનમાં એજ કરવાનું છે. જીવોને અમારિ યાને અભયદાન દેવાથી જીવોને ઠારવાનું થાય છે, એથી વાતાવરણ ખુશનુમા બને છે, આપણને ઠરવાનું મળે છે.

અને કહેવત પણ છે ને ? 'ઠાર્યા તેવા ઠરશો, ને બાળ્યા તેવા બળશો.' કોઈને ઠાર્યા હશે તો ઠરવાનું મળશે. માનો કે કોઈ ભવમાં આપણે બળદ થયા, અને આપણને ખરીદીને કસાઈ તાણી જાય છે, હવે ત્યાં આપણને એની પાસેથી છોડાવનાર ક્યારે મળે ? આપણે પૂર્વભવે બળદ વગેરે જીવને કસાઈ પાસેથી છોડાવ્યા હોય તો જ મળે ને ?

જાણો છો ને ? જગદ્ગુરુ આચાર્યદેવશ્રી હીરસૂરિજી મહારાજે મુસલમાન બાદશાહ અકબર પાસે અમારિ પ્રવર્તન કરાવ્યું. પૂછો, 'આચાર્ય મહારાજ ગુજરાતમાં, અને બાદશાહ દિલ્હીમાં, એ બન્નેનો યોગ શી રીતે બન્યો ?'

કહો, 'છ મહિનાનાં ઉપવાસ કરનારી ચંપા શ્રાવિકાનો એ પ્રભાવ કે

જૈનશાસનના આચાર્ય મહારાજ અને દિલ્હીના બાદશાહ, એ બંનેનો યોગ બની આવ્યો !'

**અકબર શી રીતે દયાળુ બન્યો ? :-**

વાત એમ બની કે દિલ્હીમાં ચંપાશ્રાવિકા છ મહિનાના ઉપવાસ કરી રહી હતી. એકાંતરે નહિ હોં ! સતત લગાતર છ મહિનાના ઉપવાસ ! ઉપવાસ બહુ થયા ત્યારે એને મ્યાનામાં માણસો ઉંચકીને દેરાસર લઈ જતા હતા. મ્યાનાની આગળ એનાં બે ભત્રિજા માનમલ અને ટોડરમલ ચાલી રહ્યા હતા, જે બાદશાહના અમલદાર હતા. એકવાર સામેથી અકબર બાદશાહની સવારી આવી. તેથી મ્યાનો ઊભો રાખ્યો. બાદશાહે બંનેને ઓળખી લઈ પૂછ્યું, 'અરે ! તમે લોકો આ એક ઓરતની આગળ કેમ ખુલ્લે પગે ચાલી રહ્યા છો ?'

મુસ્લીમ ધર્મમાં ઓરતની કશી કિંમત નહિ, તેથી આમ પૂછ્યું. પેલા કહે "જહાંપનાહ ! આ અમારી ફોઈ છે, એણે સતત છ મહિનાના રોજા (ઉપવાસ) કર્યા છે; એને મંદિરે લઈ જઈએ છીએ." સાંભળીને બાદશાહ ચોંક્યો ! એને એક રોજો, તે પણ માત્ર દિવસનો ય ભારે પડે, એણે આ સાંભળી પારખું કરવાનું ધાર્યું, કહે છે 'અમે ? તો તો પછી મારા મહેલ પર એની સેવાનો મને લાભ આપો.'

નક્કી કર્યું, મહા તપસ્વિની ચંપાબેનને બાદશાહનાં મહેલમાં રાખ્યા. બાદશાહે ખાનગી બીબીઓનો પહેરો ગોઠવ્યો. પરંતુ ત્યાં કશું ખાવા કરવાનું લાવવામાં આવતું ન દેખાયું. બીબીઓ કહે "અહીં તો આ ઓરત દિવસે માત્ર ૩-૪ વાર ઊકાળેલું પાણી પીએ છે, બાકી માળા ગણતી બેસે છે, ને પ્રાર્થના કરે છે !"

બાદશાહ આવી ચંપાબેનને પૂછે છે 'માઈ ! આટલા બધા ઉપવાસ શી રીતે કરી શકે છે ?'

ચંપાબેન કહે, 'દેવ અને ગુરુકૃપાએ.'

બાદશાહ પૂછે છે, 'કોણ દેવ ? અને કોણ ગુરુ ?'

બાઈ કહે "દેવ અમારા ૧૮ દૂષણ રહિત અને ૧૨ ગુણોએ અલંકૃત દેવાધિદેવ અરિહંત તીર્થંકર ભગવાન છે; અને ગુરુ આચાર્ય ભગવાન વિજય હીરસૂરીશ્વરજી મહારાજ છે."

બાદશાહ પૂછે,- 'ક્યાં છે એ ?'

ચંપાબેન કહે,- અરિહંત શ્રી મહાવીર ભગવાન વગેરે તો મોક્ષમાં પધાર્યા છે; 'અને શ્રી સીમંધર ભગવાન વગેરે હાલ બહુ દૂર મહાવિદેહ ક્ષેત્રમાં વિચરે છે. ગુરુ આચાર્ય મહારાજ હાલ ગુજરાતમાં વિચરે છે.'



બાદશાહે પછી ગુજરાતનાં સૂબાને માણસ દ્વારા ફરમાન મોકલ્યું,- "હાથી-ઘોડા-રથ-પાલખી વગેરે સામગ્રી આપી આચાર્ય હીરસૂરીશ્વરજી મહારાજને દિલ્હી મોકલો." સૂબાએ માણસને ખંભાત આચાર્ય મ. પાસે મોકલ્યો. ત્યાં આગેવાન શ્રાવક શેઠ રામજીગંધાર ગભરાયા, માણસને લાંચ આપી કહ્યું. 'જા કહેજે, આચાર્ય સાહેબ બિમાર છે.'

માણસ પાછો ગયો. થોડા દિવસ પછી બાદશાહે ફરીથી બીજો માણસ મોકલ્યો. એને પણ એમ જ પાછો કાઢ્યો. પરંતુ પછીથી

એક ઘાંચી બાદશાહની શય્યામાં સૂતેલો પકડાયો. એને 'અહીં તું ક્યાંથી !' પૂછતાં એ કહે છે, 'મારા ઘરમાંથી ખોદકામ કરતાં એક દીવી નીકળી, એમાં તેલ પૂરી સળગાવતાં ચાર ઓલિયા (ભૂત) પ્રગટ થઈ સેવા માંગે છે. મેં આપનો શય્યાવાસ દેખાડવા કહ્યું. એમણે મને અહીં મૂક્યો. આપની શય્યામાં હું સહેજ સૂતો, ને ઊંઘ આવી ગઈ. માફ કરો મને, ફરીથી આવું નહિ કરું.'

બાદશાહે માફી આપી, પણ બદલામાં દીવી મંગાવી પ્રગટાવી, ઓલિયાને પૂછ્યું, 'આચાર્ય હીરસૂરિજી મહારાજની તબિયત કેમ છે ?'

પેલા કહે 'તબિયત તો બહુ સારી છે, પણ તમારા માણસો લાંચ ખાઈ તમને જૂઠું ભળાવતા કે તબિયત બિમાર છે.'

બાદશાહે પછી તાકિત આપી બીજા માણસને મોકલ્યો. એ ખંભાત આવ્યો, રામજી શેઠ એની સાથે બહાર રકઝક કરે છે, ત્યાં આચાર્ય મહારાજ એમને જોઈ ગયા, અંદર બોલાવ્યા, પૂછ્યું, આવેલો માણસ કહે છે, 'બાદશાહ આપનું દર્શન ઈચ્છે છે.' આચાર્ય મહારાજ ગભરાતા રામજી શેઠને કહે 'ગભરાવવાનું શું કામ છે ? અમે નિષ્પરિગ્રહી, અમારી પાસેથી એને શું લેવું છે ? ગભરાઓ ના, વિહાર કરતાં જઈશું. અમારા દર્શનથી કદાચ એ પ્રસન્ન થઈ શાસનને ઉપયોગી થાય.'

આચાર્ય મહારાજ વિહાર કરતાં કરતાં દિલ્હી પધાર્યા. શ્રાવકોએ સામૈયું ભવ્ય કર્યું. સામૈયામાં છ લાખ માણસો ! એ વખતે ભારતમાં એક કરોડ જૈનોની વસ્તી હતી. પછીથી કેટલાક ક્ષેત્રોમાં સાધુનાં વિરહ પડ્યા, જેથી સંખ્યા ઘટતાં ઘટતાં આજે ૫૦ લાખ જૈનો પૂરા નહિ હોય ! પછી આચાર્ય મહારાજને બાદશાહે મહેલ પર આમંત્ર્યા, અંદર મહેલમાં કારપેટની નીચે દેખાય નહિ, માટે આચાર્ય મહારાજે ચાલવાની ના પાડી. કારપેટનો છેડો ઊંચકાવી જોતાં નીચે કીડીઓ દેખી ! આમ બાદશાહ પહેલે જ પ્રસંગે જૈનધર્મની આવી જીવદયા પર આકર્ષાયો.

પછી તો બાદશાહને આચાર્ય મહારાજની મુલાકાતોમાં અરિહંત ભગવાન, જૈનધર્મ, દયા, દાન, શીલ, તપ, વગેરેનું સામાન્યથી, અને જીવદયાનું વિશેષથી,

ઘણું ઘણું જાણવા મળ્યું. બાદશાહ ખૂબ રાજી થઈ કહે 'આપે તો ઠેઠ ગુજરાતથી આટલે બધે દૂર મારી ખાતર પગે ચાલીને આવવાનું કષ્ટ કર્યું, મેં આપનું શું કર્યું ? મને સેવા ફરમાવો.'

આચાર્ય મ. કહે, 'અમે નિર્ગ્રન્થ સાધુ, અમારે કાંઈ જોઈતું નથી.' પછીથી બાદશાહ બહુ આગ્રહ કરે છે, ત્યારે આચાર્ય મહારાજે પર્યુષણાનાં આઠ દિવસ આખા રાજ્યમાં અમારિ-અહિંસા પળાવવા માગણી કરી. બાદશાહે એમાં આગળ-પાછળ બબ્બે દિવસ ઉમેરી બાર દિવસની અમારિ સ્વીકારી, પોતાના પાંચે રાજ્ય પર પાંચ ફરમાન કાઢ્યા, અને આચાર્ય ભગવાનને સમગ્ર પાંચે રાજ્યનું એક ફરમાન આપ્યું. પછી તો બાદશાહે ચોમાસામાં જૈન ધર્મનું ઘણું ઘણું સાંભળ્યું. પાછો અવાર નવાર કહે, 'આ તો આપે જીવોની દયા માગી, આપની કોઈ સેવા ન બતાવી, મારો આગ્રાનો મોટો જ્ઞાનભંડાર આપ સ્વીકારી લો !' 'અમે કાંઈ અમારો પરિગ્રહ રાખીએ નહિ, આગ્રાના સંઘને આપી દો,' એમ કહી આગ્રાના સંઘને બોલાવી જ્ઞાનભંડાર સુપરત કરાવ્યો. બાદશાહ આચાર્યદેવની નિષ્પૃહતાથી વધુ ને વધુ ભક્ત બનવા લાગ્યો. એકવાર બાદશાહ પોતાનો હાથ બતાવી ભવિષ્ય ભાખવા માગણી કરે છે. આચાર્ય મહારાજ કહે, 'આ અમારો વિષય નહિ અમારે તો સંયમ પાળતાં ધર્મશાસ્ત્રો વાંચવાનાં, અને લોકોને એ શાસ્ત્રોમાંથી ધર્મનો ઉપદેશ કરવાનો.'

બાદશાહની તાજુબી વધતી ચાલી; એકવાર આવા મોટા આચાર્ય મહારાજ શું ખાતા હશે તે જોવા ખાનગીમાં ઉપાશ્રયના માળિયા પર જઈ જુએ છે તો નીચે આચાર્ય મહારાજના પતરામાં લુખ્ખા રોટલાં, લુખ્ખા ભાત દેખ્યા ! તો એ હેબતાઈ ગયો,- 'ઓહો ! બબ્બેહજાર શિષ્યોના ગુરુ આવું લુખ્ખું વાપરે છે !!'

ચોમાસું પૂરું થયું. આચાર્ય મ. વિહારની તૈયારી કરે છે, ત્યારે બાદશાહ રોવા જેવો થઈ જઈ પ્રાર્થના કરે છે, 'આપ તો જાઓ છો, પછી મને ધર્મ કોણ સંભળાવશે ? કૃપા કરી મને સારું ધર્મશ્રવણ કરાવે એવા મહાત્માને અહીં રાખો.'

**બાદશાહ એક તો મુસ્લીમ, અને પાછો ભારતનો સમ્રાટ રાજા, છતાં એને જૈન ધર્મનું સાંભળવાની કેટલી બધી તાલાવેલી ?**

તમે તમારા એક નાનકડા ઘરનાં પણ સમ્રાટ રાજા છો ? તમારું તમારા ઘરના ય બધા બધું સાંભળે ખરા ? તમારી પાસે એ અકબર બાદશાહની સંપત્તિ-વૈભવ કરતાં અડધો વૈભવ ખરો ? ચોથા ભાગનો ? સોમા ભાગનો ? હજારમાં ભાગનો ? ના, છતાં, 'હું બધો જાણકાર ! મારે ધર્મનું શું જાણવું હતું ?'- એવા અભિમાનમાં તણાયા જાઓ છો ! ને એકમાત્ર 'હાય પૈસા ?' એવા લોભ ને



આસક્તિમાં, વિષ્ટાનો કીડો વિષ્ટામાંથી માથું ઊંચું ન કરે, એમ પાપ સંસારમાંથી માથું ઊંચું કરવું નથી, ને ધર્મશ્રવણની કશી તાલાવેલી રાખવી નથી ?

સભામાંથી- કેમ ? અમે પજુષણમાં અહીં સાંભળવા તો આવ્યા છીએ ને ?

**ઉત્તર** - તે તમે પજુષણના જ શ્રાવક છો ? કે બારે માસનાં શ્રાવક ? સમજી રાખો, 'શ્રાવક' શબ્દનો અર્થ જ એ છે કે ધર્મનું શ્રવણ કરતો રહે તે શ્રાવક; ધર્મશ્રવણની તાલાવેલી નહિ એ શ્રાવક નહિ, એનામાં સમકિત નહીં. ધર્મશ્રવણ જરૂરી આટલા માટે કે એ વિના હિતાહિતની ખબર ન પડે. જેને હિત શું ? અહિત શું ? એની ગતાગમ નહિ, એ અજ્ઞાન અને મૂઢ કહેવાય. એ પોતાના પરલોકને સુધારી શકે નહિ, સદ્ગતિ નક્કી કરી શકે નહિ. અસ્તુ.

બાદશાહની ધર્મશ્રવણની તાલાવેલી જોઈ આચાર્ય મહારાજે શાંતિચંદ્ર ઉપાધ્યાયને ત્યાં રાખ્યા. એમણે જીવદયા પર એક **'કૃપારસકોશ'** નામનું શાસ્ત્ર રચી બાદશાહને એના પર વ્યાખ્યાનો સંભળાવવા માંડ્યા. બાદશાહનાં દિલમાં કૃપારસ-દયારસની વેલડી વધવા માંડી.

એકવાર બાદશાહ અટકનો કિલ્લો જીતવા નીકળ્યો. ઉપાધ્યાય મહારાજ સાથે ગયા છે. કિલ્લો જીતાતો નથી. એટલે બાદશાહ કહે, 'સાબ ! આ અમારા મૂર્ખ કાજીઓ કહે છે, આ જૈન સાધુની સંગત છે, તેથી જ આ કિલ્લો નથી જીતાતો.'

ઉપાધ્યાયજી મ. કહે, 'એમાં શું છે ? કાલે જીતી લઈએ.' શાંતિચંદ્ર ઉપાધ્યાય આ શાના બળ પર કહે છે ? એમને વરુણદેવતાનું વરદાન હતું, એના બળ ઉપર આ કહે છે.

કિલ્લો જીતવા જવા પહેલાં ઉપાધ્યાયજી મહારાજે બાદશાહ આગળ શરત મૂકી,-

"લશ્કરમાં હિંસા બંધ કરવાની. આપણે બંને એકલા જઈશું."

હિંસા બંધ કરાવી. બીજી સવારે બાદશાહ અને ઉપાધ્યાયજી મ. બંને ચાલ્યા. છાવણીમાં કોલાહલ સંભળાયો,- 'હાય ! બાદશાહને આ દુષ્ટ કાફર સાધુ દુશ્મનને સોંપી દેશે !' પરંતુ જે બન્યું એથી બધા ચમત્કાર પામી ગયા ! એવું તે શું બન્યું ? ઉપાધ્યાયજી અને બાદશાહ બંને એકલા ચાલ્યા, ત્યાં પહેલાં ખાઈ આવી, તો ઉપાધ્યાયજી મહારાજે એક ફૂંક મારી કે કિલ્લાને ફરતી ખાઈનાં દરવાજા સુધી જવાનો માર્ગ પૂરાઈ ગયો ! એના પર ચાલી બંને જણા દરવાજા પાસે પહોંચ્યા; ત્યાં ઉપાધ્યાયજીની બીજી ફૂંકે દરવાજો ખૂલી ગયો. હવે જ્યાં અંદરનું લશ્કર શસ્ત્રો સાથે સામે ધસવા આવ્યું, ત્યાં ઉપાધ્યાયજીની ત્રીજી ફૂંકે એ સ્તંભિત થઈ ગયું !

બાદશાહે કિલ્લા પર જઈ વિજયનો વાવટો ફરાવી દીધો ! અટકનો રાજા સામે આવી બાદશાહના પગમાં પડી ગયો, માફી માગીને શરણું સ્વીકારી લીધું ! ત્યારે બાદશાહ અકબર બાર વરસથી નહિ જીતાતા આ અટકના રાજ્ય પર ક્ષણમાં વિજય થયો દેખી, ઉપાધ્યાય મ. નાં પગમાં પડી કહે- "આપ તો ખુદાના અવતાર છો. માગો, માગો, કંઈ પણ માગો, જે કહો તે કરું."

ત્યાં ઉપાધ્યાયજી મહારાજે

(૧) ઈદનો મહિનો, મહોરમનો મહિનો, બધા મળી સંક્રાન્તિના દિવસો, બધા રવિવાર,... એમ કરી વરસમાં કુલ છ મહિનાની અમારિ-અહિંસા નક્કી કરાવી ! શિકાર બંધ કરાવ્યો.

(૨) અકબરને રોજ ચકલાની સવાશેર જીભનું શાક ખાવા જોઈતું હતું, તે કાયમનું બંધ કરાવી ચકલાનાં એક ગાઉનાં ડાબર નામનાં સરોવર પરની જાળી ખુલ્લી કરાવી, ચકલા ઉડાડી મૂકાવ્યાં !

(૩) શત્રુંજય મહાતીર્થ પરનો યાત્રિકવેરો (ટેક્ષ) બંધ કરાવ્યો.

(૪) હિંદુમાત્ર પરનો જજિયાવેરો રદ કરાવ્યો.

(૫) બાદશાહે હીરસૂરિજી મ. ને જગદ્ગુરુની પદવી આપી.

આ રીતે અમારિ પ્રવર્તન હીરસૂરિજી મહારાજે ક્રૂર ઘાતકી અને નિર્દય મુસ્લીમ ભારત સમ્રાટ અકબર બાદશાહ પાસે કરાવ્યું.

પર્યુષણામાં તમે શું કરશો ? પહેલું આ કરો જીવો પર હૈયામાં કોમળતા ઊભી કરી નાના-મોટા બધાય જીવો પર દયાભાવ દૃઢ કરો.

**જીવો પર દયાભાવ માટે આ રીતે વિચારો કે,-**

આ જગતમાં જીવો બિચારા કર્મથી ભારે પીડાઈ રહ્યા છે, કર્મનો ભારે માર ખાઈ રહ્યા છે, તો એમાં વળી એમના પ્રત્યે હું ક્યાં નિર્દય થાઉં ? હું જગત-દયાળું અરિહંત પ્રભુનો સેવક ! મારે જ્યાં ને ત્યાં દયા પાળવાની હોય. દા.ત. સંસારના કાર્યોમાં જીવ-જયણા વ્યાપક બનાવવાની... યાવત મરણાન્ત કષ્ટમાં પણ જીવ-દયા નહિ ચૂકવાની.

**દયા પર બે મહાત્માનાં દૃષ્ટાન્ત :-**

સોમસુંદરસૂરિજી આચાર્ય મહારાજને સાપ કરડ્યો. છતાં પણ એનું ઝેર ઉતરાવવા એ હિંસામય ઉપચાર કરાવવા તૈયાર નથી. એમાં તો એ બેહોશ થઈ ગયા. ત્યાં એક જાણકાર સાધુએ અમુક વનસ્પતિનું પાંદડું મસળીને એનો રસ ડંખ પર લગાવી દીધો. ઝેર તો ઊતરી ગયું, પરંતુ આચાર્ય મહારાજને પછીથી એ ખબર પડતાં કલ્પાન્ત કરે છે 'અરેરેરે ! મારે જીવવા ખાતર આ બિચારા વનસ્પતિના



જીવને મસળી નાખ્યો ?' આ અફસોસીમાં એમણે જીવનભર માટે લીલોતરી વાપરવાનો ત્યાગ કરી દીધો !

બીજા એક મુનિને મસાનું દર્દ હતું, છતાં એ દવા કરાવવામાં જીવોનો આરંભ-સમારંભ થાય તેથી દવા કરાવતા નહોતા. એમાં એમના સાંસારિક બહેન હોશિયાર, તે સીફતથી એણે રસોઈમાં જ દવા ભેળવી દીધી ને મહારાજને વહોરાવી. મહારાજે એ વાપરી, ને મસા ખરી પડ્યા. એ જોઈ મહારાજ ચોંક્યા કે આ શી રીતે થયું ? બહેનની કરામત સમજી જઈ એમણે જીવનભર માટે છ વિગઈનો ત્યાગ કર્યો.

બંને મહાત્માને હૈયે જીવો પર દયા કેવીક વસેલી ? મહાત્માઓને આવી ભારે કષ્ટ ઉપાડવા સાથેની દયા, તો વિચારો કે પર્યુષણા મહાપર્વમાં જાતે હૈયે કેવી દયા રાખવાની ? અને કેવી દયા અમલમાં ઉતારવાની ? તેમજ અમારિ-પ્રવર્તન કેવુંક કરવાનું ?

પર્યુષણા મહાપર્વનું આ પહેલું કર્તવ્ય જોયું.

**બીજું કર્તવ્ય : સાધર્મિક વાત્સલ્ય :-**

તેમાં તીર્થંકર ભગવાન આમ ફરમાવે છે કે,-

**एगत्थ सव्वधम्मा, साहम्मिअ वच्छल्लं तु एगत्थ ।**
**बुद्धितुलाए तुलिआ, दो वि अ तुल्लाइं भणिआई ॥**

**એક બાજુના પલ્લામાં બીજા સર્વ ધર્મો મૂકીએ, અને બીજી બાજુના પલ્લામાં માત્ર સાધર્મિક ભક્તિનો ધર્મ મૂકીએ, તો બન્ને બાજુના પલ્લા સમાન ઉતરે...**

**બીજા સર્વ ધર્મોની તુલના કરી શકે એવો ધર્મ સાધર્મિક વાત્સલ્ય :-**

અનંત ઉપકારી ત્રિલોકનાથ, શ્રી તીર્થંકર દેવો, અનાદિ અનંત કાળથી ભવચક્રમાં ભટકતા જીવોને પરમસુખમય મુક્તિના માર્ગે ચઢાવવા ધર્મશાસનની સ્થાપના કરે છે. એ શાસન સુવ્યવસ્થિત વહન કરાતું જાય, એ માટે પ્રભુ શ્રીચતુર્વિધ સંઘની સ્થાપના કરે છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ચતુર્વિધ (જૈન) સંઘ કહેવાય. એની સ્થાપના જો પ્રભુ પોતે કરે છે તો પછી પ્રભુએ સ્થાપેલા આ જૈન સંઘનું ગૌરવ તમે સમજો છો ? જો હા, તો સાથે આ પણ સમજી લો કે ચતુર્વિધ સંઘની ભક્તિ કરવી એ સંસારસાગરમાંથી તરવાનું અતિ આવશ્યક એક મહાન સાધન છે... શ્રી જૈનશાસનમાં આત્મકલ્યાણના અર્થે અનેક પ્રકારના ધર્મોની આરાધના ફરમાવવામાં આવી છે. પણ એક સ્થાને શાસ્ત્રકાર મહર્ષિ કહે છે કે "બુદ્ધિ એક જોખવાનું ત્રાજવું કલ્પીએ, પછી એમાં એક બાજુના પલ્લામાં બીજા

સર્વ ધર્મ મૂકીએ, અને બીજી બાજુના પલ્લામાં માત્ર સાધર્મિક ભક્તિનો ધર્મ મૂકીએ અને જોખમી, તો બન્ને બાજુના પલ્લા સમાન ઉતરે ! પણ પહેલું નીચું આવે અને બીજું ઊંચું જાય એવું નહિ ! ખરી રીતે એક બાજુ બીજા બધા ધર્મો છે, એનું તો ખૂબ સારું વજન હોય, તેથી એનું પલ્લું નીચું ઊતરવું જોઈએ; ત્યારે જે બીજી બાજુ સાધર્મિક વાત્સલ્ય છે, એ તો એક જ ધર્મ હોવાથી હલકો અને ફોરો ગણાય; તેથી એનું બહુ ઓછું વજન હોવાથી પલ્લું ઊચું ચઢી જવું જોઈએ. પણ એવું બનતું નથી; કિન્તુ બુદ્ધિએ વિચારી જોતાં સમાન દેખાય છે ! એ સૂચવે છે કે સાધર્મિક વાત્સલ્યનો મહિમા અપરંપાર છે. આમ તો એ સિવાયના બીજા ધર્મોના સમૂહમાં શું શું નથી આવતું ? ઘણું ઘણું આવે છે; બીજા કેઈ દાન, શીલ, કેઈ વ્રત, કેઈ પચ્ચક્ખાણ, કેઈ તપસ્યા વગેરે ધર્મો આવે છે; છતાં જાણે એ બધાની તુલના કરી શકે એવો આ સાધર્મિક-વાત્સલ્યનો પ્રાભાવિક ધર્મ કહ્યો છે. એ સાધર્મિક વાત્સલ્યમાં સાધર્મીની (૧) પૂજા-ભક્તિ અને (૨) ઉદ્ધાર-ઉન્નતિ, એમ બે વસ્તુ લેવાની. આજે આ બન્નેની વિચારણા કરવાની છે...''

**સાધર્મિક નાગકેતુએ કરેલું વાત્સલ્ય :-**

**સાધર્મિક વાત્સલ્યનું એટલું બધું મહત્ત્વ શાથી ?...** સાધર્મિક એ મહાન કલ્પવૃક્ષ છે, એ પુણ્યની પરબ છે, એ શાસનનો આધાર છે, મોક્ષમાર્ગ માટે સહાયક-પ્રેરક છે;... ઈત્યાદિ જે ઘણી ઘણી ઓળખ શાસ્ત્રકાર ભગવંતોએ કરાવી છે, એ પરથી સમજી શકાય છે કે એવા સાધર્મિકનું વાત્સલ્ય અવશ્ય મહાન લાભદાયી હોય તેમાં કોઈ સંશય નથી. **સાધર્મિકમાંથી સાધુ થાય છે, સાધર્મિકમાંથી ગણધર મહારાજ થાય, તીર્થંકરદેવ થાય, અને શાસનપ્રભાવકો બને છે.**

નાગકેતુએ આખા નગરનું રક્ષણ કર્યું. ત્યાંના રાજાએ ભૂલમાં કોઈ નિર્દોષ માણસને ગુનેગાર ગણી મરાવેલો. એ મરીને વ્યંતર થઈ રાજાને સિંહાસન પરથી નીચે પટકી, આકાશમાંથી એણે શિલા ઉતારી સમસ્ત પ્રજાને એની નીચે કચડી નાખવા માટે તૈયાર થયો ! દેવપણું આ માટે ? પણ કષાય ભૂંડી ચીજ છે કે એ રાજાના વાંકે આખા નગર પર એક મોટી પત્થરની શિલા ઉતરાવે ! નાગકેતુએ તે વખતે શ્રીજિનમંદિર અને શ્રીસંઘના રક્ષણાર્થે ઊંચા શિખરે ચઢી પોતાની આંગળી ઊંચી કરીને પોતાના ધર્મતેજથી દેવતાને મહાત કરી દીધો. સાધર્મી શું ન કરે ?

શ્રી સંભવનાથ ભગવાનના જીવે તીર્થંકર નામકર્મ કેવી રીતે ઉપાર્જ્યું ? પૂર્વના ત્રીજા ભવમાં દુકાળમાં સાધર્મિક ભક્તિ કરીને !

કુટુંબ પાછળ જે લાખો ખરચી નાખ્યા, તે બધા પડી ગયા સમજો, પણ સાધર્મિકને પાંચ રૂપિયાની પહેરામણી આપી, તે તો પુણ્યના ચોપડે તમારા ખાતે



જમે થઈ ગઈ !

જે સાધર્મિક ભક્તિ અને ઉદ્ધાર નક્કર લાભ આપે છે, ઠેઠ તીર્થંકર નામકર્મ અને મોક્ષ જેવો અનંત લાભ આપે છે, પછી કયો લાભ બાકી રહ્યો; તો ય એ સાધર્મિક ભક્તિ તરફ બેપરવાઈ !

સાધર્મિકોનું મહત્ત્વ સમજો કે એ તો બાહ્યધર્મના આચાર-અનુષ્ઠાન આરાધનારા સાધર્મિકો મોજુદ છે તો જ શાસન બહાર દેખાય છે, અને બીજાને આપી શકાય છે. શાસન તમારા પ્રાણ એમ માનો છો ? તો એને ટકાવનાર સાધર્મિકોની તમને કિંમત નથી ? એના પર કુટુંબથી વધુ તો શું, પણ કુટુંબ જેટલી ય મમતા નથી ? દુનિયાની સંખ્યાબંધ કપરી ફરજો ય કયાં નથી અદા કરતો ? તો આ તો જૈનધર્મના આધારભૂત સંઘ પ્રત્યેની ફરજો, એ બજાવવામાં આનાકાની શોભે ? શું મનને એમ ન થાય કે 'તારણહાર ધર્મનું ને ધર્મના ટકાવનાર સાધર્મિકનું આટલું આટલું તો મારે નિત્ય કરવું જ જોઈએ. ફરી ફરી શાસન કયાં મળે ?'

'હું શ્રાવિકા માતાનો દીકરો છું, મહાન ધર્મી પૂર્વજોનો વંશજ છું, શ્રી જિનશાસનનો વારસદાર છું, એવી વિશેષતા શું હું હરામમાં જવા દઉં ?'

પ્ર.- સાધર્મિકની ભક્તિ શા માટે ?

ઉ.- એટલા માટે કે-

૧. સાધર્મિક આપણને ધર્મ કરવાની હુંફ આપે છે...

૨. સાધર્મિક એ ભવભ્રમણથી થાકેલાને આશ્વાસન રૂપ છે...

૩. સાધર્મિક એ દેવ-ગુરુ અને ધર્મનું સ્મારક છે...

૪. જૈન શાસનની પેઢી ચલાવનાર સાધર્મિક છે...

૫. સાધર્મિક એ પુણ્યની વાવડી છે - પુણ્યની પરબ છે...

૬. સાધર્મિક એટલે આજના નાસ્તિકવાદની સામે સામી છાતીએ ઊભેલો સુભટ છે...

૭. સાધર્મિક એટલે મોક્ષમાર્ગનો સથવારો છે...

૮. સાધર્મિક ભવભ્રમણથી થાકેલા આત્માઓને દિલાસો આપનાર છે...

આવા સાધર્મિકની મન-વચન-કાયા અને ધનથી જેટલી સેવા ભક્તિ બહુમાન થાય, તેટલા દ્રવ્ય-દુઃખ અને ભાવદુઃખ દૂર થાય. તેથી તે માટે ભારે પ્રયત્ન કરવો જોઈએ...

**જાતે એકલાએ પણ કરી છુટવાની તમન્ના :-**

પૈસા પાપસ્થાનક સેવીને આવેલા છે, એ ભૂલતા નહિ. એટલે પૈસા તો જાતમાં વપરાઈ જશે કે બીજા પાસે જશે, પણ પાપસ્થાનકના કુસંસ્કાર અને

બંધાયેલા પાપનો ખડકલો તમારા આત્મામાં ઊભો રહી જશે ! રૂડા માનવ-જન્મની આ જ કમાણીને ? એમાંથી બચાવ જોઈતો હોય તો, ઉમદા અવસર છે આજે સાધર્મી ભાઈઓનો ઉદ્ધાર કરવાનો. એના માટેના વિગતવાર ઉપાય આગળ જોઈએ છીએ; પણ બીજાની રાહ જોયા વિના આપણા મનમાં ધગશ જાગી જવી જોઈએ કે મારે પોતે બને તેટલું કરી છૂટવું છે; અને તે મારા પોતાના અંગત કૌટુંબિક કે વ્યવહારિક ખર્ચ ઓછા કરીને પણ અવશ્ય કરીશ.

એક જ જગડુશાહને એમ થઈ જાય છે કે ''આવો ત્રણ વરસના દુકાળ જેવો ભયંકર કાળ જો નિશ્ચિત છે, તો આવો ભૂખે મરતા જીવોને જીવતા રાખવાના અતિ અદ્‌ભુત સુકૃતનો સોનેરી અવસર કયાંથી મળે ?'' બસ, આ વિચારે મહાન લાભ કમાવાનું કર્યું. એણે એકલે હાથે ત્રણ વર્ષનો દુષ્કાળ ફેડયો ! કરોડોનું ધન એ માર્ગે સાર્થક કર્યું. કયારે બને આ ? કહો, સાધર્મિકની ભક્તિ અને ઉદ્ધાર-ઉન્નતિ પોતાના પ્રાણની જેમ હૈયે વસી ગયા હોય ત્યારે.

**એકલે હાથે મહાન કાર્ય કરનાર દેદાશાહનું દૃષ્ટાન્ત :-**

પેથડશાહના પિતા દેદો-રાણી. તે એક શહેરમાં પહોંચી ગયો. ત્યાં ધર્મશાળા બંધાવવાની ટીપ ચાલતી હતી. સંઘને દેદો કહે છે ''ભાઈ સાહેબ, હું ધર્મશાળા બંધાવી દઈશ ! સંઘ તો બીજા ઘણા કાર્ય કરી લાભ લે છે જ. આ લાભ મને આપી દો.''

કહો, કેવી ધગશ ? કેમ, સંસારથી તરી ઝટપટ મોક્ષ જોઈતો હતો.

જુવાનીયા કહે છે, 'તે શું તમે એકલા બંધાવશો ?'

દેદાશાહનો જવાબ સાંભળો. જવાબ એવો છે કે એમાં ગર્વ નથી આવવા દીધો. 'હા હું એકલો બંધાવીશ,' એ કહેવામાં ગર્વે જુએ છે, એટલે એમ ન કહેતાં તે તો કહે છે, ''અહો ! સંઘ મારા પર એવી કૃપા કરે તો ઘણો ઉપકાર !''

પેલા જુવાનિયાને આબરૂ જતી લાગી, તે કહે છે, ''શું તમે એકલા બંધાવશો એમ ? બેસો બેસો શું સંઘ નથી બંધાવનારો ?''

ઠંડે કલેજે આ વાણિઓ કહે છે, ''અરે ! ભાઈસાબ ! એની કયાં ના છે ? સંઘ તો આનંદ કલ્યાણી છે, આવી દશ ધર્મશાળા બંધાવે એવો મહાન શક્તિશાળી છે. આ તો ગરીબ મારા પર સંઘ દયા કરે તો સારું, એટલું જ મારું કહેવું છે.''

''તો શું તમે મોટી સોનાની ધર્મશાળા બંધાવી દેવાના હતા ?''

કેવો પ્રશ્ન છે આ ? આમાં દેદાશાહના મનને ખોટું ન લાગે ? આમાં ઝગડો જ થાય ને ? પણ ઝગડો કયાં ? કાર્ય નથી કરવું ત્યાં. અહીં તો દેદાશાહને કાર્ય કરવું જ છે તો શું કામ ખોટું લગાડી ઝગડે ?





**દેદાશાહ કહે છે, ''સંઘનું વચન મારા માથા પર. મારે સોનાની ધર્મશાળા બંધાવી આપવાની. બોલો આદેસર ભગવાનની જય.''**

**કેવો સરસ ઉત્તર ! પણ જવાબદારી કેટલી જબરદસ્ત માથે લીધી ? વાત નક્કી થઈ ગઈ કે દેદાશાહે સોનાની ધર્મશાળા બંધાવી આપવી, ને એ માટે સોનાની ઈંટો ઢાળવાનું નક્કી થઈ ગયું; પણ... પણ શું ?**

**પણ સોનાની બંધાવવામાં પછીથી ગામ પર લૂંટારા ત્રાટકવાનો ભય, તેથી શું સોનાની બંધાવાય ? છતાં દેદાશાહ ફરે એમ નથી. છેવટે ગુરુમહારાજે ના પાડવી પડે છે. કહે છે 'આમાં આખા ગામ પર ભય.'**

**પેલો કહે 'તો શું હું સંઘને આપેલું વચન ફોક કરું ?'**

**'ના, સોના જેવી બંધાવી આપો !'**

**તેથી અંતે કેસરની બંધાવાઈ ! ભારોભાર કેસર ઈંટોમાં હોં ! આજેય એના ખંડિયેરમાંની ઈંટોમાંથી કેસરના તાંતણા કાઢી લોક પાણીમાં નાખી પારખે છે, પાણી પીળું બને છે. આ હતી પૂર્વના મહાપુરુષોની ઉદારતા ! લાખો રૂા. નું એ પરમાર્થનું કાર્ય એકલે હાથે કરતા.**

**'મોટા પરમાર્થનાં કામ એકલાથી થાય ?' એમ સવાલ થાય છે ને ?**

**પરંતુ બંગલો બંધાવવા વગેરે જો સ્વાર્થનાં કામ એકલાથી થાય, તો પરમાર્થનાં કામ શું કામ ન થાય ?**

**ત્યારે તમે કહેવાના કે, 'પૈસા હોય તો ને ?' પણ ના,**

**ધર્મનાં કામ તો દિલ હોય તો થાય છે, ખાલી પૈસાથી નહિ. પૈસા તો આજે ઘણા પાસે છે, છતાં એના પ્રમાણમાં સારાં કામ નથી થતા.**

**તમે જ કહો ને કે, જેટલા પ્રમાણમાં તમારી પાસે પહોંચે છે, એટલા પ્રમાણમાં ધર્મ અચૂક કરી લેવાનું દિલ છે ?**

**ભયંકર મોંઘવારીમાં ય ઘરને તાળું ન મારી દેતાં, ઘરને બરાબર ચલાવવાની હામ-ધગશ અને પુરુષાર્થ ધરાવો છો. એવી ધર્મ સાધી લેવાની હામ-ધગશ અને પુરુષાર્થ ખરા ? ના, કેમ નહિ ? 'ઘર નહિ, પણ ધર્મ જ જરૂરી છે,' અથવા 'ઘર કરતાં પણ ધર્મ વધારે જરૂરી છે.' એ વાત તો દૂર; પરંતુ 'ઘર જેટલો ય ધર્મ જરૂરી છે,' એવું હૃદય પોકારતું નથી. બસ; તો**

**ધર્મ માટે દિલ નહિ હોય ત્યાં સુધી બહાનાં ઊભા રહેવાના કે - 'પૈસા નથી,' 'વખત ખરાબ છે'...**

**અરે ! સમજો કે 'વખત ખરાબ નથી, આપણે પોતે ખરાબ છીએ,' ખરાબી તો જ દૂર થાય જો દિલ ધર્મનું બની જાય. 'ધર્મે મને આવો સુંદર માનવભવ અને જૈનશાસન આપી મારા પર અનંત ઉપકાર કર્યો છે. હજી પણ ભવિષ્યમાં એ જ ઉપકાર કરનાર છે. એની ખાતર કે એના આદેશ પાછળ હું શું ન કરું ? એ શાસનને ઘેબર પીરસી મારે ઘેંસ ખાવા બાકી રહે, એમાં જાતને મહાન ભાગ્યશાળી માનું...'**

**બોલો, પૈસા કોના ? ધર્મના ? કે તમારા ?**

**મન શું કહે છે ? ધર્મની કદર નથી, તેથી કાળી વાસનાઓ ફાલેફૂલે છે. એમાંની આ એક અયોગ્ય વાસના છે,- 'પૈસા મારા છે,' 'મારે કુટુંબ છે...' 'વખત ખરાબ છે !'- આવી કેઈ ઘેલછાઓ છે. વખત ખરાબ આવ્યો લાગતો હોય તો તો પુણ્ય વધારવા માટે આવા પરમાર્થનાં કાર્ય વધુ કરવા જોઈએ. જ્યારે 'પૈસા મારા છે,' એવું લાગે છે ત્યારે માણસ મૂઢ બનેલો હોય છે; કેમકે**

**ખરેખર પૈસા કોના છે એ જોવું ભૂલાયું છે...**

## • દાદુ રાજસ્થાની •

**પૈસા કોના ? આપણા કે પ્રભુના ?**

**એક વિવેકી રાજસ્થાની યુવકનું દૃષ્ટાન્ત...**

પોતાની માતાને લઈને એક દાદુ નામનો રાજસ્થાની યુવક ગયો શ્રી સિદ્ધગિરિની યાત્રાએ, એની માએ વર્ષીતપ કરેલો તેના પારણા નિમિત્તે, ડોશીએ વર્ષીતપ ઉપર અંતે પાછી અઠ્ઠાઈ કરેલી ! એ આમે ય વર્ષીતપમાં સુકાઈ ગયેલી, અશક્ત થઈ ગયેલી; તે અઠ્ઠાઈમાં તો થઈ સાવ ઢીલી ઢચ ! હવે ગિરિરાજ ઉપર ચઢવાની શક્તિ ક્યાંથી લાવવી ?

યુવાન છોકરાએ ડોળીવાળાને બોલાવ્યો, પૂછે છે, 'માજીને ઉપર લઈ જવા છે, શું લઈશ !'

'બાપા ! દસ રૂપિયા લઉં,'- ડોળીવાળો કહે છે.

'બાપા' ના સંબોધનમાં કેવી મીઠાશ છે ? પછી એ દસ શું સો કહે, તોય સામાને ગુસ્સો ન આવે. બોલવાની ય રીત હોય છે. સાધર્મીના ઉદ્ધારમાં એ ય જરૂરી છે. આ કહે છે,- 'દસ હોય ?'

'તે આજે દિવસ કેવો છે બાપા ?' આમ હાવડાં ઉપર પુગાડી દઈએ !

'હું તો રૂપિયા પાંચ આપું. ડોસી તો જો, રૂના પુમડા જેવી હલકી છે !'

'આજે દસ રૂપિયામાં બાપુ ! જરાય ઓછું નહિ.'



આને દસ ખરચવા નથી તેથી માતાને વહાલથી કહે છે,- 'મા ! આવી જા મારી કાંધ ઉપર. તેં મને પેટમાં નવ-નવ મહિના ઉંચકેલો તો હું તને અહિ એકવાર ન ઉંચકી લઉં ?' કેમ ઉંચકી શકે ? લઠ્ઠબાજ શરીર છે. શાથી ? જીવન સીધું, વ્યસન નહિ; શ્રમ ભારે, ખોટું ખાવાનું નહિ. ડોશી હાડપિંજર જેવી. પાછી ઉંચકવાની શરમ નહિ. કેમ ? 'આ પૂજ્ય માતા છે, પૂજ્ય તપસ્વિની છે, પૂજ્ય ગુણિયલ સાધર્મી છે,' આ ભાવો તો આજે ગયા ને ? હા કહેતા મા. આ આજના કાળની વાત છે. બસ, માતાને નવજવાને ખભે ઉંચકી હડો ચડાવી દીધી. પછી માતા પોતે જ ખભેથી ઉતરી જઈ કહે છે 'સીધું તો હું ચાલી શકીશ.' એમ કરી સીધું ચાલી. વળી હડો આવ્યો ત્યાં પુત્રે એને ખભે લીધી, આગળ સીધું આવ્યું ત્યાં ચાલી...

એમ કરી માતાને ઉપર દાદાના દરબારમાં પહોંચાડી દીધી. હવે પૂછે છે, 'મા ! બોલ ! શું ઈચ્છા છે ?' મા કહે 'દાદાની પહેલી પૂજા કરવી છે.'

કહો તો ખરા, 'આ કોને કહેતી હશે ?' જેને આજે ય ડોળીના રૂપિયા પાંચ આપવા વધારે પડ્યા, તે મા માટે ય ડોળી ન કરી તેને ! પણ છોકરાનો જીવ જુદો છે. એણો તો તરત જ જે બે-પાંચ હજાર રૂપિયા લાગ્યા તે લગાડી પહેલી ઉછરામણી લીધી ! માને ખૂબ આનંદથી સારી રીતે પૂજા કરાવી !

હવે માતાને પૂછે, 'બોલ મા ! હવે શું જોઈએ ?'

માતા કહે, 'રૂપિયાની ઝોળી દે. આ બિચારા પૂજારીઓ, ભાટ, બારોટો આજ મોટા દહાડે દાનની આશા રાખે' જુવાને રૂા. ની ઝોળી દીધી તે માતા વહેંચવા લાગી. પછી નીચે ઉતરતાં કેઈક દીન દુઃખીને દાન દેતી દેતી ઊતરે છે ! આ વાતની ડોળીવાળાને ખબર પડી ગઈ. એ રાજસ્થાની યુવાનને ડોળીવાળા આશ્ચર્ય પામી પૂછે છે, 'કેમ શેઠ ? દસ નહિ પાંચ આપું.' એમ પાંચ રૂપિયામાં તો કસર કરતા હતા ! ને આટલું બધું ખરચી આવ્યા ?'

બોલો, રાજસ્થાની યુવાને શો જવાબ દીધો હશે ? જવાબ હૃદયમાં કોતરી રાખવા જેવો છે...

એ કહે છે. 'તમને ખબર નથી ? રૂપિયા તારા આપેલા નહોતા. **રૂપિયા તો મારા આદેસર દાદાના હતા તે એ રૂપિયા દાદાના ખોળે જાય કે તારા ખોળે આવે ?'**

જ્યાંથી આત્મિક લાભ મળે ત્યાં પહેલું ખરચવું અને તે ય ખૂબ ખરચવું...

પર્યુષણાના આ પરમ પવિત્ર દિવસે... પાંચ કર્તવ્યમાંથી બીજા સાધર્મિક ભક્તિના કર્તવ્યની વાત ચાલી રહી છે. મળેલી પુણ્યાઈને સફળ કરવાનો વિચાર

ચાલી રહ્યો છે... તેમાં આપણે પુણિયો શ્રાવક, ઝાંઝણશાહ મંત્રી, કુમારપાળ મહારાજા, પેથડશાહ મંત્રી, વસ્તુપાળ-તેજપાળ, દેદાશાહ સવચંદ-સોમચંદ શેઠ, વિજયશેઠ-વિજયા શેઠાણીની ભક્તિ કરનાર જિનદાસ શ્રાવક... આદિ, અને આધુનિક દૃષ્ટાન્તોમાં મુંબઈના કાકા-કાકી, ઈત્યાદિ અનેક પુણ્ય પુરુષોને યાદ કરવાના છે...

**જાતના ખર્ચમાં સાંકડા, એ પરોપકારમાં પહોળા થઈ શકે,** આ વિષય પર મુંબઈના કાકા-કાકીની વાત જાણો છો ?

**કાકા-કાકીની સાધર્મિક ભક્તિ...**

અલબેલી મુંબઈમાં ગીરગામ બેકરોડપર દુભાષ ગલીમાં એક જૈન યુગલ રહે,- ડોસો ને ડોસી બે. એમને ત્યાં ચાર જુવાનિયા જીવદયાની ટીપ લઈને આવ્યા. એમને એમણે આવકાર્યા, 'પધારો !' મેલું ઘેલું ગાદલું નાખી બેસાડ્યા. બાજુના નોકરને હાક મારી બોલાવી કહે છે, 'જા રામા ! આ મહેમાન ભાઈઓ આવ્યા છે, એમના માટે ચાર કપ ચા લઈ આવ !'

મહેમાન કહે, 'ના, ના, કાકા ! ચા નથી પીવી.' ત્યારે કાકો છોકરાને કહે 'હાં હાં અલ્યા એ ? જો ભાઈઓને ચાની બાધા હશે. તું ચાર છાલકા જેટલું કઢેલું દૂધ લઈ આવ. જોજો હોં એમાં બદામ, પીસ્તા, કેસર નખાવી લાવજે.' પેલા કહે 'ના, ના, કાકા ! ચાની બાધા નથી, પણ અમારા કામ માટે આવ્યા છીએ એમાં વળી તમારી ચા પી નાખવાની ? રામા ! કશું લાવવું નથી' એમ એ કહેતા રહ્યા, અને રામો ઊપડી ગયો, લઈ આવ્યો કઢેલું દૂધ. આગંતુકોને છાલકા ભરીને પાયાં.

હવે કાકો કહે,- 'કહો ભાગ્યશાલીઓ ! મારા લાયક કામ-કાજ હોય તો બતાવો !'

જુવાનિયા કહે, 'કાકા ! કામ કાજ તો શું ? પણ આજે રવિવાર હતો, મનને થયું કે પાંજરાપોળમાં ખડ-ઘાસ ખૂટવા આવ્યું છે. અબોલ જીવો બિચારા ભૂખે મરશે ! થોડા પૈસા ઉઘરાવી લાવીએ, તો ઘાસ આવે. આજે રવિવાર, એટલે નીકળી પડ્યા છીએ.'

'સારો આંકડો લખાવવા માટે પહેલાં તમારે ત્યાં આવ્યા છીએ.'

કાકો કહે, 'તો દીકરા ! તમે ભૂલા પડ્યા ! મારા ગરીબના આંકડા પર તમારી ટીપ શી સારી ચાલશે ? કોઈ સારા માણસને ત્યાં જ પહેલાં જવું હતું ને ? સારી રકમ પ્રારંભે લખાય તો પછી રકમો ઠીક ઠીક ભરાય !'

જુવાનિયા કહે, 'કાકા ! કાંઈ ચિંતા નહિ, તમારા જેવા દિલવાળા મહાન માણસની રકમ પર ટીપ થઈ જ જવાની.'

કાકો કહે, 'તો ભલે, મારું નામ લખતા નહિ. લો લઈ જાઓ ૫૧/ રૂ.'



પેલા કહે, 'કાકા ! એટલા ન હોય.'

'તો ૧૦૧/ લઈ જાઓ,'

'ના, ના એટલા ન હોય,'

'તો ૨૦૧/ લઈ જાઓ'

પેલા ના ના કહેતા ગયા, ને કાકા આંકડો વધારતા ગયા તે ૫૦૧/ રૂ. સુધી પહોંચ્યા. છતાં જુવાનિયા કહે, 'કાકા ! ૭-૮ હજારની ટીપ કરવી છે, તે આટલા આંક પર શે' પૂરી થાય ? માટે રકમ વધારો.'

આ રકઝક ચાલતી હતી ત્યાં ગેલેરીમાં કપડા સૂકવતી કાકી, કાકાને ધમકાવતી કહે છે 'આ છોકરાઓ બિચારા ક્યાં પોતાના કામ માટે રૂપિયા લેવા નીકળ્યા છે ? એ તો ભૂખે મરતા મૂંગા ઢોર માટે લેવા આવ્યા છે, તો એમને ટિંગળાવો શું કામ ? એમને રાજી કરો.'

ડોસો કહે, 'લ્યો આ કાકી તમારી દલાલી કરે છે, તો બોલો કેટલા આપું ?'

જુવાનિયા કહે, 'કાકા ! '૧૦૦૧/ રૂા.'' કાકા કહે ''સારુ લઈ જાઓ રૂા. ૧૦૦૧/.'' ડોસીને કહે, 'લાવજો પેલા પીપમાંથી રૂપિયા કાઢી આપજો.' જુવાનિયા પૂછે, 'કાકા ! નામ શું લખીએ ?' ડોસો કહે, 'જુઓ ભાઈ ! નામ લખવાની તો મેં પહેલેથી જ ના પાડી છે. છતાં લખવું હોય તો લખો. એક શ્રાવક તરફથી...'

કેટલી ગુપ્ત સુકૃતની કરણી ! કારણ કે આટલા રૂપિયા આપીને પરલોકના પુણ્યની કમાણી કરવી હતી, નામની કમાણી નહિ. ડોશીએ અંદર આવી બે પીપ પડ્યા હતા એમાંથી એક પીપ પરના ગાદલા નીચે ઉતારી પીપની અંદરમાંથી જૂનું પોસ્ટનું રજિસ્ટરનું કવર કાઢી એમાંથી રૂ. એક હજારની નોટ કાઢી આપી. આટલી કિંમત નોટો ભંગાર રજિસ્ટર કવરમાં ? હા, જેને સુકૃત કરવા છે એને ખોટા ખરચા કરી કિંમતી મોટા અપ્ટુડેટ ચામડાના પાકીટ વગેરે વસાવવાનો ઠઠારો ન હોય. કાકાએ રૂ. ૧૦૦૧ આપ્યા પછી કહે છે, 'ફરીથી કામ હોય ત્યારે આવજો...'

જુવાનિયા વિસ્મય પામ્યા ! એક જુવાનિયો ઉઠતાં ઉઠતાં કહે 'કાકા ! એક સવાલ પૂછું ?' 'પૂછ ભાઈ ! ખુશીથી પૂછ.'

જુવાનિયો કહે છે, 'જુઓ કાકા ! અમે અહીં દાદરો ચઢતા હતા ત્યારે દાદર પડતી આ રૂમની બારીમાંથી અવાજ સંભળાયો, એમાં તમે કાકીને વઢતા હતા - કે 'પંદર દિવસ ચાલે એવું દિવાસળીનું બાક્સ કેમ પાંચ દિવસમાં પૂરું થઈ ગયું ?' ત્યારે અમને એમ થયું કે 'આવા કંજુસ માણસ ટીપમાં શું લખાવશે ? પરંતુ આપે તો રૂા. ૧ હજાર જેવી માતબર રકમ આપી દીધી ! એથી કંજુસાઈનો ભ્રમ તો નીકળી ગયો. પરંતુ આ સમસ્યાનું રહસ્ય ન સમજાયું ! તો એ કહેશો ખરા ?'

કાકા કહે, 'જુઓ ભાગ્યશાળી ! એવી રીતે જાતના ખરચામાં કરકસર કરી બચાવતા રહીએ, તો પછી બચેલી રકમથી સુકૃત સારા થઈ શકે. એટલે સમજી રાખો કે **'જાતના ખર્ચમાં સાંકડા, એ પરમાર્થના ખર્ચમાં પહોળા રહી શકે. બાકી જાતના ખર્ચમાં પહોળા પહોળા થાય, એ સુકૃતના કાર્યમાં સાંકડા દિલના જ રહેવાના.'**

જુવાનિયાઓએ આ સાંભળી જીવનમાં ઉત્થાનની એક મહાન ચાવી મળ્યાનો આનંદ અનુભવ્યો, ને સમજી ગયા કે જીવનમાં ઉત્થાન સદ્‌વિચારો, સદ્‌આચારો ને સમ્યગ્ વચનોરૂપી ત્રિવિધ સુકૃતોથી જ થાય...

**'હીરાના હારની ચોરી' નું દૃષ્ટાન્ત...**

ત્યારે આપણે ત્યાં પણ સાધર્મિકનો ઉદ્ધાર કરનારા અનેકાનેક આત્માઓ પૂર્વે થઈ ગયા છે... અને હજુ થયા કરે છે. તમે જો હીરાનો હાર ચોરનાર શાન્તનું શ્રાવકનું દૃષ્ટાન્ત સાંભળી ગયા હશો, તો ત્યાં પણ જે જિનદાસ શેઠનો હાર ચોરાયો, તેની સાધર્મિક પ્રત્યેની લાગણીના વેગની ખબર હશે. પોતે ઉપાશ્રયે પ્રતિક્રમણ કરવા આવ્યા છે, અને સામાયિક લેતાં પહેલાં ગળામાંથી કિંમતી હાર ઉતારી બાજુમાં મૂક્યો છે. સામાયિક તો દુન્યવી બધા પાપવ્યાપાર છોડવા માટેનું જ છે, પછી અંગ પર આભૂષણ રખાય ? ભૂલા મા પડજો; પરમ દયાળુ પરમાત્માએ આ અનુપમ સામાયિકધર્મનો માર્ગ બતાવી આપણા ઉદ્ધાર માટેનો અપરંપાર ઉપકાર કર્યો છે. તો જ અલંકાર-ઠઠારાની મોહમાયાને બે ઘડી માટે પણ ઓછી કરી શકવાની સોનેરી તક મળે છે ! અને એ વાત પણ વિચારવા જેવી છે, કે

**'જો માણસ આત્માથી પર એવા, ને શરીરથી પણ પર એવા મોહક ઘરેણાં વગેરેના ઠઠારામાં મોહિત બની જાય અને એનાં મહત્ત્વમાં ધર્મનું તથા સ્વાત્માનું મહત્ત્વ ઉતારી નાખે, તો આત્મગુણોમાં લીન બની એનું સાચું મહત્ત્વ ખીલવવાનું ક્યારે ?'**

જિનદાસ શેઠ તો હાર બાજુએ ઉતારી પ્રતિક્રમણ નિરાંતે કરે છે. પણ એની બાજુમાં બેઠેલો શાન્તનું શ્રાવક 'અહો ! હાર કિંમતી છે, હું દુઃખી છું, દેવું પતાવવાનું છે, નહિતર ઘરના ઠામવાસણ પણ વેચાશે.' એમ વિચારી પ્રતિક્રમણમાંથી વહેલો ઊઠી અંધારાનો લાભ લઈ લીધો. હાર લઈ ઘર ભેગો થઈ ગયો. હારનો માલિક તો ત્યાં હાર ન દેખાવાથી સમજી ગયો કે એ શાન્તનુ લઈ ગયો, કેમકે બાજુમાં તે જ શ્રાવક હતો; પણ પછી લેશ પણ બોલ્યા વગર એ ઘર તરફ ચાલ્યો.

**સાધર્મીના અપરાધપર શ્રાવકની ઉત્તમ વિચારણા :-**

રસ્તે જતાં જતાં મનમાં એ વિચાર કરે છે કે 'અરે ! હું કેવો પ્રમાદી કે મેં



સાધર્મિકના દુઃખને જાણ્યું નહિ, દર્દને પિછાણ્યું નહિ ! એને કેટલી મોટી આપત્તિ હશે ત્યારે બિચારાને આ કરવું પડ્યું હશે ? નહિતર શ્રાવિકા-માતાનો દીકરો આવું ચોરીનું કામ કરે ? અરે ! એ તો એક પવાલાની પણ ચોરી ન કરે.'

**શ્રાવક ચોરી કેમ ન કરે ? કેમકે એ જાણે છે કે,-**

(૧) 'ચોરીના માલની સુખની મુદત અને સુખનું પ્રમાણ બહુ અલ્પ છે, ત્યારે ચોરી પાછળના આભવ-પરભવના દુઃખની મુદત અતિ દીર્ઘ અન દુઃખનું પ્રમાણ અત્યંત મોટું છે. એવા દુઃખ વહોરવામાં શો લાભ ? એના કરતાં તો ચોરી કર્યા વિના અહીંના વર્તમાન દરિદ્રતાદિના અલ્પ દુઃખ વેઠી લેવા સારા.'

(૨) બીજું એ, કે 'જન્મ આપીને પાળવા-પોષવાનો મહાન ઉપકાર કરનાર માતા-પિતાને અને કુળને ચોરીથી કલંક લાગે છે. પ્રત્યુપકાર કરવો તો દૂર રહ્યો, પણ ઉપરથી મહાઉપકારીઓને કલંક લગાડવાનું ? એવા યોગ્ય માતા-પિતાને દુઃખ લગાડવાનું ?'

(૩) વળી 'ચોરીથી અનાદિના કુસંસ્કાર પોષણ પામી આત્મા પર એવા જડબેસલાક બેસે છે કે આ ભવ પછીના કેટલાય ભવોમાં એને દૂર કરી શકાતા નથી. ને ચોરીઓ કર્યે જવાય છે ! તેથી ન્યાયસંપન્નતા અને નીતિના સુસંસ્કાર તથા બીજા પણ સુસંસ્કાર કેળવી શકાતા નથી.'

(૪) 'ચોરીના એક દુર્ગુણથી ધનલાલસા, માયાકપટ, જૂઠ, સ્વાર્થ, વિશ્વાસઘાત વગેરે અનેકાનેક દુર્ગુણો પગભર થાય છે. એ આત્માને વશ કરે છે, ધર્મ ભૂલાવે છે, રત્ન-ચિંતામણિ જેવો માનવભવ બરબાદ કરાવે છે.'

(૫) 'ચોરીથી આ ભવમાં કેદ, ફટકા, નાલેશી, ફાંસી વગેરેનાં દુઃખ, અને પરભવમાં નરક વગેરેના ઘોર દુઃખોની પરંપરા ચાલે છે.'

(૬) 'આ વિશિષ્ટ ભવમાં મોક્ષની નિકટતા કરવા માટે હૃદયમાં અખંડ પવિત્ર વિચારસરણી અને ભાવનાઓ કેળવવાની મળેલી ઉત્તમ સોનેરી તકનો ચોરી કરવાથી લાભ નથી લઈ શકાતો. કેમકે **ચોરી અને નારી ચીજ જ એવી છે કે મન આખો દિવસ એમાં જ રમતું રહે છે. પછી મનને એ મહા કલુષિત અને તામસી બનાવે છે. ત્યાં સારી વિચારણા સારી ભાવનાઓને સ્થાન જ નથી રહેતું.'**

પેલો શ્રીમંત જિનદાસ શ્રાવક આ વિચારે છે,- "આવા મહાન નુકસાનોને સમજનારો શ્રાવક ચોરી શાનો કરે ? પણ ખરેખર ! આ શ્રાવક કોઈ મહાન અસહ્ય દુઃખમાં આવી ગયો હશે, તેથી એને આ પ્રમાણે કરવું પડ્યું હશે, એટલે એના આ કાર્યમાં વાંક મારો છે; કેમકે છતી શક્તિએ મેં સાધર્મીની સંભાળ ન કરી. મારા પ્રાણભૂત પરમાત્માનું એ પ્યારું સંતાન, અને એને હું ભૂલ્યો ? જિન

પરમાત્માના અનુયાયી જૈન તરીકે ગણાવાનો હક તો જ રહી શકે, કે પોતે જો પોતાના સીદાતા જૈન બંધુની સંભાળ લેવાનું કર્તવ્ય માન્યું હોય. કર્તવ્ય તે છે કે જે ચૂકવામાં ગુનેગાર થવાય છે.''

**જો પરોપકાર ચૂકાયો, તો તેવો ગુનો કર્યો નથી ગણાતો; પણ કર્તવ્ય ચૂકવામાં ગુનો મોટો ગણાય છે.**

''એટલે જ આ શ્રાવક-સાધર્મીની સંભાળ લેવાનું હું ચૂક્યો એ મારો મહાન ગુનો છે. એણે મને ઠીક ભાન કરાવ્યું. હવે કાલે ગુરુમહારાજ પાસે મારે આ મારા ગુનાનું પ્રાયશ્ચિત માગવું પડશે.''

લોકોત્તર શાસન પામ્યાના પ્રતીક તરીકે કેવીક ઉમદા વિચારણા ને વિવેક ! અને વસ્તુ-તત્ત્વનું કેવુંક આલોચન ! તીર્થંકરદેવ પ્રત્યેની સાચી પુત્રપણાની કેવીક સચોટ માન્યતા !

બીજે દિવસે પોતે વ્યાખ્યાનમાં આવે છે. પેલો શ્રાવક પણ વ્યાખ્યાનમાં આવ્યો છે, કેમ ? એમ સમજીને કે ''રોજ મુજબ આજે ઉપાશ્રયે નહિ જાઉં, તો મારા પર જિનદાસ શેઠ વહેમાશે કે 'એણે જ મારો હાર ચોર્યો હશે, તેથી જ અહીં મોં નહિ બતાવ્યું હોય.' માટે રાબેતા મુજબ કરતા રહેવાનું.'' જુઓ પાપ કર્યા પછી પણ માની લે છે કે ક્યાં કોઈ મારું પાપ જાણે છે ? અગર પકડી શકે એમ છે ? શું આ ? ચોરી કેમ ભયંકર ? તો કે (૧) ચોરીના પાપની પાછળ પશ્ચાત્તાપ-ડર-શંકાદિ થવું મુશ્કેલ છે. (૨) ચોરીનું એક પાપ બીજું માયાનું નવું પાપ આચરાવે છે. (૩) ઉપાશ્રયે આવવાની ધર્મક્રિયા પણ ચોરીનું પાપ ઢાંકવા માટે થાય છે !

અહીં તો વ્યાખ્યાનમાં પ્રસંગ આવતાં પેલા જિનદાસ શેઠ ઊભા થઈ ગુરુમહારાજને કહે છે,-

'ભગવન્ ! મારે કંઈક કહેવું છે.'

આ સાંભળતાં જ હાર ચોરનાર શાન્તનું શેઠના તો હોશકોશ ઊડી જાય છે. ''અરેરે ! આ જરૂર જાહેર કરશે કે મારો હાર ચોરાયો છે; અને તે વખતે મારી પાસે પ્રતિક્રમણમાં આ જ શ્રાવક બેઠા હતા, તે વહેલા ઊઠીને ચાલ્યા ગયેલા. પછી મારો હાર મળ્યો નથી.'' પણ એને ક્યાં ખબર છે કે **'સંઘ પર વાત્સલ્ય ધરનાર જીવો સંઘના સભ્યની જાહેરમાં જાંઘ ન ખોલે, દોષોનું ગેઝેટિંગ ન કરે,' ક્ષુદ્રને ઉદારના દિલની શી ખબર હોય ?** ગુરુમહારાજ રજા આપતાં શેઠ કહે છે,-

'ગુરુજી ! પ્રાયશ્ચિત્ત આપો.'

'પણ આમ જાહેરમાં ?' ગુરુમહારાજ પૂછે છે-

'હાજી ગુનો જાહેર છે તેથી.'



'શો ગુનો ? શી વાત છે ?'

'પ્રભુ ! સીદાતા સાધર્મીની સંભાળ લેવી હું ભૂલી ગયો.' અહીં ગુરુજી 'કયા સાધર્મી ?' એવું પૂછે એમ નથી, કેમકે એ બધું ખુલ્લું કરવાનું ન હોય. ગુરુ માત્ર એટલું જ કહે છે, 'પછી મળજો.'

આટલા પ્રસંગે તો હાર ચોરનાર શ્રાવક પર અજબ કામણ કર્યું. એ વસ્તુ સમજી ગયો. એથી એના હૈયામાં પશ્ચાત્તાપનો પ્રચંડ અગ્નિ પ્રગટ્યો. 'હાય ! હાય ! મેં પાપીએ આ શું કરી નાખ્યું ? કોનો હાર ચોર્યો ? આવા મહાન પવિત્ર પુરુષોનો ? તે ય ચોરવામાં જઈને ઠેઠ કિંમતી રત્નનો હાર ચોર્યો ? કેટલું મારું નીચ ચંડાલકૃત્ય ! ચંડાલ પણ આવું ન કરે. ભયંકર ગુનો તો મારો છે, અને પ્રાયશ્ચિત્ત એ માગે છે ! આ મારા પાપે હું આ ભવચક્રમાં કેટલા ભવ ભમવાનો ? પ્રભુ ! પ્રભુ ! બચાવ મને, આવા ઉદાર પ્રેમાળ સાધર્મિકની ચોરી કરવાને બદલે એમની આગળ જઈ સીધી માગણી કરી હોત તો ય એ સારી રીતે આપત ! પણ હવે તો હું માગવા લાયક પણ નથી રહ્યો. પહેલું કામ તો મારે તરત જ હાર શેઠને પાછો આપી આવવાનું કરવાનું.'

માણસની ઉદારતા અને પોતાની ભૂલનો ઇકરાર ચોરના પણ હૃદયને પણ કેવું પલટી નાખે છે ! એનો આ તાદૃશ નમૂનો છે. ચોરોને કે બીજા ગુનેગારોને સુધારવા છે ? તો સમજી રાખો કે માત્ર નવા નવા કાયદાથી નહિ સુધારી શકો. અરે ! કાયદાથી એને દબાવી ય નહિ શકો. કાયદાની ચુંગાલમાં તો બિચારા કપરા સંયોગ-પરિસ્થિતિવશ મામૂલી ગુનો કરનારા પકડાશે. બાકી અઠંગ ગુનેગારો તો કાયદો ન લાગે એની પહેલેથી તૈયારી કરી રાખશે, એવાને તો સુધારવા-દબાવવાનું કામ સંત પુરુષોની વાણી કરશે. સત્ પુરુષોની સક્રિય ઉદારતા કરશે, પોતાની ભૂલોનું પરિમાર્જન કરશે.

વિચાર કરીને તરત જ શાન્તનું વહેલી સવારે શેઠને ત્યાં જઈ ઊભો રહ્યો, શેઠે આવકાર આપ્યો. આ હાર કાઢીને શેઠના હાથમાં મૂકે છે.

જિનદાસ શેઠ પૂછે છે, 'કેમ ભાઈ ! આ શું છે ?'

આ જવાબ કરે છે, 'અરે ! શેઠ સાહેબ ! શું પૂછો છો, ઓળખ્યો નહિ ? આ આપનો હાર છે.'

'મારો ?'

'હાજી, આપનો.'

'ના ભાઈ ના, આ મારો હોય જ નહિ.'

'અરે શેઠજી ! શંકા ન રાખો હાર બદલાયો નથી. એ જ હાર છે આપનો.'

પોતે વહેમાય છે કે 'શેઠને પોતાનો કિંમતી હાર બદલાઈ ગયો લાગતો હોવો જોઈએ.' તેથી વહેમ દૂર કરવા આમ હાર ન બદલ્યાનું કહે છે, પણ શેઠને તો એવું મનમાંય નથી. ત્યારે એમણે કેમ એમ કહ્યું કે, 'આ મારો હોય નહિ ? એનો ખુલાસો હવેના ઉત્તરમાંથી જુઓ.'

શેઠ કહે છે, 'પણ મહાનુભાવ ! હું ક્યાં કિંમતીને બદલે ભળતો હલકો આવ્યાનું કહું છું ? હું તો એમ કહું છું કે મારો હાર ખોવાયો જ નથી.'

આ સાંભળીને ચોરનારો ઠરી જ જાય છે. એને એમ થાય છે કે 'આ શું કહે છે ? ત્યારે શું ભૂલી ગયેલ હશે ? એક મામૂલી વસ્તુ ગુમાવ્યાનું તરતમાં નથી ભૂલાતું, તો આ તો હીરાનો હાર ! એ કેમ ભૂલાય ? છતાં લાવ યાદ કરાવવા દે,' એમ વિચારી કહે છે,

'શેઠ સાહેબ ! ગઈ રાતના પ્રતિક્રમણ વખતે આપનો હાર હું ચોરી ગયેલો તે જ આ હાર છે.'

'અરરર ! ખમા તમને, આ શું બોલ્યા ? તમે અને ચોરી ગયા ! છિટ્ છિટ્ છિટ્ એવું ન બોલો. હાર મારો ચોરાયો જ નથી.'

એટલામાં શેઠાણી ત્યાં આવે છે. એ પણ પતિની વાતનું સમર્થન કરે છે. ચોરનારને એ કહે છે, 'ખરી વાત છે એમની, અમારો હાર ચોરાયો જ નથી; અને તમે શ્રાવક ચોરી કરો જ નહિ. માટે મહેરબાની કરીને એવું બોલો મા...'

લ્યો જુઓ, આ પતિ-પત્નીનું યુગલ કેવું ? કેમ જાણે એક જીવ અને બે શરીર ! એટલે એક જ જાતના આદર્શ, એક જ જાતની ઈચ્છા, ને એક જ જાતનો મત ધરાવે છે. ધરાવે એમાં નવાઈ નથી, પ્રભુ

**જિનશાસનને અનુસરનારા હજારો-લાખો મનુષ્યો એક જ મોક્ષના આદર્શવાળા, એક જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપરૂપ ધર્મની ઈચ્છાવાળા, અને શ્રી સર્વજ્ઞ વીતરાગ પરમાત્માના સિદ્ધાંતને અનુસરતા મતવાળા હોય છે.**

તો આ તો પતિ-પત્ની બેજ જણની વાત છે. બેય એવા એકમતી છે કે પેલો બંનેના સામું જોયા કરે, પણ બન્ને ય હાર ચોરીની વાતથી જાણે સાવ અજાણ્યા જ હોય એવું લાગે છે. એ પરથી એમના હૈયાની ઉદારતા અને ઉમદાપણાના ખ્યાલમાં અને તેની સામે પોતાની ક્ષુદ્રતા અને નીચતાની સરખામણીમાં તેનું હૃદય દ્રવીને કંપી ઊઠે છે. આત્મા પાણી-પાણી થઈ જાય છે. ઊભો થઈ શેઠના પગમાં પડતો છાતીફાટ રડે છે, કહે છે "શેઠ મારા ! હું જાણું છું કે હાર મેં જ આપનો જ ચોર્યો છે. પણ આપ બન્નેની ઉમદા દિલાવરતા મારા પર મુશળધાર કૃપાનો વરસાદ વરસાવી રહી છે ! મારા નાથ ! દાન દેવા હજી સહેલા છે, પણ આવા



મહાકિંમતી રત્નહાર ચોર્યા પછી માલ સાથે ગુનેગાર આવવા છતાં એક જ કહેવું કે 'મારો હાર ચોરાયો જ નથી !' એ તો આપ સરખા કોઈ દૈવી પુરુષ જ કહી શકે ! આપે મારી આંતરચક્ષુ ઉઘાડી નાખી છે. મનુષ્યના ઉત્તમ અવતારે ધર્મના ઓઠા હેઠળ ધર્મી આત્માના માલની ચોરીની મારી ચંડાલ સરખી અધમતા ક્યાં ? પોતાના જ ચોરાયેલા મહાકિંમતી માલને આ રીતે જતો કરવાની ઉચ્ચ ઉદારતા ! ખેર ! હું તો આ તમારો હાર અહીં મૂકીને જ જવાનો; પણ મને આપની ઉચ્ચતાનું રહસ્ય નથી સમજાતું." એટલું કહી ઉત્તરની રાહ જોતો સામે બેસી જાય છે;

**હાર ચોરાયા પર ઉત્તમ વિચારણા...**

શેઠ કહે છે, "ભાગ્યશાળી ! પૂર્વે પુરુષસિંહો જે ઉચ્ચતા આચરી ગયા છે, એ મારી આંખ સામે તરવરે છે. તેથી મને મારી જાત મહાઅધમ લાગે છે. જૈનોના ઘર ભર્યા હતા, છતાં દાનવીરો જૈનોને નિત્ય બારે માસના ત્રણસો સાઠે ય દિવય નવકારશી જમણ આપવાની ઉચ્ચતા આચરતા ! આજ હું ભર્યાની ભક્તિ કરવાની ઉદારતા તો નહિ, પણ સીદાતાની ય સંભાળ નહિ કરવાની અધમતા આચરી રહ્યો છું. મારા સાચા બધું ! તેં તો મારી બીડેલી આંખો ઊઘાડી નાખી છે. તારો હું કેટલો ઉપકાર માનું ? આ જગતમાં પૈસા-આવવા-જવાની વસ્તુ તો એક અતિ સામાન્ય બાબત છે. પરંતુ વિવેક અને શુભભાવના આવવી એ મહાન વિશિષ્ટ બાબત છે. હું તો મારા પૈસાના કેફમાં દારૂડિયાની જેમ મસ્ત બની બેસાવધ હતો, અવિવેકી હતો, અરે ! સદ્‌ભાવનાથી પરવારેલો હતો; પરંતુ કેમ જાણે મારો નશો ઉતારી નાખી મારામાં વિવેક અને સદ્‌ભાવના જગાવવા તેં હાર લેવાનો અખતરો કર્યો ! અને હાર લેવા પૂર્વે મારો ધર્મબંધુ મારા ધર્મપિતા દેવાધિદેવનો પ્યારો પુત્ર, કેટલો બધો સીદામણમાં કચરાતો હશે ? એને ટાળવા કેટકેટલા ઉપાય એણે કર્યા હશે ? એ બધામાં કેવી હૃદયને આઘાત લગાડનારી નિષ્ફળતા મળી હશે ? ત્યારે તો આ કાર્ય એને કરવું પડ્યું હશે ! તો પછી મારા પૈસા શું મારી ચેહ બાળવા જ ઉપયોગી છે ?"

"જગદ્‌બંધુ-પ્રભુની સેવાએ મને બે પૈસા આપ્યા, તો છતે પૈસે સાધર્મિકના દુઃખ ન ફેડું એ કેવી મારી સ્વાર્થપટુતા ! કેવી ધનના માથે ફણિધર જેવી દશા ! આમ જ જો ચાલ્યું હોત તો મારા સાધર્મિકો સીદાઈ મરત, અને પેટની ચિંતામાં ધર્મચિંતા ભૂલત, તેથી મારા પિતા-પ્રભુની ચાલી આવતી ધર્મ-સંસ્કાર અને ધર્મ-પ્રવૃત્તિની પેઢીને મહાન નુકસાન પહોંચત ! પછી જૈનધર્મશાસન એના આરાધકોની ઠીક સંખ્યાના અભાવે દુનિયામાં કેવું કંગાળ દેખાત ! તેમજ સીદાતા જૈન ગૃહસ્થો

કદાચ સત્ય માર્ગ કેવો ગુમાવત ! ઈત્યાદિ મારી વિચારણા ઉપર મારે મારી ભયંકર ભૂલનું આજે ગુરુદેવ આગળ પ્રાયશ્ચિત્ત માગવું પડ્યું. 'મહાનુભાવ ! તારો તો અમે બન્ને જણ ખૂબ ઉપકાર માનીએ છીએ.' આ હાર તો સાધર્મી ઉદ્ધારમાં જ અમે કલ્પી લીધો છે, તે તું લઈને જ જા."

શેઠના આત્મનિવેદને તો હાર ચોરનારનું દિલ હવે ખૂબ જ હચમચાવી નાખ્યું. એ નીચે ગાદી પર મૂકી દીધેલા હારને હાથ પણ શાનો અડાડે ? છતાં શેઠે છેવટે બહુ કરગરીને એનું દેવું પતાવવાની રકમ આપી...

વિચારો કે સાધર્મી પ્રત્યેની હાર્દિક લાગણી અને કર્તવ્યનું સચોટ ભાન કેવુંક ઉચ્ચ હૃદય બનાવે છે ?

અને આવા કિંમતી હારની ચોરીના પ્રસંગને કેવો ઊલટો પોતાનો આત્મોદ્ધારક પ્રસંગ મનાવે છે !

**આત્મપરાવર્તન, કોમળતા અને ઉમદા વિચાર-સરણીનો પાયો, સાધર્મી ઉપરના પ્રેમ-બહુમાનમાં છે.**

**ખરેખર કામ કરનારા પોતાના માથે શક્ય એટલી જવાબદારી ઉઠાવી જ લે છે.**

**પુણ્ય વધે ત્યાં પાક બહુ ઊતરે; પાપ વધે ત્યાં નુકસાન બહુ ઊતરે.**

**પોતે સત્તાધીશ છે માટે ધાડ ન પડાય, ખાસ ન્યાયી રહેવું જોઈએ,- એનું નામ માનવતા.**

**ગંજાવર અનાજનું દાન કરનાર છતાં કહેવું કે 'કોઠાર મારા નથી' એ દિલ જિનના થઈ ગયેલા શ્રાવક જગડુનું હતું.**

**(૧) અમારા સાધર્મી આખા જગતમાં બીજા બધા જીવો કરતાં ઉચ્ચ કોટિના જીવો છે. બાવા, જોગી, તાપસો કરતાં ય કેઈ ગુણા ઊંચા છે.**

**(૨) આ જગતમાં દુર્લભ એવું જ જૈનપણું છે એના કોઈ ને કોઈ સુંદર તત્ત્વો સાધર્મીમાં છે,- એ તરફ આપણું હૈયું હર્ષથી પુલકિત અને ઝુકતું થઈ જવું જોઈએ.**

**(૩) જૈનશાસન એવું અલૌકિક છે કે એમાં સાધર્મીભક્તિની પણ અપૂર્વ વાતો મળે છે...**

**(૪) જ્યાં સુધી લક્ષ્મી એ નાગણ નહિ લાગે, પારધીની જાળ નહિ લાગે, ત્યાં સુધી પરમાર્થનો રસ નહિ લાગે; અને સ્વાર્થનું વ્યસન જે અનાદિ કાળથી લાગેલું છે તે ઊભું રહેશે... પરિણામે ભવભ્રમણ !**

**પેથડશાહ અને સાધર્મી પર પ્રેમ-બહુમાન :-**

**માંડવગઢનો મંત્રી પેથડશાહ હાથીના હોદ્દે બેસી નગરીમાં સવારીએ નીકળે**



**છે.** ત્યાં જો એ જુએ કે રસ્તાપર કોઈ નવો પરદેશી સાધર્મિક દેખાયો, તો તરત જ હાથીના હોદ્દા પરથી નીચે ઊતરી પડે; અને સાધર્મિકને પ્રણામ કરી એને બે હાથે ભેટી પડે. કોણ ભેટી પડે ? માળવાદેશનો મહામંત્રી કે જે પોતાની કુનેહપર માળવાનું રાજ્ય સંભાળે છે ! એના અંગે કપડા અને અલંકાર કેવાક હશે, કહો તો ખરા ? અને આ આવનારા સાધર્મિક મુસાફરના કપડા કેવા હશે ? આવનાર કોઈ ગરીબ પણ હોય થીંગડિયાં મેલાં કપડાં પર ધૂળના ઢેર ચઢી ગયા હોય, એવા પણ આ સાધર્મીને પેથડશાહ છાતી સરસો ચાંપે છે ! કલ્પનામાં આવે છે ? એમના હૈયામાં સાધર્મી પ્રત્યે કેટલું બહુમાન અને પ્રેમ ઉછળતા હશે ? મુંબઈ કોર્ટના રસ્તા વચ્ચે કોઈ મહાન કરોડપતિ શેઠિયો મોટરમાંથી ઊતરી પડે, અને કોઈ ગરીબ સાધર્મીને નમી, હરખથી એને ભેટી પડે, તો સાધર્મીને કેટલું બધું ધર્મ પ્રોત્સાહન મળે ? બીજાઓના મનને પણ ધર્મ પર કેવુંક ઉચ્ચ બહુમાન જાગે ?

પર્યુષણામાં સાધર્મિક-વાત્સલ્યનું કર્તવ્ય બજાવવું છે, તો એ માટે, યાને

**સાધર્મિક-વાત્સલ્ય માટે પહેલા નંબરમાં આપણા હૈયામાં સાધર્મિક પર આ પ્રેમ-બહુમાન ઉછળતા કરવાના છે.** આર્થિક શક્તિ તેવી ન હોય તો સાધર્મિકોને સારાં જમણ ન આપી શકો, અર્થાત્ જે નિર્ધન હોય એ ધન આપીને ઉદ્ધાર ન કરી શકે, પરંતુ આ પ્રેમ-બહુમાન તો હૈયે ધરી શકે ને ?

એમ સાધર્મિક પર બહુમાન ઊછળતું હોય, એટલે ક્યાંય એની નિંદા ન સાંભળી શકાય, તેમ એમની પ્રત્યે કદીય અભાવ, સૂગ કરવાનું મન જ ન થાય, "આ બધા મારા પ્રભુના શાસનનાં સ્તંભ છે, એમની નિંદા કરાય ? એમનું હલકું બોલાય ? હરગિજ નહિ" એવી બહુમાનની ભાવના હૈયે બેઠી હોય.

આજે જૈનસંઘનું સંખ્યાબળ બહું ઓછું છે, એમાં પાછું શ્રદ્ધાબળ ઓછું જોવામાં આવે છે તે બળ વધારવા સાધર્મીનો દ્રવ્યથી અને ભાવથી ઉદ્ધાર કરવો અત્યંત જરૂરી છે.

## ● પર્યુષણા કર્તવ્ય ત્રીજું ક્ષમાપના ●

સંવત્સરી બરાબર વર્ષે જ કેમ ?

સાધર્મિક ભક્તિ પછીનું વર્ણવવાનું કર્તવ્ય ક્ષમાપના છે. કમમાં કમ સંવત્સરીએ તો અવશ્ય અરસપરસ ક્ષમાપના કરવી અને ક્ષમા આપવી એ પરમ કર્તવ્ય છે.

**પ્ર.**- સંવત્સરી પર્વ છ-આઠ મહીને નહિ, વર્ષે દોઢ વર્ષે નહિ, પણ બરાબર વર્ષે જ કેમ ? ભાદરવા સુદી સાથે જ કેમ ? પાંચમે કેમ નહિ ?

ઉ.- સંવત્સરી પાંચમે હતી ત્યારે પાંચમે થતી, પણ આજે ચોથે કરવાનું

નક્કી થયા પછી ચોથે જ કરાય, કારણ કે રાજાને ત્યાં પાંચમે નગર ઉત્સવ હતો, એથી રાજાને આરાધના માટે સંવત્સરી આઘી-પાછી રાખવી હતી. તે વખતે યુગપ્રધાન કાલિકાચાર્ય મહારાજને એનું ઈચ્છિત સાચવવામાં જિનશાસનની મહાન પ્રભાવના દેખાણી, તેથી એમણે સંવત્સરી ફેરવી, એટલે પાંચમની ચોથે કરી, પણ છટ્ઠે નહિ. હજી કોઈ તેવા પ્રસંગે ફરે તો ચોથની ત્રીજ થાય, પણ પાંચમ ન થાય. આમાં આ રહસ્ય છે. નીચેમાં નીચેનો મોક્ષમાર્ગ સમ્યક્ત્વ પણ સમ્યક્ત્વ યાને સમકિત ક્યારે ? અનંતાનુબંધી કષાય આત્મામાં જીવતો હોય, તો સમકિત નહિ. શાસ્ત્રે સૌથી ઉગ્ર કષાય તરીકે અનંતાનુબંધી કષાયને કહ્યો. તે એક વર્ષથી યાવત્ જિંદગીભર રહેનારો હોઈ શકે. અને એનાથી ઊતરતા અપ્રત્યાખ્યાનાવરણીય કષાયની બાર મહીના સુધી અવધિ કહી છે, એટલે કે એ બાર માસથી વધુ ન રહે. વધુ રહે, તો એ અનંતાનુબંધી કષાય થઈ જાય; અને **અનંતાનુબંધી કષાય એ સમકિતનો ઘાતક છે.** તેથી વર્ષભરમાં થઈ ગયેલો કોઈ ક્રોધાદિ કષાય અનંતાનુબંધીના ઘરનો ન થઈ જાય, અર્થાત્ બાર મહીના ઉપરાંત ન રહી જાય, એ જોવું જોઈએ. બાર માસ ઉપરાંત એક દિવસ પણ વધુ નહિ રહેવો જોઈએ. માટે વર્ષ પૂરું થતાં સુધીમાં તો કષાયની શાન્તિ-ઉપશમ અને ક્ષમાપના અવશ્ય થઈ જ જવી જોઈએ. છેવટે સંવત્સરી-પ્રતિક્રમણ પહેલાં ક્ષમાપના થઈ જ જવી જોઈએ. હવે ગઈ સંવત્સરી ચોથે કરી, પણ આ સંવત્સરી જો ચોથને બદલે પાંચમે એટલે કે એક દિવસ મોડી કરે; તો વર્ષ ઉપર થઈ જાય. એમ ન થવા દેવા સંવત્સરી ચોથે જ કરવી જોઈએ. હજી આખો શ્રી સંઘ કારણ પડે તો ચોથથી વહેલી ત્રીજે સંવત્સરી નક્કી કરી શકે; પણ મોડી (પાંચમની) નહિ. આ છે હેતુ સંવત્સરી વર્ષે જ કેમ ? અને ચોથ જ કેમ ?

કેટલાક અજ્ઞાન-જીવો કહે છે કે, "સંવત્સરીના ઝગડા શા ? ચોથે કરી તો શું ? ને પાંચમે કરી તો ય શું ? જ્યાં ત્યાં કષાય જ શાન્ત કરવા છે ને ? પણ એમને બિચારાને પહેલાં કહ્યું એ રહસ્યની ખબર નથી, અસ્તુ."

સારાંશ આ છે કે સર્વેએ પર્યુષણા પર્વે તો કષાય શાંત કરવા જ જોઈએ, અવશ્ય ઉપશમવું અને ઉપશમાવવું જ જોઈએ. બૃહત્કલ્પસૂત્રમાં જણાવે છે, કે 'ઉવસમસારં ખુ સામણ્ણં,' શ્રામણ્ય એટલે કે સાધુતા-મહાવ્રતોનો સાર ઉપશમ છે. કહો સાધુપણાનું મૂલ ઉપશમમાં છે. તેથી ઉપશમ માટે આપણે ક્ષમા આપી દેવી, અને બીજા પાસેથી ક્ષમા માગી લેવી, ખમાવી લેવું, એ અવશ્ય કર્તવ્ય છે.

**પ્ર.**- પરંતુ આ નિયમ તો સાધુ માટે ને ? શ્રાવકે ન ખમાવ્યું એમાં શો વાંધો ?

**ઉ.**- શ્રાવકે પણ પોતાનું સમ્યક્ત્વ તો સાચવવું છે ને ? તો પહેલા કહ્યું તેમ



જો શ્રાવક પણ પજુસણમાં ખમાવે નહિ, તો એનો અર્થ એ છે કે એનો કષાય ઊભો રહ્યો છે. ને સંવત્સરી ખમાવ્યા વિના વીતી જાય, એટલે એનો કષાય બાર માસ ઉપરનો થઈ જાય ! અને તેથી એ અનંતાનુબંધી કોટિનો થઈ જવાથી એ સમ્યક્ત્વનો નાશ કરે, સમકિત આવવા જ ન દે. સમકિત તો ધર્મનો પાયો છે. એ સાચવવા છેવટે પજુસણમાં તો ખમાવી જ દેવું જોઈએ.

જુઓ શાસ્ત્ર-કલ્પસૂત્ર ત્યાંસુધી કહે છે કે "આપણે ક્ષમા માગવા યાને ખમાવવા છતાં સામો ક્ષમા ન આપે, તો પણ આપણે આરાધક છીએ." શાસ્ત્રનો આ નિયમ લખી રાખો. **"જે ખમાવે તે આરાધક; ન ખમાવે તે વિરાધક."** એટલે આરાધક બનવા ખમાવવાનું છે, અને તે પર્યુષણા-સંવત્સરીએ સુલભ છે; કેમકે આ દિવસે આખો સંઘ ભેગો થાય છે, અને અરસ-પરસ ખમાવે છે. એ જોઈને પોતાને પણ ખમાવવાનું મન થાય.

આ સંવત્સરીનો રૂડો દિવસ એવો છે કે જે દિવસે નામ માત્રથી પણ જૈન યા શ્રાવક અને શ્રાવકનું બચ્ચું પણ પ્રતિક્રમણ કરવા આવે છે. અલબત્ત, જિનશાસનમાં 'ખામે મિ સવ્વજીવે' રોજ છે, તો પણ ઝીણા રહ્યા સહ્યા કષાયને ય શાંત કરવા સંવત્સરીએ તો અવશ્ય ક્ષમાપના થવી જ જોઈએ. ક્ષમાપના એ પર્યુષણાપર્વમાં એક મુખ્ય કર્તવ્ય છે. પોતાનો ગુનો હોય તે તો ખમાવવાનો હોય, પણ ગુનો સામાનો હોય તો પણ પોતે ખમાવી દેવું. આ વીતરાગના શાસનની અમૂલ્ય રીત-રસમ છે. શાસનનો ઉપાસક સાધુ હો યા શ્રાવક હો, એની ક્ષમાપનાની ફરજ છે. ઉપશમ વિના ઉદ્ધાર નથી. સામો ખમે-ખમાવે કે ન ખમે ન ખમાવે પોતે જરૂર ખમવું ને ખમાવવું. ફરીથી યાદ કરો,- **"ખમાવે તે આરાધક; ન ખમાવે તે વિરાધક"** એમ ચૌદપૂર્વી મહાજ્ઞાની ભગવંત શ્રી ભદ્રબાહુસ્વામીએ પૂર્વમાંથી ઉદ્ધરીને રચેલા બૃહત્ કલ્પસૂત્રમાં ફરમાવ્યું છે. તેમ મહાનિશીથસૂત્રમાં પણ ફરમાવ્યું છે કે, 'ઉપશમ ન હોય, તો કરોડો વરસો સુધી ગમે તેવો ઘોર તપ કરે, તે તપ, તપ નથી. એવા તપથી આરાધના નથી. ગમે તેવા દુશ્મન સાથે પણ વૈર-વિરોધ ખમાવી દેવા જ જોઈએ. જૈનોનું આ અવશ્ય કર્તવ્ય છે. હવે ક્ષમાપના પર દૃષ્ટાન્તો જોઈએ.'

## (૧) મૃગાવતી-ચંદનબાળાનું દૃષ્ટાન્ત :-

**ઠપકો ખરો, પણ વહાલભર્યો, અને અત્યંત મૃદુ-મુલાયમ સૌમ્ય શબ્દોમાં :-**

પરમાત્મા મહાવીરદેવની દેશનામાં એક વખત એવું બન્યું કે 'દેશના પૂર્ણ થયા બાદ પણ સૂર્ય-ચંદ્ર નામના ઈન્દ્રો પરમાત્માની ઉપાસના કરી રહ્યા હતા, તે મૂળ વિમાન સાથે આવેલા; તેથી દિવસ પૂરો થવા છતાં, ત્યાં પ્રકાશ ભરપૂર હતો

એ પ્રકાશના વિશ્વાસમાં મૃગાવતીજી સાધ્વી પણ પ્રભુની પાસે મુગ્ધ બની ત્યાં બેસી રહ્યા. એમના ગુરુણી ચંદનબાળા સાધ્વીજી વગેરે તો સમય થતાં ત્યાંથી મુકામે ચાલી ગયેલા. પચીથી સૂર્ય-ચંદ્ર વિમાન સાતે જ્યાં ગયા કે તરત અંધારું થઈ ગયું. મૃગાવતીજીને થયું, 'અરે ! આ શું ? મારી કેવી ભયંકર ભૂલ ?' સફાળા ઊઠી સંભ્રમથી આવ્યા ઉપાશ્રયે. ગુરુણીજી ચંદનબાળા સાધ્વીએ એમને મોડા આવેલા જોઈને કહ્યું, "હે ભદ્રે ! કલ્યાણેચ્છુ ! તારા જેવી કુલીનને આ (મોડું આવવું) ઉચિત નથી." એટલે ? મોડા સુધી કુળવાનને બહાર રહેવું ન છાજે." ઠપકો ખરો, પણ મૃદુ-મુલાયમ અને સૌમ્ય શબ્દોમાં.

વીતરાગ પરમાત્માનું શાસન પામેલાના હૃદય જ એવા કોમળ અને ગંભીર હોય છે કે એમના ઉપાલંભમાં ય વાત્સલ્ય નીતરતું હોય છે, આત્મ-પ્રેમની મિઠાશ અને કોમળતા જળહળતી હોય છે. એમના શબ્દો પણ ક્ષુદ્ર-તોછડા નહિ, પણ ગંભીર અને ઉમદા હોય છે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચનન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૪૬/૪૮તા.૨૫-૮-૧૯૬૨**

## વાર્ષિક ૧૧ કર્તવ્ય :

(પર્યુષણમાં પર્યુષણાનાં પાંચ કર્તવ્ય ઉપરાંત ૧૧ વાર્ષિક કર્તવ્યનો ઉપદેશ આવે છે, તે કર્તવ્ય વર્ષમાં કમમાં કમ એક વાર અવશ્ય બજાવવાનાં હોય છે. તેનું વિસ્તૃત વ્યાખ્યાન અહીં આપવામાં આવે છે.)

પરમોપકારી ત્રિભુવનગુરુ શ્રી અરિહંત પરમાત્મા આ અતિ દુર્લભ માનવજીવનની પ્રાપ્તિ થયા પછી એની સફળતા ઉત્તમ ધર્મકર્તવ્યો બજાવી લેવામાં ફરમાવે છે. સંસારમાં જન્મ મળે એટલે જીવ કર્તવ્યો તો કરતો જ હોય છે, પરંતુ પાપકૃત્ય કર્યે જવામાં પુનરપિ જનનં પુનરપિ મરણં-એમ વારંવાર જન્મ-મરણની બેડીમાં જકડાયા રહેવું પડે છે. એનો અંત લાવનાર છે ધર્મ-કર્તવ્યોનું પાલન. બંને જાતનાં કર્તવ્યોમાં પુરુષાર્થ શક્તિ તો એની એ ખરચાવાની છે, પરંતુ ઘરમાં લાગેલી આગમાં ઘાસલેટના ડબા ઠાલવવાની જેમ પાપકૃત્યોમાં ઠાલવેલી પુરુષાર્થ શક્તિ વેડફાઈ જાય છે એટલું જ નહિ, પરંતુ વધુ નુકસાન ઊભું કરે છે ! આત્મઘરમાં અનેક જાતના પાપકર્મના ઉદય, વાસના-વિકારો, સંજ્ઞાઓની ખણજ, વગેરે રૂપી આગ તો લાગેલી જ છે. એમાં પાછી કિંમતી મન-વચન-કાયાની પુરુષાર્થ શક્તિથી પાપકૃત્યો કર્યે જવાં, એ આગને વધુ ઉત્તેજિત કરવા જેવું થાય છે.



જીવન તો નદીના પ્રવાહની જેમ વહી ચાલ્યું છે, અને ઈચ્છીએ કે ન ઈચ્છીએ એક દિ' એનો અંત આવવાનો જ છે. પણ પછી ? બીજું શું વળી ? પૂર્વે વણસાડેલી મન-વચન-કાયાની શક્તિઓના ગેરઉપયોગના જવાબ દીર્ઘાતિદીર્ઘ કાળ સુધી દેવા પડે છે ! ભયંકર ત્રાસ-દુઃખ-વિટંબણાની હારમાળા ચાલે છે. જીવન તો જીવવાનું છે. તો પછી શા માટે પાપ કૃત્યોમાં ડૂબાડૂબ રહી જીવન વેડફી નાખવું ? ધર્મકર્તવ્યોમાં લીન રહી જીવન સફળ કેમ ન કરવું ? મૃત્યુ તો બંનેય સ્થિતિમાં આવવાનું છે. પરંતુ પાપકૃત્યોભર્યા જીવનમાં અહીં પણ અનેક આધિ-ઉપાધિની વિટંબણા અને ભવાંતરે પારાવાર રિબામણ ભોગવવી પડે છે, ત્યારે ધર્મકર્તવ્યોભર્યા જીવનમાં અહીં પણ કેટલીય શાંતિ-સ્વસ્થતા અને ભવાંતરે સદ્ગતિ-સત્કૃત્યોની મહાન ઉન્નતિ જોવા મળે છે. દુનિયા શું કરે છે, કેમ ચાલે છે, એ જોતા નહિ; જ્ઞાની ભગવંતો શું કહે છે, અને એમણે ખુદે તથા એમને અનુસરનારાઓએ શું કર્યું એ જોજો. આપણી સુમતિથી વિચારજો તો જ પાપકૃત્યો અને ધર્મ-કર્તવ્યો, વચ્ચેના પૂર્વ-પશ્ચિમનાં અંતર સમજાશે.

**દિનકૃત્યાદિ અનેક પ્રકારે ધર્મકર્તવ્યો :**

**ધર્મકર્તવ્યો પહેલા નંબરમાં** તો તે, કે જે સર્વ પાપોનો ત્યાગ કરી ચોવીસે ય કલાકને વ્યાપ્ત કરી દે. પરંતુ જ્યાં સુધી એ સ્થિતિ નથી આવી અને જીવનમાં પાપ ઊભાં છે, ત્યાં સુધીમાં પણ આચરી શકાય એવાં ધર્મકર્તવ્યો જ્ઞાનીઓએ અનેકરૂપે વિભાગ કરીને બતાવ્યાં છે; જેમકે દિનકૃત્ય, રાત્રિકૃત્ય, પર્વ-કૃત્ય, ચાતુર્માસિકકૃત્ય, પર્યુષણાકૃત્ય, વાર્ષિકકર્તવ્ય અને જન્મ-કર્તવ્ય. પર્યુષણાકૃત્ય સુધીની વાત થઈ ગઈ છે. હવે વાર્ષિક કર્તવ્યોની વિચારણા કરવાની છે. એ સાંભળીને વર્ષ ભરમાં એક વાર પણ એ આચરી લેવાય એ નક્કી કરજો. વાર્ષિક કર્તવ્યો ૧૧ છે;

**पइवरिसं संघच्चण साहम्मअभत्ति तह य जत्ततिगं ।**
**जिणगिहि ण्हवणं जिणधणवुड्ढि महपूअ( धम्म ) जागरिआ ॥**
**सुअपूआ उज्जवणं तहेवतित्थप्पभावणा सोही ।**

અર્થાત્ દરેક વર્ષે ૧. સંઘપૂજા, ૨. સાધર્મિકભક્તિ, ૩. યાત્રાત્રિક, ૪. મંદિરમાં સ્નાત્ર મહોત્સવ, ૫. દેવદ્રવ્યની વૃદ્ધિ, ૬. મહાપૂજા, ૭. ધર્મજાગરિકા-રાત્રિજાગરણ, ૮. શ્રુતપૂજા. (જ્ઞાનભક્તિ) ૯. ઉદ્યાપન-ઉજમણું, ૧૦ શાસન પ્રભાવના, અને ૧૧. આલોચના પ્રાયશ્ચિત્ત-શુદ્ધિ.

## ૧. સંઘપૂજા :

પહેલું કર્તવ્ય સંઘપૂજાનું છે. જિનેન્દ્રપૂજા અને ગુરુભક્તિ દૈનિક કર્તવ્ય છે. પરંતુ તે પછી સંઘપૂજાને અહીં વાર્ષિકકૃત્યમાં મૂક્યું છે. અગિયારમાં પહેલું એટલા માટે મૂક્યું કે ઉપકારીની કૃતજ્ઞતારૂપે સેવા તથા પૂજ્યની પૂજા એ પહેલા નંબરનું કર્તવ્ય છે. પૂજ્યોનો આપણા ઉપર અનુપમ ઉપકાર છે, તેથી કૃતજ્ઞતાની રૂએ એમના ઉપકારને પહેલા નંબરમાં યાદ કરી એમની શક્ય સેવા પહેલી બજાવવી જોઈએ જ. કારણ એ છે કે ઉપકારનું વિસ્મરણ અને સેવાની બેપરવાઈ આત્માને મૂળમાં જ પથ્થરની જેમ એવો કઠોર, ધિટ્ઠ અને નિષ્ઠુર રાખે છે કે એમાં બીજા ગુણોના અંકુરા ફૂટવા મુશ્કેલ છે. મન ભલે માની લે કે મેં તપ કર્યો, શીલ પાળ્યું, સામાયિકાદિ વ્રત નિયમ કર્યા, પરંતુ એનાથી આત્મામાં જે પરિણતિ ઘડાવી જોઈએ તે નહિ ઘડાય, જો ઉપકાર સ્મરણ અને કૃતજ્ઞતાપાલન નથી. ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા પાયાનો ગુણ છે. ત્યારે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ ઉપકારી છે, પૂજ્ય છે, માટે એની પ્રત્યે કૃતજ્ઞતા હોવી જ જોઈએ, પૂજા કરવી જ જોઈએ.

**સંઘ ઉપકારી એક એ રીતે** કે એ સંઘની હૂંફે આપણે ધર્મસાધના કરી શકીએ છીએ. દુનિયામાં કોઈ જ ધર્મસાધક ન હોત તો ય આપણે એકલા પંડે ધર્મમાં લાગી જાત એવું લાગે છે ? એ તો પ્રભુ મહાવીર કે જેમને ગુરુ નથી, સહાયક સાધુઓ નથી. અરે ! સાથે એક પણ ચારિત્ર લેનાર નથી, છતાં એકલા ચારિત્ર લેવા નીકળી પડ્યા ! આપણને તો ગુરુઓ મળે છે. સાધુઓ મળે છે. શ્રાવક-શ્રાવિકાઓ આરાધક દેખાય છે, એટલે ધર્મમાં ઉલ્લાસી બનીએ છીએ. આખા શહેરમાંથી મંદિરમાં જો કોઈ જ ન જતું હોત તો આપણે એકલા જાત ખરા ? કલાક ત્યાં બેસત ખરા ? એટલા ભાવોલ્લાસ જાગત ? જુઓ સિદ્ધગિરિ ઉપર પણ બહુ યાત્રિકો હોય તો ઉલ્લાસ વધુ જાગે છે. તો એ ઉલ્લાસ જાગવામાં એ બહુસંખ્ય યાત્રિકોનો ઉપકાર નહિ માનવાનો ? મનને થવું જોઈએ કે 'અહો કેવા ઉપકારી આ ભાગ્યશાળી યાત્રિકો કે મને ભાવોલ્લાસ વધવામાં નિમિત્ત બની રહ્યા છે ! ધન્ય યાત્રિકો !'

**સંઘ બીજી રીતે ઉપકારી** એમ, કે પ્રભુએ સ્થાપેલ ધર્મશાસનની પરંપરા પ્રભુ પછી આજે પણ આપણા સુધી લાવી મૂકનાર હોય તો તે સંઘ છે ! આ પણ જેવો તેવો ઉપકાર નથી હો ! કેમ કે પ્રભુ તો ઘણી મોટી બક્ષિસ કરી ગયા. એમણે તો જબરદસ્ત અને અનન્ય અનુપમ ઉદારતા કરી. ઉપકાર કરી દીધો; પરંતુ એ માલને જો આગળ પહોંચાડનાર ન હોત તો આપણા સુધી શું આવત ? એ



તો ચતુર્વિધ સંઘ જ લઈ આવ્યો ! પાંચમા આરાને છેડે સંઘનું અસ્તિત્વ મટી જશે, તો એની સાથે પ્રભુના શાસનનો પણ પ્રવાહ બંધ પડી જવાનો ! છઠ્ઠા આરામાં શાસન નહિ ! એટલે આપણા સુધી તરણતારણ અનંતકલ્યાણભર્યું શાસન પહોંચાડનાર સંઘ પણ મહા ઉપકારી છે. એ ઉપકારની કૃતજ્ઞતારૂપે સંઘપૂજા, સંઘસેવા કરવી જ જોઈએ.

**ત્રીજી રીતે સંઘ ઉપકારી આમ, કે** વળી સંઘની પૂર્વ ભવે કોઈ સેવા આપણે કરી હશે, એના પુણ્યે અહીં સારું પામી રહ્યા છીએ એમ પણ બનવા સંભવ છે. તો આ સારું પામવામાં ઉપકાર સંઘનો. સંઘ હતો તો સેવાની આપણને તક મળી, અવકાશ મળ્યો. કહો, સંઘે સેવા આપણને કરવા દીધી, આપણી સેવા સ્વીકારી, તો જ પુણ્યાઈ ઊભી થઈ. માટે સંઘનો એ રીતે મહાન ઉપકાર ગણાય.

આમ, વર્તમાનમાં સંઘની હૂંફે અને પ્રેરણાએ આપણી ધર્મસાધના, શાસનનો અવિચ્છિન્ન પ્રવાહ આપણા સુધી લાવી મૂકનાર સંઘ, અને સંઘ સેવાથી પુણ્યાઈએ સારું સારું મળ્યું, આમ ત્રણ રીતે સંઘનો અગણિત ઉપકાર છે, તો આપણે નિમકહલાલ બની કૃતજ્ઞતારૂપે સંઘની પૂજા કરવી જ જોઈએ.

**સંઘ પૂજ્ય શાથી ? :-**

વળી સંઘ પૂજ્ય છે, કેમ કે સંઘ તીર્થનો આધાર છે, અને તીર્થ ખુદ તીર્થંકર ભગવાનને પૂજ્ય છે, 'નમો તિત્થસ્સ' કહીને પ્રભુ સમવસરણ પર બિરાજે છે, એવા તીર્થનો આધારભૂત સંઘ પણ પૂજ્ય છે. નંદીસૂત્રમાં સંઘને અનેક ભવ્ય ઉપમાઓ આપી એના સુંદર ગુણ ગાવામાં આવ્યા છે. સંઘમાં તીર્થંકર અને ગણધર સુધી બનનાર આત્માઓ હોય છે. એવા ગુણગણથી ભરેલો સંઘ પૂજ્ય છે. અને પૂજ્યપૂજા-વ્યતિક્રમ, અર્થાત્ પૂજ્યની પૂજાનું ઉલ્લંઘન એ પાપરૂપ છે, એ પાપથી બચવા માટે સંઘ પૂજા એક આવશ્યક કર્તવ્ય છે.

શાસ્ત્રકારો કહે છે, પૂજા તમારી શક્તિ અનુસાર કરો, પણ અવશ્ય કરો ખરા. સાધુ-સાધ્વીજી મહારાજને બહુમાનપૂર્વક વિનંતી કરીને કે 'ભગવન્ ! આપનો અમારા પર મહા ઉપકાર છે, એમને કંઈક પણ સેવાનો લાભ આપો, છેવટે એક મુહપત્તિ કે કંદોરો એમના ચરણે ધરવાનો. એમ શ્રાવક-શ્રાવિકાને બહુમાનપૂર્વક વિનંતી સાથે ઘરે પધરાવી છેવટે જલપાન અને એક સોપારીનો ટુકડો ધરી સંઘ પૂજાનું કર્તવ્ય બજાવવાનું. આટલું તો કોના માટે ? અત્યંત ગરીબ હોય, નિર્ધન હોય, પોતાના પણ રોટલાની પૂરી કમાઈ ન હોય, એય આટલું તો કરે, બાકી તો શક્ય ઉમદા ઉમદા વસ્તુથી સંઘ ભક્તિ કરવાની.

જાણો છો ને સંઘ તો પચીસમો તીર્થંકર ગણાય છે. તીર્થંકર ભગવાન પછી

શ્રી સંઘ છે. સંઘ પર અથાગ કૃતજ્ઞતાભાવ સાથે ભક્તિ-બહુમાન દિલમાં ઝળહળે અને એ કૃતજ્ઞતા એક યા બીજી રીતે ભોગ આપીને એમની સેવા-સન્માનના કાર્ય રૂપે પ્રગટ થાય તો જૈનપણાની પ્રતીતિ થાય. વર્ષમાં ઓછામાં ઓછું એક વાર સંઘપૂજાનું કર્તવ્ય બજાવવાનું તે આ સક્રિય ભક્તિનું કાર્ય, બાકી તો ત્રણસો સાઈઠે દહાડા દિલમાં સંઘને ઊંચા ગૌરવનું સ્થાન આપવાનું, સદા સંઘ પર પૂજ્યભાવ કૃતજ્ઞભાવ, ભક્તિ બહુમાન ભાવ રાખવાનો.

એ હશે તો પહેલા નંબરમાં ક્યારેય સંઘનું ઘસાતું બોલવું, સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાની નિંદા કરવી-સાંભળવી, એમને ઉતારી પાડવા, તિરસ્કાર કરવો, વગેરે આશાતના નહિ થાય. સંઘની આશાતના અવગણના એ મહાભયંકર પાપ છે, પરભવે બોધિ દુર્લભ કરનારું અર્થાત્ ધર્મની શ્રદ્ધા જ ન થવા દેનારું પાપ છે. માટે સંઘપૂજાના કર્તવ્યમાં આ પહેલી વસ્તુ છે કે ક્યારે ય સંઘની આશાતના, નિંદા, અનાદર, તિરસ્કાર ન થાય. જે પૂજ્ય છે, પૂજાને યોગ્ય છે, એમની આશાતના થાય જ કેમ ? અને થાય તો વિચારો કે પૂજાનું જેમ ઇનામ મોટું, તેમ આશાતનાની સજા કેટલી મોટી ?

**સંઘ પૂજાની રીત :-**

માટે, સંઘની આશાતના ટાળીને પૂજા, ભક્તિ બહુમાન કરવાના. સાધુ-સાધ્વીજી મહારાજની નિર્દોષ આહાર-વસ્ત્ર-પાત્રાદિથી ભક્તિ, એમની તપસ્યા વગેરેમાં વિશેષ સત્કાર-બહુમાન; અને શ્રાવક-શ્રાવિકાને સત્કારપૂર્વક ઘરે પધરાવી ભક્તિ બહુમાનપૂર્વક વિશિષ્ટ જમણ અને પહેરામણી કરવાની. પોતાની કે પુત્રાદિની સાલગીરી છે, કોઈ ઉજવણી છે, લગ્ન પ્રસંગ છે, તેવા અવસરે શ્રાવક-શ્રાવિકાને નિમંત્રણપૂર્વક તેડી એમની ભક્તિ-પૂજા થાય. એમાં શું ભારે પડે ? ના ધાડ ભેગો ઢહડકો છે, અને વિષમય દુન્યવી મોહ પ્રસંગોમાં આ સંઘભક્તિ એ અમૃતવર્ષા થાય છે. સંસારી જીવને વ્યવહારમાં બેઠા આશ્રવનાં કાર્ય કરવાં પડે છે, પરંતુ એમાં ધર્મ કર્તવ્યને આમેજ કરવાથી **'આશ્રવા તે પરિશ્રવા'** કહી શકાય છે, આશ્રવનું નિમિત્ત પામી પરિશ્રવ અર્થાત્ કર્મક્ષયકારી કાર્ય ખડાં કરી શકાય છે.

**આત્મસ્વાર્થની વાણિયાગત :-**

આ વાણિયાગત છે. વાણિયો કોઈનું કામ કરી આવે પણ એમાં સ્વાર્થ સાધી લેવાનું નહિ ચૂકે. તેમ અહીં ભગવાનના શ્રાવક-શ્રાવિકા સંસારના કાર્ય એટલે પારકાં કાર્ય માને; એમાં પોતાનાં આત્મહિતનાં કાર્ય સાધી લેવાનું ન ચૂકે. અને ખર્ચમાં બહુ ફરક નથી પડતો. પંદર મેમાનને જમાડવાના છે, ભેગા ૨-૪ સાધર્મિકની ભક્તિ કરો તેમાં શું ખર્ચ વધી જાય ? લગ્નપ્રસંગ છે, પાઠશાળાના વિદ્યાર્થીઓની



ભક્તિ કરો, કેટલી ભારે પડે ? ખાસ કાંઈ નહિ; ને સંઘ પૂજા જેવું ઊંચું ધર્મકૃત્ય બજાવ્યાની હૈયે ખુશબો કેટલી તરવરે !

**ધર્મ કૃત્યની પકડમાં પાપ કૃત્યરૂપી સાપ :-**

સંઘ પૂજા અને બીજાં કર્તવ્યને જીવનના પ્રસંગ પ્રસંગમાં બંધ બેસતા સાધી લેવાનું લક્ષ જોઈએ, તો એ સંસાર પ્રસંગોનાં તેવાં ઝેર ન ચઢે; કેમ કે ત્યાં એ પકડમાં આવી જાય છે. અમદાવાદમાં પૂર્વે એક મિલમાં એક છોકરા જેવો નાની ઉંમરનો ભૈયો હતો, ભારે હિંમતબાજ ! સાપ નીકળે તો લોકો પકડવા સાણસો ને લાંબી લાકડી શોધે; આ સાપને સીધો એના મોઢેથી હાથમાં પકડી લેતો, અને કોટના ખીસામાં બેસાડી દેતો, સાપ એને કરડે નહિ ? ના, આની હાથેથી હિંમતભેર પકડ જ એવી કે સાપ સમજી જાય કે આ મારા માથાનો છે, જરાક વાંકોચૂંકો થયો તો કચરી જ ઘાલશે ! બસ ધર્મકાર્યમાં શ્રાવક આવો શૂરવીર હોય. એના ધર્મકાર્યની પકડમાં સાંસારિક કાર્ય એવાં ઢીલાં પડી જાય કે પેલા પકડાયેલા સાપની જેમ એના તેમાં ઝેર ચઢે નહિ, તેવા કર્મબન્ધ ન ઊભા થાય. પાપ કરે એટલે પાપ બંધાય તો ખરાં પરંતુ મંદ રસવાળાં.

**પાપકાર્યમાં મથાળું ધર્મનું, સરવાળો ધર્મમાં :-**

આજનો યુગ વિલક્ષણ છે, પાપકાર્ય બહુ વધી ગયાં ! પાપસાધનો ફાલ્યાં ફૂલ્યાં ! પહેલાં રોટલી માટે લોટ નાની ઘંટીના આરંભથી તૈયાર થતો, આજે મોટી યાંત્રિક ચક્કીથી. કપડાં પહેલાં શાળ પર તૈયાર થતાં, આજે મોટી મિલોનાં યંત્રોથી. વેપાર એવા જ કાપડ પરને ? આવા વિલક્ષણ પાપયુગમાં પાપથી આત્માનો કંઈક પણ બચાવ કરવો હોય તો આ રસ્તો છે.

**મથાળું ધર્મનું બાંધો, સરવાળે ધર્મ ઉતારો.**

મથાળું ધર્મનું એટલે ? આ જ કે દા.ત. કોઈ સાંસારિક લફરામાં કોર્ટ કેસ કરવાનો છે, આ મકાન રિપેર કરાવવાનું છે, એમાં હજાર બે હજાર રૂા. નો ચાંલ્લો છે તો તે કરતાં પહેલાં સંઘપૂજા-સાધુ-સાધ્વીની ભક્તિમાં, યા યોગ્ય શ્રાવક-શ્રાવિકાને પહેરામણી, પાઠશાળામાં પ્રભાવના, વ્રતધારીને લાણી, એવું કાંઈક કરી લેવાનું. ભલે ૫-૫૦-૧૦૦ રૂપિયાના ખર્ચથી. આ મથાળું ધર્મનું બાંધ્યું. **'ધર્મસંગ્રહ'** શાસ્ત્રમાં લખ્યું કે **શ્રાવક પંચનમસ્કારાદિ મંગળ કરીને અર્થચિંતા કરવા જાય,** અર્થાત્ આજીવિકા કમાવવા જાય. આજીવિકાનો ધંધો એ ધર્મકૃત્ય નથી, આરંભસમારંભ-પરિગ્રહનું કાર્ય છે. ત્યાં પહેલાં મથાળે ધર્મમંગળ. શા માટે ? શું પૈસા વધારે મળે એ માટે ? ના, શાસ્ત્રકારે ત્યાં કારણ એ લખ્યું કે ધર્મ-પુરુષાર્થ એ સર્વ પુરુષાર્થમાં પ્રધાન છે માટે. શ્રાવકના મનમાં આ બેઠું જ હોય છે એટલે કાંઈ પ્રવૃત્તિ કરતાં

ધર્મને મુખ્યતા આપવાની. પાપની ક્રિયા સાપ છે. તેનું મોઢું દબાવવાની કુશળતા આ ધર્મમંગળની પ્રવૃત્તિ છે. ચાલુ કામ, ખાતાં, પીતાં, જતાં, પેસતાં, સૂતાં, ઊઠતાં બધે જ પહેલું નવકાર-સ્મરણ. આ ધર્મનું મથાળું. એમ વિશેષ પ્રસંગમાં પહેલી સંઘ પૂજા.

ત્યારે સરવાળે ધર્મમાં ઉતારવાનું એટલે શું ? એ જ કે દુનિયાદારીનાં કાર્ય પતતાં એનાં ઝેર આત્મામાં ન વ્યાપી જાય. અર્થાત્ પાપની અનુમોદના, પાપકમાઈ પર મોહ, પાપપ્રવૃત્તિ પર રાગદ્વેષ અને હર્ષ-ખેદ ન જામે એ માટે છેવટે ધર્મપ્રવૃત્તિ ઊભી કરી દેવાની. દિવસ રાતના અંતે પ્રતિક્રમણ શું ચીજ છે ? આ જ કે સરવાળે ધર્મમાં ઉતારવાનું. આઠ આનાનું દૂધ લઈ આવ્યા, આનો બે આના નાખો શુભની પેટીમાં. છ આનાનું શાક લીધું, સાથે આનાના પ્રભુપૂજા માટે ફૂલ લઈ લો. એમ દરેક ખર્ચમાં સાથે ધર્મનો ખર્ચ હોય તો પેલાનાં એવાં ઝેર ન ચડે. એવું જ બહાર ફરવા જઈ આવ્યા તો સાથે મંદિરમાં દર્શન અને ગુરુમહારાજનો સત્સંગ કરી લો.

બસ, આ રીતે સંઘપૂજા કાં મોખરે, કાં સાથે કે અંતે પણ ગોઠવી દેવાની; પછી એ કોઈ ને કોઈ રૂપે હોય. આજ તપસ્વીઓને તેડ્યા છે. તો વળી બીજા અવસરે બ્રહ્મચારીઓને પ્રભાવના કરી છે. ત્યારે કોઈ મુમુક્ષુ દીક્ષાર્થી છે એનાં વિવિધ સન્માન કર્યાં છે. યાંત્રિક સંઘ આવ્યો છે તો એની શક્તિ અનુસાર ભક્તિ-સન્માન કર્યાં છે.

થારાપદ્રનગરમાં શ્રીમાલી સંઘવી આભૂ થઈ ગયો. સાધર્મિક વાત્સલ્યનો નિયમ છે એને. એ વાત ઝાંઝણશાએ સાંભળી. પરીક્ષા માટે બત્રીસ હજાર સાધર્મિક સાથે એના ઘરે ચૌદશના દિવસે જ જઈ ચઢે છે. આભૂ પૌષધમાં છે, પણ એનો નાનો ભાઈ જિનદાસ એવો જ વિવેકી છે. સંઘ આંગણે આવ્યો છે એ મહાન અહોભાગ્યનો વિષય છે માની સ્વાગત કરી સંઘના દૂધે પગ પખાળે છે.

પછી ભાઈને પૂછે છે 'કેવી રીતનું કરવાનું ?'

આભૂ કહે છે 'પૂછવાનું હોય ? સંઘ સેવા ફરી ફરી ક્યાં મળે ? સોના-ચાંદીના થાળમાં ભક્તિ કરવાની !'

જિનદાસે બરાબર તે પ્રમાણે ટૂંકા સમયમાં જ તૈયારી કરી ઉમદા દ્રવ્યો-ઉત્તમ સામગ્રીથી ભક્તિ કરી, ઉપર પંચવર્ણના સુશોભિત વસ્ત્રની દરેકને પગે લાગીને પહેરામણી કરી.

ઝાંઝણ ચકિત થઈ ગયો. આભૂના પગમાં પડીને ક્ષમા માગે છે, 'માફ કરજો મેં તમારી પરીક્ષા કરવા આટલી તકલીફ આપી.'



આભૂ કહે છે 'એમાં તકલીફ શાની ? આપે તો મને સંઘભક્તિનો અનુપમ લાભ આપી ઉપકૃત કર્યો !'

શું સમજતા હશે એ પૈસાને ? 'હેં ? વગર જરૂરે, વગર લેવાદેવાએ ખાલી પારખું કરવામાં આટલો બધો ખર્ચ કરાવ્યો ?' એવા વિચારે મન બગડે નહિ ? ના, એવા પારખાના ખર્ચને પણ એ પૈસાનો બગાડો નહોતા સમજતા, કેમ કે એ ખર્ચની પ્રવૃત્તિ વખતે ચિત્તના પરિણામ નીતરતા શુભ અધ્યવસાયરૂપ હતા, છલોછલ સંઘભક્તિના ભાવ ભર્યા હતા ! વળી ભલે સામાને મન પરીક્ષા, પણ પોતાને મન તો એ નિમિત્તે જ શુદ્ધ સંઘપૂજાના ભાવથી તન-મન-ધનનો અમૂલ્ય ભોગ આપવાનો લાભ મળ્યો હતો. એટલે એ બધું કેવળ ઊંચા ધર્મ પુરુષાર્થનું કાર્ય હતું, તો ધર્મ પુરુષાર્થમાં લેશ પણ અફસોસી શાની હોય ? એમાં પૈસા ખરચાયા એ તો લેખે લાગી ગયા, પણ બગડ્યા ન કહેવાય. પૈસા ખરચત નહિ તો એ ઊંચા ભાવ, ઊંચી ભક્તિ ક્યાંથી જાગી શકત ?

**બાકી તો પૈસાની શી વિસાત છે ?**

સંસારમાં ખરચાઈને રાગ, મોહ, સ્નેહ, મદ વગેરે પાપભાવને પોષે છે. એ માટે રાખી મૂકેલા પૈસાથી શું ખુશી થવાનું, તે ધર્મકાર્યમાં ખર્ચ નકામા થઈ ગયાનો વિચાર આવે છે ? ધર્મી આત્માઓ આ સમજતા હોય છે એટલે પૈસા રાખી મૂક્યા કે સચવાઈ રહ્યાની બહુ કિંમત ગણતા નથી. માટે જ ધર્મકાર્યમાં ઉદાર બન્યા રહે છે.

**ઝાંઝણ આભૂને કહે છે :-**

'આપ મહાભાગ્યશાળી છો કે આપનામાં આવી ઉદારતા છે !'

શું થયું આ ? ઝાંઝણના દિલમાં હંમેશના માટે એક જબરદસ્ત ગુણાનુમોદના સુકૃતાનુમોદના ઊભી થઈ ગઈ. અને ઝાંઝણ કોણ ? પેથડશાહનો પુત્રરત્ન ! એવા એના એકના દિલમાં અનુમોદના તો પોતાને ય કેઈ સુકૃતોની પ્રેરણા આપે અને બીજા કેટલાયને અવસરે ગુણાનુવાદ તથા ધર્મસ્ફૂર્તિમાં જોડે ! કહો આમાં પૈસા બગડ્યા કહેવાય ? તો આ બધું શાના પર ? આભૂના સંઘપૂજામાં ઉદાર ધનવ્યય ઉપર. એ ધનવ્યય પણ વિવેકભર્યો ! સંઘની પૂજા કરવાની, પૂજા શાને કહેવાતી હશે ? માત્ર લાડવા જમાડી દેવાને ? તે ય ચીકણા મેલી થાળીઓમાં ? ધૂળમાં બેસાડીને ? પીરસણ પણ શું એવી રીતે કે જમનારને ભય રહે કે રખેને ફરી પીરસવા આવશે કે નહિ માટે સારી પેઠે થાળીમાં મુકાઓ એમ ? ઝાંઝણના સંઘની કેવી ભક્તિ થઈ એ જોયું ને ?

**એવી વસ્તુપાલની સંઘપૂજા જુઓ. વિ.સં.** ૧૨૮૬ની આ વાત છે. નાગપુરના

સુલતાનના આદેશથી ત્યાંના પુનડ નામના શ્રાવકે શ્રી સિદ્ધગિરિનો સંઘ કાઢ્યો. એમાં કેટલા તો રાજાઓ ! ૧૮૦૦ ગાડાં ! હજારો યાત્રિકો ! કેટલીય ભાતની સગવડ ! ભગવાનની ભક્તિ કરવા જવું છે પરંતુ ભગવાનના સંઘની ઉમદાભક્તિ કરતાં કરતાં જઈએ તો ભગવાન ઉપર સાચા ભાવ ખૂબ વધી જાય. પછી એના પર જે પ્રભુભક્તિ થાય તે ઓર જ ! સંઘની ભક્તિ સંઘ જિનનો છે, જિને પૂજ્ય કહ્યો છે માટે થાય છે તેથી એ જિનભક્તિમાં પરિણમે છે. દેરાસરે ખર્ચો છો, પરંતુ સંઘભક્તિનું મહાન કર્તવ્ય લક્ષમાં હોય તો સાધારણ ખાતામાં સારી રીતે ખર્ચવાનું બને.

પુનડના સંઘે કોઈ કરવેરા કે એવા હિસાબે રસ્તો એવો લીધો કે ધોળકા ન આવે. વસ્તુપાલને ખબર પડતાં આઘાત લાગ્યો કે ‘અરે ! આવો કલ્યાણસંઘ મારા આંગણે નહિ ? કેવો હું કમભાગી ? પણ સંઘને એમ કેમ જવા દેવાય ?’ તરત જ સંઘને નિમંત્રણ કરી ધોળકામાં પાવન પગલાં કરાવવા માટે નાનાભાઈ તેજપાળને સામો મોકલ્યો. એણે જઈને પુનડને પ્રણામ કરી આગ્રહભરી વિનંતી કરી, કરવેરો વગેરે કાંઈ જ ભાંજગડ નથી એની ખાતરી આપી, અને ધોળકા પધારવાનું મંજૂર કરાવ્યું.

**બીજી ધૂળ ધૂળ ફકાવનારી; સંઘની રજ ? :**

વસ્તુપાળને હવે હરખનો પાર નથી ! સંઘની ચાતકની જેમ રાહ જુએ છે. સંઘ આવી પહોંચ્યો. વસ્તુપાલ સામૈયા સાથે સામે લેવા જાય છે. સંઘ સામેથી આવી રહ્યો છે, મોટો સંઘ છે, એની ધૂળ ઊડી પવનથી એકબાજુ ફૂંકાઈ રહી છે, અને વસ્તુપાલ એ જ બાજુએ ચાલી રહેલ છે.

ત્યારે સેવકો કહે છે, ‘સ્વામી ! આ બાજુ ધૂળ ઊડી રહી છે, તો પેલી બાજુ પધારો !

વસ્તુપાલ કહે છે, ‘અરે, મહાનુભાવો ! આ તો સંઘના ચરણથી પાવન થયેલી રજ છે, એનો સ્પર્શ મહાન પુણ્યોદય હોય તો મળે ! બાકી તો આ જીવે ધૂળ ઘણી ય ખાધી છે. પણ એ અંતે ધૂળ ફકાવનારી ! સંઘની રજનો સ્પર્શ કર્મરજના થોકે થોક ઊડાડી મૂકે. એવા આપણા અહોભાગ્ય ક્યાંથી કે એ આપણને મળે.’

કોણ બોલે છે આ ? મહાગુજરાતનો મંત્રીશ્વર ! સંઘને શું સમજતા હશે ? સંસારથી તારણહાર ! મોક્ષનો સથવારો ! પુણ્યનું ગાડું ! રત્નોની ખાણ ! આવો સંઘ મળ્યા પછી એની પાસેથી કમાઈ લેવામાં શું કામ બાકી રાખે ?

સંઘ પૂજ્ય છે, પૂજ્યની ચરણરજ લેવી એ પણ પૂજા છે. સંઘપૂજાના અનેક પ્રકાર છે. હજી આગળ અહીં વસ્તુપાળના પ્રસંગમાં જુઓ બીજા પ્રકાર જાણવા મળશે.



વસ્તુપાળ આગળ વધ્યા. આચાર્ય મહારાજ અને મુનિ મહારાજો મળ્યા. ખૂબ ભાવપૂર્વક વંદના કરી, સુખશાતા પૂછી, દર્શનાદિનો મહાન લાભ આપ્યો એની કૃતજ્ઞતા પ્રદર્શિત કરી. પછી આગળ સંઘપતિ પુનડ મળે છે, અત્યંત હર્ષોલ્લાસ સાથે વસ્તુપાલ પુનડને જોરથી ભેટી પડે છે ! ભારે ભાવ દેખાડે છે ! ધન્યવાદ આપે છે ! કુશળ પૂછવાપૂર્વક પ્રિય વાર્તાલાપ કરે છે. યાત્રિકોનું કુશળ પૂછે છે. આ બધું સંઘપૂજા, સંઘભક્તિ છે. મન પર સંઘનું વિશિષ્ટ ગૌરવ તરવરતું રહેવું જોઈએ.

સંઘને ગામ બહાર તળાવના કાંઠે ઉતારો આપવામાં આવ્યો. રાત્રિના વસ્તુપાલ ભાવનામાં ચઢે છે, અહો ! મારા ઘરનાં આંગણાં શ્રી સંઘના ચરણકમળની રજથી પાવન ક્યારે થશે !’ હવે તો સવારે જ સંઘનો પ્રવેશ છે, ક્યાં લાંબું છે ? પરંતુ મહાલાભની આતુરતા ઝંખના ઊભી કરે છે. સવાર પડી, ધામધૂમ પૂર્વક સંઘનો પ્રવેશ કરાવ્યો. હવે મંડપ આગળ વસ્તુપાલ થાળ, પાણી અને કંકાવટી લઈને બેસે છે, અને દરેકે દરેક યાત્રિક ચાહ્ય ધનિક કે નિર્ધન, બુઢ્ઢો કે બાળ, દરેકના એ પગ ધુએ છે, અને કપાળમાં તિલક કરે છે ! કોણ કરે છે ? કરોડો રૂપિયાનો માલિક મહાસત્તાધીશ મંત્રી ! જૈન શાસનની બલિહારી છે કે જ્યાં સમ્રાટ ચક્રવર્તી પણ અકિંચન મુનિના ચરણે ઝૂકે છે ! જ્યાં મહાશ્રીમંત માનવોય સંઘની પૂજા-ભક્તિ કરે છે ! જ્યાં આવા મંત્રીશ્વર સંઘના ચરણ પખાળવા બેસી ગયા છે !

એ વિશાળ સંઘમાં માણસો કેટલા ? હજારો ! કેટલા કલાક કામ ચાલે ? મધ્યાહ્ન થવા આવ્યો; સૌ વિમાસણમાં પડ્યા, તેજપાલ આવીને કહે છે,

‘ભાઈ ! ઊઠો ભોજનનો સમય થઈ ગયો છે. પધારો જમવા.’

વસ્તુપાલ ઉત્તર કરે છે, ‘મહાનુભાવ ! એવું ન બોલ, આવો અવસર તો મહાપુણ્યે મળે.’

તેજપાળ કહે છે ‘પણ ગુરુમહારાજનું કહેવું છે કે જેના પર કુળનો આધાર હોય તેવા પુરુષની ખૂબ પ્રયત્નથી રક્ષા કરવી. પૈડાનું વચલું તુંબ નાશ પામે તો આરા કોના આધારે રહે ? તમે આધાર છો, એટલે બહુ તાણવું ન જોઈએ.’

મંત્રી વસ્તુપાળે જવાબ દીધો ‘અરે બંધુ ! આજે તો પિતાજીની આશા સફળ થઈ, માતાના આશીર્વાદરૂપી દીવો પૂર્ણ ઝળકી ઊઠ્યો કે જરાય ખેદ પામ્યા વિના યુગાદિદેવના આ સમસ્ત યાત્રિકસંઘની પૂજા કરવા પામું છું. મને કોઈ જ થાક કે ખેદ નથી. માટે મારા થાકી જવાની કોઈ કલ્પના ન કરીશ.’

સંઘનો યોગ મળ્યો છે તો એની પૂજા કરવામાં કેટલો બધો હર્ષોલ્લાસ ! પૂજા પણ કેવી રીતની ? હજારોની ધૂળ લેવાની ! હજારોના ઠેઠ ચરણપ્રક્ષાલનની ! જીવનમાં કદાચ આવું ભલે એકાદવાર બની શકે, પરંતુ દર વર્ષે એના પ્રમાણમાં કંઈકે એક વારે ય કરી શકાય ને ?

સંઘપૂજામાં સાધુ-સાધ્વીજીને ભવસાગરથી પાર ઊતરવા જાણે પાત્ર સમાન પાત્ર, વસ્ત્ર, વસતિ (મુકામ) વગેરેનું દાન કરવાનું; ને શ્રાવક શ્રાવિકાને તો ઉત્તમ અલંકાર, ઉત્તમ વસ્ત્ર, કામળી, દુપટ્ટા, સુવર્ણાદિના તિલક, રોકડ સોનૈયા-રૂપિયા વગેરે, ઉત્તમ જમણ, તાંબૂલ વગેરેનું દાન કરવાનું. અલબત્ત પોતાની શક્તિ ઓળંગીને નહિ છતાં એ પણ ખરું કે શક્તિ ગોપવીને ય નહિ, કહો, સર્વશક્તિ ખરચીને સંઘ પૂજા કરવાની.

**સંઘના સન્માન-પૂજા શા માટે ?** શાસ્ત્ર કહે છે,

**पंचपरमिट्ठिरयणाइं बहुमुल्लाइं तस्स मज्झमि ॥**
**उप्पज्जन्ति सया वि हु स संघरयणायरो जयउ ॥**

અર્થાત્, જેમાં પંચપરમેષ્ઠીરૂપી બહુમૂલ્ય રત્નો ઉત્પન્ન થાય છે એવો સંઘ સમુદ્ર (રત્નાકર) હંમેશાં જય પામો. અરિહંત, સિદ્ધ, આચાર્ય વગેરે પરમેષ્ઠી સંઘમાંથી જ પ્રગટ થાય છે ને ?

સંઘ તો પચીસમો તીર્થકર કહેવાય છે.

આચાર્ય-ઉપાધ્યાય-સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકરૂપી સંઘ ક્રિયા-જ્ઞાન-દર્શન-દાન-શીલ-તપ વગેરે કરવા દ્વારા મોક્ષ માટે ઉદ્યમ કરે છે. એ ક્રિયા-જ્ઞાન આદિ જેમ પૂજ્ય છે. તેમજ એના આશ્રયભૂત એ આરાધક સંઘ પણ પૂજ્ય છે.

મહર્ષિઓ સંઘને પરમતીર્થ કહે છે, કહ્યું છે **'तीर्थं प्रथमगणधरश्चतुर्विधः श्रीसंघो वा'** તીર્થ પહેલાં ગણધર અથવા ચતુર્વિધ શ્રી સંઘ છે.

શાસ્ત્ર કહે છે 'પુત્ર જન્મ, વિવાહ વગેરે મંગળ તો ઘરે ઘરે હોય છે, પરંતુ ભાગ્યશાળી મનુષ્યોને ઘેર શ્રી સંઘપૂજાદિ મંગળ હોય છે.'

'જેના ઘરને શ્રી સંઘે સહર્ષ સ્પર્શ કર્યો તેના આંગણે તો સુંદર સુવર્ણની ધારા વરસી, તેના ઘરની અંદર રત્નનિધાને પ્રવેશ કર્યો, તેના ઘરને વિષે કલ્પવૃક્ષની લતા ઊગી !' શી રીતે ? આમ, કે શ્રી સંઘના ઘરે પગલાં થવાથી ચિત્તમાં એટલા બધા આલ્હાદમય શુભ અધ્યવસાયની ભરતી ચઢે છે, તથા સંઘ પૂજા થાય છે. અને એની પાછળ અનેકવાર એની એવી અનુમોદના તથા ધર્મઉલ્લાસ ચાલે છે કે એ બધાનાં ફળમાં દ્રવ્યરત્ન-ભાવરત્નના નિધાન પ્રગટે છે, ઇચ્છિત સહજમાં આવી મળે છે !



વસ્તુપાલ દર વર્ષે ચતુર્વિધ શ્રી સંઘની સર્વ શક્તિથી ત્રણવાર પૂજા કરતા, શ્રાવકોના લલાટ છત્રીસ હજાર સુવર્ણમય રત્નના તિલકથી ભક્તિપૂર્વક અલંકૃત કરતા.

સંઘ અને સંઘપૂજાનું આવું બધું મહત્ત્વ સમજી પ્રતિ વર્ષ ઓછામાં ઓછું એક વાર શક્તિ ખર્ચીને આ કર્તવ્ય અવશ્ય બજાવવું જોઈએ.

## ૨. સાધર્મિક ભક્તિ

હવે સાધર્મિક ભક્તિ નામનું બીજું વાર્ષિક કર્તવ્ય. સાધર્મિક એટલે સમાન ધર્મવાળા. સાધુ-સાધ્વીજીના સાધર્મિક સાધુ-સાધ્વીજી; અને શ્રાવક-શ્રાવિકાને સાધર્મિક તરીકે શ્રાવક-શ્રાવિકા. એમની એમણે એમણે ભક્તિ કરવાની તે સાધર્મિક ભક્તિ.

શાસ્ત્ર કહે છે-આ જગતમાં બીજા બીજા સંબંધી તો ઘણા મળે, ઘણીવાર મળે; પરંતુ સાધર્મિકનો મેળાપ થવો એ દુર્લભ છે. કેમ કે પહેલો તો મનુષ્ય ભવ જ દુર્લભ ! એમાં વળી આર્યદેશ, આર્યકુળ મળવા કઠિન ! ત્યાં પણ જૈનધર્મનો સંયોગ થાય પછી સાધર્મિકનો સંબંધ મળે.

સાધર્મિકની દુર્લભતા ઉપરાંત એનો સમાગમ મહાપુણ્યદાયી હોવાથી એની મહામૂલ્યતા પણ છે. શાસ્ત્ર કહે છે.

'બુદ્ધિરૂપી ત્રાજવાના પલ્લામાં એક બાજુ સર્વ ધર્મ મૂકો અને બીજી બાજુ પલ્લામાં સાધર્મિક વાત્સલ્યનો ધર્મ મૂકો, બંને પલ્લાં સમાન ઊતરશે.'

**શાસ્ત્રોક્ત હિતમાં દિલ ઊછળે છે ?**

શું આ અતિશયોક્તિ છે ? ના, એનું રહસ્ય જુઓ તો વાસ્તવિક કથન લાગશે. પણ રહસ્ય વિચાર્યા વિના શાસ્ત્રકારોના કથન ઉપર 'આ તો કંઈ નહિ ! એમ કરી ચાલ્યા જવું, અથવા 'હશે ભાઈ !' એમ કરવું, એ જ્ઞાનાવરણ કર્મ બાંધવા અને મિથ્યાત્વને નોતરવા જેવું છે. તમને લગતું હશે કે 'આપણે કાંઈ આવું કરતાં નથી, આપણે તો શાસ્ત્રવચન બરાબર માનીએ છીએ.' પરંતુ જરા એટલું તપાસજો કે જો 'જાતના બધા ધર્મની હારોહાર 'એકબાજુ રામ એકબાજુ ગામ'ની જેમ સાધર્મિકવાત્સલ્યનો ધર્મ ઊભો રહે છે,' એવું બરાબર હૈયે જચતું હોય તો એટલા ગજબ મહાન સાધર્મિકવાત્સલ્ય કરવા માટે દિલ કેટલું ઉછાળા મારતું રહે છે ? કેમ કે એની સાધનામાં બીજા ધર્મોના સમૂહની સાધનાની સમાનતા દેખાઈ રહી હોય ! જો ઉછાળો તો શું, પણ ભાવના થતી નથી તો પેલા વચનની શ્રદ્ધા કેવી ?

**શાસ્ત્ર વચનની શ્રદ્ધાનું આ પારખું** છે કે એના બતાવેલ મહાન લાભકારી

અનુષ્ઠાન કે સ્થાન પર દિલ પુલકી ઊઠે ! એ સેવવાની આતુરતા જાગે, ! એમાં ય વળી લાભ ઊંચો અને કષ્ટ થોડું એવી વસ્તુ હોય ત્યાં તો એકદમ ઉમળકો જાગી જાય કે 'અહો ! આટલો બધો લાભ છે ? તો લાવ ને, ઝટ આચરી લઉં !' બજારમાં લિલામનો કે એવો કોઈ રૂ. સોની કિંમતનો માલ પંદર રૂ. માં વેચાતો દેખાય તો મનને ઝટ ખરીદી લેવાનો વલવલાટ જાગે છે ને ? તેમ અહીં કષ્ટથી સાધી શકાય એવા તપ દેવભક્તિ, ક્ષમા, દયા, દાન, શીલ વગેરે અનેક ધર્મના જૂથની એકલો હરીફાઈ ફરે એવો સાધર્મિકવાત્સલ્ય ધર્મ દેખાય તો એને સાધી લેવા માટે દિલ શું ઊછળી ન પડે ? પરંતુ વાત એ, કે દિલને એ દેખાવું જોઈએ. તે શાસ્ત્રવચન પરની અથાગ શ્રદ્ધાથી બને.

એવી રીતે, શ્રદ્ધા હોય તો શાસ્ત્રવચને બતાવેલ મહાનુકસાન મહા અનર્થકારી વસ્તુ જણાય. એમાં દિલ ચોંકી ઊઠે અને ગભરામણથી એમ થાય કે કેમ હું આનાથી બચું !'

શ્રદ્ધા જો આ ન કરાવે, (૧) થોડા જ કષ્ટમાં મહાલાભ દેનારા સ્થળે ઉમળકો ન કરાવે, અને (૨) અલ્પતાત્કાલિક લાભે પરિણામે ભયંકર અનર્થકારી નીવડે એવાથી મહાગભરામણ ન કરાવે, તો શ્રદ્ધા શી ?

**માનવ ભવનું પહેલું કર્તવ્ય :-**

માનવભવ અને અનંતકલ્યાણદાયી જિનશાસન પામીને આ પહેલું કરવાનું છે કે ભગવાનના સ્વરૂપને પરખી એમના વચન પર આવી અથાગ શ્રદ્ધા ઊભી કરીએ, કે જે મહાલાભદાયી કહેલી વસ્તુમાં સાધવાનું દિલ ઊછળે અને મહાઅનર્થકારી બતાવેલી વસ્તુમાં મહાગભરામણ કરાવે, દિલ ઉભગાવી નાંખે. માટે જ જ્યારે સાધર્મિક વાત્સલ્યને અન્ય સર્વ ધર્મોના જૂથની સમાન બતાવવામાં આવે છે, તો એ આરાધવાનું દિલ ઊછળવું જ જોઈએ.

**સાધર્મિક વાત્સલ્ય ધર્મ અન્ય ધર્મ સમૂહની સમાન કેમ ? :-**

ખેર ! પણ આજના બુદ્ધિ પ્રધાન યુગમાં શ્રદ્ધા કરવા માટે તર્કબુદ્ધિ જોઈતી હોય તો આમાં તર્ક છે, રહસ્ય છે. તે આ, કે સાધર્મિકવાત્સલ્ય પાછળ સાધર્મિક પર નિર્મળ નિઃસ્વાર્થ પ્રેમ અને એના ગુણો પર બહુમાન તથા અનુમોદના ભારોભાર છે. એટલે સાધર્મિકની ભક્તિ કરવામાં એ પ્રીતિ-બહુમાન-અનુમોદના રચનાત્મક બને છે. શાસ્ત્ર કહે છે **'કરણ, કરાવણ ને અનુમોદન સરિખાં ફળ નિપજાવે,'** ભક્તિ કરીને સામાને અનેક ધર્મ કરવાની અને ગુણો મેળવવાની ગર્ભિત પ્રેરણા પણ કરીએ છીએ; એ કરાવવું થયું; તેમ અનુમોદન તો છે જ. આથી લાભ એ બધા ધર્મ કર્યા બરાબર મળે છે. વળી આપણે કરેલી ભક્તિના ઉપર એ વ્રત



સામાયિક જિનભક્તિ આદિ અનેક ધર્મ તથા ગુણ આરાધશે. એટલે કહેવાય છે કે બીજા બધા ધર્મોની સામે સાધર્મિકવાત્સલ્ય ધર્મ સમાન ઊતરે બીજું પણ કારણ છે.

**પ્રભુનો માલ ખરીદનાર પર પ્રેમ :-** પ્રભુને અને પ્રભુએ ફરમાવેલા ધર્મને જો ખરેખર માનતા હોઈએ તો એમ થાય કે 'પ્રભુનો એ માલ ખૂબ પ્રચાર પામો, એના ગ્રાહક બહુ વધો,' અને એના ગ્રહણ કરનારા દેખાય ત્યાં પ્રેમ ઊભરાય. મિત્ર પર બહુ પ્રેમ છે અને એનો માલ સારો છે તો એ ખરીદનાર પર પણ પ્રેમ થાય છે. અહીં સાધર્મિક પ્રભુના માલના ગ્રાહક છે તો એમને જોઈને હૈયું ઊછળી પડે, એમની તન-મન-ધનથી ભક્તિ કરવા ઉજમાળ બનાય.

**સાધર્મિકોમાં ભાવી તીર્થંકર-ગણધર વગેરે :-**

જોવા જેવું છે કે આજે આપણે નથી જાણતા, પરંતુ એ સાધર્મિકોમાં કોઈ ભાવી તીર્થંકરના જીવ હશે, ગણધરના જીવ હશે, કોઈ મહાન પ્રભાવક આચાર્ય થવાના હશે, કોઈ મહાસાધક મુનિ બનનાર હશે, તો કોક વળી જબરદસ્ત શાસન પ્રભાવના કરનાર રાજા કુમારપાળ, મંત્રી વસ્તુપાળ જેવા મહાશ્રાવક થનાર હશે ! એનાં બીજ આજની એમની ધાર્મિક્તામાં પડેલાં છે, એટલે મનમાં કલ્પના કરીએ કે 'સંભવ છે સાધર્મિકોમાંથી આવા તીર્થંકરાદિ મહાપુરુષ થવાના હોય ! તો લાવ, ભક્તિ કરું જેથી એ ભાવી તીર્થંકર ગણધર વગેરેની ભક્તિ કર્યાનો લાભ મળે. સાધર્મિક ભક્તિ કરવામાં આ પણ મહાન લાભ છે, એટલે બીજા ધર્મોના જૂથની સમાન કહેવાય છે. ત્યારે પૂછો,

**મિથ્યાદષ્ટિની ભક્તિ કેમ નહિ ? :-**

**પ્ર.**- તો પછી મિથ્યાદષ્ટિમાં ય કોક લાંબે જઈને તીર્થંકર ગણધર, મુનિ કે મહાશ્રાવક થવાના હોય, એ સંભવ છે, તો શું મિથ્યાદષ્ટિની ભક્તિ કરીએ તો એ લાભ મળે ને ?

**ઉ.**- ના મળે. કેમ કે મિથ્યાદષ્ટિનું વર્તમાન જીવન ખોટું છે, તેથી એની ભક્તિ કરવામાં મિથ્યાત્વની પુષ્ટિ થાય છે, મિથ્યાત્વને સમર્થન મળે છે. અને પુષ્ટિ સમર્થન પેલા ભાવી ઉત્તમ પુરુષની ભક્તિના લાભને ખાઈ જાય છે ! ભરત ચક્રવર્તીએ તો મરીચિને વંદના કરી હતી ત્યાં જાહેર કર્યું હતું કે હું આ તારા ત્રિદંડિક વેશને નથી વાંદતો, હું તો છેલ્લા તીર્થપતિ મહાવીરસ્વામીને વંદું છું.' આવો ભરત જેવો એ પ્રસંગ કોક, એટલે એનો દાખલો ન લેવાય.

**મિથ્યાદષ્ટિ કરતાં સાધર્મિક કેમ જુદો ? :-**

બાકી સાધર્મિક તો પ્રભુને, પ્રભુના શાસનને માનનારો છે, શાસન રથનું પૈડું છે, ભગવાનના કાળથી માંડીને સાધર્મિકરૂપી પૈડાં ઉપર શાસન રથ આજ સુધી

ચાલી આવ્યો છે. વળી સાધર્મિકમાં અનેક ધર્મ તથા ગુણો છે, માટે એ ભક્તિપાત્ર છે. વળી સાધર્મિકમાં ભાવી તીર્થંકરપણા વગેરેનાં બીજ પડેલાં છે, સાધર્મિકને માનનારો જ પ્રભુને માનનારો કહેવાય છે. માટે પણ એ સાધર્મિક ભક્તિથી એની ઉપબૃંહણા સ્થિરીકરણ થાય છે. આ બધા મહાન કારણોના હિસાબે સાધર્મિકભક્તિ ખૂબ ઉલ્લાસથી શક્ય સર્વ ભોગ આપીને કરવી જોઈએ.

## સાધર્મિક ભક્તિના અનેક પ્રકાર તથા દૃષ્ટાન્તો

(૧) **સાધર્મિકભક્તિ** કરવા માટે પહેલા નંબરમાં સાધર્મિક પ્રત્યે મહાન આકર્ષણ ઊભું કરવું, એમના પર આપણા હૈયામાં માતા, પત્ની, ને પુત્ર કરતાં પણ અત્યધિક હેત ઊભરાવવું, મમત્વ અને બહુમાન ધરવું. સાધર્મિકને જોતાં જ મુખ પર ભારે પ્રસન્નતા, વાણીમાં પ્રેમ-સ્વાગતના શબ્દ અને નવા આગન્તુકને આલિંગન કરવું. આ સાધર્મિકભક્તિ છે, સાધર્મિકભક્તિનો પાયો છે.

**પેથડ અને જિનદાસની સાધર્મિક ભક્તિ :-**

સાધર્મિકનાં આકર્ષણ-હેત-મમત્વ-બહુમાન કરવામાં પેથડશાહને યાદ રાખો. માંડવગઢના એ મહામંત્રી. નગરમાં કોઈ નવો સાધર્મિક જૈન બંધુ બહારથી આવેલો જુએ કે તરત પોતે હાથીના હોદ્દેથી પણ નીચે ઊતરી પડતા, અત્યંત પ્રસન્નતા દેખાડી હાથ જોડી પ્રણામ કરી એકદમ એને ભેટી પડતા ! પેલો ધૂળભર્યા કપડે ય હોય, આ સ્વચ્છ કિંમતી વસ્ત્રવાળા, છતાં ભેટતાં કોઈ બીજો વિચાર નહિ, સંકોચ નહિ ! દિલમાં પ્રભુશાસનના કેવા અતિશય ઊંચા ગૌરવ, મમત્વ અને પ્રાપ્તિના હર્ષ હશે કે 'અહો ! આ મારા જિનશાસનને માનનારા શ્રાવક-શ્રાવિકા !' એમ સાધર્મિક પર હૈયે હેત-મમત્વ-બહુમાનનાં પૂર ઊભરાય !

**વિજય-વિજયા :-** ત્યારે આ ધાર્મિક પરનાં આકર્ષણ-હેત-મમત્વ-બહુમાનના લાભ કમ સમજતા નહિ, બહુ ઊંચા લાભ છે ! જુઓ, એવાં આકર્ષણ-હેત બહુમાનથી વિજય-વિજયા શ્રાવક શ્રાવિકાની ભક્તિ કરાય એમાં શ્રી વિમળકેવળી ભગવાને ચોરાશી હજાર મુનિઓની ભક્તિનો લાભ બતાવ્યો !

જિનદાસ શેઠ શ્રી વિમળકેવળી ભગવાનને વિનંતી કરે છે 'અહો પ્રભુ ! મારાં કેવાં અહોભાગ્ય કે આપ અને ચોરાશી હજાર મુનિભગવંતોનાં દર્શન મને મળ્યાં ! મારે આપ બધાની ભક્તિ કરવી છે, તો અનુજ્ઞા આપો.'

કેવળજ્ઞાની કહે છે, 'કેવી રીતે કરીશ ?' શું સાધુને માટે આંધણ ચડાવીશ ? સાધુને એ દોષિત ગણાય. એ તો નિર્દોષ ભિક્ષા લે. એટલી બધી તું ક્યાંથી વહોરાવી શકે ?'



જિનદાસ અફસોસી કરે છે, 'તો ! ભગવન્ ! શું ભક્તિ કર્યા વગર અમારે ડૂબી મરવાનું ? છતી સામગ્રીએ પુણ્ય કમાયા વિના અમારું શું થાય ? દયા કરો પ્રભુ !' સાધુને જોઈ કેટલું દિલ ઊછળતું હશે ? પુણ્યમાં કામે ન લગાડાય એ લક્ષ્મી કેવી ડંખતી-કરડતી હશે ?

કેવળી ભગવાન કહે છે, 'ધીરજ ધર, કચ્છ દેશમાં શ્રાવકપુત્ર વિજય અને એની પત્ની વિજયા છે, એની ભક્તિ કર, તને ૮૪૦૦૦ મુનિની ભક્તિ જેટલો લાભ મળશે.'

આ સાંભળીને જિનદાસ શેઠ ચોંકી ઊઠે છે, 'ઓહો ! એવા વિજય-વિજયા છે ?' શંકા નથી કરતા કે હેં ! છ કાયના કુટાભર્યા અને વિષય-કષાયથી ખદબદતા ઘરવાસમાં બેઠેલા વિજય-વિજયા એ શું ૮૪૦૦૦ મહામુનિઓની તોલે, તે બેની ભક્તિમાં સમાન લાભ ?' કેમ આવી શંકા નહિ ? કેવળજ્ઞાની ભગવાનનું સર્ટીફિકેટ છે માટે. શ્રદ્ધા બળનો આ યુગ હતો, આજે બુદ્ધિના ફાંકાનો યુગ છે. જાણે પોતાની બુદ્ધિ કેટલી બધી વિશાળ, તીક્ષ્ણ અને સંખ્યાબંધ શાસ્ત્રોના વિષયોથી પરિકર્મિત-કેળવાયેલી, તે એમાં બેસે એટલું જ માનવાનું ! આ બુદ્ધિનો ફાંકો છે. વિજય-વિજયાના દિલમાં કેવા ઊંચા અધ્યવસાય ! એમની ઊંચા બહુમાનથી કરાતી ભક્તિ કરનારાના હૃદયમાં કેટલી ઊંચી ભાવની પરિણતિ ! એ ૮૪૦૦૦ મુનિઓની ભક્તિ કરતી વખતે થતી ભાવની પરિણતિને કેવી રીતે આંબે ? આ બધું આધ્યાત્મિક તત્ત્વની કેળવણી વિનાની બુદ્ધિમાં શી રીતે બેસે ? એને શ્રદ્ધા બળે બેસાડવું જોઈએ. કહેનાર કોણ છે ? કેવળજ્ઞાની સર્વજ્ઞ ! ત્યાં ઈસ્યૂ (Issue) કઢાય, ફણગો ન કઢાય. કેવળજ્ઞાનીએ જોયું હશે કે ૮૪૦૦૦ મુનિઓની ભક્તિ માટેનો જે આંતરિક ભાવોલ્લાસ છે, એવો ભાવોલ્લાસ આ દંપતીના ચમત્કારિક બ્રહ્મચર્યને સાંભળી આ સાધર્મિકની ભક્તિમાં થશે. પછી ત્યાં ખોટા કુતર્ક શા કામના ?

જિનદાસ પૂછે છે, 'પ્રભુ ! એ બે મહાનુભાવમાં કઈ વિશેષતા છે ?'

કેવળજ્ઞાનીએ વિજય-વિજયાના લગ્ન પહેલાંના કૃષ્ણ શુકલ પક્ષના બ્રહ્મચર્યના નિયમથી માંડીને વર્તમાનમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય પાળવા સુધીની હકીકત કહી. જિનદાસનો ભાવોલ્લાસ બહુ વધી ગયો, અને કચ્છમાં જઈને ઊછળતા હેત અને બહુમાનથી એ બંને સાધર્મિકની ભક્તિ કરી અપૂર્વ પુણ્ય ઉપાર્જન કર્યું. આ મુખ્યતયા સાધર્મિક પર આકર્ષણભર્યાં હેત-મમત્વ-બહુમાનરૂપ સાધર્મિકભક્તિની વાત થઈ.

(૨) **બીજા પ્રકારમાં, સાધર્મિકને આપણા** આંગણે નિમંત્રી, અગર સગવડ હોય, ત્યાં બોલાવી અથવા આપણે ત્યાં આવી ચઢ્યા હોય તો એમને આવકારી વિશિષ્ટ ભોજન તથા વસ્ત્ર-અલંકાર-રોકડ વગેરેની ભેટ કરવી પહેરામણી કરવી.

આભૂ સંઘવીએ ઘરે આવી ઊભેલા ઝાંઝણશા અને ૩૨૦૦૦ સાધર્મિકની વિશિષ્ટ ભક્તિ કરાવી એ જોઈ ગયા.

**ભરત ચક્રવર્તી** અટ્ઠાણું ભાઈઓએ લડવાને બદલે દીક્ષા લઈ લીધાનું સાંભળી મનાવવા દોડતા આવ્યા. 'ભાઈ ! સુખે રાજ્ય ભોગવો મારે આજ્ઞા નથી મનાવવી એમ વિનંતી કરી, પરંતુ અહીં જોયું કે એમણે રીસથી નહિ પણ આ સંસાર ક્લેશભર્યો, વિષય-કષાયની વિટંબણાભર્યો જોઈ વૈરાગ્યથી દીક્ષા લીધી છે, એટલે હવે ઋષભદેવ ભગવાનને વિનંતી કરે છે 'પ્રભુ ! ગોચરીનો લાભ આપો' પ્રભુ કહે છે, 'સાધુને રાજપિંડ ન ખપે !' ભરત ખિન્ન થઈ જાય છે.

ત્યારે ઈન્દ્ર કહે છે. 'ખિન્ન ન થાઓ, સાધર્મિકભક્તિ કરો, બહુ લાભ છે. જુઓ પ્રભુ કહે છે,

**चक्रे तेन जिनार्चनं, स विदधे सम्यग्गुरूपासनम्,**
**तत्त्वं तेन जिनागमस्य विदितं संघोन्नतिं स व्यधात् ।**
**सत्यंकारितमेव तेन सुधिया निर्वाणसौख्यं जवाद्,**
**यः साधर्मिकगौरवं वितनुते हृष्टो गुरूणामिव ॥**

અર્થાત્ 'જે હર્ષિત થઈને ગુરુઓની જેમ સાધર્મિકનું ગૌરવ, ભક્તિ કરે છે, એણે તો એમાં જિનભક્તિ કરી, ગુરુની સમ્યગ્ ઉપાસના કરી, શ્રી જિનાગમનું તત્ત્વ ભણ્યો, સંઘની ઉન્નતિ-પ્રભાવના કરી, અને એ બુદ્ધિમાને તો મોક્ષસુખને જલદી આવવાનું નક્કી કરાવ્યું' એક સાધર્મિકભક્તિમાં આટલા બધા ધર્મ સમાયેલા છે માટે એ કરો,'

બસ, ભરત ચક્રવર્તી આ મહિમા સાંભળી ઉલ્લાસમાં આવી ગયા, અયોધ્યામાં આવી સાધર્મિકો માટે અભંગદ્વાર ! દ્વાર ખુલ્લાં મૂકી દીધાં; કેવાં ? 'આવો, અત્રે જ રહો, ભોજન મારે ત્યાં જ, આખો દિવસ ધર્મ-ધ્યાન-સામાયિક-શાસ્ત્ર સ્વાધ્યાય કરો.' આવી સાધર્મિકભક્તિથી ચક્રવર્તીપણાના મહાન આરંભ-પરિગ્રહનાં કંઈ પાપો પાછાં વાળ્યાં ! ત્યારે તો આરિસાભવનમાં કેવળજ્ઞાન પામ્યા ને ? આ સાધર્મિકને નોતરીને ભક્તિ કરવાની વાત થઈ.

**આઠમી પાટે રાજા દંડવીર્ય થયો,** એ પોતાને ત્યાં આવી ઊભેલા સાધર્મિકની ભક્તિ કરવામાં એ કેવો પ્રતિજ્ઞાબદ્ધ હતો એ જુઓ. એને નિયમ છે, સાધર્મિક આંગણે આવે તેની ભક્તિ કરીને જમવું.' ખુદ સૌધર્મેન્દ્ર એનું સત્ત્વ તપાસવા શ્રાવકનો વેશ કરીને આવે છે. '**क्रियाया आडम्बरो यावांस्तावाँल्लोकादरोऽपि यतः...**' જેટલો ક્રિયાનો આડંબર તેટલો લોક-આદર એટલે બાર વ્રતધારીની જેમ



તિલકો તાણ્યા છે, નીચી નજરે ચાલે છે, અહીં જાપના હોઠ ફફડાવે છે. અહીં આવીને જુએ છે તો ભરતચક્રીથી ચાલી આવતી શ્રાવકભક્તિના હિસાબે દાનશાળામાં રખાયેલા શ્રાવકોમાંથી કોઈ જૈન વેદોનો પાઠ કરી રહ્યા છે, તો કોઈ આચાર શીખે છે, બીજા વળી ધ્યાનમગ્ન છે. ઇંદ્ર ખુશ થાય છે. એને નવો આવેલ જાણી સુસ્વાગત પૂછવામાં આવે છે :

'આવો, પધારો, ક્યાંથી પધારવું થયું ?'

આ કહે છે 'હું શ્રી અમરાવતીથી નીકળ્યો છું. તીર્થોની યાત્રા કરતો કરતો અહીં ભરતમહારાજનું કરેલું શ્રી ઋષભદેવપ્રભુનું 'શક્રાવતાર' તીર્થ જાણી યાત્રાએ આવ્યો છું. પ્રભુનાં દર્શન-સ્તવન અને આપ લોકોનાં મિલનથી મારો આત્મા આજે પાવન થયો છે. ધન્ય ઘડી ! ધન્ય અવતાર !'

છે કાંઈ બાકી ? રાજપુરુષો વિનંતી કરે છે, 'પધારો જમવા માટે, લાભ આપો.'

આ કહે છે, 'નહિ રે નહિ, આજે તો નૂતન તીર્થયાત્રા નિમિત્તે ઉપવાસ કરવાની ભાવના છે.'

પણ પેલા શાના છોડે ? ખૂબ આગ્રહ કરે છે, રાજાને ખબર પડવાથી એ પણ આવી આગ્રહ કરે છે. ઇંદ્રશ્રાવક અંતે માની લે છે. એને જમવા લઈ ગયા. બસ, પરીક્ષા કરવી છે ને કે દંડવીર્ય રાજાનું કેટલું સત્ત્વ છે, ધૈર્ય છે, એ તપાસવું છે ને ? જમવા માંડ્યું જમવા માંડ્યું તે એવું સપાટાબંધ અને એટલા બધા મોટા પ્રમાણમાં કે ક્રોડ શ્રાવકને પહોંચે એટલી રસોઈ એણે એકલે ખાઈ નાખી ! રસોઇયા આશ્ચર્ય પામી ગયા. પણ હવે શું પીરસે ?

આ કહે છે 'અરે ! લાવો જલદી પીરસો. કેમ તમે રાજાની આબરૂ ગુમાવો છો ?'

એક જ માણસ આટલું બધું ખાઈ જાય એટલે ? ત્યાં કોલાહલ મચી ગયો છે. રાજા હાજર થાય છે, એને ઇંદ્ર શ્રાવક કહે છે, 'રાજન્ ! તમે આવા રસોઇયા રાખ્યા છે શ્રાવકને ઠગવા માટે ? જુઓ પેટપૂર જમાડવાનું ક્યાં છે ?'

રાજાના કહેવાથી તરત સો મૂડા જેટલું અન્ન રાંધી આને જમાડવા માંડ્યું, પણ અહીં તો દેવશક્તિ ! એય બધું ચડીચોટ કરી નાખ્યું ! પછી કહે છે 'લાવો લાવો, પીરસો ઝટ !' હવે શું લાવે ? ત્યારે એ બનાવટી શ્રાવક રાજાનો ઊધડો લે છે, 'અરે ! આ કુળની કીર્તિને કલંક લગાડે છે ? કુળકીર્તિને જો વધારી તો ન શકે, પણ છે એની રક્ષા ય ન કરી શકે તો તારા પુરુષ વેશે જન્મવાથી શું ? 'હું શ્રાવકોને જમાડું છું- હું શ્રાવકોને જમાડું છું' એવો દંભ કરવો રહેવા દે. જો મને એક શ્રાવકને પણ તું પૂરું જમાડી શકતો નથી ! શરમ નથી આવતી ? શા સારું

લોકોને ઠગે છે ?'

કઠોર શબ્દોની વાગ્ધારા ચાલી ! કોની કોના સામે ? એક શ્રાવકની મોટા રાજા સામે પરંતુ આ દંડવીરજ પોતે રાજા કરતાં શ્રાવક વધારે હતો, પ્રભુનો સેવક એટલે કે સાધર્મિકોનો સેવક વધારે હતો, સેવક સેવ્ય સામે બોલે ? સેવ્યના ગુસ્સા પર તપે ? ના, તો તો તે સેવક શાનો ? તમેય કંકોત્રી કાઢો તો નીચે 'લિખિતં'માં 'સંઘસેવક' લખો છો ને ? તે સેવ્ય-સેવકભાવ સમજીને ને ? 'સંઘ સેવ્ય છે, સાધર્મિક સેવ્ય છે, ગુરુઓ સેવ્ય છે, તો એમની આગળ તપાય જ નહિ, અયોગ્ય બોલ બોલાય જ નહિ,' આવું નક્કી ને ?

દંડવીરજ જરાય ગુસ્સો ન કરતાં પોતાના પુણ્યની કમી માની સ્વાત્માની નિંદા કરે છે, 'અરે ! મેં પૂર્વ ભવે ધર્મસાધનામાં કેવી ત્રુટિ રાખી કે અધૂરાં પુણ્યે આ એક સાધર્મિકને સંતોષી શકતો નથી !' ત્યાં મંત્રી સમજી જાય છે કે આ કોઈ માનવ નહિ પણ દેવ લાગે છે.' પછી મંત્રીના કહેવાથી રાજા આ કૃત્રિમ શ્રાવકની ધૂપ વગેરેથી પૂજા-સન્માન કરી કહે છે,

'અહો ! ધન્ય ભાગ્ય મારાં કે મને પાવન કરવા શ્રાવક વેશે આપ પધાર્યા છો ! આપ કોણ છો ? મારા પર મહેરબાની કરી જે હો તે પ્રગટ થાઓ.'

ઈંદ્રે તરત પોતાનું રૂપ પ્રગટ કરી રાજાને કહ્યું, 'રાજન્ ! તમને ધન્ય છે કે જે તમે આવી અદ્‌ભુત સાધર્મિકભક્તિ કરો છો.'

**दृश्यन्ते कोटिशो विश्वे स्वोदरंभरयो नरः ।**
**साधर्मिकस्यैकस्यापि न तु वात्सल्यकारकः ॥**

વિશ્વમાં કરોડો માણસો દેખાય છે, પરંતુ તે પોતાનું પેટ ભરનારા, પોતાના સ્વાર્થમાં રત, કિન્તુ એકાદ પણ સાધર્મિકનું વાત્સલ્ય કરનારા નહિ, તમે સાધર્મિકભક્તિથી ઈક્ષ્વાકુવંશની કીર્તિ વિસ્તારી રહ્યા છો' એમ કહીને બધી રસોઈ તદવસ્થ કરી દઈ ક્રોડ રત્નોની વૃષ્ટિ કરીને ઈન્દ્ર ચાલ્યો ગયો. રાજા દંડવીર્ય એ સાધર્મિકભક્તિથી ઊછળતી શુભ ભાવનામાં આગળ વધતાં અરીસાભવનમાં કેવળજ્ઞાન પામ્યા !

**પુણિયા શ્રાવકને** જાણો છો ને ? એને રોજ સાધર્મિક-ભક્તિ કરવા જોઈએ. ક્યારે ? કોક દિ' નહિ. હંમેશાં ! પોતે ગરીબ છે છતાં રોજ ! તમારે ? દાટી મૂકજો. દબાવી મૂકજો, પણ ધ્યાન રાખજો કે અંતે એમાંથી કંઈક તમારા ક્લેવરને બાળવા કામ લાગશે, બાકી રાતી પાઈ પરલોકમાં તમને ખપ નહિ લાગે. સાધર્મિકભક્તિમાં ખર્ચેલું પરભવમાં પુણ્યના ચોપડે જમા થયેલું મળશે. શાસ્ત્ર કહે છે,



**साधर्मिकभक्तौ पुण्यं यद् भवेत् तद्वचोतिगम् ।**
**धन्यास्ते गृहिणोऽवश्यं तत्कृत्वाश्नन्ति प्रत्यहम् ॥**

-સાધર્મિકભક્તિ કરવામાં જે પુણ્ય મળે તે શબ્દથી વર્ણવી ન શકાય. તે ગૃહસ્થોને ધન્ય છે કે જે રોજ તે ભક્તિ કરીને પછી જ જમે છે.

(૩) સાધર્મિકની ભક્તિનો વળી એક પ્રકાર એ છે કે ખાસ તપસ્યા કરી હોય, સારા શાસ્ત્રવેત્તા બન્યા હોય, ઉપધાન અગર શ્રાવકની પડિમા વહી હોય, અગર શાસનની કોઈ ખાસ સેવા, રક્ષા કે પ્રભાવનાનું કાર્ય કર્યું હોય, દા.ત. સંઘ કાઢ્યો હોય, એવાનું જાહેર સન્માન અભિનંદન કરવું, પહેરામણી કરવી, જમણ દેવું. આમાં તે તે તપસ્યા, જ્ઞાન, ઉપધાનાદિ અનુષ્ઠાન વગેરેનું પણ બહુમાન થાય છે એ વિશેષ લાભ છે.

**જામનગરમાં એક શ્રાવક** હતા એમને સાધર્મિકભક્તિ કરવાનો રસ બહુ પણ એમની પત્ની એવી કે એ સાંખી શકે નહિ, ત્યારે શું કરવું ? એમણે રસ્તો કાઢ્યો, એક ભાઈને કહી દીધું કે 'આપણા તરફથી પોષધ કરનાર ભાગ્યશાળીઓને બારોબાર સારી રીતે જમાડી દેવા, અને એનો ખર્ચ હું આપી દઈશ, પરંતુ ભૂલેચૂકે મારું નામ બહાર પાડતા નહિ, નહિતર ઘરે ઝગડો થશે. તો ફરી કદાચ લાભ લેવાનું અટકી જશે.'

**વઢવાણમાં એક શ્રાવક** પાસે દક્ષિણાવર્ત શંખ હતો. એક વાર ત્યાં થઈને વસ્તુપાળ મહામંત્રી સંઘ લઈને જતા હતા. શ્રાવકે જોયું 'વાહ ! કેવો સરસ યોગ ! આ ભાગ્યવાન મંત્રી કેટલી બધી શાસન પ્રભાવના કરે છે ! લાવ હું સાધર્મિકભક્તિ કરું' તેડી લાવ્યો મંત્રીને પોતાના ઘરે; ભોજન-ભક્તિ કરી કહે છે, 'લ્યો આ શંખ સ્વીકારો. દક્ષિણાવર્ત શંખ છે.'

મંત્રી સ્વીકારે ? લોભિયા છે ? લઉં લઉં કરનારા છે ? ના, દઉં દઉં કરનારા છે, કહે છે, 'હોય ! આપની પાસે જ એ રહો. મારે જરૂર નથી.'

શ્રાવક કહે છે 'મંત્રીશ્વર ! આપની પાસે હશે તો એનો ઉપયોગ જબ્બર શાસનપ્રભાવનામાં થશે. હું હીનભાગી શું કરી શકવાનો ? તેમ મારી પાછળવાળાનાં ય શાં ગજાં ? એ તો આપને લઈ જ જવો પડશે.' બસ પરાણે વળગાડ્યો ! શું આ ? શાસનપ્રભાવક સાધર્મિકના સભોગ અભિનંદન ! અભિનંદન તો આપણે ય કરીએ, પરંતુ માત્ર મફતિયા, વાણી માત્રથી; ત્યારે આ ? ભોગ આપીને સારભૂત અભિનંદન.

(૪) સાધર્મિકભક્તિ એક એ રીતે થાય કે સાધર્મિકને યોગ્ય ધંધા વ્યાપારમાં લગાડી સમૃદ્ધ બનાવવા, યાવત્ પોતે સારો શ્રીમંત હોય તો એમને પણ એવા

ઊંચા શ્રીમંત બનાવવા. જો જો આમાં દીન દુઃખીની વાત નથી, એવાની ભક્તિનો વળી એક જુદો પ્રકાર છે, અહીં તો એક ભાવના છે કે 'મારા જૈનભાઈઓ લોકમાં કેમ ઊજળા દેખાય ! કેમ એ ધર્મનાં સુંદર સુંદર કાર્યો કરે !'

આમાં કદાચ પોતાને ખમવું પડે, પરંતુ જે મૂકીને જ મરવાનું છે, એવી લક્ષ્મી કેટલી બધી લેખે લાગે ? કેમ કે પછી તો એ સમૃદ્ધ બનેલાઓ અનેકોને ધર્મની પ્રભાવના કરવાના ! આપણા મહાઉપકારી શાસનનો પ્રવાહ વહેતો રાખવાના !

**જગસિંહ શ્રાવકની** વાત શાસ્ત્રમાં આવે છે. દેવગિરિનો એ શેઠિયો. શેઠિયો હોં ! લક્ષ્મીનો મજૂર નહિ ! એણે ખાસ ચીવટ રાખીને ત્રણસો સાઠ સાધર્મિકને પોતાના જેવા કરોડપતિ બનાવ્યા !! પછી દર વર્ષે એક વાર આખા ગામને નવકારશી જમણ આપવાની એણે પહેલ કરી. એટલે પેલાઓએ પણ એમ કર્યું. ત્રણસો સાઠે દિવસ સાધર્મિકભક્તિ ચાલી ! સમૃદ્ધ કરવાનું કેવું ફળ ! કેવી શાસનપ્રભાવના !

**(૫)** વળી એક પ્રકાર એવો છે કે બીજાની આગળ સાધર્મિકનાં ગૌરવ વધારવાં, યશ-પ્રતિષ્ઠા વધારવી. તેમ એમને પોતાના સગા-સ્નેહીઓ કરતાં પણ અધિક પ્રિય ગણવા, સાચાં સગાં ગણવાં. આ સાધર્મિકભક્તિનો પ્રકાર વગર પૈસે પણ થાય એવો છે. તે એ રીતે કે બીજાની આગળ વાત કરવાનો પ્રસંગ આવે ત્યાં સાધર્મિકના સુંદર ગુણ ગાય, અવસર ઊભો થાય ત્યારે સાધર્મિકને ખાસ મહત્ત્વ આપે, ઊંચા ગણાવે, આગળ કરે.

**ઝાંઝણશા** માંડવગઢથી સિદ્ધગિરિનો સંઘ લઈને જાય છે. માર્ગમાં એક નગરના રાજાએ દીવાનને સંઘવી પાસે મોકલી વિનંતી કરાવી કે 'આપના પધારવાથી બહુ આનંદ થયો ! આપ આપના સારા સારા માણસો લઈને રાજમહેલે પધારો અમારે આપ સરખા પુણ્યશાળીની ભક્તિનો લાભ લેવો છે.

ઝાંઝણશા કહે છે, 'માફ કરજો, મારે થોડાને લઈને ન આવી શકાય. મારે તો બધા જ સારા સારા માણસો સંઘમાં છે.'

રાજા ફરીથી કહેવરાવે છે, 'પણ તે કાંઈ બધાને એકદમ પહોંચી વળાય ? એમ તો હું પણ કહું કે મારા આખા નગરમાં બધા સારા સારા માણસો છે. તો શું તમારાથી પહોંચી વળાય ?

ઝાંઝણશા કહે છે, 'મહાન ઉપકાર આપનો ! જાઓ મારા તરફથી આખા નગર સહિત આપને ઇચ્છો ત્યાં સુધી આમંત્રણ છે.' રાજાને મન વાત નોખ પર હતી. તે નોતરું સ્વીકારી લીધું. બસ ચાલ્યું બીજા દિવસથી આખા ગામને જમણ



આપવાનું ! ઝાંઝણશાને સાધર્મિકનું ગૌરવ દેખાડવું હતું મારે તો બધા સારા સારા માણસ છે. શું સંઘમાં ગરીબ, અભણ, મેલાઘેલા નહિ હોય ? હશે, પરંતુ ભગવાનના ધર્મને માનનાર તરીકે એ બધા જ જગત કરતાં ઘણા સારા છે, એવી દઢ માન્યતા હતી, તે સાચી સક્રિય કરવાનો મોકો આવ્યો હતો, કેમ પાછો પડે ? એક, બે, ત્રણ, છ સાત જમણ થયાં ! ગળ્યું ખાઈ ખાઈને ગામ થાક્યું.

રાજા કહે છે, 'બસ હવે બંધ કરો'

ઝાંઝણશા કહે 'પણ હજી તો કેટલોય માલ પડ્યો છે, ખૂટવાની ચિંતા કરશો નહિ. પછી આ કોણ ખાશે ?' પરંતુ રાજાને અને આખા નગરને પ્રતીતિ થઈ ગઈ કે આ કોઈ જબરો ધર્માત્મા, ! એનો ધર્મ અને ધર્મબંધુઓ પણ કેવા ઊંચા ! શું કર્યું આ ? ધર્મપ્રશંસા કરાવીને અનેકોના દિલમાં ધર્મના બીજનું વપન કર્યું ! સાધર્મિકનું ગૌરવ સાચવવા પર આ.

**'શાહ' નામ રાખવા :-**

ભૂતકાળની વાત છે, પાદશાહની સભામાં બારોટ બોલી ગયો કે 'નામદાર ! આપ તો પાદ (૦ા) શાહ, મહાજન એ શાહ, પૂરા શાહ ?'

બાદશાહ કહે છે 'ખરેખર પૂરા શાહ હોય તો મારા આખા ગામને બાર મહિના જમાડે-નહિતર શાહ નામ કાઢી નાખે.'

વાત રંગત પર ચઢી. હવે શું થાય ? મહાજન એ વખતના એટલે ? આંટવાળા. સંઘનું નામ રાખવું છે, ઈજ્જત ન ગુમાવે. સંઘ ભેગો થયો, ટીપ કરી, બધું ભેગું થતાં થતાં ય ચાર મહિના નોંધાયા. આઠ મહિના ક્યાંથી કરવા ? નીકળ્યા બહાર નોંધવા. ગામેગામ સંઘોને મળતા એમને આવકાર પણ મળતો. પરંતુ કાર્ય પતવાને હજી વાર છે.

એવામાં રસ્તામાં **ખેમો દેદારાણી** બાપ-દીકરાનું ઘર આવ્યું. ડોસો દીકરાને કહે છે 'લાવ લાવ સંઘને આમંત્રી લાવ. ઘરે સંઘનાં પગલાં ક્યાંથી ?' છોકરો બહાર જઈ હાથ જોડી વિનંતી કરે છે, 'પધારો પધારો અંદર. મારા પિતાજીને દર્શન કરવા છે. ખમ્મા સંઘને !'

પેલા એનો દેદાર જુએ છે. પછેડી ને ખેસ. કહે છે, 'ભાઈ ! અગત્યના કામે જઈએ છીએ એટલે હમણાં નહિ અવાય. તારા પિતાજીને અમારા જુહાર કહેજે.' પેલો વધુ આગ્રહ કરે છે ત્યારે સંઘ વસ્તુસ્થિતિ સમજાવે છે, એટલે ખેમો કહે છે 'બધું સારું થશે, પધારો.'

આ લોકો એના દેદારને એના મકાન સામે જુએ તો ભૂખડીબારસ લાગે છે, છતાં એનો તિરસ્કાર નથી કરતા. ગયા અંદર. ડોસાએ સંઘનાં દર્શન કર્યાં, પ્રણામ

કર્યા; દીકરાને કહે છે,

'બેટા ! બાકી રાખતો મા. બધું મળશે, સંઘ-સાધર્મિક નહિ મળે.'

કેવું હૃદય ! કેવી ભાવના ! ગરીબ નથી હોં, મહાશ્રીમંત છે ! 'જીવનમાં શાસન, ધર્મ એ જ સાર' એમ હાડેહાડ વસી ગયું હોય ત્યાં સંઘસાધર્મિકનાં ઊંચાં મૂલ્ય અંકાય. કેસરિયાં દૂધ, પકવાનો વગેરેથી સંઘની ભક્તિ કરી, પછી પૂછે છે 'સેવા ફરમાવો,' સંઘ કહે છે 'તમારું ગજું નહિ'; પણ આના આગ્રહ પર કહ્યું. '૬-૭ મહિના ખૂટે છે.'

એ કહે છે 'સંઘ તો બીજો ઘણો લાભ લેશે. સાધર્મિક સંઘનું ગૌરવ સાચવવાની ભક્તિનો લાભ અમને આપો. લખી લો અમારા બાર મહિના.' પેલા મૂંઝવણમાં પડ્યા, પછેડીમાં શું દેખાય છે ?' પણ છોકરો ભોંયરામાં લઈ ગયો, કહે છે 'આ મોતી, હીરા, સોનૈયાના ઢગ, બધું જ સંઘનું છે. લઈ જાઓ 'શાહ નામ રાખો.'

સંઘની ભક્તિ ક્યાંથી મળે ? સાચવી રાખેલી લક્ષ્મી તો અંતે અવશ્ય ગુમાવવાની છે. ધર્મક્ષેત્રમાં સ્થાપેલી અખય ખજાને પડી ગઈ ! ડાહ્યો કોણ ચૂકે ? આ ઉદારતા પર પેલા સ્તંભિત થઈ ગયા ! 'અહા હા હા ! કઈ ધન્ય માતાએ આવા સુપુત્રને જન્મ આપ્યો હશે !' સંઘ નક્કી કરીને ગયો પાછો, બાદશાહને કહ્યું, ૧-૨ દિવસ ધમધોકાર ગામ જમાડ્યું ત્યાં બાદશાહ કહે છે 'બસ કરો, તુમ શાહ હો, મેં પાદશાહ.' સાધર્મિકનું ગૌરવ સાચવવારૂપી ભક્તિની આ વાત થઈ.

(૬) સાધર્મિકભક્તિનો એક ખાસ પ્રકાર એ છે કે સાધર્મિકની આપત્તિ દૂર કરવી, દૂર કરવામાં સહાય કરવી, દીન દુઃખી બનેલા સાધર્મિકનો ધન વગેરેથી ઉદ્ધાર કરવો, બીમાર હોય, અશક્ત હોય તો સેવા કરવી. આનો લાભ પણ મહાન છે. એક સામાન્ય માણસની પણ દયા કરી હોય તો સારો પુણ્યલાભ થાય, તો પછી સાધર્મિકના ઉદ્ધારના પુણ્ય લાભનું પૂછવું જ શું ?

પરંતુ આના માટે મન ઉત્સાહિત કરવા એ ધ્યાનમાં રાખવાનું છે કે સામાન્ય સમજ એવી હોય છે કે 'આપણે એવા સાધર્મિક-ઉદ્ધારનાં કાર્ય ન કરીએ તો લાભ ઓછો મળે એટલું જ પરંતુ કાંઈ નુકસાન નહિ;' કિન્તુ ખરી રીતે **છતી શક્તિએ કર્તવ્ય ધર્મનાં કાર્ય ન બજાવાય તો વીર્યાન્તરાય કર્મ બંધાય છે.** એનું પરિણામ ભવિષ્યમાં આપણી દુર્દશા ! ત્યારે એ જોવા જેવું છે કે સાધર્મિક કોઈ આપત્તિ-સંકડામણમાં સિદાતો હોય તો એ અને એનું કુટુંબ અસમાધિ-આર્ત ધ્યાનમાં ફસાયું હોય, ધર્મકરણીમાં સુસ્ત હોય, એ વખતે જો એની આપત્તિ દૂર કરવામાં આવે તો વિચારો એને અને એના આખા કુટુંબને આપણે કેવી સુંદર સમાધિસ્વસ્થતા-શુભ



ભાવોલ્લાસ અને ધર્મકરણીમાં સ્ફૂર્તિનું દાન કરનારા બનીએ ?

શાસ્ત્ર તો ત્યાં સુધી ભાર મૂકે છે કે **जे गिलाणं पडिवज्जइ से मां पडिवज्जइ'** સાધુને માટે કહ્યું કે જે ગ્લાન મુનિની સેવા કરે છે તે મારી (પરમાત્માની) સેવા કરે છે. સાધુ માટે સાધુ સાધર્મિક, અને શ્રાવક માટે શ્રાવક સાધર્મિક, સિદાતા સાધર્મિકની પરવા ન હોય જેને તેને પ્રભુ પ્રત્યે અને પ્રભુની આ આજ્ઞા પ્રત્યે કેટલી દરકાર ગણાય ? છતી શક્તિએ આંખ મિંચામણાં કરે તો પાપના ભાગીદાર થાય. જેટલી શક્તિ પહોંચે તેટલી ખર્ચીને સાધર્મિકને સહાયક બનવાનું.

**કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી** મહારાજનો પાટણમાં પ્રવેશ હતો, કુમારપાળ સામૈયું લઈ સામે ગયા. ગુરુનું જાડું ખદ્દડ તાપડા જેવું કપડું જોઈ કહે છે 'ભગવન્ ! આ કેમ ? આથી તો મને શરમ આવે છે.'

ગુરુ કહે છે, 'આ તો એક શ્રાવકે પોતાના માટે સ્ત્રીએ વણેલું તે એણે ભાવથી વહોરાવ્યું. અમારે તો નિર્દોષ સાથે સંબંધ; તો અમે માર્ગનું પાલન કરીએ એમાં તારે શરમાવાનું શું ? બાકી તને આ શરમ આવે છે, ને શું એ શરમ નથી આવતી કે હું મોટો સંપન્ન રાજા છતાં આ મારા સાધર્મિક, આવું કપડું ઓઢવું પડે, એટલા બધા દુઃખી ?'

કુમારપાળે ત્યાં સંકલ્પ કર્યો કે સાધર્મિક-ઉદ્ધારમાં દર વર્ષે એક ક્રોડ રૂપિયા ખરચવા. ગુરુને વધારે કહેવું ન પડ્યું, સંપત્તિ-સંસાર કરતાં શાસનમાં વધારે ખપી એટલે જરા ઈશારામાં સ્વયં સમજી ગયા. શાણો સમજે સાનમાં. જાતિહીન ઘોડાને ચાબૂકો ફટકારે તો ય કાંઈ નહિ.

(૭) સાધર્મિકભક્તિ એ રીતે પણ થઈ શકે કે સાધર્મિકને ધર્મમાં ચઢાવાય, ધર્મકરણની સગવડ અપાય, તીર્થયાત્રા કરાવાય, ઉપધાનાદિ વિશિષ્ટ પ્રસંગો યોજી એમાં જોડાય, ક્રિયા, વ્રત, યાવત્ સંયમ ધર્મમાં પ્રોત્સાહિત કરીને ચઢાવાય; કોઈ અગવડ હોય તો તે નિવારી અનુકૂળતા કરી અપાય.

**કૃષ્ણ મહારાજ** પોતાની પુત્રીઓ જેમ જેમ ઉંમરમાં આવે તેમ તેમ સમજાવીને એમને સંયમ માર્ગે ચઢાવતા હતા. તેમ આખા રાજ્યમાં ઢંઢેરો પિટાવેલો કે **'જે કોઈને ચારિત્ર લેવું હોય તેની પાછળની જરૂરી ચિંતા રાજા કરી લેશે.'** આ મારા સાધર્મિક, ધર્મની ભૂમિકા પર આવ્યા છતાં બિચારા પ્રેરણા, પ્રોત્સાહન ટેકા વિના ધર્મમાં આગળ ચઢી શકતા નથી, તો એમને હું સહાય કરું,' એવું શું ધર્મને તારણહાર માનનારને ન થાય ? તીર્થયાત્રામાં શક્તિસંપન્નો સંઘ કાઢતા, પણ એ શક્તિ ન હોય તો બે ચારને તો યાત્રા કરાવી શકાય ને ? લક્ષ જોઈએ કે 'મારે

કોઈને કોઈ રીતે સાધર્મિકને ધર્મસહાયક થવું છે.' પછી પર્યુષણા જેવામાં પાછળથી આવનાર સાધર્મિકને ઝટ જગા કરી અપાય, ક્રિયા શિખવાડાય, વ્રતમાં ઉત્સાહિત કરાય, અંતર-પારણું એવું કરાવાય કે સામાને તપનું મન થઈ જ જાય. સાધર્મિકને તપમાં નિયમમાં ચડાવવા માટે પણ પોતે એની સાથે ઊભો રહે. આ બધીય સાધર્મિકભક્તિ.

(૮) સાધર્મિકભક્તિનો એક ઊંચો માર્ગ એ છે કે મંદિર-ઉપાશ્રય-પાઠશાળામાં ભરપૂર ઉપકરણ સામગ્રી યોજી દેવી. 'મારા સાધર્મિક ખૂબ સરસ પૂજા-ભક્તિ આરાધના કરો,' એ માટે મંદિરમાં દૂધ, ફૂલ, ધૂપ, કેશર-સુખડ વગેરેની સગવડ કરાય. ઉપાશ્રયમાં કટાસણાં-મુહપત્તિ-ચરવળાં-સંથારિયા-કાંબળ-પુસ્તકો, તેમજ પાઠશાળામાં પુસ્તકો, તેવાં સારાં ધાર્મિક ચિત્રો, છોકરાઓ માટે પ્રભાવના, સારા શિક્ષક વગેરેની સગવડ કરાય. આજે આના તરફ લક્ષ નથી એટલે સાધારણના તોટાની બૂમો રહે છે અને કેટલાય અર્થી સાધર્મિકો સગવડના અભાવે ધર્મથી વંચિત રહે છે. વિચાર એટલો જોઈએ કે આ મંદિર-ઉપાશ્રયાદિ મને ધર્મક્રિયા દ્વારા અઢળક પુણ્યનો લાભ આપે છે તો હું બદલામાં આટલું ય ન કરું ?

સાધર્મિકો પ્રત્યે તેવી લાગણી નથી માટે આ વિચાર નથી. નહિતર મંદિર કે જ્ઞાનમંદિર મોટું બનાવી દે, કે હજારો ખર્ચીને પ્રતિષ્ઠાદિ કરે, પણ પછી શું એટલું મનને ન થાય કે આની ઉપાસના કરનાર નહિ હોય તો આ શું કામના ? અને ઉપાસના કરનાર તો સાધર્મિક હોય, પરંતુ એમને સગવડ નહિ હોય તો શી ઉપાસના કરશે ? જ્ઞાનમંદિર એટલે ખાલી મોટી ઈમારત ? કે એમાં શુદ્ધ ધર્મનાં પુસ્તકો અને એમાં પણ એવાં સરળ પુસ્તકો પણ ખરાં કે જેનો બાળ સાધર્મિકો લાભ લેતા થાય ? તેમ મંદિર એટલે ખાલી ભગવાન ? કે સાધર્મિક ભવ્યાત્માઓ એમાં ભગવાનની સરસ પૂજા કરે એની સગવડ ખરી ? રાજા વિક્રમાદિત્યે ઉજ્જયિનીના અવંતીપાર્શ્વનાથના મંદિરને લાખોની આવકવાળાં ગામનાં ગામ ભેટ કર્યાં હતાં.

(૯) સાધર્મિકભક્તિનો વળી એ પ્રકાર અતિ જરૂરી છે કે ધર્મશ્રદ્ધા, વ્રતનિયમ, વિવિધ ધર્મક્રિયા, દૈનિક યા પર્વસંબંધી ધર્મકર્તવ્ય, અને ક્ષમા-સમતાદિ ગુણોમાં પાછા પડતાને એમાં સ્થિર કરવા, એ માટે જરૂરી આર્થિક સગવડ કરવી, યોગ્ય સલાહ સૂચન પ્રેરણા દ્વારા માનસિક નિર્બળતા-ચિંતા-ભ્રમણા હટાવવી, સ્વયં યા ગુરુદ્વારા દેવ-ગુરુ-ધર્મનો મહિમા, શાસ્ત્ર વાતો, પૂર્વ પુરુષોનાં પ્રેરક ચરિત્રો-પ્રસંગો અને સંસારની નિસ્સારતા તથા માનવજીવનની દુર્લભ તક સમજાવવી. આ પણ સુંદર સાધર્મિકભક્તિ છે. એ માટે સમૂહ ધર્મવાંચન ધર્મવિચારણાની યોજના



સારું કામ આપે. ત્યાં એ ધ્યાન રાખવાનું કે કાંઈ ઊલટું ન થાય, કોઈ ખોટી ચર્ચા, સાધુ-સાધ્વીનું ઘસાતું બોલવાનું, કે કલ્પિત સિદ્ધાન્તનાં મંડાણ વગેરે ન થાય.

(૧૦) વળી એક પ્રકાર એ છે કે કોઈ સાધર્મિક ખોટા વ્યસનમાં પડ્યો હોય, યા ક્રોધ-અભિમાન-પ્રપંચ વગેરે કષાયમાં ચઢ્યો હોય, અથવા નિંદા, ચાડીચૂગલી, વિકથા, અસત્ય, અનીતિ, ઈર્ષ્યાદિ પાપમાં પડ્યો હોય, તો એને કરુણા લાગણી ભરપૂર ગદ્ગદ શબ્દોમાં એ વ્યસન-કષાય-પાપના મહા અનર્થ શાંતિથી સમજાવવા, કુળની ખાનદાની તથા જૈનત્વનાં ગૌરવની એના મન પર સચોટ અસર કરાવવી, તેમજ અનંતકાળે મળેલી આત્મશુદ્ધિની મોંઘેરી તક તથા જીવનની જોતજોતામાં ઊડી જવાની સ્થિતિનો અસરકારક ખ્યાલ કરાવવો.

**જંબુકુમારના પિતા ઋષભદત્તે** વ્યસની બની ગયેલા અને બહાર રખડતા પોતાના ભાઈ જિનદાસને જુગારીઓથી પિટાયેલો જોઈ ઘરે લઈ આવ્યા, સુંદર સમજૂતી આપી, એને વ્યસનથી છોડાવ્યો. તો એ પછી ધર્માત્મા બની જંબૂદ્વીપનો અધિષ્ઠાયક દેવ થયો ! સાધર્મિકભક્તિનાં કેવાં સુંદર ફળ !

(૧૧) ભક્તિનો એક પ્રકાર એ, કે સાધર્મિક આપણી જ સાથે ક્લેશ, કલહકંકાસ માંડતા હોય તો આપણે સહન કરી લઈને તથા જરૂરી ભોગ આપીને પણ એમના ચિત્તક્લેશ શમાવવા. એ તપીને બોલે અને આપણે શાંતિ રાખી 'બિચારા સાધર્મિકને વધુ કષાયની હોળીમાં કાં નાખું ? એનો કષાય શાંત થાઓ' એમ વાત્સલ્યપૂર્વક એને વધુ કષાયનું નિમિત્ત ન આપીએ તો એ પણ સાધર્મિકભક્તિ. ટૂંકમાં આપણે એનું ખમી ખાવું.

ભરુચમાં **અનુપભાઈ શ્રાવકને** ઘેર નાતનો વરો કરવાનો હતો. બીજા એક માણસને પછી નાતનો વરો કરવાનો વિચાર થયો, પરંતુ એને વરો પહેલો કરવો હતો તેથી અનુપભાઈની હલકાઈ કરવા લાગ્યો. અનુપભાઈને ખબર પડી; પણ તત્ત્વથી રંગાયેલા, એટલે વિચારે છે બિચારો શા સારુ મારા નિમિત્તે કર્મ બાંધે ?' સવારે સીધા એના ઘરે જ પહોંચી ગયા ! કહે છે 'મારા જાણવામાં આવ્યું છે કે તમારે વરો' કરવાનો છે તો ખુશીથી તમારો પહેલો અને મારો પછી. તમારો એ ય મારો જ છે ને ? તો જરાય મનમાં ક્લેશ ન કરતા હોં.' પેલો ભાઈ સજડ થઈ ગયો. સામાના કલહ પણ આપણે શમાવવાના; પછી આપણે કરેલ કલહ શમાવવાનું તો પૂછવું જ શું ?

(૧૨) સાધર્મિકભક્તિનો એક પ્રકાર છે કે સાધર્મિકનાં અપમાન, પરાભવ, તિરસ્કાર, નિંદા, ત્રાસદાન વગેરે કોઈ કરતું હોય તો તેનું નિવારણ કરવું. **રત્નો શ્રાવક** ગિરનારજી સંઘ લઈને જતાં રસ્તામાં પરીક્ષક વિકરાળ દેવતાએ 'આગળ

વધો તો ખાઉં' એવો ઉપદ્રવ કર્યો. સાધર્મિકસંઘ પરનો આ ત્રાસ દૂર કરવા રત્નાએ દેવતાને પોતાની જાત સોંપી દીધી, સંઘને રવાના કર્યો.

સાધર્મિકભક્તિ પર વિસ્તારથી વિચાર્યું. એના મુદ્દા ફરીથી યાદ કરી લો.

(૧) સાધર્મિક પર અત્યંત આકર્ષણ-હેત-મમતા અને બહુમાન, (૨) સાધર્મિકને ભોજન તથા વસ્ત્ર-અલંકાર-રોકડ વગેરે પહેરામણી, (૩) તપસ્વી, જ્ઞાની, વ્રતધારી, શાસન રક્ષક-પ્રભાવક વગેરેનાં વિશિષ્ટ સન્માન, (૪) સાધર્મિકને ઋદ્ધિ-સમૃદ્ધિમાં ઊંચા લાવવા, (૫) બીજાની આગળ સાધર્મિકનાં ગૌરવ વધારવાં, (૬) સાધર્મિકની આપત્તિ દૂર કરવી, બીમારીમાં સેવા કરવી, દીનહીન બની ગયેલાના ઉદ્ધાર કરવા, (૭) સાધર્મિકોને ધર્મમાં ચઢાવવા, ધર્મકરણીની યાવત્ ચારિત્ર સુધીની સગવડ દેવી, તીર્થયાત્રા ધર્માનુષ્ઠાનના પ્રસંગ યોજી એમને એમાં જોડવા, (૮) મંદિર-ઉપાશ્રયાદિમાં સાધર્મિકોને પૂજા વગેરે સાધના માટેની સામગ્રી-ઉપકરણ સાધનો દેવાં, (૯) ધર્મશ્રદ્ધા, વ્રત-નિયમ, ધર્મક્રિયા તથા ગુણમાં સ્થિરીકરણ, (૧૦) સાધર્મિકને વ્યસન, કષાય કે નિંદાઅસત્યાદિ પાપથી પાછા વાળવા, (૧૧) સાધર્મિકના આપણી સાથેના ક્લેશ-કલહ શમાવવા, (૧૨) બીજાઓથી સાધર્મિકનાં કરાતાં અપમાન, પરાભવ, ત્રાસ, કષ્ટ દૂર કરવાં.

આ બધા સાધર્મિકભક્તિના પ્રકારો નોંધી રાખો, ગોખી રાખો, એટલે અવસરે અવસરે જ્યાં જ્યાં મોકો મળે ત્યાં ત્યાં તે અમલમાં આવી શકે. ટૂંકમાં, પ્રસંગે આપણી જાત માટે આપણે શું ઇચ્છીએ-એ ધ્યાનમાં રાખી સાધર્મિકના યોગમાં એના પ્રત્યે એવું વર્તન કરવું, વર્તાવ રાખવો.

## ત્રીજું વાર્ષિક કર્તવ્ય-યાત્રાત્રિક

પ્રતિવર્ષ કરવાનું ત્રાજું કર્તવ્ય ત્રણ જાતની યાત્રા છે, ૧. અષ્ટાહ્નિકાયાત્રા, ૨. રથયાત્રા અને ૩. તીર્થયાત્રા. ત્રણેય યાત્રા તીર્થંકર ભગવાનની ભક્તિરૂપે છે. પ્રભુના આપણા પર આ ઉત્તમ માનવભવથી માંડી અનેકાનેક પુણ્યાઈ પામવામાં અગણ્ય ઉપકાર છે, એની કૃતજ્ઞતારૂપે પણ આ કર્તવ્યો બજાવવા જેવાં છે. બાકી આવાં ઉત્તમ કર્તવ્યો બજાવતાં બજાવતાં શ્રી અરિહંત પ્રભુનું વારંવાર સુંદર પ્રણિધાન થવાથી જ્ઞાનાવરણીયાદિ પાપ કર્મોની મોટી ભેખડો તૂટે છે, આત્મામાં અપૂર્વ નિર્મળતા અને શુભ ભાવોલ્લાસ પ્રગટે છે. ચિત્ત વિશુદ્ધ બનવાથી અનેક બીજાં સુકૃત-સદનુષ્ઠાન અને સદ્વિચારોને અવકાશ મળે છે.

૧. અષ્ટાહ્નિકા યાત્રામાં જિનેન્દ્ર ભક્તિ ને અટ્ઠાઈ મહોત્સવ આવે. એ માટે જિનમંદિર અને બહારનો ભાગ શણગારાય; નોબત-ચોઘડિયા વાગે; પ્રભુભક્તિના



વિવિધ ગીત-સંગીતના કાર્યક્રમ રખાય; પ્રભુજીને વિશિષ્ટ અંગરચના તથા બીજી સુંદર રચનાઓ થાય. દેવતાઓ નંદીશ્વર દ્વીપ વગેરેમાં ભવ્ય જિનભક્તિ-ઉત્સવ ઊજવે છે.

ઉત્સવમાં કાલાનુસાર યોગ્ય આકર્ષક તત્ત્વની જરૂર છે. કોન્સર્ટ, સિનેમા, રેડિયો, સંગીત પાર્ટીઓ, વગેરે આજનાં બાહ્ય તત્ત્વોમાં આકર્ષાયેલી અને ધર્મમાં અજ્ઞાન એવી નવી જૈન પ્રજાને પણ યોગ્ય ધાર્મિક આકર્ષક તત્ત્વોની જરૂર છે. અટ્ઠાઈ મહોત્સવ એવી રીતે ઊજવાવા જોઈએ. આઠ પૂજાનો કાર્યક્રમ તો રાખ્યો હોય પણ આંગી સામાન્ય હોય, ને પ્રવૃત્તિવાળા શહેરમાં રજા સિવાયના દિવસોમાં ભોજક અને ૫-૧૦ ભાઈઓ પૂજા ભણાવી પતાવે, પૈસાના પૈસા ખર્ચાય એમાં લાભ કેટલો અને એ કરતાં ભલે ત્રણ પૂજા પણ સાજ-સરંજામ અને પ્રભાવક અંગોવાળી ભણાવી હોય, રોજ પ્રભુને અંગરચના તથા આજુબાજુ ડેકોરેશન-શણગાર વિશિષ્ટ કોટિના બનાવ્યા હોય, ને એ રીતે સાંજની ભાવના વિશિષ્ટ જમાવી હોય એમાં લાભ કેટલો ? રાબેતા મુજબનું કરવું એ જુદું અને વિશિષ્ટ ભક્તિ-ભાવોલ્લાસ જગાડનારી યોજનાવાળું કરવું એ જુદું.

આ અષ્ટાહ્નિકા યાત્રાનું કર્તવ્ય બજાવવાનું તે શક્તિ હોય તો આખું ય પોતાના તરફથી, નહિતર સંઘ-શાહીમાં ફાળો આપીને પણ વર્ષમાં એક વાર તો અવશ્ય કરવાનું.

(૨) **રથયાત્રામાં** કમમાં કમ વર્ષે એક વાર ભગવાનને સુશોભિત રથમાં પધરાવી મોટો દબદબા-ભર્યો વરઘોડો કાઢવાનો, એમાં અનેક પ્રકારનાં વાજિંત્રો વાહનો ઉપરાંત ગાયકમંડળીઓ, તથા ઉદ્ભટ નહિ એવી જન-આકર્ષક શાંતરસ-પોષક યોજનાઓ હોય. શ્રી પંચાશકજી શાસ્ત્રમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે પ્રભુનાં કલ્યાણકની ઉજવણીનો વિશિષ્ટ પ્રકાર બતાવ્યો છે. નગરના રાજાને સંઘ વિજ્ઞપ્તિ કરે 'આજે ત્રણ લોકના અધિપતિ પરમાત્માના મહાન ઉત્સવની ઉજવણીમાં ભાગ લેવા આપને વિનંતી કરવા આવ્યા છીએ.' પછી રાજા પણ સમજે કે હું તો એક નાનકડા રાજ્યનો રાજા, આ પરમાત્મા ત્રણ જગતના સમ્રાટ, એમના ભક્તિ ઉત્સવમાં મારે ભાગ લેવો જ જોઈએ,' એટલે એ વરઘોડાની વિશિષ્ટ સામગ્રી આપે, પછી નગરમાં સ્થળે સ્થળે માંડવા માંચડા બંધાય, તોરણો કમાનો દરવાજા ઊભા થાય તથા વરઘોડામાં અનેક શોભાઓ હોય. પ્રભુના દીક્ષા કલ્યાણકના વરઘોડાનું વર્ણન તો સાંભળ્યું છે ને ? કેટ-કેટલો આકર્ષક તથા શોભાઓભર્યો એ લાંબો વરઘોડો ! એટલો પસાર થાય ત્યાં લોકોને ભારે આતુરતા જાગી હોય કે જેનો આ વરઘોડો છે તે પરમાત્માની કેવી ય શોભા હશે ! એમાં જ્યાં વિશાળ

શિબિકામાં બિરાજમાન, અનેક દિવ્યશા અલંકારો અને મુગટથી શોભતા પ્રભુ પધારે ત્યાં પ્રેક્ષકના દિલમાં ભક્તિનાં પૂર ઊભરાય, સંવેગ-વિરાગની ઝળક જાગે, આંખ આનંદથી અશ્રુભીની થાય, દિવસો અને મહિનાઓ કે વર્ષો સુધી એનાં સુખદ સંસ્મરણ કાયમ રહે !

**મહારાજા કુમારપાળના** વખતમાં રથયાત્રાનો વરઘોડો ચૈત્ર વદ ૮, (ગુજરાતી ફાગણ વદ ૮) ના રોજ મોટી વિભૂતિથી જયમંગળને કરતો નીકળતો. એમાં સુવર્ણરથ, હાથી, ઘોડા, લશ્કર વગેરેનો આડબંર ભારે. આ વરઘોડો એટલે નીકળીને એકી કલમે શહેરમાં ફરી ઊતરી જનારો નહિ; એના તો વચ્ચે વચ્ચે મુકામો થાય. પહેલો મુકામ મહારાજા કુમારપાળના આંગણે. ત્યાં ભક્તિભાવના થાય, પ્રભુજીને અભિષેક થાય, ભારે વસ્ત્ર-અલંકારો-હીરામાણેકથી અંગરચના થાય; પછી વરઘોડો આગળ ચાલે. પાટણમાં ૧૮૦૦ કરોડપતિઓ, એ ભક્તિ કરનારા હોય એટલે પૂછવાનું શું ? વચમાં વચમાં કેવા વિશાળ મંડપોમાં મુકામ થાય અને કેવા ભાવ-ભક્તિ-રસની છોળો ઊછળે ! શ્રી જિનેન્દ્રદેવની આ ભક્તિ-સન્માન જોઈને લોકનાં મિથ્યાત્વ કેવાં ઓગળી જતાં હશે ! સમ્યક્ત્વ અને ધર્મરંગ-સંવેગમાં કેવી ભરતી ચઢતી હશે !

**કલ્યાણકની ઉજવણી** આ રીતે કરાવી જોઈએ. ચોવીસ ભગવાનનાં દરેકનાં ચ્યવન-જન્મ-દીક્ષા-કેવળજ્ઞાન-નિર્વાણ કલ્યાણક, કુલ ૧૨૦ કલ્યાણક. જે ચ્યવન વગેરે પ્રસંગ ત્રણેય લોકના જીવોને કલ્ય એટલે કે સુખ આપે તે કલ્યાણક કહેવાય. માત્ર તીર્થંકર ભગવાનનાં જ ચ્યવન વગેરે કલ્યાણકરૂપ બને. શાસ્ત્રે એવા કલ્યાણક દિવસોને પર્વ કહ્યા છે. ૧૨૦ કલ્યાણકમાં ન બને તો નિકટના ઉપકારી પ્રભુ શ્રી મહાવીરદેવના પાંચ કલ્યાણકના દબદબાભર્યા વરઘોડા-રથયાત્રા તો નીકળી શકે ને ? એમાં ય આજે જ્યારે લોક ૧૫ મી ઓગસ્ટ આઝાદી દિને ઊજવે છે ત્યારે આપણે ત્યાં વૈશાખ સુદ ૧૦ પ્રભુનું કેવળજ્ઞાન કલ્યાણક અને સુદ ૧૧ શાસનસ્થાપનાનો દિન છે, એની ઉજવણી જોઈએ કે નહિ ? એવી ઉજવણીથી શું લાભ ? જાણો છો ? એ ગૌતમાદિ ૧૧ ગણધરો તથા એમના ૪૪૦૦ શિષ્યોની દીક્ષા, ગણધરો દ્વારા દ્વાદશાંગીની રચના, ચતુર્વિધ સંઘની સ્થાપના, ઇંદ્રાદિ કરોડો દેવો ત્યાં નમસ્કાર કરે, એ બધો પ્રસંગ કેટલો બધો અદ્ભુત, આહ્લાદકારી ! એનું સંઘમાં સંસ્મરણ તાજું થાય, શાસન પ્રત્યે સદ્ભાવ વધી જાય. પરંતુ મૂળમાં કલ્યાણક તિથિનો અપૂર્વ મહિમા સમજાવો જોઈએ. કલ્યાણક ભૂમિઓનો મહિમા છે ને આજે ? તો પછી કલ્યાણક તિથિનો મહિમા ન હોય ? કલ્યાણકભૂમિ ફેરવી શકાય ? ના, તો પછી કલ્યાણક તિથિ પણ ન ફેરવી શકાય; એ તો પંચાંગે



આકાશ ગણતરી મુજબ જે જ્યારે એ તિથિ બતાવી હોય તે વારે જ માનવી-આરાધવી જોઈએ, બાર પર્વતિથિ નિત્ય છે અને કલ્યાણક તિથિ નિત્ય નથી એવું નથી. મૌન અગિયારસે ૧૫૦ કલ્યાણક શી રીતે થાય છે ? પાંચેય ભરત અને પાંચેય ઐરવત ક્ષેત્રના, અને તે પણ અતીત, વર્તમાન અને ભાવી ચોવીસીના પ્રભુના આજ દિવસે થયેલ કલ્યાણક ગણીને થાય છે. તો એ કલ્યાણકના નિત્ય પર્વનું ઓછું મહત્ત્વ નથી. એની તે તે દિવસે જ આરાધના થવી જોઈએ અને આરાધના પણ જરાય ગૌણ નહિ કરવાની. બીજું વધારે ન બને તો છેવટે તે તે નામની એક નવકારવાળી ગણીને પણ કલ્યાણકનું સ્મરણ કરવું જોઈએ. એમાં કેટલો ટાઈમ લાગે ? ટાઈમની બહુ કિંમતવાળા ? મિનિટે મિનિટનો સદુપયોગ કરનારા છો ? તો આમાં તો ૨-૩ મિનિટનું જ કામ કે વધારે ? મનને થાય કે 'આ અવસર્પિણીના ૨૪ તીર્થંકરો મારા પરમ ઉપકારી, બીજું કાંઈ ન કરી શકું તો એમને કલ્યાણક દિવસે ૨-૩ મિનિટ તો યાદ કરું ?' ભવાંતરમાં પુણ્ય જેવું કંઈ લઈ જવું છે કે નહિ ?

(૩) **તીર્થયાત્રામાં** પ્રતિવર્ષ એકાદ પણ કોઈ મોટા તીર્થની વિધિપૂર્વક યાત્રા કરવી, તે આવે. શત્રુંજય, ગિરનાર, આબુ, તારંગા, રાણકપુર, સમેતશિખર વગેરે તીર્થો છે. એમ પાવાપુરી, ભદ્દિલપુર, હસ્તિનાપુર, ક્ષત્રિયકુંડ, ચંપાપુરી વગેરે કલ્યાણક ભૂમિઓ પણ તીર્થો છે.

**તીર્થયાત્રાનાં ફળમાં,** શાસ્ત્ર કહે છે, **'શ્રી તીર્થપાન્થરજસા વિરજીભવન્તિ'** તીર્થે ગયેલ યાત્રિકોની ચરણ-સ્પૃષ્ટ રજથી કર્મરજ દૂર થાય છે. આ રજ પણ કિંમતી છે. જડની આંખે દેખવાથી ન સમજાય. બાકી પુણ્યની રજ કેટલાં ગજબ સર્જન કરે છે ? ખાલી ધૂળ સમજે એને શું મળે ? તીર્થમાં વારંવાર ભમવાથી ભવ-સંસારમાં ભમવું પડતું નથી. તીર્થમાં દ્રવ્યવ્યયથી સ્થિર આત્મસંપત્તિ મળે છે. જગત્પૂજ્ય શ્રી તીર્થપતિની પૂજાભક્તિથી પૂજ્ય બનાય છે. તીર્થયાત્રાથી સમ્યગ્દર્શન નિર્મળ બને છે, સંવેગરંગના તરંગો ઊછળે છે, વૈરાગ્ય-વૃદ્ધિ થાય છે, ભિન્ન ભિન્ન દેશના સંઘોનાં દર્શન મળે છે. તીર્થ વિના આ બધું ક્યાં મળે ? પૂર્વે પાદયાત્રાથી ગામેગામનાં મંદિરો જુહારવા મળતાં; દિવસોના દિવસો સંસારના પાપવ્યાપારના તાપથી નિવૃત્તિ મળતી. આજે પણ પ્રમાણમાં નિવૃત્તિ મળે છે, સંઘ ભક્તિનો પણ લાભ મળે છે. સગાં-સ્નેહીને યાત્રાએ લઈ જવાથી એમનું પણ આત્મહિત થવામાં નિમિત્ત બનાય છે, કલ્યાણ મિત્ર થવાનું મળે છે, તીર્થની ઉન્નતિનો લાભ મળે છે, જિનાજ્ઞાનું પાલન કરવાનો ઉત્તમ લાભ મળે છે, અપૂર્વ કર્મક્ષય થાય છે, સ્વર્ગાદિ સદ્ગતિ પ્રાપ્ત થાય છે, યાવત્ મુક્તિ નિકટ બને છે.

આવા ઉત્તમ લાભોના કંદસમી તીર્થયાત્રા અનેકોને કરાવવામાં તો કેટલું ગજબ સુકૃત કર્યું ગણાય ? માટે જ શક્તિસંપન્નો તીર્થયાત્રાના સંઘ લઈને જતા.

વિક્રમાદિત્ય રાજાએ સિદ્ધગિરિનો સંઘ કાઢ્યો તે વખતે શ્રાવકોની વસતિ કરોડોની હતી એમ ઇતિહાસકારો પણ કહે છે. રાજા વિક્રમના સંઘમાં લાખો યાત્રિકો હતા. ૧૧૦ લાખ તો ગાડાં હતાં. સેંકડો ચલમંદિરો સાથે હતા. તે પણ સુવર્ણનાં, ચંદન અને હાથીદાંતનાં ! પાંચ હજાર તો આચાર્ય હતાં; ત્યારે મુનિઓ કેટલા હશે ? સંઘપતિ વિક્રમ કોણ ? સિદ્ધસેનદિવાકર મહારાજથી પ્રતિબોધ પામેલો; પણ ચમત્કાર દેખીને !

સિદ્ધસેન દિવાકર ગુપ્ત મુનિવેશે સંન્યાસી તરીકે ફરતા હતા. અવંતી દેશમાં આવ્યા. ત્યાં શિવના મોટા મંદિરમાં શિવના લિંગ સામે પગ લાંબા કરી બેઠા.

પૂજારી કહે છે 'બાવાજી ! યહ ક્યા કરતે હો ઈશ્વર કે સામને ?'

આ સાંભળે જ શાના ? પૂજારીઓએ રાજાને ખબર આપી. રાજા કહે 'કૌન હૈ વૈસા અભિમાની ? લગાઓ સાટકે.'

બસ, દિવાકરજીના બૈડા પર સાટકા ઝીંકાવા મંડ્યા ! પરંતુ ત્યાં તો રાણીવાસમાં રાડેરાડ પડી 'મર ગયે ! મર ગયે ! યે કૌન ફટકારતે હૈ ?'

સાટકા ઝીંકાય અહીં, ને વાગે રાણીઓને ! રાજા સમજી ગયો, સાટકા બંધ કરાવી દોડતો આવ્યો, હાથ જોડતો કહે છે, 'મહાત્માજી ક્ષમા કીજિયે. ઐસા ક્યોં કરતે હૈં ?'

'ક્યા ક્યોં ? ચોરીકા માલ બહાર નીકાલને કે લિયે.'

રાજાની બલા જાણે ચોરી શી ! પૂછે છે 'બતલાઈએ'. ત્યાં સિદ્ધસેન દિવાકર મહારાજે કલ્યાણમંદિર સ્તોત્રની રચના કરી, **'ક્રોધસ્ત્વયા યદિ વિભો !..'** ગાથા બોલતાં શિવલિંગમાંથી ધૂમાડાના ગોટેગોટા નીકળવા માંડ્યા, લિંગ ફાટ્યું, અને એમાંથી અવંતી પાર્શ્વનાથ ભગવાનની મનોહર મૂર્તિ ઉપર આવી !

વિક્રમને સમજાવ્યું કે 'મહાત્મા અવંતી સુકુમાલ ખીલતી યુવાની અને ભરપૂર વૈભવવિલાસમાં છે. મુનિનો શાસ્ત્રસ્વાધ્યાય સાંભળી જાતિસ્મરણ જ્ઞાન થયું. રાતના જ ચારિત્ર લઈ વનમાં ધ્યાનમાં રહ્યા. સપરિવાર શિયાળણીએ પગ કરડ્યા, જાંઘ ચાવી, પેટ ફાડ્યું, કોમળ કોમળ માંસના પિંડા ખાધા. ૯ કલાક સુધી ઘોર પીડા સહી. પછી એ કાળ કરી સ્વર્ગે ગયા. ત્યાં એમના પુત્રે મોટું જિનમંદિર બાંધ્યું તે આ જ. બ્રાહ્મણોએ પાછળથી મંદિર દાબ્યું, પ્રભુજીને ભૂમિમાં પધરાવી ઉપર શિવલિંગ સ્થાપ્યું. ચોરી ખરી કે નહિ ?' વિક્રમાદિત્ય રાજા ત્યાં જૈનધર્મ પામ્યો, પછી તો તીર્થયાત્રાદિ અનેક પ્રકારથી જ્વલંત શાસન પ્રભાવના કરી.



બીજા સંઘો કાઢનારમાં **આભુએ** ૧૨ ક્રોડનો ખર્ચ કર્યો. **વસ્તુપાલે** બાર વાર સંઘ કાઢ્યા. તેરમીવારે વચમાં સ્વર્ગવાસ પામ્યા. **કુમારપાળ**ના સંઘમાં ૧૮૭૪ તો મંદિર હતાં ત્યારે સંઘ કેટલો મોટો ? **દેસલે** ૧૪ સંઘમાં ૧૪ ક્રોડ દ્રવ્ય ખર્ચ્યું. **પેથડ શાહ**ના સંઘમાં ૭ લાખ યાત્રિકો હતા. હમણાં એક મારવાડના ભાગ્યશાળીએ સંઘ કાઢેલો તેમાં ભારે સંઘભક્તિ પણ કરી. સંઘવી સંઘમાં આંટા મારે, જ્યાં જરૂર દેખી કે ત્યાં કપડાં, ગરમ ધાબળા, ક્રિયાના ઉપકરણ વગેરે પીરસ્યે જ રાખે. છોકરાઓને બદામ પિસ્તાના મૂઠેમૂઠા દીધ્યે રાખે, જમણ વગેરે પણ અવલ ! તમે મોટા સંઘ ન કાઢી શકો તો પણ ૨-૪ સાધર્મિકને ઉદાર તીર્થયાત્રા કરાવી શકો ને ?

**ઉત્તમ તીર્થયાત્રા છ'રી' પાળીને,** -૧. સચિત્ત પરિહારી, ૨. એકલઆહારી (એકાશન), ૩ ભૂમિસંથારી-સંથારે સૂવાનું, ૪. પાદવિહારી, ૫ બ્રહ્મચારી, અને ૬. સમ્યક્ત્વધારી, તીર્થયાત્રાથી થતાં લાભમાં શાસ્ત્ર કહે છે, **'સદા શુભ-ધ્યાનમસાર લક્ષ્મ્યાઃ ફલં ચતુર્ધા સુકૃતાપ્તિરુચ્ચૈઃ ! તીર્થોન્નતિસ્તીર્થકૃતાં પદાપ્તિર્ગુણા હિ યાત્રા પ્રભવાઃ સ્ફુરેતે'**-સતત શુભધ્યાન, અસાર લક્ષ્મીનો સદુપયોગ, તન-મન-ધન-વચનથી ઊંચા સુકૃત, તીર્થપ્રભાવના અને તીર્થંકર પદની પ્રાપ્તિ.

## (૪) સ્નાત્રમહોત્સવ

ચોથા વાર્ષિક કર્તવ્ય મહાન સ્નાત્રમહોત્સવમાં બને તો મોટા દિવસે અગર છેવટે વર્ષમાં એક વાર મહાન સ્નાત્રમહોત્સવ ઊજવવાનો. એમાં દેવદેવેન્દ્રોએ જેમ મેરુ શિખર પર પ્રભુનો જન્માભિષેક ઊજવ્યો એમ એને અનુસરીને ઠાઠ જમાવી સ્નાત્ર ભણાવવાનું. વિવિધ સંગીત-રાગ-આલાપ-તાલ-તાલી-ડાંડિયા-નૃત્ય વગેરેની રંગત જમાવાય. મેરુપર્વતની રચના થાય. ઇન્દ્ર વગેરેની ઉછામણી (બોલી) બોલીને સ્થાપના થાય. પછી દેવતાઓ જેમ ક્ષીરસાગર અને માગધાદિ તીર્થમાંથી પાણી અને માટી-ઔષધિ લાવ્યા તે વિધિથી અહીં લવાય. પ્રભુને સૌધર્મેન્દ્ર માતા પાસેથી લઈ આવ્યા હતા એવી વિધિથી લઈ અવાય. ઇત્યાદિ રીતે સ્નાત્રમહોત્સવ કરવાનો.

મહાસ્નાત્રમાં શાંતિસ્નાત્ર-અષ્ટોત્તરીસ્નાત્ર-નવાણું અભિષેકની પૂજા વગેરે ઊજવી શકાય. આમાં અનેક પ્રકારે બોલીઓ બોલાય. અહીં દૃષ્ટાન્તમાં પેથડશાને યાદ કર્યા છે.

પેથડશા મહામંત્રી સંઘ લઈને શ્રી ગીરનારજી પર ગયા છે. ત્યાં દિગંબરો પણ આવેલા છે અને એમણે ઝગડો માંડ્યો છે કે આ તીર્થ અમારું છે. ઝગડા આજે જ છે ? ના, જેને બનાવટી નવું કરવું હોય એને ઝગડો માંડવો પડે છે, અને તે

પૂર્વકાળમાં પણ હતું. પણ ફરક આટલો હતો કે લોક શ્રદ્ધામાં મક્કમ હતું, તેથી એવાઓથી દોરવાતું નહિ, આજે તો બુદ્ધિના તુક્કા પર આકર્ષણ છે એટલે ગમે તેવા કુતર્કભર્યા તુક્કા પર દોરવાઈ જવાય છે ! બીજો ફરક એ, કે પૂર્વે શ્રદ્ધાની સાથે ભોગ આપવાની વાત હતી અને એમાંય શક્તિસંપન્ન આત્મા જાતે એકલા મહાન ભોગ આપતા, અને માર્ગની તીર્થની રક્ષા કરતા. આજે એ બહુ ઓછું દેખાય છે, અને ઉપરથી સંઘને ઠબકારવાનું તથા રોદણાં રોવાનું ચાલે છે. આ સ્થિતિ સુધારવા જેવી છે.

ત્યાં દિગંબરો હઠ પકડી બેઠા. પેથડશાએ રસ્તો કાઢ્યો. કહે છે,

'આ મહાસ્નાત્રમાં પ્રભુને પ્રથમ અભિષેક કરવાની (અથવા ઇંદ્રમાળા-તીર્થમાળા પહેરવાની) બોલી બોલો, જે વધારે બોલે તેના પક્ષનું આ તીર્થ ગણાશે.' દિગંબરો મંજૂર થયા, ઉછરામણી ચાલી. રૂપિયાએ પત્યું નહિ, સોનાથી બોલી બોલે છે, ૧ ઘડી સોનું, ૨ ઘડી, ૫..., ૧૦..., દિગંબરોએ એમના આખા સંઘનું ભેગું કરી કરીને કર્યું હશે. થોડે સુધી તો આગળ વધ્યા, પણ જ્યાં પેથડશાએ છપ્પન ઘડીનો આંક કહ્યો ત્યાં એમના ઠાઠિયા બેસી ગયા. આદેશ અપાઈ ગયો. તીર્થ શ્વેતાંબરોનું કાયમ રહ્યું. પેથડશાની આવડી જંગી રકમ પોતાના એકલાની હોં ! સંઘમાં ફંડ-ફાળો ટીપ કરવાની વાત નહિ, કારણ કે સમજતા હતા કે 'આટલું બધું ધન પ્રભુના ઉપકારે મને પોતાને મળ્યું છે, તો પ્રભુની સેવાના કાર્યમાં મારે ભાગીદાર કેમ શોધાય ?' બાકી તન-મન-ધનનો સાચો ઉપયોગ જ આવા સુકૃતમાં છે. કહ્યું છે-

**'अधः क्षिपन्ति कृपणाः वित्तं तत्र यियासवः ।**
**सन्तस्तु गुरुचैत्यादावुन्नतं पदमिच्छवः ॥'**

-કૃપણ માણસો નીચી ગતિમાં જવાની તૈયારીમાં હોય છે માટે ધનને નીચે દાટે છે. સત્પુરુષો ઊંચા સ્થાનના ઇચ્છુ હોય છે તેથી ગુરુ કે મંદિર વગેરે ઊંચા સ્થાને ધનને યોજે છે.

## (૫) દેવદ્રવ્યની વૃદ્ધિ

દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી એ પાંચમું વાર્ષિક કર્તવ્ય છે. આ સંસાર અટવીમાં દેવાધિદેવે યોજેલી ધર્મસડકે ચાલીને આપણે આટલે આવી પહોંચ્યા, ધન વગેરેની અનુકૂળતા પામ્યા, તો એ દેવાધિદેવની ભક્તિમાં ધનનો વ્યય કરવો એ કૃતજ્ઞતા છે. માટે દેવદ્રવ્યમાં સારી રીતે શક્ય વૃદ્ધિ કરવી જોઈએ. એ દેવદ્રવ્યથી પાછી એ જ તારક અરિહંત ભગવાનની ભક્તિ થાય છે, અને વળી એથી અનેક ભવ્ય



જીવોને શુભ ભાવોલ્લાસ જાગે છે, સમ્યક્ત્વ થાય છે, સંવેગ-વૈરાગ્ય વધે છે, એ ધર્મમાર્ગે ચઢી અનેક પાપોથી બચે છે અને બીજા જીવોને અભયદાન દેનારા થાય છે. દેવદ્રવ્યની અનુકૂળતાથી જિનેન્દ્રભક્તિ સારી થતી હોય ત્યાં આચાર્યાદિ પધારે છે, અને ધર્મ દેશનાદિ દ્વારા જીવોને સમ્યગ્દર્શનાદિનું દાન તથા ઇતરોમાં શાસનપ્રભાવના કરે છે. આવા બધા મહાલાભ હોવાથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવી જોઈએ.

આ કરવાના અનેક પ્રકાર છે, પહેલું ભંડારમાં દ્રવ્ય નાખવું. સામાન્ય રીતે રોજનો નિયમ હોય કે 'પ્રભુનાં મફતિયાં દર્શન ન કરું, રોજ કંઈક ને કંઈક ભંડારમાં નાખું.' બીજું સાંસારિક તેવા તેવા પ્રસંગે દેવદ્રવ્ય ખાતે ભેટ કરવી. પ્રભુને માટે અલંકાર તથા મંદિરનાં બીજાં સારાં સારાં ઉપકરણ, સારી સારી વસ્તુ ભેટ કરાય તે પણ દેવદ્રવ્યની વૃદ્ધિ કરી ગણાય. વળી કોઈપણ પ્રભુભક્તિની બોલી બોલવી. ઉપધાનની માળ, તીર્થમાળ, સ્વપ્ન ઘોડિયાપારણું વગેરેની ઉછરામણી બોલીને પણ દેવદ્રવ્યની વૃદ્ધિ થાય.

**કુમારપાળ રાજા** સંઘ લઈને સિદ્ધગિરિ આવ્યા હવે ત્યાં તીર્થમાળ પહેરવાનો અવસર આવ્યો. મોટો લહાવો હતો. લાખો માણસની વચ્ચે ગુરુ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના હાથે પોતે તીર્થમાળને પહેરે એ ન્યાયયુક્ત હતું. પરંતુ એમને આ કર્તવ્ય દૃષ્ટિ સમક્ષ તરવર્યું, કે 'વાહ ! કેવો સરસ યોગ છે. સંઘ લઈને આવવાનું, વચ્ચે અનેક સુકૃતો કરવાનાં અને હજારો લાખો માણસને તીર્થયાત્રામાં નિમિત્ત થવાનું મહાન પુણ્ય તો મને મળી જ ગયું છે. તો હવે તીર્થમાળની બોલી બોલાવી દેવદ્રવ્યની વૃદ્ધિ કેમ ન કરું ?' મોહ ઉતારવા માટે આવી કોઈ વિવેકી વિચારણા જોમ આપે છે. બોલી શરૂ થઈ. બીજાઓને કુમારપાળની આ ઉદારતાની ભારે અનુમોદના થઈ. પહેલો તો આ જ મોટો લાભ. અનુમોદનાથી લોકોમાં જોમ પણ આવ્યું. બોલીનો આંકડો હજારો શું, લાખોએ પહોંચી ગયો. ત્યાં એક મહુવાના શ્રાવકે સવા ક્રોડ બોલી તીર્થમાળા લીધી. કુમારપાળ શંકિત થાય છે કે રકમ દેશે ? પણ પેલા મહાનુભાવે તરત સવાક્રોડનું રત્ન કાઢીને આપ્યું ! કેવીક ઉદારતા ? મનને એમ ન થયું કે 'આના કરતાં તો સવા સવા લાખ રૂા. નો સંઘ કાઢું તો ૧૦૦ સંઘ કાઢી શકાય. માટે એ જ જશ ન લઉં ?' આ વિચાર ન આવવાનું કારણ એ સમજતો હતો કે 'અત્યારના આવા મહાન સંયોગ વચ્ચે જે અતિ ઊંચો ભાવોલ્લાસ આવે તે સો સંઘમાં ય કદાચ ન મળે. અને ઉત્કૃષ્ટ પુણ્ય એવા ઉચ્ચ ભાવોલ્લાસમાં મળે છે. તેમ દેવદ્રવ્યની એક સાથે વૃદ્ધિ કરાયાનો લાભ પણ મોટો છે.'

દેવદ્રવ્યની વૃદ્ધિ કરવા અંગે શાસ્ત્ર કહે છે, **જિણવર આણારહિયં વદ્ધારંતા વિ કેવિ જિણદવ્વં; બુડ્ડંતિ ભવસમુદ્દે...'** આજ્ઞારહિત ઉપાયથી દેવદ્રવ્યની વૃદ્ધિ કરવામાં ભવસાગરમાં બૂડવાનું થાય છે. દા.ત. કસાઈ જેવાને બહુ મોટા વ્યાજે પણ દેવદ્રવ્ય ધીરે તો એ અયોગ્ય છે. બીજી વાત એ છે કે દેવદ્રવ્યમાં જરાય ઘાલમેલ ન કરવી જોઈએ, કેમ કે એ મહાપવિત્ર દેવનું દ્રવ્ય હોવાથી એના ગોટાળામાં ચિત્ત બહુ સંક્લિષ્ટ બની ચીકણાં પાપ બાંધે છે. તેથી એમાં પરભવે ભયંકર પરિણામ ભોગવવાં પડે છે. મંદિરના મજૂરોને રોજગારીના બદલામાં અનાજ વગેરે આપી ૧૦૦૦ કાકિણી એટલે કે રૂા. ૮૦ નો નફો કરનાર સંકાશ શ્રાવકના ડૂચા નીકળી ગયા ! કેટલાય તિર્યંચના અવતાર ! શાસ્ત્ર કહે છે, **'ચેઈયદવ્વવિણાસે... મૂલગ્ગી બોહિલાભસ્સ'** દેવદ્રવ્યનો નાશ કરતાં સમ્યક્ત્વના મૂળમાં અગ્નિ લાગે. **'ભકખંતો જિણદવ્વં અણંતસંસારિઓ હોઈ'** દેવદ્રવ્ય ખાય તો અનંત સંસારી થાય; પણ **'રંકખંતો...પરિત્તસંસારિઓ'** રક્ષા કરે તો ભવ મર્યાદિત થાય, અને **'વડ્ઢંતો...તિત્થયરત્તં'** યોગ્ય ઉપાયે વૃદ્ધિ કરે તો તીર્થંકરપણું પામે.

હવે બોલી બોલીને દેવદ્રવ્ય વૃદ્ધિનો લહાવો તો લીધો, પણ ચૂકવવાનું ક્યારે ? તરત જ હોં. કેમ કે આયુષ્યનો, ભાવનાનો અને પરિસ્થિતિનો ભરોસો નથી. ત્રણેયમાંથી એક પણ તૂટતાં દેવું માથે રહે અને પછી કેમ ? ભવના ભવ ભટકવું પડે. પેથડશાએ ૫૬ ઘડી સોનાની બોલી ક્યારે ભરપાઈ કરી ? જાણો છો ને ? બોલીના આદેશની જય બોલાઈ ગઈ. શાસનનો જયજયકાર થઈ ગયો ! પૂજા વિધિ બધું પતી ગયું. હવે તો મિજબાની ઊડે ને ? સંઘ કહે છે 'પધારો જમવા' પેથડશા કહે 'ના, એ તો સોનું ભરપાઈ થઈ ગયા પછી જ જમવાની વાત.'

'અરે શેઠ ! તમારાં નાણાં ક્યાં જવાનાં છે ?'

'પણ હું જ ઊપડી ગયો તો ?' તો પાડા થઈને ચૂકવવું ? અને દેવું તમારું નથી, દેવનું છે. દેવ એમ નથી કહેતા કે વરમાળા આરોપણનો માલ હમણાં લઈ લે અને નાણાં પછી ગમે ત્યારે આપજે.'

ગીરનારથી માળવા-માંડવગઢ તરફ સાંઢણીઓ દોડાવી, પેથડશા નિરાંતે શ્રી નેમનાથ પ્રભુનું સ્મરણ કરતા બેઠા છે ! પણ બીજા રાહ જોઈ રહ્યા છે 'હમણાં આવે છે, હમણાં આવે છે. 'ઠેઠ ત્રીજા દિવસે સાંજના ૬૦ ઘડી સોનું આવ્યું. ૫૬ ઘડી દેવના ભંડારમાં નખાઈ ગયું. ચાર ઘડી સોનું દાનમાં, શાસન પ્રભાવનામાં વહેવડાવ્યું. ધર્મના ય આનંદમંગળ વખતે દાન ન હોય તો એ ઘી ચોપડ્યા વિનાની લુખ્ખી રોટલી ! લૂણ નાખ્યા વિનાનું ફિક્કું ભોજન !'

હવે સંઘ કહે છે, મંત્રીશ્વર ! પારણું કરો' પારણાની સંઘને ઉતાવળ ? કે



પેથડશાને ? ધૈર્ય જોઈએ, ખાવાનું ક્યાં ભાગી જવાનું છે ? વહેલું મોડું મળવાનું જ છે. અહીં તો પેથડશા કહે છે, 'ના, સૂરે ઉગ્ગએ; કેમ કે હવે સૂર્યાસ્તને માત્ર બે ઘડી વાર છે. માટે આજે નહિ.' શું આ ? શ્રાવકપણાનો ચળકતો પ્રકાશ ! એક જવાબદાર વ્યક્તિ આમ જંગી રકમ પણ પહેલી ચૂકવે, પછી ભોજન ! અને સૂર્યાસ્તની બે ઘડી પહેલાં ચોવિહાર કરે ! એની છાયા અનેકો ઉપર કેવી પડે ? કેવું અનુકરણ અનેકો કરે ?

## (૬) વાર્ષિક કર્તવ્ય મહાપૂજા

પ્રતિવર્ષ છઠ્ઠું કર્તવ્ય મહાપૂજા નામનું છે. એમાં સુંદર વિવિધ ફૂલો, વરખ, બાદલું, ગોટા, તથા ઝવેરાત વગેરેની યોજના દ્વારા પોતાની નજીકના અને બને તો નગરના સર્વ જિનમંદિરોમાં મહાપૂજા, પ્રભુને ભવ્ય અંગરચના સાથે આખા દેરાસરને શણગાર કરવાનો. આમાં પ્રભુની સુંદર ભક્તિમાં લક્ષ્મી કૃતાર્થ થાય, તથા લોકો દર્શન-સ્તવન કરી કરી વીતરાગના ગુણો-સુકૃતોનું સ્મરણ-અનુમોદન કરે, સંવેગ વૈરાગ્યથી અધિક વાસિત બને, સમ્યગ્દર્શનને નિર્મળ બનાવે, એ હેતુ છે.

અહીં એક વસ્તુ ધ્યાનમાં રાખવાની છે કે આપણે ત્યાં અઠ્ઠાઈ-ઉત્સવ, મહાપૂજા, કલ્યાણક ઉજવણી વગેરે હોય ત્યારે જૈન ધર્મની ઇતરોમાં પ્રભાવના થાય એ માટે ઉચિત દાન પણ જરૂરી છે. નહિતર આજના ભૌતિકવાદી કાળમાં ક્યાંક એવું બોલનારા હોય છે કે આટલો બધો નકામો ખર્ચ શો ? ઉચિત દાન હોય તો એનાથી અંજાયેલ લોક ટીકાને બદલે ઊલટું પ્રશંસા કરે છે. એવું,

એ પણ આજે એક જરૂરી કાર્ય છે કે તેને પ્રસંગના વિવેચક લખાણોમાં બોર્ડ જોઈએ. નહિતર દા.ત. ઉપધાન માળનો લાંબો વરઘોડો ચાલી જાય, ઇતર લોકો જુએ તો ખરા, પણ શું સમજે ? આજના કાળે તો એવું કહેનારા છે કે આ શ્રીમંતાઈના ઠઠારાનું પ્રદર્શન છે. પરંતુ જો સાથે એવાં બોર્ડ હોય, જેમાં દોઢ દોઢ માસ સુધી આવી આવી તપસ્યા કરનાર; એમાં ૧। માસ ૪૮-૪૮ કલાકે એક જ વાર ભોજન, તેમાં પણ લીલાં શાક મુદ્દલ નહિ, કાચાં દૂધ દહીં ઘી વગેરે નહિ, પાણી ઉકાળેલું જ, પાછલા દિવસોમાં તદ્દન નીરસ રુક્ષ એક જ વાર ભોજન વગેરેનું વર્ણન હોય, બીજા બોર્ડમાં વળી સવારથી રાત સુધીની કઠોર સાધના, સવારે ૪ વાગે ઊઠી ખડા ખડા ૬૦૦ શ્લોકનું ધ્યાન, પ્રાર્થના પ્રાયશ્ચિત્ત વિધિ, વસ્ત્રાદિ ઉપકરણનું જીવરક્ષાર્થે નિરીક્ષણ, દેવવંદન વિધિ, ઉપધાન અનુષ્ઠાન, પ્રવચન શ્રવણ, ઊભા થઈ થઈને જમીન પર પંચાગ સ્પર્શયુક્ત ૧૦૦ નમસ્કાર, બે હજાર શ્લોક જાપ, વગેરેનું વર્ણન હોય, ત્રીજામાં વળી શાસનપતિ તીર્થંકર પ્રભુની

વિશેષતા, તો ચોથામાં શાસન સિદ્ધાન્તોની વિશિષ્ટતાઓ... આવાં બોર્ડો હોય તો જોનારનું માનસ ઠઠારાને બદલે આ તરફ વળી જાય અને પ્રશંસા કરે. એમ સંવેગ-વૈરાગ્યકારી વિશિષ્ટ ચિત્રો હોય તેની પણ સારી અસર પડે. કળાના યુગમાં કળા આકર્ષે છે, માત્ર તે ધર્મકળા જોઈએ.

## (૭) રાત્રિજાગરણ

રાત્રિજાગરણ એ સાતમું વાર્ષિક કર્તવ્ય છે. દર વર્ષે જ ધન્ય એક વાર પણ અચ્છું રાત્રિજાગરણ એટલે રાતના ધર્મ જાગરિકા ઉજવવી જોઈએ તે, કોઈ તીર્થનાં દર્શન થયાં હોય ત્યાં, યાત્રાના હર્ષમાં રાત્રે જમાવાય. એમાં તીર્થનાં ગુણગાન, તીર્થપતિનાં ગીતસ્તવન, પૂર્વના પ્રભાવક સંઘવીઓનાં ગુણગાન, વૈરાગ્યનાં પદ વગેરે રાગ, તાલ અને ભાવભર્યા ગદ્ગદ સ્વરે ગવાય; નૃત્ય, ડાંડિયા, રાસ, વગેરેના રંગ મચાવાય. પ્રભુના કલ્યાણક દિવસે, ગુરુનાં નિર્વાણદિને કે વ્રતોચ્ચારણ, મોટી તપસ્યા, સૂત્રવાંચન વગેરે પ્રસંગે રાત્રિજાગરણ થાય.

કલ્પસૂત્ર અંગે રાત્રિજાગરણ કરવાના ને ? વરઘોડો કાઢીને કલ્પસૂત્ર અહીં લઈ આવવાના, કેમ ? કેમ બોલતા નથી ? ખબર છે ને કે દિવ્યજ્ઞાન આપનાર મહાન કલ્પસૂત્ર શાસ્ત્ર અહીં પધરાવવાનું છે ? તો એનાં સન્માન કર્યા વિના એમ જ ભંડારમાંથી પુસ્તક ખેંચી કાઢીને વંચાવવા માંડવાનું ? ઘરે અમલદાર કે મોટા શેઠ આવવાના હોય તો તો એનાં સ્વાગત સન્માન માટે લાંબા પહોળા થવું પડે છે ! તો આ તરણતારણ સૂત્રનાં સન્માન માટે કશું નહિ ? કલ્પસૂત્ર તો જડ વસ્તુને ? એટલે જેવું નાટક કરીએ તે ચલાવી લે ? થોયમાં શું બોલો છો ? **'કુંવર ગયવર-ખંધ ચઢાવી, ઢોલ વગડાવોજી.'** તો થોયમાં ફેરફાર કરવો છે ? મહાન વસ્તુઓ વિનય-સત્કાર-સન્માનથી નવાજ્યા વિના મહાફળ નહિ આપે.

રાત્રિજાગરણ એક પ્રકારનું સન્માન છે. ઇતરોમાં જુઓ છો ને કે મોડી રાત સુધી ભજન-ધૂનમાં મચી પડે છે; તો આપણે તો લોકોત્તર વસ્તુ પામ્યા છીએ એટલે એનાં ગુણગાન-સન્માન કરવામાં કેટલાય મસ્ત થઈ જઈએ. સમૂહ-ગાનમાં ભક્તિ-વૈરાગ્યનું ઓર તાન ચઢે છે. માટે રાત્રિજાગરણ વગેરેનું મહત્ત્વ છે.

## (૮) શ્રુતજ્ઞાનની ભક્તિ

આઠમા કર્તવ્યમાં શ્રુતજ્ઞાનની ભક્તિ કરવાની. તે રોજ અથવા દરમહિને કે છેવટે વર્ષમાં એક વાર કરવી જ જોઈએ. એમાં પુસ્તક લખાવવાનું, આજે છપાતું



હોય તો છપાવવાનું આવે. જેવી શક્તિ પહોંચે તે ખર્ચીને, પછી પાંચ નકલની શક્તિ હોય તો તે, પણ દર વર્ષનું આ નિયમિત કર્તવ્ય બની જવું જોઈએ. વસ્તુપાળે શાસ્ત્ર લખાવવામાં કરોડો રૂપિયા ખર્ચ્યા. કુમારપાળે પ્રાયઃ ૨૧ મોટા જ્ઞાનભંડારો ઊભા કર્યા. આ શ્રુતભક્તિનો લાભ ગજબ છે. શાસ્ત્ર કહે છે,

**न ते नरा दुर्गतिमाप्नुवन्ति, न मूकतां नैव जडस्वभावम् ।**
**नेवान्धतां बुद्धि विहीनतां च, ये लेखयन्त्यागमपुस्तकानि ॥**

જે મનુષ્યો આગમપુસ્તકો લખાવે છે, તે દુર્ગતિ નથી પામતા, મૂંગાપણું નહિ કે જડસ્વભાવ નહિ પામે, તેમ અંધપણું કે મૂર્ખતા નથી પામતા. એમ કેમ ? એટલા માટે કે આ શ્રુતભક્તિથી જ્ઞાનાવરણનો જે વિશિષ્ટ ક્ષયોપશમ થાય છે, જે જ્ઞાનશક્તિ પ્રગટ થાય છે એ યોગ્ય પરિસ્થિતિમાં જ વ્યક્ત થાય ને ? માટે જ દુર્ગતિ, મૂંગાપણું, જડતા, અંધાપો, મૂર્ખતા વગેરે પરિસ્થિતિ અટકી જવાની; અને સદ્ગતિ, વચનશક્તિ, સમજદારી, દર્શનશક્તિ, પ્રજ્ઞતા વગેરે પરિસ્થિતિનું સર્જન થવાનું.

મુંબઈ માધવબાગમાં એક વાર **એક પંડિતે ભાષણમાં** કહ્યું કે "ધનદાન કરતાં જ્ઞાનદાન ઘણું ચઢિયાતું છે. કારણ એ છે કે દાખલા તરીકે તમે કોઈને મોટરનું દાન કર્યું તો તમને ભવાંતરે મોટર મળવાનું નક્કી થયું, પરંતુ તે મોટર તો વિલાયતની રાણીના કૂતરા થઈને મળી શકે છે ! તેથી કાંઈ પરભવે મનુષ્ય ભવ નક્કી ન થયો. ત્યારે કોઈને તમે જ્ઞાનનું દાન કરો તો ભવાંતરે તમને જ્ઞાન મળવાનું નક્કી થયું, અને તે જ્ઞાન તો મનુષ્ય થઈને જ મળી શકે, પશુ થઈને નહિ; એટલે પરભવે મનુષ્ય થવાનું સાથે જ નક્કી થયું.'

**શ્રુત ભક્તિનો બીજો પ્રકાર :-**

શ્રુતજ્ઞાનની ભક્તિમાં આ મહાન લાભ છે કે દુર્ગતિ વગેરે અટકે. એમાં પુસ્તક લખાવવા-છપાવવાની જેમ શાસ્ત્રની વાચના કરાવવાનું પણ આવે, જેનો લાભ અનેક ભવ્યાત્માઓ પણ લે, ને લઈને સ્વજીવનમાં અનેકાનેક પાપોના ત્યાગ, તથા જીવદયા-દાન-શીલ-તપ-શુભભાવના વગેરે યાવત્ ચારિત્ર સુધીના વિવિધ ધર્મ કરતાં થાય, શાસનની પરંપરા ચાલે. આ મૂળ શાના પર ? શાસ્ત્રની વાચના-વ્યાખ્યાન કરાવવા પર. તો કહો આ શ્રુત ભક્તિનો કેટલો ગજબ લાભ થયો ? એવું શાસ્ત્રો ભણાવવા, રક્ષણ કરવા, સ્વયં શાસ્ત્ર ભણીને એનાં તત્ત્વો સંરક્ષી પછી બીજાને આપવા વગેરેની શ્રુતભક્તિમાં પણ એવા મહાન લાભ છે. માટે શાસ્ત્ર કહે છે, **'યે લેખયન્તિ જિનશાસનપુસ્તકાનિ...'** જે જિનશાસનનાં પુસ્તકો લખાવે છે, વાચના-વ્યાખ્યાન કરાવે છે, ભણે-ભણાવે-સાંભળે છે અને રક્ષણ કરે

છે, તે દેવ, મનુષ્ય અને મોક્ષનાં સુખ પામે છે.

જ્ઞાનપંચમીએ ભંડારમાંથી બધાં પુસ્તક બહાર કાઢો, હવા દેખાડો, ભેજ લાગ્યો હોય તો સૂર્યનો તાપ બતાવો. પુસ્તક બંધન-ડાબડા વ્યવસ્થિત કરો, એ પણ શાસ્ત્રરક્ષણ શ્રુતભક્તિ છે. પાઠશાળા ચલાવો, રવિવારો અને ગ્રીષ્મ વેકેશન જેવામાં ખાસ વર્ગ ધાર્મિક શિક્ષણ-સંસ્કરણના યોજો, એમાં પ્રભાવના-ઇનામી યોજના વગેરે રાખો એ પણ મહાન શ્રુતભક્તિ છે; માત્ર મનને થવું જોઈએ કે 'જ્ઞાન વગર છૂટકો નથી. જ્ઞાની અનંતા કર્મોનો ક્ષણમાં ભૂકો કરે છે. હું અભાગિયો જ્ઞાનનો વારસો લીધા વિના રહ્યો ! પરંતુ બીજાને શાસ્ત્રજ્ઞાન અપાવી ધન તો લેખે લગાડું ?' તો પાઠશાળા પર ખાસ જોર આપશો. આજનાં ઝેર જાણો છો ને ? પાઠશાળા વિના એમાં તો નવી પ્રજાનાં મોત છે. બાકી સ્વયં જ્ઞાન લેતા રહેવું એ પણ શ્રુતભક્તિ છે. પેથડશા રાજસભાએ જતા ત્યારે માર્ગમાં પાલખીમાં **'ઉપદેશમાળા'** શાસ્ત્રની ગાથા ગોખી લેતા. એમણે ગુરુમુખે અગિયાર અંગ સાંભળવા માંડ્યાં; એમાં પાંચમા ભગવતીસૂત્રના શ્રવણમાં જ્યાં જ્યાં **'હે ગોયમ'** શબ્દ આવતો ત્યાં ત્યાં સુવર્ણટાંકથી પૂજન કરતા. **સંગ્રામ સોની** એમ જ સોનામહોર મૂકતા. પૂર્વ શ્રાવકોને યાદ રાખી મોહના ચઢાવ્યા ન ચઢો, ધન કરતાં જ્ઞાન કમાઈમાં વધુ ઉદ્યમ કરો. પુસ્તક વાંચવા બેસતાં પહેલાં એને ગુરુની જેમ હાથ જોડી નમસ્કાર કરીએ, જ્ઞાન દેવા પ્રાર્થના કરીએ, એ પણ શ્રુતભક્તિ છે. એમાંય કેટલાંય કર્મ નાશ પામે. જ્ઞાન, જ્ઞાની, પુસ્તક તથા જ્ઞાનનાં સાધન કલમ-કાગળ વગેરેની આશાતનાનો ત્યાગ એ પણ શ્રુતભક્તિ છે. પુસ્તક બગલમાં માર્યું, માથા નીચે ઓશીકું બનાવ્યું, છાપાના કાગળમાં ખાવાનું લઈ ખાવા બેઠા, ખીસામાં રાખી માતરું ગયા, જ્ઞાનદાતા ગુરુનો અવિનય કર્યો, દિલમાં અવજ્ઞા ધરી... આ બધીય આશાતના. એ ટાળી અનેક પ્રકારે શ્રુતભક્તિ કરવી.

## (૯) ઉદ્યાપન

નવમું વાર્ષિક કર્તવ્ય ઉદ્યાપન, ઉજમણું છે. પ્રશ્ન થશે, તે વર્ષમાં શું એક વાર તો કરવું જ ? હા, કુટુંબમાં કોઈને ને કોઈને કોઈ કોઈ તપ પૂરો થતો હોય, તે તપરૂપી ચૈત્યના માથે ઉદ્યાપનરૂપી કલશ સ્થાપવો જોઈએ. ઉજમણું એ તપરૂપી ભોજન પર મુખવાસ તુલ્ય છે. તપમાં ઉદ્યાપન ભળે એ દૂધમાં સાકર ભળ્યા બરાબર બને છે. ઉપધાન, બાર વ્રત, ચારિત્ર વગેરે લેતાં પણ ઉજમણું થઈ શકે.

ઉદ્યાપનમાં જ્ઞાન-દર્શન-ચારિત્રનાં સુંદર નવાં ઉપકરણ નવી વસ્તુનું પ્રદર્શનપૂર્વક દાન કરવાનું આવે. શક્તિ ઓછી જ હોય તો કોઈના ઉદ્યાપનમાં શક્ય ઉપકરણ



જોડી દઈ કર્તવ્ય બજાવાય. એટલું ધ્યાન રાખવાનું છે કે એમાં લોકોની શાબાશી મેળવવાના હેતુથી જરીયાન છોડમાં મોટો ખર્ચ કરી દે અને જરૂરી ઉપકરણમાં કંજૂસાઈ કરે એ ઉચિત નહિ. ઉદ્યાપનનો અર્થ મોક્ષ-માર્ગરૂપ અને મોક્ષના પ્રતીકરૂપ દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિ છે. એ ભક્તિ કૃતાર્થ ક્યારે બને ? એનાથી સંઘમાં દર્શન-જ્ઞાન-ચારિત્રની વૃદ્ધિ વિકાસ થાય તો જ ને ? હવે મંદિરોમાં ઉપકરણ-સાધનોની બહુ જરૂર હોય પણ એની કૃપણતા કરે અને છોડોમાં ભારે ખર્ચ કરી દે, તો એ કેવું ? એમ સંઘમાં કે પાઠશાળાઓમાં પુસ્તકોની ભારે જરૂર છે, એની અહીં કૃપણતા કરે, તો એ કેવું ? આજની એ ત્રણેયની આવશ્યક્તા વિચારી ઉદ્યાપનની સજાવટ જોઈએ.

ઉદ્યાપનના લાભમાં શાસ્ત્ર કહે છે, (૧) વિનશ્વર લક્ષ્મી અવિનાશી કર્મનિર્જરા, ધર્મ અને જ્ઞાનાદિ કમાવી આપી મહાન સફળતા પામે છે; (૨) તપને દીપ્તિમાન કરી અધિક અનુમોદનાનો લાભ આપે છે; (૩) શુભધ્યાન સારું પ્રાપ્ત થાય છે; (૪) બોધિલાભ મળે છે; (૫) દર્શન-જ્ઞાન-ચારિત્રની ભક્તિથી એની પ્રાપ્તિ-યોગ્ય પુણ્યાનુબંધ ઊભો થાય છે; (૬) જિનાજ્ઞા-પાલનનો મહાધર્મ પળાય છે; જૈનશાસનની પ્રભાવના અને અનેકોને ધર્મ પામવાનું નિમિત્ત બને છે.

## (૧૦) તીર્થપ્રભાવના

દશમા કર્તવ્ય તીર્થ પ્રભાવનામાં જૈન શાસનની બહાર જાહોજલાલી થાય, જૈન ધર્મનો ડંકો વાગે એવું વર્ષમાં એક પણ કાર્ય કરવું તે. શાસ્ત્ર કહે છે, દા.ત. ગુરુનો અગર કોઈ પ્રતિમાધારી મહાત્માનો પ્રવેશ-મહોત્સવ ઊજવીને થાય. પ્રતિમા એટલે વિશિષ્ટ અમુક પ્રકારનો અભિગ્રહ. એમાં મુનિ વન, સ્મશાન, શૂન્યઘર જેવામાં કાઉસ્સગ્ગ ધ્યાન રહે, એમાં ભદ્રપ્રતિમા, મહાભદ્ર-સર્વતોભદ્ર પ્રતિમાની વિશેષતા એ, કે મનને અમુક પરમાણુ વગેરે પરના ધ્યાનમાં એવું સ્થિર કરે કે જેમાંથી કલાકોના કલાકો સુધી એ સહેજ પણ ચલિત ન થાય, બીજો વિચાર જ ન આવે. અત્યંત કપરું છે આ. એવા મહાત્મા પ્રતિમા પૂર્ણ થયે ગામ નજીક આવી શ્રાવકોને કહેવરાવે કે 'મારી પ્રતિમા પૂર્ણ થઈ છે. અહીં આવ્યો છું.' સંઘ ગામના ઠાકોર કે મુખી પાસે જાય અને આ હકીકત જણાવે. ઠાકોર કે મુખી કહે 'ઓ હો ! આવા ઉચ્ચ મહાત્મા !' પોતે પ્રવેશ સ્વાગત યોજે. અગર ઠાકોર પાસેથી સરંજામ માગી લઈ શ્રાવકો ભવ્ય પ્રવેશ-સ્વાગત કરે. મહાત્મા તો તદ્દન નિસ્પૃહી છે, પરંતુ શાસન પ્રભાવનાનો અત્યુત્તમ લાભ દેખી એ મંજૂર રાખે. પ્રભાવના એટલે અન્ય લોકોને આ ઠાઠ જોઈને મહાત્મા અને જૈન ધર્મ તરફ આકર્ષણ થાય,

'અહો ! આવા મહાત્મા ! આવો ઊંચો જૈન ધર્મ ! આ ધર્મ પ્રશંસા એ ધર્મબીજ છે. એમાંથી અહીં નહિ તો ભવાંતરે નક્કી ધર્મવૃક્ષ ઊગશે, ધર્મરૂપી ફળ મળશે. આવા ધર્મબીજ વગેરેની લહાણી એ પ્રભાવના કહેવાય. એનું ફળ તીર્થંકરપણું વગેરે છે.

એમ વંદન-ઉત્સવ, કે ગુરુપ્રવેશોત્સવાદિથી પ્રભાવના થાય. કોણિક, દશાર્ણભદ્ર, ઉદાયન, પ્રદેશી રાજા વગેરેએ ભવ્ય વંદન મહોત્સવ ઊજવ્યા હતા. પેથડશાએ ૭૨,૦૦૦ ટાંકનો ખર્ચ કરી ગુરુ ધર્મઘોષસૂરિજી મહારાજનો પ્રવેશોત્સવ ઊજવ્યો. કેમ આટલો બધો ખર્ચ ? સમજતા હતા કે ગુરુમહારાજે તો આપણી નરકાદિ દુર્ગતિ અટકાવવાનો એટલો બધો ઉપકાર કર્યો છે, કે આપણા શરીરનાં ચામડાં ઉખેડી એમનાં પગરખા કરી આપીએ તો ય બદલો ન વળે. વળી તેવા વિશિષ્ટ દાન, વિશિષ્ટ તપ, સંઘ કાઢવા, પ્રતિષ્ઠા અંજનશલાકા ઉજવવી, એવા ઉત્સવ યોજવા, વગેરેથી પણ શાસન પ્રભાવના થાય. પણ કોથળીનું મોં ખુલ્લું જોઈએ. લોકો કાંઈ માત્ર વાજું ગાડીઓ ને જૂથ ચાલતું જોઈને ધર્મ પર ઓવારી જાય નહિ એ તો ધન ઉછાળવું પડે. આજે પણ ખાનદેશ જિલ્લામાં દેખાય છે. મુનિના પ્રવેશમાં સાથે વર્ષીદાનની જેમ દાન ઉછાળાય છે.

## (૧૧) શુદ્ધિ

અગિયારમું વાર્ષિક કર્તવ્ય વર્ષ દરમિયાન લાગેલાં વ્રતદૂષણો અને પાપોની શુદ્ધિ કરવાનું છે. વ્રત-નિયમ-બાધા-પચ્ચકખાણમાં જે કાંઈ દોષ-અતિચાર-ભંગ થયા હોય તેમજ એવા મોટા માનસિક-કાયિક પાપ સેવ્યાં હોય એને પશ્ચાત્તાપપૂર્વક ગુરુ મહારાજ આગળ બાળભાવે યથાસ્થિત કહી બતાવવાનાં. એને આલોચન-આલોચના કરી કહેવાય. પછી ગુરુ મહારાજ પાસે એનું પ્રાયશ્ચિત્ત યાચવાનું અને ગુરુજી કહે તે પ્રમાણે કરી આપવાનું. આ ન કરાય તો બહુ દિવસોનાં પાપ નાશ કેમ પામે ? ત્યારે વિધિપૂર્વક આલોચના પ્રાયશ્ચિત્ત કરનાર તે ભવે પણ મોક્ષ પામે છે. દઢપ્રહારી વગેરે ઘોર પાપી પણ એમ જ તર્યા ને !

ગુરુમહારાજ આગળ કહેવામાં શરમ નહિ રાખવાની. કેમ કે ગુરુમહારાજ ગંભીર હોય છે, અને આત્માના વૈદ છે. એ રોગ જાણ્યા વિના શી દવા આપે ? વળી આપણને જો પાપ કરતાં શરમ ન પડી, તો કહેતાં શી શરમ ? પ્રાયશ્ચિત્ત આચરવાની વાત તો પછી, પણ ગુરુજી આગળ ગદ્‌ગદ થઈને બાળભાવે કહેતાં જ અર્થાત્ આલોચના કરતાં જ અઢળક કર્મક્ષય થાય છે. મહાનિશીથ સૂત્રમાં એમ આલોચના કરતાં કરતાં કેટલીય સાધ્વીઓ ઠેઠ કેવળજ્ઞાન પામ્યાનો ઉલ્લેખ છે.



શાસ્ત્ર કહે છે જીવને એક દિવસમાં પણ એટલાં બધાં પાપ લાગે છે કે દુનિયાના સર્વ પર્વત જેટલા સોનાનું દાન દઈ દે, તો પણ એ નાશ ન પામે ! આલોચના પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્તથી એ પાપોનો વિધ્વંસ થાય છે, આલોચના-શુદ્ધિનો કેટલો બધો પ્રભાવ !

મૂળ વાત અહંત્વ ભુલાવું જોઈએ, દંભ ન રાખવો જોઈએ. 'આવું નીચ પાપ ગુરુને કેમ જણાવું ?' એમ અહંત્વ નડ્યું તો કાં તો કહેવાશે જ નહિ, અગર કહેવાશે તો સામાન્યરૂપે ! બંનેમાં દંભ રહેશે, દિલમાં શલ્ય રહેશે, અને એ દંભ-શલ્યનાં પાપ મોટાં હિંસાદિ પાપો કરતાં પણ અતિ ભયંકર પાપો છે ! કેમ કે એથી દુર્ગતિની દીર્ઘાતિદીર્ઘ પરંપરામાં રિબાવું પડે છે.

**લક્ષ્મણા** રાજપુત્રી, ચોરીમાં રાંડી, વૈરાગ્યથી ચારિત્ર લઈ સુંદર પાળે છે; પરંતુ એક વાર ચકલા-ચકલીની કામક્રીડા જોઈ ચિત્ત એમાં ઠર્યું. સાધુસાધ્વીને આ જોવું જ ભયંકર છે, નિષિધ છે. લક્ષ્મણા સાધ્વી વિચારે છે. 'અહો ! કેવો આનંદ લૂંટે છે ! ભગવાને કેમ આનો નિષેધ કર્યો ? પણ ભગવાન તો નિર્વેદી, એટલે એમને વેદોદયથી જીવોને થતા દુઃખની શી ખબર કે એ ટાળનારી આવી આનંદભરી ક્રીડાનો નિષેધ ન કરે ?' વિચાર આવતાં તો આવી ગયો, પણ પછી તરત પશ્ચાત્તાપ થયો 'અરે ! આ મેં શું વિચાર્યું ? ભગવાન તો સર્વજ્ઞ, એમને કશું જ જાણબહાર ન હોય. પણ ક્રીડાના આનંદ પાછળ નરકની ભઠ્ઠીનાં અનંત દુઃખ જોઈને જ એનો નિષેધ કરે છે. ચાલ ત્યારે પ્રાયશ્ચિત્ત લઈ આવું.' એમ વિચારીને ગુરુ પાસે જાય છે. રસ્તામાં કાંટો વાગ્યો તેને અપશુકન ગણી વિચાર્યું કે 'મારા નામથી આ વાત ન કહેવી.' બસ આ હૃદયશલ્ય ઊભું કર્યું, ગુરુની આગળ 'આવું ચિંતવે એને શું પ્રાયશ્ચિત્ત આવે ?' એમ પૂછે છે. પછીથી કેટલા ગુણો તપ પણ કરે છે ! કેટલો ? ૧૦ વરસ છઠ્ઠ-અઠ્ઠમ-ચાર-પાંચ ઉપવાસ, ૨ વર્ષ આંતરે ઉપવાસ, ૨૦ વર્ષ માસખમણ, ૧૬ વરસ આંબેલ, અને ૨ વર્ષ છૂટમાં, એમ ૫૦ વરસ સુધી ઘોર તપ કર્યો, છતાં શલ્ય ઉદ્ધર્યું નહિ, મરીને ૮૦ ચોવીસી અર્થાત્ લગભગ ૮૦૦ કોડાકોડી સાગરોપમ સંસારમાં ભમી. હવે શ્રી પદ્મનાભ સ્વામીના શાસનમાં મોક્ષે જશે.

**રુકમી** રાજપુત્રી પણ બાળવિધવા બની, પોતાનાથી યુવાનીના જોરમાં કુળને ક્યાંક કલંક ન લાગી ન જાય માટે આપઘાત કરવા તૈયાર થઈ ! પિતાએ સમજાવી ધર્મમાં વાળી. પિતા પછી એને મહાબ્રહ્મચારિણી હોઈ મંત્રીઓએ રાજા બનાવી. એક વાર દેશાવરથી આવી પ્રતાપી બ્રહ્મચારિણીના દર્શનાર્થે આવેલ રાજપુત્ર સામે રુકમીએ જ વિકારી દૃષ્ટિથી જોયું, તેથી રાજપુત્રને લાગ્યું કે જે બ્રહ્મચારી ગણાય

તેને ય મોહ રમાડી જાય તો બીજાના શા ભરોસા ? 'માટે ઊઠ ઊભો થા.' એમ સંસારથી ઊભગી જઈ ચારિત્ર લીધું, કાળ જતાં આચાર્યપદ પ્રાપ્ત કર્યું. એમની પાસે રુકમીએ વૈરાગ્યથી ચારિત્ર લીધું, પરંતુ ઠેઠ સુધી દૃષ્ટિદોષના પાપની આલોચના ન કરી; બલ્કે આચાર્ય મહારાજના અંતે ભાવદયાપૂર્ણ પ્રશ્ન પર બચાવ કર્યો કે 'એ તો મેં આપની પરીક્ષાર્થે જોયું હતું.' આમ અંતે દંભ અને શલ્ય સાથે મરી આ ઘોર સંસારમાં એક લાખ ભવ ભમી ! શલ્યનું આ ફળ, તો શુદ્ધિ કરવાનું પણ ફળ લાખ ભવની અટકાયત.

આ ઉપરથી ગુરુ પાસે દોષોની શુદ્ધિ કરી જ લેવી જોઈએ, એ વિવેકીને બરાબર જચી જશે. શાસ્ત્ર કહે છે '**कृत्यान्यमूनि प्रतिवत्सरं ये...**' જે વિવેકી શ્રાવકો આ વાર્ષિક કર્તવ્યો દર વર્ષે કરે છે તે જિન ધર્મના રાગી છે, પંડિત છે, અને પુણ્ય પુષ્ટ કરી કૃતકૃત્ય બનેલા તે સ્વર્ગ પામે છે.

**સમાપ્ત**







# • સંસાર અને ધર્મ •

**जन्म-मृत्यु-जरा-व्याधि-शोक-चिन्ताद्युपद्रुते ।**
**असारेऽस्मिन् तु संसारे धर्म एव सुखावहः ॥**

વીતરાગ પરમાત્મા સંસારની ઓળખ કરાવી ધર્મનું મૂલ્ય બતાવે છે. એ ફરમાવે છે કે 'આ સંસાર જન્મ-મૃત્યુ, જરા-વ્યાધિ, શોક-સંતાપ વગેરે અનેકાનેક ઉપદ્રવોથી ભરેલો છે. માટે જ એ અસાર છે, નિર્ગુણ છે. એવા સંસારમાં સુખ શાનું જોવા મળે ? છતાં પણ એવા સંસારમાં એક માત્ર ધર્મ સુખકારી છે.'

સંસાર ઉપદ્રવોથી ભરેલો હોય એટલે તો હાથ ધોઈ નાખવાના હોય, છતાં ત્યાં મન આશાઓમાં અને આનંદમાં રમતું હોય તો એ ભારે અવિવેક અને અજ્ઞાનદશા કહેવાય. ઉપદ્રવોની હારમાળા લાગી હોય ત્યાં આનંદ શા ? નિશ્ચિન્તતા શી ? આશાઓ કેવી ? માનો કે મુસાફરીએ ગયા અને ક્યાંક કોક ધર્મશાળામાં ઊતર્યા. પરંતુ ત્યાં સાંભળ્યું કે અહીં ક્યારેક સાપ-વીંછી નીકળે છે. વળી એકાદ વીંછી જોવામાં પણ આવ્યો. હવે બોલો એવા ઉપદ્રવભર્યા તે સ્થાનમાં નિરાંત કેટલી રહે ? શાંતિ કેટલી અનુભવાય ? શું સરખી ઊંઘ આવે ખરી ? ના, બસ એ જ રીતે જ્ઞાની પાસેથી સાંભળ્યું કે આ સંસાર જન્મ-મરણાદિ અનેક ઉપદ્રવોથી ભરેલો છે, અને બહાર નજરે જોવા પણ એ મળ્યું, હવે સંસારમાં શાંતિ રહે ? નિરાંત રહે ? એક નાનકડા ઘરમાં નાનાય ઉપદ્રવોથી ગભરાઈ જાઓ છો તો પછી આવડા મોટા સંસારઘરમાં મોટમોટા ઉપદ્રવો વચ્ચે કાંઈ ગભરામણ નથી થતી ?

શું વારંવાર જન્મ-મરણ આવે એ મોટા ઉપદ્રવ નથી ? કહો છો, પણ ભૂતકાળનું યાદ નથી આવતું ને ? ખેર, પરંતુ વર્તમાનમાં તો અનુભવી રહ્યા છો ને કે અહીં જન્મ લીધા બાદ કેટલાય ઉપદ્રવો વેઠવા પડ્યા ? એ ય પૂર્વજન્મોનું ફળ છે એ ભૂલતા નહિ.

ઉપદ્રવ એટલે શું ? હેરાનગતિ જ ને ? તો વારેવારે જન્મ લેવા પડે, મરવું પડે એ શું હેરાનગતિ નથી ? છે જ. ઉપદ્રવ એટલે પીડા; તો બુઢ્ઢા થવું પડે, ગાત્રો ઢીલાં પડી જાય, એ પીડારૂપ જ છે. એમ રોગો આવે, ઈષ્ટ વસ્તુના વિયોગ થાય, અનિષ્ટનાં આગમન થાય, ઉદ્વેગ થાય, શોક થાય, ચિંતાઓ સર્જાય, સંતાપ બળતરા જાગે, આ બધી પીડા છે, માટે એને ઉપદ્રવ કહેવાય. એ ઉપદ્રવો ચિત્તની

શાન્તિનો લોપ કરે છે, અશાંતિ જગાવે છે, તે એવા ઉપદ્રવોથી ભરેલો સંસાર અસાર છે. મોહમૂઢતાને લઈને ધન-માલ, ને પરિવાર-પ્રતિષ્ઠા મળવાથી જીવ હરખાય છે, એને સારરૂપ સમજે છે, પરંતુ એમાં ચિંતા ભરી છે, જરા વાંકા-ચૂકું થતાં સંતાપ થાય છે, એના પર જ શોક આવી લાગે છે; તેથી એ બધું ઉપદ્રવ સમાન છે; સારભૂત નથી, અસાર છે. જોવાની સાચી દૃષ્ટિ ખૂલવી જોઈએ, તો આ સમજાવું કઠિન નથી.

અસલમાં આત્મા સ્વતંત્ર છે, નિત્ય સુખવાળો છે, પરંતુ જન્મ પામીને એ પરાધીન બને છે, અને એને અનેક દુઃખોના ભોગ થવું પડે છે. માટે જન્મ એ દુઃખનું નિમિત્ત છે. વિવેકથી ઓળખતાં આવડવું જોઈએ, તો આ ઓળખાણ થાય અને જન્મ-જરા-મૃત્યુ, રોગ-શોક-દારિદ્ર, સંતાપ અને ચિંતાઓથી ભરેલો આ સંસાર જીવન માટે એક ઉપદ્રવરૂપ જ લાગે.

**'લાગવું' સમજો છો ને ?** માત્ર એક વાર જાણી લીધું, યા ખાલી મનથી વિચારી લીધું એટલું જ બસ નથી, કે બે ચારવાર ખ્યાલ કર્યો એ 'લાગ્યું' ન કહેવાય; પરંતુ દિલમાં સચોટ વસી જાય, પછી દિલની એના તરફ દૃષ્ટિ જ ઉપદ્રવ તરીકેની રહે, એ 'લાગ્યું' કહેવાય. સંસાર એવો ઉપદ્રવ લાગવો જોઈએ કે એના તરફ બહુમાન થાય જ નહિ, એનો પક્ષ કરવાનું મન જ ન થાય. ભલે એ નભાવવો પડતો હોય, પરંતુ અંતરમાં એ ખૂંચ્યા કરે.

**ઘરમાંથી અણગમતો મહેમાન** ખસતો ન હોય તો ઉપદ્રવરૂપ લાગે છે. પછી ભલેને એની સાથે હસીને વાતે ય કરવી પડતી હોય, એને માનભેર જમાડવો ય પડતો હોય, છતાં અંદરખાને મનમાં એ બલારૂપ લાગે છે. એવું જન્મ, શરીર, માલમિલકત, પરિવાર, બધું ઉપદ્રવરૂપ, બલારૂપ લાગવું જોઈએ, ભલે કદાચ એની સાથે વ્યવહાર કરવો પડતો હોય જેમ અવસરે પેલો મહેમાન આપણું કાંઈક કામ પણ કરી આપે તો તત્કાલ ખુશીય થતા હોઈએ, છતાં એ બલારૂપ તો લાગે જ છે; એમ, આ સંસારના પદાર્થો આપણને સુખનો આભાસ પણ કરાવી જતા હોય, છતાં એ અહર્નિશ બલારૂપ લાગવા જોઈએ. હૈયામાં એ જ બેઠું હોય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૧૯,તા.૨૭-૧-૧૯૬૨**

## ધર્મ-ઉત્સાહ કોણ મંદ કરે છે :-

સંસારના અંગ-પ્રત્યંગ ઉપદ્રવરૂપ લાગે ત્યારે એની સામે ધર્મ મહામંગળરૂપ લાગે, ધર્મનો રસ સતત જાગતો રહે. તપાસજો કે ક્યારેક ક્યારેક પણ ધર્મનો



ઉત્સાહ કેમ ઘટી જાય છે ? કંટાળો કેમ આવે છે ? ધર્મમાં એટલી બધી હોંશ અને ઉમળકો કેમ જણાતો નથી ? ધર્મ તો સારો જ માન્યો છે, કર્તવ્ય જ માન્યો છે, પછી આમ કેમ ? વિચારશો તો દેખાશે કે હજી સંસાર અને સંસારની દરેક બાબત જેવી કે વિષય, કષાય, માન-સન્માન, માલ-મિલકત, બધું જ ઉપદ્રવરૂપ, બલારૂપ સચોટપણે ભાસી ગયું નથી. એટલે જાણે રોતડ માણસ ધર્મ કરતો હોય એવું દેખાય છે.

પૈસા બલારૂપ લાગ્યા પછી દાન ધર્મમાં ઉત્સાહ ન થાય એ બને ? શરીર-ઇંદ્રિયો બલારૂપ જો લાગે તો પછી શું શીલ, વ્રત, ત્યાગ વગેરેમાં ઉત્સાહ ન જાગે ? ખાવું એ એક બલા છે, એવું જો હૈયે ઠસી ગયું હોય તો તપસ્યાની હોંશ થયા વિના રહે ? નવરા બેસી રહેવું, ઊંઘવું, ગપ્પાં મારવાં, એ બધું બલારૂપ જો લાગે તો નવકારવાળી, સામાયિક, શાસ્ત્ર-સ્વાધ્યાય વગેરેનો ઉત્સાહ કેમ ન રહે ?

**વારંવાર ભાવના કરવી પડે :-** ખરી વાત આ છે કે સંસાર અને સમસ્ત સાંસારિક પદાર્થ તથા પ્રવૃત્તિ ઉપદ્રવરૂપ નથી લાગતા, એનો સતત એવો ભાસ નથી રહેતો, એટલે ધર્મનો ઉત્સાહ, ધર્મની લગની, ને ધર્મના વિચારો વગેરે જાગતા નથી રહેતા. **માટે આ ખાસ કરવા જેવું છે કે વારંવાર ભાવના કરી કરીને સંસારને ખરેખર બલારૂપ હૈયે ઠસાવી દેવો જોઈએ.** એની વારે ને વારે ભાવના કરવી પડે. નાના બચ્ચાને મા વિષ્ટા પ્રત્યે વારે વારે 'છી, છી'ની ભાવના કરાવે છે તો જતે દહાડે બાળકને એના તરફ બરાબર અશુચિનો ખ્યાલ પેદા થાય છે. પછી જ્યારે પ્રસંગ આવે, અરે ખાલી 'વિષ્ટા' એટલું નામ માત્ર બોલાય ત્યાં પણ એના પ્રત્યે સૂગનો ભાવ જાગ્રત થઈ જાય છે. બસ, સંસાર એ એક બલા છે, સંસારના રળિયામણા દેખાતા પદાર્થો પણ ઉપદ્રવકારક છે, ઉપદ્રવરૂપ છે, એવી વારંવાર ભાવના કરી કરી એના પ્રત્યે એવો સહજ ખ્યાલ અને સ્વાભાવિક સૂગ, કંટાળો, અરુચિ ઊભા કરવાના છે, જેથી પ્રસંગ આવ્યે એ ભાવ સહેજે ઊઠે;

એના તરફ દૃષ્ટિ જ એવા ભાવની બંધાઈ જાય, ઘડાઈ જાય. આનું નામ ભવનિર્વેદ છે.

**ભવનિર્વેદ એ ધર્મનો પાયો છે.** એ આવ્યા વિના ધર્મક્રિયા નિષ્ફળ જાય છે, મોક્ષ તરફ નિકટ લઈ જનારી બનતી નથી. અભવી જીવ અનંતી વાર ચારિત્ર સુધીનો ધર્મ સાધે, પણ તેથી શું ? સંસાર ભ્રમણ તો ચાલુ જ રહે છે, કેમ કે મૂળમાં કદી એને ભવનિર્વેદ નથી. સંસાર પર અનાદિ કાળથી જે આસ્થા છે, જે સુખરૂપતાની દૃષ્ટિ છે, એ કપાયા વિના કોઈ પણ ધર્મ ક્યાંથી લેખે લાગે ? માટે

તો જુઓ 'જયવીયરાય' સૂત્રમાં પહેલી માગણી ભવનિર્વેદની કરવામાં આવે છે; પછી માર્ગાનુસારિતા વગેરે ગુણોની.

**જ્ઞાનીઓના ઉપદેશના પ્રારંભે :-**

સંસાર પર કંટાળો જાગે, 'વારંવાર મારે જન્મ-મરણ, જન્મ-મરણ કરવા પડે આ શું ?' એમ એના પર ઉદ્વેગ ઊભો થઈ જાય, ત્યારે સંસારરોગ કાઢનારા ધર્મ ઔષધની સાચી તાલાવેલી જાગે. એટલે જ જૈન શાસ્ત્રોમાં જુઓ તો દેખાશે કે ઉપદેશની શરૂઆત મોટા ભાગે સંસારને અસાર જણાવી કરવામાં આવે છે. જ્ઞાનીઓ સમજે છે કે જીવોને પહેલો ખ્યાલ આ આવવા દો કે સંસાર નિસ્સાર છે, એનાં અંગો જન્મ-જરા-મરણ, રોગ-શોક-પરાધીનતા, ઇષ્ટ વિયોગ-અનિષ્ટ સમાગમ,...એ બધું અને એના નિમિત્તભૂત વૈભવ, વિષયો વગેરે ઉપદ્રવરૂપ છે; ઉપદ્રવભર્યો સંસાર છે; માટે મૂળમાં એ જ કાઢવા જેવો છે, એનાથી છૂટવા જેવું છે.' આ ખ્યાલ જો ખરેખર ઊભો થશે, તો પછી આપણો ધર્મનો ઉપદેશ એ સાંભળશે, સદ્દહશે, જીવનમાં ઉતારવા મહેનત કરશે.

એટલે પહેલી વાત આ છે કે એ તપાસો કે સંસાર ખરેખર ખૂંચે છે ? ચાહ્ય મોટા વૈભવ મળ્યા, કે તગડું શરીર મળ્યું, ચાહ્ય અનુકૂળ સ્નેહાળ અને આજ્ઞાંકિત પરિવાર મળ્યો કે મોટી સત્તા-ઠકરાઈ મળી, પરંતુ એ બધું ઉપદ્રવરૂપ લાગે છે ? દિલને ખટકે છે ? એ તપાસો કે 'ક્યાં આ આત્મભાન ભુલાવનારા અને આત્મહિત ચુકાવનારા વિનશ્વર સંયોગોમાં હું આવી પડ્યો !' આવું મનને થાય છે ખરું ? ઝીણવટથી જોશો ત્યારે દેખાશે કે જો ધર્મમાં રસ નથી ઊભરાતો, ધર્મનો ઉત્સાહ નથી ઊછળતો, તો એનું મૂળ કારણ આ વૈભવી પણ સંસાર ઉપર ખેદ, અરુચિ નથી જાગી, બંધનબુદ્ધિ ઊભી નથી થઈ એ છે, સંસાર ખૂંચતો નથી એ છે. એ ખૂંચવા માંડે તો એના પ્રતિકારમાં ધર્મની તાલાવેલી કેમ ન જાગે ? રોગ ખૂંચે છે તો એ હટાવવા માટે દવાની તત્પરતા કેટલી બધી રહે છે !

**સંસાર એ રોગ છે, ધર્મ એ ઔષધ છે.** રોગથી દુઃખ, દવાથી સુખ; એમ સંસારથી પણ દુઃખ, ધર્મથી સુખ; આ સનાતન કાળથી ચાલ્યો આવતો નિયમ છે. તમે પૂછશો,

પ્ર.-ધર્મથી પણ એકાંતે સુખ ક્યાં નક્કી છે ? કેમ કે ધર્મ કરવાથી પુણ્ય ઊભું થાય, એ જે ધન-માલ-પરિવાર આપશે એ ય પાછા ઉપદ્રવરૂપ છે, દુઃખરૂપ છે !

ઉ.-અહીં ધર્મના ત્રણ પ્રકાર સમજી લેશો એટલે આનો ખુલાસો થઈ જશે.

**ધર્મના ત્રણ પ્રકાર :-** ઉપમિતભવપ્રપંચા કથામાં ધર્મના ત્રણ પ્રકાર બતાવવામાં



આવ્યા છે; **સ્વરૂપ-ધર્મ, કારણ-ધર્મ અને કાર્ય-ધર્મ.**

સ્વરૂપ-ધર્મ એટલે આત્માના જે શુદ્ધ સ્વરૂપને ધર્મ કહેવાય છે તે. એને પ્રગટ કરનારાં જે બાહ્ય કારણો તે કારણ-ધર્મ, અને એનું જે ફળ નીપજે તે કાર્ય-ધર્મ.

સ્વરૂપધર્મમાં આત્માનાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનાં પરિણામ આવે. કર્મના ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષયથી એ આત્મ-પરિણામ પ્રગટે છે. અનાદિ કાળથી તો જીવ મિથ્યાત્વ મોહનીય, જ્ઞાનાવરણીય, અને કષાય મોહનીય કર્મથી આવૃત્ત (છવાયેલો) હોવાથી એ નિર્મળ પરિણામ ઢંકાઈ ગયેલા છે; અને મલિન પરિણામ તરીકે મિથ્યાભાવ, અજ્ઞાન અને રાગ-દ્વેષ-અવિરતિ પ્રગટ રહ્યા છે. પરંતુ જો એ કર્મોને દબાવવામાં કે નાશ કરવામાં આવે તો મેલા પરિણામ જે કર્મના લીધે આગંતુક હતા તે ઊડી જાય અને નિર્મળ પરિણામ પ્રગટ થાય.

**પરિણામ એટલે ?** અહીં 'પરિણામ, પરિણામ' શબ્દ આવે છે તે, પરીક્ષાનું પરિણામ અર્થાત્ છેવટ, અંત, એવા અર્થમાં નથી લેવાનો. **પરિણામ એટલે વસ્તુ જે અવસ્થામાં જે સ્વરૂપમાં પરિણમે છે તે.** આ અનાદિ પણ હોય અને પેદા થનારો પણ હોય. દા.ત. જીવમાં જીવત્વ પરિણામ, ભવ્યત્વ પરિણામ, એ અનાદિના છે. ત્યારે મનુષ્યપણું, તિર્યંચપણું, વગેરે ભાવો નવા નવા પેદા થનારા પરિણામ છે. માટીનો ઘડો બન્યો ત્યાં કહેવાય કે માટી ઘડામાં પરિણમી, માટીમાં ઘટાકાર પરિણામ પેદા થયો. સોનાની લગડીનો હાર બનાવ્યો ત્યાં સોનામાં હાર પરિણામ પેદા થયો. વસ્ત્રને લાલ રંગી નાખ્યું ત્યાં રક્ત પરિણામ પેદા થયો. ઘડો કુંભારે વણિકને વેચ્યો ત્યાં ઘડાનો કુંભાર માલિકીરૂપ પરિણામ નાશ પામીને વણિકમાલિકી-પરિણામ પેદા થયો. ઘડો દુકાન પરથી ઘરે લાવ્યા ત્યાં દુકાને રહેવાપણાનો પરિણામ નાશ પામી ગૃહસ્થિતતાનો ક્ષેત્રપરિણામ ઉત્પન્ન થયો. જીવ મનુષ્યપણામાંથી મરીને દેવપણું પામ્યો, ત્યાં કહેવાય કે હવે જીવ દેવપણે પરિણમ્યો, દેવત્વ પરિણામ ઉત્પન્ન થયો અને મનુષ્યત્વ પરિણામ નાશ પામ્યો; છતાં જીવત્વ પરિણામ એનો એ ઊભો છે.

**પરિણામી નિત્ય :-** જૈન દર્શનની આ ખૂબી છે, કે એ જીવ વગેરે પદાર્થને નિત્ય માને છે પરંતુ **પરિણામી નિત્ય** માને છે. પરિણામી નિત્ય એટલે મૂળ દ્રવ્ય-પરિણામ કાયમનો કાયમ રહીને અવાંતર પરિણામ જાય-આવે; જૂનો નાશ પામે અને નવો પેદા થાય. જીવ નવાં કર્મથી બંધાયો, નવા કર્મ સાથે અગ્નિ અને લોઢાની જેમ એકમેક થયો, ત્યાં જીવમાં જીવત્વ કાયમ રહીને કર્મબદ્ધતા પરિણામ ઊભો થયો. વળી અમુક કર્મ ભોગવાય છે તો તત્કર્મ-ભોક્તૃત્વ પરિણામ પેદા થયો

કહેવાય. કર્મ સમૂળગાં નાશ પામ્યાં તો ક્ષીણકર્મના અર્થાત્ મોક્ષ પરિણામ ઊભો થયો કહેવાય. આ બધું જીવ એકાન્તે નિત્ય હોય તો ન ઘટી શકે, કિન્તુ પરિણામી નિત્ય હોય તો જ ઘટે.

**એકાંતવાદ-અનેકાંતવાદ :-**

ઈતર દર્શનો જીવને એકાન્તનિત્ય માને છે, તેથી એવા એકાન્તવાદમાં બંધ મોક્ષ, જ્ઞાન-અજ્ઞાન, ક્રોધી-ક્ષમાશીલ વગેરે અવસ્થા ઘટી શકતી નથી, કેમ કે એ બધી અવસ્થા આવ-જા કરનારી હોવાથી અને વસ્તુથી જુદી નહિ પણ વસ્તુસ્વરૂપ હોવાથી વસ્તુની અનિત્યતા વિના ન ઘટી શકે. એકાન્તવાદનો દુરાગ્રહ છોડી અનેકાન્તવાદનું શરણું લેવાય અને વસ્તુને મૂળ પરિણામે નિત્ય, તથા આવ-જા કરનારા પરિણામે અનિત્ય, એમ નિત્યતા કે અનિત્યતાનો એકાંત નહિ કિન્તુ નિત્ય પણ અને અનિત્ય પણ એમ અનેકાન્ત માનવામાં આવે તો જ પદાર્થ વ્યવસ્થા ઘટી શકે.

**ચાર પરિણામ :-** તો વસ્તુમાં અનેકાનેક પ્રકારના પરિણામ હોય છે. તે બધાને સામાન્ય રૂપે દ્રવ્યપરિણામ, ક્ષેત્રપરિણામ, કાળપરિણામ અને ભાવપરિણામ એમ ચાર પ્રકારમાં વહેંચી શકાય. ટૂંકમાં **વસ્તુ જેમાં પરિણમે તેનું નામ પરિણામ.** મન જો બગડતું ચાલ્યું તો કહેવાય છે કે મનના પરિણામ સારા નથી, કેમ કે મન અશુભ ભાવમાં પરિણમ્યું. એ અશુભ ભાવ એ જ પરિણામ.

એમ આત્મા મિથ્યાભાવ, કષાયભાવ, અવિરતિભાવ વગેરે મેલા ભાવોમાં પરિણમે છે ત્યાં એ અશુદ્ધ ભાવને પરિણામ કહેવાય છે. મિથ્યાત્વ, કષાય વગેરે એ આત્માના પરિણામ છે; પણ મેલા, એ મટી જઈને આત્મા જો સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રરૂપી શુદ્ધ ભાવમાં પરિણમે તો એ સમ્યગ્દર્શનાદિ, એ નિર્મળ પરિણામ પ્રગટ્યા કહેવાય. એમ જીવના જે શુભ-અશુભ અધ્યવસાય વિચારસરણી, ભાવના ચાલે છે, તે તે સ્વરૂપે જીવ પરિણમ્યો હોય છે, માટે જીવના એ બધા પરિણામ છે.

**પરિણામમાં તરતમતા :- આત્માના સમ્યગ્દર્શનાદિ પરિણામ** એ સ્વરૂપ ધર્મ છે. એ પણ એક જ સ્થિતિના નથી હોતા, પરંતુ આવરણ કર્મના અધિકાધિક નાશથી વિશુદ્ધ વિશુદ્ધતર બનતા જાય છે. સમ્યગ્દર્શન એટલે તત્ત્વ શ્રદ્ધા અને સુદેવ-ગુરુ-ધર્મ પર શ્રદ્ધા-પ્રીતિ કરાવે એવો આત્મપરિણામ. આ અધિકાધિક નિર્મળ બની શકે છે, યાવત્ એમાંથી સમસ્ત દર્શનમોહનીય કર્મ નાશ પામીને પરાકાષ્ઠાએ ક્ષાયિક સમ્યગ્દર્શનનો પરિણામ પ્રગટે છે. વ્યવહારમાં ય પ્રેમ, શ્રદ્ધા, ભક્તિ વગેરેમાં તરતમતા દેખાય છે. દા.ત. પુત્રોને માતા પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ ભિન્ન ભિન્ન



માત્રામાં હોય છે.

**એમ, સમ્યક્ ચારિત્રના પરિણામમાં** અહિંસા, સત્ય વગેરેના પરિણામ, ક્ષમા, નમ્રતા વગેરે પરિણામ અને ત્યાગ-તપના પરિણામ જગાડનારો આત્માનો અમુક કોટિનો કષાયહ્રાસનો પરિણામ આવે. એમાંય કેટલીય માત્રા અને કક્ષા હોય; તરતમતાએ એક બીજાથી ચઢિયાતી હોય. એકને બદલે બે ઉપવાસનું પચ્ચક્ખાણ કર્યું તો એક કરતાં બેમાં જીવનો ભાવ ઊંચો રહે છે. 'મારે બે દિવસ ખાવાનું જ નથી' આવો ચિત્તપરિણામ વર્તે છે. એમ અહિંસાના પરિણામમાં પણ ત્રસની અહિંસા કરતાં ત્રસ-સ્થાવર બંનેયની અહિંસાનો પરિણામ ઊંચો છે. આ ચારિત્ર-પરિણામ એ સ્વરૂપ ધર્મ છે.

**સ્વરૂપધર્મ માટે ત્રણ પ્રકારની કાળજી :-**

(૧) આ ઉપરથી સમજવાનું કે આંતરિક પરિણામમાં અલ્પ-અધિક માત્રા હોય છે, માટે કોઈનામાં અધિકમાત્રાનો પરિણામ ન દેખાય એટલા માત્રથી જ એનામાં ધર્મ જ નથી, શ્રદ્ધા જ નથી વગેરે સિક્કો ન મારવો અને એનો અનાદર ન કરવો.

(૨) બીજું સમસ્ત મોહનીય કર્મનો ક્ષય થઈને ક્ષાયિકભાવનો, વીતરાગતાનો સ્વરૂપ-ધર્મ પ્રગટ ન થાય ત્યાં સુધી જંપીને બેસવાનું નથી, કિન્તુ ઉત્તરોત્તર વિશુદ્ધ-વિશુદ્ધ સ્વરૂપધર્મ અર્થાત્ નિર્મળ નિર્મળ પરિણામ ઊભા કરવાના છે. ભલે આજે સમ્યક્ત્વ એટલે કે ધર્મશ્રદ્ધા, તત્ત્વશ્રદ્ધા ધરાવતા હોઈએ, પરંતુ એ કાંઈ પરાકાષ્ઠાની સમજવાની નથી; હજી તો એને અધિકાધિક શુદ્ધ કરવાની છે, વધુ ને વધુ તેજસ્વી કરવાની છે.

(૩) વળી ખાસ આ પણ ધ્યાન રાખવાનું છે કે બહારની ધર્મક્રિયા કરતાં કરતાં આંતરિક ધર્મ પરિણામ પ્રગટતા જાય છે ને ? પ્રગટ્યા હોય તો વધુ વિશુદ્ધ બનતા જાય છે કે નહિ એ પણ જોતા રહેવાનું છે. સ્વરૂપધર્મ એ આંતરિક પરિણામ છે. દાન તો દીધું પરંતુ અંદરખાને તેવો સ્વરૂપધર્મ પ્રગટ્યો ?

**દાનનો સ્વરૂપધર્મ એ, કે આનંદપૂર્વક અને કોઈ જ બદલાની અપેક્ષા વિના આપણી માલિકી ઊઠાવી લઈ બીજાની માલિકી મંજૂર કરવી.** અંતરનો આ મંજૂરીનો પરિણામ એ સ્વરૂપધર્મ છે.

**આત્મામાં સ્વરૂપધર્મની ક્રિયા થાય તો બહારની ક્રિયા લેખે લાગે.** માટે તો કવિ શ્રી જ્ઞાનવિમલસૂરિજી મહારાજ કહે છે,-

**'અક્રિય સાધે જે ક્રિયાજી, તે નાવે તિલમાત,**

અર્થાત્ આત્મામાં અંદરખાને તે તે વિશુદ્ધિ કે ભાવોલ્લાસની ક્રિયા લેશમાત્ર

પણ ન કરી અને બાહ્ય ધર્મ-ક્રિયામાત્ર કરી, તેની કિંમત તલમાત્ર જેટલી પણ નથી. બહારથી ઉપવાસ કર્યો પણ અંદરથી રોતા રહ્યા 'હાય ! આજે ખાવાનું નથી, જેમ તેમ દહાડો પૂરો કરો,' તો એ બાહ્ય ધર્મક્રિયા સાથે આંતરિક ધર્મક્રિયા ન થઈ કહેવાય. પરંતુ જો અંતરમાં એમ થાય કે 'હાશ, આજે ખાવાની લપ નથી, દિવસ ધન્ય પસાર થશે.' તો એ આંતરિક સ્વરૂપધર્મની ક્રિયા થઈ ગણાય. હજુ પણ આ ભાવને વધુ જોરદાર, વધુ તેજસ્વી અને વધુ સ્થિર કરી શકાય.

વાત એ છે કે સ્વરૂપ-ધર્મ વિકસાવવાનું લક્ષ જોઈએ. આંખમિંચામણાં, બેપરવાઈ નહિ ચાલે. આજે નહિ તો કાલે, આ ભવે નહિ તો ભવાંતરે પણ સ્વરૂપધર્મ પ્રગટાવ્યા-વિકસાવ્યા વિના ચાલવાનું નથી, ઠેકાણું પડવાનું નથી. તો પછી એમાં વાયદો શા માટે ? ઉધારો શા સારુ ? સ્વરૂપ ધર્મની તો તાત્કાલિક અને રોકડી વાત જોઈએ. બાહ્ય ધર્મસાધનાનું એ ઊંચું રોકડું ફળ છે.

**સ્વરૂપ ધર્મ માટે એક ખાસ ઉપાય :-** આ સ્વરૂપધર્મને તો જીવનમાં વ્યાપક સ્થાન આપી શકીએ. માત્ર એક લક્ષ જોઈએ કે આંતરિક પરિણામ મેલા-પ્રમાદી અને જિનવચનની ઉપેક્ષા-અવગણનાવાળા ન થવા દઈએ, પરંતુ પવિત્ર, શુભ, ઊજળાશવાળા અને વાત વાતમાં જિનવચનને પ્રતિબદ્ધ રાખીએ.

**મેલાં એટલે** વિષય-કષાય, અર્થ-કામ, રંગ-રાગ, સન્માન-સત્કાર, આરંભ-પરિગ્રહ વગેરેની લગનીવાળા; હિંસા-જૂઠ-અનીતિ વગેરેની તન્મયતાવાળા.

**પ્રમાદી એટલે** ધર્મસાધના માટે 'થાય છે, જોઈએ છીએ, કરીશું, શી ઉતાવળ છે ?' વગેરે આળસ, અનાદરવાળા. વળી ગપ્પાસપ્પાં, મોજશોખ, રાભસપણું, આંધળિયા, આ બધી પણ પ્રમાદી વૃત્તિ છે.

**જિનવચનની બેપરવાઈ, ઉપેક્ષા-અવગણનાવાળા પરિણામ એટલે કે** જ્યાં માત્ર આપમતિ અને સ્વેચ્છાચાર ચાલતો હોય. ધર્મક્રિયા ય કરે પરંતુ માથે એ ભાર નહિ કે હું જિનવચન મુજબ આ કરું. ઊલટું મનમાની પ્રવૃત્તિ પર સિક્કો મારે કે અમે આ બરાબર જ કરીએ છીએ. એમ સંસારનું સંભાળતો હોય ત્યાં પણ પાપત્યાગ ધર્મ કર્તવ્ય વગેરે અંગે જિનવચનના આદેશનો માથે કોઈ ભાર ન રાખે, હૈયામાં એની બેપરવાઈ વગેરે બેઠી હોય.

બસ, આ ત્રણેયથી વિપરીત તરીકે પવિત્ર, અપ્રમાદી અને જિનવચન-પ્રતિબદ્ધ પરિણામ કેળવવાના છે; એટલે વૈરાગ્યભર્યા, ક્ષમા-નિસ્પૃહતાદિમય અર્થ-કામની ઘૃણાવાળા, આરંભ-પરિગ્રહની અરુચિવાળા, અને દયામય, પરિણામ કેળવવાના છે. વળી ગપ્પાંસપ્પાં વગેરે જીવન જીવવામાં જે બિલકુલ બિનજરૂરી તત્ત્વ તેને બદલે તત્ત્વજ્ઞાન, યોગ વગેરેની લગનીવાળા પરિણામ બનાવવાના છે.



એમ વાતવાતમાં 'જિનવચન શું કહે છે ! મારે તો જિનવચનનું જ એક શરણ !' વગેરે ભાર માથે રાખવાનો છે.

**સ્વરૂપ ધર્મનો વ્યવહારમાં પ્રયોગ :-**

હવે જુઓ કે માત્ર ધર્મક્રિયા વખતે જ નહિ, પરંતુ તે સિવાય પણ સ્વરૂપધર્મની સાધના થઈ શકે છે, શરત આ કે પૂર્વે કહ્યું તેમ અંતરના પરિણામ નિર્મળ, અપ્રમાદી અને જિનવચન પ્રતિબદ્ધ રાખવો જોઈએ, કદાચ ક્યારેક ગુસ્સો કરવો પડ્યો, પણ અંતરમાં એનો બળાપો, સામા જીવ પર વાત્સલ્ય સાથેની તરતી ભાવદયા, સંસારની વેઠ પર ઘૃણા, દુઃખદ કર્મપરિણામનો ખ્યાલ, વગેરે રાખવામાં આવે તો સ્વરૂપધર્મની સાધનાને અવકાશ મળે છે. એમ લોભથી ધનસંગ્રહ કરવા ગયા. પરંતુ અંતરમાં જો આ જાગૃતિ હોય કે 'આ રૂડા મનુષ્ય જીવનમાં ઊંધું વેતરણ થઈ રહ્યું છે, અવિનાશી ત્યાગ, નિસ્પૃહતા, સામાયિકાદિ ધર્મને બદલે વિનશ્વર ધન, સાહ્યબી, અભિમાન, લોભ વગેરે સાધવાની મૂર્ખાઈ થઈ રહી છે, ભવ ભારે થઈ રહ્યો છે, માથે અરિહંત નાથ ધરવા છતાં રાગાદિ દુશ્મનને પોષવાની બેવફાગીરી કરાઈ રહી છે.' આવી જાગૃતિ હોય, લોભમાં ઊભા થનાર કર્મ અને કુસંસ્કાર તથા પરલોકનો ભય અને કંપ રહે, તો એ અંતરમાં એક પ્રકારના સ્વરૂપ ધર્મની સાધના થઈ ગણાય.

આજ પ્રમાણે ખાન-પાન, વ્યાપાર-ધંધા, વગેરે અર્થ-કામની પ્રવૃત્તિ વખતે પણ જેટલા પ્રમાણમાં શુભ અધ્યવસાય, શુભ ચિત્તપરિણતિ રખાય તેટલા પ્રમાણમાં સ્વરૂપધર્મની સાધના થાય. સ્વરૂપધર્મ એ આત્માનાં શુભ પરિણામરૂપ છે, એ સમજી રાખો પછી ચાહ્ય એ સમ્યગ્દર્શનનો પરિણામ હો યા સમ્યક્ચારિત્રનો. એ દયાથી આપો કે દાનથી, અર્હદ્ભક્તિથી આપો કે ગુણભક્તિથી; વૈરાગ્યભાવનાથી થાઓ યા મૈત્રી-કરુણાદિ ભાવનાથી. અલબત્ત કેવળ ભાવના કરતાં વિરતિનો પરિણામ ઊંચો રહેવાનો, પરંતુ વિરતિમાં ય આગળ વધારનાર ભાવના છે. એ ન ભૂલતા.

**સ્વરૂપધર્મની બલિહારી છે; એના દ્વારા પાપક્ષેત્રમાં બેઠાં છતાં પણ ધર્મક્ષેત્રમાં આવી શકાય છે.** કરવાનું આ છે કે ત્યાં આત્માનો શુભ પરિણામ જગાવો. એ માટે ચિત્તને શુભ ભાવમાં લઈ જવું જોઈએ. શુભ ભાવ માટે આ લિસ્ટ નોંધી રાખો,

- સંસાર પર ઉદ્વેગ
- પાપની જુગુપ્સા
- મહાપુરુષનાં સુકૃતનું સ્મરણ-અનુમોદના
- મૈત્રી-કરુણા-પ્રમોદ માધ્યસ્થ્યની ભાવના
- આશ્રવ-સંવર તત્ત્વની પરિણતિવાળા વિચાર

| | |
|---|---|
| • અરિહંતાદિનું શરણ | • નમસ્કારમંત્ર સ્મરણ |
| • અનિત્યાદિ ભાવના | • જિનાજ્ઞાની અનુમોદના |
| • અરિહંતનો ભાવભીનો જાપ | |

ઈત્યાદિ ઈત્યાદિ કોઈ પણ એક રીત લગાડીને સ્વરૂપધર્મની સાધનામાં આવી શકાય. અહીં એક પ્રશ્ન થશે,

**પ્ર.**-'ત્યારે તો પાપ-ક્ષેત્રમાં પડ્યા રહીએ અને સ્વરૂપધર્મ સાધ્યા કરીએ તો ચાલે ને ?'

ઉ.-ના, અહીં દંભ નહિ ચાલે. એમ ચલાવવાના પ્રશ્નમાં તો પહેલું દિલ જ બગાડ્યું દેખાય છે; કેમ કે દિલને પાપમાં પડી રહેવામાં કાંઈ વાંધો ન લાગ્યો ! જો વાંધો ન લાગે તો ઉપર સ્વરૂપધર્મની સાધનાની વાત જ શી ?

**સ્વરૂપધર્મ તો પવિત્ર દિલની વસ્તુ છે, બગડેલાની નહિ.**

પાપમાં વાંધો જ ન લાગે, એ તો મેલું દિલ છે, પવિત્ર નહિ. એવા મેલા દિલમાં તત્ત્વની વિચારણા શું, કે નવકારસ્મરણ શું, એ કાંઈ સ્વરૂપ ધર્મમાં ન લઈ જઈ શકે. ત્યારે જો પાપમાં વાંધો લાગે છે, 'પાપ ક્યારે છૂટે !' એવો તલસાટ રહે છે, તો તો પછી આવો પ્રશ્ન જ શાનો થાય કે 'પાપક્ષેત્રમાં પડી રહીએ અને સ્વરૂપધર્મની સાધના કરીએ તો ચાલે ને ?'

**ધર્મની પહેલી યોગ્યતા :-** સ્વરૂપધર્મનો મૂળ પાયો પવિત્ર દિલ છે, ને પવિત્ર દિલ આ, કે એમાં ધર્મનો પક્ષપાત હોય અને પાપનો અણગમો હોય. જે દિલમાં ધર્મ વસાવવો છે તે દિલ જ જો ધર્મનું પક્ષકાર નથી તો એને ધર્મ સાથે શી રીતે સગાઈ જ થાય ? ત્યારે ધર્મનું પક્ષકાર બનાવવા માટે એનાં દુશ્મનભૂત જે પાપ એનું વિરોધી બનાવવું જ પડે.

**ધર્મની પહેલી યોગ્યતા આ છે કે ધર્મના સાચા ઈચ્છુક બનો.** જેમ, મોક્ષની પ્રાથમિક યોગ્યતા આ જ કે મોક્ષના ખરેખરા ઈચ્છુક બનો, ધર્મના ખરેખર અંતરથી અભિલાષી બન્યા તો પાપના અભિલાષી મટી જ જવું પડે. બે વાત એક સાથે નહિ બને.

શાસ્ત્રે મોક્ષ માટે ધર્મના ત્રણ પ્રકારના યોગ કહ્યા એમાં પ્રાથમિક ઈચ્છાયોગ કહ્યો. તે ઈચ્છાયોગમાં ય મુખ્યપણે આ વસ્તુ છે કે ધર્મ કરવાની સાચી અભિલાષા જોઈએ, દિલનો ધર્મ તરફ ઝુકાવ જોઈએ. એ થયો એટલે દિલના પાપ પ્રત્યેના ઝુકાવ શું ઊભા રહે ? શરીર જમણી બાજુ ઢળ્યું એટલે ડાબી બાજુ એ જ વખતે ઢળેલું રહે ? ના. એમ ધર્મ તરફ ઝુકાવ એટલે પાપ તરફ નહિ. દિલની વાત છે આ હોં, સંભવ છે કાયા પાપમાં ઝૂકી હોય, પરંતુ અંદરનું દિલ-હૃદય તો ધર્મ તરફ



ઝુકેલું એટલે ધર્મ તરફ જ, ધર્મનું જ પક્ષકાર હોય.

સ્વરૂપધર્મની વાત ચાલે છે. ધર્મક્રિયા સાધતી વખતે અંદરખાને સ્વરૂપધર્મ સાધતા રહેવું છે, એ માટેની આ રીતે અનુકૂળતા ઊભી થાય છે. પાપપ્રવૃત્તિ વખતે પણ દિલનો ઝુકાવ, હૈયાનો પક્ષપાત તો ધર્મ તરફ જ રાખ્યો એટલે પછી ધર્મક્રિયા વખતે ધર્મ ઝંખતું દિલ ઝટ સ્વરૂપધર્મમાં દાખલ થઈ જવાનું; કેમ કે ભાવતું ભોજન મળ્યું. અસ્તુ હવે બીજો પ્રકાર, કારણધર્મની વાત.

**(૨) કારણધર્મ**

કારણધર્મ એટલે ધર્મનું કારણ, ધર્મનું નિમિત્ત; **જેનાથી સ્વરૂપધર્મ પ્રગટ થાય તે સાધના એ કારણધર્મ.** આ હિસાબે જુઓ તો સમજાશે કે ધર્મનાં બધાં જ અનુષ્ઠાન કારણધર્મની કોટિમાં આવવાનાં, કેમ કે એથી અંતરમાં સ્વરૂપધર્મ પ્રગટાવી શકાય છે. અહીં એક પ્રશ્ન થવો સંભવિત છે,-

**પ્ર૦**-ત્યારે મહાન આત્મા ગુણસાગરને ચોરીમાં હસ્તમેળાપ વખતે અને પૃથ્વીચંદ્રને રાજ્યસિંહાસને ઠકરાઈ ભોગવતી વખતે કેવળજ્ઞાન થયું, તો શું એ પાણિગ્રહણ અને રાજ્યભોગવટો એ કારણધર્મ નહિ ? સ્વરૂપધર્મમાં નિમિત્ત તો બન્યું !

ઉ.-ના, કારણધર્મ નહિ, કેમ કે ભલે એમને, ઉપલકથી જોતાં, એ નિમિત્ત બન્યું દેખાય છે, પરંતુ ખરેખર નિમિત્ત એટલે કે કારણભૂત કાંઈ એ ક્રિયા નથી; **ખરેખરું કારણ તો એમણે જે તત્ત્વ અને વૈરાગ્યના માર્ગે વિચારસરણી તથા શુભ ભાવના વિકસાવી એ છે.**

**કારણધર્મ એટલે ? :-** બીજી વાત એ છે કે કારણધર્મ એટલે ખાલી ક્યાંક નિમિત્ત એમ નહિ, પરંતુ જેનામાં **કારણ બનવાની યોગ્યતા હોય.** અર્થાત્ બહુ ઠેકાણે આ જોવા મળે કે તે કારણ સેવ્યાં અને સ્વરૂપધર્મ પ્રગટ થયો. તો લગ્નપાણિગ્રહણમાં કે રાજ્ય ભોગવટામાં આવું નથી દેખાતું કે એ કરતાં કરતાં ઘણા જણ કેવળજ્ઞાન પામી ગયા. કૂરગડું ઋષિને આહાર કરતાં કરતાં કેવળજ્ઞાન થયું, તો બાહ્ય નિમિત્ત અહીં આહાર દેખાય છે, પરંતુ એ જુઓ કે ખાતાં ખાતાં કેટલા જણ કેવળજ્ઞાન પામે છે ? કેટલાને વૈરાગ્ય ઝળહળી ઊઠે છે ? કશું નહિ, ખાતાં તો રાગ ઊછળે છે, પાણિગ્રહણમાં મોહ ઊછળે છે. એ ક્રિયા પહેલાં નહિ એવો મોહ ઊછળે છે. એટલે તો એ નક્કી થાય છે કે આવી ક્રિયાઓ એ રાગ, મોહ વગેરેનું કારણ છે, પણ કાંઈ સ્વરૂપધર્મનું નહિ. માટે એને કારણધર્મ નહિ કહેવાય.

**પાપહેતુ, ધર્મહેતુના નિશ્ચિત વિભાગ :-**

ચોક્ખો હિસાબ આ છે કે પકવાન્ન જમતાં જમતાં રાગ વધે છે, આંબિલ કરતાં કરતાં વૈરાગ્ય વિકસે છે, શુભભાવના ખીલે છે, બહુધા આવું બને છે, પછી કોકને ઊલટું થાય એ જુદી વાત, પણ એ કાંઈ નિયમ ન ગણાય. રૂપાળી સ્ત્રીને નિહાળતાં રાગ સ્ફુરે છે, વીતરાગની મૂર્તિને જોતાં ધર્મભાવના સ્ફુરે છે, તો નિયમ શો બંધાશે ? મૂર્તિના દ્વેષીને ધર્મભાવના ન સ્ફુરે એ જુદી વાત, પણ નિયમ શો ? એ જ કે સ્ત્રી, ધન, ઠકરાઈ વગેરે રાગનાં નિમિત્ત છે. વીતરાગ, ત્યાગીગુરુ, ધર્મતીર્થ, ધર્મક્રિયા, એ શુભભાવનાં નિમિત્ત છે. શું આપણા જ જીવનમાં નથી દેખાતું કે પરિગ્રહ ભેગો કરતાં અંતરમાં શું શું થાય છે અને દાન દેતાં દેતાં શું શું થાય છે ? છાપું વાંચતાં મનમાં શું ઊઠે છે, અને ધર્મ પુસ્તક વાંચતાં મનમાં શું જાગે છે ? આડતિયાની મહેમાનગીરી કરતાં કરતાં કેવા ભાવ જન્મે છે અને ભગવાન કે સાધુ મહારાજની ભક્તિ કરતાં કેવા ભાવ જાગે છે ? બસ, આ ઉપરથી નિયમ કેવો હોય તે સમજી શકાય છે.

ત્યારે અનંતા કાળનો ઈતિહાસ પણ શું બતાવે છે ? હિંસા, જૂઠ, પરિગ્રહ, વિષયો વગેરેની ક્રિયા કરી કરી જીવો પાપિષ્ઠ બની દુર્ગતિમાં રખડતા થઈ ગયા. જ્યારે અહિંસા, સત્ય, તપસ્યા વગેરેની ક્રિયા કરી કરી ભવ્યાત્માઓ ભવ પાર કરી ગયા, એ અંતરમાં ધર્મ વિકસતો ગયો એથી જ ને ?

**અનંતી ક્રિયા નકામી કેમ ગઈ ?**

તો પછી નિયમ આ કહેવાશે કે હિંસા-આરંભ-સમારંભ વગેરે, પાપવૃત્તિનાં નિમિત્ત છે, ત્યારે અહિંસા, ત્યાગ, તપ વગેરેની ક્રિયા એ ધર્મભાવનાં નિમિત્ત છે. પછી ક્યાંક અપવાદ દેખાય તેથી આ નિયમને બાધ નથી, કેમ કે અપવાદ બનવામાં વાસ્તવમાં બીજાં કારણ કામ કરી રહ્યાં છે, અનંતી દ્રવ્યક્રિયા નકામી ગઈ, અનંતાં ચારિત્ર નકામાં ગયાં ત્યાં કાંઈ એમ ન કહેવાય કે 'ધર્મક્રિયા, ચારિત્રક્રિયા ખરાબ હતી.' નકામી જવાનું કારણ તો દિલ ચોર હતું, બગડેલું હતું, વધુ બગાડવાના લક્ષવાળું હતું, એનાથી ભવભ્રમણ થયું, ધર્મક્રિયા કે ચારિત્રને ભવભ્રમણ કરાવનારી ન કહેવાય.

માટે જ આશ્રવ-સંવરના ભેદ જ્ઞાનીઓએ જે બતાવ્યા તે પણ આ જ કહે છે કે ઈન્દ્રિયોના વિષય, હિંસાદિ ક્રિયાઓ અને ક્રોધાદિ કષાયો એ આશ્રવ છે, કર્મબંધનાં કારણ છે, અને ક્ષુધાદિ પરીષહો, ચારિત્ર-સમિતિ-ગુપ્તિ તથા ક્ષમાદિ ધર્મ એ સંવર છે, કર્મ રોકનારા છે. જો આ વિવેક ન હોય તો આશ્રવ અને સંવર જુદાં તત્ત્વ કેમ કહેવાય ? **આચારાંગ શાસ્ત્ર** એ પણ કહે છે કે **'જે આસવા તે**



**પડિસ્સવા, જે પડિસ્સવા તે આસવા,'** પરંતુ તેનું કારણ જ્ઞાન અને આશયની શુદ્ધિ-અશુદ્ધિ છે; તેથી આશ્રવ-સંવરની વહેંચણ ઊડી જતી નથી.

સારાંશ, કારણધર્મ એટલે અંતરનાં સ્વરૂપધર્મને પ્રગટ કરનાર, પાળનાર અને વધારનાર ધર્મ સાધના. એમાં શ્રાવક અને સાધુપણાની બાહ્ય ધર્મચર્યા ધર્મનાં આચાર-અનુષ્ઠાન આરાધવાનું આવે. આ બધાં કારણધર્મ છે, કેમ કે એ આંતરિક સમ્યગ્દર્શનાદિ સ્વરૂપધર્મને પ્રગટ કરે છે, પાળે-પોષે છે, વધુ ને વધુ વિકસિત કરે છે.

માટે જ જુઓ કે મહાપુરુષોએ ઉચ્ચ સ્વરૂપધર્મ પ્રગટ કર્યા પછી પણ બાહ્ય કડક આચાર-અનુષ્ઠાનને પડતાં મૂક્યાં નથી, ઊલટું વધુ ને વધુ કડક રીતે સેવ્યાં છે. કારણ આ જ કે એ હજીય ઉત્તરોઉત્તર અધિક વિશુદ્ધ સ્વરૂપધર્મને પ્રગટાવનારા છે, જ્યારે એથી વિરુદ્ધ સાંસારિક ક્રિયાઓ આચરો તો ઊલટું સ્વરૂપધર્મના પ્રતિબંધક છે, અટકાવનારા છે.

એટલે જ જુઓ કે તીર્થંકર ભગવાન કે જેઓ ગૃહસ્થપણામાં પણ ઉચ્ચ વૈરાગ્ય અને તત્ત્વદૃષ્ટિવાળા હોય છે, તથા દૃઢ મનોબળ ધરાવે છે, એ પણ ગૃહ-વાસના અને રાજ્યસંપત્તિ-આરંભ-પરિગ્રહ તથા કુટુંબ-પરિવાર વગેરેનો કેમ ત્યાગ કરી દીક્ષા લે છે, પ્રતિજ્ઞાબદ્ધ મુનિપણું સ્વીકારે છે ? એટલા જ માટે કે હજી એમને સ્વરૂપધર્મમાં આગળ વધવાનું છે, તે કાંઈ બહારના સાંસારિક ખટલામાં ન થાય; એ તો એ બાહ્ય ક્રિયાઓ છોડી કારણધર્મને સેવવાથી જ બની શકે, એમ એ સમજે છે, માટે કારણધર્મની સાધનામાં લાગી જાય છે. એ સાધના પણ કેટલી ઊંચી ! મહાવીર પ્રભુએ બાહ્ય સંયમ પણ કેવું કડક પાળ્યું ? વિહાર કેવા ઉગ્ર કર્યા ? તપસ્યા કેટકેટલી કઠોર કીધી ? જગતથી કેટલા અલિપ્ત રહી એકાંત સાધના કરી ? શા માટે આટઆટલું આચરવાનું ? કહો, સ્વરૂપધર્મને વિકસાવી ઠેઠ વીતરાગતા સુધીના પરાકાષ્ઠાના સ્વરૂપધર્મે પહોંચવા માટે.

તો એ પ્રભુની પાછળ મહામુનિઓએ પણ જબરદસ્ત કારણધર્મની સાધના કરી. મોટામોટા રાજવીઓ ને મોટામોટા શ્રીમંતોએ પણ આરંભ-વિષય-પરિગ્રહની પ્રવૃત્તિને બાજુએ મૂકી કારણધર્મ સેવ્યા. ગરીબ પુણિયા શ્રાવકે પણ એ જ કર્યું. મહાસમૃદ્ધ આનંદ-કામદેવાદિ અને મોટા કુમારપાળ રાજા જેવાએ પણ એ જ કર્યું. મહાન અર્હદ્‌ભક્તિ, ગુરુભક્તિ, સાધર્મિકભક્તિ, વ્રત-નિયમો, તપસ્યા, સામાયિક-શાસ્ત્રસ્વાધ્યાય વગેરે ભરપૂર કારણધર્મની સાધના કરી.

**રાજા ચંદ્રાવતંસક** પરોઢિયે વહેલા જાગ્યા તો ઝટ ઊઠીને 'દીવો બળે ત્યાં સુધી ધ્યાનમાં રહેવું' એમ સંકલ્પ કરી ધ્યાનમાં લાગી ગયા. શું ? દેશાવકાશિક વ્રત અર્થાત્ દિશાનો સંક્ષેપ, તથા બીજી પણ છૂટનો સંક્ષેપ એમાં આવી ગયો. કારણધર્મ સેવવાની કેટલી લગની ? નિરાતે ગાદલામાં પડ્યા પડ્યા ખાલી ભાવના ભાવવાનું ન કર્યું ! તમારે તો ધર્મ ખાતે કાંઈ કરવાની વાત આવે તો 'સાહેબ ભલે અમે બહારથી કરીએ છીએ ઓછું, પરંતુ હૃદયમાં ભાવના સારી રાખીએ છીએ, એટલેથી પતાવવું છે ને ? કહો તો ખરા કે **એ ભાવનાય સાજી કે માંદી ? સાચી કે પોકળ ? દિલ વલોવી નાખે એવી કે કલેજે સંસાર-લક્ષ્મી-પરિવારના રંગને જરાય ધક્કો ન લગાડે એવી ?** સારી ભાવના કામની નહિ ? જરૂર કામની, પરંતુ એણે હૈયાની મમતા, તૃષ્ણા અને અહંત્વને થોડોય ધક્કો લગાડવો જોઈએ કે નહિ ? બહારથી સાધર્મિભક્તિ કદાચ ન કરી, પરંતુ ભાવના સારી રાખી તો એ ભાવના કાંઈ કામ કરે કે નહિ ? સાધર્મિકનું આકર્ષણ અટકાવનાર કુટુંબનાં આકર્ષણ તરફ એ ગ્લાનિ પેદા કરાવે કે નહિ ? સાધર્મિક પ્રત્યેની આજ સુધીની ઉપેક્ષા, તુચ્છતાની બુદ્ધિ વગેરેને ધક્કો લગાડે કે નહિ ? હૈયે વાત્સલ્ય ઊભરાવે કે નહિ ?

**શું ? ભાવના એટલે ?** ખાલી વિચારણા કે ખાલી બોલવાની વાતો ? ના,

**ભાવના એટલે આત્માને ભાવિત કરે તે.** નવા રંગે ભાવિત થવાય એટલે જૂના રંગને ટક્કર લાગે, ધક્કો લાગે.

જીવો ઉપર મૈત્રી-ભાવના કરી કરી દિલને ભાવિત કર્યું તો વૈરભાવના, દ્વેષભાવના, સામાના અહિતની ભાવના વગેરેને ધક્કો લાગે જ, લાગવો જ જોઈએ.

એમ, કરુણા ભાવનાથી ચિત્તને ભાવિત કરાય એટલે અનાદિની કઠોરતા, સ્વાર્થબુદ્ધિ વગેરેને ધક્કો કેમ ન લાગે ?

એમ, પરોપકારની પ્રવૃત્તિ કદાચ ન કરી શક્યા, પરંતુ એની ભાવના કરી તો એથી દિલ એવું ભાવિત થવું જ જોઈએ કે પોતાની સ્વાર્થની રમત પર ઘૃણા ઊભી કરે જ.

સંયોગવશ, અશક્તિવશ કે પ્રમાદવશ જે કારણધર્મની સાધના ન કરી શક્યા પણ એની ભાવના કરી, તો એ ભાવના પોકળ ન હોય એ ખાસ જોવાનું છે.

બાકી તો **સંયોગ, અશક્તિ અને પ્રમાદનાં બહાનાં બાજુએ રાખી શકાય એટલે વધુ પ્રમાણમાં કારણધર્મ સેવવાનો પુરુષાર્થ કરવાનો છે.**

**સાથે આ પણ ધ્યાન રાખવાનું છે કે એ કરીને કરવું છે શું ? સ્વરૂપ ધર્મની સાધના.**

**બાહ્ય સાધના કરતાં કરતાં આ જોતાં રહેવું જોઈએ કે આભ્યન્તર સ્વરૂપધર્મની સાધના થતી આવે છે ને ?**



અરિહંત પ્રભુની ભક્તિના રંગ જમાવ્યા, તો એથી આ થવું જોઈએ કે અરિહંત ભગવાનની પ્રત્યે અંતરમાં ખરેખરો સેવકભાવ, નમ્રભાવ, અને શરણભાવ પ્રગટ્યો ને ? એ વધુ વિકાસ પામ્યો ને ? પ્રભુના દર્શન કરતાં દિલ કહે, ''નાથ ! તારા દર્શન એટલા માટે કરું છું કે તારા પ્રત્યે મારામાં આશ્રિતભાવ આવે, આશ્રિતભાવ વધે, આજ સુધી જગતના પદાર્થો તથા મોહાંધ માણસો અને કુદેવોને આશ્રિત બન્યો રહ્યો છું, એમને જાણે તમે જ મારા આધાર છો, તમે મારું કરો તો થાય,' એમ કર્યું હતું, હવે એના સ્થાને 'અરિહંત નાથ ! તમે જ મારા આધાર છો, તમે જ મારા રક્ષક, ત્રાણ, શરણ છો, હું તમારો આશ્રિત છું. એ ભાવ મને હાડોહાડ વસે એમ ઇચ્છું છું.'

**વીતરાગ પ્રત્યે આશ્રિતભાવ :-**

ધ્યાન રાખવાનું છે, વીતરાગના-આશ્રિત બન્યા શાને કહેવાય ? એ વિચારવા જેવું છે. દીકરો કહે હું બાપનો આશ્રિત છું પણ રહે કલકત્તા, કદીય એક કાગળ લખવાની ય વાત ન હોય; ત્યાં બીજા કેઈકનો આશ્રિત બની બેઠો હોય, જેનો આશ્રિત બન્યો છે એની ચાપલુસી, એની સરભરા, એના પ્રત્યે નમ્રભાવ ઝૂકવાપણું વગેરે કરતો હોય, માત્ર બાપની તરફ એમાંનું કશું નહિ છતાં કહે હું બાપનો આશ્રિત છું, બાપનો વારસો મને મળવો જોઈએ; તો એ વાજબી છે ? એ બાપનો આશ્રિત કહેવાય ? એમ આપણે આપણા મનમાં ખાલી માન્યા કરીએ હું વીતરાગનો આશ્રિત અને મન-વચન-કાયાની બધી પ્રવૃત્તિ બીજા-ત્રીજાના આશ્રિત તરીકેની જ હોય તો ત્યાં વીતરાગ પ્રત્યે સાચું આશ્રિતપણું છે ?

વીતરાગ તો સુખનું કારણ ધર્મ કહે છે, **'જે સુખ હેતુ જિનવર કહ્યો'** **'હેઊ સયલકલ્લાણાણં'** સર્વજ્ઞકથિત ધર્મ એ સમસ્ત કલ્યાણનું કારણ છે, એમ જિનેશ્વરદેવ કહે છે, અને આપણે માનીએ કે પૈસા સુખનું સાધન છે, પરિવાર સુખનું સાધન છે, મોટર-બંગલા-પેઢી...એ બધાં સુખનાં સાધન છે, તો આપણે જિનવચનને આશ્રિત રહ્યા ? જિનને-વીતરાગને આશ્રિત ? વિચારવા જેવું છે, આશ્રિત બનવા, સાચા સેવક બનવા, જઘન્ય કેટલી લાયકાત જોઈએ ?

**સારું કરવા-મળવામાં પ્રભાવ કોનો ? :-**

મોટા શેઠિયાના આધારે કમાઈ મેળવનારો માને છે કે હું એનો આશ્રિત છું, એ જ મારે આધાર છે. એમ અહીં માનવું જોઈશે કે 'હું જે આટલે ઊંચે માનવજન્મ, આર્યકુળ, ધર્મ તરફ દૃષ્ટિ વગેરે સુધી આવ્યો એ વીતરાગ પ્રભુના પ્રભાવે, અને હજી આગળ ઠેઠ મોક્ષ સુધી પહોંચીશ, એ માટે વીતરાગ બનીશ એ પણ એ નાથના પ્રભાવે જ બનવાનું છે. સારું કરવાનું, સારું મેળવવાનું મારું શું ગજું

છે ? અથવા એ કરાવવા-આપવાની બીજાની શી તાકાત છે ? એ તો મારા વીતરાગનાથની કૃપા છે, એમનો અચિંત્ય પ્રભાવ છે કે કંઈપણ સારું કરી શકું, સારું પામી શકું,' કમમાં કમ આટલી શ્રદ્ધા, આવું હૃદય તો બનાવવું પડે કે નહિ ? કે એમને એમ વીતરાગના આશ્રિત કહેવાઈએ ? વીતરાગને આશ્રયદાતા માન્યા કહેવાય ?

**કયા દુઃખમાં વીતરાગનું શરણ રાખ્યું છે ? :-**

નામ ગણાવવું છે વીતરાગના આશ્રિત તરીકે અને ચોવીસે કલાક ભક્તિ કરવી છે દુનિયાની ! દુન્યવી જ સંભાળવું છે, એની બરાબર તકેદારી રાખવી છે, એની પાછળ તૂટી મરવું છે, તો પછી ખરેખર આશ્રિત દુનિયાના દુન્યવી વસ્તુના કે વીતરાગના ? ખરેખર શરણું કોનું માન્યું ? તાવનું દુઃખ તો દવા ટાળે, ભૂખનું દુઃખ રોટલા ટાળે, ગરીબીનું દુઃખ ધંધો ટાળે, કાયદાની ફસામણી વકીલ ટાળી આપે,...આમ બધે દુઃખમાં જુદા જુદા શરણ નક્કી કરી રાખ્યા, એમાં ક્યાંય વીતરાગ શરણભૂત આવ્યા ? શું મનને એમ થયું કે પેલા બધા પોકળ શરણ; મૂળ જો વીતરાગને નથી પકડ્યા, નથી ધાર્યા, તો દુઃખના નિકાલ લાંબા નથી પહોંચવાના, કે કદાચ થાય કે કેમ એ ય શંકા છે.

શરણ તો એક વીતરાગનું 'અરિહંતે સરણં પવજ્જામિ' હું અરિહંતને જ શરણ તરીકે સ્વીકારું છું. શરણ કેવું ? જેમ કોઈ માણસની પાછળ ગુંડો પડ્યો, એ જીવ લઈને દોડી રહ્યો છે, નજર સામે પેલાનો ખુલ્લો છરો દેખાઈ રહ્યો છે, એનાથી આંતરડાં કેવાં રેંસાઈ બહાર નીકળી પડે એનું ચિત્ર તરવરે છે, પૂર્વે કપાઈ ગયેલા કોઈ યાદ આવી જાય છે, ગુંડો હવે બહુ નિકટમાં છે. એવામાં કોઈ બળવાન શસ્ત્રધારી પોલિસ દેખાય, તો કેવો એને વળગી પડે ? 'ભાઈસાબ ! બચાવો-બચાવો પેલા ગુંડાથી,' એમ કહે ને ? કેવા હૃદયથી કહે ? સચોટપણે માનીને કે 'ગુંડાથી બચવા આ જ શરણ છે. અત્યારે એ બચાવે તો જ બચું નહિતર માર્યો ગયો સમજો !'

એવી રીતે અહીં મોહ અને કર્મ ગુંડા આપણી પાછળ પડ્યા છે, એ આપણને રેંસી નાખનારા છે, છેદી-ભેદી-કૂટી નાખનારા છે, એમાંથી બચાવી લેનાર એકમાત્ર અરિહંત પ્રભુ છે. તો પેલા પોલિસની જેમ અરિહંતને વળગી પડ્યા છીએ ખરા ? નાથ ! બચાવો-બચાવો આ મોહ અને કર્મગુંડાથી, નહિતર ખતમ છું.' એમ પોકાર કરીએ છીએ ? સચોટપણે લાગ્યું છે ખરું કે **'બચાય તો અરિહંતથી જ, એ જ એક ત્રાણ છે, શરણ છે, દુન્યવી વસ્તુઓ અને દુન્યવી બાબતો મોહ અને કર્મ ગુંડાના સાગરીત છે, આપણને ગુંડાને હવાલે કરનારા છે.'**



સારી સ્નેહાળ પત્ની કે સારો આજ્ઞાંકિત દીકરો હોય, પરંતુ એ આપણો મોહ પોષનારા-વધારનાર કે બીજું કાંઈ ? એ પોષાયેલા, ગાઢ કરાયેલા, મોહનું અને તેથી લાગેલા કર્મબંધનું ભાવી દુઃખદ પરિણામ ધ્યાનમાં આવે છે ? વર્તમાનમાં વીતરાગની એકતાન માયા એના લીધે નથી લાગતી એ સમજાય છે ? દુઃખમાં ઝટ પત્ની કે પુત્રનું શરણું મન પર આવે છે, એવું બને છે ને ? તો શું ખરેખર શરણ છે એ ? કોઈ તીવ્ર શૂળ, કોઈ ગાઢ બીમારી કે ભારે અકસ્માત થયો તે વખતે એ દુઃખ મિટાવશે ? એનાં વચન દુઃખ ભુલાવશે કે વીતરાગનાં વચન ? કોનું આલંબન મન પર લાવવાથી રાહત મળશે ? સારાંશ આ જ છે કે દુન્યવી વસ્તુ શરણભૂત નહિ બની શકે, મોહ અને કર્મગુંડાથી નહિ બચાવી શકે, ઊલટું એનું જોર વધારનારી થશે. શરણું તો એક વીતરાગનું સાચું. હૈયું વારવાર એ યાદ કરે, એ સ્વીકારે, એવું કરવું જોઈએ, એનું નામ આશ્રિતભાવ આવ્યો ગણાય.

**કારણધર્મની આવશ્યક્તા :-** અરિહંત પ્રત્યે આશ્રિતભાવ હૈયામાં ઝગમગે એ સ્વરૂપધર્મ છે. એનાં સાધનભૂત કારણધર્મમાં વીતરાગની ભક્તિ, ગુણગાન, તત્ત્વઅભ્યાસ વગેરે સેવવાનો છે, કારણધર્મ સેવ્યા વિના સ્વરૂપધર્મ પ્રાપ્ત કરવો સહેલો નથી. કેટલા ય મોટા પ્રમાણમાં કારણધર્મ સેવતા રહીએ ત્યારે દિલ ખરેખર પલટાય છે, આત્માના પરિણામ સુધરે છે, અને સ્વરૂપધર્મને અવકાશ મળે છે.

આ તો માત્ર અર્હદ્ભક્તિની વાત થઈ, કે જેમાં અર્હદ્ભક્તિનાં વિવિધ અનુષ્ઠાનોથી સમ્યગ્દર્શનરૂપી સ્વરૂપ ધર્મની સાધના થાય છે. પરંતુ બીજાં અનેકાનેક ધર્માનુષ્ઠાન આરાધવાની જરૂર છે, કે જેનાથી સમ્યક્-ચારિત્રરૂપી સ્વરૂપધર્મની સાધનાને અવકાશ મળે.

કારણધર્મ સેવ્યા વિના સ્વરૂપધર્મ શી રીતે પ્રગટવાનો હતો ? શું મરુદેવા માતા કે ભરત ચક્રવર્તીની જેમ એકદમ સીધું કેવળજ્ઞાન પ્રગટ થવાની આશા રાખો છો ? પણ એ ખબર છે કે મરુદેવા માતાનું દૃષ્ટાન્ત તો કરોડો-અબજો કે અસંખ્યમાં એક અપવાદરૂપ છે ? ત્યારે ભરત ચક્રવર્તીએ પૂર્વ જીવનમાં કેટકેટલા કારણધર્મની તેમજ આ જીવનમાં પણ વૈરાગ્યની સાધના કરી હતી ?

**કારણધર્મ સેવ્યા વિના ઊંચે આવવાની આશા વ્યર્થ છે.** પૂર્વ પુરુષોના ચરિત્રો જુઓ તો દેખાશે કે કેટકેટલા વિપુલ પ્રમાણમાં ધાર્મિક આચાર-અનુષ્ઠાનો કડક રીતે પકડી રાખ્યા હતા ત્યારે એ ઊંચા આવ્યા.

ટીકા કરવી સહેલી છે કે 'અનંતી દ્રવ્યક્રિયાઓ નકામી ગઈ, ક્રિયા-ક્રિયા શું કરો છો ? ક્રિયા તો અભવી પણ કરે છે, અજ્ઞાનકષ્ટ તો પશુ અને નરકના જીવો ય ઘણાં સહન કરે છે, મજૂરી કર્યાથી શું ?' આમ ટીકા કરીને કારણધર્મરૂપ

ધર્માનુષ્ઠાનોને ઉતારી પાડવા સહેલા છે, પરંતુ એ સમજવું કઠિન પડે છે કે ત્યારે ભાવધર્મ શું પાપક્રિયાઓમાં રચ્યાપચ્યા રહીને કોરી ભાવનાથી આવવાનો છે ? એમ તો **જેમ અનંતી દ્રવ્યક્રિયાઓ નકામી ગઈ એમ અનંતા આવા કોરી ભાવનાના ચાળાય નકામા ગયા.** એ તો **ભરપૂર ક્રિયા અને ભાવનાનો મેળ થાય તો ભાવધર્મ સિદ્ધ થવાનો છે.** અનિચ્છાએ પણ, મન મારીને પણ ઉપવાસ-એકાશન કરતા રહ્યા તો કોક દિ' અંતરમાં તપનો ભાવ, આહારસંજ્ઞાનો કાપ અને દેવ-ગુરુની માયા, વગેરે જાગવાને અવકાશ છે, પણ નહિ કે 'ઉપવાસમાં શું ? એમ કરીને માલમેવા આરોગ્યે રાખવામાં.

**'પંચવસ્તુ' શાસ્ત્રમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કહે છે કે** અનંતા દ્રવ્ય શ્રુત નકામા ગયા વાત સાચી છતાં, **જ્યારે ભાવશ્રુત પ્રગટ થશે ત્યારે તે દ્રવ્યશ્રુતની આરાધનાથી જ પ્રગટ્યો હશે.**

**ક્રિયાનાં વ્યાવહારિક દાખલા :-** વ્યવહારમાં આના અનેક દાખલા જોવા મળે છે. પહેલાં છોકરો બળાત્કારે નિશાળે જાય છે, હોંશ વિના ચોપડી પકડે છે, પરંતુ ભાવ વિના એવી નિશાળે જવા અને ભણવાની ક્રિયા કરતાં-કરતાં એને નિશાળ અને ભણતરનો પ્રેમ જાગે છે, વિદ્યા મેળવે છે, તેમજ ભણતરનો હિમાયતી બને છે.

બાપને ઘરેથી સાસરે નવી નવી આવેલી કન્યા દુઃખી દિલે બાપનું ઘર છોડીને આવી હોય છે, પરંતુ સાસરે રહેતાં રહેતાં અને સાસરિયામાં મન મારીને ય ભળતાં-ભળતાં એની મમતાવાળી બને છે. તે એવી કે પછી બાપના ઘરને યાદે ય નથી કરતી !

મિલિટરી વગેરે ધંધામાં પણ એવું છે. નવા જોડાતા મનને અગવડભર્યું લાગે છે, તત્કાલ મન ભળતું નથી, પરંતુ ત્યાંની ક્રિયાઓમાં રચ્યાપચ્યા થઈ ગયા પછી એની મમતા એવી જાગી જાય છે કે એમાંથી ખસવાનું મન નથી થતું. મુંબઈ જેવામાં ગયેલા આજે કેટલાય એવા છે કે હવે એમને એ છોડી દેશમાં જવું નથી ગમતું. એકલા રહેવા ટેવાયા પછી મા, ભાઈ વગેરે ભર્યા કુટુંબ વચ્ચે રહેવું નથી ગમતું. શું પહેલેથી એવું હતું ? ના, પહેલાં તો એકલા નહોતું ગોઠતું, પરંતુ પછી એકલામાં ટેવાતાં એમ બને છે.

તાત્પર્ય, હોંશ વિના પણ ક્રિયા વારંવાર કરવાથી હોંશ ઊભી થાય છે, ભાવ જાગે છે. ત્યારે પૂછો કે તો પછી અનંતી દ્રવ્યક્રિયાઓમાં કેમ એમ ન બન્યું ? ઉત્તર એ છે કે એ વિરુદ્ધ ભાવથી કરી હતી. એક માણસ કોઈની દોસ્તીમાં જોડાય પણ પ્રપંચી ભાવથી, ઠગવાના ભાવથી, તો એને મિત્રતાના ભાવ જાગવા



મુશ્કેલ છે. પરંતુ તેવો વિરુદ્ધ ભાવ ન હોય અને ભલે આજે પરાણે મિત્રાચારીમાં જોડાયો પરંતુ પછી સામાની સરભરા, પ્રેમ, સહવાસ વગેરે મળતાં અંતરમાં સાચી મિત્રતા જાગે છે; અને એ જાગવા માટે આ જ રાજમાર્ગ છે કે વારંવાર મિત્રતાની બાહ્ય ક્રિયા જોઈએ, બાકી જો એ ન હોય, અને અળગા ને અળગા જ રહેવાનું હોય તો મિત્રતા જાગવાનો સંભવ નથી. એમ, પરમાત્માની બાહ્ય ભક્તિની વારંવાર ક્રિયા ન કરવામાં આવે તો પરમાત્મા સાથે હૃદયની એકતાનતા ક્યાંથી જાગવાની હતી ? પેલી ક્રિયા નથી અને કુટુંબ-સ્નેહી-સંબંધી વગેરે સાથે ભરપૂર વ્યવહાર છે, તો અંતરમાં એમની જ માયા-મમતા જાગવાની, પોષવાની અને દૃઢ થવાની.

સ્વરૂપધર્મ પ્રગટ કરવો છે, એટલે દેવ-ગુરુ-ધર્મમાં ભળી જવું છે, તન્મય થવું છે, તે દેવ-ગુરુ-ધર્મની સેવાની ભરપૂર ક્રિયામાં જોડાયા વિના થવું મુશ્કેલ છે.

**પ્ર.**-સ્વરૂપધર્મ તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન-ચારિત્ર છે, એમાં દેવ-ગુરુ-ધર્મમાં ભળવાની વાત ક્યાં આવી ?

**ઉ.**-એમાં જ ભળવાની વાત છે; કેમ કે સમ્યગ્દર્શનમાં તત્ત્વશ્રદ્ધાની જેમ સુદેવ-સુગુરુ-સુધર્મની શ્રદ્ધા-પ્રીતિ પણ છે જ. એ વિના સમ્યગ્દર્શન કેવું ? ત્યારે એ શ્રદ્ધા અને પ્રીતિ અંતરમાં ઝળહળાવવા માટે, જેમ કુટુંબ, શેઠ કે ખાસ નોકર વગેરેમાં ભળવાનું થાય છે, એમ એના બદલે દેવ-ગુરુ-ધર્મમાં ભળી જવું જરૂરી રહે છે. ત્યારે સમ્યક્ચારિત્રમાં તો જિનાજ્ઞા અને ગુરુની આજ્ઞા બરાબર નજર સામે રાખવાની હોય છે. એ દેવ-ગુરુમાં પોતાના આત્માને ભેળવ્યા વિના સહર્ષ, સવિનય, સબહુમાન ક્યાંથી બનવાનું હતું ? એમ અંતરમાં ચારિત્રના ભાવ જાગતા રાખવા છે એટલે બહારથી સહેજે એને અનુકૂળ અને છાજતી પ્રવૃત્તિ ઝગમગે જ. એ રીતે ધર્મમાં પણ ભળી જવાનું એમાં અંતર્ગત જ છે.

સારાંશ, સ્વરૂપ ધર્મમાં આવવું છે એટલે દેવ-ગુરુ-ધર્મમાં ભળી જવાની અગત્ય છે. એ માટે એમની ઉપાસનાની ભરપૂર ક્રિયા જોઈશે જ. ક્રિયા ઊંધી ચાલ્યા કરે તો ભળવાનું શે બને ?

આજે કેટલાકને એવાં ધોરણ બંધાઈ ગયાં હોય છે કે ખરી જરૂર તો અંતરના ભાવની છે. બાહ્ય ક્રિયાની બહુ ખટપટથી શું ? ત્યારે બીજા કેટલાક આવું નથી કહેતા, પરંતુ સામાન્ય કોક ધર્મક્રિયા કરીને સંતોષ માની લે છે અને બીજી અનેક ક્રિયાઓ તરફ દુર્લક્ષ કરે છે. પાછા સંસારની અનેક પ્રવૃત્તિઓ કરશે, છેવટે નવરા બેઠા ગપ્પાં મારશે, ચોપાનિયાં વાંચશે, પાનાં રમશે, બજારમાં ખાલી ફર્યા કરશે, પરંતુ માત્ર ઉત્તમ મનુષ્ય ભવમાં જ લભ્ય એવી ધર્મપ્રવૃત્તિઓ નહિ કરે. કેમ ?

પેલી થોડીશી દેવદર્શનાદિ ક્રિયાથી સંતોષ છે માટે.

આ બંને પ્રકારના જીવોએ પૂર્વના મહાપુરુષો શું સાધુ કે શું શ્રાવક, એમનાં જીવન તપાસવાની જરૂર છે. જોશો તો દેખાશે કે એમના અંતર તો ઊછળતી ધર્મશ્રદ્ધા અને ધાર્મિક ભાવથી ભરેલાં હતાં, તો પણ એમના જીવનમાં કેટકેટલી ય ધર્મપ્રવૃત્તિઓ ઝગમગતી હતી ? કેમ વારુ ? શા માટે એ ભરપૂર ધર્મપ્રવૃત્તિ કર્યે જતા હતા ? આટલા જ માટે કે એક તો એમના દિલની ધર્મશ્રદ્ધા ધર્મ ઉપર અથાગ પ્રીતિ અને ધર્મભાવના-આત્મકલ્યાણની ભાવના એમને પાપપ્રવૃત્તિઓ-સાંસારિક પ્રવૃત્તિઓમાં દિલને ઠરવા દેતી નહોતી અને ધર્મપ્રવૃત્તિઓનો તલસાટ રખાવતી હતી. એમાં જ દિલને જંપ વળતો, ઠંડક અનુભવાતી, વળી બીજી વાત એ છે કે એ ચોક્કસ માનતા કે અંતરના શુભ ભાવને વિકસિત કરવાનું પ્રબળ સાધન ધર્મ પ્રવૃત્તિઓમાં જ લયલીન રહેવું એ છે. એમાં રચ્યાં-પચ્યાં રહેવાથી શુભ ભાવોલ્લાસ વધવાને જે અવકાશ છે, તે પાપપ્રવૃત્તિઓમાં કે પ્રમાદની પ્રવૃત્તિઓમાં ઓતપ્રોત રહેવાથી નથી.

હવે આ બે વસ્તુઓનું તમારા જીવનમાં તપાસો કેટલું સ્થાન છે ? પહેલી વસ્તુ આ, કે ધર્મશ્રદ્ધા; ધર્મ પર ઊછળતી પ્રીતિ અને ધર્મભાવના-આત્મકલ્યાણની ભાવના કેટલી જોરદાર છે ? આનું માપ કાઢવું સહેલું છે. પહેલાં જ કહ્યું તેમ આ શ્રદ્ધા-ભાવનાના પ્રતીક સમી ધર્મપ્રવૃત્તિઓ માટેનો તલસાટ હૈયે રમ્યાં કરે છે ને ? કેટલો તલસાટ રમે છે ? તેમજ પાપ-પ્રવૃત્તિ કરવાની આવે, સાંસારિક વેઠ કરવાની આવે એમાં દિલ ઠરતું નથી ને ? એમાં માનવ જીવનનો મહાકિંમતી સમય બરબાદ થઈ રહ્યા બદલ ઉદ્વિગ્નતા રહે છે ને ? તે કેટલા પ્રમાણમાં ? આ તપાસો. એના પર ધર્મશ્રદ્ધા-પ્રીતિ, ધર્મભાવના અને આત્મકલ્યાણની ઝંખના કેવીક જોરદાર છે એનું માપ નીકળશે.

આ કહેવાનો એ આશય સમજતા નહિ કે તમને નિરાશ કરવા છે. આ તો માત્ર તમે ક્યાં ઊભા છો એનું તમારે ચોક્કસ માપ કાઢવાનું છે, જેથી ખોટો આત્મસંતોષ વાળી લઈને આગળ પગલાં માંડવાનું બંધ ન થઈ જાય. માપ આ કાઢવાનું છે કે **ધર્મપ્રવૃત્તિ માટેનો ઉછરંગ, એનો તલસાટ, એની ભૂખ કેટલી રહે છે ? એ પરથી અંતરની ધર્મશ્રદ્ધા-પ્રીતિનું માપ સમજી શકીએ.**

**પ્રેમ પાછળ કાંઈ ભોગ આપવાનું ખરું ?**

અંતરમાં જેનો અથાગ વિશ્વાસ હોય, જેના પર દિલમાં પ્રેમ ઊભરાતો હોય, એની પાછળ કાંઈ ભોગ આપવાનું. કાંઈ કરી છૂટવાનું બને કે નહિ ? કે ખાલી મનમાં કરવાનો જ એ ભાવ હોય ? લોકવ્યવહારમાં બેઠા આબરૂ પર રાગ



હોય છે તો એ સાચવવા-વધારવા તકલીફ વેઠીને પણ કેટકેટલું સાચવવું-કરવું પડે છે, કરો છો, યથાશક્તિ ભોગ પણ આપો છો. દીકરા પર પ્રેમ છે તો ભલે ધંધો-ધાપો અને બીજો સંસાર-વ્યવહાર કેટલોય સમય લઈ જતો હોય, છતાં દીકરા પાછળ પણ સમય કાઢો છો; અવસરોચિત શક્ય તન-મન-ધનનો ભોગ આપો છો. ત્યારે ધર્મ પર સારી શ્રદ્ધા, સારી પ્રીતિ હોય તો એની પાછળ ધર્મસાધનાનાં કાયકષ્ટ માનસિક ભાવનાઓ અને સમય-સંપત્તિનો વ્યય સહેજે ન બનવા પામે ? આવું કાંઈ ન હોય તો ઊભા રહી એ વિચારવું પડે કે અંતરમાં ધર્મશ્રદ્ધા-પ્રીતિના એ ઉછરંગ ક્યાં છે ?

**શ્રદ્ધા લાવવા માટે પણ સાધન :-**

ખેર ! ધર્મશ્રદ્ધાના એવા ઊછળતા રંગ ન હોય તો એ લાવવા માટે પણ આ જ ઉપાય છે કે ધર્મ સાધનાઓમાં સારા ઓતપ્રોત રહો. માટે જ શાસ્ત્ર એને કારણધર્મ તરીકે ઓળખાવે છે. દેવદર્શન-પૂજા, જિનભક્તિ-સાધુભક્તિ-જ્ઞાન ભક્તિમાં શક્તિના હિસાબે સારો ધનખર્ચ, અનુકંપા, સત્સંગ, જિનવાણીનું નિરંતર શ્રવણ, ત્યાગ, તપસ્યા, વ્રત-નિયમ, સામાયિક-પૌષધ વગેરે ધર્મપ્રવૃત્તિઓ ધર્મશ્રદ્ધાને, સમ્યગ્દર્શનને પ્રગટ કરી આપે છે, પ્રગટ કરવાને એ જ રસ્તો છે, અને પ્રગટ થયેલ હોય તેને એ નિર્મળ પણ કરી આપે છે.

કેટલીય વાર એવું બને છે કે અનેકાનેક ધર્મ-સાધનાઓમાં આત્મા પલોટાયા પછી એનામાં સમ્યગ્દર્શનનો પરિણામ પ્રગટ થાય છે. તમે પૂછશો.

**પ્ર.**-સમ્યક્ત્વનો પરિણામ ન પ્રગટ્યો હોય તો એટલી બધી ધર્મસાધના કરે કેવી રીતે ?

**ઉ.**-પરંતુ અહીં સમજવાનું છે કે કુળ સંસ્કારના લીધે ધર્મરુચિ હોય તો એના બળ ઉપર ધર્મ સાધના તો કરી શકે છે. ભૂલવાનું નથી કે એ ધર્મરુચિના કરતાં સમ્યગ્દર્શનનો પરિણામ ઊંચી ચીજ છે.

**સમ્યગ્દર્શનમાં શું જોઈએ ? :-** એમાં તો સહજ એવો ભવોદ્વેગ અર્થાત્ સંસાર ભ્રમણનો થાક લાવવો પડે છે, મોક્ષની તીવ્ર અભિલાષા જગાવવી પડે છે, જિનોક્ત તત્ત્વ પર અનન્ય શ્રદ્ધા ઊભી કરવી પડે છે, આશ્રવ સર્વથા ત્યાજ્ય, અને સંવર-નિર્જરા સર્વથા આદરણીય એવું હૈયે ઠસાવવું પડે છે,...આ બધું માત્ર જાણવારૂપ નથી, પણ આત્માના તેવા પ્રકારના ચોક્કસ વલણરૂપ છે. એ શું એમ જ ઘડાઈ જાય ? જીવવિશેષે એ ઘડવા માટે કેટલાય કારણધર્મની સાધના કરવી પડે. એમ કરતાં કરતાં ધર્મના બહુ પરિચયમાં આવવાથી એ બધાં વલણ ઘડાય. જેમ સમ્યગ્દર્શન લાધ્યું હોય તો અનેકવિધ ધર્મસાધનાને પ્રેરે છે, એમ ન લાધ્યું હોય

તો ય ભદ્રક અને લઘુકર્મી જીવને એમ થાય છે કે આ બધી સાધના કરતો રહું જેથી મારામાં તાત્ત્વિક સમ્યગ્દર્શન આવે.

**સ્વરૂપધર્મની પૂર્વે અને પછી :-**

એટલે વાત આ આવીને ઊભી રહે છે કે મોક્ષ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું અનંત સ્વરૂપ. એ પ્રગટ કરવા માટે એ જ સમ્યગ્દર્શનાદિને પ્રાથમિક સ્વરૂપમાં પ્રગટ કરીને ઉત્તરોત્તર વિકસાવતાં જવું પડે. હવે જો એ પ્રાથમિક સ્વરૂપમાં પણ પ્રગટ નથી કરી શક્યા તો પ્રગટાવવા માટે ભરપૂર પ્રમાણમાં ધર્મસાધનાઓ કરવી જોઈશે, અને જો પ્રગટ કર્યા છે, તો હવે એ ધર્મસાધના વિના ચેન નહિ પડવા દે, તેથી એ સહેજે કરાતી રહેશે.

**વળી સ્વરૂપધર્મને** વિકસાવવા માટે પણ ધર્મ સાધનાઓ જ એક શરણભૂત છે.

ખાલી વાતો કર્યે દિ' નહિ વળે. પાપ-પ્રવૃત્તિઓ, સાંસારિક રંગરાગ અને ગડમથલો ઓછી કરીને ધર્મપ્રવૃત્તિઓ ઠમઠોક વધારવી નથી, જમાનાના નામે, યુગના નામે, ઢીલાશના નામે રંગરાગ અને સાંસારિક ગડમથલો એમ જ ચાલુ રાખવી છે, તો ચિત્ત એના ને એના જ વિચારો, એની જ ચિંતાઓ, એના ધોરણ અને મનોરથોથી ભર્યું ભર્યું રહેશે.

**મનમાં ચિત્ર કયાં :-**

ફોટોગ્રાફિક પ્લેટ કરતાં પણ બહુ અસરગ્રાહી મન છે. એના પર ભરપૂર સાંસારિક પ્રવૃત્તિઓની અસર પડ્યા વિના કેમ રહે ? એવી અસરથી વ્યાપ્ત બનેલા મનમાં ચિત્ર કોનાં ચાલવાનાં ? જડનાં કે ચેતન હિતકારી તત્ત્વોનાં ? વર્તમાન અનુભવ શું કહે છે ? જડની હૂબહૂ ચિત્રમય વિચારણાઓ કેટલી ચાલે છે, ને દેવાધિદેવ, ગુરુ, જિનમૂર્તિ, તીર્થ, મહાપુરુષના જીવન પ્રસંગ વગેરેની કેટલી ? ભૌતિક હિસાબ-ખિતાબની કેટલી અને તત્ત્વોની કેટલી ? ઝોક જડનો જ મોટો લાગે છે તેથી સમજી લેવું જોઈશે કે મન મેલું છે, સંચારલંપટ છે, મોક્ષની એટલી પરવા વિનાનું છે, દેવ-ગુરુની નોંધપાત્ર માયા-મમતા વિનાનું છે. આ રીતે આપણી જાતને માનીને નહિ ચાલીએ તો મન કદાચ ખોટા વિશ્વાસમાં ધોખો દેશે, અને એકમાત્ર માનવસુલભ મહાન કર્તવ્ય કરવાનાં રહી જશે.

**કુમારપાળની ધર્મચર્યાઓ :-** શાસ્ત્રે ગૃહસ્થ અને સાધુજીવનમાં આચરવાની કેટલીય ચર્યાઓ બતાવી, બીજાં પણ કેટલાંય સુકૃતો આચરવાનાં બતાવ્યાં એ શા માટે ? આટલા જ માટે કે એના દ્વારા જ સમ્યક્ચારિત્રરૂપી સ્વરૂપધર્મનું સર્જન અને સંવર્ધન થાય છે. અઢાર દેશના માલિક કુમારપાળ રાજાનું જીવન જુઓ ધર્મચર્યા



અને સુકૃતોથી ભરપૂર દેખાશે. રોજ સવારે યોગશાસ્ત્રના ૧૨ પ્રકાશ અને વીતરાગ સ્તોત્રના ૨૦ પ્રકાશનો સ્વાધ્યાય કર્યા પછી જ દાતણ કરવાની વાત, મોંની બત્રીશીની પહેલી સાફસૂફી બત્રીશ પ્રકાશના પારાયણથી કરવાની ! જીવનમાં શ્રાવકપણાના વિશિષ્ટ બાર વ્રત, તથા અવાંતર કેટલાય વ્રત-નિયમ એમના ગૃહસ્થ જીવનને શોભાવી રહ્યા હતા. ચોમાસામાં તો લગભગ ધર્મપ્રવૃત્તિની જ ભરપૂરતા ! વળી પ્રસંગે ધર્મનાં પરાક્રમ ઝળહળતાં !

**કુમારપાળનાં બે ધર્મ પરાક્રમ** શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ પાસે ૭૦૦ લહિયા શાસ્ત્રો લખવા માટે કુમારપાળે ગોઠવી દીધેલા ! એક વાર પોતે જુએ છે કે લહિયા એમને એમ બેસી રહ્યા છે, પૂછ્યું 'કેમ આમ ?'

આચાર્ય મહારાજ કહે છે 'લખવા માટે તાડપત્રો ખૂટી ગયાં છે.'

કુમારપાળ મનમાં વિચારે છે, 'અરે ! અઢારદેશનો માલિક હું અને તાડપત્રની ખોટ ?'

કુમારપાળ ત્યાં પ્રતિજ્ઞા કરે છે 'તાડપત્ર ન મળે ત્યાં સુધી મારે આહારપાણીનો ત્યાગ.'

ગુરુ કહે છે 'રાજન્ ! આ શું કર્યું ? બધે તપાસ થઈ ગઈ છે. તાડપત્ર ક્યાંય ઉપલબ્ધ નથી.'

કુમારપાળ કહે છે, 'ભગવન્ ! તો પછી મારી વિશાળ રાજ્ય સંપત્તિની શી કિંમત છે ? અને મારા જીવતરનું પણ શું મૂલ્ય છે કે આપ જેવા સમર્થ સર્જક મળ્યા પછી હું સામગ્રી ન પૂરી પાડી શકું ?'

બસ, કુમારપાળ અન્ન-પાણીનો ત્યાગ કરીને બેસી ગયા ! અંતરમાં ધર્મ પ્રત્યે, ભગવાનના જ્ઞાનવારસા પ્રત્યે, અથાગ પ્રીતિનું ખમીર ઊછળતું હતું, એ પ્રવૃત્તિમાં ઊતર્યા વિના કેમ રહે ! પાછા એ માનતા હતા કે **'હજી તો ઘણે આગળ જવું છે, તે એમ ને એમ બેસી રહેવાથી, ધર્મની વાતમાં ગલ્લાંતલ્લાં કરવાથી અને કટોકટીની અવસરે રાંકડાવેડા કરવાથી નહિ જવાય.'** એટલે જ અવસરે-અવસરે વિવિધ ધર્મપ્રવૃત્તિઓ ને સુકૃતોમાં ઝૂકી પડતાં એમને વાર નહિ.

એક વાર પ્રભુની મધ્યાહ્ન પૂજા કર્યા પછી આરતી ઉતારતાં હાથ આરતી સાથે વચમાં જ અટકી ગયા. થોડી વાર પછી પાછા હાથને ચલાવી આરતી ઉતારવાની ક્રિયા પૂરી કરી. પછી સાથે આવેલા સામન્તો અને શેઠિયાઓ પૂછે છે, 'મહારાજ ! આરતીમાં કેમ વચમાં અટકી ગયેલા ?'

કુમારપાળ કહે છે, 'આરતી ઉતારતાં પ્રભુને જોઈ રહ્યો હતો એમાં માત્ર એક ઋતુનાં ફૂલ દેખી વિચાર થયો કે અરે ! જો હું પ્રભુને છએ ઋતુના ફૂલ ન

ચઢાવી શકું તો મારી ઠકરાઈની કિંમત શી ? એટલે મેં અભિગ્રહ કર્યો કે છએ ઋતુનાં ફૂલ ન ચઢાવું ત્યાં સુધી મારે આહાર-પાણીનો ત્યાગ. આ વિચારણામાં અટકી જવાયેલું.

પેલા કહે છે, 'મહારાજ ! તમે તો ગજબ કર્યો ! એક ઋતુમાં છ ઋતુનાં ફૂલ મળે શી રીતે ?'

કુમારપાળ કહે છે 'તો પછી આપણા દેહને પણ આહારપાણીનાં ફૂલ ચઢાવવાનું કામે ય શું છે ?'

બસ, એ તો નિરાંતે જઈને મહેલમાં બેસી ગયા. મસ્ત છે અર્હદ્ભક્તિની ભાવનામાં.

મસ્તીનું કારણ એ છે કે જીવન એટલે ખાઈપીને ધમણની જેમ શ્વાસોચ્છ્વાસ લેતાં જીવવાનું સમજવાને બદલે અર્હદ્ભક્તિમાં તલ્લીન રહેતાં જીવવાનું સમજે છે. એમાં તો પછી આ જીવન ચાલુ રહે કે બીજું જીવન આવે, સરખું જ લાગે છે.

બીજાઓ પર તો વિષાદની ઘેરી છાયા ફરી વળી છે. 'મહારાજાએ ખાનપાન બંધ કર્યા, થશે શું ?' એવી ઊંડી ચિંતામાં પરિવાર અને લોક પડી ગયો છે. બંને પ્રસંગમાં જુઓ કે તાડપત્ર મળવાનો સંભવ નથી, તેમ એક સાથે છ ઋતુનાં ફૂલ મળવાનો પણ સંભવ નથી; અને એના માટે આહાર-પાણીના ત્યાગની પ્રતિજ્ઞા કરી છે ! દિલમાં સમ્યગ્દર્શનની કેટલી છોળો ઊછળતી હશે. ત્યારે એ સહજભાવે પ્રવૃત્તિને તાણી લાવે છે !

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ કહે છે,

**'તાણી આણે રે સમકિત વિરતિને, એહી જ પ્રવચનમર્મ.'**

**સમકિતની ગરમી એવી છે કે લોહીમાં પ્રવૃત્તિ-વીર્યનો થનમનાટ જગાવી દે છે.** આપણામાં પ્રવૃત્તિની શિથિલતા દેખાતી હોય તો આના તરફ લક્ષ લઈ જવા જેવું છે કે 'મારામાં હજી સમ્યગ્દર્શનો આતશ નથી ઊઠ્યો તેથી જ આ ઢીલાશ, નિર્બળતા, અને પ્રતિકૂળતાનાં બહાનાં ઊભાં થાય છે. માટે એ આતશ જગાડું, જગાડવા મથું, **જગાડવાને માટે ખૂબ ખૂબ** સત્સંગ, જિનવાણી શ્રવણ, ચિંતન, મંથન, અને મનમારીને અર્હદ્ભક્તિ વગેરે અનેક કારણધર્મોની આરાધના કરું.'

**ધર્મમાં આળસનું મૂળ :-**

તમે કહેશો 'પણ અહીં તો મૂળમાં ધર્મપ્રવૃત્તિની જ આળસ છે ત્યાં એ શે બને ?' કિંતુ, ત્યારે તો એનુંય મૂળ તપાસવા જેવું છે કે પહેલાં કહ્યું હતું તેમ જન્મ-જરા-મૃત્યુ, આધિ-વ્યાધિ-ઉપાધિ-રોગ-શોક-દારિદ્ર વગેરેથી ભરેલો આ સંસાર ઉપદ્રવરૂપ, એક બલારૂપ લાગ્યો છે ખરો ? પછી ભલેને આ સંસાર ક્ષણવાર



વૈભવ-વિલાસ ઠકરાઈના ચમકારા દેખાડે છતાં પણ 'એ બધું ય ઉપદ્રવી બલા !' આ તપાસવા જેવું છે. મૂળમાં આના જો વાંધા હશે તો ધર્મમાં ઉજમાળતા નથી આવવાની.

**પ્રભુ દર્શને સંવેદના :-** ધર્મના દાતાર અને ધર્મના આલંબન તીર્થંકર ભગવાન પર દિલ ક્યારે ઓવારી જાય ? સંસાર ઝેરરૂપ લાગે ત્યારે. મંદિરમાં જઈએ છીએ, ભગવાનને જોતાં કંઈ કંઈ થઈ જાય છે ? સાડા ત્રણ ક્રોડ રોમરાજી ખડી થાય છે ? હૈયું જોરથી ધબકારા લેવા માંડે છે ? પ્રભુ પામ્યાના હર્ષનો અને જાતની દુઃખિત દશાના ખેદનો ઉછાળો આંખમાં પાણી લાવે છે ? બોલતાં સ્વર ગદ્ગદ થઈ જાય છે ? 'મારે દર્શન થઈ ગયાં. પૂજા થઈ ગઈ.' આવો સંતોષ લેતાં આ તપાસો. એમાં વાંધા દેખાય તો હૈયે આઘાત લગાડો કે હજુ મારામાં કેમ એવું સમ્યગ્દર્શન નથી ઝળહળતું ? કેમ એના મૌલિક કારણમાં સંસારનો સહજ જોરદાર ખેદ નથી જાગતો ?' સમ્યગ્દર્શન શું નબળી ચીજ છે ? ના, એ તો દેવ અને ગુરુ ઉપર હૈયામાં હેતની ભરતી ચઢાવે.

**ઝેરી યુગમાં વધુ ધર્મ સાધના :-**

આ લાવવા માટે દેવ-ગુરુના બહુ બહુ પરિચય જોઈશે, સંસર્ગ જોઈશે, વિચારો જોઈશે, અને એ વસ્તુ કારણધર્મની એટલે કે ધર્મના અનેકવિધ અનુષ્ઠાનો અને સુકૃતોની સાધનાથી બનશે. એમાંય આજના ઝેરી યુગમાં તો વળી સારા કાળ કરતાં પણ વધુ પ્રમાણમાં એની સાધનામાં રચ્યાપચ્યા રહેવું જોઈશે. આનું કારણ એ છે કે આજનો યુગ વિલાસ અર્થમહત્ત્વ, અહંત્વ, જડના મૂલ્યાંકન,...વગેરે વગેરે પવનના જોરદાર ઝપાટા લગાવે છે. તેથી બુદ્ધિને એનો ભારે કેફ ચઢે છે, એ અધ્યાત્મથી આઘી ઠેલાય છે, આત્માની બાબતમાં વિચારવા એ કુંઠિત, સુસ્ત, અને નિષ્ક્રિય બની જાય છે. આવા ફણીધર યુગમાં જો એકલા ભાવ ને ભાવનાના રવાડે ચઢી ગયા તો જાણ્યે-અજાણ્યે યુગના કાતિલ ઝેરના ભારે ભોગ બનવું પડશે. બચવાનો આ જ ઉપાય છે કે શુભ ભાવ અને ભાવના સાથે ખૂબ ખૂબ અર્હદ્ભક્તિ, સાધુભક્તિ, વ્રત નિયમો, ત્યાગ-તપસ્યા, સામાયિક, પૌષધ-પ્રતિક્રમણ, સ્વાધ્યાય-જાપ વગેરે કારણધર્મોની સાધનામાં રચ્યાપચ્યા રહેવું.

**તાડપત્ર અને ફૂલ ઊભરાયાં :-** મહારાજા કુમારપાળનું જીવન અનેક પ્રકારના કારણધર્મોની સાધનાથી ઝગમગતું છે. બંને પ્રસંગે કાચી સેકંડમાં આહારત્યાગની પ્રતિજ્ઞા કરી લીધી. જગત જ્યારે ખળભળી ઊઠે છે ત્યારે એ નિરાંતે શુભ ધ્યાનમાં બેઠાં છે. તો એના પ્રભાવ ? શાસનદેવતાનાં અંતર ઊછળી ઊઠ્યાં ! એણે જે જોઈએ છે એનાથી બગીચો ઊભરાવી દીધો. બન્ને પ્રસંગમાં માળી ગાંડો-ઘેલો થતો

દોડતો આવીને કહે છે.

'મહારાજ ! ઉદ્યાનમાં તાડપત્રો થોકબંધ ઊગી ગયાં છે !'

'મહારાજ ! બગીચામાં છએ ઋતુનાં ફૂલ ખીલી ઊઠ્યાં છે !'

આ સાંભળતાં મહારાજા કુમારપાળને જ્ઞાનભક્તિ અને પ્રભુભક્તિ ધારી થઈ શકવા બદલ અપરંપાર હર્ષ ઉભરાય છે ! એવા અવસરે સમ્યગ્દર્શનનાં જે તેજ ચમકી ઊઠે છે તે અવર્ણનીય છે. એ સ્વરૂપધર્મ છે, પરંતુ તે ક્યારે વિકસ્વર બને ? એને તાણી લાવનાર, એ વિકાસને ઝળહળાવનાર મહા-કઠિન પણ પ્રવૃત્તિ સુધી પહોંચી જવાય ત્યારે કે એમ ને એમ ?

## • ૩. કાર્ય-ધર્મ •

પહેલો સ્વરૂપ-ધર્મ, બીજો કારણ-ધર્મ, હવે ત્રીજા કાર્ય-ધર્મની વાત કરીએ.

ધર્મનું જે ફળ આવે તે કાર્યરૂપ ધર્મ છે. સારા ધર્મસેવનથી પુણ્યાનુબંધી પુણ્ય ઊભું થાય છે; એ સારું દેવપણું, સારું મનુષ્યપણું, પાંચે ઇન્દ્રિય પરિપૂર્ણ શક્તિવાળી, ઠેકાણાસર મન, વિચારશક્તિ, ઊંચું કુળ, અને સમાધિ રહી શકે એવી જીવન સામગ્રી ધન-માલ-મકાન સત્કાર-સન્માન વગેરે આપે છે એ બધા કાર્યરૂપ ધર્મ છે, ધર્મનું ફળ છે, ધર્મનું એમાં પ્રતિબિંબ છે.

આ મનુષ્યપણું વગેરેને એ કાર્યધર્મ તરીકે જો ઓળખતા થઈ જઈએ તો દૃષ્ટિ ઘણી ખૂલી જાય, ચોક્ખી થાય. એમ થાય કે 'આ ઉત્તમ મનુષ્યભવ અને મનગમતી સગવડો એ ધર્મનું ફળ છે, તો ધર્મ તરફ મુખ્ય દૃષ્ટિ જાગતી રાખું, ધર્મની મમતા ભારે રાખું,' એ મમતાને લીધે કેટલાંય પાપાચરણ બંધ થઈ જાય. એવાં પાપ કેમ છૂટથી થાય છે ? ધર્મની મમતા એવી જાગી નથી માટે. સત્યધર્મની મમતાવાળો જૂઠ હાંક્યે રાખે ખરો ? દયાધર્મની મમતાવાળો આંખ મીંચીને જતના વિના છૂટથી આરંભ-સમારંભ સેવે ખરો ? વીતરાગના ધર્મની મમતા જાગી ગઈ હોય એ નિઃસંકોચ પાપ કર્યે જાય એવું બને ? ના, પણ એ મમતા જાગે ક્યારે ? દૃષ્ટિ ચોક્ખી થાય ત્યારે. એ ચોક્ખી કરવા માટે આ એક ઉપાય છે કે કાર્ય-ધર્મને ઓળખતાં ને યાદ રાખતાં શીખો.

**બીજમાં પાકનાં દર્શન :-** કાર્યધર્મની ઓળખાણ અને યાદગીરી નથી એટલે મનુષ્યપણું માત્ર મનુષ્યપણા તરીકે અને સુખને જ યોગ્ય તરીકે ભાસે છે. એમ પૈસા માત્ર પૈસા તરીકે અને સુખ માટે જ લાગે છે. ખરી રીતે તો એ યાદ રહેવું જોઈએ કે આ કાર્યધર્મ છે. એ યાદ રહે એટલે એને તુચ્છ સુખમાં ઉડાવી દેવાનું ન બને. જેમ બીજમાં પાક દેખનારો ખેડૂત બીને જ ખાઈને ખતમ નથી કરતો;



એમ માનવભવ અને સગવડ સામગ્રી ભોગવી લઈને ખતમ કરવાનું ન બને. એ તો બીમાંથી વાવેતર દ્વારા પાકની જેમ કાર્યધર્મમાંથી નવા કારણધર્મને ઊભો કરી, સ્વરૂપ ધર્મ તરફ આગળ પગલી માંડ્યે જવાનું બને. એટલે જ અહીં કહેવાય છે કે ધન-માલ પૈસા ટકા વગેરેને કાર્યધર્મ તરીકે જોતાં શીખો. પ્રશ્ન થશે કે

**પ્ર.-પૈસા ટકા એ વળી ધર્મ શી રીતે ?** ધર્મ તો દાન વગેરે કરીએ એ છે.

ઉ.-દાનાદિ એ કાર્યધર્મ છે, ને પૈસા ટકા એ કાર્યધર્મ હોવાની વાત છે. છતાં દૃષ્ટાન્ત જુઓ.

તમે પૈસા કોને કહો છો ? રૂપિયા આના પાઈ, કરન્સી નોટો, ગીનીઓ, એને ને ? છતાં જ્યારે કહો છો, 'અમુકની પાસે બહુ પૈસા છે ! પચાસ લાખ રૂપિયા !' ત્યારે એ શું સમજી કહો છો ? શું એટલી એની પાસે રોકડ છે ? ના, એટલી રકમમાં તો બંગલો, ઝવેરાત, સોનું ચાંદી, દુકાનનો માલ, શેર, ડિપોઝિટ વગેરે બધું ગણાય છે. એનો અર્થ એ થયો કે રોકડ રકમ તો પૈસા ખરા, ધન ખરું, પરંતુ ઝવેરાત પણ ધન, બંગલો ય ધન, માલ પણ ધન...એમ કેમ વારુ ? કહો ધનથી મળ્યું છે માટે ધન. કાર્યધન. જો કે ધન તરીકે એ ચલણી નાણું નથી. બજારમાં ચાર તાંબિયા પૈસાથી વસ્તુની ખરીદી થાય, એમ આ માલથી નથી થતી; છતાં આખા જગતનો વ્યવહાર એને ધનમાં ગણવાનો છે. માણસ એને ધન સમજીને ફુલાય છે.

બસ, એ જ રીતે મનુષ્યપણું, સગવડસામગ્રી, સત્કાર-સન્માન, એ બધું ચલણી ધર્મ નથી, છતાં કાર્યધર્મ જરૂર છે. કેમ કે ધર્મનું જ એ ફળ છે. એને ધર્મ તરીકે યાદ રાખવાથી ધર્મ પ્રત્યે જીવનું ઝૂકતું વલણ રહે છે.

**કિંમત ખર્ચ્યાથી સવાઈ ઊભી કરવી છે :-**

તમે તો માત્ર એટલું યાદ રાખ્યું કે 'આ બધું ધર્મનું ફળ છે,' ધર્મ તરીકે નહિ ને ? ધનની બાબતમાં તો ચકોર છો. માલમિલકત બધાને ધનનું ફળ નહિ, ધન તરીકે ઓળખો છો, એટલે એના પર કેટકેટલી તકેદારી અને યોજનાઓ ઘડો છો ! 'રૂપિયા દસ લાખ કેશ વટાવીને માલ લીધો છે, હવે એના બાર લાખ કરવા છે, ઓછાની વાત નહિ.' બરાબર આમ મનને થાય છે ને ? માલ એટલે દસ લાખનું ધન, એને બાર લાખનું ધન કરવાની તાલાવેલી રહે છે.

તો પછી અહીં પણ સમજો કે આ દેવનેય દુર્લભ એવો ઊંચો માનવભવ અને સગવડ સામગ્રી મળી એ બધું ધર્મ છે. એ જેટલી કિંમતનું છે એનાથી સવાઈ કિંમતના ધર્મમાં લઈ જવું છે, માલને જોતાં જ જાણે સાક્ષાત્ ધનનાં દર્શન થાય છે. એમ અહીં ધન-માલ-કુટુંબ-કાયા વગેરે બધે કાર્યધર્મનાં દર્શન કરવાનાં છે. અને

સવાયો કારણધર્મ ઊભો કરવાની ચાંપતી કાળજી રાખવાની છે.

**માત્ર આ કાર્ય-ધર્મ ભાજી જેવો માલ છે.** વેપાર માટે દશ હજારની ભાજી ખરીદી, એ હવે દશ હજારનું ધન બની. પરંતુ એક બે દિવસમાં જો વેચી નાખો તો તો ધન હાથમાં, નહિતર પછી તો કરમાઈને ખલાસ, ઉકરડે નાખવા જેવી. એક પૈસો ય હાથમાં ન આવે. સમયસર નફામાં વેચો તો દશના બાર હજાર-પંદર હજાર, પરંતુ સમય વીત્યે ઉકરડો, મીંડું. એવું આ મનુષ્ય દેહ અને સાધન સામગ્રીનું. સમજી રાખો. આયુષ્ય પહોંચે છે, શક્તિ છે, અનુકૂળતા છે, મન સાબૂત છે, દેવ-ગુરુ-ધર્મના પ્રેરક સંયોગ છે, આ બધા સમય કહેવાય; એમાં સવાયો-દોઢો-દસ ગુણો ધર્મ સાધી લીધો તો વાહ વાહ, નહિતર એ બધો કાર્ય-ધર્મ ઉકરડે જવાનો; કાયા અને સાધન સગવડ બધું રદબાતલ થવાનું.

માટે જ જેમ દસ લાખ ખર્ચીને ખરીદેલ માલ મશીનરી વેડફાઈ ન જાય એની પૂરી તકેદારી રહે છે, એમ ધર્મ ખરચીને મેળવેલી માનવ કાયા અને સાધનસામગ્રી વેડફાઈ ન જાય એની પૂરી તકેદારી જોઈએ. 'ધર્મે અમને બાદશાહ બનાવ્યા એટલે બસ હવે બાદશાહી ભોગવી લ્યો' એમ કરી જો ધર્મ કમાઈ લેવાનું ચૂક્યા તો તો માલરૂપી કાર્ય ધર્મ ખતમ થઈ જશે, ને આંખ ચોળતાં ઊડી જવું પડશે. **બાદશાહીમાંથી કારમી ગુલામી સર્જાશે !**

**ઝવેરીનું ઝવેરાત :-**

ઝવેરી દશ લાખ રૂપિયાનું ઝવેરાત ખરીદે પછી બૈરા છોકરાને એ પહેરાવી બેસી નથી રહેતો; એને ધન સમજે છે. એમાં માનો કે ઝવેરાત ખરીદવા બે-ચાર લાખ રૂપિયા બીજાના લાવ્યા છે. એટલે તો વિશેષ સાવધાની રહે છે. ઝવેરાતને ભોગ્ય નથી સમજતો, ધનરૂપી માલ દેખે છે. હીરાનું નંગ બજારમાં ચીજ વસ્તુ ખરીદવા કામ લાગે ? ના, ત્યાં તો નાણું જોઈએ. છતાં એના કરતાં ઝવેરાતને ઊંચું ધન સમજે છે. એમાંથી જરાય ઓછું નથી થવા દેવું. માત્ર ભોગ્ય નથી બનવા દેવું, કે એટલું ને એટલું સંઘરી બેસી નથી રહેવું, પરંતુ ૧૦ ટકા માર્જિન, ૨૦ ટકા માર્જિનથી વેચવું છે. ૧૦૦ ના ૧૧૦, ૧૨૦ કરવા છે. આ એકલી મનોવાંછા નહિ, પાછી એટલી મહેનત કરે છે. જરૂર પડ્યે જોખમ વેઠીને પણ બહાર ગામ વેચવા જાય છે.

**કાયા-કંચન ભોગ્ય કે મહામૂડી :-**

ત્યારે હવે એ જ પ્રમાણે વિચારો કે કાયા, ધનમાલ વગેરે બધું જો કાર્યધર્મ સ્વરૂપ દેખાય તો એની પાછળ કેવું દિલ રહે ? એને શું ભોગ્ય સમજાય કે વધુ ધર્મ કમાવવાની મહામૂડી સમજાય ? જીવ આપણો આમ જ ભૂલો પડે છે કે ધર્મનું



આપેલું ભોગ્ય સમજે છે. 'સારી કાયા છે. તો મહાલી લ્યો, કુટુંબ મળ્યું છે તો પ્રેમનાં ટાયલાં કરી લો, અને એની સેવાઓ લઈ લો, પૈસા મળ્યા છે તો મોજ મજા ઉડાવી લો. બંગલો, મોટર, સામગ્રી મળી છે તો આનંદથી ભોગવી લો. બસ એક જ ધૂન આનંદથી ભોગવી લેવાની છે. ક્યાંય 'આ કાર્ય ધર્મ છે તો એનાથી કારણ ધર્મ સેવી લ્યો' એવી વાત છે ?

'માનવ કાયા મહાલવા માટે નથી, ભોગ્ય નથી, પણ દેવ-ગુરુ-ધર્મની સેવા માટે છે, ત્યાગ-તપસ્યા માટે છે, જ્ઞાન-પ્રાપ્તિ માટે છે,' આવું દિવસમાં કેટલી વાર લક્ષમાં આવે છે ?

'કુટુંબ પણ ભોગ્ય નથી, પ્રેમ કે સેવા લેવા માટે નથી, એનું અને પોતાનું આત્મહિત સાધવા માટે છે.' આ ક્યારે યાદ કરો છો ?

ધનમાલ મોજમજા માટે નહિ પરંતુ ધર્મધન કમાઈ લેવા માટે મળ્યું છે. એ જિનભક્તિ, જ્ઞાનભક્તિ, સંઘભક્તિ, સાધર્મિક ભક્તિ, જીવદયા વગેરે માટે છે. તો એ ખૂબ કરું.' આ કોડ થયા કરે છે ખરા ?

કરો એ કરો. એમ બંગલા-મોટર-સામગ્રી પણ ભોગ્ય નથી સમજવાની, કાર્યધર્મ તરીકે સતત દેખવાની છે, અને એનો ઉપયોગ પણ શક્ય એટલો કારણધર્મની સાધનામાં કરવાનો છે.' આવું બધું હૈયે કેટલું ભાસ્યા કરે છે ? પહેલું તો એ તપાસો. ન ભાસતું હોય તો 'અમને ધર્મની બહુ માયા છે' એ ખુમારી રહેવા દો.

**આપણે મોટા ઝવેરી :- દૃષ્ટિ ફેરવો, પુણ્યમાલને ભોગ્ય કે સંગ્રાહ્યને બદલે કાર્યધર્મ તરીકે દેખતા રહો, તો ખરું લેખે લગાડવાનું મન થશે.** ઝવેરી ઝવેરાતને ૧૦-૨૦ ટકા માર્જિનથી વેચવાની ધગશ અને પ્રયત્નમાં રહે છે. તો આપણે તો વીતરાગ પ્રભુના શાસનનું ઝવેરાત પામીને મોટા ઝવેરી છીએ; તો બોલો કેટલો માર્જિન ધાર્યો છે ? ધાર્યો એટલે ? ધગશ કેટલી છે ? પાછી મહેનત કેટલી છે ? દો જવાબ.

**ચાટલામાં (અરિસામાં) જોતાં ધ્રાસકો કે ખુશી ?**

સવારના ઊઠીને નાહી ધોઈ પફ પાવડર લગાડ્યા, કપડાંના ઠઠારા કર્યા, ને ચાટલામાં જોઈ ખુશ થયા, શું જોઈને ? ખબર નથી કે ધર્મ વેડફાઈ રહ્યો છે, મફતમાં વેરાઈ રહ્યો છે, માત્ર મફતમાં વેરાઈ નહિ, પણ અધર્મ-પાપ ખરીદીને ગુમાવાઈ નષ્ટ થઈ રહ્યો છે. એનો ચાટલામાં જોતાં ધ્રાસ્કો પડવો જોઈએ કે જડની ખુશી ?

**જતામાંથી તાણવાનું :-** ત્યારે જો કાયા અને સગવડ-સામગ્રીથી ધર્મનાં અનુષ્ઠાન-આચારોની સાધના કરાતી જાય તો કાર્ય-ધર્મ ભલે જાય છે, પરંતુ કારણ

ધર્મ ઊભો થતો જાય છે, કાર્યધર્મ તો આમેય ચટણી થઈ જવાનો હતો તે થાય છે, પણ કારણધર્મ ઊભો થઈને નવાં સ્વરૂપધર્મ તથા પુણ્યાનુબંધી પુણ્યને જન્મ આપે છે. જવા બેઠેલામાંથી તાણી લેવાનું થાય છે. એ વળી નવી સુંદર ધર્મસામગ્રી રૂપ કાર્યધર્મને ખેંચી લાવશે. આ જો ન આવડે અને વર્તમાન કાયા વગેરે પુણ્યાઈ ભોગ્ય માનીને લહેરથી ભોગવી લેવાય તો બાર જ વાગે ને ?

માટે ત્રીજા નંબરના ધર્મમાં વાત આ છે કે ધર્મનાં બાહ્ય ફળને કાર્યધર્મરૂપે જુઓ. જેમ મોટું ઘર દેખતાં ધન દેખો છો, મોટું સુંદર કબાટ જોતાં ધન જુઓ છો, અલંકાર દેખતાં ધન દેખો છો, દુકાન ને માલ જોતાં ધન જુઓ છો, કેટલું ધન છે એનો અંદાજ કાઢવા આવી બધી આઈટમો (Items), બધા મુદ્દા ઉમેરો છો, જાણે બધા પર સિક્કો મારવાનો છે **'ધન' 'મૂડી',** એમ અહીં બધીય ધર્મે આપેલ સામગ્રી પર સિક્કો મારવાનો છે **'ધર્મ'.** શરીર સારું છે, બુદ્ધિ સારી છે, પરિવાર સારો છે, ધન માલ પહોંચતા છે. ત્યાં બધે ધર્મનાં દર્શન થાય. ધર્મ જ યાદ આવે, પૂર્વના ધર્મ કરતાં જરાય ઓછું તો ન જ થવા દેવાય, સવાયો-દોઢો-દસગુણો ધર્મ ઊભો થવો જ જોઈએ-' એવી તકેદારી જાગતી રહે, સક્રિય રહે, કેમ કે નહિતર કાર્યધર્મ તો ખોવાઈ જ જવાનો છે એ નિશ્ચિત છે.

**જીવન કર્તવ્ય :-**

એક મોક્ષ એવો છે કે જે આવીને કદી જાય નહિ. એ મોક્ષના જ અંગરૂપ ક્ષાયિક સ્વરૂપધર્મ આવ્યા પછી જવાના નથી. એના માટે જ એના અંશરૂપ ક્ષાયોપશમિક સ્વરૂપધર્મ પ્રગટ કર્યે જવાના, ને વિશુદ્ધ કર્યે જવાના, ક્ષાયિકરૂપના ન થાય ત્યાં સુધી જપીને બેસવાનું નહિ. એ માટે કારણધર્મની ભરપૂર સાધનાઓ કર્યે જવાની. એ માટે જ કાર્યધર્મને કામે લગાડી દેવાના. કાર્યધર્મ તો ખોવાઈ જવાના છે એ બરાબર યાદ આવ્યા કરે તો ધર્મસાધના માટે દિલ તલસતું રહે, એની જોગવાઈ થાય.

**માનવ સામગ્રીના ઊંચા ભાવ બોલાય છે :-**

જેમ દુકાનમાં માલ ભર્યો હોય અને બહાર એના ભાવો ઊંચા બોલાતા હોય તો પાવર રહે છે. 'વાહ ! સારું ઊપજશે !', તેમ અહીં સગવડ-અનુકૂળતા મળતી જાય એમ પાવર રહે કે 'વાહ સારો ધર્મ ઉપજાવાશે; કેમ કે આ સગવડમાંથી ઊંચા ધર્મ નિપજાવવાનું શાસ્ત્ર બતાવે છે, પૂર્વ પુરુષોએ કરેલા સદુપયોગ કહી રહ્યા છે કે એના ભાવ ઊંચા બોલાય છે. થાળી ખીરમાંથી દેવતાઈ નિત્ય નવી નવાણું પેટી, પાંચ કોડીના ફૂલમાંથી અઢાર દેશનાં રાજ્ય,...આ બધું શું છે ? ઊંચા ભાવ. પણ કમાતાં આવડવું જોઈએ. માત્ર ભોગ્ય, ભોગવવાલાયક, એવું



સમજી બેસી રહો તો કાંઈ નહિ વળે.

એવી તમન્ના કેમ ન રહે કે 'મારી એકેએક ચીજમાંથી વધુમાં વધુ ધર્મ કરી લઉં !'

માનવ-ભવ બજાર છે. મોટો ઝવેરાતનો બજાર છે. કરોડો, અબજોનો નફો કરાવનારો ! વેપાર કરતાં આવડવો જોઈએ. તો આ કાર્યધર્મમાંથી કારણધર્મ અને ઠેઠ સ્વરૂપધર્મ સુધી પહોંચી શકાય. ખોવાઈ જનારી ચીજમાંથી અક્ષય ખજાનો ઊભો કરી લેવાનો છે.

**કુમારપાળની આવડત** :- કુમારપાળ મહારાજ કુબેર શેઠની કરોડોની સંપત્તિ જોવા ગયા. હજૂરિયા કહે છે 'મહારાજ ! પેલી સામે જ ગગનમાં ધજાઓ ફરકે છે. એ કુબેર શેઠની હવેલીઓ !'

કુમારપાળ કહે છે, 'એ તો ફરકીને એમ નિષેધ કરી રહી છે કે આ સંપત્તિ ટકવાની નથી !'

શું આ ? વેપાર કરવાની આવડત. કાર્યધર્મમાંથી સ્વરૂપધર્મ તરફ પ્રયાણ. અંદર સમ્યગ્દર્શનને આવાં સંપત્તિદર્શને સતેજ કર્યો શી રીતે ? આવો વિચાર કરીને કે 'આ સંપત્તિનો એક દિ' વિયોગ થવાનો છે.'

આ અનિત્ય ભાવનાનો વિચાર એ કારણ ધર્મ; એનાથી આત્માની અંદર વિશુદ્ધિ વધી એ સ્વરૂપ ધર્મ સધાયો. તત્ત્વ દૃષ્ટિથી પુણ્યોદયની વસ્તુને જોવાનું કર્યું તો આ પરિણામ આવ્યું. બસ આવી ને આવી રીતે એટલા ઊંચા સ્વરૂપધર્મે કુમારપાળ પહોંચી ગયા કે આગળ ગણધર થવાની પરિસ્થિતિ ઊભી કરી દીધી.

**કારણધર્મ-કાર્યધર્મ બંનેયમાંથી સ્વરૂપ ધર્મ :-**

ત્યારે આ પરથી સમજાશે કે કાર્યધર્મ રૂપે મળેલી અનુકૂળ સામગ્રીમાં અને અનુકૂળતાઓમાં ઠામ ઠામ તત્ત્વદૃષ્ટિ અને કાર્યધર્મ તરીકેની ઓળખાણ મનમાં રાખ્યા કરો તો, જેમ પેલા અનેક પ્રકારના કારણધર્મ દ્વારા સ્વરૂપ ધર્મની સાધના કરી શકાય, તેમ આ કાર્ય ધર્મ દ્વારા પણ સ્વરૂપ ધર્મની સાધના થઈ શકે, અલબત્ત, એ કારણ ધર્મ સેવવા દ્વારા. પછી એ કારણ ધર્મ કોઈ શુભ આચાર, ધર્મ ક્રિયા, દાન-પરોપકાર વગેરે સુકૃત હોય, અગર છેવટે શુભ તાત્ત્વિક વિચારણા, ભાવના કે વૃત્તિ હોય.

શેમાં શેમાંથી શું શું ઊભું કરવાનું ? એટલે હવે બંને ઠેકાણે ખબરદાર બની જવાનું છે, કારણ ધર્મમાં અને કાર્ય ધર્મમાં. મૂળ આત્મામાં ધર્મનું સ્વરૂપ પ્રગટ કરવાનું છે, શુભ પરિણામ ઘડવાના છે, વિશુદ્ધ કરવાના છે.

પરમાત્માની પૂજા-ભક્તિ કે દર્શન-વંદન કરીને એમની પ્રત્યે આશ્રિતભાવ

એમના તરફ ઝુકાવટ ને શરણભાવ વધાર્યે જવાનો છે.

**તપસ્યા કરીને** આહારસંજ્ઞા પ્રત્યે સક્રિય જુગુપ્સાભાવ તથા કામચલાઉ આહાર-લપમાંથી છૂટ્યાનો આનંદ, ઠંડકનો અનુભવ જાગ્રત કરવાનો છે.

**દાન દઈને** સંગ્રહવૃત્તિ પર જુગુપ્સાભાવ અને કામચલાઉ એટલા પરિગ્રહ ભારમાંથી છૂટ્યાનો આનંદ તથા એ સુપાત્ર દાન હોય તો પાત્ર પ્રત્યે સક્રિય આંતર ભક્તિભાવ, અને દીન-દુઃખી હોય તો સક્રિય અનુકંપાભાવ અનુભવવાનો છે.

આ કરો ત્યારે કારણધર્મ સફળ થતો દેખાય.

**એવું જ પ્રસંગોમાં,** પુણ્યથી મળેલી અનુકૂળતાઓ કે દુનિયામાં બનતા વિષમ પ્રસંગોમાં આત્મહિતકારી શુભ ભાવોના અનુભવ કરવાના છે. દા.ત. તમે ધીરેલા પૈસા સામો ધણી નથી આપતો, તમને એમ થાય કે 'ઘણી મહેનત કરી છતાં આ આપતો નથી, અત્યારે એની સ્થિતિ પણ નથી દેખાતી, તો હવે કોરટ-કચેરી શું કરવી'તી ? તેમ આશામાં શું મરવું'તું ? એના કરતાં લાવ શુભ ખાતે સાધર્મિકભક્તિ ખાતે યા મૂર્ચ્છાત્યાગ ખાતે લખી નાખું; તો એ શુભ ભાવ થયો. તમે કહેશો 'પણ કદાચ પેલો પાછળથી આપવા આવે તો ?' તો શું ? એને કહી દેવાનું મારું તારી પાસે કોઈ લેણું નથી એમ કહીને લેવાની ના પાડવાની. અને જીવ ન રહે તો લઈને તરત શુભ ખાતે ખરચી દેવાના.

પરંતુ જે આશામાં મરતો હશે એને આ વાત જચવી મુશ્કેલ છે. જીવની કેટલી કંગાળ દશા છે કે જે આશા સફળ થવાના બહુ સંયોગ નથી, એમાં ય તણાયા, દહાડા, મહિના ને વર્ષોનાં વર્ષો કાઢે છે !

**આશાની ઘેલછા મૂકે તો જ :-**

માણસ છે, આશા હોય. પરંતુ આશાની ઘેલછા મૂકે તો કાર્યધર્મ એટલે પુણ્યે આપેલી અનુકૂળતાઓ દ્વારા કારણધર્મ અને સ્વરૂપધર્મની સાધના કરી લેવાનું સરળ બને. કારણધર્મમાં મન-વચન-કાયાથી ધર્મક્રિયાઓને ધાર્મિક આચાર-પ્રવૃત્તિ આવે; સ્વરૂપધર્મમાં કષાયનો હ્રાસ, ક્ષમાદિની વૃદ્ધિ, સમ્યગ્દર્શન, વૈરાગ્ય, સમાધિ વગેરે.

**સમાધિ એટલે** હર્ષ-ઉદ્વેગની આંધી નહિ, હર્ષ-ઉદ્વેગની લાગણી ન થવા દેવી. જેમ ઉદ્વેગ થઈ આવે એ અસ્વસ્થતા છે, એમ હર્ષ થઈ આવે એ પણ એક અસ્વસ્થતા જ છે. અસ્વસ્થતા એટલે અસમાધિ, તો સમાધિ એટલે સ્વસ્થતા.

**ધર્મનો હર્ષ કેમ કરણીય ? :-**

**પ્ર.**-ત્યારે તો ધર્મ મળ્યાનો હર્ષ, દેવ-ગુરુ મળ્યાનો હર્ષ, એ પણ શું અસ્વસ્થતા ? એ ય અકરણીય ?



**ઉ.**-તાત્ત્વિક દૃષ્ટિએ એ શુભકોટિની અસ્વસ્થતા જ છે, કેમ કે સ્વસ્થતા એટલે સ્વાત્મામાં સ્થિર રહેવું તે; જેમ પવનના ઝપાટા વગેરેના આક્રમણ વિનાનું સ્થિર પાણી. ભલે દેવ-ગુરુ-ધર્મ યા તીર્થ વગેરે ભેટ્યાનો કે અપૂર્વ જ્ઞાન મળ્યા વગેરેનો હર્ષોલ્લાસ થયો, છતાં એણે આત્મામાં એક પ્રકારની શુભ અસ્થિરતા તો ઊભી કરી જ; પરંતુ એ અકરણીય નહિ, બલકે કરણીય છે. કારણ એ છે કે એ અકરણીય અશુભ હર્ષ, દા.ત. પૈસા મળ્યાનો હર્ષ, ઈષ્ટ વિષયો મળ્યાનો હર્ષ એવા બધા હર્ષને તેમજ અશુભ ખેદને નિવારનાર છે. અને એ અનુભવની વાત છે, કે વ્યાખ્યાન શ્રવણમાં બહુ હર્ષ આવી જાય છે તો પાપ કરી ધન મેળવ્યાનો હર્ષ ઓછો થાય છે, જમવાનું મોડું થવાનો ખેદ ઘટી જાય છે. આમ અશુભ હર્ષ-ખેદને નિવારનાર હોવાથી એ શુભ ગણાય છે, પ્રશસ્ત ગણાય છે, અને જ્યાં સુધી થોડા પણ અશુભ હર્ષ-ખેદ આપણને નડી રહ્યા હોય છે ત્યાં સુધી શુભ હર્ષ-ખેદ કર્તવ્ય બને છે. પરંતુ એ ચિંતા કરવાની જરૂર નથી કે 'તો પછી તાત્ત્વિક પૂર્ણ સ્વસ્થતા રૂપી સમાધિ ક્યારે આવે ?' કેમ કે અશુભ સર્વથા ટળી જતાં આપોઆપ શુભ પણ આંતર મગ્નતામાં પરિણમી જઈને, વીતરાગ દશા પ્રાપ્ત થશે, અને સર્વ કર્મ ક્ષય થઈ આત્મા તદ્દન સ્થિર પ્રદેશી અને લોકાન્તે સ્થિરવાસી બની જશે.

**મહાન સાધના સમાધિની :-**

વાત આ હતી કે સમાધિ લાવો. એટલે કે અશુભ હર્ષ-ઉદ્વેગને દબાવતા જઈ એટલા એટલા પ્રમાણમાં સ્વસ્થ બનતા જાઓ. આ સ્વસ્થતા એ સ્વરૂપ-ધર્મની કોટિમાં જશે. આ એક મહાન સાધના છે, એનાથી આત્માનું મહાન ઊર્ધ્વીકરણ થાય છે. એ એકાએક નહિ આવે હોં, એનો પ્રખર અભ્યાસ જોઈશે.

પુણ્યે જે સામગ્રી-અનુકૂળતા પામ્યા છો એ કાર્યધર્મ છે. એમાં ફળરૂપે ધર્મનાં દર્શન કરો તો એને ભોગવી લઈને ધર્મના ભુક્કા કરવાનું મન ન થતાં એનાથી ધર્મ પગભર રાખવાનું દિલ થશે, અને એ કરવા આ એક સાધના છે કે સમાધિ જાળવવી, ખોટા હર્ષ, ઉદ્વેગ ન થવા દેવા. એ માટે પાછી કારણધર્મની ભરપૂર સાધનાની જરૂર રહેવાની જ. ખાવાનું ટેસદાર મળે છે, પરંતુ એમાં જો હર્ષની લાગણી નથી થવા દેવી, તો અવારનવાર સર્વથા રસત્યાગ, રોજ અંશે રસત્યાગ, પ્રસંગે નીવિ-છ વિગઈ ત્યાગ, વગેરે આચરવું પડે. નહિતર તો ઠગાવાનું થાય, સારા રસ પર મન બહારથી હર્ષ નહિ દેખાડે અને અંદરખાને મસ્ત હશે !

**બે જાતની કાળજી :-**

કાર્યધર્મ એટલે દુન્યવી અનુકૂળતા. એની વચમાં રહ્યા પણ અંદરખાને સમાધિ, વૈરાગ્ય, તત્ત્વદૃષ્ટિ, ક્ષમા, ઉદારતા વગેરે સાધવાનો અવસર છે, તેમ બહારથી

પણ એ બધાના ઉત્તેજક અને પોષક દયા, દાન, પરોપકાર, વ્રત-નિયમ-સામાયિક, જ્ઞાન-તપ-ભક્તિ વગેરે કારણધર્મ ખૂબ સેવવા જોઈશે. આ એક કાળજી અને બીજી એ કે એ સેવતાં ધ્યાન આ રાખવાનું કે અંદરમાં સ્વરૂપધર્મ એટલે કે શુભ પરિણામ, સમાધિ વૈરાગ્ય વગેરે વધતા આવે છે ને ? સમજી રાખજો કે છેવટે સ્વરૂપધર્મથી જ મોક્ષ છે, પરંતુ કારણધર્મ સેવ્યા વિના એ શી રીતે સિદ્ધ કરી શકશો ? પાપ પ્રવૃત્તિઓમાં તો અશુભ ભાવ રમતા રહેશે.

**અવળી ક્રિયાથી સંસાર :-** જન્મ-જરા-મૃત્યુ, રોગ-શોક-દારિદ્ર, ચિંતા-સંતાપ-પરાધીનતા વગેરેથી ઉપદ્રવરૂપ આ સંસાર અવળી ક્રિયા, અવળા ધંધા, અવળી વિચારસરણીથી તો અસ્ખલિત ચાલ્યો આવે છે, એના કુસંસ્કાર હજી પણ અવળી કાર્યવાહીમાં જીવને સહેજે પ્રવર્તતા રાખે છે. હવે,

**એ સંસાર સવળી કાર્યવાહી વિના શે' મીટે ?**

કુસંસ્કારો મીટવાનું અને સુસંસ્કારો ઘડાવાનું અનેક પ્રકારની ધર્મસાધનાઓમાં રચ્યાપચ્યા રહ્યા વિના કેમ બની શકે ?

એટલે જ બે ફરજ આવી પડે છે,- એક, કારણધર્મને બહુ સેવવાની, અને બીજી, સુસંસ્કરણ માટે અંતરની શુભ પરિણતિ-સ્વરૂપ ધર્મ તરફ પાકું લક્ષ રાખવાની. એ માટે કાર્યધર્મ એટલે કે સગવડ-સંપત્તિ-શરીરમાંથી આ બંને સાધી લેવાનું લક્ષ જોઈશે, ઉદ્યમ જોઈશે.

**સક્રિય પરાર્થ-મૈત્રીની જરૂર :-**

**'મારું મારું,' 'મને સુખ-મને સગવડ' આવી આવી નરી સ્વાર્થ રસિકતાથી નભેલા સંસારને મિટાવવા સ્વાર્થવૃત્તિ-સ્વાર્થપ્રવૃત્તિને દબાવી પરાર્થ-પરોપકારની ભાવના તથા પ્રવૃત્તિને ઝગમગતી કરવી જોઈએ.** પેલી અવળી ક્રિયા છે, આ સવળી ક્રિયા છે. જ્યાં ને ત્યાં દ્વેષ, ઈર્ષ્યા, તિરસ્કાર, અવજ્ઞા, વગેરે લઈને ફર્યા એ અવળી ક્રિયા હતી, હવે સવળી ક્રિયામાં મૈત્રીભાવ, ભ્રાતૃભાવ, દયા, સૌમ્યતા, ઉદારતા વગેરે લઈને ફરવાની જરૂર છે. વર્તમાનમાં જે તન-મન-ધનની અનુકૂળતા મળી છે એમાંથી કાંઈ ને કાંઈ ખર્ચ કરીને મૈત્રી-દયા વગેરેને સક્રિય કરી શકીએ છીએ, કરવાની જરૂર છે. ખર્ચવાના અખાડા હશે તો ભાવના દંભી યા ખાલી મન મનાવવા જેવી બની રહેશે. સ્વરૂપધર્મ એટલે અંતરાત્માનો શુભ પરિણામ. એ એમને એમ ઊભો થઈ જશે એવા વિશ્વાસે તણાશો નહિ. એ ભોગ માગે છે.

**સ્વરૂપધર્મની ગાંઠે પુણ્ય બંધાયું છે :-**

બાકી સ્વરૂપધર્મની બલિહારી છે. એની સાથે જ પુણ્યકર્મની પ્રકૃતિઓ લગભગ જડાયેલી છે. જેમ પાપસ્થાનક સાથે પાપપ્રકૃતિઓ ગાંઠે બંધાયેલી છે,



એમ ધર્મસ્થાનક-શુભ પરિણતિ-શુભ અધ્યવસાય સાથે સહજ સંબંધવાળી છે. પુણ્ય મળશે કે નહિ એ ચિંતા કરવાની જરૂર નહિ, અંતરમાં શુભ પરિણામ ઊભો કરો કે પુણ્યનો સ્ટોક (જથ્થો) આવ્યો જ સમજો. એળિયો ખાઓ એટલે કડવાશ આવવાની. ગોળ ખાઓ એટલે મીઠાશ આવવાની, એવું હૈયાના અશુભ અને શુભ ભાવમાં સમજી રાખો.

**ધર્મ વેચીને અધર્મ ખરીદાય ? :-**

પ્રવૃત્તિની પાછળ આત્માનો તેવો તેવો પરિણામ કામ કરતો હોય છે. અજાણતાં પાપના ઈરાદા વિના પાપની પ્રવૃત્તિ થતી હોય ત્યાં પ્રમાદના પરિણામનો સંભવ છે, એટલે પાપસ્થાનકની પ્રવૃત્તિ પાછળ જો આત્માના અશુભ પરિણામ જ કામ કરતા હશે તો ત્યાં કદાચ બાહ્ય સુખ-સંપત્તિ પુણ્યોદયે મળશે, પરંતુ એમાં પૂર્વનો ધર્મ વેચીને નવાં પાપ ખરીદવાનું થશે. સુખ સંપત્તિ મળી એટલું પુણ્ય ગયું, એ પુણ્યનો ધર્મ ગયો, અને વર્તમાનમાં આત્મામાં અશુભ પરિણામ છે તેથી નવો અધર્મ, નવાં પાપ આવવાનાં.

**કારણધર્મ કેમ બહુ જરૂરી ? :-**

એના બદલે જો આત્માના પરિણામ બગડવા ન દેવાય, શુભ પરિણામ જાગતો રખાય, તો એ નવો ધર્મ ઊભો થયો, એનાથી એક બાજુ સિલકમાંનાં કેટલાંક પાપ નાશ પામવાનાં અને નવાં પુણ્ય ઊભાં થવાનાં. ઘરસંસાર ચલાવતાં અને સાધુને પણ આહારાદિ વાપરતાં કે જન-સન્માન મળતાં જો આ સાવધગીરી રહે તો કાર્યધર્મના ભોગવટા વખતે પણ આત્માનું મહાન રક્ષણ થાય છે. એને પણ શક્ય બનાવવા પાછું કારણધર્મની ખૂબ ખૂબ સાધના તો જોઈશે જ, એ ન ભૂલતા. દેવ-ગુરુ-ધર્મની અનેક રીતે ઉપાસના કરતા રહો તો એનો રસ જામે; તેમજ શાસ્ત્રના બહુ પરિચય રાખતા રહો તો આત્મામાં કૂણાશ, પાપનો ભય, શ્રદ્ધાબળ વગેરે સીંચાતું રહે. આ બધાની અસર પેલા ભોગવટા ઉપર પડે એટલે ત્યાં અંદરખાને આત્મામાં શુભ પરિણામ જાગ્રત રહે.

જીવનમાં આ લક્ષ્ય બંધાયેલું રહેવું જોઈએ કે 'કેમ વધુ ને વધુ સ્વરૂપધર્મ પ્રગટ કરું ! એનો વિકાસ કરતો રહું, અર્થાત્ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપના પરિણામ, અને એની સાથે સંબંધ ધરાવતા શુભ પરિણામ કેમ જાગતા ને વધતા રહે !' એ લગની હોય પછી ધરખમ પ્રયત્ન એ હોય કે બને ત્યાં સુધી દિલમાં ગર્વ કે ગુસ્સાના, ઈર્ષ્યા કે અસૂયાના, સ્વાર્થાંધતાના, જૂઠ-અનીતિના, ખાનપાન-ઠાઠઠઠારો, વગેરે બાહ્ય ભાવની લાગણી ન ઊઠવા દેવી; અને એથી વિરુદ્ધ ક્ષમા-નમ્રતા-મૈત્રી-સંયમ-પ્રમોદ-કરુણા-પરોપકાર-ત્યાગ-તપ-જિનભક્તિ વગેરેના શુભ ભાવ

ઝગમગતા રાખવા. શુભપરિણામના પ્રયત્નને સાંસારિક કાર્ય વખતે કે ધાર્મિકક્રિયા વખતે જીવંત રાખવા હોય તો કોણ રોકે છે ? ઊલટું, કહો કે જૈન જીવન શુભ ભાવ જ રાખવાનું કર્તવ્ય બતાવે છે.

સંસાર ક્રિયાઓ પાપના મહાભાર વધારી જાય એ નથી થવા દેવું; તેમ ધર્મક્રિયાઓ આત્મામાં સંગીન સંસ્કરણ કર્યા વિના ચાલી જાય એ પણ મોખ નથી.' આ ધગશ જોઈએ.

**એનો સીધો ઉપાય** આ છે કે સ્વરૂપધર્મની સાધના જીવંત રાખો; સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પર્યાય વધતા જાય, શુભ પરિણામ શુભ ભાવ-ભાવના-વૃત્તિ વિકસતા રહે એવું કરો. ધર્મનું આ રોકડું ફળ છે; જૈનપણામાંની સમૃદ્ધિ-પુણ્યાઈ વગેરેનું પણ આ રોકડિયું ફળ ઉપજાવવાનું છે. એ આવે એની સાથે સુંદર પુણ્યકર્મની પ્રકૃતિઓ ગાંઠે બંધાયેલી છે. એની ઝંખના નહિ કરવી પડે.

**સ્વરૂપ ધર્મ ઝગમગાવ્યા વિના તીર્થંકર નહિ બનાય :-**

શ્રેણિક મહારાજે અરિહંતભક્તિ અને સમ્યગ્દર્શન ઝગમગાવ્યા, ત્યાં ઝંખના ન કરી કે હું તીર્થંકર થાઉં, રત્નના સમવસરણ પર બેસું, ઇંદ્રો મારી સેવા કરે...' આવી કોઈ ઝંખના ન કરી; છતાં પણ તીર્થંકર નામકર્મનું પુણ્ય ગાંઠે બંધાઈ ગયું. કેમ કે એ અર્હદ્ભક્તિ વગેરેથી અંતરમાં પ્રબળપણે ઝગમગતા સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ ધર્મમાં ઉત્કૃષ્ટ તાકાત છે કે ઉત્કૃષ્ટ પુણ્ય ખેંચી લાવે. પોતાને આ વાતની ખબરેય નહિ, એ તો કોઈ જ્ઞાની કહે ત્યારે એ ખબરેય પડે. આ સિદ્ધિ શાના ઉપર ? સ્વરૂપધર્મની સાધના ઉપર. રાજા શ્રેણિકે તો બહારથી તપ પણ નહોતો કર્યો, સંયમ પણ નહોતું પાળ્યું, સંસારની વેઠ કરી હતી, પરંતુ અંતરમાં સમ્યગ્દર્શનની ઊંચી આરાધના કરી હતી. વીસસ્થાનક તપના ૪૨૦ ઉપવાસ કરીને બેસી રહેવાનું નથી, સાથે કોઈ ઊંચા સ્વરૂપધર્મની, આંતરધર્મની, આરાધના કરવાની છે; અને તે વીસ સ્થાનક પૈકીના એક યા અનેક પદની જ્વલંત ઉપાસના માગે છે. પતંગિયો દીવાની જ્યોતની આસપાસ ઘૂમ્યો રહે છે, ભમરી ઇયળની આસપાસ ગુંજી રહે છે, મોરલાં મેઘગર્જના પર થનમનાટ અનુભવે છે, એમ અરિહંત, સિદ્ધ, પ્રવચન વગેરે પાછળ આત્મા ગુંજતો થઈ જાય, ઉપાસનામગ્ન બની જાય, એવું કરો.

શ્રેણિકને અરિહંતની માયા લાગી, તો વીરપ્રભુની પાછળ ગુલતાન થઈ ગયો, **'મારા વીર, મારા વીર'** એમ હૈયું ઉછાળા મારી રહ્યું છે. પ્રભુની સુખશાતાના સમાચાર સાંભળવા હૈયું તલસે છે, સુખશાતાના સમાચાર સાંભળતાં રોમાંચ અનુભવે છે. સંભળાવનારને કિંમતી ભેટથી નવાજી દે છે, હૈયું હિલોળે ચઢે છે, 'મારા



નાથ ! મારા તારણહાર ! પ્રભુ આપની સુખશાતા એટલે અમારા પ્રાણની સુખશાતા ! ચિરંજીવો પ્રભુ ! અમર તપો ! આપનાથી જ હું જીવતો છું, કેવા સર્વકલ્યાણદાતા આપ મને મળ્યા...' એવાં એવાં હૈયે આંદોલનો ઊઠે છે.

સુલસાને અંબડ પરિવ્રાજક કહે છે. 'પ્રભુ મહાવીરદેવે તમને સુખશાતા કહેવરાવી છે.' સુલસાનું હૈયું નાચી ઊઠે છે, 'આહા નાથ ! આપ સુખશાતામાં, અમારી ધન્ય ઘડી ! અને મારા હૃદયદેવ ! મને આપે સંદેશો કહેવડાવ્યો ? શી મારી લાયકાત કે આપ મને યાદ કરી સંદેશો કહેવડાવો ? ક્યાં મારી વિષયલંપટ, કષાયગ્રસ્ત અને હિંસાદિપાપ-પરાયણ અધમ દશા, ને ક્યાં ત્રિલોકનાથ, સુરાસુરેંદ્રસેવિત, ત્રણ ભુવનના ગુરુ આપની મારા પર કૃપાની મેઘવર્ષા !' ઝૂકી ઝૂકીને પ્રણામ કરે છે. ગદ્ગદ થાય છે, આંખમાંથી કૃતજ્ઞભાવ અને હર્ષનાં દડદડ આંસુ ટપકે છે !

સમ્યગ્દર્શનરૂપી સ્વરૂપધર્મની સાધનાનું આ દૃષ્ટાન્ત છે. અર્હદ્ભક્તિના અરિહંતની ઉપાસનાના નમૂના છે. એની આગળ બ્રહ્મા-વિષ્ણુ-મહેશનાં લેશમાત્ર આકર્ષણ કે ઇંતેજારી નથી. દેવાધિદેવની અને એમના શાસનની જરાય હલકાઈ જોવા દિલ તૈયાર નથી.

પરીક્ષક **દર્દુરાંક** દેવ પર શ્રેણિક ગુસ્સે થઈ જાય છે. ભરી સભામાંથી ઊભો થઈ એ દેવને પ્રભુની આશાતના કરતો અટકાવવા દોડે છે ! કોઈ લજ્જા નથી આવતી કે બધા બેઠા છે. તો મારાથી કેમ દોડાય ? અંતરમાં શ્રદ્ધા-પ્રીતિ દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ઉછાળા મારતી રાખી હોય તો આ બની શકે.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૦,અંક-૨૨,તા.૧૭-૨-૧૯૬૨**

## 'કારણ-સ્વરૂપ-કાર્યધર્મ'

**ધર્મનું રોકડું ફળ :-**

ધર્મસાધના કરતાં કરતાં દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે શ્રદ્ધા પ્રીતિ ઊછળતી કરવાની છે. ધર્મનું એ રોકડું ફળ હાંસલ કરવાનું છે; વાયદાનો વેપાર નહિ કે 'કરો ભાઈ આટલો ધર્મ એટલે ભવાંતરે પુણ્યોદયે સુખ મળે.' વાયદાનું સુખ નહિ પણ આ રોકડું પ્રત્યક્ષ સુખ એ શ્રદ્ધા-પ્રીતિના સંવેદનનું. એમાં આવડે તો અપૂર્વ આનંદનો અનુભવ થાય.

**તપનું રોકડું ફળ :-** અઠ્ઠાઈ-અઠ્ઠમ કર્યો, રોકડું ફળ આ ઊભું કરવાનું છે, અણાહારી પદની વાનગી; પુદ્ગલની કેદમાંથી છૂટ્યાનો પરમ આનંદ.

**ચૈત્યવંદનનાં રોકડાં ફળ :-** ચૈત્યવંદન-સ્તવન કર્યા પછી મંગાવ્યું ભવનિર્વેદ માર્ગાનુસારિતા...વગેરે પૈસા ટકા સંપત્તિ નહિ, દેવલોક નહિ. આગળ વધીને ચરણસેવા મંગાવી 'મોક્ષ' જ માગને ? ના, એ માગું પણ વચમાં જો ભવ કરવા પડે તો ત્યાં શું થાય ? માટે ત્યાંય સલામતી રહે, એ સારું ચરણસેવા માગી. એ પણ પહેલાં રોકડું ભવનિર્વેદ વગેરે ફળ માંગ્યા પછી.

**બાધાનું રોકડું ફળ :-** એમ નાની બાધા લીધી, 'મહારાજ ! ચા નહિ પીઉં, બીડી નહિ પીઉં, એક ટંક ઘી નહિ ખાઉં...તો ત્યાં એટલો પુદ્ગલ પરિચય ઓછો કર્યો, આત્મામાં એટલી અનાસક્તિ ઊભી કરી, આ સ્વરૂપધર્મ. એ રોકડું ફળ મલ્યું. ધ્યાન રાખજો, અંતે વીતરાગ બનવું છે ને ? તો ત્યારે જડમાત્રનાં આકર્ષણ મિટાવી દેવાં પડશે. એ આત્માનું ઉત્કૃષ્ટ શુદ્ધ સ્વરૂપ છે. એ સ્વરૂપનો અંશ અહીં નાની પણ બાધામાં પ્રાપ્ત થાય છે. તે રોકડો મળે છે. આ કમ લાભ છે ? દેવતાઈ ઠકરાઈ એની સામે કાંઈ જ વિસાતમાં નથી, કેમ કે એ ઠકરાઈમાં તો પુદ્ગલના ભારે પરિચય-આકર્ષણ છે, એ આત્મઘાતક છે.

એક નવકારશીને બદલે પોરિસી કરો એમાં એટલો પુદ્ગલપરિચય અટકાવ્યો, આકર્ષણ મોળું પાડ્યું. એ રોકડો લાભ સ્વરૂપધર્મનો મલ્યો. ઉપવાસ કર્યો તો વધુ રોકડો લાભ મેળવ્યો અંતે મોક્ષ જોઈએ છે ત્યાં સંપૂર્ણ અણાહારીપણાનું સ્વરૂપ છે. એનો અંશ અહીં ઊભો થાય છે. કેવો સરસ લાભ !

**અત્તર અને લસણ :-**

એમ મોક્ષમાં આત્મહિતની પરાકાષ્ઠા આવી જાય છે, જીવ કલ્યાણમય, સુખમય બની જાય છે. એ એનું ઉત્કૃષ્ટ સ્વરૂપ છે. એ સ્વરૂપનો અંશ અહીં પ્રગટ કરવો હોય તો કેવી રીતે બને ? અંતરને હિતની જ એકમાત્ર ભાવનાથી વાસિત કરવું પડે ને ? અને એ માટે માત્ર પોતાના જ નહિ પણ કોઈના ય અહિતની, વૈરની કે દુઃખ દેવાની ભાવના અંતરમાં ન જ ઘલાયને ? કપડાને અત્તરથી મઘમઘ કરવું હોય તો કોઈ અત્તરના પૂમડા વગેરે સાથે લસણ ન જ મુકાય; ન મૂકો તો જ કેવળ અત્તરની ફોરમ કપડાના ખૂણેખૂણે ફેલાયેલી જોવા મળે. બસ એ રીતે જ આપણા દિલમાં કોઈની ય અહિતની વૈરની કે દુઃખ દેવાની ભાવના ઊભી ન રહેવા દઈએ, તેમજ વિષયોની નિર્ભીક લાલસા, આસક્તિરૂપી સ્વાત્માના અહિતની લાગણી ઠેરવા ન દઈએ તો હિતભાવનાથી હૈયું મઘમઘાયવાન બને.

પર-અહિત, વૈર વગેરેની લાગણીને હટાવવા માટે આ એક ઉપાય છે, સર્વના હિતની ભાવના વારંવાર કરવી.

બીજો ઉપાય છે વૈરાદિનાં કટુફળ વગેરે અંગેનાં જિનવચન પર અથાગ



શ્રદ્ધા કરવી તે.

એમ, 'આપણે મહાપુરુષોના વારસદાર છીએ, તેથી એમના ઘોર અપકારી ઉપરના પણ ક્ષમા અને દયા ભર્યા ઉદાર ચરિત્રના વારસા લઈ એ માર્ગે જ પ્રયાણ કરવું ઘટે' આ નિર્ધારથી પણ પર અહિતની વૃત્તિથી પાછા હટી શકીએ.

જીવોનું હિત ભાવવાથી દિલ ઉદાર, સ્નેહાળ, અને મુલાયમ બને છે. કાર્યધર્મરૂપે અનેક પ્રકારનાં અહીં પુણ્યફળ મલ્યાં છે, તત્ત્વ સમજ મળી છે, જીવોની ઓળખ મળી છે, તો પરના હિતની ભાવના વગેરે દ્વારા પરના પણ અહિતની વૃત્તિ, વૈરની ગાંઠ, કે કોઈને ય દુઃખ દેવાની બુદ્ધિને નામશેષ કરી દેવી જોઈએ. એથી દિલમાં કેવળ હિતની ભાવનાનો પમરાટ ફેલાઈ જાય. તો એકાંત હિતમય સ્વરૂપના અંશરૂપ સ્વરૂપધર્મ પ્રગટ થાય.

પુણ્યશાળી છો કે વિશ્વહિતકારી જૈન દર્શન પામ્યા છો, સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવની ઓળખ મળી છે, સંઘ-સાધર્મિક મલ્યા છે. 'હવે સર્વના હિતની ભાવના અને ઊછળતો સંઘ-સાધર્મિકનો પ્રેમ, આ બે મહાન લાભ શા સારુ જતા કરવા ? મોક્ષસ્વરૂપના અંશનો રોકડો લાભ કયો મોક્ષાર્થી જતો કરે ? અને તમે ય તમારી જાત માટે બીજાઓ તરફથી શી અપેક્ષા રાખો છો ? સૌ કોઈ તમારા હિતને ચાહે, તમારા પર પ્રેમ વરસાવે, એ જ ને ? તો પછી સહેજે સહેજે પણ એ જ વસ્તુ બીજાઓ પ્રત્યે કરવાનું દિલ ન રહે ?

બસ, વાત આ છે કે એકાંતે હિતમય બનવા માટે હિતભાવનાથી હૈયું ભર્યું ભર્યું રાખો, કોઈ અહિતકારી વિચાર ઊઠવા જ ન દેવો. મહાન સ્વરૂપધર્મનો રોકડો પ્રત્યક્ષ લાભ થશે, પુણ્યાઈના વાયદાના લાભ, પરોક્ષ લાભ શું બહુ જોયા કરવા'તા ? ત્યારે, પૂછો.

**પ્ર.- તો પછી શાસ્ત્રે ધર્મસાધનાના ફળ તરીકે સ્વર્ગાદિ કેમ બતાવ્યા ?**

ઉ.-શાસ્ત્ર તો જે બનતું હોય, જેવું બનતું હોય તે જ બતાવે તેવું જ બતાવે. પરંતુ સાથે એ જુઓ કે શાસ્ત્રે સાથે કાર્યધર્મ તરીકે ઓળખ આપીને એમાંથી શું સાધી લેવાનું ફરમાવ્યું છે ? ભોગ નહિ, યોગ; રાગ નહિ, ત્યાગ; મોજમજા નહિ, તપસ્યા; સ્વાર્થલાલસા નહિ, પરાર્થ ભાવના. શાસ્ત્રે આ ફરમાવેલું કેમ ભૂલી જાઓ ?

ખોળિયા તરફ દૃષ્ટિ ગઈ, ત્યાં સારું-રૂપાળું-સશક્ત જોઈ મલકાવાનું નહિ, પણ એને કાર્યધર્મ તરીકે નીરખવાનું. એમાં પૂર્વ ધર્મનાં દર્શન થાય. ધર્મ ખવાતો ચાલ્યો છે એ દેખાય, નવા નવા કારણધર્મ અને સ્વરૂપધર્મની સાધનાઓ સ્ફુરે, એનાં મંડાણ થાય. છોકરો પ્રેમથી 'બાપાજી બાપાજી' કરતો દોડતો આવ્યો, ત્યાં

પણ કાર્યધર્મનાં દર્શન કરવાનાં, તો ત્યાં જ એનું અને પોતાનું કોઈ આત્મહિત ઊભું કરવા સ્ફુરણા થાય. છોકરા માટે કમમાં કમ એવી શુભેચ્છા સ્ફુરે 'આ બિચારો માંડ આ મનુષ્યભવમાં આવ્યો હશે, એના આત્માનું કલ્યાણ થાઓ !' જાત માટે એમ થાય કે 'કેવો એનો મારા પ્રત્યે સારો પ્રેમ છે ! તો હું એને સન્માર્ગે જોડી શકીશ !' અથવા છોકરાનો પ્રેમ દેખી વિચારે 'કેવા મોહના ખેલ !'

**પુણ્યફળ ભોગવતાં જાગૃતિ કેમ રહે ?**

રૂડા માનવભવમાં એક ઉદ્દેશ, સ્વરૂપધર્મ બને તેટલો સાધી લેવાનો રહેવો જોઈએ; તે જાગતો રાખો તો જ રહે. ભોજનની વેપારની, વહેવારની વગેરે પ્રવૃત્તિ વખતે જાગૃતિ કાયમ. જમવા બેઠા, વિચાર આવે કે 'શા માટે બેઠો ? ભૂખની અસમાધિ ટાળવા. અસમાધિ એ સમાધિ-સ્વસ્થતાનો દુશ્મન છે. અસમાધિ ટાળે તો સમાધિનો સ્વરૂપધર્મ મળે.' ધંધો કરવા ગયા, શા માટે ? આજીવિકાના પ્રશ્નની અસમાધિ ટાળવા.

**લાખો મળ્યે સમાધિ ખરી ?**

ત્યારે કોઈ કહે. 'એમ હજારો-લાખો લેવા જઈએ છીએ એ પણ ચિત્તની અસમાધિ ટાળવા,' તો શું એ સાચું છે ?

ના, કેમ કે એમાં તો જો મલ્યા તો પછી એના પર ગાઢ મૂર્ચ્છા અને કેઈ પાપારંભના વિચાર આવે છે એ વળી મહાઅસમાધિ છે. ત્યારે જો ન મળ્યા, તો તો અસમાધિનું પૂછવું જ શું ?

એવું જ દારૂડિયો કે અભક્ષ્યભોજી જો કહે કે 'હું પણ અસમાધિ ટાળવા ચઢાવું છું, ખાઉં છું ! તો તેય ખોટું. કેમ કે દારૂ પીને કે અભક્ષ્ય ખાઈને ચાલુ ખાનપાનની ચીજો કરતાં ઘણો ઘણો હર્ષિત થવાનો, એ જ મહાઅસમાધિ ! માટે મનની માનેલી સમાધિમાં ફસાતા નહિ.

દુન્યવી પદાર્થોની ગૃદ્ધિ, આસક્તિ, લોભ, મમતા, કે ન ગમતા પર દ્વેષ, અરુચિ, ઉકળાટ...આ બધાં અસમાધિનાં રૂપક છે. માટે વાતવાતમાં અનુકૂળતા શોધીએ છીએ. જરાક શી પ્રતિકૂળતા ય ખટકે છે, પછી અનુકૂળ સર કરવા અને પ્રતિકૂળ રોકવા-હટાવવા સમાધિના નામે મથીએ છીએ, પરંતુ એ જોવા જેવું છે કે માનો કદાચ સારું મન માન્યું-અનુકૂળ મળ્યું અને પ્રતિકૂળ ટળ્યું, તો પછી જીવને એની સારી હૂંફ રહે છે ને ? તો એ રાગની અસમાધિ થઈ સમજો. તે પાછી વિષય-સંસ્કાર, કષાય-સંસ્કારને મજબૂત કરનારી ! એટલે આગળ વધુ મરો થાય. ભૂલશો નહિ, દ્વેષની અસમાધિ કરતાં રાગની અસમાધિ મોટી છે.

ખરી રીતે મનને સમજાવી લેવું જોઈએ કે **'અનુકૂળના અભાવમાં અને**



**પ્રતિકૂળની હયાતીમાં સહિષ્ણુ બન, તો અસમાધિ હજી ઓછી થવાનો અવસર છે :** બાકી મન માન્યું પૂર્યે જવામાં તો રાગની મહાઅસમાધિ અને કુસંસ્કાર વધ્યે જાય છે.'

**જીવન જરૂરીમાં ઉદ્દેશ :-** જીવન જીવવાની ખાસ જરૂરિયાતો પૂરવામાં અસમાધિ ટાળવાનો આશય સચવાય છે, સાથે દેવ-ગુરુ-ધર્મની મસ્ત આરાધના કરવાનો ઉદ્દેશ રાખી શકાય. ત્યાં મનમાં રહે કે આ ધંધા-ધાપાની લપ એટલા માટે કે 'જીવન નિર્વાહની ચિંતા મટવાથી નિરાંતે મસ્તીથી દેવ-ગુરુની સારી ભક્તિ કરું, ફરી ફરી આવા દેવ-ગુરુ ક્યાં મળવાનું નક્કી છે ? અત્યાર સુધી મળ્યા ય ક્યાં હશે ? મલ્યા અને ભક્તિ કરી હોત તો આવી વર્તમાન કર્મ પીડિત દુર્દશા હોય ?...આવા આવા તરંગ પાછળ આત્મામાં વિકસતો શુભ પરિણામ એ સ્વરૂપ-ધર્મ છે.

અથવા એમ થાય કે આ બધું કરવું પડે છે તેમાં માત્ર એક ટ્રસ્ટી તરીકે વર્તું. મારું કુટુંબ પણ ટ્રસ્ટીમંડળમાં. એટલે બધા ટ્રસ્ટીઓને જે ખાન-પાન પહેરવેશ વગેરે ભોગવવાનું તે ટ્રસ્ટી તરીકે. બાકી બધું દેવ-ગુરુ-ધર્મની માલિકીનું. કરોડપતિના છોકરાને સાચવવા માટેના ટ્રસ્ટમાં મોટર હોય તો ટ્રસ્ટી મોટર પણ ભોગવે છે, પરંતુ સમજીને કે આ ટ્રસ્ટનો માલ છે, મારો નહિ; ટ્રસ્ટનું હિત ખાસ જોતા રહેવાનું. એવું અહીં દેવ-ગુરુ-ધર્મનું હિત ખાસ જોતા રહેવાનું.

**ઉપસંહાર :-**

સંસાર જન્મ-જરા-મૃત્યુ, આધિ-વ્યાધિ, વગેરે અનેક આપદાઓથી ભરેલો છે, માટે ઉપદ્રવરૂપ છે. સંસાર જીવને એક કોટે વળગેલી બલા છે. પણ બલારૂપ માન્યા પછી એકદમ એ ફેંકી ફેંકાય એમ નથી. એના માટે તન-મન-ધન અને ઈન્દ્રિયોની બધી શક્તિ ધર્મમાં કામે લગાડી દેવી જોઈએ છે. ધર્મ પણ સ્વરૂપધર્મ જ્યારે પરાકાષ્ઠાએ પહોંચશે ત્યારે સંસાર છૂટી જશે. એમાં પરાકાષ્ઠાનો સ્વરૂપધર્મ એટલે ક્ષાયિક કોટીના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર; એ લાવવા માટે અંશે અંશે એને દિલમાં વિકસાવતા રહેવાનું છે; એને યોગ્ય શુભ પરિણામ જાગતા રાખવાના છે.

સ્વરૂપધર્મ જગાવતા-વિકસાવતા રહેવાનું ખાસ કરીને તો કારણધર્મની એટલે કે મન-વચન-કાયા અને ઈન્દ્રયોથી વિવિધ ધર્મ અનુષ્ઠાનો સુકૃતો-સદ્આચારો ભરપૂર પ્રમાણમાં સેવતા રહેવાથી થશે. બાકી દુન્યવી સગવડ-સામગ્રી અને પ્રવૃત્તિમાં કાર્યધર્મનાં દર્શન જાગતાં રાખી એમાંથી શક્ય વધુ કારણધર્મ સાધી લેવા અને સવરૂપધર્મ પ્રગટાવી લેવાનો છે. સૌ કોઈ આ પામો એ શુભેચ્છા.

## "દેવની દિવાળી-અને નિર્વાણનું સરવૈયું"

**"મારે દિવાળી થઈ આજ, પ્રભુ મુખ જોવાને,**
**મહાવીર સ્વામી મુગતે પહોંચ્યા ગૌતમ કેવલ જ્ઞાનરે,**
**ધન્ય અમાવાસ્યા, ધન્ય દિવાળી મારે,**
**વીર પ્રભુ નિરવાણ... ભવ દુઃખ ખોવાને."**

**ભાવ-દીપકનું સ્મરણ કરાવતી દીપાવલિ-**

દિવાળી એ શબ્દ હોળી શબ્દની સામે જુદો જ ભાવ લાવે છે. હોળીને લોકો પર્વ ગણે છે ખરા, પણ તે જ્યારે બહુમાનથી નથી જોવાતું. ત્યારે દિવાળી પર્વ આદર સહિત જોવાય છે. કેમ કે આ પર્વમાં જાણે નવા સુખના પ્રકાશ પથરાતા લાગે છે. આપણે ત્યાં મહાવીર પ્રભુના કલ્યાણક સાથે દિવાળી પર્વ સંકળાયેલું છે. લોકમાં પણ શરૂઆત એથી જ થયેલી, પણ પડતા કાળે આશય ફર્યા. છતાં અંતિમ તીર્થપતિના નિર્વાણ કલ્યાણકથી અંકિત થયેલો આ દિવસ દર વર્ષે આપણી પાસે આવીને જાય છે, ત્યારે **'આપણને સર્વશ્રેષ્ઠ ભાવ-દીપકનો વિરહ પડ્યો છે,'** એવું સ્મરણ તાજું કરાવી જાય છે, પરંપરાથી લોકે દીપકનો રિવાજ રાખ્યો એમ જૈનોએ પણ દીપકનો રિવાજ ચાલુ તો રાખ્યો, પરંતુ ખરી રીતે તો તે ભાવ-દીવાને યાદ કરવા માટે હોવો જોઈએ. ભાવ દીપક સર્વજ્ઞ શ્રી વીરપ્રભુ, પ્રભુનું મોક્ષકલ્યાણક.

**દિવાળી દેવની : આપણે શું કરવું** એ વિચારવાનું છે. દેવાધિદેવની દિવાળી છે, એ દિવાળીમાં '(૧) દેવાધિદેવે શું કર્યું ? (૨) આપણે શું કરી રહ્યા છીએ ? ને (૩) શું કરવા યોગ્ય છે ?' આ ત્રણ વિચારણા કરવાની છે. બાકી ગમે તેમ પર્વ વિતાવ્યું, તેથી દિવાળી ઉજવ્યાનો સંતોષ કેમ મનાય ? એમ તો લોકો પણ દિવાળી ઊજવે છે. પરંતુ આપણે કોઈ એવી લૌકિક દિવાળી માનવા ઊજવવાની નહિ, પરંતુ દેવની દિવાળી માનવાની ને ઊજવવાની છે, અને એ માટે વિચાર કરવાનો છે એનો વિચાર કરતાં પ્રભુની એ દિવાળી કેમ બની, એ વિચારવું જોઈએ. એ માટે પ્રભુના જીવન પર દષ્ટિપાત કરી, દિવાળીએ એમણે શું કર્યું એ જોવું જોઈશે.

શાસ્ત્રીય કાર્તિક અમાવાસ્યા તે આજની આસો અમાસ; તે રાત્રિના છેલ્લા



મુહૂર્તે શ્રી મહાવીર પરમાત્માનું નિર્વાણ થયું. વેપારીઓ એ રાત્રે બેસી વર્ષની કાર્યવહીની સમાપ્તિ કરે છે, અને નફાનું તથા લેવડ-દેવડનું સરવૈયું કાઢે છે. એ ભૂલવાનું નથી કે દુન્યવી વેપારની નુકસાનીની ભરપાઈ સાથે નફાનું સરવૈયું તો એક સામાન્ય અણઘડ જેવો વેપારી પણ કાઢી શકે છે; ત્યારે આસ્તિકતાની રૂએ આત્માના પૂજારી આપણે આત્માના સંબંધમાં તદન બેદરકાર કે અજ્ઞાન ક્યાં સુધી-રહીશું ? પ્રભુએ સંસારની કાર્યવાહીની સમાપ્તિ કરી, નુકસાનીનાં વળતર વાળી દીધાં, ને આત્મમિલકત સાથે નીતરતું નફાનું સરવૈયું કાઢ્યું ! અલબત સર્વજ્ઞ-બન્યા ત્યારે અનંત ઋદ્ધિ તો મળી હતી પણ હવે સર્વાંગ-સંપન્ન બન્યા, સર્વાંગ-સમૃદ્ધ બન્યા.

આજ સુધી પ્રભુનો આત્મા પણ બીજા જીવોની જેમ ભવાટવીમાં ઘૂમી ઘૂમીને નુકસાની પર નુકસાની કર્યે રાખતો હતો. કેમ કે "મોહ અને અજ્ઞાનના રવાડે-ચડેલો જીવ ભવ-બજારમાં ધૂમે છે; અને અવળા વેપાર કરે છે. નરક-તિર્યંચના ભવોમાંથી માંડ અહીં આવેલો જીવ, તેને પ્રાપ્ત થયેલી આત્મ-સમૃદ્ધિ હસ્તગત કરવાની તકને હોડમાં મૂકે છે ! અહીં જ કોઈ સમજ-શક્તિ, સારી પુન્યાઈ, ને સગવડ મળી, તે તો આત્માની ઋદ્ધિ હાથ કરવાની ઊંચી તક ગણાય. પણ તે મોહ-મૂઢતામાં બધી બરબાદ ! ને પરિણામે જીવનના અંતે અપાર નુકસાનીના સરવૈયા ! પ્રભુના આત્માએ દૂર પૂર્વનાં ભવોમાં તો તેવાં સરવૈયાં કાઢેલાં, પણ આજથી ચોવીસો સત્તાણુ (૨૪૯૭) વર્ષ પહેલાં એવી દિવાળી પ્રભુએ ઊજવી, કે જેમાં સર્વ નુકસાનીનું વળતર કરીને કેવળ શુદ્ધનફાનું સરવૈયું કાઢ્યું, ચારે ગતિના જન્મ-મરણના દેવાળિયા ચોપડા ચૂકતે કરી નાખ્યા. માનવ ભવરૂપી અદ્વિતીય બજારે કરેલા ધૂમ ધર્મ-વ્યાપારને અંતે સરવૈયામાં સમસ્ત દોષો ટાળી અનંત ગુણોનો નફો તારવ્યો. અહો ! આ ધન્ય દિવસ ! કેવી ધન્ય દિવાળી ! કેવું ધન્ય નિર્વાણ કલ્યાણક !

**જુગ જુગ જીવો ચિરંજીવો, મહા પવિત્ર આ દિન-દીવો !**

**દિવાળીમાં પ્રભુએ અવનવું શું કર્યું છે,** એ જોઈએ તો લૌકિક પ્રવૃત્તિથી પાછા હટાય, પણ તમને તો લોકથી જુદા પાડવામાં જે નાલેશી લાગે છે તે પરમાત્માથી જુદા પાડવામાં નથી લાગતી !! તેથી જ તમારે દિવાળી એટલે આટલું જ ને, કે જીવડાં સાફ થઈ જાય એવી ઘરની સાફસુફી કરવાની, આત્માની શત્રુભૂત ઈન્દ્રિયોને પાનો ચડે એવા મિષ્ટાન્ન બનાવવાનાં, કપડાં શણગારવાનાં... વગેરે

વગેરે ? પણ દેવની લોકોત્તર દિવાળી આમાં નહિ, આ તો લૌકિક દિવાળી ! એમાં નુકસાનો ઉપર નુકસાન વધારાય છે. નફો જોવો હોય તો પરમાત્માનો જુઓ. એમણે એવી દિવાળી કરી કે હવે જન્મ-મરણની પેઢી ચલાવવાની જરૂર નહિ ! એમણે તો આખી પેઢીને જ સંકેલી લીધી. દુકાનમાં જેમ સોદા માટે શેતરંજ પાથરેલી હતી એના પર કર્મબંધનના સોદા થતા, શેતરંજ હવે પ્રભુએ ઉપાડી લીધી; અને ચતુર્ગતિ-ભ્રમણ રૂપી સંસારમાત્રની સમાપ્તિ કરી. આજ સુધીમાં આત્માએ પોતાની તારાજી કરનારી અને કિંમતી શક્તિઓને વેડફી નાખનારી પરપુદ્ગલની રમત ઘણી આદરી હતી તેનો અહીં અંત આણ્યો; માટે જ આપણે આ નિર્વાણનો મહા પવિત્ર દિવસ એવી રીતે ઊજવીએ કે પ્રભુના જ્ઞાન-દીવામાંથી આપણો જ્ઞાન દીવો પ્રગટાવાય, અને એમની સુખ-મશાલમાંથી આપણી પણ સુખ-મશાલ પ્રગટે.

**પ્રભુએ નિર્વાણનું સરવૈયું એવું કાઢ્યું કે** એમાં બધી જંજાળની સમાપ્તિ કરી, નુકસાનીઓ બધી પાછી વાળી, ત્યારે નફો ! શાનો તારવ્યો ? ચાર અનંતા અને ચાર અક્ષયનો નફો. ચાર અનંતામાં અનંતજ્ઞાન અને અનંતદર્શન એવા કે એમાં ભૂત, ભવિષ્ય અને વર્તમાનના જગતનાં પદાર્થ માત્રની સઘળી અવસ્થાઓ, એકે એક જીવ અનંતકાળમાં એકે એક ભવમાં ઝીણામાં ઝીણું શું શું કરી આવ્યો, શી શી વિટંબણાઓ ભોગવી આવ્યો, એના શા શા પરિણામ આવ્યા તે સર્વ પ્રત્યક્ષ દેખાયા. કંદમૂળનો જે સૂક્ષ્મમાં સૂક્ષ્મ કણ દેખાય છે, તેમાં અસંખ્ય શરીરો, અને એ એકેક શરીરમાં રહેલા અનંતા જીવો, તેમાંના એકેક જીવ પર રહેલી અનંતી કર્મ-રાશિઓ, તે એકેક રાશિમાં રહેલા અનંત પરમાણુઓ, તેમાંના એકેક પરમાણુ પર બનતા ભૂત, વર્તમાન ને ભવિષ્યના અનંત પર્યાયો ! આ બધું સાક્ષાત્ દેખે ! અનંત દર્શન અને અનંતજ્ઞાનની સાથે અનંત વીર્ય-શક્તિ અને અનંત સુખ પ્રગટ્યા. એ થયા ચાર અનંતા. આમાં શક્તિ અનંત છે, પણ એ શક્તિનો ઉપયોગ નથી કરવાનો હોતો, કેમ કે એ પરમાત્મા પરપુદ્ગલને પરાધીન નથી. સુખ અનંત એવું કે સર્વ જીવોના વિષયસુખ કરતાં અનંતગુણું છે; કેમ કે વિષયસુખ પરિમિત વિષયને પરાધીન; ત્યારે આ આત્માનું વિષયનિરપેક્ષ સહજ સુખ છે.

ચાર અક્ષયમાં, (૧) અક્ષય સ્થિતિ-અજરામરતા ! અર્થાત્ જન્મ, જરા ને મૃત્યુનું નામનિશાન નહિ. (૨) બીજું અક્ષય સ્વસ્થતા, યથાખ્યાત ચારિત્ર, વીતરાગતા, આત્મ-સ્વરૂપમાં રમણતા. સિદ્ધ ભગવંતોની રમણતા ક્યાં ? આત્માનાં



સ્વરૂપમાં. આત્માનું મુખ્ય સ્વરૂપ જ્ઞાન ચૈતન્ય. જ્ઞાનથી માત્ર જગતને જોવાનું એટલું જ, એ સ્વરૂપ રમણતા. એમાં કોઈ રાગ-દ્વેષ નહિ કરવાનાં. (૩) ત્રીજું અક્ષય અરૂપિપણું ! આજ સુધી શરીર દ્વારા રૂપી હતા. તે રૂપ પાછા વારંવાર પલટાતા હવે કદી રૂપી નહિ બનવાનું આપણે સ્વરૂપે અરૂપી છતાં, રૂપના વેઠિયા બન્યા છીએ, શેઠિયા નહિ ! શેઠિયો હોય, તે તો અધિકારવાળો હોય; જેમ કે મોટરનો માલિક શેઠ કહેવાય, પરંતુ ચલાવનાર ડ્રાઈવર એ વેઠિયો ગણાય, ભલે એને મોટરમાં બેસવાનું મળે. તેમ આ જીવને સારા રૂપના ભોગ મળે ખરા, પણ જીવ એનો વેઠિયો, શેઠિયો નહિ; જીવનો એના ઉપર અધિકાર નહિ. જગતનું એવું કોઈ રૂપ નથી કે જે મનમાન્યું ટકે. એનું જ નામ પલટાતું રૂપિપણું અક્ષયતા-અરૂપીતાવાળાને તો કોઈ પુદ્ગલનો લોચો લેવાનો જ નહિ, વધારવાનો નહિ. પુદ્ગલ માત્રનો કોઈ પ્રકારનો લેપ નહિ, પણ કાયમી અરૂપીપણું એટલે રૂપની વેઠ-નોકરી ગઈ. (૪) ચોથું અક્ષય-અગુરુલઘુપણું કોઈ ઊંચ-નીચપણાની જંજાળ ઊભેલી નહિ.

એ દેવાધિદેવે જેમ નિર્વાણદિને અનંતાનંત કાળથી ચાલી આવેલી કર્મ જંજાળની પ્રવૃત્તિ સમાપ્ત કરી અને ધર્મ વ્યાપારથી નફામાં ચાર અનંતા અને ચાર અક્ષયનું સરવૈયું કાઢ્યું, તેમ શું આપણે એજ દિને માત્ર એક વર્ષની પણ પાપ-પ્રવૃત્તિ પાછી વાળી લઈ, પુણ્ય અને આત્મગુણોના નફાનું સરવૈયું કાઢીએ ખરા ? કે હવે કાઢીશું ? તેવું આપણું સરવૈયું જો નીકળવાનું હોય, તો તો ન્યાલ થઈ જઈએ. પણ જો નુકસાની ભર્યું સરવૈયું નીકળતું હોય તો નવા વર્ષમાં તૈયારી નફો તારવવા માટેની જોરદાર રાખવાની. નવા વરસમાં આત્મ-ગુણો અને સુકૃત્યોના ધંધા એવા આદરવાના સંકલ્પ-નિર્ધાર કરવાના કે આવતું સરવૈયું નફાનું કાઢી શકીએ. જો પાપસ્થાનકના ચરખા ઓછા કરી નાખ્યા હોય, તો પછી બહુ નુકસાનીનું સૂતર ન ઊતરે, એટલે વળતર બહુ ન કરવા પડે !

**ધન્ય અમાવાસ્યા, ધન્ય દિવાળી મારે, વીર પ્રભુ નિરવાણ :-**

વિચારો, પ્રભુને કેવો અનંત લાભ મળી ગયો ! પ્રભુ કેવા ન્યાલ થઈ ગયા ! પ્રભુ નિર્વાણ પામ્યા તે જો કે આપણા માટે તો એમનો વિયોગ થવાથી આપણને એક વાતે ખોટ ગઈ, પરંતુ એમને તો અનંત અનંત કમાઈ થઈ, એમણે પોતે બધી જંજાળનો અંત કરી એવા ઉત્તમ સ્થાનની પ્રાપ્તિ કરી, કે જે સ્થાનમાં કોઈ વાતની બાકી કે કમીના નથી ! ત્યારે જ્યાં આપણે બેઠા છીએ. ત્યાં બાકીનો

પાર નહિ, ને કમીનાનો ખાડો ઊંડો ને ઊંડો જ લાગે છે ! જાણે કેટલું બધું અધુરું ? ફરીથી યાદ કરો, દિવાળીએ પ્રભુએ સરવૈયું કેવું કાઢ્યું ? (૧) અનંતા દોષોની નુકસાની ટાળી ને અનંતા ગુણોની કમાણી તારવી; તે ક્યારે કર્યું ? દિવાળીના દિવસે. (૨) અનંત આત્મ-સમૃદ્ધિના લાભ પ્રગટ કર્યા, તે ક્યારે ? દિવાળીના દિવસે, (૩) સંસારમાં બીજા જન્મો ભવિષ્યના અનેક જન્મોને તૈયાર કરતા હતા, ત્યારે આ જન્મે ભવિષ્ય માટે જન્મ માત્રનું નામનિશાન રહેવા ન દીધું ! આ ક્યારે કર્યું ? દિવાળીના દિવસે.

આવા નિર્વાણ-કલ્યાણકનાં દિવસે અતિ ઊંચા લોકોત્તર સરવૈયા કાઢનારા પ્રભુ મહાવીરનો સેવક શું માત્ર નુકસાનીનું સરવૈયું કાઢીને રાજી થશે ? ભવોભવના પાપની સમાપ્તિ કરનારા અને અનંતી આત્મ સંપત્તિ પ્રાપ્ત કરનારા પરમ તારક ત્રિશલાનંદનનો અનુયાયી એમાંની લેશ પણ કમાણી નહિ તારવતાં, શું માત્ર નુકસાનીભર્યા લૌકિક સરવૈયા પર નિશ્ચિત બન્યો રહે ?

નિર્વાણ-કલ્યાણકની દિવાળી ઊજવો છો ને ? તે આવી દિવાળી છે. સંસારમાત્રની સમાપ્તિ કરી, અર્થાત્ 'સંસરણ' એટલે કે એક ભાવમાંથી બીજા ભાવમાં, એક કર્મમાં ઉદયમાંથી બીજા કર્મ-ઉદયમાં વારંવાર સરકવા કરવાનું, તે હવે સમાપ્ત કરી દીધું; સર્વ વિટંબણા ટળી હવે કોઈ સંગમ, ગોવાળિયો કે પરમધામીની વિટંબણા એમના પર કદીએ પહોંચવાની ખરી ? ના, દુશ્મન ગણાતા જીવ પણ ઉપર જાય ખરા, પરંતુ કશી જ હરકત ન પહોંચાડે. જે આકાશમાં અનંતા સૂક્ષ્મ અનંતદુઃખી જીવો રહે છે તે જ આકાશમાં આ મુક્ત જીવો રહે છે; છતાં પણ કોઈથી કોઈને કશી દખલ નહિ, લેશ માત્ર દુઃખ નહિ. ક્ષેત્ર એનું એ હોય, છતાં જીવ સુખી બની શકે છે. આત્માની જો આવડત હોય, ને નફાનું સરવૈયું તારવતા આવડતું હોય તો સુખ કોઈ લૂંટી શકતું નથી, ને દુઃખ કોઈ દેખાડી શકતું નથી.

એવો ધન્ય દિવસ છે દિવાળીનો ! એમ થવું જોઈએ કે એવો એ પવિત્ર દિવસ યાદ કરવા માટે આજે જો સમજ મળી, તો હું પણ એને એવી રીતે ઊજવું, કે મારે પણ એવું સુંદર સરવૈયું કાઢવાની તૈયારી થાય, એ માટે આજે સરવૈયામાં આપણે શું કાઢવાનું ? આપણા આજસુધીના જીવનમાંની કે (૧) આ વર્ષની અવળી-સવળી-રમતનો કયાસ કાઢવાનો. પછી તેમાંથી (i) ક્યાંક પાછું વાળવાનું જોઈએ, (ii) ક્યાંક તો સમાપ્તિ જોઈએ. અને (iii) ક્યાંક નફો જોઈએ. આ ત્રણ વાત



વિચારવાની છે.

**(૧) આપણું કર્તવ્ય : દિવાળીની ૧લી ઉજવણી** :-

શું પાછું વાળવાનું ? તે તે કષાયોને લીધે જે કર્મબંધ ઊભાં કર્યા છે તે પાછા વાળવાના છે. ત્યારે બીજા નંબરમાં શાની સમાપ્તિ કરવાની ? કર્મબંધનના હેતુભૂત કષાયો જે આજ સુધી સેવેલા છે, તેની સમાપ્તિ. નફો કયો તારવવાનો ? આત્મગુણનો નફો તારવવાનો. દેવાધિદેવે તો સકળ કર્મની નુકશાની વાળી દીધી; તો આપણે પણ કંઈક તો પાપમાં પાછાં વળતર પશ્ચાત્તાપ-પ્રાયશ્ચિત્ત વગેરેથી કરવા જોઈએ ને ? તેમ થોડા પણ સુકૃતો અને સદ્ગુણોના નફા તારવવાના કે નહિ ? શાસ્ત્ર કહે છે કે 'એક દિવસનું પણ ચારિત્ર મોક્ષ અપાવી શકે, લેવાની તમારી તાકાત જોઈએ, આવડત જોઈએ. સો દિવસ બજારમાં ખોયા કર્યું હોય, ને એક દિવસ એવો આવે કે બધું પાછું મળે એવું બને કે નહિ ? મારા પ્રભુએ દિવાળીના દિવસે સંસારની પેઢી ઉપાડી લીધી, તો હું ભૂતકાળના કષાયોનાં શલ્યોની પેઢી તો ઉપાડી લઉં ? મારા પ્રભુએ કર્મની નુકશાની પાછી વાળી, તો હું કંઈક તો કરું ? અનંતગુણોના નફા નાથે તારવ્યાં, તો હું યત્કિંચિત્ આત્મગુણોના નફા તો તારવું ?' આ એક રીતે દેવની દિવાળી ઉજવવાની છે.

**(૨) દિવાળીની ૨જી ઉજવણી** :-

બીજી રીતે જે દિવાળી ઉજવવાની છે, 'તે દિવાળીના દિવસે વહાલાં વીરનો વિરહ થયો છે.' એ બરાબર ખ્યાલમાં રાખવા રૂપે જો તે વિરહને મારા માટે ઊંચામાં ઊંચી નુકશાની ગણું, તો તેની આગળ દુન્યવી ગમે તેટલી નુકશાની ય કોઈ વિસાતમાં નથી. એ દુન્યવી નુકશાનીઓ પર આત્માને શોક-અરતિનાં ભેટણાં ન ધરવા જોઈએ. બોલો, માતાપિતાનો, પતિનો, પત્નીનો, કે પુત્રનો વિયોગ વધે? પ્રભુ વીરનો વિયોગ વધે ? કહે છે પ્રભુ વીરનો વિયોગ વધે. 'દિલને આવું લાગે છે ખરું ? કહો, દીકરો કે સ્ત્રી મરી ગયાનું રડાય છે ત્યાં શું એમ થાય ખરું કે 'ખરી રીતે તો મને મારા પ્યારા વીરનો વિયોગ વધે. 'દિલને આવું લાગે છે ખરું ? કહો, દીકરો કે સ્ત્રી મરી ગયાનું રડાય છે ત્યાં શું એમ થાય ખરું કે 'ખરી રીતે તો મને મારા પ્યારા વીરનો જે વિરહ છે, જીવન ઉદ્ધારકનો જે વિરહ છે, તે ખોટથી વધીને બીજી કોઈ ખોટ મારે નથી, તો બીજાનું શું રડવાનું ? બીજા વિયોગોનું જે દુઃખ નથી, તે દુઃખ મને મારા પ્યારા વીરના વિયોગનું છે. કેમકે જે હૃદયમાં વીરનો વિયોગ છે, તેને કોઈ છ ખંડની ઠકુરાઈ ચક્રવર્તીપણું આપે, તો તે

જાય નરકમાં; તેય જરૂર પડે સાતમીમાં ! જ્યારે હૃદયમાં વીરના સંયોગવાળાને અનંત સુખનાં દર્શન લાધે !' અહીં સમજવાનું છે કે આજે શ્રીવીર વિભુ અહીં હયાત નથી, છતાં દિલમાં વીરનો સંયોગ રાખી શકાય છે.

**વીરનો સંયોગ એટલે ?** ચંડકોશિયાએ નરક તરફ દોટ મૂકેલી, ફ્રન્ટીયર મેલની ગતિએ ! એને જો વીરનો સંયોગ ન થાત, તો શું થાત ? 'વીરનો સંયોગ એટલે મોક્ષની સાધનાનું અપૂર્વ બળ ! તે સંયોગ બહારથી આજે મારે રહ્યો નથી. આહાહા ! કેવો હું કમનસીબ ? અનંતકાળમાં પચીસ-સો વર્ષ તે કયા હિસાબમાં હતા ? છતાં પણ વિરહ પડી ગયો નાથનો. તો હવે ફક્કડ લાલા થઈને ફરવાનું ન હોય, સાદાવેશે કોઈ પૂછે કેમ, શું છે ?' તો કહીએ,-

'પરમાત્માનો વિયોગ થઈ ગયો છે. મારા નાથે હવે જ્યાં ગયા, ત્યાં હવે મારે જવાનું છે. દેવની દિવાળી મને વહાલાને મળવાની ઉતાવળ શીખવી જાય છે. એ રાગ કાપ્યાથી થાય.' એક બાજુ સમજવાનું નિર્વાણનું સરવૈયું; બીજી બાજુ હૃદયમાં વસાવવાનું વિરહનું કારમું દુઃખ, એથી આવે રંગરાગનો ત્યાગ, અને મોક્ષની ઉતાવળ સાથે ધર્મસાધના, પછી શું બાકી રહે ?

**મોક્ષનું સૌંદર્ય : સંસાર વિટંબણા** :-

દેવની દિવાળી પર વિચારવાનું કે, દેવે મોક્ષ મેળવ્યો છે તે મોક્ષ કેવો ? સદા સિદ્ધ ! સદા શિવ ! સદા મંગળ ભૂત ! સર્વથા અવ્યાબાધ ! સ્થિર અને શુદ્ધ ! સ્વાધીન અને સુખથી ભરેલો ! અનંત જ્ઞાનમય ! આવો મોક્ષ એમણે મેળવ્યો. એવા મોક્ષમાં આત્માને અનેક પ્રકારની શાબાશી મળે છે. ત્યારે સંસારમાં અનેકાનેક જાતની નાલેશી મળે છે, દેવની દિવાળી શું આપે છે ? મોક્ષનાં સુંદર સંસ્મરણો આપે છે, મોક્ષની અનેકવિધ શાબાશીઓના સુંદર સંસ્મરણો દે છે, રાક્ષસીભૂત સંસારની અધમતાઓનો ખ્યાલ કરાવે છે.

મોક્ષમાં સૌંદર્ય-શાબાશી ને સંસારમાં વિટંબણા-નાલેશી શી ? આ જ કે,

(૧) જ્યારે મોક્ષમાં કશું સાધવાનું બાકી રહેતું નથી, ત્યારે અહીં સદા સાધવાનું એટલે કે વેઠ કર્યે જવાનું બાકીને બાકી જ રહે છે. મોક્ષમાં કશું મળવાનું-મેળવવાનું બાકી નથી, ત્યારે સંસારમાં અનંત મજૂરી કરવા છતાં નવી સવારે ને નવા જન્મે નવું ને નવું મળવા-મેળવવાનું બાકી !

(૨) મોક્ષમાં નથી ખાવાનું, કે નથી ભૂખ્યા થવાનું; નથી માન, કે નથી અપમાન; કોઈ દ્વન્દ્વોની પીડા નથી. સંસારમાં તો આવા આવા દ્વન્દ્વોની ભરી



નાલેશીઓ છે. 'સ્વભાવે નિરંજન નિરાકાર એવા જ્ઞાનસ્વભાવી આત્માને આ બધું નાલેશી સ્વરૂપ છે,' એમ જો સમજાઈ જાય, તો પછી જીવ જે વાતાવરણમાં સંસારની વકિલાત લઈને ફરે છે, ધન-માન-ખાન-પાનાદિના ગુણ ગાય છે, તેમાં વિચાર કરતો થઈ જાય, કે એ કેટલું વ્યાજબી છે ? સંસારને ચરણે અનંત મજૂરીની આપણે ભેટ ધરી છતાં, હજી નવી પ્રભાતે નવી મજૂરી ઊભી જ છે ! સાંજે ઠાંસીને-પેટ ભરીને સૂતા, પણ સવારે જાગ્યા કે જાણે એમાંનું કશું રહ્યું નથી, તે હવે પેટ ભરવાની નવેસરથી મજૂરી કરો !!

(૩-૪) એમ સંસારમાં જીવની, અજ્ઞાન, ચિંથરેહાલ, દીન, દુઃખી અને નિરાધાર દશા કશું ભાન ન મળે કે 'અહીં ક્યાંથી આવ્યા, શું કરીને આવ્યા ને હવે ક્યાં જવાનું ?...પહેલાં કઈ હોશિયારી હતી ?...હવે શું શું મળવાનું છે ?...કેટલો જીવનકાળ બાકી છે ?...સાંજે સવારે કે રાતે શું થવાનું છે ?' આમાંનું કશું ભાન નથી. એકલું અજ્ઞાન હોત તો તો હજી ય ઠીક; પણ સાથે મોહમૂઢ દશા એવી કે અસત્‌ની કલ્પનામાં જીવ દુઃખમાં ભટકાયા જ કરે ! ત્યારે જીવ પુણ્યનો પણ ટૂંકો એટલે ખત્તાખાયા જ કરે !

(૫) આપત્તિમાં અહીં કે પરભવે જીવનો કોઈ બેલી જ નહિ ! આ કેવી નાલેશી ? મોક્ષમાં આપત્તિ જ નહિ.

(૬) વળી સંસારમાં બીજાને આપણે અપમંગળ બનવાની જ વાત; ત્યારે પ્રભુ તો મહા મંગલમય કેટલાયને કલ્યાણના માર્ગદાતા !... ત્યારે આપણે ? અન્યોમાં પાપના પોષક આ શું ? શાબાશી કે નાલેશી ?

(૭) એવું જ સંસારમાં અઢળક અશુભ કર્મનાં આક્રમણ, અને નવાં અશુભનાં આચરણ. ઉત્તમ માનવ ભવમાં ય કુસંસ્કારના જોરે પ્રલોભને ચઢી વિષય-કષાયની સંજ્ઞાઓની પરાધીનતા સેવી પોતાના જ જીવને સંસારમાં વધુ સાંકળે જકડવામાં કેવી કેટલી નાલેશી ? લૌકિક દિવાળી તો ભાન ભુલાવી દે છે, અમનચમનમાં જાણે દુકાળમાંથી ભૂખારવા છૂટ્યા. જેવી સ્થિતિ કરી આપે છે ! એથી કેઈ માલમેવા પર જીવને સંજ્ઞા-રાક્ષસી તગડી જાય છે.

(૮) એટલે પછી ભટકવાની નાલેશી ઊભી થાય છે. ક્યાં ક્યાં ? - એક ભવમાંથી બીજા ભવમાં, એક મોહના ભાવ (લાગણી) માંથી બીજા ભાવમાં, એક ક્રોધના દેખાવમાંથી બીજા માનના કે હાસ્યાદિના દેખાવમાં-હમણાં રતિ અને ઘડીક પછી અરતિ ! જે ભોજન જમવા બેસતાં પહેલાં રતિમાં જમ્યા પછી પેટ અકળાયેથી

તે જ ભોજન પ્રત્યે અરતિ ! આવું તો કેટલુંય રતિ-અરતિમાં અથડાયનું-મનવા ઝૂકતું હતું, તેમ જીવને કર્મના વિવિધ ઉદયમાં, પુણ્ય-પાપના મિશ્રિત ઉદયમાં અથડાવાનું ! સૂતા હતા શાતામાં ને ઉઠતાં અશાતા ! પુણ્યે રૂપ સારું, ને પાપથી તનની કે ધનની સ્થિતિ ખરાબ ! આવી આવી તો કેઈ વિટંબણા, ગુલામી અને નાલેશી સંસારમાં ભરી પડી છે. ત્યારે મોક્ષમાં સર્વ-સ્વાતંત્ર્ય અને અનંત શાબાશી છે.

ત્રિભુવનગુરુ પ્રભુ શ્રી મહાવીર દેવે દિવાળીએ આ મોક્ષ સાધી સઘળી નાલેશીનો અંત આણ્યો. આપણને દિવાળીનો દિવસ આ બધું યાદ કરાવી સઘળી નાલેશીમાંથી છૂટવા હાકલ કરે છે.

**(૩) દિવાળીની ઉજ્જ્વલ ઉજવણી** :- દેવની દિવાળી અને નિર્વાણનું સરવૈયું વિચારતાં ત્રીજા નંબરમાં આપણે શું કરવા યોગ્ય છે, તેનો હૈયામાં સદા ખ્યાલ રાખવો જરૂરી છે. (૧) કરવા યોગ્ય દાન-શીલ-તપ અને શુભ ભાવ, વ્રત અને પચ્ચક્ખાણ, પ્રભુ-ભક્તિ, સાધુસેવા અને સામાયિક, ઉદારતા-ગંભીરતાદિ ગુણોનો-વિકાસ, ઇન્દ્રિયોનાં દમન અને મનમાં કષાયોનાં શમન, નિગ્રહ, ક્ષમાદિ-આત્મ-શક્તિઓનાં પ્રગટીકરણ... વગેરે ઘણું ઘણું કરવા યોગ્ય છે. (૨) બીજું કરવા યોગ્ય નુકસાની કરનારાં તત્ત્વોનો ત્યાગ છે. દા.ત. (૧) નિષિદ્ધ જે પાપ કાર્યો, તે તજવા યોગ્ય છે. એનાથી આત્મ-નુકસાની થાય છે, આ સિવાય આત્મનુકસાનીમાં બીજું ઘણું ગણાવી શકાય; (૨) મોક્ષોપયોગી માનવભવમાં સંસારની સાધના; (૩) યોગને યોગ્ય માનવભવમાં ભોગની રમત; તથા (૪) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના વિશાલ ને દીર્ઘ અભ્યાસના અજોડ હકવાળા માનવજીવનમાં મિથ્યામતિ તત્ત્વનાં અજ્ઞાન અને અવિરતિકષાયના તાંડવ,...એ બધું કાંઈ ઓછું ભયાનક નથી, ઓછું નુકસાનકારક નથી. ઉપરાંત (૫) કર્મલઘુ થઈને પ્રાપ્ત કરેલ માનવભવમાં કર્મથી ભારે થવા જેટલી અર્થકામની લાલસા અને પ્રવૃત્તિ, (૬) જુગ-જુના કુસંસ્કાર, કુ-અભ્યાસ, કુવાસનાઓ વગેરેને વારંવાર ભૂલીને ભૂંસી નાખવા માટે જ મળેલા આ ઉત્તમ ભવમાં એને જ વારંવાર યાદ કરી તાજા અને આત્મક્ષેત્રે સુદૃઢ કરવાની ભારે અનુચિત પ્રવૃત્તિઓ, તથા (૭) સુસંસ્કાર, સુ-અભ્યાસ વગેરેને જીવંત તાજા પુષ્ટ અને સંવૃદ્ધ કરવાના એક માત્ર યોગ્ય એવા માનવભવમાં એની ઉપેક્ષા....એવાં એવાં ભયંકર નુકશાનીના તત્ત્વો છે. એનો ત્યાગ કરતા રહેવાય તો દિવાળીની સાચી ઉજવણી થઈ.

એવી જો માનવને આવડત હોય, તો આ ભવને માત્ર દિવ્ય જ નહિ, પણ



દિવ્યોત્તર માનવભવ બનાવી શકાય એમ છે. એને બદલે પશુભવ જેવો બનાવાય, પશુભવમાં સુલભ એવી આહારાદિ સંજ્ઞાઓ, ઇંદ્રિયાસક્તિ અને લોભાદિ કષાય-સેવનમાં શૂરવીર બનાવાય, એમાં દેવની દિવાળી શી સમજ્યા ? ને શી ઊજવી ? એમાં તો કારમું નુકસાન નીપજે છે.

**નુકશાનીનાં વળતર શી રીતે કરવા ?** આવા અનેકાનેક નુકશાનોને નિર્વાણ કલ્યાણકના પવિત્ર દિને પાછા વાળવાં જોઈએ. એ શી રીતે બને ? (૧) પ્રથમ નંબરમાં વિષય-કષાય અર્થ-કામ કુમતિ-કુપ્રવૃત્તિ ઇત્યાદિરૂપ સંસાર પરથી સારાપણાની બુદ્ધિ, કર્તવ્ય બુદ્ધિ કે પક્ષપાત ઉઠાવી લઈ એના પ્રત્યે પાકો હાર્દિક તિરસ્કાર જગાડવો જોઈએ. (૨) પછી 'અરરર ! આ મેં શું કર્યું ? કેવો હું અધમ ! કેવો નિંદનીય !' એમ કષાય-વિષયાસક્તિ આદિ માટે પશ્ચાત્તાપ, આત્મનિંદા અને આત્મ-જુગુપ્સા કરવી. સાથે (૩) "મારાં એ દુષ્કૃત્યો મિથ્યા થાઓ, દૂર થાઓ, એના આત્મામાં પડેલા કુસંસ્કાર સાથે પાપકર્મ નાશ પામો, હવે એના પર મમત્વ કે શાણપણની બુદ્ધિ ન રહો," - એવો હાર્દિક મિથ્યા-દુષ્કૃત દેવો જોઈએ, (૪) વળી ગુરુસાક્ષીએ એની આલોચના ગર્હા કરવી, અર્થાત્ બાળ ભાવે અને બળતા હૃદયે ગુરુ સમક્ષ એ પ્રગટ કરવાં અને (૫) પ્રાયશ્ચિત્ત માગવું, તથા તે પ્રાયશ્ચિત્ત પૂર્ણપણે વહન કરવું જોઈએ. (૬) વળી ભવિષ્ય માટે આત્મ નુકશાનીથી બચવા જિનાજ્ઞાની તથા પ્રભુ તથા અન્ય મહાત્માઓની ઉત્તમ જીવનસરણીની વિચારણા કરવી. (૭) પછી નવા વર્ષમાં પોતે કેવું સુંદર જીવન જીવશે અને નુકશાનીથી બચશે એની ભાવના તથા મનોરથો અને એ માટેની યોજનાના ઘડતર ઘડવાં.

મનને એમ નિશ્ચિતપણે સમજાવવું કે **'શા માટે પોતાની જ પુણ્યાઈથી મળેલી તન-મન-ધનની શક્તિઓ રૂપી ચંદ્રહાસ ખડ્ગને કર્મ શત્રુનો સંહાર કરવામાં વાપરવાને બદલે, જાતનો જ આત્મસંહાર કરવામાં યોજી રહ્યો છું ?**

**નુકશાનો ટાળી હિતને સાધવામાં અહીં સરળતા, સુલભતા, અનુકૂલતા અને જાગૃતિ છે. તો એ જ કરી લે. પછી બીજે તો કઠિનાઈ, દુર્લભતા, પ્રતિકૂળતા અને ગાફેલપણું મળશે;** ભલેને એ દેવ ભવ કાં ન હોય ? દોષ વધારવામાં શી શાબાશી છે ? એથી ક્યાં અમરપણું મળવાનું છે ?

આત્મનુકશાનીઓ ઉઠાવવા છતાં ય જો અંતે મરવાનું જ છે, મરીને સઘળું મૂકવાનું જ છે, તો નુકશાની શા માટે ઉઠાવવી ? એ કરતાં તો મરવાનું ન આવે ત્યાં સુધીમાં આત્મગુણો, સત્કાર્યો અને મોક્ષમાર્ગ કાં ન સાધી લઉં ? એવું કરીશ

તો ભવના ભાગાકાર થશે, નહિતર ભવના ગુણાકાર કપાળે લખાશે ! **આ ભવ ચૂક્યા પછી આથી બીજો કયો સારો ભવ આરાધના માટે મળવાનો હતો ?** અને આવો ય ભવ ક્યાં સુલભ પડ્યો છે ? આ વિશાલકાય વિશ્વમાં વારંવાર જન્મ લેવાના એક ગુન્હા ઉપર જરા, મૃત્યુ રોગ, શોક, મારપીટ વગેરે દુઃખો મેં જોયા છે. જનમ્યા પછી ન જનમવું હોય, તો એ મારા હાથની વાત છે, પરંતુ એ હાથની વાત આ જ સુધી મેં નથી અજમાવી, તેથી અનંત જનમ-મરણ કરતો કરતો આ જનમ સુધી આવ્યો છું. હવે જો ફરી ન જનમવું પડે એવું નહિ કરું, તો આ મૃત્યુ પછી કેવોય જનમ મળશે ? ત્યાં કેવાય પાપ વગેરે થશે, એની શી ખબર ?' આવી આવી રીતે મનને આત્માને વિચાર કરતો કરી દેવો.

**નવી કર્તવ્ય દીક્ષા, : નવી જ્ઞાન-પ્રભા, : નવું જોમ :-**

સરવૈયામાં નફો તારવવા માટે આજ સુધીના જે આત્મગુણો મેળવ્યા હોય, જે જે સુકૃત્યો આચર્યા હોય, અને દેવ-ગુરુ-ધર્મની જે જે ઉપાસના કરી હોય, એનો હિસાબ કાઢવાનો. પણ એ તો કર્યું હશે તો તારવશોને ? છતાં સારાં કુળમાં જનમ્યાથી અને સારા સમાગમ સેવ્યાથી સહેજે પશુસુલભ કે અનાર્ય સુલભ દોષો અને પાપોથી બચી જવાનું બન્યું છે, અને માર્ગાનુસારી માનવ-જીવનનાં સત્કૃત્ય જેવાં કે પંચેન્દ્રિય માનવની દયા, માંસાહારનો ત્યાગ વગેરે સેવવા મળ્યાં છે, તેને કિંચિત્ નફામાં ગણી શકાશે. પણ હવે રીતસરના નફા માટે ઉચ્ચ ગુણો અને સુકૃત્યો સાથે ધર્મની સાધના કરવી જોઈએ. એ બધા માટે પ્રભુનું નિર્વાણ-સરવૈયું જરા ય ન વિસરતા.

આવી રીતે દિવાળી ટાંકણે આત્માનું સરવૈયું કાઢવાથી નૂતન વર્ષ માટે આપણને નવી કર્તવ્ય-દીક્ષા, નવી જ્ઞાનપ્રભા અને નવા જોમની રોશની પ્રાપ્ત થશે. આ નવા જ્ઞાન, બળ અને પુરુષાર્થ ભવોભવના નુકશાનોને પવનવેગથી ઉડાડી દેશે, અને આત્મોન્નતિની ચિરંજીવજ્યોતિ ઝગમગાવશે.





## સાધ્ય-સાધનનો વિવેક ત્રિવિધ સાધન : ત્રિવિધ સાધ્ય.

**(શિવગંજ-ઉપધાનમાં આપેલું પ્રવચન)**

**જૈન શાસનનો સાર શો ? :-**

મહાજ્ઞાની ભગવંતો નવકારમંત્રને જિનશાસનનો સાર કહે છે. શાથી ? જિનશાસનમાં મુખ્ય બે વસ્તુઓ છે, શ્રુતધર્મ અને ચારિત્રધર્મ; બીજા શબ્દોમાં કહીએ તો તત્ત્વજ્ઞાન ને મોક્ષમાર્ગ. જિનેશ્વર ભગવાન ધર્મના દાતા છે, એટલે કે આ બે પ્રકારના ધર્મનું દાનશાસન (ઉપદેશે) કરનારા છે, માટે જિનશાસનનો સાર મોક્ષમાર્ગ અને તત્ત્વજ્ઞાન પરમેષ્ઠી નમસ્કારમાં આ બે સમાવિષ્ટ છે; નમસ્કારમાં મોક્ષમાર્ગ છે, પરમેષ્ઠીમાં તત્ત્વજ્ઞાન છે.

**નમસ્કારમાં મોક્ષમાર્ગ શી રીતે ?**

નમસ્કાર કરવામાં બે વસ્તુઓ કરવી પડે છે, ૧. દ્રવ્યસંકોચ અને ૨ ભાવસંકોચ.

**દ્રવ્ય સંકોચમાં**

શરીરના અવયવો, ઇન્દ્રિયો અને મનરૂપી દ્રવ્યોનો સંકોચ કરવાનો હોય છે. અવયવોનો સંકોચ એટલે એને બીજી-ત્રીજી હિલચાલ કે અવસ્થામાંથી સંકોચી અમુક ચોક્કસ સ્થિતિમાં સ્થિર રાખવા. દા.ત. મસ્તક જરા નમેલું રાખવાનું, હાથ અંજલિ જોડી મુખની આગળ રાખવા; ચક્ષુ નમસ્કરણીય પર લગાવવી, બેઠા હોઈએ, ત્યારે આગળ બે ઢીંચણ અને પાછળ બે પગનાં આંગળાં જમીનને અડે, અથવા ઊભા હોઈએ ત્યારે બે પગની વચમાં આંતરું આંગળ ચાર આગળ અને પાછળ ચાર આંગળથી ઓછું રહે, મન નમસ્કાર ક્રિયામાં જ સ્થિર રહે. આ બધો દ્રવ્ય સંકોચ કહેવાય.

**ભાવસંકોચમાં**

હૃદયના ભાવને બહાર વિષયો વગેરે પરથી ઊઠાવી નમસ્કરણીય પર સ્થાપિત કરવાનો અથવા રાગ-દ્વેષ-મોહ-મદ-મત્સર વગેરે અશુભ ભાવોનો સંકોચ કરી શુભ ભાવમાં આવવાનું, નમસ્કાર સંબંધી શુભભાવ જાગ્રત રાખવાનો.



આ ભાવસંકોચની પાયાથી માંડીને ઉપર ઉપર અનેક કક્ષાઓ છે. અપુનર્બંધક અવસ્થાના ભાવથી ઠેઠ વીતરાગ અવસ્થાના પૂર્વ સમયના ભાવ સુધીના ભાવો એમાં આવે એ બધો મોક્ષમાર્ગ છે, મોક્ષ પામવાના ઉપાય છે. માટે કહેવાય કે નમસ્કારમાં મોક્ષમાર્ગ છે. **એમ પંચ પરમેષ્ઠીમાં તત્ત્વજ્ઞાન છે તે આ રીતે**

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ પાંચનું સ્વરૂપ વિચારવામાં જીવ, અજીવ આદિતત્ત્વોની વિચારણા જરૂરી બને છે. દા.ત. સાધુ સૂક્ષ્મ-બાદર જીવોની હિંસાથી ત્રિવિધ-ત્રિવિધે વિરામ પામેલા છે, તો તે જીવો કયા કયા, એની સમજ કરવી જ પડે. એમ સાધુ આશ્રવના ત્યાગી અને સંવરના ઉપાસક છે, એમાં આશ્રવ-સંવર તત્ત્વની સમજ આવે. સાધુમાં જ્ઞાનાચારાદિ પંચાચાર છે. એમાં તપાચાર આવ્યો એ નિર્જરા તત્ત્વ આવ્યું. સિદ્ધ ભગવાન મોક્ષ પામેલા છે, ત્યાં મોક્ષ તત્ત્વની સમજ આવી. એમ એમનામાં આઠ કર્મના ક્ષયથી આઠ ગુણ પ્રગટ થયેલા છે, તો ત્યાં આઠેય કર્મ, એનો બંધ વગેરે બંધ તત્ત્વાદિનું સ્વરૂપ સમજવાનું આવે. ટૂંકમાં પાંચેય પરમેષ્ઠીની ઓળખમાં તત્ત્વોની ઓળખ આવે.

એટલે કહેવાય કે **નવકાર મંત્રમાં જિનશાસનનું હાર્દ જે મોક્ષમાર્ગ અને તત્ત્વજ્ઞાન, તે સમાયેલું છેઃ માટે નવકાર એ જિનશાસનનો સાર છે.** એવા મહાસાર-રૂપ નવકારની આરાધના મળે એ કેટલો મહાન ભાગ્યોદય ! તો એની આરાધના કેવા દિલે, કેવી પદ્ધતિથી અને કેટલી વાર થવી જોઈએ ?'

અહીં એ જુઓ કે આપણે ફરિયાદ કરીએ છીએ કે

**પ્ર.-** નવકાર કે બીજી ધર્મક્રિયામાં મન સ્થિર રહેતું નથી ?

અથવા પ્રશ્ન આ છે કે

**પ્ર.-** આજથી પચ્ચીસ વર્ષ પૂર્વે જે રીતે અમારાથી નવકારસ્મરણ આદિ ધર્મસાધનાઓ થતી હતી એવી ને એવી રીતે આજે થાય છે, બહુ સુધારો નથી થયો, એમાં ૨૫-૨૬ વર્ષ થવા છતાં તન્મયતા, એકાકારતા, એને યોગ્ય લેશ્યા, અધ્યવસાય, સ્થિરચિત્તતા, વગેરે બહુ ઓછું દેખાય છે, તો એ સુધારો ન થવાનું શું કારણ ?

**ઉ.-** આનો ઉત્તર સમજવા માટે તો અનેક વસ્તુઓ વિચારવી પડે; પરંતુ અહીં એક સારો ઉપયોગી મુદ્દો વિચારીશું. તે એ છે કે સાધ્ય-સાધનનો વિવેક નથી; એ તરફ કોઈ લક્ષ નથી એની આ વિચારણા આ રીતે કરાય.

**માનવ જીવન સાધન છે, કોનું ! :-**

મનુષ્યજીવન શા માટે ? જન્મ-જન્મના ફેરા ટાળનારા ધર્મની સાધના માટે. આનો અર્થ એ થયો કે મનુષ્યજીવન એક સાધન છે અને ધર્મસાધના એનું સાધ્ય છે. આને ખરેખર માનતા હોઈએ તો સાધ્યને ભૂલીને એકલા સાધનમાં ન અટવાઈ જઈએ. ધર્મસાધનાને ભૂલી કે ગૌણ બતાવી ધનોપાર્જન-ખાનપાન વગેરેના જીવનને જ મુખ્ય ન બનાવી બેસીએ. આ બધું જીવન તો સાધન છે એટલે એ ધર્મ-આરાધના રૂપી સાધ્ય સિદ્ધ કરવા માટે છે. એના બદલે કમાવું અને ભોગવવું એ જ સાધ્ય બની જાય તો પશુ જીવનમાં ને માનવજીવનમાં ફરક ક્યાં રહ્યો ?

વેપારી દુકાન ખોલે છે, શણગારે છે, માલ ભરે છે, સારી રીતે એને ગોઠવે છે,...પણ આ બધું કરવામાં સમજે છે કે આ બધું સાધન છે, સાધ્ય તો કમાણી છે. તો વકરો ન થાય, કે થાય તો ખાસ વળતર ન રહે તો ભારે ચિંતામાં પડી જાય છે કે 'મહેનત સાથે પડી રહી છે !' ગમાર છોકરાને દુકાનની ગાદીએ બેસાડ્યો અને છોકરો દુકાનનો શણગાર, માલની આકર્ષક ગોઠવણ, ઘરાકોની સાથે મીઠી-મીઠી વાતચીત વગેરેમાં પડી ગયો અને સાંજ પડે કાંઈ વેપાર ન કર્યો કે પાઈની કમાણી ન કરી તો બાપ રુએ છે, છોકરાને ઠપકો દે છે, 'ગમાર ! આ શા ધંધા કર્યા ? બધો શણગાર અને ઠીકઠાક કર્યું તેથી શું ? આ માટે દુકાન ખોલી છે ? મૂરખ ! કમાણી શી કરી ? આમ ચલાવીશ તો ભીખ માગીશ ભીખ ! એક દિ' દુકાન ને મૂડી બધું ઊડી જશે !'

એમ, તમે મનુષ્યજીવનમાં પૈસા કમાયા, સારું ઘર બનાવ્યું, સરસામાન વસાવ્યા, સારું ખાધું-પીધું અને ભોગવ્યું, પણ ધર્મસાધના ન કરી, પુણ્ય ન કમાયા તો તમને ગમાર કહેનાર કોઈ છે ? મૂરખ રહ્યા એમ સમજાય ? એમ ને એમ ચલાવ્યું તો અંતે ભીખ માગવાનો અવસર આવે, જીવન અને પુણ્ય મૂડી, બધું ઊડી જશે. એમ લાગે ?

**જીતી બાજી હારી ગયા :-**

ઋષભદાસ કવિ કહે છે.

**'મુખ બોલ્યો મીઠી વાણી, ધન કીધું ધૂળધાણી,**

**જીતી બાજી ગયો હારી રે સંસારિયામાં.'**

મોઢે મીઠું-મીઠું બોલ્યા, બીજાને સારું લગાડ્યું, વાહવાહ મેળવી અને એ ધંધામાં પૂરવનું પુણ્યધન ધૂળધાણી કર્યું ! પરિણામ ? ઠેઠ એકેન્દ્રિયપણામાંથી જીવનની



બાજી જીતતાં-જીતતાં જે આજે માનવભવના થાળા સુધી આવ્યા, તે હવે જીતેલી બાજી હારી ગયા ! કેમ વારુ આમ ? માનવજીવન તો ધર્મ આરાધનાનું સાધન હતું તે સાધ્ય સાધવાનું ભૂલી સાધનરૂપ જીવનમાં જ અટવાઈ ગયા. જ્યારે પ્રશ્ન આવે કે કેમ આટલા બધા શરીર સેવામાં અને કંચન-કુટુંબની સેવામાં પડી ગયા છો ? ત્યારે શું કહો છો ? એ જ કે **'શરીરમાદ્યં ખલુ ધર્મસાધનમ્** - શરીર વગેરે બધું સરખું હશે તો ધર્મની સાધના થઈ શકશે.' આ ઉત્તર શાના જેવો છે ? પેલો ગમાર છોકરો બાપને કહે, કે 'પણ આ દુકાન સુઘડ, માલ ગોઠવેલો, અને ઘરાક સાથે વાતની મીઠાશ બરાબર હશે તો વેપાર અને કમાણી થશે ને ?' એના જેવો ઉત્તર છે, ઉડાઉ ઉત્તર છે, સાધ્યની ચિંતા વિનાની વાત છે.

**'સાધ્ય માટે જ સાધન' એ જો બરાબર હૈયે અંકિત થઈ ગયું હોય, તો સાધન ઊભું કરવા સાથે જ ચિંતા રહે કે સાધ્ય સધાતું આવે છે ને ?'**

ચૂલો ચાલુ કર્યા પછી ઉપર તરત તપેલી વગેરે ચડાવાય છે.

સારો નિશાળિયો નિશાળે જઈ જુએ જ છે કે, 'આજે કાંઈ જ્ઞાન મળે છે કે નહિ ?'

વૈદ-દાક્તરની દવા ખાતાં જોવાય જ છે કે રોગ ઓછો થયોને ? ના, ૮-૮ દિવસ થયા ફેર નથી દેખાતો તો તરત થાય છે કે આ દવા મૂકી દો.

નોકરને ખવરાવો, પગાર આપો, પણ બરાબર ધ્યાન રાખો છો કે એ કામ આપે છે ને ?

આ બધે સાધનની અગત્ય માની સાધ્ય ઊભું કરાય છે ખરું, પરંતુ સાધ્ય માટે સાધન એ બરાબર લક્ષમાં રાખીને. એમ અહીં 'આ જીવન, શરીર, ખાનપાન, કમાઈ વગેરે હશે તો ધર્મ થશે,' એમ બોલો ત્યાં

પાકું લક્ષ છે ને, કે 'એ બધું ય સાધ્ય માટે જ છે તો મુખ્ય કામ સાધ્ય ધર્મ કર્યે જવાનું રાખો'

ધર્મ કરવામાં જ્યાં ઓછપ રહી ત્યાં ખેદ થયો ને ? નિસાસો પડ્યો ને 'હાય ! આ જીવન અને શરીર પોષણ નકામું ગયું'

**સાધ્ય ન સધાયાના સંતાપ :-**

એવું થયા કરે છે ને કે 'અરે ! આ દાન ન થયું, દેવગુરુના ચરણે ન ગયું, ધન કમાવું માથે પડ્યું ! પ્રતિક્રમણ-સામાયિક ન થયું, શરીરને ખવરાવેલું ફોગટ ગયું ! કુટુંબોને સારું ખિલાવ્યું-પિલાવ્યું પણ એ ધર્મમાં ન લાગ્યા, બધું ભારે પડી

ગયું ! થાકેલા શરીરને રાત્રિભર આરામ કરાવ્યો, પણ સવારે વહેલા ઊઠીને કંઈ સામાયિક-સ્વાધ્યાય ન કર્યો, આરામ કરાવેલો એળે ગયો...' આવા બધા, સાધ્ય ન સીધ્યા અંગેના સંતાપ અનુભવાય છે ખરા ? મનને ચટ પકડો છો ને કે આ તેં લુચ્ચાઈ કરી ?

**એક માત્ર સાધ્ય સાધવાની તમન્નાથી સાધન સંભાળો છો :-**

વિચારજો, માનવજીવન, આજીવિકા અને શરીરપોષણ એ સાધન છે, ધર્મ સાધ્ય છે, તો સાધનની સંભાળમાં વારે વારે સાધ્યની ચિંતા-કાળજી રહે છે ને ? સાધ્ય ધર્મની જ એકમાત્ર તમન્નાથી સાધનને સંભાળો છો ને ? જ્યાં જ્યાં ધર્મ સાધવામાં વાંધો આવે ત્યાં જીવ બેચેની અનુભવે છે ને ? ત્યાં એને એમ લાગે છે ને કે આ સાધનની મહેનત એળે ગઈ ? ખરી કમાણીનો અવસર ગયો ? જો આ નહિ તો એકલી સાધનની જ ગડમથલમાં રચ્યાપચ્યા રહીને ભાવી શું ધાર્યું છે ? કે પછી ભવિષ્ય કાંઈ આવવાનું જ નથી એમ લાગે છે ?

**મોહ રાજાની આજ ખૂબી છે** કે જીવનની સદ્‌બુદ્ધિ ઉપર, વિચારશક્તિ ઉપર આવરણ નાખીને જીવને મળેલા ઉત્તમ ધર્મ સાધનમાં એવો મૂઢ, એવો લીન બનાવી દે છે કે જેનું આ સાધન છે તે મુખ્ય વસ્તુને જ અવગણે છે. કોઈ દયાળુએ પાંચ હજારની મદદ આપી મુંબઈ વેપાર માટે મોકલેલ માણસ જેવી રીતે એ પાંચ હજારમાં જ મૂઢ બની જાય અને અમન-ચમનમાં એનો ઉપયોગ કરી નાખે, તેવી સ્થિતિ આ જીવની છે. પુણ્યે ધર્મ માટે આપેલા ઉત્તમ માનવ-જીવન અને સગવડ-સામગ્રીરૂપી સાધનમાં જ જીવ અટવાઈ જાય છે, એને જ અંતિમ માની લે છે, ને આખુંય આયુષ્ય એમાં જ મસ્ત બની પૂરું કરે છે ! પછી જેમ પેલાને પાંચ હજાર ચટણી થઈ ગયા બાદ ભિખારીપણું હડધૂત દશા, તેવી રીતે આ માનવજીવન ચટણી થયા પછી ભવાંતરે ભિખારી જેવી હડધૂત દશા ! માટે જ કહેવાય છે કે ધર્મના સાધનને સાધનની કક્ષામાં રાખી સાધ્ય ધર્મને સાધી લેવામાં બુદ્ધિમત્તા છે.

**બીજું સાધન-સાધ્ય ધર્મ-આરાધના પણ સાધન છે, કોનું ? :-**

હવે જરા આગળ વધો. માનવજીવનનું સાધ્ય ધર્મ આરાધના કહી. પરંતુ આ ધર્મ આરાધનાને પણ અંતિમ સાધ્ય સમજતાં નહિ; કેમ કે એ પણ એક સાધન છે, કોનું ? શુભ ભાવ, શુભ પરિણતિ, શુભ અધ્યવસાયની જાગૃતિ અને વૃદ્ધિનું તે બન્યું સાધ્ય, અને ધર્મ આરાધના બની સાધન તો અહીં પણ એકલા સાધનમાં લીન બની સાધ્યને વિસારી નહિ મૂકવાનું.



લાખ રૂપિયાની ધર્મક્રિયા કરીએ ને શુભ ભાવોલ્લાસ ન જગાવીએ કે એમાં વૃદ્ધિ ન કરતા જઈએ, તો એકલી ધર્મક્રિયા શી રીતે આત્માને ઊંચા ગુણસ્થાનકે ચઢાવે ? શી રીતે ભવ્ય પુણ્યાનુબંધી પુણ્ય કમાવી આપે ? ઊંચા-ઊંચા ગુણસ્થાનકે ચડવાનું અધિકાધિક શુભભાવ દ્વારા ભાવની શુદ્ધિ કર્યે જવાથી થાય છે. સુંદર પુણ્યાનુબંધી પુણ્ય નિર્મળ શુભ ભાવોલ્લાસના જોર પર પેદા થાય છે.

**ધર્મક્રિયા એ શુભ ભાવનું અદ્‌ભુત સાધન છે.** કહ્યું છે કે

**'चैत्यवन्दनतः सम्यक् शुभो भावः प्रजायते' ॥**

ચૈત્યવંદનથી સારી રીતે શુભ ભાવ, શુભ અધ્યવસાય, ઉત્પન્ન થાય છે. તો ચૈત્યવંદન શુભભાવનું મહાન સાધન બન્યું, એમ જ બીજી ધર્મક્રિયાઓ, દાનાદિ ધર્મસાધનાઓ, એ કરવાનું પ્રયોજન આ કે સાધ્ય શુભ ભાવ જન્મે; માટે ધર્મ કરતાં એ જગાડવાનો વધારવાનો.

**નવકારનો જાપ, નવકારનું સ્મરણ, એ પણ ધર્મ સાધના છે; તો એ સેવતાં એનું સાધ્ય જે શુભ ભાવ એ ખીલવવા તરફ પૂરું લક્ષ જોઈએ.**

જ્યારે-જ્યારે નવકાર સમરીએ ત્યારે-ત્યારે સાથે જોવાનું કે હૈયામાં શુભ ભાવોલ્લાસ જાગતા બની જાય; શુભ પરિણતિ હોય એ વધુ વિકસ્વર બને અને ન હોય તો જાગતી થઈ જાય. એ ફળ, શું નવકાર સ્મરણ કે શું બીજી ધર્મસાધના. એમાંથી ઊભું કરવાનું છે. માટે જ ધર્મસાધના છે, એ માટે ધર્મસાધના જ સમર્થ છે. કર્મ સાધનાઓ, સંસારની પાપક્રિયાઓ, પાપવ્યવહારો તો અશુભ ભાવને ઉત્તેજિત કરે છે, શુભ ભાવને નહિ. જગત પર દૃષ્ટિ નાખતાં અને આપણા જીવનને જોતાં એ સ્પષ્ટ દેખાય છે.

**કર્મ સાધનાથી અશુભ ભાવ,**
**ધર્મ સાધનાથી શુભ ભાવ.**

પરંતુ સાધ્યનું લક્ષ રાખે એને આ ફળ. બાકી એકલી ધર્મસાધના કર્યે જાય ને સાધ્યનો કોઈ તલસાટ, કોઈ તમન્ના ન રાખે તો એ ફળ ન જન્મે. પરમેષ્ઠી નમસ્કારમાં કમ તાકાત નથી, ભારે શુભ અધ્યવસાય જગાડી આપે, વધારી આપે, એવી તાકાત એનામાં છે. મનને થવું જોઈએ, કે 'કેમ એવાં મહાન ફળને ન પેદા કરું ! કેમ એ સાધ્ય ન સાધું ? નવકાર ગણું-ગણું ને શુભ અધ્યવસાય ન સાધતો આવું તો તો સાધના એળે જ જાય ને ?' આ વિચાર જોઈએ. નહિતર તો એકલું

સાધનમાં અટવાઈ જવાનું થાય, સાધનને જ સાધ્ય બનાવી દેવાનું થાય !

ધ્યાનમાં રહે, શું નવકારસ્મરણ કે શું બીજી ધર્મક્રિયા એ અંતિમ સાધ્ય નથી, કે હવે બીજા કોઈ સાધ્યનો વિચાર ન કરવાનો હોય. ધર્મક્રિયા માનવ જીવનનું સાધ્ય છે ખરું, પરંતુ શુભભાવનું એ સાધન છે; તો એ સાધ્યને સાધવા તરફ પાકું લક્ષ રહેવું જોઈએ. એટલે 'ના, આપણે તો બીજું કાંઈ ન સમજીએ, બસ ! આંખ મીંચીને આપણે નવકારનો જાપ કરો' આમ ઉદ્દેશ વિના ન ગબડાવાય. ધ્યાનમાં રહે કે તે આંધળિયા છે કે જ્યાં વિચાર નથી, કે 'હું જે કરું છું તે શા માટે ? કયા પ્રયોજનથી ?'

અલબત્ત એક ઉદ્દેશ એવો પણ હોય છે, કે 'ભાઈ, આપણે બીજું કાંઈ વધારે નથી સમજતાં, પણ નવકાર સારો છે, પવિત્ર છે, માટે ગણવાનો,' આ ઉદ્દેશ સારો છે.

પણ પ્રશ્ન આ રહે છે, કે 'એનાથી તારે કંઈ જોઈએ છે ?'

'ના, કોઈ લાલસા-અપેક્ષા નથી, બસ જીવનમાં જેટલું સારું થાય એટલું કરવું, એ હિસાબે નવકાર ઉત્તમ છે માટે ગણવાનો.'

**શું નવકાર જાપ સમર્થ છે ? :-**

તો આવો આશય તો સારો છે. હવે આપણે એ જુઓ કે એમાં શું દિનપ્રતિદિન પ્રગતિ થાય છે ? વાત સાચી છે નવકારનો મહિમા કમ નથી, નવકાર બધું સારું કરવા સમર્થ છે; પરંતુ એ ધ્યાનમાં રાખવાનું છે કે જો એકલા નવકાર જાપથી સૌ સારું થઈ જતું હોય, આત્મા વીતરાગ-સર્વજ્ઞ બની જતો હોય, તો તો શાસ્ત્રે અનેકાનેક આવશ્યક ક્રિયાઓ, દાનાદિ કર્તવ્યો, વ્રતનિયમો વગેરે કેઈ સાધનાઓ ફરમાવી છે, તેની શી જરૂર ? દિનપ્રતિદિન પરિણતિનું વિશુદ્ધીકરણ ફરમાવ્યું તે શા માટે ? નવકાર માત્રથી એ શી રીતે સિદ્ધ થાય ?

માટે કહો નવકારનો મહિમા એ છે, કે બીજી સાધનાઓથી થતાં આત્મ-વિકાસમાં નવકાર બહુ સહાયક છે, પ્રેરક છે. નવકાર એ **વિઘ્નોને દૂર અને મનને નિર્મળ કરી આપવા દ્વારા સાધનાઓમાંની કારણશક્તિને ભારે બળવતી બનાવે છે.** માટે જ કાર્યમાત્રના પ્રારંભે નવકાર યાદ કરવાનો છે. શાસ્ત્રવચન નવકાર પૂર્વક થાય છે. તો વાત આ આવીને ઊભી રહી કે નવકાર પરમ પ્રભાવી હોવા છતાં એના ઉદ્દેશ વિનાના જાપમાત્રથી વિશિષ્ટ પ્રગતિ નહિ થાય.



**નવકાર જપતાં શું લક્ષ રહે ? :-**

નવકારસ્મરણ પણ એક સાધન છે, એનું સાધ્ય ભાવોલ્લાસની વૃદ્ધિ અને શુભ પરિણતિનો વિકાસ છે. માટે જેવી રીતે માનવજીવનનું સાધ્ય ધર્મસાધના છે, તો જીવન જીવતાં જીવતાં ધર્મસાધના કરતાં રહેવાની તાલાવેલી અને પુરુષાર્થ મુખ્યપણે જોઈએ; તેવી રીતે નવકાર સ્મરણાદિ ધર્મસાધનાનું સાધ્ય શુભ પરિણતિનો વિકાસ છે. તો એ કરતાં કરતાં શુભપરિણતિની જાગૃતિ અને વિકાસ કરતાં રહેવું જોઈએ. જ્યારે જ્યારે નવકાર સમરીએ ત્યારે ત્યારે આ ઉદ્દેશ. આ સાધ્ય લક્ષમાં હોય એટલે નવકાર સ્મરતાં જઈએ અને ભાવોલ્લાસ ખીલવતાં તથા આત્માની શુભ પરિણતિને વિકસાવતાં જઈએ.

**નવકારમાં પરિણતિ વિકસાવનારી ભાવના.**

નવકારસ્મરણમાં ભાવોલ્લાસ અને શુભ પરિણતિસ વિકસાવવા માટે આ ભાવનાઓ ઉપયોગી છે કે 'અહો ! જગતની બહુ જ થોડી અને અતિદુર્લભ તથા પરમ કિંમતી વસ્તુઓ પૈકીનો કેવો આ પરમેષ્ઠી નમસ્કાર ! ત્યારે ગુણમૂર્તિ અને વાસ્તવિક પરોપકાર નિષ્ટ કહેવાય પરમેષ્ઠી ! આ મને શું મળી ગયું ક્યાં મળે આ ?

**પરમેષ્ઠી સમાન જગતમાં કોઈ બીજી વ્યક્તિ નથી; ને એવા પરમેષ્ઠી ભગવાન આગળ હું કોઈ વિસાતમાં નથી.**

હું તો મહાપતિત, મહાનાલાયક, મહાપાપભર્યો ! મારો અને પરમેષ્ઠીનો યોગ બને જ શાનો ? પણ આ બની ગયો છે એ કોઈ મારા ભાગ્યોદયની અવધિ નથી. પ્રભુ ! દયા કરજો આ અનંતકાળના દીનદુઃખિયારા પામર પ્રાણી ઉપર. આપ તો તરી ગયા, હું રખડતો છું. તમને નમસ્કાર કરવાથી મારાં તન-મન પવિત્ર થાય છે ! વિકારભરી ઇન્દ્રિયો શાંત થાય છે ! વાહ કેવો નમસ્કાર ! કેવો નવકાર ! ક્રોડોની સંપત્તિ ઉપકાર નહિ કરી શકે એ આ નવકાર કરી શકે છે...કેવા અરિહંત ! કેવા સિદ્ધ ! નવકારના અક્ષરો કેટલા પવિત્ર ! કેવા ચમત્કારિક ! સર્પને ધરણેન્દ્ર બનાવ્યો ! સમડીને રાજકુમારી બનાવી ! 'બસ, આવી આવી ભાવનાઓ ભાવોલ્લાસ અને શુભ પરિણતિ વિકસાવવામાં સહાયક બને છે.

**ત્રીજું સાધન સાધ્ય :-**

તો બે સાધ્ય-સાધનનો વિચાર કર્યો. હવે છેલ્લો ત્રીજો સાધ્ય-સાધનનો વિચાર કરીએ.

**પ્ર.**- શુભ પરિણતિ વિકસ્વર કરવી, શુભ ભાવોલ્લાસ વિકસ્વર કરવા એ તો નવકાર સ્મરણાદિ ધર્મ સાધનાનું **સાધ્ય** થયું, પરંતુ એ વળી કોઈનું સાધન છે ? એનાથી કોઈ સાધ્ય સાધવાનું બાકી રહે છે ?

**ઉ.**- હા, એ શુભ ભાવોલ્લાસથી આત્મામાં અનાદિના પેંધેલા રાગ-દ્વેષ, મોહ-મદ-મત્સર, વિષયલાલસા લંપટતા વગેરે દોષો ઓછાં કરી નાખવાના છે. માટે દોષોનો હ્રાસ એનું સાધ્ય બન્યું. આ મહાસાધ્ય છે, કેમ કે એની પરાકાષ્ઠાએ જીવ વીતરાગ-સર્વજ્ઞ બની મોક્ષે સિધાવે છે. અટેલે હવે શુભ ભાવોલ્લાસરૂપી સાધનનીય પ્રવૃત્તિ આ દોષહ્રાસના ઉદ્દેશથી જોઈએ. અર્થાત્ માત્ર સાધનથી ખુશ ન થતાં કે સાધનમાં જ અટવાઈ ન જતાં એનાથી સાધ્ય સધાતું આવે છે ને એ લક્ષ પાકું રાખવાનું છે.

**ભાવોલ્લાસ છતાં વિટંબણા :-**

કેટલીકવાર કહીએ તો છીએ કે 'આજ પ્રતિક્રમણમાં બહુ ઉલ્લાસ આવ્યો ! સ્નાત્રમાં ભારે ભક્તિ-રમઝટ જામી, ! ઉપવાસમાં બહુ આનંદ આવ્યો !...' ઈત્યાદિ; પરંતુ પછી એની જીવન પર કોઈ અસર પડી ? એ ખાસ જોવાનું છે. પ્રતિક્રમણ એટલે પાપનો બળાપો કરી પાપના ભારે હલકા કરવાનો. એમાં ઉલ્લાસ આવ્યો તો પછી પાપ પ્રત્યે તિરસ્કાર ઊભો થયો ? રાગ, દ્વેષ, હિંસા, જૂઠ-અનીતિ, કલેશ-કંકાસ વગેરે પાપો હવે ઓછાં કરવાના દૃઢ નિર્ધાર થયા ? એ દોષોમાં થોડોય હ્રાસ કર્યો ? એમ સ્નાત્રાદિ પ્રભુભક્તિમાં બહુ ઉલ્લાસ આવ્યો, આદેશ્વરદાદાની યાત્રા કરી ખૂબ આનંદ અનુભવ્યો, તો પછીથી ઈન્દ્રિયના વિષયોના રાગ મોળા પડ્યા ? પછી પકવાન-પૂરી પર પહેલાના જેવા રાગ, આનંદ ન રહ્યા ? પૈસાની મોહ મૂર્ચ્છાને ધક્કો લાગ્યો ? બજારે ગયા પણ ગોઠ્યું નહિ, કમાયા તો ખરા પણ પેલી ભક્તિની કમાઈ આગળ પૈસાની કમાઈ ફિક્કી લાગી ? આવું કાંઈ બન્યું ? વ્યાખ્યાન સાંભળવામાં બહુ મઝા આવી, તો એ ભાવોલ્લાસે પછીથી મદ-મત્સર-ભોગતૃષ્ણા-સ્વાર્થાંધતા વગેરે પર કાપ પાડ્યો ? આવું બધું જોવું જોઈએ., ધર્મસાધના ભાવથી કરનારનું જીવન પાપભર્યું રહે ? જૂઠ, અનીતિ, નિંદા, વગેરે ન મટે ? સ્વાર્થ, તૃષ્ણા મદ વગેરે ઓછા ન થાય ? ધર્મક્રિયાના ભાવોલ્લાસથી આત્માના દોષ-દુર્ગુણો અને દુષ્કૃત્યોના વેગ ઘટાડવાના છે, માપ ઘટાડવાના છે, કહો કે એને ક્ષય લગાડવાનો છે. આ સાધ્ય છે, ભાવોલ્લાસનું. એની બેપરવા ન થાય, એકલા સાધનમાં જ દૃષ્ટિ સમાપ્ત ન કરાય.



નહિતર એકબાજુ ભાવોલ્લાસ થતો રહેશે, બીજી બાજુ દોષ-દુર્ગુણ-દુષ્કૃત્યો એમ જ તાગડધિન્ના કરતાં રહેશે, પરિણામ શું ?

એ કે, **ભાવોલ્લાસભરી ધર્મ-સાધનાનું પુણ્ય પરલોકમાં સાથે આવશે એની સાથે પેલા દોષ-દુર્ગુણ-દુષ્કૃત્યો પાપ અને કુસંસ્કારો પણ પૂંઠે પડશે,**

એટલે પુણ્યથી ઊંચી સગવડ મળવા છતાં દુષ્કૃત્યનાં પાપો વચમાં કેઈ અગવડ કષ્ટોનાં ગચિયાં નાખશે, તેમજ કુસંસ્કારોથી કામ-ક્રોધ, લોભ-મદ-મત્સર વગેરે મહાલતા રહેશે. એ નવી પાપની કમાઈ કરાવતા રહી, અહીંથી શરૂ કરેલ ધર્મધારાને ત્યાં તોડી નાખશે ! એટલે ભવના ફેરા પાછા ઊભા ને ઊભા !

**ધર્મ સાધનાની જીવન પર અસર :-**

માટે આ ખૂબ સાવધાની રાખો કે ધર્મસાધનામાં ભાવોલ્લાસની છાયા સમગ્ર જીવન પર પડવી જોઈએ, તે એવી કે એ આત્માના દોષ-દુર્ગુણ-દુષ્કૃત્યો પર ઘા કરે, એમાં ઓછપ લાવે, જીવન વ્યવહાર શુદ્ધતર બતાવે. એ શુદ્ધિ વધતાં સહજ ભાવ વિરાગ અને ખરેખરી તત્ત્વરુચિ જગાવી મિથ્યાત્વનો નાશ કરે, વિરાગ વધારી અવિરતિ મુકાવે, અહિંસા-ઈત્યાદિ વધારે; ક્ષમાદિ વધારી કષાયોને સાવ મોળા પાડી દે, એમ પ્રમાદ, અજ્ઞાન, વગેરે દોષોનો નાશ કરે.

સારાંશ, ત્રણ સાધન, ત્રણ સાધ્ય : માનવજીવન પ્રવૃત્તિ એ સાધન, ધર્મસાધના એ સાધ્ય, ધર્મ સાધના એ સાધન, ભાવોલ્લાસ એ સાધ્ય, શુભ ભાવોલ્લાસ એ સાધન, અને દોષ-દુર્ગુણ-દુષ્કૃત્યનો હ્રાસ એ સાધ્ય.

સાધ્ય-સાધનનો વિવેક કરી, માત્ર સાધનમાં અટવાઈ ન જતાં સાધનની સગવડમાં સાધ્ય સાધતાં આવવાનું લક્ષ રહેવું જોઈએ. જીવન જીવતાં જીવતાં ધર્મ ન ભૂલીએ, ધર્મ કરતાં કરતાં ભાવ ન વીસરીએ ને ભાવ ઉલસવા સાથે જીવનમાંથી દોષો અને પાપો ઓછા કરતાં ચાલવાનું ન ચૂકીએ.

નવકારમંત્રનું સ્મરણ એક મહાન ધર્મ સાધના છે, તો જીવનની દરેક પ્રવૃત્તિમાં એને પ્રધાન સ્થાન આપીએ, તે નવકારસ્મરણ પણ ખૂબ ભાવોલ્લાસ અને શુભ પરિણતિ વિકસતી રાખીને કરીએ; અને એની પણ છાયા ઝીલી દોષ-દુર્ગુણો અને પાપો ઓછાં કરતાં જઈએ.

**જૈન શાસનમાં સમાધિ.**

નવકાર મંત્ર એ જિનશાસનનો સાર છે, કેમ કે જિનશાસનની આરાધનાથી સારરૂપે ઉચ્ચ સમાધિ પ્રાપ્ત કરવાની છે, અને નવકારથી સમાધિ પ્રાપ્ત થાય છે.

જીવનમાં સમાધિ એ અતિ મહત્ત્વની વસ્તુ છે. 'વીતરાગ-અરિહંત પરમાત્મા એ જ મારા ઈષ્ટ દેવ છે, નિર્ગ્રન્થ સાધુ ભગવંતો એ જ ગુરુ, અને સર્વજ્ઞકથિત ધર્મ એ જ મોક્ષમાર્ગ...' આ શ્રદ્ધા કરીને ધર્માત્મા બન્યા તો ધર્મનાં સાક્ષાત ફળ તરીકે સમાધિ અનુભવવાની છે, અને તે જીવનવ્યાપી બનાવવાની છે, માટે **આરુગ્ગ-બોહિ-લાભ'** પછી **'સમાહિવરમુત્તમં દિન્તુ'** માગીએ છીએ.

સમાધિનાં ઊંચાં મૂલ્ય સમજાય તો લાગે કે સમાધિના જેવું બીજું સુખ નથી, બોલીએ છીએ ને,

'જ્ઞાનસમું કોઈ ધન નહિ. સમતા સમું નહિ સુખ,
જીવિતસમ આશા નહિ, લોભ સમું નહિ દુઃખ.'

આમાં 'સમતા' કહી તે સમતા-સમાધિ એકરૂપ ગણીને કહેલી સમજવાની છે. તે ઉત્કૃષ્ટ સુખ છે, અને તે ધર્મ-સાધનામાં પ્રત્યક્ષ એટલે તરતના ફળ તરીકે મેળવવાની છે. માટે કહેવાય કે ધર્મનું પ્રત્યક્ષ ફળ સમાધિરૂપ ઉત્કૃષ્ટ સુખ છે.

આ સમાધિ એટલે શું ? ગુફામાં કે બીજે જઈને સમાધિ ચડાવે છે તે નહિ. કેમ કે એ સમાધિમાં તો માત્ર નિષ્ક્રિયતા છે; ત્યાં આંતરશત્રુઓ પર વિજય નક્કી નથી.

એક બાવો હતો, કોઈ રાજાનો અસાધારણ ઘોડો જોઈ એના મનને થયું કે 'આ ઘોડો જો મને મળી જાય, તો પછી ઠેઠ હિમાલય, અને પછી કાશ્મીર, પછી વિંધ્યાચળ વગેરે જુદે જુદે સ્થળે જઈ ધ્યાનસમાધિ લગાવી શકું, એ માટે બાવો રાજા પાસે જઈ પહોંચ્યો.

રાજા સંત-સાધુનો પૂજક છે; તરત પ્રણામ કરી પૂછે છે 'કહીયે, આપકી મેં ક્યા સેવા કરું ?'

બાવો કહે છે 'સેવા કરેંગે ?'

'અવશ્ય.'

'તો તેરા પ્રધાનઅશ્વ દે દે.'



'મૈં દૂસરા અચ્છા અશ્વ દૂં તો ?'

'નહીં નહીં, વહી પ્રધાનઅશ્વ દે'

રાજા પૂછે છે, 'ઉસસે આપ ક્યા કરેંગે ?

બાવો કહે છે, 'મૈં હિમાલય, કાશ્મીર, વિંધ્યાચલ વગૈરહ સુંદર સ્થાનો મેં જા કર ધ્યાન કરુંગા.'

રાજાએ જોયું કે આ બાવાજી ભૂલ્યા પડ્યા લાગે છે. રાજા કહે છે, 'તબ બાવાજી ! ક્ષમા કીજિયે, યૂં, તો પીછે ધ્યાન અશ્વકા હી મુખ્ય હો જાયેગા.'

વાત સાચી છે જ્યારે એમ જ લાગ્યું કે ઘોડો હોય તો સારાં સારાં ધ્યાન થઈ શકે, પછી એ ચોરાઈ ન જાય, ભાગી ન જાય, એ માટે મન સાવધાન રહેવાનું, ઘોડાનું ધ્યાન બરાબર રખાવાનું. માયા ચીજ એવી છે કે જે પરમાત્માના ધ્યાનને મોળું પાડી દે છે.

**પ્ર.**- તો પછી મંદિરમાં સારાં ઉપકરણ ન લઈ જવાં જોઈએ; કેમ કે ધ્યાન એમાં રહે.

**ઉ.**- પણ એક બીજી દૃષ્ટિ કેમ ભૂલ્યા ? ત્યાં તો ઘોડો હોય તો જ ધ્યાન થાય, એ માન્યતા છે; ત્યારે અહીં ભક્તિ કરવી છે એ સારી ચીજ પાસે છે, લઈ જઈને કરવી એવું દેવાધિદેવ પ્રત્યે બહુમાન છે. આવો મહાન ફરક છે. ભક્તને ભગવાન પર હૈયામાં એટલું બધું બહુમાન છે કે એમની ભક્તિ પોતાની સારામાં સારી ચીજ-ઉપકરણ, વેશ વગેરેથી કર્યા વિના રહેવાય જ નહીં. હા, એ પ્રશ્ન જરૂર છે કે પાછું મુખ્ય કાર્ય પરમાત્માનું ધ્યાન મોળું પડી જાય. આ માટે આટલું હૃદયમાં લખી રાખવાનું છે કે ભગવાનની ભક્તિ સારામાં સારી વસ્તુ-સરંજામથી શા માટે કરવાની છે ? એટલા જ માટે કે ભગવાન સૌથી સારા છે. કહો જો, મોટા કિંમતી હીરામાણેક કરતાં પણ ભગવાન કેટલા સારા ? તુલ્ય ? બમણા ? દસગુણા ? ના અનંત ગુણ સારા. માટે જ મોટી ઝવેરાતની સુંદર આંગી જોઈને 'આંગી બહુ સારી' એ અનુમોદના કરવાની સાથે એ ભાવના જરૂર કરજો કે 'વાહ ! કેમ ન હોય ? મારા ભગવાન વિશ્વશ્રેષ્ઠ છે; એમને સારામાં સારી આંગી હોય જ. આંગી બહુ સારી, પણ ભગવાન તો અનંત ગુણ સારા છે. વિશ્વદયાના ભરેલા, અનંતગુણોના સ્વામી. ઈન્દ્રોને પણ પૂજ્ય, ભયંકર ભવમાંથી મુક્ત કરનારા, સદ્ગતિના દાતા...વાહ ! કેવા અનુપમ પરમાત્મા !' આ ભાવના પણ સાથે જ કરવાની છે, કે જેથી ચિત્ત આંગીનું નિમિત્ત પામી મુખ્ય પ્રભુ ઉપર લાગી જાય.

હવે જો આ ભાન જાગ્રત છે કે ભગવાન સર્વશ્રેષ્ઠ છે, તો એમની આગળ સારી ચીજ વસ્તુ તુચ્છ લાગશે; તેથી એ ચીજો ભગવાનના ધ્યાનમાં દખલ નહિ કરી શકે. મનને બેઠું છે કે ચીજ વસ્તુ તો લલાટમાં લખ્યા પ્રમાણે મળવા-ટકવાની છે, પણ આવા ભગવાન ક્યાં મળે ?

**જગતના માલ એ માલ નથી, માર છે,** એવું ધર્માત્માને હૈયે સચોટ વસેલું હોય, નહિતર મહાપુરુષો ધર્મકાર્યમાં હજારો-લાખો-કરોડો શી રીતે ખર્ચી શક્યા હશે ? એ સમજતા હતા કે 'આ લાખો-કરોડો તિજોરીમાં પડ્યા માલ નથી માર છે; આત્માને પ્રત્યક્ષમાં કેટલાય રાગ-દ્વેષ-મોહ, મદ-મત્સર, હિંસા-જૂઠ વગેરેના સોટા લગાવે છે, અને પરલોકમાં નરક-નિગોદ સુધીની કારમી વિટંબણા-ત્રાસ રિબામણના સોટા લગાવનારા છે ! માટે જગતના માલ એ માલ નથી, માર છે. એ મારથી બચવા માટે એને ધર્મક્ષેત્રમાં વહેવડાવી દઈ સાચા માલ કેમ ન બનાવી દઉં ?'

**સોનાની ધર્મશાળા :-**

મહાપુરુષોએ શું આ સમજ વિના, શું હિસાબ વિના, શું ધન ધર્મમાર્ગે વહેવડાવ્યું હશે ? પેથડશાનો બાપ એક નગરમાં ગયો ત્યાં જોયું તો સંઘ ભેગો થયો હતો, ને ધર્મશાળા બંધાવવા માટે ટીપ થતી હતી; પરંતુ ખેંચાખેંચ ચાલતી હતી. તેથી પેથડશાનો પિતા સંઘને વિનંતી કરે છે, આ ધર્મશાળા બંધાવવાનો લાભ મને આપો !'

ત્યાં કેટલાક જુવાનિયા કહે છે, 'શું અહીં સંઘ બંધાવી શકે એમ નથી તે તમને લાભ આપે ?'

આ એમ નથી કહેતો કે 'બંધાવી શકો કે નહિ એ તમારાં આ લક્ષણ ? આ રીતભાત પરથી દેખોને ? ના, મારા પાંચસો નહિ, અઢીસો. અઢીસો નહિ, સવાસો...આ બંધાવવાનાં લક્ષણ છે ?' આવું કાંઈ આણે ન કહ્યું, કેમ કે ધર્મનો લાભ લેવા આગળ આવ્યો છે, પણ સાથે સંઘ-અવજ્ઞાનું પાપ લેવા નહિ. આ તો કહે છે,

'સંઘ એક તો શું દશ ધર્મશાળા બંધાવી શકે છે. પરંતુ મને લાભ આપવા સંઘ દયા કરે એ મારી સંઘને પ્રાર્થના છે.'

જુવાનિયા કહે છે, તે શું તમે સોનાની ધર્મશાળા બંધાવી દેવાના હતા ?'

વિચારજો, જગતના માલને માર સમજ્યા નહિ, તો અહીં જબાન અટકી



પડે. આ તો ભયંકર માર સમજનારો છે એટલે મોકો મળતાં એ માલને ધર્મક્ષેત્રમાં વહેવડાવી દેવા કૂદી પડે છે ! કહે છે,

'સંઘની દયા છે, તો મારે સોનાની ધર્મશાળા બંધાવી દેવાનું નક્કી.'

આમણે તો કહી દીધું, પરંતુ ડાહ્યા માણસોને લાગ્યું કે આ સોનાની ધર્મશાળા તો બહારવટિયાઓને એક જાતના આમંત્રણરૂપ થશે, એટલે કહે છે 'બરાબર, તમારી ભાવના સાચી અને ઘણી ઊંચી ! પરંતુ સોનાની નહિ સાદી ધર્મશાળા બંધાવી દેજો.'

આ કહે છે, 'ના રે ના, એ તો જે બોલ નીકળ્યા તે નીકળ્યા વીતરાગના સેવકનું વચન મિથ્યા ન થાય. આવો મહાન લાભ મને ક્યાંથી મળે !'

શું ? જૂઠ બોલવાનું મન થાય ત્યાં વિચારવું કે 'વીતરાગના સેવકનું વચન ફેરફારવાળું ન હોય.'

ત્યાં આવી રકઝક ! છેવટે ગુરુ મહારાજની દરમિયાનગીરીથી કેશરની ધર્મશાળા બનાવી આપવાનું નક્કી થયું. નવી ઈંટો પાડવાની-માટીમાં ભારોભાર કેશર નખાયાં, ને ધર્મશાળા તૈયાર થઈ ! આજે પણ એના ખંડિયેરમાંની ઈંટોમાં કેશરના તાંતણા જણાય છે ! લોકો પાણીમાં નાખીને પરખે છે !

જોઈ ઉદારતા ! જગતના માલને માલ તરીકે સમજ્યા હોત તો હાથેથી છૂટત નહિ. રાજા સંપ્રતિ, કુમારપાળ, વસ્તુપાળ, વિમળશા, ધનાપોરવાડ, જગડુશા, દયાળશા, ભામાશા વગેરેની ઉદારતા વિચારો !

બાવો ભૂલો પડ્યો છે, ધ્યાનની અનુકૂળતા માટે ઘોડો જોઈએ છે. રાજાને એની દયા આવે છે, કહે છે,

'**મહારાજ !** ઐસા અમુક હી ઘોડા ચાહીયે યું કરેંગે ઔર કદાચિત્ વહ મિલ ભી ગયા, તબ ધ્યાન પરમાત્મા કા નહીં, ઘોડે કા બન જાયેગા.

'કોઈ ઉસે લે ન જાય, વહ ચલા ન જાય, ઉસકો ખાનેકા અવસર હુઆ...' ઈત્યાદિ ધ્યાન રહા કરેગા.'

રાજાએ વાત તો મુદ્દાની સમજાવી, પણ બાવાને ગળે શાની ઊતરે ? મનમાં માયાએ ઘર કર્યું છે, એટલે સાધ્યને બદલે સાધનમાં અટવાઈ ગયો છે, ધ્યાનની મુખ્યતાને બદલે ઘોડાની મુખ્યતા કરી રહ્યો છે.

આ ધ્યાન રાખવાનું છે કે સાધ્ય માટે સાધન જરૂરી હોય, પણ સાધન એવું મુખ્ય ન થઈ જાય કે સાધ્ય વિસ્મૃત યા ગૌણ જ થઈ જાય. **સાધ્ય તે સાધ્ય.**

સાધનનો પ્રયોગ કરતાં પણ નજર સામે સાધ્યને સિદ્ધ કરવાની વસ્તુ મુખ્ય હોય. બાવાએ માન્યું કે સારો ઘોડો પાસે હોય તો જુદા જુદા સ્થળે થઈ ધ્યાન સારું કરી શકાય, પણ આ માનવામાં સારા ઘોડાનો આગ્રહ હોવાથી પછી ધ્યાન કરવા બેસશે તોય હૈયામાં ઘોડો મુખ્ય થશે, પરમાત્મા ગૌણ.

સાધ્ય સિદ્ધ કરવા સાધન વિના ન ચાલે એ વાત બરાબર છે, પરંતુ સાધ્યને વીસરાવી દે એટલી હદ સુધી તો સાધનની જંજાળમાં ન પડાય ને ! અગ્નિ વિના રસોઈ ન થાય એમ સમજ્યા એટલે અગ્નિ ઊભો કર્યો, પરંતુ મુખ્ય દૃષ્ટિ રસોઈ પર રહે છે, ને અડધો-પડધો અગ્નિ સળગતાં ઉપર રસોઈનું ભાંડું તરત ચઢાવાય છે. મસાલા ચૂલામાં નહિ પણ રસોઈમાં નખાય છે, સાધ્ય તરફ લક્ષ છે માટે ભાત કરવો છે માટે ચૂલામાં લાકડાં ઓછાં રખાય છે, અને દાળ કરવી છે તો લાકડાં વધુ ઘલાય છે. મતલબ દૃષ્ટિ સાધ્ય પર રહે છે. ભાત કે દાળ ચઢવા આવ્યાં કે નહિ એ જ મુખ્ય જોવાય છે.

એમ ચીજ-વસ્તુ સારી ધર્મ ક્રિયાનું સાધન છે, પણ એમાં એવા ભૂલા તો ન જ પડી જવાય કે સાધ્ય-ધર્મક્રિયા કરતાં દૃષ્ટિ વધારે એના ઉપર રહ્યા કરે. ધર્મક્રિયા પણ ધ્યાનની શુભ એકાગ્રતા અને શુભ ભાવવૃદ્ધિનું સાધન છે, તો ત્યાં પણ એકલું ધર્મક્રિયા કરો એટલું ન જોવાય, મુખ્ય તો આ ધર્મક્રિયા કરતાં-કરતાં શુભ એકાગ્રતા ને ભાવવૃદ્ધિ થતી આવે છે ને ? એ જોતા રહેવું પડે.

એમ શુભ ભાવનાની વૃદ્ધિ એ આત્માની ધનમૂર્ચ્છા, ભોગાસક્તિ, રાગ-દ્વેષ-કામ, ક્રોધ, હિંસા-અસત્ય-અનીતિનાં વલણ વગેરે દોષોનો હ્રાસ કરવા માટે છે, તો એ દોષત્યાગ સાધ્ય બન્યું. માટે ધર્મક્રિયામાં શુભભાવની વૃદ્ધિ થઈ એટલાથી સંતોષ ન મનાય, એનું સાધ્ય દોષહ્રાસ નજર સામે જોઈએ. ધર્મમાં ઉલ્લાસ અનુભવતાં-અનુભવતાં એ જોતા રહેવું જોઈએ કે માનવ જીવનના કલંકભૂત દોષો ઓછાં થતાં આવે છે ને ?

રાજાએ બાવાની દયાથી ઘોડો ન આપ્યો. બાવો કહે છે,

'નહિ દેતા હૈ ? દેખ લેના.'

કહીને બાવો ગયો ગામ બહાર, સમાધિ લગાવી ! શરીર જડ-નિષ્ક્રિય બની ગયું. વાવંટોળથી ધીમે ધીમે એના પર ધૂળનો ઘફો ચઢી ગયો. કેટલાક દિવસ એમ રહ્યો. એવામાં પવનથી ધૂળ ઊતરી. કોઈએ જોયો એને, જાણકારને બોલાવી સમાધિ ઊતરાવી. ત્યારે પહેલું વાક્ય એ શું બોલ્યો જાણો છો ?



એ જ કે, 'ઘોડો દેતા હૈ યા નહીં ?'

કહો, આ સમાધિ કેવી ? આપણે આવી સમાધિ નથી જોઈતી. જિનશાસનના સારભૂત સમાધિ એવી જોઈએ કે જેમાં દુન્યવી ઈષ્ટના હર્ષોન્માદ અને અનિષ્ટના ઉદ્વેગ આપણને પીડે નહિ, સ્પર્શે નહિ. નવકારમાં આ સમાધિ ભરી પડી છે, માટે કહેવાય છે, કે **'નવકાર એ જિનશાસનનો સાર છે'** પૂછો,

**પ્ર.- નવકારમાં સમાધિ શી રીતે ભરી પડી છે ?**

ઉ.- પહેલું તો એ જુઓ કે નવકાર મહામંત્રમાં એવા પવિત્ર, પતિતપાવનકારી, ૬૮ અક્ષરો ગોઠવાયેલા છે કે શાસ્ત્ર કહે છે કે એનો માત્ર પહેલો અક્ષર 'ન' બોલતાં સાત સાગરોપમની પાપકર્મની સ્થિતિ તૂટે છે ! 'નમો અરિહંતાણં' બોલતાં ૫૦ સાગરોપમની કર્મસ્થિતિ તૂટે છે ! સંપૂર્ણ નવકાર બોલી રહેતાં ૫૦૦ સાગરોપમની પાપ-સ્થિતિ તૂટે છે ! સ્થિતિ તૂટવા સાથે રસ પણ મંદ પડે છે તેથી એ પાપકર્મની અસમાધિ કરાવવાની શક્તિ તૂટે છે; એટલે સમાધિને અવકાશ મળે છે. જો એક વારના નવકારથી આમ તો અનેકવારના નવકારથી કેટલો લાભ ?

(૨) બીજી રીતે જોઈએ તો નવકારથી પુણ્ય વધે છે; એ સમાધિપ્રેરક સગવડ-સામગ્રી આપે છે, તેથી સમાધિ સુલભ બને છે.

(૩) વળી એક નક્કર હકીકત છે કે ચિત્ત ગમે તેટલું વિહ્વળ થયું હોય, અસમાધિમાં પડ્યું હોય તો પણ ક્રમશઃ નવકારના પ્રત્યેક અક્ષર અને પદ ઉપર મન કેન્દ્રિત કરી ચલાવવાથી પેલી અસમાધિ ભુલાઈને સમાધિને સ્થાન મળે છે.

(૪) ત્યારે નવકારમાં પરમેષ્ઠીને નમસ્કાર જે કરાય છે તે ભારે વિનયકર્મ છે, તેનાથી તેવા દુષ્ટ કર્મોનું નિયમન, અપનયન, દૂરીકરણ થાય છે. તે થઈ જવાના લીધે સમાધિ સુલભ બને છે.

(૫) નમસ્કારમાં અરિહંતાદિ પંચ પરમેષ્ઠી ભગવંતોનું પ્રણિધાન થાય છે. એક અરિહંતમાત્રમાં ક્ષણવાર પણ લાગેલું ચિત્ત પ્રબળ કર્મક્ષય કરી ભવ્ય સ્ફૂર્તિ આપે છે, તો પછી પાંચે ય પરમેષ્ઠીમાં પરોવાયેલ ચિત્તના ફળનું પૂછવું જ શું ? એનાથી સુંદર સમાધિ મળે જ.

(૬) નવકારમંત્રમાં પંચ પરમેષ્ઠીના ગુણો યાદ કરતાં એ ગુણોની મમતા જાગે છે, ને એ ગુણોમાં ક્ષમા, સમતા, મહાવિરાગ, આત્મરમણતા વગેરે છે, એટલે એની યાદ આપણને સમાધિનું પ્રોત્સાહન આપે એ સ્વાભાવિક છે.

(૭) પરમેષ્ઠીને નમસ્કાર એ પરમેષ્ઠીના ગુણોની અનુમોદના, એની અભિલાષા અને પ્રાર્થનાની મહાન સાધના આપે છે; એ પણ સમાધિને પ્રેરનાર બને છે...ઈત્યાદિ.

આ બધું સૂચવે છે કે નવકારમાં સમાધિ ભરી પડી છે. માત્ર એને પ્રાપ્ત કરતાં આવડતું જોઈએ, પામવાની ગરજ જોઈએ, એનો પ્રબળ પુણ્યાર્થ જોઈએ.

**કર્મના ઉદય આપણા કાબૂમાં નથી, પણ; સમાધિ આપણા હાથમાં છે.**

**જીવનમાં સમાધિની મોટી કિંમત છે...**ગમે તેવા પ્રસંગ ઉપસ્થિત થાય, પણ હૃદયમાં અસમાધિ, અર્થાત્ હર્ષ કે ઉદ્વેગનાં આંદોલનો ન ઊછળે અને સમાધિ, સ્વસ્થતા, સ્થિતપ્રજ્ઞતા જળવાઈ રહે. એ કમાવાની જરૂર છે. સારા ભાવીનું નિર્માણ એના ઉપર થાય છે. વર્તમાન કર્મ-ઉદય આપણા હાથમાં નથી, કાબૂમાં નથી, કેમ કે એ બંધાઈ ચૂકેલાં પૂર્વકર્મને આધીન છે. પરંતુ ભાવિ કેવું સર્જવું, શુભ કે અશુભ, એનો આધાર વર્તમાનમાં આપણે સમાધિ રાખીએ કે અસમાધિ, એના ઉપર છે. સમાધિ આપણા હાથમાં છે. વર્તમાનમાં અશાતા આવે, અપમાન આવે, ગરીબી આવે, એ કાંઈ આપણા કાબૂમાં નથી કે એને અટકાવી શકીએ જ. પરંતુ સમાધિ આપણા કાબૂમાં છે, એને રાખવી કે ગુમાવવી એ આપણા માનસિક પુરુષાર્થ ઉપર અવલંબે છે.

**સાધનની સમાધિ :-**

અને, અસમાધિ શા સારુ કરીએ ? ભગવાન જિનેશ્વર દેવોએ તત્ત્વવ્યવસ્થા એવી સુંદર આપી છે, અનંત કાળનું એવું મજેનું ભાન કરાવ્યું છે, ચૌદ રાજલોકના ભાવો એવા યથાર્થ બતાવ્યા છે, કે એનો વિચાર રાખીએ, તો સમાધિ જાળવવી સહેલી બને છે. **'ભાવી ભાવ પ્રબળ છે'** એમ વિચારીએ તોય સમાધિ બની રહે છે.

**સમાધિ માટે પાસે છે તે ઘણું માનો :-**

સમાધિમાં તો સુખ પણ અનન્ય છે. અસમાધિવાળાને લાખો-કરોડોથી જે સુખ નથી, તે સમાધિવાળા ગરીબને પણ છે. પૂણિયા શ્રાવક પાસે કયું ધન હતું ? કઈ શ્રીમંતાઈ હતી ? કશી નહિ, છતાં સમાધિ સુંદર હતી તો રાજા શ્રેણિક કરતાં વધુ સુખી હતો, સ્વસ્થ હતો ! સમાધિ છે એટલે તો હર્ષ-વિષાદની સતામણી નથી, જે કાંઈ બીજાની દૃષ્ટિએ ઓછું પણ મળ્યું છે તેય ઘણું લાગે છે. આપત્તિ




આવતાં, કર્મના નિર્ધારિત ઉદય સમજી કોઈ વિષાદ કરવાની તૈયારી નથી. તાત્પર્ય, સમાધિમાં મનમાં મન મસ્તી રહે છે. ત્યારે.

**અસમાધિમાં બેવડો માર છે,** એક તો કર્મનાં દુઃખ ઉપરાંત શોક-ઉદ્વેગનું દુઃખ વધી જાય છે, અને બીજું એની આકુલવ્યાકુલતામાં તથા એનાથી ઝટ છૂટવાની લાલસામાં કેઈ જૂઠ, અનીતિ, માયા, પ્રપંચ, રોષ-રોફ, વગેરે દુર્ગુણો-દુષ્કૃત્યો દાખલ થઈ જાય છે. એથી ભાવિ દુઃખ નક્કી થાય છે. આમ બેવડો માર પડે છે. હર્ષની અસમાધિમાં પણ મદમત્સર, અકડાઈ અતડાઈ, સ્વાર્થાંધતા-સમારંભ, વગેરેની બાકી રહેતી નથી. વિચાર કરી જુઓ કે માનવ માનવ મટી દાનવ કેમ બને છે ? સદ્ગુણો કમાવાની તક વેડફી નાખી દુર્ગુણો કેમ અપનાવે છે ? એટલા જ માટે કે અસમાધિ એને વિડંબી રહી છે.

**નવકારમંત્રથી અપૂર્વ સમાધિ મળે છે.**
**સમાધિ જીવનનો સાર છે,**
**પ્રત્યક્ષ લાભ છે.**
**સદ્ગતિની દૂતી છે, ને**
**વીતરાગતાની નિસરણી છે.**

માટે નવકાર સ્મરણ દ્વારા એ ખૂબ કમાઈ લેવી જોઈએ.



# જીવન વૈભવ

-કુમારપાળ વિ. શાહ

માણસને તેના બોલ પરથી પારખવો કે તેના કામ પરથી પારખવો એ અંગે કોઈકે સરસ ચાવી બતાવી છે. માણસને તેનાં સંતાનો પરથી જ ઓળખી શકાય. જેમ ફળ પરથી ઝાડની પરીક્ષા કરી શકાય છે. આ સચોટ કસોટી છે. સ્વ. ગુરુદેવશ્રીની પરખ એમના પરમારાધ્ય ગુરુદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. પરથી, એમના સંતાનરૂપ બસો બસો મુનિ-શિષ્યો અને એમના સર્જેલા સાહિત્યથી સુપેરે થઈ જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રીની આખે આખી છબી ગમે તેટલી કલમ કસીએ પણ આબેહૂબ ચિતરવામાં ઊણા જ ઊતરીએ એવું એમનું સર્વતોમુખી વ્યક્તિત્વ હતું. એમના વિષયમાં બોલવા-લખવાનું મારાથી વધારે યોગ્ય વ્યક્તિઓ જ કરી શકે, એમ મારું માનવું છે. જો કે, મને પૂજ્યશ્રીની અપરંપાર કૃપા પ્રાપ્ત થઈ છે. આના-પાઈમાં જેનો કદીય હિસાબ ન થઈ શકે એટલું બધું મને પૂજ્યશ્રીએ મન મૂકીને આપ્યું છે. આપણને સુખી બનાવી આપે એના ઉપકારનો બદલો સહેલાઈથી વાળી શકાય પણ આપણને ગુણવાન બનાવી આપનાર ઉપકારી ગુરુદેવશ્રીનો બદલો શી રીતે વાળી શકીશ ! એ ચિંતામાં હું કણસી રહ્યો છું.

મારી-આપણી વચ્ચેથી ગુરુદેવશ્રી ચાલી નીકળ્યા છે. ત્યારે મારા જીવનમાંથી એક ભૂમિશિલા ખસી ગયાનો હું અનુભવ કરી રહ્યો છું. જાણે સાવ અપંગ બન્યો છું. મારા માથેથી આખે આખું આકાશ ઊંચકાઈ ગયા જેવું મને લાગે છે. અંતિમ સમયે હું હાજર હતો. પૂજ્યશ્રીની ચપળ આંખો ધ્યાનસ્થ મુદ્રામાં ઉપર ચડી ગઈ ત્યારે ક્ષણેક તો માની ન શકાયું કે તેઓશ્રીએ અમારી સાથે કાયમી રિસામણું લીધું. પણ સચ આખિર સચ હોતા હૈ અને ત્યાર પછી તો ન કોઈ આંસુ લૂછી શકે એટલું હું રડી પડ્યો.

'જબ સે તુમ બીછડે ગુરુ મેરે, કબ હુ ન પાયો મૈં ચૈન' ત્યારથી આજ દિન લગી પૂજ્યશ્રીની મારા હૈયે ભરપૂર સ્મૃતિ છે. એમનું સતત સાન્નિધ્ય રહ્યું છે. કેમકે જે નજીક છે તેને જોઈ શકાય છે પણ જે દૂર છે તેને તો હવે માત્ર યાદ જ કરી શકાય છે.



હવે રોજે રોજ પૂજ્યશ્રીનો ચહેરો સતત મારા હૈયે ઉઘડતો આવે છે. સ્મરણમાં સ્મરણ ઉઘડતું રહે છે. સરોવરમાં કમળ ખૂલે-ખીલે તે એક દૃશ્ય છે પણ કમળમાં કમળ ખૂલે એવી અહીં મારી વાત છે.

પૂજ્યશ્રીનો અભાવ સૌ કોઈ અનુભવે છે. પણ એમનો પ્રભાવ આજેય પ્રત્યક્ષ છે જ. એ એમની કૃતિઓમાં છે. અને આપણી સ્મૃતિઓમાં ચિર સ્થાયી રહેવાનો જ છે. સ્મરણનું વિસ્મરણ શક્ય જ નથી. વ્યક્તિત્વની છાપ ભૂલાતી કે ભૂંસાતી નથી. પૂજ્યશ્રી તો ચાલ્યા ગયા તે છતાંય એ આપણા અંધારામાં પ્રકાશ ફેંક્યા જ કરે છે. અંધકારામાં અટવાતા આપણને આંખ અને અંતરમાં ઉજાસ થઈ જાય એવાં સાહિત્યરત્ન રૂપે એ પ્રકાશી રહ્યા છે.

તેઓશ્રીનું સાહિત્ય અને દિવ્યદર્શનનો શ્રુતનિધિ એમનો શબ્દદેહ છે. એમનો દેહદીપ બુઝાઈ ગયો પણ શબ્દદીપ ઝળહળતો આપણી પાસે છે એ આપણું મોટું નસીબ છે. એમના જેવાં સંતોનો શબ્દદેહ નોખી અનોખી ચીજ હોય છે. શરીર મરણશીલ છે, સાહિત્ય નહિ. ચિત્રકાર ચાલી જાય ચિત્રો અમર રહી જાય છે. તેમ વ્યક્તિ ચાલી જાય, વિચારો રહી જાય છે. સાહિત્યને કાળ પણ કાટમાળમાં ફેરવી શકવા સમર્થ નથી જ બન્યો.

પૂજ્યશ્રીનું સાહિત્ય તો આપણા જીવનમાં છવાયેલી શૂન્યતાને ભરી દે તેવું આપણને મળ્યું છે. ધ્યાન અને જીવન, ઉચ્ચપ્રકાશને પંથે, પરમતેજ કે યોગદૃષ્ટિ સમુચ્ચય જેવાં ૨૦૦-૨૦૦ એમનાં સર્જન દ્વારા તેઓશ્રી ભાગ્યે જ ગેરહાજર લાગે છે. એમના આ લેખનમાં જે હરિયાળી દેખાય છે એ એમણે એમના જીવનમાં સર્જી હતી. માંગ્યા વિના મા પણ નથી પીરસતી પણ ગુરુદેવ તો વણમાગ્યા વરસ્યા છે. દિવ્યદર્શનના પાને પાને ૪૦, ૪૦ વરસ સુધી લગાતાર જ્ઞાનગંગા વહાવી છે. લહાણી કરી છે.

એવી કોઈ બાબત નથી જેના પર એમના જ્ઞાન અને અનુભવની છાયા ન પડી હોય. અધ્યાત્મ, ન્યાય, ભક્તિ, તત્ત્વ, વૈરાગ્ય, સંગીત, ચિત્રકળા, શિલ્પ કે મનોવિજ્ઞાન જેવા વિષયોમાં પણ પૂજ્યશ્રીએ અદ્ભુત યોગદાન કર્યું છે. પૂજ્યશ્રી અનુભવવૃદ્ધ તો હતા પણ જ્ઞાન અને સંયમથી પણ સમૃદ્ધ હતા. એમનામાં પાત્રની સાર્થકતા અને પાત્રની યથાર્થતા પૂર્ણ પણે ખીલી ઊઠી હતી. એમનામાં દેખાતા વૈવિધ્યમાં જીવ અને જીવનની એકતા પણ હતી અને એકસૂત્રતા પણ ભરી પડી હતી.

આપણો જૈન સંઘ એમના કાળધર્મથી ગરીબ જરૂર બન્યો છે પણ એમના યોગદાનથી વધારે સમૃદ્ધ પણ બન્યો છે. મને લાગે છે કે વીસમી સદીના વસમા સમયે પણ જિનશાસનને આવાં રત્નો મળે છે એનો અર્થ એ છે કે કુદરત હજી આપણાથી નિરાશ કે નારાજ નથી થઈ.

પૂજ્યશ્રી આટલું મોટું પ્રદાન કેવી રીતે કરી શકયા હશે ? તેઓ ક્યારેક ક્યારેક કહેતા કે લાંબુ જીવન સારું હશે કે નહિ એ જાણતો નથી પણ સારું જીવન ચોક્કસ લાંબુ હોય જ છે. એ બાબત પર મને દૃઢ વિશ્વાસ છે. હું જાઉ ત્યાં સુધીમાં પૂરેપૂરો વપરાઈ જવા માગુ છું. વપરાઈ જવામાં જ માનું છે. વધારે શુદ્ધ સંયમ પાળીશ, ઘણું તપ કરીશ, શ્રુત ભણીશ ભણાવીશ એટલે હું વધારે જીવીશ. આમ, જીવનનો નીચોવી નીચોવીને ઉપયોગ કરી લેવા સમય ગોયમ મા પમાયએ સૂત્રને જાણે તેઓશ્રીએ આત્મસાત્ કરી લીધું હતું. અને વળી પૂજ્યશ્રી તો અમને કહેતા કે આવનારા વર્ષોમાં તમે ઘણું કરશો પણ તમે આજે કયું સત્કાર્ય કર્યું ? એ વિચારો...જિંદગીનું દરેક કાર્ય જિંદગીનું છેલ્લું કાર્ય હોય એમ માનીને કરશો તો ઘણો આનંદ આવશે.

જેના જીવનમાંથી આવી લીલી ઘટા, આવી મીઠી સોડમને સ્વાદ નથી ઊઠતા એ ઘણો મોટો હોય તો પણ એનાં વચનોને વાગોળવાનું મન નથી થતું. પણ પૂજ્યશ્રી તો નખશિખ સંત હતા, દો રોટી એક લંગોટીના ઘરાક, ખાનદાની ધરતીમાંથી ઊભા થયેલા સાચના કટકા જેવા હતા. તેમને જ્યારે મળીએ સાંભળીએ તો હૈયું ઠરે. એમના સત્સંગમાં ગાળેલો સમય ઊંડે ઊંડે અમૃતનાં બીજ રોપી આપનારો બની રહેતો. એમની પ્રાણવાન કલમ, શબ્દની કરકસરવાળી શૈલી, ટૂંકા ટચ ચોટદાર વાક્યો અને સાફ સીધી સોંસરી અભિવ્યક્તિ એમના અંદની સ્વસ્થતા તટસ્થતાના દ્યોતક હતા. તેથી જ તો હૃદયભેદી શબ્દો નીકળતા જે સીધા હૃદયમાં ઊતરી જતા.

આ આપણા પૂજ્યશ્રી તો જ્ઞાન અને ક્રિયાને ઘોળીને એક રસ કર્યો હોય એવો પિંડ હતા. જાણે વૈરાગ્યના દાવાનળનું એમણે પાન કર્યું હોય એવું લાગે. ઓલિયા જેવા એમના જીવને પ્રભુભક્તિના ભીના રંગ સિવાય કશાનું ઝાઝું વળગણ હતું નહિ. એમના કંઠમાં કોકિલનો વાસ હતો.

પૂજ્ય ગુરુદેવશ્રી સાદગીથી શોભતા પણ સાહેબ કહેવાતા, એ વારંવાર કહેતા, 'સાદગીને કોણ કહેશે કે પોતાની સુવાસ નથી ?' અંદરથી કંઈ નથી,



ખાલીખમ હોય એને જ ટાપટીપ કરવી પડે. જન્મ ટીપટોપ બનાવવા માટે સાધુજીવન સ્વીકાર્યું છે. આ બધી ટાપટીપમાં ચિત્ત ભ્રમિત કરનારો ધર્મક્રિયામાં મન મૂકી શકતો નથી. આપણા ઉપયોગમાં લેવાનાં સાધનો સારાં હોય તે સારું છે પણ સાદા હોય તે વધારે સારું છે. સાધુ જીવન સાદું જીવન જીવવાથી સાર્થક બને છે. એ મુદ્રાલેખ જેમનો હતો, તેમની પોતાની સાદગી બેમિસાલ હતી. ભક્તિ કરનાર ભક્તોની ભીડ છતાં ભપકાને નાપસંદ કરનાર ગુરુદેવશ્રીની પેન, પેડ કે લેટરપેડ એમની સાધુતાની જાહેરાત કરનારું અને સાદગીની છડી પોકારતું હતું.

મોટા માણસની પરિભાષા પૂછી ત્યારે ગુરુદેવશ્રીએ સહજતાથી કહેલું 'નાનામાં નાનો માણસ પણ જેની પાસે જતાં લેશ ન ડરે એ મોટો માણસ.' ઘણા મોટા માણસો પાસે દેવ જેવા માણસો જતાં ડરી ડરીને પગ ઉઘાડે, અને ડામીસો એમની પાસે છેક સુધી ઘુસી જતા હોય છે. પણ પૂજ્યશ્રી પાસે આ શક્ય ન હતું. એમણે તો સંઘના નાનામાં નાના માણસ પ્રત્યે સમભાવ, સહાનુભૂતિ અને સમાનભૂતિ રાખેલી. નાના માણસો પ્રત્યેના પોતાના વર્તનથી આમ મહાન પુરુષોની મહાનતા પરખાઈ જતી હોય છે.

નિરાંતે પલાંઠી વાળીને એમની પાસે બેસવાનું મન થાય એવું એમનું વ્યક્તિત્વ હતું. અવાજમાં વાગોળવી ગમે તેવી એમની વાણી હતી. હસે ત્યારે ઢળતી સંધ્યા અને શિખર પરની ધજાની ઘૂઘરીઓના રણકાર લાગે. નાના માણસને પણ પ્રતિભાવ રૂપે એમના હૃદયની ઉષ્મા અને સુષ્માની પ્રતીતિ કરાવતા હતા અને એને જગત વિષે જાગતો કરી દેતાં ૧૯૬૪ની મારા જીવનની આ એક વાત છે. એક મહિનાની અચલગઢ ખાતેની શિબિરના પણ છેલ્લા દિવસો હતા. મારા જીવનની આ મારી પ્રથમ શિબિર હતી. ૨૮મી મેની મધ્યરાત્રી ભયાનક ભયાવહ બની હતી. પ્રાકૃતિક ઉપદ્રવોએ રૌદ્રરૂપ બતાવીને શાંતિ પકડી હતી. રાત વિદાય થઈને ૨૯મીનો સૂર્યોદય આકાશે થયો ન હતો. ત્યારે હું અચલગઢ તીર્થાધિપતિનાં દર્શન કરીને સંયમાચાર્ય શ્રી પ્રેમસૂરીશ્વરજીના આસન પાસે પહોંચી ગયો. કોઈ કશી જ ભૂમિકાની પલોજણમાં પડ્યા વિના મેં મારી અંતર-અંદરની વાત તેઓશ્રીને કહી નાંખી. દાદાએ મારી વાત સાંભળીને જવાબમાં મને પં. શ્રી ભાનુવિજયજીની જ આંગળી પકડાવી દીધી. દાદા દાદા જ હતા.

હું હળવે હૈયે પંન્યાસશ્રીને મળ્યો. તે સમયે મેં મારી ગઈકાલની રાતની વાત કહી દીધી. ત્યારે તો મારી ભાવના ઓછી અને ભાવુકતા ઝાઝી હતી. એ

સમયે પં. શ્રીની ૧૦-૨૦ મિનિટ તપભીની વાણી વહી હશે.

-અનાદિકાળથી આજ લગી અનંત જન્મો લીધા અને સંસારને દીધા છે. એથી જીવ ન્યાલ નહિ બેહાલ થતો રહ્યો છે. આ મળેલો મનુષ્ય ભવ સંસારને નહિ શાસન-ધર્મને આપવા જેવો છે. અનંજ જન્મો સંસારને આપ્યા આ એક ભવ તું શાસનને ન આપી શકે ? આ બાબતોનો વિચાર કર. મનુષ્ય ભવ મેળવીને ભાવ બદલવાના છે. ભાવ ન બદલ્યા તો ભવ બદલાતા જ રહેશે. એમાં તો પછી જીવનની નાલેશી ઊભી છે. અચલગઢની ઊંચાઈએથી આત્મોત્થાનના શિખરોની ઊંચાઈને આંબવામાં ઢીલો પડીશ નહીં. ચાલ ઊઠ, ઊભો થા. હાથ જોડ.

અને એમની વૈરાગ્યવાણી સાંભળીને... અહોભાવ અને અઘઘભાવથી છલકાઈને મારા હાથ અંજલી બની પ્રણમી રહ્યા. મારું મસ્તક એમના ચરણમાં આપોઆપ નમી ગયું.

પછી તો મારા સર્વાંગીણ ઘડતરમાં પૂજ્યશ્રીએ છેક છેલ્લે સુધી કશીય કસર-કરકસર ક્યારેક કોઈ કરી જ નથી. તેથી મારા અંગેનો બધે બધો યશ હું પૂજ્યશ્રીને આપ્યા વિના રહી શકતો નથી. એટલું જ નહિ બલ્કે મુઝે ગર્વ હૈ જન્મ તુમ્હારે યુગ મેં મૈંને પાયા.

બસો બસો મુનિઓના વડેરા આ ગચ્છાધિપતિની સરળતા તો ઊડીને આંખે વળગે તેવી નિર્દંભ હતી. એમને એમના પદનો મેદ કે મદ ચડેલો ક્યારેક દેખાયો નથી. એમને લાભ જ્ઞાનનો હતો, સ્થાનનો નહિ. એ નેતા હતા. પ્રેમસૂરીજી સમુદાયનું નેતૃત્વ કરનારા હતા. નેતૃત્વને એ જવાબદારી ગણતા. ચાન્સ નહિ ચુનૌતી માનતા. એ મુનિશિષ્યોનું નેતૃત્વ નેતારૂપે નહિ એમની જનેતા રૂપે એમણે કરી જાણ્યું. પુરુષ દેહ છતાંય માતૃહૃદય રાખી લાજવાબ મુનિઓની હારમાળા સર્જી દીધી છે.

એમણે છેક આથમતે અજવાળે પણ સમતા અને સમાધિનાં મોતી વીણવાનું અળગું મૂક્યું નથી. છેલ્લા દિવસની આગલી સાંજથી બીજા દિવસની બપોર સુધીમાં જાગૃતિ અને એમના જીવનમાં ઓળઘોળ થઈ ગયેલા સંયમધર્મ પાલનનાં દર્શનથી તો હું આફરીન થઈ ગયો. ત્રીસ-ત્રીસ વર્ષના મારા પરિચયમાં મને પૂજ્યશ્રી પ્રત્યે જેટલો અહોભાવ જાગ્યો નથી એટલો રોગ સમયે યોગમાં અને વેદનાના સમયે પણ વંદનાને ન ભૂલનારા ગુરુદેવ પ્રત્યેનાં મારા શ્રદ્ધા, સમર્પણ અને પૂજ્યભાવમાં ટનબંધી ઊમેરો થઈ ગયો. વ્યક્તિ મારી નહિ અને વસ્તુ મારી નહિ. વ્યક્તિઓ



અને વસ્તુઓ સંયોગમાત્ર છે. સંયોગનો વિયોગ થવાનો છે. માટે વસ્તુ અને વ્યક્તિ પ્રત્યેનો રાગ પણ તોડવા જેવો છે. આ વીતરાગની વાણી છે. આ વાણીને અનુરૂપ પૂજ્યશ્રીને અંતિમપળોમાં અમે સમતા સમાધિ ભાવનામાં રમમાણ જોયા છે. ગુરુદેવશ્રી તો તું અવરને નહિ તું તને જ મળ-માં મગ્ન બન્યા રહ્યા. અને 'બદન સે ખુદ કો જુદા કરના હૈ' ના મિશનમાં ઉત્તીર્ણ થઈ ગયા.

હવે હું ગુરુદેવશ્રીને એટલું જ વિનવું કે 'અપના જો બનાયા હૈ મુઝે અપના સા બના લે.'

– **"ભુવનભાનુનાં અજવાળાં"** પુસ્તકમાંથી સાભાર

❖ ❖ ❖

